
સ્યાદ્વાદ મંજરી

જૈન દાર્શનિક ગ્રન્થ



અનુવાદિકા: વિદુષી સાધ્વીજી સુલોચનાશ્રી


કલિકાલસર્વજ્ઞ આચાર્યશ્રી હેમચન્દ્રસૂરિ-વિરચિત

અન્યયોગવ્યવચ્છેદ – દ્વાત્રિંશિકા

ગ્રન્થ ૫૨

વિદ્વચ્છિરોમણિ આચાર્યશ્રી મલ્લિષેણસૂરિ-વિરચિત

સ્યાદ્વાદમંજરી – ટીકા



ગુજરાતીભાષાનુવાદિકા

સ્વ. પૂજ્ય સાધ્વીજીશ્રી સુનંદાશ્રીજીનાં શિષ્યા
વિદુષી સાધ્વીજીશ્રી સુલોચનાશ્રીજી.

: પ્રકાશક :

શ્રી નવરંગપુરા જૈન શ્વે. મૂર્તિ પૂ. સંઘ
શ્રીમાળી સોસાયટી, જૈન દેરાસર પાસે,
નવરંગપુરા, અમદાવાદ-૯.

* પહેલી આવૃત્તિ : વિ.સં. ૨૦૨૪
* બીજી આવૃત્તિ : વિ.સં. ૨૦૩૭

મૂલ્ય : રૂ. પચીસ [રૂ. ૨૫]

* સર્વહક્ક અનુવાદિકાને સ્વાધીન

* પ્રાપ્તિસ્થાનો :

૧. સરસ્વતી પુસ્તક ભંડાર
હાથીખાના, રતનપોળ, અમદાવાદ.

૨. સોમચંદ ડી. શાહ
જીવનનિવાસ સામે, પાલિતાણા.

૩. સેવંતિલાલ વી. જૈન
મહાજન ગલી, પહેલા માળે, રૂમ નં. ૨૦
ઝવેરી બજાર, મુંબઈ-૪૦૦ ૦૦૩.

મુદ્રક :
પંડિત મફતલાલ ઝવેરચંદ ગાંધી
નયન પ્રિન્ટીંગ પ્રેસ, ગાંધીરોડ,
ફર્નાન્ડીઝ પુલ નીચે, અમદાવાદ-૧.

પ્રકાશકીય નિવેદન

બાર વર્ષ પૂર્વે પ્રકાશિત થયેલા જૈન ન્યાયના સુપ્રસિદ્ધ ગ્રન્થ "સ્યાદ્વાદ મંજરી" ના ગુજરાતી અનુવાદને પુનઃ પ્રકાશિત કરવાનું અમને સૌભાગ્ય સાંપડયું છે. સર્વપ્રથમ આ ગ્રન્થ શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગરે પ્રકાશિત કર્યો હતો. એની ૫૦૦ પ્રતિ થોડાંક વર્ષોમાં જ ખલાસ થઈ જતા, એ ગ્રન્થની માંગ ઘણી થવા લાગી હતી, તેથી આ ગ્રન્થનો સરલ-સુબોધ અનુવાદ કરનારાં પૂ. વિદુષી સાધ્વીજી સુલોચનાશ્રીજીએ આ ગ્રન્થને ફરીથી પ્રકાશિત કરવાની ઇચ્છા અમારી સમક્ષ વ્યક્ત કરી અને અમારા સંઘે આ ગ્રન્થને પુનઃ પ્રકાશિત કરવાનો નિર્ણય કર્યો.

આ મૂળ ગ્રન્થના રચયિતા છે કલિકાલસર્વજ્ઞ આચાર્યદેવશ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ. એમણે તો આ આ મૂળ કૃતિ માત્ર ઉપજાતિ છંદના બત્રીશ શ્લોક જેટલી જ સંક્ષિપ્ત બનાવી છે, પણ એમાં જૈન દર્શનના સિદ્ધાન્તોનું સમર્થન અને અન્ય દર્શનોની માન્યતાઓનું નિરાકરણ એવી સચોટ રીતે કરવામાં આવ્યું છે કે જેના આધારે આચાર્યશ્રી મલ્લિષેણ સૂરિજીએ સ્યાદ્વાદમંજરી નામે સુંદર સવિસ્તર અને સારગ્રાહી ટીકા રચીને એ મૂળકૃતિને ખૂબ ઉપયોગી અને લોકપ્રિય બનાવી દીધી. આ ગ્રન્થની અત્યાર સુધીમાં પ્રગટ થયેલી અનેક આવૃત્તિઓ અને અનેક અનુવાદો આ ગ્રન્થની ઉપયોગિતા અને લોકપ્રિયતાની સાક્ષી પૂરે છે.

આ ગ્રંથ ફરીથી પ્રગટ કરતાં અમને વિશેષ આનંદ અને ગૌરવનો અનુભવ એ વાતથી થાય છે કે આ અનુવાદ, જૈનન્યાયનાં અભ્યાસી એક વિદુષી સાધ્વીજી મહારાજના હાથે થયેલો છે. પૂજ્ય સાધ્વીજી મહારાજશ્રી સુલોચનાશ્રીજીએ ખૂબ ધંત અને ધીરજ પૂર્વક આ અનુવાદ કરેલો છે. તેઓએ પોતાના અધ્યયનના ફળરૂપે આ અનુવાદ તૈયાર કરીને આપણાં અન્ય સાધ્વીજી મહારાજો માટે એક પ્રેરક દાખલો રજૂ કર્યો છે. અને એ માટે તેઓને આપણા સહુનાં ધન્યવાદ અને અભિનંદન ઘટે છે.

અમારા સંઘનું અને મારૂં તો પરમ સૌભાગ્ય છે કે આ પૂ. વિદુષી સાધ્વીજીના હાથે અનુવાદ થયેલ હીરસૌભાગ્ય મહાકાવ્યને ત્રણ ભાગમાં પ્રકાશિત કરવાનો લાભ અમને મળ્યો છે.! એટલે અમને સવિશેષ આનંદ થાય તે સ્વાભાવિક છે. આ ગ્રન્થ પર 'પુરોવચન' લખી આપનારા સ્વ. પૂજ્યપાદ મુનિરાજશ્રી પુણ્યવિજયજી મ. સા. ને કૃતજ્ઞતાભર્યા હૈયે યાદ કરીએ છીએ, અને શ્રીયુત નગીનભાઇ જી. શાહનો 'પ્રસ્તાવના' લખી આપવા બદલ આભાર માનીએ છીએ.

તા. ૮-૧-૮૧
અમદાવાદ.

કાન્તિલાલ ચી. કોલસાવાળા
પ્રમુખ, શ્રી નવાંગપુરા જૈન શ્વે. મૂ. પૂ. સંઘ.

પ્રાક્કથન [પ્રથમ આવૃત્તિનું]

જૈન ધર્મ અને જૈનદર્શન સર્વજ્ઞપ્રણીત છે.

માટે તે પરિપૂર્ણ છે.

તેથી તેમાં સંશોધનને અવકાશ નથી.

અર્થાત્ તેમાં સુધારા કે વધારાને સ્થાન નથી.

જૈનધર્મના સર્વહિતકર સિદ્ધાંતોને તર્ક અને પ્રમાણથી સિદ્ધ કરી આપે છે જૈનદર્શન. હિતકારી સિદ્ધાંતો પણ જ્યાંસુધી બુદ્ધિગ્રાહ્ય ન થાય ત્યાંસુધી બુદ્ધિશાળી મનુષ્ય તેનો સ્વીકાર કરતાં અચકાય છે, સિદ્ધાંતને બુદ્ધિગ્રાહ્ય બનાવવા માટે જોઈએ તર્ક.

કોઈપણ જડ-ચેતન પદાર્થના અસ્તિત્વ અંગે અને એના સ્વરૂપ અંગેની જિજ્ઞાસા પેદા થાય છે ત્યારે દાર્શનિક-વિચારધારાનો પ્રારંભ થાય છે. આપણા ભારતમાં ચેતન-આત્માના અસ્તિત્વ વિષે અને એના સ્વરૂપ અંગે જેટલું વિચારાયું છે, જેટલું ચર્ચાયું કે લખાયું છે, તેટલું વિશ્વના બીજા કોઈ દેશમાં વિચારાયું-ચર્ચાયું કે લખાયું નથી... કારણ કે ભારતની સંસ્કૃતિમાં 'આત્મા' નું સ્થાન 'પરમાત્મા' જેટલું મનાયું છે. અર્થાત્ આત્માની પૂર્ણતા પ્રાપ્ત કરવાના પુરુષાર્થને જ શ્રેષ્ઠ પુરુષાર્થ કહેવામાં આવ્યો છે,

જ્યારે યુનાની દર્શનોમાં અને યુરોપીય દર્શનોમાં દાર્શનિક વિચારનો પ્રારંભ સમુદ્રના કિનારે રહેનાર એક ખેડૂતે કરેલો છે! 'સૃષ્ટિના સર્જનનું મૂળતત્ત્વ કયું?' આ જિજ્ઞાસા, દાર્શનિક વિચારનું મૂળ માનવામાં આવ્યું છે... ત્યાં કોઇ વિચારકે સૃષ્ટિનું મૂળ તત્ત્વ 'પાણી' કહ્યું તો કોઈએ 'અગ્નિ' બતાવ્યું! તો કોઈએ 'હવા'નો નિર્દેશ કર્યો...! જ્યારે ભારત વર્ષની વાત જ જુદી છે. અહીં તો પુરુષોત્તમ પરમાત્મા જ સદેહે વિચરીને આત્મા કર્મ પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, બંધ, નિર્જરા અને મોક્ષ....એ નવ તત્ત્વને સમજાવે છે ...એ સમજણ આપવામાં અનેક તર્ક, દલીલો અને પ્રમાણો દર્શાવે છે. અને આ બધું સમજાવીને 'આત્મા'ને કર્મનાં બંધનોથી મુક્ત કરવાનો માર્ગ ચીંધે છે; આત્મા પરમ સુખ અને શાશ્વત્ આનંદને મેળવી શકે, એનો અર્થ એ છે કે ધર્મ અને દર્શનનો મુખ્ય હેતુ જગતના સર્વજીવોને પરમ સુખી અને પૂર્ણ સ્વતંત્ર બનાવવાનો છે... માત્ર તત્ત્વચિંતક બનાવવાનો નહીં.

જુઓ, પરમાત્મા મહાવીરે ઇન્દ્રભૂતિ ગૌતમ વગેરે અગિયાર બ્રાહ્મણોને આત્મા, કર્મ, પરલોક, સ્વર્ગ, નરક.... વગેરેનાં અસ્તિત્વ સિદ્ધ કરી આપ્યાં અને એનું સ્પષ્ટ સ્વરૂપ દર્શન કરાવ્યું, પછી ? પછી તેમને આત્મ સન્મુખ કર્યા, ભોગ વિમુખ બનાવ્યા અને મુક્તિના માર્ગે ચાલનારા નિર્ગ્રંથ મુનિ બનાવ્યા....

ધર્મનું તત્વજ્ઞાન અને દાર્શનિક-વિજ્ઞાન એને માત્ર બુદ્ધિનો ચમત્કાર, વાણીનો વિલાસ કે પ્રતિષ્ઠાનું સાધન બનાવનારા વિદ્વાનો....ભલે પોતાની જાતને વિદ્વાન્ સમજે, પરંતુ તેઓ ધર્મના તત્વજ્ઞાનનો અને દાર્શનિક વિજ્ઞાનનો મર્મ નથી સમજ્યા, એમ કહેવું જ પડશે, ભારતીય ધર્મોનું તત્વજ્ઞાન અને ભારતીય દાર્શનિક-વિજ્ઞાન વિશુદ્ધ

આત્મસ્વરૂપનું દર્શન કરવા માટે છે. આત્મસ્વરૂપનું દર્શન કેવળ સારી પ્રવૃત્તિઓથી કે વિચારોથી થઇ શકતું નથી. તે માટે સારી પ્રવૃત્તિઓ અને સદાચારો પણ જોઇએ છે...

જે ધર્મના સિદ્ધાંતો પાસે દાર્શનિક-વિચારોનું ધન છે. તે જ ધર્મના સિદ્ધાંતો આ વિશાળ વિશ્વમાં દીર્ઘજીવી બની શકે છે. જે ધર્મના સિદ્ધાંતો પાસે દાર્શનિક વિચારોનું સંરક્ષણ નથી, એક માત્ર શ્રદ્ધાથી જ જે સિદ્ધાંતો માનવાના હોય છે. તે ધર્મ અને એના સિદ્ધાંતો દીર્ઘકાળ જીવી શકતા નથી...

આ સિદ્ધાંતો અને તેના સંરક્ષક દાર્શનિક વિચારો પર કોઈ દેશની કે કોઇ કાળની અસર થઇ શકતી નથી...તેઓ દેશ-કાળનાં બંધનોથી પર છે...એટલે દેશ-કાળના નામે સર્વજ્ઞપ્રણીત સિદ્ધાંતોમાં સુધારણા કરવાની વાત તો સંગત નથી.

વેદાંત, બૌદ્ધ, ન્યાય, વૈશેષિક, યોગ અને જૈન... આ દર્શનો આત્માના અસ્તિત્વને સંપૂર્ણતયા સ્વીકારે જ છે એમાં કોઇ મતભેદ નથી. હા, ચાર્વાક દર્શન...એક માત્ર એવું દર્શન છે કે જે આત્માના અસ્તિત્વનો અપલાપ કરે છે. એ જ્યાં આત્માના અસ્તિત્વને જ નથી માનતું પછી સ્વરૂપ-નિર્ણયની તો વાત જ કયાં રહી? એટલે આત્માના સ્વરૂપ-નિર્ણયની જ્યાં વાત આવે છે. ત્યાં ચાર્વાક સિવાયનાં બધાં દર્શનો જુદાં જુદાં મંતવ્ય રજુ કરે છે.? કોઇ દર્શન કહે છે 'આત્મા નિત્ય છે' કોઇ દર્શન કહે છે 'આત્મા અનિત્ય છે' કોઇ દર્શન કહે છે 'આત્મા એક જ છે' કોઈ કહે છે 'આત્મા અનંત છે.'

આ બધી માન્યતાઓનું વિશદ, સરળ અને સ્પષ્ટ વર્ણન પ્રસ્તુત 'સ્યાદ્વાદમંજરી' ટીકાગ્રંથમાં બહુશ્રુત આચાર્યભગવંતે કરેલું છે; તે તે દર્શનોની માન્યતાઓનું પ્રામાણિક પણે નિરૂપણ કરીને તેના પર જૈન દર્શનની માન્યતાઓનું એવું ખૂબીથી નિરૂપણ કર્યું છે; કે જે હૃદયગ્રાહી બની જાય છે.

કલિકાલ સર્વજ્ઞ પૂજનીય આચાર્ય ભગવંત શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજાએ 'અન્યયોગ વ્યવચ્છેદ-દ્વાત્રિંશિકા'ની રચના કરી છે. ૩૨ શ્લોકોમાં ભારતીય દાર્શનિક માન્યતાઓને સમાવી લઈને જૈન દર્શનની માન્યતાઓથી એને ખૂબ જ પ્રભાવિત બનાવી છે. એ જ ૩૨ શ્લોકો પર વિદ્વચ્છિરોમણિ પૂજ્યપાદ આચાર્ય દેવ શ્રીમલ્લિષેણ સૂરીશ્વર મહારાજાએ આ 'સ્યાદ્વાદમંજરી' ટીકાની રચના કરીને દાર્શનિક પ્રતિભાનો પ્રકાશ પાથર્યો છે.

જૈન-ન્યાયનું અધ્યયન કરનાર વિદ્યાર્થીએ 'સ્યાદ્વાદમંજરી'નું સાંગોપાંગ અધ્યયન કરવું જ રહ્યું. આ ગ્રંથના અધ્યયનથી જૈનદર્શનની માન્યતાઓનો તો બોધ થાય જ છે. સાથે સાથે વેદાંત બૌદ્ધ આદિ છ એ દર્શનની માન્યતાઓનો પણ આછો ખ્યાલ આવી બુદ્ધિની સૂક્ષ્મતા પણ થાય છે... મેં 'સાક્ષરવર્ય પંડિત શ્રી હરિનારાયણ મિશ્ર' પાસે ન્યાય દર્શનના મૌલિક ગ્રંથનું અધ્યયન કર્યા પછી જૈન ન્યાયમાં પ્રવેશ કરવા જ્યારે તેઓશ્રી પાસે 'સ્યાદ્વાદ મંજરી ગ્રંથનું અધ્યયન કર્યું... મારૂં હૃદય જૈન દર્શન પર ઓવારી ગયું. ખરે ! 'સર્વજ્ઞ વિના આવું તત્વદર્શન કોણ કરાવે ? મારી બુદ્ધિએ જૈન ધર્મ-દર્શનને અનંત વંદન કર્યાં અને મારી શ્રદ્ધા સબળ અને નિર્મળ બની...પછી તો 'સ્યાદ્વાદ રત્નાકર' અને 'રત્નાકર અવતારિકા' આદિનું પણ અધ્યયન કર્યું...ને જાણે દાર્શનિક અધ્યયનનું ઘેલું લાગી ગયું.!

મેં કેટલીક આર્યાઓને 'સ્યાદ્વાદમંજરી'નું અધ્યાપન કરાવ્યું...તેથી વળી તત્વપ્રકાશ વધુ તેજસ્વી બન્યો, સાથે વિચારની સ્ફૂરણા થઈ કે આ ગ્રંથનો ગુજરાતી ભાષામાં અનુવાદ કર્યો હોય તો મારા જેવાં અલ્પ બુદ્ધિવાળાંઓ માટે ઘણો લાભ થાય! અને મનોમન નિર્ણય કર્યો કે 'મારે આ ગ્રંથનો ગુર્જર ગિરામાં અનુવાદ કરવો'! 'મારો આ નિર્ણય વિદ્વાનોને જણાવતાં મને સંકોચ થતો કદાચ કોઇ કહે કે, 'એક સાધ્વી તે વળી આવા દાર્શનિક ગ્રંથનો અનુવાદ શું કરશે?' આ ભયથી મેં કેટલાક વર્ષ સુધી મારો નિર્ણય કોઇને કહ્યો જ નહીં...પરંતુ તીવ્ર વૃત્તિ પ્રવૃત્તિમાં પરિણમ્યા વિના રહે ખરી?

વિ. સં. ૨૦૧૬માં અમારૂં ચાતુર્માસ અમદાવાદમાં હતું, ત્યારે અમારા પરમઉપકારી પ્રશાંતમૂર્તિ પૂજ્ય આચાર્યદેવ શ્રી વિજય મનોહરસૂરીશ્વરજી મહારાજા સમક્ષ કોઈ એક શુભ દિવસે મારો વિચાર મેં પ્રગટ કરી દીધો. શંકા હતી કે કોઈ વિપરીત પ્રત્યાઘાત પડશે! પરંતુ ત્યાં તો હું હર્ષ-વિભોર બની ગઇ જ્યારે પૂજ્યશ્રીએ મારા નિર્ણયને સત્કાર્યો! સ્યાદ્વાદમંજરીનો ગુર્જર ભાષાનુવાદ કરવા મને પ્રોત્સાહિત કરી.

આજે જ્યારે એ દિવસોની સ્મૃતિ આવે છે ત્યારે હૃદય હર્ષથી ગદ્‌ગદ્‌ થઈ જાય છે અને સ્વર્ગસ્થ પૂજ્ય આચાર્ય ભગવંત પ્રત્યે કૃતજ્ઞતાથી મસ્તક નમી પડે છે. ત્યારની તેઓશ્રીની વાત્સલ્યપૂર્ણ અમીદૃષ્ટિ આજે પણ મારા દૃષ્ટિપથમાં પ્રકાશ પાથરી રહી છે. કોટિ કોટિ વંદના ઉપકારી પૂજ્ય ગુરુવર્યને...

મને વિચાર આવ્યો કે 'આ અનુવાદનું કાર્ય શુભ મુહૂર્તે શરૂ કરૂં, જેથી નિર્વિઘ્ન સમાપ્તિ થાય.' અને મારી વિનંતિથી પૂજ્ય પંન્યાસજી મહારાજ શ્રી વિબુધવિજયજી ગાણેવરે મને શુભ મુહૂર્ત આપ્યું અને એ મુહૂર્તે પૂજ્ય આચાર્યભગવંતનો વાસક્ષેપરૂપ આશીર્વાદ મેળવી મેં અનુવાદનો મંગલ પ્રારંભ કર્યો.

વાત્સલ્યવારિધિ મારાં ઉપકારી પૂ. ગુરુણીજી શ્રી સુનંદાશ્રીજી મહારાજના શુભ આશીર્વાદથી મેં ત્રણ કારિકાનો અનુવાદ પૂર્ણ કર્યો, અને શ્રી દાનસૂરીશ્વરજી જ્ઞાનમંદિરમાં ચાતુર્માસ બિરાજિત વ્યાખ્યાન-વાચસ્પતિ શાસન પ્રભાવક પૂજ્ય આચાર્યદેવશ્રી વિજય-રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજને એ ત્રણ કારિકાનો અનુવાદ તપાસવા આપ્યો તેઓ શ્રીમદે ખૂબ ચીવટથી અનુવાદ વાંચી લીધો અને ખૂબ આનંદ વ્યક્ત કર્યો. હાર્દિક આશીર્વાદ આપતાં તેઓશ્રીએ કહ્યું 'બહુ સરસ' આ કાર્યમાં મારાથી શકય સહકાર જરૂર આપીશ.

બસ, પછી તો અનુવાદનું કાર્ય ઝડપથી ચાલ્યું. એક વર્ષના ગાળામાં સંપૂર્ણ અનુવાદ થઈ ગયો. એ અરસામાં પીપરડીની પોળ (અમદાવાદ)ના રહીશ ધર્મસ્નેહી સુશ્રાવક જયંતીલાલ કેશવલાલ શાહે એક સૂચન કર્યું કે 'આ અનુવાદ જો આગમ પ્રભાકર પૂ. મુનિરાજશ્રી પુણ્યવિજયજી મહારાજને બતાવવામાં આવે તો સારૂં' પછી શ્રી રતિલાલ દીપચંદ દેસાઈ દ્વારા આ અનુવાદ ઉદારદિલ પૂજ્ય મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મ. સા. ને બતાવ્યો. તેઓશ્રી પ્રસન્ન થયા અને સંપૂર્ણ અનુવાદ તપાસી જવા માટે સાક્ષરવર્ય પંડિત શ્રી દલસુખભાઈ માલવણીયાને આપ્યો.

માલવણીયાજીએ ખૂબ સહાનુભૂતિથી અનુવાદ જોયો અને અનેક સુધારાવધારા સૂચવ્યા મને લાગ્યું કે 'અનુવાદ પુનઃ કરવો જોઇએ' અને જરાય કંટાળ્યા વિના

માલવણીયાજીના સૂચન પ્રમાણે મેં ફરીથી અનુવાદ કર્યો. મારા પંડિત શ્રીહરિનારાયણ મિશ્રને બતાવ્યો. સંપૂર્ણ પ્રેસકોપી તૈયાર કરી છતાંય મને લાગ્યું કે 'હજુ પણ આ પ્રેસકોપી કોઇ દાર્શનિક વિદ્વાન્ પુનઃ તપાસી જાય અને પછીથી છપાય તો સારૂં' આ વિચારમાં પ્રેસકોપી ત્રણ વર્ષ એમ જ પડી રહી ! અને ભાગ્યયોગે આ વિષયના અભ્યાસી વિદ્વાનોએ તપાસી લીધી અને પ્રેસમાં પહોંચી.

એક સાધ્વીએ કરેલા અનુવાદ-ગ્રંથને પ્રકાશિત કરવામાં આર્થિક મુંઝવણ પણ કેટલી હોય, તે સમજી શકાય એમ છે પરંતુ મારા બાલ્યકાળના પૂજ્ય ગુરુદેવ પંન્યાસ પ્રવર શ્રી ચરણવિજયજી ગણિવરે મારી આ મુંઝવણ કંઇક અંશે દૂર કરી અને માર્ગ સરળ થયો.

વળી, પ્રેસની મુશ્કેલી ! આટલું મોટું કામ કોઇ નાનકડા કે બીન અનુભવી પ્રેસને અપાય નહીં ત્યાં સુશ્રાવક મફતલાલ પંડિતે પોતાના પ્રેસ (નયન પ્રિન્ટીંગ પ્રેસ)માં કામ કરી આપવાનું માથે લીધું. પંડિતજીના ચિ. કીર્તિભાઇએ લાગણીથી ઝડપભેર કાર્ય ઉપાડયું અને કામ સરળ બની ગયું.

ગ્રંથમાં અશુદ્ધિઓ ન રહી જાય તે માટે પ્રુફ -રીડર અનુભવી જોઇએ અને પૂજ્ય મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજે શ્રીયુત હરિશંકર શાસ્ત્રી જેવા વિદ્વાન આપ્યા શાસ્ત્રીજીએ ચોવટથી પ્રુફ રીડીંગ કર્યું છે. છતાં ધારણા કરતાં વધુ અશુદ્ધિ રહી જવા પામી છે, તો અભ્યાસી ક્ષમા કરશે.

પ્રકાશન કરવાનું કામ પણ પૂજ્ય મુનિરાજ શ્રી પુણ્યવિજયજીની પ્રેરણાથી શ્રી આત્માનંદ જૈન સભા (ભાવનગર) એ સ્વીકાર્યું તેથી ઘણો આનંદ થયો.

અલબત્ આ ગ્રંથ લેખનનો મારો પ્રથમ પ્રયત્ન છે....વિદ્વાનોની દૃષ્ટિએ એમાં અનેક ત્રુટિઓ દેખાશે પરંતુ શ્રી ઉમાસ્વાતીજી મહારાજે જેમ કહ્યું છે કે :

'यच्चासमञ्जसमिह छन्दःसमयार्थतोऽभिहितम् ।
पुत्रापराधवन्मम मर्षयितव्यं बुधैः सर्वम् ॥

એજ ક્ષમા યાચનાના સૂરમાં મારો સૂર મિલાવીને કહું છું કે 'આ અનુવાદમાં જે કંઇ અસમંજસ લખાયું હોય, જિન વચન અને ગ્રંથકારના અભિપ્રાયથી વિપરીત લખાયું હોય તો એક પુત્રીના અપરાધની જેમ હે સુજ્ઞપુરુષો ! મને ક્ષમા કરજો '

અને જે કંઈ સુધારા વધારા સૂચવવા જેવા લાગે તે મને મારા પર કૃપા લાવી નિઃસંકોચ સૂચવશો. જો બીજી આવૃત્તિ પ્રકાશિત કરવાનો સુઅવસર પ્રાપ્ત થશે તો એમાં સુયોગ્ય સુધારા વધારા અવશ્ય કરીશ અને આપ મહાશયોનો આભાર માનીશ.

આ અનુવાદ ગ્રંથ લખવામાં મને અનુકૂળતા કરી આપનારાં અપ્રતિમ વાત્સલ્યને વહાવનારાં મારા પરમ ઉપકારી ગુરુણીજી શ્રી સુનંદા શ્રીજી મ...અને સદૈવ મારાં પ્રત્યેક કાર્યોમાં સહૃદયથી સહાનુભૂતિ આપનારાં મારાં વડિલ ભગિની શ્રી સુશીલા શ્રીજી મ....ને કૃતજ્ઞતા પૂર્વક વંદના કરૂં છું અને આ અનુવાદ લેખનમાં મને સહાયક બનનાર મારી અન્તેવાસિની સાધ્વીજી નિપુણાશ્રી, ઇન્દ્રયશાશ્રી, સત્યરેખાશ્રી તથા મારી ભાવિ બાલ સાધ્વી પ્રિયદર્શનાને પણ યાદ કરૂં છું.

અંતે, બીજા પણ જે સહૃદયી સજ્જનોએ આ કાર્યમાં મને સહયોગ આપ્યો છે, તેમને સ્મૃતિમાં લાવતાં આનંદ અનુભવું છું અને જે જે સદ્‌ગૃહસ્થોએ આ ગ્રંથ પ્રકાશનમાં પોતાની લક્ષ્મીનો સદ્‌વ્યય કર્યો છે તેઓનો પણ આભાર માનું છું અને મારું પ્રાક્‌કથન સમાપ્ત કરું છું

બસ અભ્યાસીઓ આ ગ્રંથનો પઠન પાઠનમાં લાભ લઈ મને કૃતાર્થ કરે. એજ અભ્યર્થના

જૈન ઉપાશ્રય,
પીપરડીની પોળ, રીલીફરોડ,
અમદાવાદ. તા. ૧૬-૮-૬૮

સાધ્વી સુલોચનાશ્રી

બીજી આવૃત્તિના પ્રસંગે

'સ્યાદ્‌વાદ મંજરી' જેવા જૈનદાર્શનિક ગ્રન્થનું પુનઃમુદ્રણ થશે, એની તો મને કલ્પના પણ ન હતી. આ ગ્રન્થનું અલબત્ત, શ્રમણ-શ્રમણી સંઘમાં અધ્યયન વધ્યું છે અને અધ્યયન અધ્યાપન માટે મારો આ અનુવાદ-ગ્રન્થ ઘણા સ્થળે ઉપયોગમાં લેવાતો મેં જોયો છે. અને તેથી મેં મારા નાનકડા પ્રયત્નની સફળતાનો આનંદ અનુભવ્યો છે.

આ પ્રસંગે મારા ગુરુમાતા સ્વ. પૂજ્ય સાધ્વીજી મ. સુનંદાશ્રીજીને કૃતજ્ઞભાવે યાદ કરીને તેઓના આત્માને ભાવપૂર્ણ વંદના કરું છું. સાથે સાથે, મારી શ્રુતજ્ઞાનની આરાધનામાં મને સહાયક થનારા સુશ્રાવકો કાન્તિભાઈ કોલસાવાળાને તથા શાન્તિલાલ ભલાભાઈને અંતઃકરણની શુભકામનાઓ અર્પણ કરું છું અને ઈચ્છું છું કે તેઓ સદૈવ જિન શાસનની સેવા કરવા સમર્થ બન્યા રહે.

જૈન ઉપાશ્રય, વાણીયાવાડ
ભૂજ (કચ્છ) ૪-૧-૮૧

સાધ્વી સુલોચનાશ્રી

પુરો વચન

આજે આચાર્ય શ્રીહેમચંદ્રસૂરિવિરચિત 'મહાવીરસ્તુતિદ્વાત્રિંશિકા' ઉપરની શ્રીમલ્લિષેણાચાર્યકૃત 'સ્યાદ્વાદમંજરી' નામની ટીકાનો ગુર્જરભાષાનુવાદ વિદ્વાનોના કરકમલમાં અર્પણ કરવામાં આવે છે. આ અનુવાદ પૂજ્ય સ્વ. આચાર્ય મહારાજ શ્રી વિજયસિદ્ધિસૂરીશ્વરજી મહારાજના (બાપજી મહારાજના) સમુદાયનાં તપાગચ્છીય સાધ્વીજી શ્રી ૧૦૦૮ શ્રી સુનંદાશ્રીજી મહારાજની તપસ્વિની વિદુષી સાધ્વીજી શ્રીસુલોચનાશ્રીજીએ કર્યો છે. આ અનુવાદ પહેલાં બીજા કેટલાક અનુવાદો પ્રસિદ્ધ થઈ ચૂકયા છે, તે છતાં આજે એક વિદુષી જૈન સાધ્વીએ પોતાના પ્રસ્તુત સ્યાદ્વાદમંજરી ગ્રંથના અધ્યયન દરમિયાન ખંત અને કાળજી પૂર્વક તેમાં આવતા પદાર્થોને–બરાબર સમજીને એનો અનુવાદ કરવા માટે ઉત્સાહ દાખવ્યો છે, એ એક ખરેખર અતિ સ્તુત્ય પ્રયાસ છે. વિશ્વવિદ્યાનિધાન કલિકાલસર્વજ્ઞ આચાર્ય શ્રી હેમચંદ્રસૂરિ જેવા સમર્થ આચાર્યના અતિગંભીર ગ્રંથ ઉપરની ગૌરવશાલિની અને સર્વત્ર આદર પામેલી સ્યાદ્વાદમંજરીટીકા કે જે અનેકાનેક દાર્શનિક વિચારોથી ભરપૂર છે, એનો અનુવાદ કરવાનું કામ અતિકઠિન હોવા છતાં સાધ્વીજી શ્રીસુલોચનાશ્રીજીએ એ કામ કુશલતા પૂર્વક પાર પાડ્યું છે, એ એક અસાધારણ વસ્તુ છે. અનુવાદ પણ એકંદર ઘણો સારો કહી શકાય તેવો બન્યો છે, એમ કહેવામાં લેશ પણ અતિશયોક્તિ નથી. આ અનુવાદ સ્યાદ્વાદમંજરીમાં આવતા ગહન દાર્શનિક વિષયોને યોગ્ય રીતે સમજવા માટે સવિશેષ ઉપયોગી થઈ શકે તેવો બન્યો છે, જે માત્ર અભ્યાસ કરનાર વિદ્યાર્થી માટે જ નહિ, પરન્તુ વિદ્વાનો માટે પણ ઉપયોગી થઈ પડશે, એમાં કોઈ શંકા નથી.

પ્રસ્તુત સ્યાદ્વાદમંજરીટીકા, જે ગ્રંથ ઉપર લખવામાં-રચવામાં આવી છે એ ગ્રંથ બત્રીસ કાવ્યપ્રમાણ શ્રીવીરસ્તુતિરૂપ છે, જેનું નામ 'અન્યયોગવ્યવચ્છેદદ્વાત્રિંશિકા' છે. આના પ્રણેતા આચાર્ય શ્રીહેમચંદ્રસૂરિ, વિદ્યાપ્રિય અને વિદ્વત્પ્રિય ગૂર્જરેશ્વર મહારાજ શ્રી સિદ્ધરાજ જયસિંહદેવ અને ધર્મપ્રિય ગુર્જરેશ્વર મહારાજ શ્રી કુમારપાલદેવના હૃદય અને રાજસભાના અલંકારભૂત હતા તેમજ ધર્મ અને સમગ્ર સાહિત્યવિદ્યાના પારગામી હોઈ તેઓ 'કલિકાલસર્વજ્ઞ'ના નામે ખ્યાતિ પામ્યા હતા. જૈન આગમોની ટીકાના સૂત્રધાર સમર્થ આગમધર આચાર્ય શ્રીમલયગિરિએ પોતાની અતિમહાકાય, છતાં રચતાં રચતાં અધૂરી રહી ગયેલી આવશ્યકસૂત્રની ટીકામાં आह च स्तुतिषु गुरवः આ પ્રમાણે ઉલ્લેખ કરીને પ્રસ્તુત અન્યયોગ વ્યવચ્છેદ દ્વાત્રિંશિકામાંના अन्योन्यपक्षप्रतिपक्षभावाद् કાવ્યનું ઉદ્ધરણ આપ્યું છે. આ ઉપરથી પ્રસ્તુત સ્તુતિરૂપ નાની કૃતિ પણ કેટલી ગૌરવવંતી અને અર્થગંભીર છે તે સમજી શકાય છે.

આ પ્રકારની અર્થગંભીરસ્તુતિઓના પ્રણેતા ત્રણ શ્વેતાંબરાચાર્ય મહાપુરુષો થઈ ગયા છે. તેમાં સૌ પ્રથમ વિવિધ તાત્ત્વિક પદાર્થોના ચિંતનગર્ભિત સ્તુતિ દ્વાત્રિંશિકાઓના પ્રણેતા આચાર્ય શ્રીસિદ્ધસેન દિવાકર છે. જેઓની ખ્યાતિ સર્વોત્કૃષ્ટ આદ્યસ્તુતિકાર તરીકેની

છે અને જેમાંનું ઉદ્ધરણ શ્રીજિનભદ્રગણિની વિશેષાવશ્યકની સ્વોપજ્ઞટીકામાં પણ લેવામાં આવ્યું છે. બીજા અયોગવ્યવચ્છેદદ્વાત્રિંશિકા અને પ્રસ્તુત અન્યયોગવ્યવચ્છેદદ્વાત્રિંશિકારૂપ વીરસ્તુતિદ્વાત્રિંશિકાયુગલ તેમ જ વીતરાગસ્તોત્ર, મહાદેવસ્તોત્ર આદિના પ્રણેતા કલિકાલસર્વજ્ઞ આચાર્ય શ્રીહેમચંદ્ર સૂરિ છે! અને ત્રીજા વિક્રમની સત્તરમી અઢારમી શતાબ્દીમાં થઈ ગયેલા વીરસ્તુતિ આદિ અનેકાનેક સ્તુતિ-સ્તોત્રોના કર્ત્તા મહોપાધ્યાય શ્રીયશોવિજયજી છે. આ ત્રણેય સ્તુતિકાર મહાપુરૂષોએ પોતાની ગંભીરાર્થક સ્તુતિઓમાં જૈનદર્શનમાન્ય વિશિષ્ટ વિવિધ તત્ત્વધારાઓનો અર્થગંભીર વાણીમાં કુશલતા પૂર્વક સમાવેશ કર્યો છે.

ગીતાર્થ જૈનસ્થવિરો અને વિદ્વાન જૈન આચાર્યોએ જૈન આગમિક કાર્મગ્રન્થિક, દાર્શનિક અને સાહિત્યને લગતાં વિવિધ ક્ષેત્રોને પોતાની આગવી રીતે વિકસાવ્યાં છે અને સ્વૈર વિહાર કર્યો છે, જેના વિવેચનનું આ સ્થાન નથી.

ટૂંકમાં અહીં એટલું જ જણાવવાનું છે કે પ્રાચીન કે અર્વાચીન, કોઇ પણ યુગમાં લોકમાન્ય કે લોકપ્રચલિત ભાષામાં લખાએલું શાસ્ત્ર જ લોકકલ્યાણકર થાય છે એટલે આજે વિદુષી સાધ્વીજી શ્રીસુલોચનાશ્રીજીએ સ્યાદ્વાદમંજરી શાસ્ત્રનો ગૂર્જર અનુવાદ આપણને અર્પણ કર્યો છે, તે બદલ તેમને આપણા સૌના હાર્દિક અભિનંદન અને ધન્યવાદ ઘટે છે.

મુનિ પુણ્યવિજય

વડોદરા સં. ૨૦૨૪ શ્રાવણ વદિ ૧૦

પ્રસ્તાવના

ગુજરાતના સંસ્કારગુરુ, અનેક વિદ્યાઓની ગુજરાતમાં પ્રતિષ્ઠા કરનાર, પોતાના અસામાન્ય વિદ્યાવૈભવને કારણે કલિકાલસર્વજ્ઞ તરીકે ઓળખાનાર, શિવસ્તોતા, વિશાળ હૃદયી, સિદ્ધરાજસમ્માન્ય, કુમારપાલપ્રબોધક, સરસ્વત્યારાધક, ગુજરાતમાં અહિંસા-રસ સિંચનાર, જન્મે મોઢ વણિક આચાર્ય હેમચંદ્રની મહાવીર ભગવાનની સ્તુતિરૂપ અન્ય-યોગવ્યવચ્છેદિકા દ્વાત્રિંશિકામાં આવતાં સૂત્રાત્મક અન્યદર્શનદોષપ્રદર્શક પદો ઉપર લખાયેલી વિસ્તૃત ટીકા તે સ્યાદ્વાદમંજરી. આ સ્યાદ્વાદમંજરીની રચના નાગેન્દ્રગચ્છીય શ્રી ઉદયપ્રભસૂરિના પ્રતિભાશાળી વિદ્વાન શિષ્યરત્ન મલ્લિષેણસૂરિએ શક સંવત ૧૨૧૪ (ઈ. સ. ૧૨૯૩)ની દીપાવલીના દિને પૂર્ણ કરી.

વિષય પરિચય

શ્લો. ૧-૩ માં ભગવાનની સ્તુતિ કરતાં તેમના ચાર અતિશયો અને યથાર્થવાદનું નિરૂપણ કર્યું છે. શ્લો. ૪-૧૦ માં નૈયાયિકો અને વૈશેષિકોના કેટલાક મહત્વના સિદ્ધાંતો ઉપર વિચાર કર્યો છે. તે સિદ્ધાંતો નીચે પ્રમાણે છે. (૧) સામાન્ય અને વિશેષ સ્વતંત્ર પદાર્થો છે. (૨) જગતકર્તા ઈશ્વર છે. (૩) ગુણ-ગુણી વચ્ચે અવયવ-અવયવી વચ્ચે સમવાય સમ્બન્ધ છે. આ સમવાય સમ્બન્ધ એક અને નિત્ય છે. (૪) જ્ઞાન આત્માથી તદ્દન ભિન્ન છે. (૫) આત્માના બુદ્ધિ વગેરે વિશેષ ગુણોનો અત્યન્તોચ્છેદ એ જ મોક્ષ છે, (૬) કેટલીક વસ્તુઓ એકાન્ત નિત્ય છે અને કેટલીક અનિત્ય છે. (૭) છલ, જાતિ, નિગ્રહસ્થાન વગેરે ઉપયોગી છે. (૮) સત્તાસામાન્ય ભિન્ન પદાર્થ છે. આ બધા સિદ્ધાન્તોમાં રહેલા દોષોને સુંદર રીતે દર્શાવ્યા છે. શ્લો. ૧૧-૧૨ માં મીમાંસાના બે મહત્વના સિદ્ધાન્તોની ચર્ચા કરી છે. મીમાંસકો વૈદિકી હિંસાને ધર્મ માને છે. કોઈપણ પ્રકારની હિંસા-લૌદિકી- કે અવૈદિકી એ અધર્મ જ છે એ જૈન દૃષ્ટિબિન્દુ અહીં રજૂ થયું છે. વળી, મીમાંસકો જ્ઞાનને જ્ઞાતતા દ્વારા અનુમેય માને છે. તેઓ જ્ઞાનને સ્વપ્રકાશ માનતા નથી. જ્યારે જૈન દાર્શનિકો સ્વ-પરપ્રકાશક માને છે. શ્લો. ૧૩ માં કેવલાદ્વૈતીઓના માયાવાદનું ખંડન છે. શ્લો. ૧૪ માં ચિતિશક્તિ જ્ઞાનશૂન્ય છે, બુદ્ધિ જડ છે, પંચ મહાભૂતો તન્માત્રાઓમાંથી ઉત્પન્ન થાય છે, બંધ-મોક્ષ પુરુષને નહિ

૧

नागेन्द्रगच्छगोविन्दवक्षोऽलंकारकौस्तुभाः ।
ते विश्ववन्द्या नन्द्यासुरुदयप्रभसूरयः ॥
श्रीमल्लिषेणसूरिभिरकारि तत्पदगगनदिनमणिभिः ।
वृत्तिरियं मनुरविमितशाकाब्दे दीपमहसि शनौ ॥
श्रीजिनप्रभसूरिणां साहाय्योद्भिन्नसौरभा ।
श्रुताचुंबंतु सतां वृत्तिः स्याद्वादमंजरी ॥

પ્રકૃતિને છે અને કેવળ વિવેકજ્ઞાનથી મુક્ત થવાય છે આ સાંખ્ય સિદ્ધાન્તોનું નિરસન છે. ૧૬ મા શ્લોકમાં મહત્વના બૌદ્ધ સિદ્ધાન્તોની ચર્ચા છે. બૌદ્ધો પ્રમાણ અને ફેટલાક પ્રમાણફળને અભિન્ન માને છે. જ્ઞાનગત વિષયસાદશ્ય એ પ્રમાણ છે અને અધિગતિ એ ફળ છે અને તે બન્ને તો અભિન્ન છે. આ તેમની વાત છે. બીજું, તેઓ સઘળી વસ્તુઓને ક્ષણિક માને છે. ત્રીજુ, કેટલાક બૌદ્ધો 'નાકારણં વિષયઃ' સિદ્ધાન્તને સ્વીકારે છે. ચોથું, વિજ્ઞાનવાદી બૌદ્ધો માત્ર વિજ્ઞાનને જ પરમાર્થ સત્ ગણે છે. અને સહોપલમ્ભ નિયમને આધારે બાહ્ય વસ્તુઓ જ્ઞાનથી ભિન્ન નથી તે સિદ્ધ કરે છે. આ બધા દાર્શનિક સિદ્ધાન્તોની બુદ્ધિગમ્ય ચર્ચા આ શ્લોકની ટીકામાં કરવામાં આવી છે. ૧૭ મા શ્લોક ઉપરની ટીકામાં ધર્મનૈરાત્મ્યવાદી દૃષ્ટિમુક્ત શૂન્યવાદનું ખંડન કર્યું છે. પણ અહીં સામાન્યપણે શૂન્યવાદનું ખંડન કરવામાં આવે છે એ કોટિનું જ છે. પૂર્વપક્ષને સબળ રીતે રજૂ કરવામાં નથી આવ્યો. ૧૮ મા શ્લોકમાં કર્મવાદને આધારે ક્ષણભંગવાદનું નિરસન છે. શ્લો. ૧૯ માં આલયવિજ્ઞાન, વાસના, સન્તતિ વગેરેની વાત ક્ષણભંગવાદી બૌદ્ધોને મુખે વિસંવાદી લાગે છે એ સ્પષ્ટ કર્યું છે, ચેતના એ તો ભૂતચતુષ્કમાંથી આવિર્ભાવ પામતો એક ધર્મ છે, કોઇ સ્વતન્ત્ર તત્વ નથી આવી માન્યતા ધરાવતા લોકાયતમતનું ખંડન શ્લો. ૨૦ ની ટીકામાં છે. પ્રત્યક્ષ એ જ એક પ્રમાણ છે એમ લોકાયતિકો માને છે. આ સિદ્ધાન્તની આલોચના અહીં છે. શ્લો. ૨૧-૨૯માં જૈન સિદ્ધાન્તનું સમર્થન કરતાં કરતાં સ્યાદ્વાદની સિદ્ધિ કરી છે. અને સુંદર રીતે સ્યાદ્વાદની સમજણ આપી છે. શ્લો. ૩૦-૩૨માં ભગવાન મહાવીરની સ્તુતિનો ઉપસંહાર કરતી વખતે અનેકાન્તથી જગતનો ઉદ્ધાર શકય છે એ હકીકતનું પ્રતિપાદન કર્યું છે.

મૂલ્યાંકન

ઉપરના સાર ઉપરથી એ સ્પષ્ટ થાય છે કે સ્યાદ્વાદમંજરી તત્વજ્ઞાનની મહત્વની વિશાળ સમસ્યાઓની ચર્ચા-વિચારણા કરે છે. કોઈપણ દર્શનનું સમગ્ર પરીક્ષણ કરવાનો તેનો આશય નથી. જૈન દાર્શનિકોને જે સિદ્ધાન્તોમાં રસ છે તેમનું જ પરીક્ષણ તે કરે છે, અને એ જ તો દર્શનના કેટલાક મહાપ્રશ્નો છે. સામાન્ય શું છે? વિશેષ શું છે? વસ્તુ નિત્ય છે કે અનિત્ય? જગતનો કર્તા ઈશ્વર છે કે નહિ? અહિંસાનું તત્વ શું છે? મુક્ત આત્માનું સ્વરૂપ કેવું છે? આપણને વસ્તુનું સાચું જ્ઞાન કયારે થયું કહેવાય? જ્ઞાનની પ્રતિકર્મવ્યવસ્થાનો આધાર શો? પ્રમાણ અને પ્રમાણફળ ભિન્ન છે કે અભિન્ન? સત્નું સ્વરૂપ શું છે? ઈત્યાદિ તત્વજ્ઞાનના કેટલાક સનાતન પ્રશ્નો છે. સ્યાદ્વાદમંજરીકારે કરેલ અન્ય દાર્શનિકોના સિદ્ધાન્તોનું ખંડન વિતંડાના સ્વરૂપનું નથી. દરેકે દરેક પ્રશ્ન પર જૈન દર્શનની સ્પષ્ટ માન્યતા શી છે તેનું સચોટ નિરૂપણ સરળ પ્રવાહી ભાષામાં અહીં કરવામાં આવેલ છે નયવાદ અને સ્વાદ્વાદને સદૃષ્ટાંત વિસ્તારથી સમજાવવામાં આવ્યા છે. આમ શ્રીમલ્લિષેણસૂરિનું અન્ય દર્શનોનું જ્ઞાન પ્રશંસનીય છે અને જૈન સિદ્ધાન્તોની સમજ ઉંડી છે. તેમની શૈલિ સ્વાભાવિક છે. દર્શનશાસ્ત્રના કઠિન વિષયને સરળ અને પ્રવાહી ભાષામાં મૂકવાની તેમને હથોટી છે. રત્નાકરાવતારિકામાં સમાસબહુલસ્તવને કારણે અર્થ કંઈક જટિલ બને છે. સન્મતિતર્ક, પ્રમેયકમલમાર્તંડ વગેરે ન્યાયગ્રંથો ગહન છે. સ્યાદ્વાદરત્નાકર તો ખરેખર ગંભીર, ઊંડો અને સુદીર્ઘ છે. અષ્ટસહસ્રી તો 'કષ્ટસહસ્રી' કહેવાય છે. જ્યારે આ તો સરળ, વિશદ, અગુરુલઘ્વી કર્ણે ધરવા જેવી

મંજરી છે. એમની શૈલી અને વૈભવને કારણે આ ટીકાગ્રંથ ન રહેતાં એક સ્વતંત્ર મૌલિક રચના બની રહે છે. આ બધા કારણોને લઈને સ્યાદ્વાદમંજરી ભારતીય દર્શનનો એક સુંદર ગ્રંથ બની રહે છે.

શ્રી મલ્લિષેણસૂરિ સરળ પ્રકૃતિના ઉદાર અને મધ્યસ્થ વિદ્વાન છે. અન્ય દર્શનોના વિદ્વાનો માટે તેઓ જડ, અહ્લીક, પશુ, અલૌકિક, પ્રાકૃત, તામસ વગેરે કટુ શબ્દો વાપરતા નથી. તેઓ વેદાન્તીને સમ્યગ્દૃષ્ટિ, વ્યાસને ઋષિ, કપિલને પરમર્ષિ અને ઉદયનાચાર્યને પ્રામાણિક-પ્રકાંડ કહે છે. પોતે શ્વેતામ્બર હોવા છતાં દિગમ્બર આચાર્યોના વચનોને નિઃસંકોચભાવે ટાંકે છે. તેઓ સર્વજ્ઞસિદ્ધિની ચર્ચાના પ્રસંગે સ્ત્રીમુક્તિ અને કેવલિભુક્તિ જેવા સાંપ્રદાયિક કટુતા વધારે એવા વિવાદગ્રસ્ત પ્રશ્નોને છેડતા નથી. વળી તેઓ અન્ય દર્શનોના સિદ્ધાન્તોની પ્રામાણિક અને પ્રમાણિત રજૂઆત કરે છે. આમ સ્યાદ્વાદમંજરી એક ઊંચી કોટિનો દાર્શનિક ગ્રન્થ છે.

(અનુવાદ)

સ્યાદ્વાદમંજરીનો ડો. જગદીશચંદ્રજીએ કરેલો હિંદી અનુવાદ પ્રસિદ્ધ છે. અને હમણા જ ડો. એફ. ડબલ્યુ. થોમસે તેનો અંગ્રેજી અનુવાદ બહાર પાડયો છે. ગુર્જર ભાષામાં આ તેનો બીજો અનુવાદ છે. આ અનુવાદ પ્રથમની અપેક્ષાએ ખરેખર સુંદર છે. તેને યથાશકય સરળ અને પ્રવાહબદ્ધ બનાવવાનો સ્તુત્ય પ્રયત્ન થયો છે. વિષયને ગ્રાહ્ય બનાવવા અને પૂર્વપક્ષ-ઉત્તરપક્ષને સ્પષ્ટ કરવા અનુવાદને શંકા-સમાધાન કે વાદ-પ્રતિવાદના રૂપમાં મૂકયો છે. અનુવાદની સાથે સાથે અર્થને સ્ફુટ કરવા ઘણે સ્થળે ભાવાર્થ કે સમજૂતિ આપવાનો પણ પ્રયત્ન થયો છે. આ અનુવાદમાં જો પરિશિષ્ટો અને ટિપ્પણોનો ઉમેરો કરવામાં આવ્યો હોત તો આ ગ્રંથ વિશેષ ઉપયોગી થાત.

વિશેષ આનંદની વાત તો એ છે કે એક વિદુષી સાધ્વીજીએ આ દાર્શનિક ગ્રંથના સંપાદન સાથે એનો વિશદ અનુવાદ કર્યો છે. એ સાધ્વીજી છે સુલોચનાશ્રીજી. સ્યાદ્વાદમંજરી જેવા ઉત્કૃષ્ટ દાર્શનિક ગ્રન્થનો ગુર્જર ભાષામાં અનુવાદ કરવા બદલ તેઓ શ્રી આપણા અનેકશઃ ધન્યવાદને પાત્ર છે. તેઓ આ વિદ્યાયાત્રાને નિરન્તર ચાલુ રાખશે તો વિદ્યા વિકાસની સોપાનપરંપરા દ્વારા ઉન્નત શિખરે વિરાજશે તેવી આશા આ અનુવાદથી જન્મે છે. તેઓશ્રીએ ખરેખર જ્ઞાનની સાચી ઉપાસના કરી છે, ખરો સ્વાધ્યાય કર્યો છે. સંઘમાં જ્ઞાનોપાસના કેવી વિસ્તરી રહી છે. તેનો સૂચક આ અનુવાદ છે. પૂર્વેના ચિન્તક આચાર્યોના ગ્રન્થોનું પરિશીલન પુનર્જીવંત થાય, આધુનિક વિદ્યાઓનું પુરાણી વિદ્યાઓ સાથે અનુસંધાન થાય અને સારાય સંઘમાં રેનેસાંનું વાતાવણ જામે એ આશા.

નગીન જી. શાહ
ઉપાધ્યક્ષ
લા. દ. વિદ્યામંદિર

અમદાવાદ-૬
તા. ૧-૮-૬૮

: વિષયાનુક્રમ :

		વિષય	પૃષ્ઠ
શ્લોક :	૧	ટીકાકારનું મંગલાચરણ અવતરણિકા, ચાર વિશેષણ, ૪ મૂળ અતિશય, વિશેષણોની સાર્થકતા. શ્લોકનો બીજો અર્થ.	૩–૧૨
શ્લોક :	૨	ભગવંતની યથાર્થવાદિતાની પ્રરૂપણા.	૧૩–૧૪
શ્લોક :	૩	નયમાર્ગની મહત્તા.	૧૫–૧૭
શ્લોક :	૪	સામાન્ય–વિશેષવાદ.	૧૮–૨૧
શ્લોક :	૫	નિત્યાનિત્યવાદ. દીપકનું નિત્યાનિત્યત્વ, અંધકારનું પૌદ્ગલિકપણું, આકાશનું નિત્યાનિત્યત્વ, નિત્યનું લક્ષણ, એકાન્ત નિત્યાનિત્યવાદમાં અર્થક્રિયાનો અભાવ.	૨૨–૩૫
શ્લોક :	૬	ઈશ્વરનું જગત્કર્તૃત્વ, પૂર્વપક્ષ ઉત્તરપક્ષ. કિરણોમાં ગુણત્વની સિદ્ધિ. ઈશ્વરવાદીના શાસ્ત્રોમાં પૂર્વાપરવિરોધ.	૩૬–૫૪
શ્લોક :	૭	સમવાયનું ખંડન.	૫૫–૬૧
શ્લોક :	૮	સત્તા ભિન્ન કે અભિન્ન? વૈશેષિકોના છ પદાર્થ જ્ઞાન આત્માથી ભિન્ન કે અભિન્ન ? મોક્ષ જ્ઞાન આનંદરૂપ છે?	૬૨–૮૮
શ્લોક :	૯	આત્માના સર્વવ્યાપકપણાનું ખંડન. અવયવ અને પ્રદેશમાં ભેદ. આત્માનું શરીરપરિમાણ, આત્માકંથચિત્ સર્વવ્યાપક. સમુદ્ઘાતનું લક્ષણ અને ભેદ.	૮૯–૧૦૧
શ્લોક :	૧૦	નૈયાયિકમાન્ય છલ, જાતિ અને નિગ્રહસ્થાન. નૈયાયિકોના ૧૬ પદાર્થ, નૈયાયિકના પ્રમાણના લક્ષણનું ખંડન, ૧૨ પ્રકારના પ્રમેયનું ખંડન, છલના ભેદ, ૨૪ પ્રકારની જાતિ, ૨૨ નિગ્રહસ્થાન.	૧૦૨–૧૧૨
શ્લોક :	૧૧	વેદ–પ્રતિપાદિત હિંસા ધર્મનું કારણ કહેવાય ? જૈન દેરાસરના નિર્માણમાં પુણ્યસંચય. વૈદિક હિંસાના વિરોધી સાંખ્ય. શ્રાદ્ધ કરવામાં દોષ, આગમ અપૌરુષેય નથી.	૧૧૩–૧૩૩
શ્લોક :	૧૨	પરોક્ષજ્ઞાનવાદી મીમાંસક,–ન્યાય વૈશેષિક ખંડન, ભટ્ટ મીમાંસકનું ખંડન.	૧૩૪–૧૪૩
શ્લોક :	૧૩	બ્રહ્માદ્વૈતવાદીનો માયાવાદ. વેદાંતનું ખંડન, 'અસત્ખ્યાતિ' વગેરે ખ્યાતિનું સ્વરૂપ, અદ્વૈતવાદનું ખંડન.	૧૪૪–૧૫૫
શ્લોક :	૧૪	કથંચિત્ સામાન્યવિશેષરૂપ વાચ્ય વાચક ભાવનું સમર્થન.	

	એકાંત સામાન્યવાદી, અદ્વૈતવાદી, મીમાંસક અને સાંખ્યનો પૂર્વપક્ષ એકાંત વિશેષવાદી નૈયાયિક બૌદ્ધોનો પૂર્વપક્ષ, સ્વતંત્ર સામાન્ય-વિશેષવાદી નૈયાયિક વૈશેષિકોનો પૂર્વપક્ષ ઉપરોકત ત્રણે પક્ષોનું ખંડન. શબ્દનું પૌદ્ગલિકપણું. આત્મા કથંચિત્ પૌદ્ગલિક, શબ્દ-અર્થનો કથંચિત્ તાદાત્મ્ય સંબંધ, પદાર્થોમાં ભાવાભાવત્વની સિદ્ધિ, અપોહ, જાતિ, વિધિ આદિ શબ્દાર્થનું ખંડન.	૧૫૬-૧૭૪
શ્લોક : ૧૫	સાંખ્યોનો સિદ્ધાન્ત, તેનું ખંડન.	૧૭૫-૧૮૭
શ્લોક : ૧૬	સૌત્રાંતિક, વૈભાષિક અને યોગાચાર-બૌદ્ધમતોનું ખંડન.	૧૮૮-૨૨૫
શ્લોક : ૧૭	શૂન્યવાદનું ખંડન. આત્માની સિદ્ધિ, સર્વજ્ઞની સિદ્ધિ, પ્રમેય પ્રમાણ-પ્રમિતિની સિદ્ધિ.	૨૨૬-૨૨૯
શ્લોક : ૧૮	ક્ષણિકવાદમાં દોષ.	૨૩૦-૨૩૭
શ્લોક : ૧૯	વાસના અને ક્ષણસંતતિ આલયવિજ્ઞાન,	૨૩૮-૨૪૪
શ્લોક : ૨૦	ચાર્વાકમતનું ખંડન. ભૌતિકવાદનું ખંડન.	૨૪૫-૨૫૧
શ્લોક : ૨૧	પ્રત્યેકવસ્તુમાં ઉત્પાદ-વ્યય અને ધ્રૌવ્યની સિદ્ધિ.	૨૫૨-૨૫૭
શ્લોક : ૨૨	પ્રત્યેક પદાર્થમાં અનંતધર્મ.	૨૫૮-૨૬૧
શ્લોક : ૨૩	સપ્તભંગી મિથ્યાદૃષ્ટિ માટે દ્વાદશાંગી મિથ્યાશ્રુત. માંસ-દારૂ અને મૈથુનમાં જીવોત્પત્તિ. સ્યાદ્વાદ. સકલાદેશ. વિકલાદેશ,	૨૬૨-૨૭૮
શ્લોક : ૨૪	અનેકાંતવાદમાં વિરોધ આદિ દોષોનું નિરાકરણ.	૨૭૯-૨૮૫
શ્લોક : ૨૫	અનેકાન્તવાદના ૪ ભેદ.	૨૮૬-૨૮૮
શ્લોક : ૨૬	એકાન્ત નિત્યવાદનું અને એકાંત અનિત્યવાદનું ખંડન. નિત્યવાદી અને અનિત્યવાદીનું પરસ્પર ખંડન.	૨૮૯-૨૯૨
શ્લોક : ૨૭	એકાન્તવાદમાં સુખ-દુઃખ આદિનો અભાવ.	૨૯૩-૨૯૯
શ્લોક : ૨૮	દ્રવ્ય, નય અને પ્રમાણનું સ્વરૂપ, નૈગમાદિ સાત ભેદ. પ્રમાણ અને પ્રમાણ અને પ્રમાણના ભેદ. નય અને પ્રમાણમાં અંતર, નૈગમ નયનાં ભિન્ન ભિન્ન લક્ષણ અને ભેદ.	૩૦૦-૩૧૭
શ્લોક : ૨૯	'જીવો અનંત છે' એની સિદ્ધિ, તેમાં પતંજલિ, અક્ષપાદ આદિ મુનિઓનું સમર્થન. પૃથ્વી આદિમાં જીવત્વની સિદ્ધિ. નિગોદનું સ્વરૂપ. મોક્ષની માન્યતાઓ. જીવો સદા મોક્ષમાં જાય છે છતાં સંસાર જીવોથી ખાલી કેમ નથી થતો ?	૩૧૮-૩૨૩
શ્લોક : ૩૦	સ્યાદ્વાદદર્શનમાં જૈનેતર દર્શનોનો સમાવેશ.	૩૨૪-૩૨૭
શ્લોક : ૩૧	ભગવાનની યથાર્થવાદિતાનું સમર્થન.	૩૨૮-૩૩૦
શ્લોક : ૩૨	જિનેશ્વર ભગવંતથી જ જગતનું કલ્યાણ.	૩૩૧-૩૩૪
	પ્રશસ્તિ.	૩૩૫-૩૩૬

मूलग्रंथः

कलिकालसर्वज्ञ पू. आचार्यदेव हेमचन्द्रसूरि—विरचित

अन्ययोग-व्यवच्छेद-द्वात्रिंशिका

टीका-ग्रंथ

विद्वच्छिरोमणि पू. आचार्यदेव मल्लिषेणसूरि—विरचित

स्याद्वादमंजरी

[सरल-सुबोध गुजराती विवेचन साथे.]



टीकाकारनुं मंगलाचरण

परमात्म-स्तुतिः—

यस्य ज्ञानमनन्तवस्तुविषयं यः पूज्यते दैवतै-
र्निंस्यं यस्य वचो न दुर्नयकृतैः कोलाहलैर्लुप्यते ।
रागद्वेषमुखद्विषां च परिषत् क्षिप्ता क्षणाद् येन सा
सः श्रीवीरविभुर्विधूतकलुषां बुद्धिं विधत्तां मम ॥१॥

गुरु-स्तुतिः—

निस्सीमप्रतिभैकजीवितधरौ निःशेषभूमिस्पृशा
पुण्यौघेन सरस्वतीसुरगुरुस्वाङ्गैकरूपौ दधत् ।
यः स्याद्वादमसाधयन् निजवपुर्दृष्टान्ततः सोऽस्तु मे
सद्बुद्ध्यम्बुनिधिप्रबोधविधये श्री हेमचन्द्रः प्रभुः ॥२॥
ये हेमचन्द्रं मुनिमेतदुक्तग्रन्थार्थसेवामिषतः श्रयन्ते ।
संप्राप्य ते गौरवमुज्ज्वलानां पदं कलानामुचितं भवन्ति ॥३॥

सरस्वती-स्तुतिः—

मातर्भारति सन्निधेहि हृदि मे येनेयमाप्तस्तुते-
र्निर्मातुं विवृतिं प्रसिद्ध्यति जवादारम्भसम्भावना ।
यद्वा विस्मृतमोष्ठ्योः स्फुरति यत् सारस्वतः शाश्वतो
मन्त्रः श्रीउदयप्रभेतिरचनारम्यो ममाहर्निशम् ॥४॥

(અનુવાદ)

(૧) જેમનું જ્ઞાન અનંત વસ્તુને વિષય કરે છે, જેઓ દેવો વડે હમેશાં પૂજાય છે, જેમનું વચન દુર્નય દ્વારા કરાયેલા કોલાહલ વડે કદી લોપાતું નથી અને જેમણે રાગ–દ્વેષ આદિ અભ્યંતર શત્રુઓની એ સભાને ક્ષણવારમાં જ પરાસ્ત કરી છે, એવા શ્રી વીર પરમાત્મા મારી બુદ્ધિને નિર્મળ કરે.

(૨) સકલ પ્રાણીઓના પુણ્યરાશિના કારણે અસીમ પ્રતિભાની જીવંતમૂર્તિસમા સરસ્વતી અને બૃહસ્પતિને જેમણે પોતાના એક જ શરીરમાં ધારણ કરીને સ્યાદ્વાદને પોતાના શરીરના દૃષ્ટાંતથી સિદ્ધ કર્યો છે એવા શ્રી હેમચન્દ્ર પ્રભુ મારા માટે સદ્બુદ્ધિના સમુદ્રને ઉલ્લસિત કરવા સમર્થ થાઓ.

(૩) જે મનુષ્યો એમના દ્વારા કથિત ગ્રન્થના અધ્યયનના બહાને ભગવાન શ્રીમદ્ હેમચન્દ્રસૂરિનો આશ્રય લે છે, તેઓ ઉજ્જ્વલ કલાઓના ગૌરવને પ્રાપ્ત કરીને યોગ્ય સ્થાન પામે છે.

(૪) હે માતા સરસ્વતી! તમે મારા હૃદયમાં બિરાજો; જેથી આપ્તપુરુષની આ સ્તુતિની ટીકા રચવાના પ્રારંભની સંભાવના શીઘ્ર સિદ્ધ થાય. અરે; અથવા એ તો ભૂલી જવાયું! કેમ કે 'श्री उदयप्रभ' એવી રચનાથી મનોહર, શાશ્વત સારસ્વત મંત્ર તો મારા ઓષ્ઠમાં નિરંતર સ્ફુરાયમાન છે! અર્થાત્ ગુરુદેવનું નામ-સ્મરણ એ જ શ્રી સરસ્વતીનું સ્મરણ છે અને તે તો નિરંતર છે જ, તેથી સરસ્વતીની પ્રાર્થના જુદી કરવાની ખાસ જરૂર રહેતી નથી.

अवतरण

इह हि विषमदुःषमाररजनितिमिरतिरस्कारभास्करानुकारिणा वसुधातलावतीर्ण-सुधासारिणीदेश्यदेशनावितानपरमार्हतीकृतश्रीकुमारपालक्ष्मापालप्रवर्तिताभयदानाभिधानजीवातुसंजीवितनानाजीवप्रदत्ताशीर्वादमाहात्म्यकल्पावधिस्थायिविशदयशःशरीरेण निरवद्यचातुर्विद्यनिर्माणैकब्रह्मणा श्रीहेमचन्द्रसूरिणा जगत्प्रसिद्ध श्री सिद्धसेनदिवाकरविरचितद्वात्रिंशद्द्वात्रिंशिकानुसारि श्रीवर्द्धमानजिनस्तुतिरूपमयोगव्यवच्छेदान्ययोगव्यवच्छेदाभिधानं द्वात्रिंशिकाद्वितयं विद्वज्जनमनस्तत्त्वावबोधनिबन्धनं विदधे। तत्र च प्रथमद्वात्रिंशिकायाः सुखोन्नेयत्वाद् तद्व्याख्यानमुपेक्ष्य द्वितीयस्यास्तस्या निःशेषदुर्वादिपरिषदधिक्षेपदक्षायाः कतिपयपदार्थविवरणकरणेन स्वस्मृतिबीजप्रबोधेविधिर्विधीयते। तस्याश्चेदमादिकाव्यम्

(અનુવાદ)

આ ભરતક્ષેત્રમાં વિષમ 'દુષમા' નામના પાંચમા આરારૂપી રાત્રિના અંધકારનો નાશ કરવા માટે સૂર્ય સમાન શ્રી હેમચન્દ્રસૂરિએ, સ્વર્ગમાંથી પૃથ્વી તલ પર ઉતરેલી અમૃતની નહેર સમાન મધુર દેશનાના પ્રવાહથી કુમારપાલ મહારાજાને 'પરમાર્હત' કર્યા અને એમના દ્વારા 'અભયદાન' નામની સંજીવની પ્રવર્તાવવામાં આવી. તેથી જીવનને પામેલા અનેકાનેક પ્રાણીઓના આશીર્વાદના માહાત્મ્યથી આચાર્ય હેમચન્દ્રસૂરિનું નિર્મળ યશઃશરીર અનેક કલ્પપર્યંત સ્થિરતાને પામ્યું છે. ચાર પ્રકારના વેદોના પ્રણેતા બ્રહ્માની જેમ લક્ષણ, સાહિત્ય તર્ક અને આગમ, આ ચારે પ્રકારની નિરવદ્ય વિદ્યાના નિર્માતા

ચાર વેદનાં નામઃ ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ, અથર્વવેદ.

श्रीहेमचन्द्रसूरिजीએ, જગત્પ્રસિદ્ધ શ્રીસિદ્ધસેન દિવાકરસૂરીશ્વરે રચેલી 'બત્રીસ-બત્રીસી'-ઓનું અનુસરણ કરનારી, શ્રી મહાવીર પરમાત્માની સ્તુતિરૂપ 'અયોગવ્યવચ્છેદિકા' અને 'અન્ય યોગવ્યવચ્છેદિકા' નામની બે બત્રીસીઓ,પંડિત પુરૂષોને તત્ત્વ અવબોધમાં કારણભૂત થાય તેવી બનાવી છે; તેમાં પ્રથમ બત્રીસી સ્વપક્ષની સિદ્ધિરૂપ હોવાથી સરળતાપૂર્વક જાણી શકાય એવી છે. તેથી તે બત્રીસીની વ્યાખ્યા ન કરતાં, સકલ દુર્વાદીઓની સભાને પરાજિત કરવા સમર્થ પરપક્ષદૂષણરૂપ બીજી બત્રીસીના કેટલાક પદાર્થોનું વિસ્તૃત વર્ણન કરીને, મારી સ્મૃતિનું બીજ વિકસિત કરવાની વિધિરૂપે આ લખાયું છે. એ બીજી બત્રીસીનો પ્રથમ શ્લોક આ છે :

मूल :— अनन्तविज्ञानमतीतदोषमबाध्यसिद्धान्तममर्त्यपूज्यम् ।
श्रीवर्द्धमानं जिनमाप्तमुख्यं स्वयम्भुवं स्तोतुमहं यतिष्ये ॥१॥

(टीका) श्रीवर्धमानं जिनमहं स्तोतुं यतिष्य इति क्रियासम्बन्धः । किं विशिष्टम् ? अनन्तम् = अप्रतिपाति, वि=विशिष्टं सर्वद्रव्यपर्यायविषयत्वेनोत्कृष्टं, ज्ञानं-केवलाख्यं, विज्ञानम्, ततोऽनन्तं विज्ञानं यस्य सोऽनन्तविज्ञानस्तम् । तथा अतीताः=निःसत्ताकीभूतत्वेनातिक्रान्ताः दोषा=रागादयो, यस्मात् स तथा तम् । तथा अबाध्यः=परैर्बाधितुमशक्यः, सिद्धान्तः = स्याद्वादश्रुतलक्षणो यस्य स तथा अमर्त्याः=देवाः तेषामपि पूज्यं=आराध्यम् ।

अत्र च श्रीवर्द्धमानस्वामिनो विशेषणद्वारेण चत्वारो मूलातिशयाः प्रतिपादिताः । तत्रानन्तविज्ञानमित्यनेन भगवतः केवलज्ञानलक्षणविशिष्टज्ञानानन्त्यप्रतिपादनाद् ज्ञानातिशयः । अतीतदोषमित्यनेनाष्टादशदोषसंक्षयाभिधानाद् अपायापगमातिशयः । अबाध्यसिद्धान्तमित्यनेन कुतीर्थिकोपन्यस्तकुहेतुसमूहाशक्यबाधस्याद्वादरूपसिद्धान्त-प्रणयनभणनाद् वचनातिशयः । अमर्त्यपूज्यमित्यनेनाकृत्रिमभक्तिभरनिर्भरसुरासुर-निकायनायकनिर्मितमहाप्रातिहार्यसपर्यापरिज्ञानात् पूजातिशयः ।

(અનુવાદ)

મૂળ-અર્થ : અનંત વિજ્ઞાનવાળા, રાગાદિ દોષોથી રહિત, અબાધિત સિદ્ધાંતવાળા, દેવોને પણ પૂજનીય, આપ્ત-પુરુષોમાં મુખ્ય તથા સ્વયંભૂ શ્રી વર્દ્ધમાન-મહાવીર જિનેન્દ્રની સ્તુતિ કરવા માટે હું (હેમચન્દ્રાચાર્ય) પ્રયત્ન કરીશ.

ટીકા-અર્થ : 'હું વર્ધમાન જિનેન્દ્રની સ્તુતિ કરવા માટે યત્ન કરીશ' (આ પ્રમાણે ક્રિયા સાથેનો સંબંધ જાણવો) શ્રી વર્ધમાન પ્રભુ કેવા પ્રકારના છે ? અનંત વિજ્ઞાનવાળા, અર્થાત્ જે જ્ઞાન કદી નષ્ટ થતું નથી, જે જ્ઞાન સર્વ દ્રવ્ય અને પર્યાયને વિષય કરે છે, તેવા સર્વોત્કૃષ્ટ કેવળજ્ઞાન-રૂપ વિજ્ઞાનવાળા, રાગાદિ દોષોથી રહિત અર્થાત્ જેમના રાગાદિ દોષો નિર્મૂળ થઈ ગયા છે તેવા, અબાધિત સિદ્ધાન્તવાળા એટલે જેમનો સ્યાદ્વાદ સિદ્ધાન્ત પ્રતિવાદીઓ વડે બાધિત થવો અશક્ય છે અને જેઓ દેવોને પણ પૂજનીય છે.

અહીં ઉપરોક્ત ચાર વિશેષણોથી શ્રી વર્ધમાનસ્વામીના મૂળ ચાર અતિશયોનું પ્રતિપાદન કરેલું છે. 'અનંતવિજ્ઞાન' વિશેષણ વડે ભગવંતના કેવળજ્ઞાનનું અનંતપણું કહેવાથી 'જ્ઞાનાતિશય' નામનો પ્રથમ અતિશય વર્ણવ્યો છે. 'અતીત દોષ' એ વિશેષણ વડે અઢાર દોષોનો (દાનાદિ પાંચ અંતરાય, હાસ્યષટ્ક, કામ, મિથ્યાત્વ, અજ્ઞાન, નિદ્રા, અવિરતિ, રાગ અને દ્વેષ) સમ્યક્ પ્રકારે ક્ષય કહેવાથી 'અપાયાપગમ' નામનો બીજો અતિશય વર્ણવ્યો છે. 'અબાધ્ય સિદ્ધાંત' વિશેષણ વડે, ઇતર દાર્શનિકો તરફથી ઉપસ્થિત કરાયેલ દુષ્ટ હેતુઓના સમુહથી અબાધિત એવા સ્યાદ્વાદ-સિદ્ધાન્તના પ્રણેતા હોવાના કથન દ્વારા પ્રભુનો 'વચનાતિશય' પ્રતિપાદિત થયો છે. 'અમર્ત્યપૂજ્ય' વિશેષણ વડે સહજ ભક્તિભાવથી વિનમ્ર એવા વૈમાનિક દેવોના અને ભવનપતિ આદિ અસુરોના નાયક ઈન્દ્રો વડે નિર્મિત મહાપ્રાતિહાર્ય (અશોકવૃક્ષ, સુરપુષ્પવૃષ્ટિ, દિવ્યધ્વનિ, ચામર, આસન, ભામંડલ; દુંદુભિ અને છત્ર) ની પૂજાને જણાવવાથી પ્રભુનો 'પૂજાતિશય' કહેવામાં આવ્યો છે.

(टीका) अत्राह परः—अनन्तविज्ञानमित्येतावदेवास्तु, नातीतदोषमिति, गतार्थत्वात् । दोषात्ययं विनानन्तविज्ञानत्वस्यानुपपत्तेः । अत्रोच्यते = कुनयमतानुसारि परिकल्पितापनव्यवच्छेदार्थमिदम् । तथा चाहुराजीविकनयानुसारिणः

ज्ञानिनो धर्मतीर्थस्य कर्तारः परमं पदम् ।
गत्वा गच्छन्ति भूयोऽपि भवं तीर्थनिकारतः ॥ इति

तद् नूनं न ते अतीतदोषाः । कथमन्यथा तेषां तीर्थनिकारदर्शनेऽपि भवावतारः ?

आहः यद्येवम्, अतीतदोषमित्येवास्तु, अनन्तविज्ञानमित्यतिरिच्यते । दोषात्ययेऽवश्यंभावित्वादनन्तविज्ञानत्वस्य ।

(અનુવાદ)

: ઉપરોક્ત ચાર વિશેષણોની સાર્થકતા :

શંકા : વર્દ્ધમાનસ્વામીને 'અનન્તવિજ્ઞાન' વિશેષણ જ પુરતું છે. 'અતીતદોષ' વિશેષણની જરૂર નથી. કારણ કે દોષોનો નાશ થયા વિના અનન્ત વિજ્ઞાન પ્રાપ્ત થઈ શકતું નથી. માટે 'અનન્ત વિજ્ઞાન' કહેવાથી અતીતદોષતા ગતાર્થ છે.

સમાધાન : 'કુનયમતના અનુયાયીઓ વડે કલ્પિત આપ્તોથી આ આપ્ત ભિન્ન છે'—એ બતાવવા માટે 'અતીતદોષ' એ વિશેષણની સાર્થકતા છે, જેમકે આજીવિકમતના અનુયાયીઓ કહે છે; 'ધર્મતીર્થના સ્થાપક જ્ઞાની પુરુષો મોક્ષમાં ગયા પછી પણ આ વિશ્વમાં ધર્મધ્વંસ થતો જોઈને, ફરીથી પણ સંસારમાં અવતાર લે છે' જો તેઓમાં દોષો ન હોય તો, ધર્મનો નાશ જોવા છતાં પણ સંસારમાં તેઓનું અવતરણ કેવી રીતે સંભવી શકે ? માટે ખરેખર (આજીવિકમતના આપ્ત પુરુષ) તેઓ 'અતીતદોષ' નથી.

શંકા : જો એમ જ છે તો માત્ર 'અતીતદોષ' વિશેષણ જ ભલે રહે, 'અનન્તવિજ્ઞાન' ની શી જરૂર છે ? એ વધારાનું જ છે ! કેમકે દોષોના અભાવમાં અનંત વિજ્ઞાન અવશ્ય પ્રાપ્ત થાય છે.

(टीका) न, कैश्चिद्दोषाभावेऽपि तदनभ्युपगमात् । तथा च वैशेषिकवचनम्—

"सर्वं पश्यतु वा मा वा तत्त्वमिष्टं तु पश्यतु ।
कीटसंख्यापरिज्ञानं तस्य नः क्वोपयुज्यते ॥"

तथा "तस्मादनुष्ठानगतं ज्ञानमस्य विचार्यताम् ।
प्रमाणं दूरदर्शी चेदेते गृध्रानुपास्महे ॥"

तन्मतव्यपोहार्थमनन्तविज्ञानमित्यदुष्टमेव । विज्ञानानन्त्यं विना एकस्याप्यर्थस्य यथावत् परिज्ञानाभावात् तथा चार्षम्—

"जे एगं जाणइ से सव्वं जाणइ, जे सव्वं जाणइ से एगं जाणइ ।"

तथा "एको भावः सर्वथा येन दृष्टः सर्वे भावाः सर्वथा तेन दृष्टाः ।
सर्वे भावाः सर्वथा येन दृष्टाः एको भावः सर्वथा तेन दृष्टः ॥"

(અનુવાદ)

સમાધાન : કેટલાક વાદીઓ દોષાભાવમાં પણ અનન્તવિજ્ઞાનની પ્રાપ્તિ માનતા નથી, માટે 'અનન્તવિજ્ઞાન' વિશેષણ આપવામાં આવ્યું છે. વૈશેષિકોનો મત છે; 'ઈશ્વર બધા પદાર્થોને જાણે કે ન જાણે, તે ઇષ્ટ પદાર્થોને જાણે, એટલું જ બસ છે. જો ઈશ્વર કીડાઓની સંખ્યા ગણવા બેસે તો તે અમારે શું કામનો ? વળી, માટે જ ઇશ્વરને ઉપયોગી જ્ઞાનની જ પ્રધાનતા છે. કારણ કે જો દૂર સુધી જોવાવાળાને જ પ્રમાણભૂત માનવામાં આવે તો પછી અમે ગીધડાંઓની પણ પૂજા કરીએ !' કહેવાનો આશય આ છે કે વૈશેષિક મત ઇશ્વરને દોષરહિત સ્વીકારે છે પરંતુ ઇશ્વરને સકલ પદાર્થના જ્ઞાતા નથી માનતા. માટે આ મતનું ખંડન કરવા ગ્રંથકારે 'અનન્તવિજ્ઞાન' વિશેષણ આપ્યું છે. આ વિશેષણની સાર્થકતા બતાવતાં કહે છે; અનંતજ્ઞાન વિના કોઈ એક પણ અર્થનું યથાર્થ પરિજ્ઞાન થઈ શકતું નથી. આગમનું વચન છે; 'જે એકને જાણે છે તે બધાને જાણે છે, જે બધાને જાણે છે તે એકને જાણે છે.' વળી કહ્યું છે; 'જેણે એક પદાર્થને બધા પ્રકારે જાણ્યો છે, તેણે સર્વ પદાર્થોને સર્વપ્રકારે જાણ્યા છે તથા જેણે સર્વ પદાર્થોને સર્વપ્રકારે જાણ્યા છે તેણે એક પદાર્થને સર્વપ્રકારે જાણ્યો છે.'

(टीका) ननु तर्हि अबाध्यसिद्धान्तमित्यपार्थकम्, यथोक्तगुणयुक्तस्याव्यभिचारिवचनत्वेन तदुक्तसिद्धान्तस्य बाधायोगात् । न, अभिप्रायापरिज्ञानात् । निर्दोषपुरुषप्रणीत एव अबाध्यः सिद्धान्तः, नापरेऽपौरुषेयाद्याः, असम्भवादिदोषाघ्रातत्वात् इति ज्ञापनार्थम् । आत्ममात्रतारकमूकान्तकृत् केवल्यादिरूपमुण्डकेवलिनो यथोक्तसिद्धान्तप्रणयनासमर्थस्य व्यवच्छेदार्थं वा विशेषणमेतत् ॥

(અનુવાદ)

શંકા : 'અબાધ્ય સિદ્ધાન્ત' વિશેષણ દેવું વ્યર્થ છે, કારણ કે જે પુરુષ અનન્તવિજ્ઞાન વાળો છે અને દોષરહિત છે, તેનાં વચનોમાં કોઈ દોષ હોતો નથી, માટે એનો સિદ્ધાન્ત અબાધ્ય (બાધારહિત) હોય જ.

समाधान : नारे, अमारा कहेवाना आशयनुं तमने परिज्ञान नथी. अमारे आ विशेषणथी आ कहेवुं छे के निर्दोषपुरुष द्वारा निर्मित सिद्धान्त अणाध्य छे, अपौरुषेय वगेरे बीजा नहीं. कारण के अपौरुषेयादि सिद्धान्त 'असंभव' आदि दोषोथी दूषित छे. तालु आदिथी उत्पन्न वर्णसमुहने वेद कहे छे, तालु आदिस्थान मनुष्यजन्य छे, तो पछी वेद आदि अपौरुषेय (पुरुष विना उत्पन्न थयेला) केवी रीते ? असंभव ! बीजी रीते 'अणाध्यसिद्धांत' विशेषणनी सार्थकता समजावे छे.

स्वयं पोतानो ज उद्धार करनारा 'मूकके वळी' तथा 'अन्तकृत् मुंडकेवळी' के जेओ यथोक्त सिद्धान्तनी रचना करवामां असमर्थ होय छे, तेमनुं निराकरण करवा आ विशेषण आप्युं छे.

(टीका) अन्यस्त्वाह, अमर्त्यपूज्यमिति न वाच्यम्, यावता यथोद्दिष्टगुणगरिष्ठस्य त्रिभुवनविभोरमर्त्यपूज्यत्वं न कथञ्चन व्यभिचरतीति । सत्यम्, लौकिकानां हि अमर्त्याः पूज्यतया प्रसिद्धाः, तेषामपि भगवानेव पूज्य इति विशेषणेनानेन ज्ञापयन्नाचार्यः परमेश्वरस्य देवाधिदेवत्वमावेदयति । एवं पूर्वार्द्धे चत्वारोऽतिशया उक्ताः ।

(अनुवाद)

शंका : 'अमर्त्यपूज्य' न कहेवुं जोईओ. 'अनन्तविज्ञान' 'अतीतदोष' 'अणाध्य सिद्धान्त' आदि गुणोथी युक्त त्रिभुवनविभु अमर्त्यपूज्य बने ज, एमां कोई दोष आवतो नथी.

समाधान : तमारी वात साची छे, लोकोमां देवो पूज्य तरीके प्रसिद्ध छे, ते देवो माटे पण भगवान ज पूज्य छे, ते सूचित करवा माटे पूज्य आचार्यदेव (ग्रंथकर्ता) परमेश्वरनुं देवाधिदेवपणुं आ विशेषणथी बतावे छे.आ प्रमाणे श्लोकना पूर्वार्द्धमां चार अतिशयोनुं वर्णन करवामां आव्युं छे.

(टीका) अनन्तविज्ञानत्वं च सामान्यकेवलिनामप्यवश्यंभावीत्यतस्तद्व्यवच्छेदाय श्रीवर्धमानमिति विशेष्यपदमपि विशेषणरूपतया व्याख्यायते । श्रिया चतुस्त्रिंशदतिशयसमृद्ध्यनुभवात्मकभावार्हन्त्यरूपया वर्धमानं वर्द्धिष्णुम् । नन्वतिशयानां परिमिततयैव सिद्धान्ते प्रसिद्धत्वात् कथं वर्धमानतोपपत्ति इति चेत् ? न, यथा निशीथचूर्णौ भगवतां श्रीमदर्हतामष्टोत्तरसहस्रसङ्ख्यबाह्यलक्षणसङ्ख्याया उपलक्षणत्वेनान्तरङ्गलक्षणानां सत्वादीनामानन्त्यमुक्तम् । एवमतिशयानामधिकृतपरिगणनायोगेऽप्यपरिमितत्वमविरुद्धम् । ततो नातिशयश्रिया वर्धमानत्वं दोषाश्रयः इति ॥

बाह्य अतिशयोथी रहित, संसारविरक्त जे केवळी मात्र पोताना आत्मानो ज उद्धार करे छे ते 'मुंडकेवळी' कहेवाय छे. 'अन्तकृत्' अने 'मूक' आ बे प्रकारे तेओ होय छे. अंतकृत् केवळी एमने कहेवाय के जेमने मुक्त (मोक्ष) थवा पूर्वे थोडा ज समयमां केवळज्ञाननी प्राप्ति थाय छे.

(અનુવાદ)

અનંત વિજ્ઞાન તો સામાન્ય કેવળીઓમાં પણ અવશ્ય હોય; એટલે સામાન્ય કેવળીઓના પરિહાર માટે 'શ્રીવર્દ્ધમાન' એવું વિશેષ્યપદ પણ વિશેષણ રૂપે મૂકવામાં આવ્યું છે, 'શ્રીવર્ધમાન' એટલે ચોત્રીસ અતિશયોની સમૃદ્ધિના અનુભવરૂપ ભાવ અર્હંતરૂપ લક્ષ્મીથી વધેલા.

શંકા: જૈન સિદ્ધાન્તમાં અતિશયો તો પરિમિત રૂપે જ (૩૪) પ્રસિદ્ધ છે, તો વર્ધમાનપણાની ઉપપત્તિ કેવી રીતે થશે? 'અતિશય સમૃદ્ધિથી વધેલા' એમ કેમ કહેવાય?

સમાધાન : જે રીતે 'નિશીથચૂર્ણી' માં શ્રી અરિહંતનાં ૧૦૦૮ બાહ્ય લક્ષણોને ઉપલક્ષણ માનીને સત્ત્વ આદિ અંતરંગ લક્ષણોને અનંત કહેવામાં આવ્યાં છે; તેવી રીતે ઉપલક્ષણથી અતિશયોને પરિમિત માનીને પણ તેમને અનંત કહી શકાય છે, એમ કહેવામાં કોઈ શાસ્ત્રવિરોધ નથી. માટે 'અતિશયલક્ષ્મીથી વધેલા' કહેવું દોષયુક્ત નથી.

टीका–अतीतदोषता चोपशान्तमोहगुणस्थानवर्तिनामपि सम्भवतीत्यतः क्षीणमोहाख्याप्रतिपातिगुणस्थानप्राप्तिप्रतिपत्त्यर्थं जिनमिति विशेषणम् । रागादिजेतृत्वाद् जिनः समूलकाषङ्कषितरागादिदोष इति । अबाध्यसिद्धान्तता च श्रुतकेवल्यादिष्वपि दृश्यतेऽतस्तदपोहायाप्तमुख्यमिति विशेषणम् । आप्तिर्हि रागद्वेषमोहानामैकान्तिक आत्यन्तिकश्च क्षयः, सा येषामस्ति ते खल्वाप्ताः अभ्रादित्वाद् मत्वर्थीयोऽयप्रत्ययः । तेषु मध्ये मुखमिव सर्वाङ्गानां प्रधानत्वेन मुख्यम् । "शाखादेर्यः" इति तुल्ये यः । अमर्त्यपूज्यता च तथाविधगुरूपदेशपरिचर्यापर्याप्तविद्याचरणसंपन्नानां सामान्यमुनीनामपि न दुर्घटा, अतस्तन्निराकरणाय स्वयम्भुवमिति विशेषणम् । स्वयम्–आत्मनैव परोपदेशनिरपेक्षतयावगततत्त्वो भवतीति स्वयम्भूः–स्वयं संबुद्धः, तम् । एवंविधं चरमजिनेन्द्रं स्तोतुं स्तुतिविषयीकर्तुम्, अहं यतिष्ये यत्नं करिष्यामि ॥

अत्र चाचार्यो भविष्यत्कालप्रयोगेण योगिनामप्यशक्यानुष्ठानं भगवद्गुणस्तवनं मन्यमानः श्रद्धामेव स्तुतिकरणेऽसाधारणं कारणं ज्ञापयन् यत्नकरणमेव मदधीनं न पुनर्यथावस्थितभगवद्गुणस्तवनसिद्धिरिति सूचितवान् । अहमिति च गतार्थत्वेऽपि परोपदेशान्यानुवृत्त्यादिनिरपेक्षतया निजश्रद्धयैव स्तुतिप्रारम्भ इति ज्ञापनार्थम् ॥

(અનુવાદ)

'જિન' એવું વિશેષણ શા માટે મૂકયું છે, તેનું સમાધાન કરતાં ટીકાકાર કહે છે–'અતીતદોષત્વ' ઉપશાન્તમોહ' નામના ગુણસ્થાને રહેલા જીવોને પણ સંભવે છે માટે અપ્રતિપાતી 'ક્ષીણમોહ' નામના બારમા ગુણસ્થાનની પ્રાપ્તિ બતાવવા માટે 'જિન' એવું વિશેષણ મૂકયું છે.

પ્ર. 'જિન' કોને કહેવાય?

ઉ. જેણે રાગાદિદોષોને જડમૂળથી ઉખાડી નાંખ્યા છે, તેને 'જિન' કહે છે,

પ્ર. 'આપ્તમુખ્ય' વિશેષણ શા માટે ?

ઉ. 'અબાધ્યસિદ્ધાન્ત' પણ તો શ્રુતકેવળી આદિમાં પણ દેખાય છે, તેનો નિરાસ કરવા માટે 'આપ્તમુખ્ય' વિશેષણ છે.

પ્ર. 'આપ્ત' કોને કહેવાય ?

ઉ. રાગ—દ્વેષ અને મોહનો એકાન્તિક અને આત્યન્તિક ક્ષય તે આપ્તિ. આ આપ્તિ જેમનામાં હોય તે આપ્ત કહેવાય,

અહીં अभ्रादि ગણમાં मत्वर्थ માં 'अ' પ્રત્યય થયો છે. ('अभ्रादिभ्यः' હેમસૂત્ર ૭/૨/૪૬) જેવી રીતે સંપૂર્ણ અંગોમાં 'મુખ' પ્રધાન છે તેવી રીતે આપ્તોમાં જિનેશ્વરદેવ પ્રધાન છે. 'शाखादेर्यः' હેમશબ્દાનુશાસન ૭/૧/૧૧૪) સૂત્રથી 'તુલ્ય' અર્થમાં 'य' પ્રત્યય થયો છે.

પ્ર. 'સ્વયંભૂ' વિશેષણ શા માટે ?

ઉ. સદ્ગુરુના તેવા પ્રકારના ઉપદેશ અને સેવાથી જ્ઞાન તથા ચારિત્રને પ્રાપ્ત કરનારા સામાન્ય મુનિઓ પણ દેવો દ્વારા પૂજાય છે (અમર્ત્યપૂજ્યતા), તેમનું નિરાકરણ કરવા માટે 'સ્વયંભૂ' વિશેષણ છે. સ્વયંભૂ એટલે સ્વયંસંબુદ્ધ. આવા વિશેષણોવાળા અંતિમ જિનેન્દ્રની સ્તુતિ કરવા હું પ્રયત્ન કરીશ. (હું=શ્રી હેમચન્દ્રસૂરિજી). ભગવંતના ગુણોનું સ્તવન અનુષ્ઠાન યોગીપુરુષો વડે પણ અશક્ય છે, એવું માનતા સ્તુતિ કરવામાં અસાધારણ કારણ શ્રદ્ધા જ છે, તેમ જણાવતા તથા " યત્ન કરવો એજ મારે વશ છે, યથાવસ્થિત ભગવદ્ગુણસ્તવનની સિદ્ધિ મારે વશ નથી" એમ સૂચવવા તેમણે 'यतिष्ये' એવા ભવિષ્યકાળનો પ્રયોગ કર્યો છે.

પ્ર. यतिष्ये' કહેવાથી 'अहं' નો સ્વયંબોધ થઈ જાય છે, તો 'अहं' પદ શા માટે મૂક્યું ?

ઉ. ' બીજાઓના ઉપદેશ વિના કેવળ પોતાની જ ભક્તિથી હું આ સ્તવનનો આરંભ કરું છું" આ બતાવવા 'अहं' પદ મૂક્યું છે.

(ટીકા) अथवा, श्रीवर्द्धमानादिविशेषणचतुष्टयमनन्तविज्ञानादिपदचतुष्टयेन सह हेतुहेतुमद्भावेन व्याख्यायते । यत एव श्री वर्द्धमानम् अत एवानन्तविज्ञानम् । श्रिया कृत्स्नकर्मक्षयाविर्भूतानन्तचतुष्कसंपदूरूपया वर्धमानम् । यद्यपि श्रीवर्द्धमानस्य परमेश्वरस्यानन्तचतुष्कसंपत्तेरुत्पत्त्यनन्तरं सर्वकालं तुल्यत्वात् चयापचयौ न स्तः, तथापि निरपचयत्वेन शाश्वतिकावस्थानयोगाद् वर्द्धमानत्वमुपचर्यते । यद्यपि च श्रीवर्द्धमानविशेषणेनानन्तचतुष्कान्तर्भावित्वेनानन्तविज्ञानत्वमपि सिद्धम्, तथाप्यनन्तविज्ञानस्यैव परोपकारसाधकतमत्वाद्, भगवत्प्रवृत्तेश्च परोपकारैकनिबन्धनत्वाद्, अनन्तविज्ञानत्वं शेषानन्तत्रयात् पृथग् निर्धार्याचार्येणोक्तम् ।

(અનુવાદ)

અથવા-(૧) શ્રી વર્ધમાન (૨) જિન (૩) આપ્તમુખ્ય (૪) સ્વયંભૂ-આ ચાર વિશેષણોની વ્યાખ્યા (૧) અનન્તવિજ્ઞાન (૨) અતીતદોષ (૩) અબાધ્યસિદ્ધાન્ત

(૪) અમર્ત્યપૂજ્ય–આ ચાર વિશેષણોની સાથે હેતુ-હેતુમદ્ (કારણ અને કાર્યરૂપે) ભાવે કરી શકાય, તે આ પ્રમાણે—

ભગવંત સંપૂર્ણ કર્મોના નાશથી ઉત્પન્ન થનારી અનંત ચતુષ્ટયની લક્ષ્મીથી વૃદ્ધિગત છે તેથી જ અનન્ત વિજ્ઞાનના ધારક છે. જો કે વર્ધમાનસ્વામીને અનંત ચતુષ્ટયરૂપ લક્ષ્મી સર્વદા એક સમાન રહે છે, તેમાં ઘટ-વધ નથી થતી, તો પણ તે લક્ષ્મી સદા એકસમાન રહેવાના કારણે તેમનામાં વર્ધમાનપણાનો ઉપચાર કરવામાં આવ્યો છે. જો કે શ્રી વર્ધમાન-વિશેષણથી અનન્તવિજ્ઞાન અનન્ત ચતુષ્ટયમાં ગર્ભિત રીતે આવી જાય છે, તો પણ અનંત વિજ્ઞાનથી જ જીવો પર ઉપકાર થાય છે અને પરોપકાર માટે જ ભગવંતની પ્રવૃત્તિ હોય છે, માટે અનન્ત વિજ્ઞાનને બીજા ત્રણ અનંતા કરતાં જુદું, આચાર્ય ભગવંતે કહ્યું છે.

(ટીકા) ननु यथा जगन्नाथस्यानन्तविज्ञानं परार्थं तथानन्तदर्शनस्यापि केवलदर्शनापरपर्यायस्य पारार्थ्यमव्याहतमेव, केवलज्ञानकेवलदर्शनाभ्यामेव हि स्वामी क्रमप्रवृत्तिभ्यामुपलब्धं सामान्यविशेषात्मकं पदार्थसार्थं परेभ्यः प्ररूपयति, तत्किमर्थं तन्नोपात्तम् ? इति चेत् उच्यते,

विज्ञानशब्देन तस्यापि संग्रहाददोषः ज्ञानमात्राया उभयत्रापि समानत्वात् । य एव हि अभ्यन्तरीकृतसमताख्यधर्मा विषमताधर्मविशिष्टा ज्ञानेन गम्यन्तेऽर्थाः त एव अभ्यन्तरीकृतविषमताधर्माः समताधर्मविशिष्टा दर्शनेन गम्यन्ते, जीवस्वाभाव्यात् । सामान्यप्रधानमुपसर्जनीकृतविशेषमर्थग्रहणं दर्शनमुच्यते । तथा प्रधानविशेषमुपसर्जनीकृतसामान्यं च ज्ञानमिति ।

(અનુવાદ)

શંકા : જેવી રીતે જગન્નાથ પ્રભુનું અનંતજ્ઞાન પરોપકાર માટે, તેવી રીતે અનન્ત દર્શન-કેવળ દર્શનનો પરોપકારિતાનો પણ કોઈ અપલાપ ન કરી શકે; કારણ કે કેવળ જ્ઞાન અને કેવળદર્શન વડે જ સ્વામી જાણેલા પદાર્થોના સમુહને બીજાઓ સમક્ષ પ્રરૂપે છે; તો અહી કેવળ દર્શનનો ઉલ્લેખ કેમ નથી કર્યો ?

સમાધાન : અનંતજ્ઞાનમાં 'જ્ઞાન' શબ્દથી અનંતદર્શન પણ સમાઇ જાય છે, કારણ કે બંનેમાં જ્ઞાનની માત્રા સમાન છે. જે પદાર્થ સામાન્ય ધર્મોને ગૌણ કરીને, વિશેષ ધર્મો સહિત 'જ્ઞાન' દ્વારા જણાય છે તે જ પદાર્થ વિશેષધર્મોની ગૌણતા પૂર્વક સામાન્ય ધર્મોસહિત 'દર્શન' દ્વારા જાણી લેવાય છે. જ્ઞાન અને દર્શન બંને જીવના સ્વભાવ છે.

પ્ર. દર્શન કોને કહે છે ?

ઉ. સામાન્યની પ્રધાનતા પૂર્વક વિશેષની ગૌણતા સહિત પદાર્થને જાણવો તે દર્શન.

પ્ર. જ્ઞાન કોને કહે છે ?

ઉ. વિશેષની પ્રધાનતાપૂર્વક સામાન્યની ગૌણતા સહિત પદાર્થને જાણવો તે જ્ઞાન કહેવાય.

(टीका) तथा यत एव जिनम्, अत एवातीतदोषम्, रागादिजेतृत्वाद् हि जिनः। न चाजिनस्यातीतदोषता। तथा यत एवाप्तमुख्यम् अत एवाबाध्यसिद्धान्तम्। आप्तो हि प्रत्ययित उच्यते। तत आप्तेषु मुख्यं श्रेष्ठमाप्तमुख्यम्, आप्तमुख्यत्वं च प्रभोरविसंवादिवचनतया विश्वविश्वासभूमित्वात्। अत एवाबाध्यसिद्धान्तम्। न हि यथावज्ज्ञानावलोकितवस्तुवादी सिद्धान्तः कुनयैर्बाधितुं शक्यते। यत एव स्वयम्भुवम् अत एवामर्त्यपूज्यम्। पूज्यते हि देवदेवो जगत्त्रयविलक्षणलक्षणेन स्वयसम्बुद्धत्वगुणेन सौधर्मेन्द्रादिभिरमर्त्यैरिति। अत्र च श्रीवर्द्धमानमिति विशेषणतया यद् व्याख्यातं तदयोगव्यवच्छेदाभिधानप्रथम–द्वात्रिंशिकाप्रथमकाव्यतृतीयपादवर्तमानं "श्रीवर्द्धमानाभिधमात्मरूपम्" इति विशेष्यवर्तमानं बुद्धौ संप्रधार्य विज्ञेयम्। तत्र हि आत्मरूपमिति विशेष्यपदम्, प्रकृष्ट आत्मा आत्मरूपस्तं परमात्मानमिति यावत्। आवृत्त्या वा विशेषणमपि विशेष्यतया व्याख्येयम्॥ इति प्रथमवृत्तार्थः।

(અનુવાદ)

ભગવાન જિન છે માટે જ દોષરહિત છે. રાગાદિના વિજેતા હોવાથી જિન કહેવાય છે. જે જિન ન હોય તે દોષરહિત ન હોય. ભગવાન આપ્તોમાં મુખ્ય છે. માટે એમના સિદ્ધાન્ત-અબાધિત છે. જે વિશ્વાસ યોગ્ય હોય તે આપ્ત કહેવાય; માટે જે આપ્તોમાં મુખ્ય-શ્રેષ્ઠ હોય તે આપ્તમુખ્ય ગણાય. ભગવાનનાં વચનોમાં કોઈ વિસંવાદ ન હોવાથી તથા બધા પ્રાણીઓના વિશ્વાસભુત હોવાથી ભગવાન આપ્તમુખ્ય છે; માટે ભગવાનના સિદ્ધાન્ત અબાધ્ય કહેવાય છે. જે પ્રકારે પદાર્થ જ્ઞાનમાં દેખાય છે, તેને તેજ પ્રકારે કહેવામાં સિદ્ધાન્તને કુનયો દ્વારા બાધા ન આવે. ભગવાન સ્વયંભૂ છે માટે જ દેવોને વંદનીય છે. ત્રણે લોકમાં વિલક્ષણ સ્વયંસંબુદ્ધત્વ ગુણવાળા હોવાના કારણે દેવાધિદેવ (શ્રી વર્ધમાન) સૌધર્મેન્દ્રાદિ દેવોથી પૂજાય છે.

આ શ્લોકમાં 'श्री वर्धमानाभिधमात्मरूपम्' વિશેષ્ય, કે જે અયોગવ્યવચ્છેદદ્વાત્રિંશિકાના પ્રથમ શ્લોકનું તૃતીય ચરણ છે, તેની સાથે 'श्री वर्द्धमानं' વિશેષણનો સંબંધ જોડવાનો છે. બત્રીશીમાં 'आत्मरुपम्' વિશેષ્યપદ છે, પ્રકૃષ્ટ આત્મા એ આત્મરુપ; તે પરમાત્માની હું સ્તુતિ કરીશ, અથવા પ્રસ્તુત શ્લોકમાંના श्री वर्द्धमान પદને પ્રથમ વિશેષણ રૂપે ગ્રહણ કરીને પુનઃ તેજ પદની આવૃત્તિ કરીને વિશેષ્યરૂપે તેની વ્યાખ્યા કરવી. આમ કરવાથી અયોગવ્યવચ્છેદિકામાંથી 'श्री वर्द्धमान' એ પદને બુદ્ધિસ્થ કરવાની જરૂર નહીં રહે.

આ પ્રમાણે પ્રથમ શ્લોકનો અર્થ છે.

अवतरण

अस्यां च स्तुतावन्ययोगव्यवच्छेदोऽधिकृतस्तस्य च तीर्थान्तरीयपरिकल्पिततत्त्वाभास निरासेन तेषामाप्तत्वव्यवच्छेदः स्वरूपम् । तच्च भगवतो यथावस्थितवस्तुतत्त्ववादित्वख्यापनेनैव प्रामाण्यमश्नुते । अतः स्तुतिकारस्त्रिजगद्गुरोर्निःशेषगुणस्तुतिश्रद्धालुरपि सद्भूतवस्तुवादित्वाख्यं गुणविशेषमेव वर्णयितुमात्मनोऽभिप्रायमाविष्कुर्वन्नाह

(અનુવાદ)

આ સ્તુતિમાં અન્યયોગવ્યવચ્છેદ (અન્યમાં આપ્તત્વના યોગનો વ્યવચ્છેદ-નિરાકરણ) નો અધિકાર છે. એટલે ઇતર દાર્શનિકો દ્વારા પરિકલ્પિત તત્ત્વાભાસનો નિરાસ કરવાથી તેઓમાં આપ્તત્વનો નિષેધ કરવો એ જ અન્યયોગવ્યવચ્છેદ છે. એ તો સિદ્ધ થાય જો ભગવાન યથાવસ્થિત વસ્તુના પ્રરુપક છે, એવું જ્યાપન કરવામાં આવે. આથી જ સ્તુતિકાર જગદ્‌ગુરુ શ્રી તીર્થંકર ભગવંતના સમસ્ત ગુણોમાં શ્રદ્ધાળુ હોવા છતાં પણ એકલા યથાર્થવાદિતા નામના ગુણવિશેષનું જ વર્ણન કરવા પોતાનો અભિપ્રાય વ્યકત કરતાં કહે છે કે:

मूल— अयं जनो नाथ ! तव स्तवाय गुणान्तरेभ्यः स्पृहयालुरेव ।
विगाहतां किन्तु यथार्थवादमेकं परीक्षाविधिदुर्विदग्धः ॥२॥

મૂળ-અર્થ :—હે નાથ ! પરીક્ષા કરવામાં પોતાની જાતને પંડિત માનનાર આ જન (હેમચન્દ્ર) આપના અન્ય ગુણોની સ્તુતિ કરવામાં સ્પૃહા ધરાવે છે, છતાં પણ આપનો યથાર્થ વસ્તુને પ્રતિપાદન કરવાનો જે અસાધારણ ગુણ છે. તેની જ સ્તુતિ કરે એ ઉચિત છે. (૨)

(ટીકા) हे नाथ ! अयं मल्लक्षणो जनः, तव गुणान्तरेभ्यो-यथार्थवादव्यतिरिक्तेभ्योऽनन्यसाधारणशरीरलक्षणादिभ्यः स्पृहयालुरेव=श्रद्धालुरेव । किमर्थम् ? स्तवाय=स्तुतिकरणाय । इयं 'तादर्थ्ये चतुर्थी', पूर्वत्र तु 'स्पृहेर्व्याप्यं वा' इति लक्षणा चतुर्थी । तव गुणान्तराण्यपि स्तोतुं स्पृहावानयं जन इति भावः । ननु यदि गुणान्तरस्तुतावपि स्पृहयालुता तत्किं तान्यपि स्तोष्यति स उत नेत्याशङ्क्यो-त्तरार्धमाह-किन्त्विति अभ्युपगमपूर्वकविशेषद्योतने निपातः । एकम्-एकमेव । यथार्थवादं यथावस्थितवस्तुतत्त्वप्रख्यापनाख्यं त्वदीयं गुणं; अयं जनो विगाहतां स्तुतिक्रियया समन्ताद् व्याप्नोतु । तस्मिन्नेकस्मिन्नपि हि गुणे वर्णिते तन्त्रान्तरीयदैवतेभ्यो वैशिष्ट्यख्यापनद्वारेण वस्तुतः सर्वगुणस्तवनसिद्धेः ।

(અનુવાદ)

હે નાથ ! આ જન (હેમચન્દ્ર) આપનાં યથાર્થવાદિતાભિન્ન, પણ કોઈમાં નહીં જણાતાં એવાં શરીર સંબંધી લક્ષણ-આદિ ગુણોની સ્તુતિ કરવામાં અત્યંત સ્પૃહાશીલ

છે, શ્રદ્ધાળુ છે. અર્થાત્ તમારા બીજા ગુણોની પણ સ્તુતિ કરવામાં શ્રદ્ધા છે. મૂળમાં 'स्तवाय' એ શબ્દમાં જે ચતુર્થી છે તે 'तादर्थ्येच' એ સૂત્રથી અને 'गुणान्तरेभ्यः' એમાં જે ચતુર્થી છે તે 'स्पृहेर्व्याप्यंवा' એ સૂત્રથી છે.

જો અન્ય ગુણોની સ્તુતિ કરવામાં શ્રદ્ધાળુ છો તો તે ગુણોની સ્તુતિ કરશો કે નહીં ? આનો ઉત્તર ઉત્તરાર્દ્ધમાં છે. "किन्तु" સ્વીકારપૂર્વક વિશેષતાનું દ્યોતન કરે છે, એટલે કે અન્યગુણોની સ્તુતિ કરવાની શ્રદ્ધા તો છે કિન્તુ તમારામાં રહેલો યથાવસ્થિત વસ્તુને પ્રતિપાદન કરવાનો જે એક મહાન ગુણ છે તેની જ સ્તુતિ અહીં મારે કરવી છે. કારણ કે તે એકજ ગુણની સ્તુતિ કરવાથી અન્યદાર્શનિકોના દેવો કરતાં આપની વિશિષ્ટતા સિદ્ધ થતી હોવાથી વસ્તુતઃ સંપૂર્ણ ગુણોની સ્તુતિ થઈ શકે છે.

(टीका) अथ प्रस्तुतगुणस्तुतिः सम्यक्परीक्षाक्षमाणां दिव्यदृशामेवौचितीमञ्चति, नार्वाग्दृशां भवादृशामित्याशङ्क्य विशेषणद्वारेण निराकरोति । यतोऽयं जनः परीक्षाविधिदुर्विदग्धः–अधिकृतगुणविशेषपरीक्षणविधौ दुर्विदग्धः–पण्डितंमन्य इति यावत् । अयमाशयः, यद्यपि जगद्गुरोर्यथार्थवादित्वगुणपरीक्षा मादृशां मतेरगोचरः, तथापि भक्तिश्रद्धातिशयात् तस्यामहमात्मानं विदग्धमिव मन्य इति । विशुद्ध-श्रद्धाभक्तिमात्रस्वरूपत्वात् स्तुतेः । इति वृत्तार्थः ॥२॥

(અનુવાદ)

'પ્રસ્તુત (યથાર્થવાદિતા) ગુણની સ્તુતિ કરવાની યોગ્યતા તો સમ્યગ્ રીતે પરીક્ષા કરવામાં સમર્થ દિવ્યદૃષ્ટિવાળા વિશિષ્ટ જ્ઞાનીઓની જ છે; પરંતુ તમારા જેવા છદ્મસ્થમાં તેવા પ્રકારની યોગ્યતા નથી.' આ શંકાના ઉત્તરમાં જણાવ્યું છે કે ' હું પ્રસ્તુત ગુણની સ્તુતિ કરવામાં પોતાને પંડિત માનનાર છું. અહીં ભાવ એ છે કે યદ્યપિ ભગવંતના યથાર્થવાદિતા ગુણની પરીક્ષા કરવી એ મારી બુદ્ધિનો વિષય નથી, તો પણ, ભગવંત પ્રત્યેની ભક્તિ અને શ્રદ્ધાના અતિરેક માત્રથી જ તેમાં મને હું કુશળ સમજતો થઈ ગયો છું. કારણ કે વિશુદ્ધ શ્રદ્ધા અને ભક્તિને પ્રગટ કરવી તે જ તો સ્તુતિનું સ્વરુપ છે. આ બીજા શ્લોકનો અર્થ છે. (૨)

अवतरण

अथ ये कुतीर्थ्याः कुशास्त्रवासनावासितस्वान्ततया त्रिभुवनस्वामिनं स्वामित्वेन न प्रतिपन्नाः तानपि तत्त्वविचारणां प्रति शिक्षयन्नाह

(અનુવાદ)

હવે જે કુતીર્થિકો કુશાસ્ત્રોની વાસનાથી વાસિત થયેલા અંતઃકરણવાળા હોવાને લીધે ત્રિલોકનાથ પરમાત્માને સ્વામિરૂપે સ્વીકારતા નથી, તેઓને પણ તત્ત્વની વિચારણા કરવાની શિખામણ આપતાં કહે છે કે :

मूल—गुणेष्वसूयां दधतः परेऽमी मा शिश्रियन्नाम भवन्तमीशम् ।
तथापि संमील्य विलोचनानि विचारयन्तां नयवर्त्म सत्यम् ॥३॥

મૂળ-અર્થ : હે નાથ, ગુણોમાં મત્સરભાવને વહન કરનાર આ અન્ય દાર્શનિકો ભલે આપને ઈશ્વર તરીકે ન સ્વીકારે, તો પણ આંખ મીંચીને આપના સત્ય ન્યાયમાર્ગનો તો અવશ્ય વિચાર કરે. (૩)

(टीका) अमी इति-'अदसस्तु विप्रकृष्टे' इतिवचनात् तत्त्वातत्त्वविमर्शबाह्यतया दूरीकरणार्हत्वाद् विप्रकृष्टाः, परे=कुतीर्थिकाः, भवन्तं=त्वाम् , अनन्यसामान्यसकलगुणनिलयमपि, मा ईशं शिश्रियन् मा स्वामित्वेन प्रतिपद्यन्ताम् । यतो गुणेष्वसूयां दधतः-गुणेषु बद्धमत्सराः गुणेषु दोषाविष्करणं ह्यसूया, यो हि यत्र मत्सरी भवति स तदाश्रयं नानुरूध्यते, यथा माधुर्यमत्सरी करभः पुण्ड्रेक्षुकाण्डम् । गुणाश्रयश्च भवान् । एवं परतीर्थिकानां भगवदाज्ञाप्रतिपत्तिं प्रतिषिध्य स्तुतिकारो माध्यस्थमिवास्थाय, तान् प्रति हितशिक्षामुत्तरार्द्धेनोपदिशति । तथापि त्वदाज्ञाप्रतिपत्तेरभावेऽपि लोचनानि-नेत्राणि संमिल्य-मिलितपुटीकृत्य, सत्यं-युक्तियुक्तं नयवर्त्म-न्यायमार्गं विचारयन्तां-विमर्शविषयीकुर्वन्तु ।

(અનુવાદ)

અહીં મૂળમાં 'अमी' આ બીજા દાર્શનિકો વિષે 'अदस्' શબ્દનાં રૂપનો પ્રયોગ કરી જણાવે છે કે તત્ત્વાતત્ત્વનો વિચાર નહિ કરતા હોવાથી દૂર કરવા લાયક છે, એટલે વિપ્રકૃષ્ટ-દૂરના છે. અસાધારણ સકલગુણનાં સ્થાનરૂપ આપને ભલે ઈશ્વરરૂપે ના સ્વીકારે, કારણ કે તેઓને ગુણ પ્રત્યે મત્સર છે, એટલે કે તેઓ ગુણમાં પણ દોષ શોધે છે, આ તેમની અસૂયા જ છે. જે જેના પ્રત્યે મત્સરવાળો હોય છે તે તેના આશ્રયને સ્વીકારતો નથી. જેમકે મધુરરસ પ્રત્યે મત્સર રાખનાર ઊંટ શ્વેત અને માધુર્યથી ભરપુર શેલડીને સ્વીકારતો નથી, તેમ ગુણોમાં અસૂયા રાખનાર આ પરતીર્થિકો ગુણોના આશ્રયભૂત

આપનો સ્વીકાર કરતા નથી. એ પ્રકારે પરતીર્થિકો ભગવદ્-આજ્ઞાનો ભલે સ્વીકાર ન કરે, એમ જણાવી સ્તુતિકાર તટસ્થ જેવા બની જઈને તેમને હિતશિક્ષા આપતા ઉત્તરાર્દ્ધમાં કહે છે કે: તો પણ-એટલે કે ભલે જિનાજ્ઞા ન માનો, પરંતુ આંખો મીંચીને સત્ય એવા ન્યાયમાર્ગનો તો જરૂર વિચાર કરો.

(टीका) अत्र च विचारयन्तामित्यात्मनेपदेन फलवत्कर्तृविषयेणैवं ज्ञापयत्याचार्यो यदवितथनयपथविचारणया तेषामेव फलं, वयं केवलमुपदेष्टारः। किं तत्फलम्? इति चेत्, प्रेक्षावत्तेति ब्रूमः। संमील्य विलोचनानीति च वदतः प्रायः तत्त्वविचारणमेकाग्रताहेतुनयननिमीलनपूर्वकं लोके प्रसिद्धमित्यभिप्रायः। अथवा अयमुपदेशस्तेभ्योऽरोचमान एवाचार्येण वितीर्यते, ततोऽस्वदमनोऽप्ययं कटुकौषधपानन्यायेनायतिसुखत्वाद् भयद्भिर्नेत्रे निमिल्य पेय एवेत्याकूतम् ॥

(અનુવાદ)

અહીં ક્રિયાનું ફળ કર્તામાં જ છે એવું બતાવનાર આત્મનેપદમાં "विचारयन्तां" એ પ્રકારે પ્રયોગ કરી શ્રી આચાર્ય મહારાજ સૂચવે છે કે સત્ય એવા ન્યાય માર્ગની વિચારણાનું ફળ તો જે વિચાર કરશે તેને જ મળશે, અમે તો ફકત તેમ કરવા ઉપદેશ આપીએ છીએ. અને તે ફળ શું છે? એનો ઉત્તર છે કે બુદ્ધિમત્તા પ્રાપ્ત કરવી તે છે. નેત્રો બંધ કરી વિચારવાનું એટલા માટે કહ્યું છે કે પ્રાયઃ તત્ત્વવિચાર કરવો હોય ત્યારે એકાગ્રતા માટે પ્રથમ આંખ બંધ કરી દેવામાં આવે છે, આ વસ્તુ લોકમાં પ્રસિદ્ધ છે. અથવા એમ પણ કહી શકાય કે આચાર્ય આ ઉપદેશ તેમને નથી ગમતો છતાં પણ આપે છે, તો જેમ આંખો બંધ કરી કટુ ઔષધ પીવાય છે તેમ આ અણગમતો ઉપદેશ પણ અતિ સુખકારી હોઈ આંખ મીંચીને તમે સ્વીકારી લ્યો, એવું આચાર્યનું તાત્પર્ય છે.

(टीका) ननु यदि च पारमेश्वरे वचसि तेषामविवेकातिरेकादरोचकता, तत्किमर्थं तान् प्रत्युपदेशक्लेश इति? नैवम्, परोपकारसारप्रवृत्तीनां महात्मानां प्रतिपाद्यगतां रूचिमरूचिं तानपेक्ष्य हितोपदेशप्रवृत्तिदर्शनात् तेषां हि परमार्थस्यैव स्वार्थत्वेनाभिमतत्वात्, न च हितोपदेशादपरः परमार्थिकः परार्थः। तथा चार्षम् :

"रूसउ वा परो मा वा विसं वा परियत्तउ।
भासियव्वा हिया भासा सपक्खगुणकारिया॥"

उवाच च वाचकमुख्यः

न भवति धर्मः श्रोतुः सर्वस्यैकान्ततो हितश्रवणात्।
ब्रुवतोऽनुग्रहबुद्ध्या वक्तुस्त्वेकान्ततो भवति॥

इति वृत्तार्थः ॥३॥

શંકા: અવિવેકની માત્રા અધિક હોવાથી પરમેશ્વરનાં વચનો અન્યતીર્થિકોને રૂચતાં નથી, તો પછી તેમને હિતોપદેશ આપવાનો શ્રમ શા માટે ઉઠાવવો જોઈએ?

સમાધાન : એવું નથી, કેમ કે પરોપકાર કરવામાં જ સાર જોનાર મહાત્મા પુરુષો શ્રોતાના ગમા-અણગમાની અપેક્ષા રાખ્યા વિના જ હિતોપદેશની પ્રવૃત્તિ કરે છે. કારણ કે તેમને મન પરોપકાર એ જ સ્વાર્થ છે. અને હિતોપદેશથી ચડિયાતો કોઈ પારમાર્થિક પરાર્થ નથી વળી ઋષિ-વાક્ય પણ છે કે :

"અન્ય કોઇ રોષે ભરાય કે ન ભરાય અથવા તો ઉપદેશને ભલે ઝેરરૂપે સમજે તો પણ હિતકારી વચન અવશ્ય કહેવું જોઇએ. એથી પોતાનું તો ભલું થાય જ છે." વળી વાચકવર્ય શ્રી ઉમાસ્વાતિ મહારાજે પણ કહ્યું છે કે :—

"હિતકારી વચન સાંભળવાથી શ્રોતાને એકાન્તે લાભ જ છે. એવો નિયમ નથી પરંતુ ઉપકાર-બુદ્ધિથી કહેનાર વક્તાને તો અવશ્ય લાભ જ થાય."

આ પ્રમાણે ત્રીજા શ્લોકનો અર્થ છે. (૩)

卐

अवतरण

अथ यथावन्नयवर्त्मविचारमेव प्रपञ्चयितुं, पराभिप्रेततत्त्वानां प्रामाण्यं निराकुर्वन्नादितस्तावत् काव्यषट्केनौलुक्यमताभिमततत्त्वानि दूषयितुकामस्तदन्तःपातिनौ प्रथमतरं सामान्यविशेषौ दूषयन्नाहः

(અનુવાદ)

હવે યથાર્થ નયમાર્ગના વિચારને જ વિસ્તારવા માટે અન્ય દાર્શનિકોએ સ્વીકારેલા તત્ત્વોના પ્રામાણ્યનું નિરાકરણ કરવાનું હોઇ પ્રથમ તો છ શ્લોકો વડે વૈશેષિકસંમત તત્ત્વોમાં દૂષણ દેવાની અભિલાષા રાખીને આચાર્ય તેમના તત્ત્વોમાંના સામાન્ય અને વિશેષ એ બે પદાર્થોનું સૌથી પ્રથમ દૂષણ આ પ્રમાણે કરે છે:

मूल : स्वतोऽनुवृत्तिव्यतिवृत्तिभाजो भावा न भावान्तरनेयरूपाः।
परात्मतत्त्वादतथात्मतत्त्वाद् द्वयं वदन्तोऽकुशलाः स्खलन्त ।४।

મૂળ-અર્થ : ભાવો સ્વતઃ જ અનુવૃત્તિ અને વ્યાવૃત્તિરૂપ છે, અર્થાત્ સામાન્ય વિશેષાત્મક છે. અન્યભાવને કારણે તેઓ તેવા નથી, પરંતુ અકુશલ વૈશેષિકો અતથાભૂત-અયથાર્થ પરપદાર્થો વડે તેવું છે, એમ કહે છે. આ તેમની ન્યાયમાર્ગથી સ્ખલના છે. (૪)

(टीका) अभवन् भवन्ति भविष्यन्ति चेति भावाः-पदार्थाः, आत्मपुद्गलादयस्ते, स्वत इति-सर्वं हि वाक्यं सावधारणमामनन्ति इति एव आत्मीयस्वरूपादेव, अनुवृत्तिव्यतिवृत्तिभाजः-एकाकारा प्रतीतिरेकशब्दवाच्यता चानुवृत्तिः, व्यतिवृत्तिः व्यावृत्तिः, सजातीयविजातीयेभ्यः सर्वथा व्यवच्छेदः, ते उभे अपि संवलिते भजन्ते—आश्रयन्तीति अनुवृत्तिव्यतिवृत्तिभाजः, सामान्यविशेषोभयात्मका ।

(અનુવાદ)

જે હતા,છે અને હશે તે ભાવો-પદાર્થો કહેવાય છે. તે આત્મા પુદ્ગલાદિ છે. મુળ શ્લોકમાં स्वत : કહ્યું છે પણ સર્વે વાક્યો અવધારણવાળા સમજવા જોઈએ, એ ન્યાયને આધારે 'स्वतः एव' એમ સમજવું. એટલે કે 'स्वत : જ' એવું તાત્પર્ય થાય, અર્થાત્ 'आत्मीयस्वरूपथी જ' એવો અર્થ થાય.

એકાકાર પ્રતીતિ અને એકશબ્દવાચ્યતા તે અનુવૃત્તિ કહેવાય, व्यतिवृत्ति એટલે વ્યાવૃત્તિ અર્થાત્ સજાતીય અને વિજાતીય પદાર્થોથી સર્વથા ભિન્ન થવાવાળી પ્રતીતિ. આ વ્યાવૃત્તિને 'વિશેષ' કહે છે. આત્મા અને પુદ્ગલ આદિ પદાર્થ સ્વભાવથી જ આ બે-સામાન્ય વિશેષથી યુક્ત હોય છે.

(टीका) अस्यैवार्थस्य व्यतिरेकमाह न भावान्तरनेयरूपा इति । नेति निषेधे, भावान्ताभ्यां-पराभिमताभ्यां द्रव्यगुणकर्मसमवायेभ्यः पदार्थान्तराभ्यां भावव्यतिरिक्तसामान्यविशेषाभ्यां । नेयं-प्रतीतिविषयं प्रापणीयं । रुपं-यथा-संख्यमनुवृत्तिव्यतिवृत्तिलक्षणं स्वरूपं येषां ते तथोक्ताः । स्वभाव एव ह्ययं सर्वभावानां यदनुवृत्तिव्यावृत्तिप्रत्ययौ स्वत एव जनयन्ति । तथाहि-घट एव तावत् पृथुबुध्नोदराद्याकारवान् प्रतीतिविषयीभवन् सन्नन्यानपि तदाकृतिभृतः पदार्थान् घटरूपतया घटैकशब्दवाच्यतया च प्रत्याययन् सामान्यारव्यां लभते । स एव चेतरेभ्यः सजातीयविजातीयेभ्यो द्रव्य-क्षेत्र-काल-भावैरात्मानं व्यावर्तयन् विशेषव्यपदेशमश्नुते । इति न सामान्यविशेषयोः पृथक् पदार्थान्तरत्वकल्पनं न्याय्यम् । पदार्थधर्मत्वेनैव तयोः प्रतीयमानत्वात् । न च धर्मा धर्मिणः सकाशादत्यन्तं व्यतिरिक्ताः । एकान्तभेदे विशेषणविशेष्यभावानुपपत्तेः, करभरासभयोरिव धर्मधर्मिव्यपदेशाभावप्रसङ्गाच्च । धर्माणामपि च पृथक्पदार्थान्तरत्वकल्पने एकस्मिन्नेव वस्तुनि पदार्थानन्त्यप्रसङ्गः अनन्तधर्मकत्वाद् वस्तुनः ।

(અનુવાદ)

આજ અર્થને व्यतिरेकमुખે (निषेधરૂપે) કહે છે. " न भावान्तरनेयरूपाः આ વિશેષણમાં 'न' निषेध-અર્થમાં છે. વૈશેષિકમતને માન્ય દ્રવ્ય-ગુણ કર્મ અને સમવાયથી ભિન્ન સામાન્ય અને વિશેષ, આત્મા, પુદ્ગલાદિ પદાર્થથી જૂદા નથી, અર્થાત્ એની જુદી પ્રતીતિ થતી નથી. અનુવૃત્તિ અને વ્યાવૃત્તિ એ પદાર્થોનું સ્વરૂપ જ છે. આત્મા-પુદ્ગલાદિ પદાર્થોનો સ્વભાવ જ છે કે તેઓ અનુવૃત્તિ અને વ્યાવૃત્તિની પ્રતીતિ સ્વત : પેદા કરે છે; તે આ પ્રમાણે : પૃથુબુધ્નોદરાદિ (મોટા,ગોળ અને પહોળા પેટવાળો) આકારવાળો પદાર્થ 'ઘટ' તરીકે પ્રતીતિનો વિષય થાય છે અને અન્ય પૃથુબુધ્નોદરાદિ આકારવાળા પદાર્થોને પણ ઘટરૂપે, 'ઘટ' શબ્દથી વાચ્ય તરીકે. પ્રતીતિ કરાવે છે. તેથી ઘટ....ઘટ....ઘટ....એવી પ્રતીતિને સામાન્ય કહેવાય, તે જ ઘડો બીજા સજાતીય....વિજાતીય પદાર્થોને દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવથી પોતાની જાતને જ્યારે જુદા પાડે ત્યારે; વિશેષ સંજ્ઞાને પ્રાપ્ત થાય છે. માટે સામાન્ય અને વિશેષને જૂદા પદાર્થ તરીકે કલ્પવા તે ન્યાયી નથી. પદાર્થોના ધર્મોથી જ તેઓ (સામાન્ય વિશેષ) પ્રતીત થાય છે. ધર્મો ધર્મી કરતાં અત્યંત ભિન્ન નથી હોતા, કારણ કે ધર્મી અને ધર્મને સર્વથા ભિન્ન માનવાથી વિશેષણ-વિશેષ્ય સંબંધ નથી બનતો. દા.ત. ઉંટ અને ગધેડો બંને એકબીજાથી સર્વથા ભિન્ન છે, તેથી તેમનામાં ધર્મ-ધર્મી સંબંધ નથી બનતો. ધર્મોને પણ જુદા પદાર્થ માનવામાં આવે તો એકજ વસ્તુમાં અનંત પદાર્થની માન્યતાનો પ્રસંગ આવશે. વસ્તુ તો અનંતધર્માત્મક છે.

(टीका) तदेवं सामान्यविशेषयोः स्वतत्त्वं यथावदनवबुध्यमाना अकुशलाः अतत्त्वाभिनिविष्टदृष्टयः तीर्थान्तरीया स्खलन्ति-न्यायमार्गाद् भ्रश्यन्ति--निरुत्तरीभवन्ति

इत्यर्थः । स्खलनेन चात्र प्रामाणिकजनोपहसनीयता ध्वन्यते । किं कुर्वाणाः? द्वयम् अनुवृत्ति-व्यावृत्तिलक्षणं प्रत्ययद्वयं वदन्तः । कस्मादेतत्प्रत्ययद्वयं वदन्तः इत्याह परात्मतत्त्वात्-परौ पदार्थेभ्यो व्यतिरिक्तत्वादन्यौ परस्परनिरपेक्षौ च यौ सामान्यविशेषौ तयोर्यदात्मतत्त्वस्वरूपम् अनुवृत्तिव्यावृत्तिलक्षणं तस्मात्-तदाश्रित्येत्यर्थः । 'गम्ययपः कर्माधारे' इत्यनेन पञ्चमी । कथंभूतात् परात्मतत्त्वाद् इत्याह-अतथात्मतत्त्वात् मा भूत् पराभिमतस्य परात्मतत्त्वस्य सत्यरूपतेति विशेषणमिदम् । यथा येनैकान्तभेदलक्षणेन प्रकारेण परैः प्रकल्पितं न तथा तेन प्रकारेणात्मतत्त्वं स्वरूपं यस्य तत्तथा । तस्मात् यतः पदार्थेष्वविष्वग्भावेन सामान्यविशेषौ वर्तते, तैश्च तौ तेभ्यः परत्वेन कल्पितौ । परत्वं चान्यत्वं तच्चैकान्तभेदाविनाभावि ।

(अनुवाद)

આ પ્રમાણે સામાન્ય અને વિશેષના સ્વરૂપને નહીં જાણતા એવા અકુશળ અને અતત્ત્વમાં કદાગ્રહવાળા અન્ય દાર્શનિકો ન્યાયમાર્ગથી ભ્રષ્ટ થાય છે અર્થાત્ નિરુત્તર બને છે. નિરુત્તર થાય છે એનો ધ્વન્યર્થ એ છે કે તેઓ પ્રામાણિક પુરુષો માટે હાસ્યાસ્પદ થાય છે ! શું કરતાં તેઓ હાસ્યાસ્પદ બને છે? એનો ઉત્તર છે, કે અનુવૃત્તિ (સામાન્ય-વિશેષ) ને પદાર્થોથી ભિન્ન માને છે. કેવી રીતે તેઓ ભિન્ન કહે છે ? તેનો ઉત્તર આપતાં કહે છે, પદાર્થોથી સામાન્ય-વિશેષ ભિન્ન હોવાથી, સામાન્ય વિશેષ પરસ્પર નિરપેક્ષ છે; કે જેમનું સ્વરૂપ અનુવૃત્તિવ્યાવૃત્તિ છે. મૂળ શ્લોકમાં 'परात्मतत्त्वात्' શબ્દમાં પંચમી વિભક્તિ 'गम्ययपः कर्माधारे' એ સૂત્રના આધારે છે. 'अतथात्मतत्त्वात्' આ 'परात्मतत्त्वात्' નું વિશેષણ છે. અન્ય દાર્શનિકોને અભિમત પરાત્મતત્ત્વની સત્યતાનો નિરાસ કરવા આ વિશેષણ મુકવામાં આવ્યું છે. અર્થાત્ જે એકાંતરૂપને અન્ય દાર્શનિકોએ માન્યું છે, તે એકાંતરૂપે સ્વરૂપ નથી; કારણ કે પદાર્થોમાં સામાન્ય-વિશેષ અપૃથગ્ભાવે (અભિન્નરૂપે) રહેલા છે. અન્ય દાર્શનિકોએ તે સામાન્ય વિશેષને પદાર્થોથી ભિન્ન કહેલા છે; ભિન્નતા અન્યત્વ એકાન્ત ભેદ વિના સંભવી ન શકે.

टीका : किञ्च, पदार्थेभ्यः सामान्यविशेषयोरेकान्तभिन्नत्वे स्वीक्रियमाणो एकवस्तुविषयमनुवृत्तिव्यावृत्तिरूपं प्रत्ययद्वयं नोपपद्येत । एकान्ताभेदे चान्यतरस्यासत्त्वप्रसङ्गः । सामान्यविशेषव्यवहाराभावश्च स्यात् । सामान्यविशेषोभयात्मकत्वेनैव वस्तुनः प्रमाणेन प्रतीतेः । परस्परनिरपेक्षपक्षस्तु पुरस्ताच्छिलोंठयिष्यते । अत एव तेषां वादिनां स्खलनक्रिययोपहसनीयत्वमभिव्यज्यते । यो हि अन्यथास्थितं वस्तुस्वरूपमन्यथैव प्रतिपद्यमानः परेभ्यश्च तथैव प्रज्ञापयन् स्वयं नष्टः परान्नाशयति, न खलु तस्मादन्य उपहासपात्रम् । इति वृत्तार्थः ॥४॥

(અનુવાદ)

પદાર્થોથી સામાન્યવિશેષને જો એકાંતે ભિન્ન માનવામાં આવે તો એક જ વસ્તુમાં અનુવૃત્તિ અને વ્યાવૃત્તિરૂપ બે પ્રતીતિ ન ઘટે; તેવી રીતે એકાંત અભિન્ન માની લેવામાં આવે તો પદાર્થ અને સામાન્ય વિશેષ એકરૂપ થઈ જાય, તેથી બેમાંથી એકનો અભાવ માનવાની આપત્તિ આવે, અને સામાન્ય વિશેષનો વ્યવહાર પણ ન થઈ શકે ! વાસ્તવમાં વસ્તુની પ્રામાણિક પ્રતીતિ સામાન્ય વિશેષ-ઉભયાત્મક જ થાય છે. પદાર્થ અને સામાન્ય વિશેષની પરસ્પર નિરપેક્ષતા માનનાર મતનું ખંડન અમે આગળ કરીશું. જે મનુષ્ય વસ્તુના વાસ્તવિક સ્વરૂપને જુદી જ રીતે માને અને બીજાઓને પોતાની માન્યતા મુજબ બતાવે, તે મનુષ્ય સ્વયં પોતાનો નાશ કરે છે અને બીજા જીવોને મારે છે, માટે તે ઉપહાસને પાત્ર બને છે. આ શ્લોકનો અર્થ છે. (૪)

अवतरण

अथ तदभिमतानेकान्तनित्यानित्यपक्षौ दूषयन्नाह—

(અનુવાદ)

હવે વૈશેષિકોને માન્ય એકાન્ત નિત્ય અને એકાંત અનિત્ય માન્યતામાં દોષ બતાવતાં કહે છેઃ

मूल :—आदीपमाव्योमसमस्वभावं स्याद्वादमुद्रानतिभेदि वस्तु ।
तन्नित्यमेवैकमनित्यमन्यदिति त्वदाज्ञाद्विषतां प्रलापाः ॥५॥

મૂળ-અર્થ : દીપકથી માંડી આકાશ સુધી, સર્વપદાર્થ નિત્યાનિત્યસ્વભાવવાળા છે, કોઈપણ વસ્તુ સ્યાદ્વાદની મર્યાદાનું ઉલ્લંઘન કરતી નથી. એવી વસ્તુસ્થિતિમાં પણ આપના વિરોધી લોકો દીપક આદિને સર્વથા અનિત્ય અને આકાશ આદિને સર્વથા નિત્ય માને છે !

(टीका) आदीपं-दीपादारभ्य आव्योम-व्योम मर्यादीकृत्य, सर्ववस्तुपदार्थ-स्वरूपं, समस्वभावं-समः तुल्यः स्वभावः स्वरूपं यस्य तत्तथा । किञ्च वस्तुनः स्वरूपं द्रव्यपर्यायात्मकत्वमिति ब्रूमः तथा च वाचकमुख्यः 'उत्पादव्ययध्रौव्ययुक्तं सत्' इति । समस्वभावत्वं कुतः ? इति विशेषणद्वारेण हेतुमाह-स्याद्वादमुद्रानतिभेदि, स्यात् इत्यव्ययम् अनेकान्तद्योतकम्, ततः स्याद्वादः अनेकान्तवादः नित्यानि-त्याद्यनेकधर्मशबलैकवस्त्वभ्युपगम इति यावत् । तस्य मुद्रा=मर्यादा, तां नातिभिनत्ति= नातिक्रामति इति स्याद्वादमुद्रानतिभेदि । यथा हि न्यायैकनिष्ठे राजनि राज्यश्रि-यं शासति सति सर्वाः प्रजास्तन्मुद्रां नातिवर्तितुमीशते, तदतिक्रमे तासां सर्वा-र्थहानिभावात्, एवं विजयिनि निष्कण्टके स्याद्वादमहानरेन्द्रे तदीयमुद्रां सर्वेऽपि पदार्था नातिक्रामन्ति, तदुल्लङ्घने तेषां स्वरूपव्यवस्थाहानिप्रसक्तेः ।

(અનુવાદ)

દીપકથી લઈને આકાશપર્યંત બધા પદાર્થોનું સ્વરૂપ એકસમાન છે. જૈન સિદ્ધાંત અનુસાર વસ્તુનું સ્વરૂપ દ્રવ્ય પર્યાયરૂપ છે. શ્રી ઉમાસ્વાતિ વાચક કહે છે : ' જે ઉત્પાદ-વ્યય અને ધ્રૌવ્યથી યુક્ત છે તે સત્ છે.' સમસ્વભાવતા કેવી રીતે ? તેનો ઉત્તર વિશેષણ ' સ્યાદ્-વાદમુદ્રાનતિભેદી' દ્વારા આપે છે. સ્યાત્ ' અવ્યય છે, કે જે અનેકાન્ત સૂચક છે. સ્યાદ્વાદ એટલે અનેકાન્તવાદ અર્થાત્ નિત્યાનિત્યાદિ અનેક ધર્મોવાળી વસ્તુનો સ્વીકાર ! તેની (સ્યાદ્વાદની) મુદ્રા એટલે મર્યાદા. તે મર્યાદાનું ઉલ્લંઘન વસ્તુસ્વભાવ નથી કરતો. અર્થાત્ વસ્તુનો સ્વભાવ નિત્ય-અનિત્ય આદિ અનેક ધર્મોનો ધારક, સ્યાદ્વાદની મર્યાદાનું

ઉલ્લંઘન નથી કરતો. જેમ ન્યાયનિષ્ઠ રાજા શાસન કરતો હોય ત્યારે પ્રજા તેની મર્યાદાનું ઉલ્લંઘન કરવા શક્તિમાન થતી નથી; એમ વિનયી અને નિષ્કંટક સ્યાદ્વાદરૂપ મહારાજાની મર્યાદાનું, સર્વે પદાર્થો અતિક્રમણ કરી શકતા નથી, તે ઉલ્લંઘન કરવામાં પદાર્થોના સ્વરૂપની વ્યવસ્થામાં હાનિ થાય.

(टीका) सर्ववस्तूनां समस्वभावत्वकथनं च पराभीष्टस्यैकं वस्तु व्योमादि नित्यमेव, अन्यच्च प्रदीपादि अनित्यमेव इति वादस्य प्रतिक्षेपबीजम् । सर्वे हि भावा द्रव्यार्थिकनयापेक्षया नित्याः, पर्यायार्थिकनयादेशात पुनरनित्याः । तत्रैकान्तानित्यतया परैरङ्गीकृतस्य प्रदीपस्य तावन्नित्यानित्यत्वव्यवस्थापने दिङ्मात्रमुच्यते ।

(અનુવાદ)

સર્વ પદાર્થોનું દ્રવ્ય-પર્યાયરૂપ કહેવાથી આકાશ આદિ પદાર્થોનું એકાંત નિત્યત્વ અને પ્રદીપ આદિ પદાર્થોનું એકાંત અનિત્યત્વ ખંડિત થઈ જાય છે; કારણ કે સર્વ પદાર્થ દ્રવ્યાર્થિકનયની અપેક્ષાથી નિત્ય છે. પર્યાયાર્થિક નયની અપેક્ષાએ અનિત્ય છે. અહીં અન્યદાર્શનિકો દ્વારા માન્ય દીપકની એકાંત અનિત્યતા પર વિચાર કરતાં દીપકનું નિત્યાનિત્યપણું સિદ્ધ કરવા કંઈક સંક્ષેપમાં કહેવામાં આવે છે.

(टीका) तथाहि-प्रदीपपर्यायापन्नास्तैजसाः परमाणवः स्वरसतस्तैलक्षयाद् वाताभिघाताद्वा ज्योतिष्पर्यायं परित्यज्य तमोरूपं पर्यायान्तरमाश्रयन्तोऽपि नैकान्तेनानित्याः, पुद्गलद्रव्यरूपतयावस्थितत्त्वात् तेषाम् । न ह्येतावतैवानित्यत्वं यावता पूर्वपर्यायस्य विनाशः, उत्तरपर्यायस्य चोत्पादः । न खलु मृद्द्रव्यं स्थासकोशकुशूलशिवकघटाद्यवस्थान्तराण्यापद्यमानमप्येकान्ततो विनष्टम्, तेषु मृद्द्रव्यानुगमस्याबालगोपालं प्रतीतत्वात् । न च तमसः पौद्गलिकत्वमसिद्धम्, चाक्षुषत्वान्यथानुपपत्तेः प्रदीपालोकवत् ।

(અનુવાદ)

તે આ પ્રમાણે-પ્રદીપના પર્યાયમાં પરિણત તૈજસ પરમાણુ સ્વાભાવિક રીતે તેલ સમાપ્ત થઈ જતાં અથવા હવાનો ઝપાટો લાગતાં પ્રકાશરૂપ પર્યાય છોડી 'અંધકાર' રૂપ પર્યાય પ્રાપ્ત કરે છે. છતાં તે તૈજસપરમાણુ એકાન્ત અનિત્ય નથી, કારણ કે અંધકારપર્યાયમાં પણ તૈજસપરમાણુઓ પુદ્ગલ-દ્રવ્યરૂપે રહેલા છે. પૂર્વપર્યાયનો નાશ અને ઉત્તર પર્યાયની ઉત્પત્તિમાત્રથી દીપકની અનિત્યતા સિદ્ધ થતી નથી. માટીમાંથી ઘડો બને છે, તેમાં ઉત્તરોત્તર માટીમાંથી સ્થાસક,કોશ,કુશૂલ,શિવક...અને ઘટ આદિ અવસ્થાઓ બદલાય છે; છતાં માટીનો સર્વથા નાશ નથી થતો, કારણકે તે સર્વ અવસ્થાઓમાં માટીનું જ્ઞાન આબાલગોપાલને હોય છે.

વળી અંધકારનું પૌદ્ગલિકપણું અસિદ્ધ નથી, જો અંધકાર પૌદ્ગલિક ન હોય તો તેનું ચાક્ષુષ-પ્રત્યક્ષ ન થાય. જેમ પ્રદીપનો પ્રકાશ પૌદ્ગલિક છે તો તેનું ચાક્ષુષ-પ્રત્યક્ષ થાય છે.

(टीका) अथ यच्चाक्षुषं तत्सर्वं स्वप्रतिभासे आलोकमपेक्षते, न चैवं तमः। तत्कथं चाक्षुषम् ? नैवम्, उलूकादीनामालोकमन्तरेणापि तत्प्रतिभासात्,। यैस्त्वस्मदादिभिरन्यच्चाक्षुषं घटादिकमालोकं विना नोपलभ्यते तैरपि तिमिरमालोकयिष्यते। विचित्रत्वात् भावानाम्। कथमन्यथा पीतश्वेतादयोऽपि स्वर्णमुक्ताफलाद्या आलोकापेक्षदर्शनाः ? प्रदीपचन्द्रादयस्तु प्रकाशान्तरनिरपेक्षाः इति सिद्धं तमश्चाक्षुषम्।

(અનુવાદ)

શંકા: જે ચાક્ષુષ પદાર્થ છે તે પ્રતિભાસિત થવામાં આલોકની અપેક્ષા રાખે છે, પરંતુ અંધકારના પ્રતિભાસમાં પ્રકાશની જરૂર નથી, માટે અંધકારને ચક્ષુનો વિષય ન કહેવાય.

સમાધાન: આ વ્યાપ્તિ બરાબર નથી, કારણ કે ઘુવડ વગેરે પ્રકાશ વિના પણ અંધકારને જુએ છે! અમે ચાક્ષુષ ઘટ, પટ આદિને પ્રકાશ વિના નથી જોઇ શકતા, પરંતુ એનો અર્થ એ નથી કે અંધકારને જોવા પણ પ્રકશની જરૂર પડે! પદાર્થોનો સ્વભાવ વિચિત્ર હોય છે નહીંતર પીળાં, સફેદ વગરે સોનું, મુક્તાફળ આદિ તૈજસ હોવા છતાં પણ પ્રકાશ વિના પ્રતિભાસિત નથી થતાં અને દીપક ચન્દ્ર વગેરે પ્રકાશ વિના પણ દૃષ્ટિગોચર થાય છે, માટે અંધકાર ચાક્ષુષ છે.

(टीका) रूपवत्त्वाच्च स्पर्शवत्त्वमपि प्रतीयते, शीतस्पर्शप्रत्ययजनकत्वात्। यानि त्वनिबिडावयवत्वमप्रतिघातित्वमनुद्भूतस्पर्शविशेषत्वमप्रतीयमानखण्डावयविद्रव्यप्रविभागत्वमित्यादीनि तमसः पौद्गलिकत्वनिषेधाय परैः साधनान्युपन्यस्तानि तानि प्रदीपप्रभादृष्टान्तेनैव प्रतिषेध्यानि तुल्ययोगक्षेमत्वात्।

(અનુવાદ)

અંધકાર રૂપવાન હોવાથી સ્પર્શવાળો પણ છે, કારણ કે અંધકાર શીતસ્પર્શનું જ્ઞાન કરાવે છે. વૈશેષિક દર્શનકાર અંધકાર પૌદ્ગલિક નથી. તે સિધ્ધ કરવા અર્થાત્ અંધકારનું પૌદ્ગલિકપણું નિષેધવા માટે (૧) કઠોર અવયવોનું ન હોવાપણું (૨) અપ્રતિઘાતી હોવાપણું (૩) સ્પર્શનું ન હોવું (૪) ખંડિત અવયવીરૂપ દ્રવ્યના વિભાગની પ્રતીતિ ન થવી વગેરે હેતુ આપે છે. તે હેતુઓનો પ્રતિષેધ પ્રદીપ પ્રભાના દૃષ્ટાંતથી કરી શકાય. પ્રકાશ અને અંધકાર બંને સમાન છે.(જૈનદર્શન અનુસાર અંધકાર અને પ્રકાશ-બંનેમાં વર્ણ ગંધ, રસ અને સ્પર્શ હોવાના કારણે પુદ્ગલપર્યાયપણાની સમાનતા છે.)

(टीका) न च वाच्यं तैजसाः परमाणवः कथं तमस्त्वेन परिणमन्त इति, पुद्गलानां तत्तत् सामग्रीसहकृतानां विसदृशकार्योत्पादकत्वस्यापि दर्शनात्। दृष्टो ह्यार्द्रेन्धनसंयोगवशाद् भास्वररूपस्यापि वह्नेरभास्वररूपधूमरूपकार्योत्पादः। इति सिद्धो नित्यानित्यः प्रदीपः। यदापि निर्वाणादर्वाग् देदीप्यमानो दीपस्तदापि नवनवपर्यायोत्पादविनाशभावात् प्रदीपकृत्वान्वयाच्च नित्यानित्य एव।

(અનુવાદ)

એવી શંકા ન કરવી કે દીપકના તેજ પરમાણુઓ કેવી રીતે અંધકારરૂપે પરિણત થઈ જાય છે. કારણ કે તે સામગ્રીના સહકારવાળા પુદ્ગલોનું અસમાન કાર્યનું ઉત્પાદન પણ જોવા મળે છે. અગ્નિ ભાસ્વર રૂપવાળો હોવા છતાં ભીનાં લાકડાંના સંયોગથી જેનું રૂપ ભાસ્વર નથી તેવા ધૂમાડાને પેદા કરે છે, તે જોયું છે. આ રીતે પ્રદીપનું નિત્યાનિત્યપણું સિધ્ધ છે. દીપકના બુઝાવા પૂર્વે જ્યારે દેદીપ્યમાન હોય છે ત્યારે પણ નવા નવા પર્યાયની ઉત્પત્તિ અને વિનાશવાળો હોવાથી અને પ્રદીપત્વ નિત્ય રહેતું હોવાથી પ્રદીપ નિત્યાનિત્ય જ છે.

(ટીકા) एवं व्योमापि उत्पादव्ययध्रौव्यात्मकत्वाद् नित्यमेव । तथाहि– अवगाहकानाँ जीवपुद्गलानामवगाहदानोपग्रह एव तल्लक्षणम्, 'अवकाशदमाकाशम्' इति वचनात् । यदा चावगाहका जीवपुद्गलाः प्रयोगतो विस्रसातो वा एकस्मान्नभःप्रदेशात् प्रदेशान्तरमुपसर्पन्ति तदा तस्य व्योम्नस्तैरवगाहकैः सममेकस्मिन् प्रदेशे विभागः उत्तरस्मिंश्च प्रदेशे संयोगः । संयोगविभागौ च परस्परं विरुद्धौ धर्मौ । तद्भेदे चावश्यं धर्मिणो भेदः । तथा चाहुः "अयमेव हि भेदो भेदहेतुर्वा यद्विरुद्धधर्माध्यासः कारणभेदश्चेति" । ततश्च तदाकाशं पूर्वसंयोगविनाशलक्षणपरिणामापत्त्या विनष्टम्, उत्तरसंयोगोत्पादाख्यपरिणामानुभवाच्चोत्पन्नम् । उभयत्राऽऽकाशद्रव्यस्यानुगतत्वाच्चोत्पादव्ययध्रौव्ययोरेकाधिकरणत्वम् ।

આ રીતે આકાશ પણ ઉત્પાદ. વ્યય અને ધ્રૌવ્યરૂપ હોવાથી નિત્ય અને અનિત્ય (નિત્યાનિત્ય) છે; તે આ રીતે—અવગાહક એવાં જીવ અને પુદ્ગલોને અવકાશ-દાનનો ઉપકાર કરવો એ જ આકાશનુ લક્ષણ છે. 'અવકાશ આપે તે આકાશ' આવું શાસ્ત્ર વચન છે. જ્યારે તે અવગાહક જીવ અને પુદ્ગલો પુરુષશક્તિથી કે સ્વાભાવિક એક આકાશપ્રદેશથી બીજા પ્રદેશ પર જાય છે ત્યારે આકાશનો જીવ-પુદ્ગલો સાથે એક પ્રદેશમાં વિયોગ અને બીજા પ્રદેશમાં સંયોગ થાય છે. સંયોગ અને વિભાગ (વિયોગ) પરસ્પર વિરુધ્ધ ધર્મ છે. ધર્મભેદે ધર્મીનો ભેદ અવશ્ય હોય ! વળી કહ્યું છે કે "વિરુધ્ધ ધર્મોનું રહેવું અને ભિન્ન ભિન્ન કારણોનું હોવું આજ ભેદ અને ભેદનું કારણ છે." (વસ્તુમાં લક્ષણની ભિન્નતાથી અને કારણની ભિન્નતાથી ભિન્નતા આવે છે. દા.ત. ઘડો જલાહરણાદિ ગુણવાળો છે, પટ શીતત્રાણાદિગુણવાળો છે. તથા ઘટનું કારણ મૃત્પિંડાદિ છે, પટનું કારણ તન્તુ વગેરે છે.) જીવ અને પુદ્ગલના સંયોગવાળું આકાશ પૂર્વસંયોગના વિનાશરૂપ લક્ષણપરિણામથી નાશ પામેલું કહેવાય અને ઉત્તરસંયોગના ઉત્પાદરૂપ પરિણામથી ઉત્પન્ન થયેલું કહેવાય. બન્ને ઠેકાણે આકાશ દ્રવ્ય અનુગત રહેતું હોવાથી તે ઉત્પાદ અને વ્યયનું એકાધિકરણ બને છે.

(ટીકા) तथा च यद् "अप्रच्युतानुत्पन्नस्थिरैकरूपं नित्यं" इति नित्यलक्षणमाचक्षते तदपास्तम्, एवंविधस्य कस्यचिद् वस्तुनोऽभावात् । "तद्भावाव्ययं नित्यम्"

इति तु सत्यं नित्यलक्षणम्, उत्पादविनाशयोः सद्भावेऽपि तद्भावाद्, अन्वयिरूपाद् यन्न व्येति तन्नित्यमिति तदर्थस्य घटमानत्वात् । यदि हि अप्रच्युतादिलक्षणं नित्यमिष्यते तदोत्पादव्ययययोर्निराधारत्वप्रसङ्गः । न च तयोर्योगे नित्यत्वहानिः ।

'द्रव्यं पर्यायवियुतं पर्याया द्रव्यवर्जिताः ।
क्व कदा केन किंरूपा दृष्टा मानेन केन वा ॥' इति वचनात् ।

न चाकाशं न द्रव्यम् ।

(अनुवाद)

वळी जेओ 'अप्रच्युतानुत्पन्नस्थिररैकरूपं नित्यम्' अर्थात् 'नाश अने उत्पत्ति रहित अने एकरूपे स्थिर रहे ते नित्य' आवुं 'नित्य' नुं लक्षण कहे छे. तेनुं खंडन थई गयुं; केमके आवी कोईपण वस्तु ज नथी ! तद्भावाव्ययं नित्यम्' (तत्वार्थ : अ.५. सू. ३०) पदार्थना स्वरूपनो नाश न थवो, ते नित्यत्व छे; आ नित्यनुं लक्षण साचुं छे. उत्पत्ति अने विनाश होवा छतां पण जे पोतानुं स्वरूप नथी छोडतुं, तेज नित्य छे; आ रीते तेनो अर्थ घटे छे. जो 'अप्रच्युतानुत्पन्न....'ओ नित्यनुं लक्षण मानवामां आवे तो उत्पत्ति अने व्यय (विनाश)नो कोई आधार नहीं रहे, निराधार बनी जशे ! नित्य पदार्थमां उत्पत्ति अने विनाश मानवाथी पदार्थनी नित्यतामां वांधो आवतो नथी. कह्युं छे के:

"पर्यायरहित द्रव्य अने द्रव्यरहित पर्याय कोणे क्या समये क्या क्या रूपे अने क्या प्रमाणथी जोया छे ?" अर्थात् द्रव्य विना पर्याय अने पर्याय विना द्रव्य क्यांय न होई शके वळी आकाश द्रव्य नथी एम नहीं पण द्रव्य ज छे.

(टीका) लौकिकानामपि घटाकाशं पटाकाशमिति व्यपहारप्रसिद्धेराकाशस्य नित्यानित्यत्वम् । घटाकाशमपि हि यदा घटापगमे पटाक्रान्तं तदा पटाकाशमिति व्यवहारः । न चायमौपचारिकत्वादप्रमाणमेव, उपचारस्यापि किञ्चित्साधर्म्यद्वारेण मुख्यार्थस्पर्शित्वात् । नभसो हि यत्किल सर्वव्यापकत्वं मुख्यं परिमाणं तत् तदाधेयघटपटादिसम्बन्धिनियतपरिमाणवशात् कल्पितभेदं सत् प्रतिनियतदेशव्यापितया व्यवह्रियमाणं घटाकाशपटाकाशादितत्तद्व्यपदेशनिबन्धनं भवति । तत्तद्घटादिसम्बन्धे च व्यापकत्वेनावस्थितस्य व्योम्नोऽवस्थान्तरापत्तिः, ततश्चावस्थाभेदेऽवस्थावतोऽपि भेदः । तासां ततोऽविष्वग्भावात् । इति सिद्धं नित्यानित्यत्वं व्योम्नः ।

(अनुवाद)

लोकोमां पण 'घटाकाश...पटाकाश' एवो व्यवहार प्रसिद्ध होवाथी आकाशनुं नित्यानित्यत्व सिद्ध थाय छे. 'घटाकाश,' पण ज्यारे घडो दूर थाय छे ने आकाश पटाक्रान्त बने छे त्यारे 'पटाकाश' एवो व्यवहार थाय छे.

प्रश्न : आ व्यवहार तो औपचारिक छे, माटे ते अप्रमाण कहेवाय नहीं ?

समाधान : ना, उपचार पण कोईने कोई साधर्म्यथी मुख्य अर्थने प्रकाशित करतो होय छे. आकाशनुं सर्वव्यापकत्व मुख्य परिमाण आकाशमां रहेवावाळा घटपटादि संबंधी

नियत परिमाणथी भिन्न थई प्रतिनियत प्रदेशोमां व्यापक होवाथी 'घटाकाश, घटाकाश...' आदि व्यवहारनुं कारण थाय छे. अर्थात् मुख्यरूपे सर्वव्यापकत्व परिमाणवाळुं आकाश पोताना आधेय घटपटादिना संबंधथी प्रतिनियत देशव्यापित्व परिणामरूप कहेवाय छे. व्यापक आकाशना अमुक घट-पटादिना संबंधथी एक अवस्थामांथी बीजी अवस्था उत्पन्न थवानी आपत्ति आवे छे; अने तेथी अवस्थाना भेदथी अवस्थावाळानो पण (आकाशनो) भेद मानवो पडे ! अवस्थाथी अवस्थावाळो जुदो नथी. आ रीते आकाशनुं नित्यानित्यत्व सिद्ध थाय छे.

(टीका) स्वायंभुवा अपि हि नित्यानित्यमेव वस्तु प्रपन्नाः, तथा चाऽऽहुस्ते— "त्रिविधः खल्वयं धर्मिणः परिणामो धर्मलक्षणावस्थारूपः । सुवर्णं धर्मि, तस्य धर्मपरिणामो वर्द्धमानरुचकादिः । धर्मस्य तु लक्षणपरिणामोऽनागतत्वादिः । यदा खल्वयं हेमकारो वर्द्धमानकं भङ्क्त्वा रुचकमारचयति तदा वर्धमानको वर्तमानता लक्षणं हित्वा अतीतता लक्षणमापद्यते । रुचकस्तु अनागततालक्षणं हित्वा वर्तमानतालक्षणमापद्यते वर्तमानतापन्न एव तु रुचको नवपुराणभावमापद्यमानो ऽवस्थापरिणामवान् भवति । सोऽयं त्रिविधः परिणामो धर्मिणः । धर्मलक्षणावस्थाश्च धर्मिणो भिन्नाश्चाभिन्नाश्च । तथा च ते धर्म्यभेदात् तन्नित्यत्वेन नित्याः । भेदाच्चोत्पत्तिविनाशविषयत्वम् , इत्युभयमुपपन्नमिति" ॥

(अनुवाद)

पातंजल-योगदर्शनवाळा पण वस्तुनुं नित्यानित्यपणुं माने छे, तेओ कहे छे : धर्मीना परिणाम, धर्म, लक्षण, अने अवस्थाना भेदथी त्रण प्रकारनो छे. दा. त. धर्मी सुवर्ण छे, तेनो धर्म-परिणाम. 'वर्धमान', 'रुचक' वगेरे छे. लक्षणपरिणाम, धर्मनुं अनागतत्व वगेरे छे. जे समये सोनी वर्धमानकने तोडीने रुचक बनावे छे ते समये वर्धमानक वर्तमान-लक्षणने त्यजीने अतीत (भूत) लक्षणने प्राप्त करे छे. तथा रुचक अनागत-लक्षणने छोडीने वर्तमान-लक्षणने प्राप्त करे छे. वर्तमान दशाने प्राप्त थयेल रुचक नवापणुं अने जुनापणुं धारण करतो, धर्मीनो अवस्था परिणाम कहेवाय छे. आ त्रिविध परिणाम धर्मीनो छे, आ धर्म, लक्षण अने अवस्था धर्मीथी भिन्न आजे अभिन्न छे, अने ते धर्मीना अभेदथी, धर्मी नित्य होईने, नित्य छे. धर्मीना भेदथी, उत्पत्ति अने नाश थवावाळां छे, माटे अनित्य छे. आ प्रमाणे धर्म, लक्षण अने अवस्था नित्य-अनित्य बंने छे.

(टीका) अथोत्तरार्धं विव्रियते । एवं चोत्पादव्ययध्रौव्यात्मकत्वे सर्वभावानां सिद्धेऽपि तद्वस्तु एकमाकाशात्मादिकं नित्यमेव, अन्यच्च प्रदीपघटादिकमनित्यमेव इत्येवकारोऽत्रापि सम्बध्यते । इत्थं हि दुर्नयवादापत्तिः । अनन्तधर्मात्मके वस्तुनि स्वाभिप्रेतनित्यत्वादिधर्मसमर्थनप्रवणाः शेषधर्मतिरस्कारेण प्रवर्तमाना दुर्नया इति तल्लक्षणात् ।

इत्यनेनोल्लेखेन त्वदाज्ञाद्विषतां-भवत्प्रणीतशासनविरोधिनां प्रलापाः-प्रलपितानि असम्बद्धवाक्यानीति यावत् ।

(અનુવાદ)

હવે પાંચમી કારિકાના ઉત્તરાર્દ્ધનું વિવેચન કરાય છે. આ પ્રકારે બધા પદાર્થો ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યરૂપ સિદ્ધ થવા છતાં પણ 'આકાશ, આત્મા આદિ સર્વથા નિત્ય છે અને પ્રદીપ, ઘડો આદિ સર્વથા અનિત્ય છે,' આ માનવું તે દુર્નયવાદને સ્વીકારવાનું છે. અનન્ત ધર્માત્મક વસ્તુમાં પોતાને માન્ય નિત્યત્વાદિ ધર્મોનું સમર્થન કરવામાં પ્રવીણ અને બાકીના ધર્મોનો તિરસ્કાર કરવામાં પ્રવૃત્ત દુર્નયો હોય છે. મૂળ કારિકામાં ઉત્તરાર્ધમાં 'इति' જે છે, તેનો અર્થ છે : 'આ પ્રમાણે કહેવા દ્વારા' (હે પ્રભુ!) આપના શાસનના વિરોધીઓના અસંબદ્ધ પ્રલાપો છે!

(टीका) अत्र च प्रथममादीपमिति परप्रसिद्ध्याऽनित्यपक्षोल्लेखेऽपि यदुत्तरत्र यथासंख्यपरिहारेण पूर्वतरं नित्यमेवैकमित्युक्तम्, तदेवं ज्ञापयति : यदनित्यं तदपि नित्यमेव कथञ्चित्, यच्च नित्यं तदप्यनित्यमेव कथञ्चित् । प्रकान्तवादिभिरप्येकस्यामेव पृथिव्यां नित्यानित्यत्वाभ्युपगमात् । तथा च प्रशस्तकारः-सा तु द्विविधा नित्या चानित्या च परमाणुलक्षणा नित्या, कार्यलक्षणा त्वनित्या इति ।

(અનુવાદ)

આ શ્લોકમાં પૂર્વાર્ધમાં પહેલાં અનિત્ય દીપક અને નિત્ય આકાશનો ઉલ્લેખ કર્યો છે, અને ઉત્તરાર્ધમાં આ ક્રમનું ઉલ્લંઘન કરીને પહેલાં નિત્ય અને પછી અનિત્યનો ઉલ્લેખ કર્યો છે, તેનો આ અભિપ્રાય છે કે, જે અનિત્ય છે તે પણ કથંચિત્ નિત્ય જ છે. જે નિત્ય છે તે પણ કથંચિત્ અનિત્ય જ છે. વૈશેષિકોએ પણ એક જ પૃથ્વીમાં નિત્ય અને અનિત્ય, બંને ધર્મ માન્યા છે. પ્રશસ્તકારે (પ્રશસ્તપાદ ભાષ્યમાં) કહ્યું છે : પૃથ્વી નિત્ય અનિત્ય, બે પ્રકારની છે, પરમાણુરૂપ પૃથ્વી નિત્ય અને કાર્યરૂપ પૃથ્વી અનિત્ય છે.

(टीका) न चात्र परमाणुकार्यद्रव्यलक्षणविषयद्वयभेदाद् नैकाधिकरणं नित्यानित्यत्वमिति वाच्यम्, पृथिवीत्वस्योभयत्राप्यव्यभिचारात् । एवमबादिष्वपीति । आकाशेऽपि संयोगविभागाङ्गीकारात् तैरनित्यत्वं युक्त्या प्रतिपन्नमेव । तथा च स एवाह-शब्दकारणत्ववचनात् संयोगविभागौ, इति नित्यानित्यपक्षयोः संवलितत्वम् । एतच्च लेशतो भावितमेवेति ।

(અનુવાદ)

શંકા : નિત્ય-અનિત્ય બંને ધર્મોનું અધિકરણ એક પૃથ્વી નથી પરંતુ પરમાણુ અને કાર્ય, બે અલગ અલગ પદાર્થ છે.

સમાધાન : નહીં, કારણ કે પૃથ્વીત્વ બંનેમાં રહે છે, પરમાણુ પૃથિવીમાં રહે છે અને અનિત્ય પૃથિવી-કાર્યરૂપ પૃથિવીમાં પણ રહે છે. જલ આદિમાં પણ વૈશેષિકદર્શને

બંને ધર્મ સ્વીકાર્યા છે. તથા સંયોગ-વિભાગ સ્વીકારવાથી આકાશમાં પણ યુક્તિ દ્વારા અનિત્યત્વ સિદ્ધ થઈ જ જાય છે. પ્રશસ્તપાદ ભાષ્યમાં કહ્યું છે કે 'આકાશ શબ્દનું કારણ છે, તેથી આકાશમાં સંયોગ અને વિભાગ થાય છે' આ પ્રમાણે ભાષ્યકારે આકાશનું નિત્ય-અનિત્યપણું સ્વીકાર્યું છે.

(टीका) प्रलापप्रायत्वं च परवचनानामित्थं समर्थनीयम् । वस्तुनस्तावदर्थक्रियाकारित्वं लक्षणम् । तच्चैकान्तनित्यानित्यपक्षयोर्न घटते । अप्रच्युतानुत्पन्नस्थिरैकरूपो हि नित्यः । स च क्रमेणार्थक्रियां कुर्वीत अक्रमेण वा ? अन्योन्यव्यवच्छेदरूपाणां प्रकारान्तरासम्भवात् । तत्र न तावत् क्रमेण, स हि कालान्तरभाविनीः क्रियाः प्रथमक्रियाकाल एव प्रसह्य कुर्यात्, समर्थस्य कालक्षेपायोगात् । कालक्षेपिणो वाऽसामर्थ्यप्राप्तेः । समर्थोऽपि तत्तत्सहकारिसमवधाने तं तमर्थं करोतीति चेत् न तर्हि तस्य सामर्थ्यम्, अपरसहकारिसापेक्षवृत्तित्वात् । "सापेक्षमसमर्थम्" इति न्यायात् ।

(અનુવાદ)

ઇતર દાર્શનિકોનું વચન પ્રલાપ રૂપ છે, તેનું સમર્થન કરતાં જણાવે છે કે : વસ્તુનું લક્ષણ 'અર્થક્રિયાકારિત્વ' છે (જે જે અર્થ ક્રિયા કરનાર હોય છે તે જ વસ્તુ (પદાર્થ) કહેવાય છે. દા. ત. ઘટની અર્થક્રિયા જલાહરણ રૂપ અને પટની અર્થક્રિયા 'આચ્છાદન રૂપ') વસ્તુનું અર્થક્રિયાકારિત્વલક્ષણ એકાન્ત નિત્ય અને એકાન્ત અનિત્ય પક્ષમાં ઘટી શકતું નથી, કારણ કે તે એકાન્તવાદીઓ, જેની ઉત્પત્તિ અને નાશ નથી પરંતુ સ્થિર એક સ્વભાવવાળું હોય તેનેજ નિત્ય માને છે, અર્થાત્ કૂટસ્થ-નિત્ય સ્વીકારે છે. તેથી તેવા પ્રકારના નિત્ય પદાર્થમાં ક્રમ અને અક્રમ ઉભય રીતે અર્થક્રિયા ઘટી શકતી નથી. અને ક્રમ તથા અક્રમ સિવાય અન્ય કોઈ પ્રકારનો સંભવ નથી, તે આ પ્રમાણે :

પ્રશ્ન-નિત્ય પદાર્થ ક્રમથી અર્થક્રિયા કરે છે કે અક્રમથી ? જો અર્થક્રિયા ક્રમથી કરે છે, તેમ કહો તો તે અર્થક્રિયા કરે જ નહીં ! કારણ કે નિત્ય તો સમર્થ છે તેથી તે સમર્થ હોઇને કાલાન્તરમાં થનારી ક્રિયા પ્રથમ ક્રિયાકાલમાં જ કેમ ના કરે ? કેમકે જે સમર્થ છે, તે કાર્ય કરવામાં વિલંબ શા માટે કરે ? અને જો સમર્થ કાળવિલંબ કરે તો અસામર્થ્યની આપત્તિ થશે. જો કહેશો કે-'પદાર્થ સમર્થ છે તોપણ સહકારી (નિમિત્ત) કારણ મળવાથી જ પદાર્થ અમુક કાર્ય કરે છે.' તો જણાવવાનું કે : જો નિત્ય પદાર્થને અન્ય સહકારીની અપેક્ષા રહેતી હોય તો સિદ્ધ થાય છે કે તેમા સામર્થ્ય જ નથી ! કેમકે 'જે જે સાપેક્ષ છે તે તે અસમર્થ છે.' એ ન્યાયથી જે અપેક્ષાવાન હોય તે અસમર્થ જ હોય છે.

(टीका) न तेन सहकारिणोऽपेक्ष्यन्ते, अपि तु कार्यमेव सहकारिष्वसत्स्वभवत् तानपेक्षत इति चेत्, तत् किं स भावोऽसमर्थः समर्थो वा ? समर्थश्चेत्, किं सहकार्यभिमुखप्रेक्षणदीनानि तान्युपेक्षते न पुनर्झटिति घटयति । ननु समर्थमपि बीजं इलाजलानिलादिसहकारिसहितमेवाङ्कुरं करोति नान्यथा । तत् किं तस्य सहकारिभिः किञ्चिदु-

पक्रियेत, न वा ? यदि नोपक्रियेत तदा सहकारिसन्निधानात् प्रागिव किं न तदाप्यर्थक्रियायामुदास्ते । उपक्रियेत चेत् सः तर्हि तैरुपकारोऽभिन्नोभिन्नो वा क्रियत इति वाच्यम्, अभेदे स एव क्रियते । इति लाभमिच्छतो मूलक्षतिरायाता कृतकत्वेन तस्यानित्यत्वापत्तेः ।

જો કહેશો કે : નિત્ય પદાર્થ સ્વયં સહકારીની અપેક્ષા રાખતો નથી પરંતુ તેનાથી ઉત્પન્ન થતું કાર્ય નિમિત્ત (સહકારી) કારણના અભાવે થઈ શકતું નથી, તેટલા પૂરતી જ સહકારીની અપેક્ષા છે.' તો અહીં પ્રશ્ન થાય છે કે : પદાર્થ સ્વયં કાર્ય કરવા માટે સમર્થ છે કે અસમર્થ ? જો સમર્થ છે, તો તેને સહકારી કારણોની અપેક્ષાની શી જરૂર ? અર્થાત્ સ્વયં નિરપેક્ષ ભાવે અર્થક્રિયામાં કેમ પ્રવૃત્ત ના થાય ? જો કહેશો કે : 'સમર્થ એવું પણ બીજ પૃથ્વી, જલ, વાયુ આદિ સહકારી-સાપેક્ષ રહીને અંકુરને ઉત્પન્ન કરી શકે છે, પરંતુ તેમનું તેમ રહેલું બીજ સહકારી વિના કયારે પણ અંકુરને ઉત્પન્ન કરી શકતું નથી. આ પ્રમાણે કહેવું તે પણ વાજબી નથી. કેમકે અહીં પણ પ્રશ્ન થાય છે કે : 'તે નિત્ય પદાર્થ પર સહકારી કારણ કંઈ પણ ઉપકાર કરે છે કે નહીં ? જો સહકારી વડે નિત્ય પદાર્થ પર કંઇ ઉપકાર ના થતો હોય તો નિત્ય પદાર્થો સહકારીના સંબંધ પૂર્વે જેમ અર્થક્રિયા કરવામાં ઉદાસીન હતા તેમ સહકારીના આવ્યા બાદ પણ કેમ ઉદાસીન ના રહે ? જો કહેશો કે 'સહકારી કારણો દ્વારા નિત્ય પદાર્થનો ઉપકાર થાય છે. તો પૂછીએ છીએ કે : સહકારીકૃત જે ઉપકાર છે તે નિત્ય પદાર્થથી ભિન્ન છે કે અભિન્ન ? જો કહેશો કે ઉપકાર, ઉપકાર્ય રૂપ નિત્ય પદાર્થથી, અભિન્ન છે તો તે નિત્ય પદાર્થ જ કાર્યરૂપ બનશે ! અને તેમ થવાથી લાભ લેવા જતાં ગાંઠનું ગુમાવવા જેવું થશે ! કારણ કે નિત્ય પદાર્થ કાર્યરૂપ થઈ જવાથી તેમાં અનિત્યતારૂપ આપત્તિ આવશે. અર્થાત્ નિત્ય એ નિત્ય નહીં કહી શકાય.

(टीका) भेदे तु कथं तस्योपकारः किं न सह्यविन्ध्याद्रेरपि। तत्सम्बन्धात् तस्यायमिति चेत्, उपकार्योपकारयोः कः सम्बन्धः, न तावत् संयोगः । द्रव्ययोरेव तस्य भावात् । अत्र तु उपकार्यं द्रव्यम्, उपकारश्च क्रियेति न संयोगः, नापि समवायः, तस्यैकत्वात् व्यापकत्वाच्च प्रत्यासत्तिविप्रकर्षाभावेन सर्वत्र तुल्यत्वाद् न नियतैः सम्बन्धिभिः सम्बन्धो युक्तः । नियतसंबन्धिसंबन्धे चाङ्गीक्रियमाणे तत्कृत उपकारोऽस्य समवायस्याभ्युपगन्तव्यः । तथा च सति उपकारस्य भेदाभेदकल्पना तदवस्थैव । उपकारस्य समवायादभेदे समवाय एव कृतः स्यात् । भेदे पुनरपि समवायस्य न नियतसंबन्धिसंबन्धत्वम् । तन्नैकान्तनित्यो भावः क्रमेणार्थक्रियां कुरुते ।

(અનુવાદ)

જો કહેશો કે ઉપકાર્યરૂપ દ્રવ્યથી ઉપકાર તદ્દન ભિન્ન છે, તો તે ઉપકાર નિત્ય પદાર્થનો જ કેમ કહેવાશે ? અત્યંત દૂરવર્તી સહ્યાદ્રિ અને વિંધ્યાચલાદિનો કેમ નહીં ?

કેમકે ઉપકારની ભિન્નતા જેવી નિત્ય પદાર્થની સાથે છે, તેવી ભિન્નતા વિન્ધ્યાચલાદ્રિની સાથે પણ તુલ્ય જ છે.

શંકા : ઉપકાર્ય રૂપ પદાર્થની સાથે ઉપકારનો સંબંધ છે પરંતુ સહ્યાદ્રિ-વિન્ધ્યાચલાદ્રિની સાથે તેનો સંબંધ નથી, માટે તેનો ઉપકાર કહેવાતો નથી !

સમાધાન : પદાર્થ અને ઉપકાર વચ્ચે કયો સંબંધ છે ? સંયોગ સંબંધ તો ઘટી શકશે નહીં, કેમકે સંયોગ તો દ્રવ્ય દ્રવ્યનો જ થાય છે, આ તો ઉપકાર્ય એ દ્રવ્ય છે અને ઉપકાર એ ક્રિયા છે, માટે દ્રવ્ય-ક્રિયાનો સંયોગ સંબંધ બની શકતો નથી. જો કહેશો કે 'તે બન્નેનો સમવાય સંબંધ છે.' તે પણ ઘટી શકશે નહીં, કેમકે સમવાય એક, નિત્ય અને વ્યાપક છે, તેથી તે કોઈ પદાર્થથી દૂર નથી કે નજીક નથી. તે તો બધા પદાર્થોમાં સમાન છે.

માટે નિયત સંબંધીઓની સાથે સમવાયનો સંબંધ માનવો ઠીક નથી. જો નિયત સંબંધિની સાથે સમવાયનો સંબંધ સ્વીકારવામાં આવે તો સહકારીઓ દ્વારા કરાયેલા ઉપકારને પણ સમવાયનો જ ઉપકાર માનવો પડશે ! અને તેમ થવાથી ઉપકારના વિષયમાં જે ભેદાભેદની કલ્પના કરવામાં આવી હતી, તે તેવીને તેવી જ રહી ! જો સમવાયથી ઉપકાર અભિન્ન હોય તો સમવાય અને ઉપકાર બંને એક જ રહેશે ! અને સમવાય અને ઉપકાર પરસ્પર ભિન્ન હોય તો અમુક સંબંધીઓની સાથેનો સંબંધ ઘટી શકતો નથી. માટે એકાન્ત નિત્ય પદાર્થમાં ક્રમથી અર્થક્રિયા ઘટી શકતી નથી.

(ટીકા) नाप्यक्रमेण, न ह्येको भावः सकलकालकलाकलापभाविनीर्युगपत् सर्वाः क्रियाः करोतीति प्रातीतिकम् । कुरुतां वा, तथापि द्वितीयक्षणे किं कुर्यात् करणे वा क्रमपक्षभावी दोषः । अकरणे त्वर्थक्रियाकारित्वाभावात् अवस्तुत्वप्रसङ्गः । इत्येकान्तनित्यात् क्रमाक्रमाभ्यां व्याप्तार्थक्रिया व्यापकानुपलब्धिबलात् व्यापकनिवृत्तौ निवर्तमाना स्वव्याप्यमर्थक्रियाकारित्वं निवर्तयति । अर्थक्रियाकारित्वं च निवर्तमानं स्वव्याप्यं सत्त्वं निवर्तयति, इति नैकान्तनित्यपक्षो युक्तिक्षमः ।

(અનુવાદ)

એ પ્રમાણે એકાન્ત નિત્ય પક્ષમાં અક્રમથી પણ અર્થક્રિયા ઘટી શકતી નથી; કેમકે એક પદાર્થ સમસ્ત કાળમાં થવાવાળી સર્વક્રિયાઓને એકી સાથે કરે તે અનુભવમાં આવતું નથી; અથવા માનો કે એકી સાથે એક જ કાલમાં સર્વ ક્રિયાઓ કરી લે તો બીજી ક્ષણમાં શું કરે ? અને એ રીતે પદાર્થ બીજી ક્ષણમાં અર્થક્રિયાથી રહિત થાય તો પદાર્થ અવસ્તુ બની જશે ! કારણ કે જેમાં અર્થક્રિયા હોય તે જ વસ્તુ કહેવાય છે. જો કહેશો કે 'દ્વિતીય ક્ષણમાં પણ પદાર્થ અર્થક્રિયા કરે છે' તો જે--જે દોષો ક્રમ પક્ષમાં આવે છે તે સર્વે દોષો અહીંયાં પણ આવશે. આ રીતે એકાન્ત નિત્ય પક્ષમાં ક્રમ અને અક્રમથી અર્થક્રિયા ઘટી શકતી નથી, અને તેમ થવાથી, વસ્તુમાં અર્થક્રિયા નહીં ઘટવાના કારણે સત્ત્વપણું પણ નહીં રહે. કારણ કે 'અર્થક્રિયાકારિત્વ' એ વસ્તુનું લક્ષણ છે, અને સત્ત્વપણું નહી રહેવાથી વસ્તુ (પદાર્થ) 'ખરશૃંગ'ની જેમ અસત્ થઇ જશે. માટે પદાર્થને એકાન્ત નિત્ય રૂપે માનવો. તે યુક્તિયુક્ત નથી.

(टीका) एकान्तानित्यपक्षोऽपि न कक्षीकरणार्हः। अनित्यो हि प्रतिक्षणविनाशी, स च न क्रमेणार्थक्रियासमर्थः देशकृतस्य कालकृतस्य च क्रमस्यैवाभावात्। क्रमो हि पौर्वापर्यम्, तच्च क्षणिकस्यासम्भवि। अवस्थितस्यैव हि नानादेशकालव्याप्तिः देशक्रमः कालक्रमश्चाभिधीयते न चैकान्तविनाशिनि सास्ति। यदाहुः-

"यो यत्रैव स तत्रैव यो यदैव तदैव सः।
न देशकालयोर्व्याप्तिर्भावानामिह विद्यते॥"

(अनुवाद)

બૌદ્ધ દર્શન પદાર્થને એકાન્તે અનિત્ય માને છે; તે માન્યતા પણ સ્વીકારવા યોગ્ય નથી. કેમકે, અનિત્ય--પ્રતિક્ષણે નાશ થવો, તે રૂપ અનિત્ય (ક્ષણિક) પદાર્થમાં દેશક્રમ અને કાલક્રમ, ઉભયરીતે અર્થક્રિયા ઘટી શકતી નથી. કેમ કે પૂર્વ--અપર ભાવરૂપ ક્રમ ક્ષણિક પદાર્થમાં સંભવતો નથી, તેથી ક્ષણિક પદાર્થ ક્રમપૂર્વક અર્થક્રિયા કરવામાં સમર્થ નથી. કારણ કે (જેમ મિથિલા પાટલીપુત્રથી દૂર છે. તે રૂપ દેશક્રમ અને દેવદત્ત યજ્ઞદત્તથી જ્યેષ્ઠ છે તે રૂપ કાલક્રમ) તે બન્ને પ્રકારનો ક્રમ સ્થિર પદાર્થમાં જ સંભવે છે; પરંતુ એકાન્ત વિનાશી ક્ષણમાં (પદાર્થમાં) રહી શકતો નથી. કહ્યું છે કે 'જે જ્યાં હોય તે ત્યાંજ હોય છે અને જે જ્યારે હોય તે ત્યારે જ હોય છે, આ પ્રકારનો દેશકાલનો સંબંધ ક્ષણિક પદાર્થમાં ઘટી શકતો નથી.

(टीका) न च सन्तानापेक्षया पूर्वोत्तरक्षणानां क्रमः सम्भवति, सन्तानस्यावस्तुत्वात्, वस्तुत्वेऽपि तस्य यदि क्षणिकत्वं, न तर्हि क्षणेभ्यः कश्चित् विशेषः। अथाक्षणिकत्वं तर्हि समाप्तः क्षणभङ्गवादः।

જો કહેવામાં આવે કે "સંતાનની અપેક્ષાએ પૂર્વ--ઉત્તર ક્ષણમાં ક્રમનો સંભવ છે," તે પણ ઠીક નથી, કેમકે સંતાન કોઈ વસ્તુ નથી. જો સંતાનને 'વસ્તુ' માનવામાં આવે, અને તે પણ ક્ષણિક માનવામાં આવે, તો ક્ષણથી વિશેષ કંઈજ નથી. કારણકે બૌદ્ધ મતે ક્ષણથી ભિન્ન બીજી કોઇ વસ્તુ નથી. વળી જો સંતાનને અક્ષણિક માનશો તો આપનો ક્ષણિકવાદ સમાપ્ત થશે. અર્થાત્ આપના સિદ્ધાંતનો વિરોધ આવશે. આ રીતે એકાન્ત અનિત્ય પદાર્થમાં ક્રમથી અર્થક્રિયા ઘટી શકતી નથી.

(टीका) नाप्यक्रमेणार्थक्रिया क्षणिके संभवति। स ह्येको बीजपूरादिक्षणो युगपदनेकान् रसादिक्षणान् जनयन् एकेन स्वभावेन जनयेत्, नानास्वभावैर्वा? यद्येकेन तदा तेषां रसादिक्षणानामेकत्वं स्यात्, एकस्वभावजन्यत्वात्। अथ नानास्वभावैर्जनयति किञ्चिद्रूपादिकमुपादानभावेन, किञ्चिद्रसादिकं सहकारित्वेन, इति चेत्, तर्हि ते स्वभावास्तस्यात्मभूता अनात्मभूता वा,? अनात्मभूताश्चेत् स्वभावत्वहानिः। यद्यात्मभूताः तर्हि तस्यानेकत्वम् अनेकस्वभावत्वात्। स्वभावानां वा एकत्वं प्रसज्येत, तदव्यतिरिक्तत्वात् तेषां, तस्य चैकत्वात्।

(અનુવાદ)

અક્રમથી પણ ક્ષણિક પદાર્થમાં અર્થક્રિયા ઘટી શકતી નથી; એક બિજોરાદિ ક્ષણ (બૌદ્ધલોકો પદાર્થને ક્ષણ કહે છે, કેમકે તેમના મતમાં સર્વે પદાર્થો ક્ષણિક છે.) એકી સાથે અનેક રસાદિ ક્ષણોને, એકસ્વભાવ વડે ઉત્પન્ન કરે છે કે અનેક સ્વભાવ વડે ? જો 'એક સ્વભાવવડે ઉત્પન્ન કરે છે' એમ કહો તો તે રસાદિક્ષણોનું એકપણું થઈ જશે. કારણ કે તે રસાદિક્ષણો એક સ્વભાવથી જન્ય બની જશે. જો કહેશો કે 'અનેક સ્વભાવવડે કોઇ રૂપાદિને ઉપાદાન સ્વભાવથી પેદા કરે છે. કોઇ રસાદિને સહકારી (નિમિત્ત) સ્વભાવથી ઉત્પન્ન કરે છે' તો તે તે સ્વભાવો તેના આત્મભૂત બિજોરાદિ સ્વરૂપ છે, કે તેનાથી ભિન્ન સ્વરૂપે છે ? જો તે તે સ્વભાવો પદાર્થથી ભિન્ન સ્વરૂપે હોય તો તેના સ્વભાવપણાનીજ હાનિ થશે. અને જો તે સ્વભાવો પદાર્થથી અભિન્ન સ્વરૂપે છે, તો સ્વભાવની અનેકતા હોવાથી બિજોરાદિ એક પદાર્થનું અનેકપણું પ્રાપ્ત થશે. અથવા સ્વભાવોનું એકત્વ માનવું પડશે. કારણ કે સ્વભાવો પદાર્થથી અભિન્ન છે અને પદાર્થ એક છે, તેથી અનેક સ્વભાવોનું પણ એકત્વ આવશે.

(टीका) अथ य एव एकत्रोपादानभावः स एवान्यत्र सहकारिभाव इति न स्वभावभेद इष्यते तर्हि नित्यस्यैकरूपस्यापि क्रमेण नानाकार्यकारिणः स्वभावभेदः कार्यसाङ्कर्यं च कथमिष्यते क्षणिकवादिना। अथ नित्यमेकरूपत्वादक्रमम्, अक्रमाच्च क्रमिणां नानाकार्याणां कथमुत्पत्तिः इति चेत्, अहो स्वपक्षपाती देवानांप्रियः यः खलु स्वयमेकस्माद् निरंशाद् रूपादिक्षणलक्षणात् कारणात् युगपदनेककार्याण्यङ्गीकुर्वाणोऽपि परपक्षे नित्येऽपि वस्तुनि क्रमेण नानाकार्यकरणेऽपि विरोधमुद्भावयति। तस्माद् क्षणिकस्यापि भावस्याक्रमेणार्थक्रिया दुर्घटा। इत्यनित्यैकान्तादपि क्रमाक्रमयोर्व्यापकयोर्निवृत्त्यैव व्याप्यार्थक्रियापि व्यावर्तते। तद्व्यावृत्तौ च सत्त्वमपि व्यापकानुपलब्धिबलेनैव निवर्तते। इत्येकान्तानित्यवादोऽपि न रमणीयः।

(અનુવાદ)

એકજ સ્વભાવ એક સ્થાને ઉપાદાન ભાવે અને અન્ય સ્થળે સહકારી ભાવે વર્તે તે રીતનો સ્વભાવ ભેદ તો ઇષ્ટ જ નથી. જો સ્વભાવ ભેદ માનવામાં આવે તો ક્ષણિકવાદીઓ નિત્ય અને એક સ્વરૂપ ક્રમથી અનેક પ્રકારનાં કાર્યો કરનાર નિત્ય પદાર્થમાં સ્વભાવ ભેદ અને કાર્યસાંકર્યની (અનેક કાર્યોનું એકરૂપ થવા રૂપ) આપત્તિ કઇ રીતે આપી શકશે ? બૌદ્ધ દર્શનકારો કહે છે કે નિત્ય 'એક-રૂપ' હોવાથી સમર્થ છે, તે એકી સાથે જ અનેક કાર્યો કેમ ના કરે ? માટે નિત્યપદાર્થમાં ક્રમપૂર્વક અર્થક્રિયા ઘટી શકતી નથી. સ્વમતના આગ્રહી હે મૂર્ખ ! તું સ્વયં નિરન્વય વિનાશી એવા રૂપાદિ-ક્ષણ-સ્વરૂપ એક જ કારણથી, એક સાથે (અનેક કારણ સાધ્ય એવાં) અનેક કાર્યોની ઉત્પત્તિ સ્વીકારવા છતાં પર-મતને માન્ય નિત્ય વસ્તુ કે જે ક્રમથી અનેક પ્રકારના કાર્યો કરવામાં સમર્થ છે. તેનો વિરોધ કરે છે ! માટે ક્ષણિક પદાર્થમાં પણ અક્રમથી અર્થક્રિયા ઘટવી મુશ્કેલ છે ! આ પ્રમાણે એકાન્ત અનિત્ય પક્ષમાં પણ ક્રમ-અક્રમ, ઉભયરીતે અર્થક્રિયા ઘટતી નહી હોવાથી

અર્થક્રિયાશૂન્ય પદાર્થમાં સત્ત્વપણું પણ રહી શકતું નથી. તેથી વસ્તુમાં અસત્ પણું પ્રાપ્ત થશે. માટે એકાન્ત નિત્ય અને એકાન્ત અનિત્ય એ બંને પક્ષો બરાબર નથી.

(ટીકા) स्याद्वादे तु पूर्वोत्तराकारपरिहारस्वीकारस्थितिलक्षणपरिणामेन भावानामर्थक्रियोपपत्तिरविरुद्धा। न चैकत्र वस्तुनि परस्परविरुद्धधर्माध्यासायोगादसन् स्याद्वाद इति वाच्यम्, नित्यानित्यपक्षविलक्षणस्य पक्षान्तरस्याङ्गीक्रियमाणत्वात्, तथैव च सर्वैरनुभवात्। तथा च पठन्ति—

भागे सिंहो नरो भागे योऽर्धौ भागद्वयात्मकः।
तमभागं विभागेन नरसिंहं प्रचक्षते ॥ इति ॥

वैशेषिकैरपि चित्ररूपस्यैकस्यावयविनोऽभ्युपगमात् एकस्यैव पटादेश्चलाचलरक्तारक्तावृतानावृतत्वादिविरुद्धधर्माणामुपलब्धेः। सौगतैरप्येकत्र चित्रपटीज्ञाने नीलानीलयोर्विरोधानङ्गीकारात्।

(અનુવાદ)

સ્યાદ્વાદમાં તો પૂર્વ પર્યાયનો ત્યાગ, ઉત્તર પર્યાયનો સ્વીકાર અને દ્રવ્ય રૂપે સ્થિર; અર્થાત્ ઉત્પાદ, વ્યય ધ્રૌવ્યયુક્ત પદાર્થ મનાય છે, તેથી તે રૂપ પદાર્થમાં ક્રમ-અક્રમ ઉભય રીતે અર્થક્રિયા ઘટી શકે છે. તો પણ પરમતવાળા શંકા કરે છે કેઃ એક જ વસ્તુમાં નિત્ય અનિત્ય રૂપ પરસ્પર વિરોધી ધર્મો રહી શકતા નથી; માટે સ્યાદ્વાદ અસત્ છે. તેનું સમાધાન આ છે : અમે (સ્યાદ્વાદીઓ) એકાન્ત નિત્ય અને એકાન્ત અનિત્ય પક્ષથી વિલક્ષણ એવો 'કથંચિત્ નિત્યાનિત્ય' પક્ષનો સ્વીકાર કરીએ છીએ; માટે કોઈ પણ જાતનો વિરોધ આવતો નથી. વળી તે પ્રકારનો સર્વને અનુભવ છે. તેમજ કહ્યું પણ છે કેઃ

અર્ધભાગ સિંહનો અને અર્ધભાગ મનુષ્યનો, તે બન્ને ભાગરૂપ એક જ અવયવી ને નરસિંહ કહેવાય છે; તેવી જ રીતે પ્રત્યેક વસ્તુ નિત્યાનિત્ય ધર્મયુક્ત છે. તાત્પર્ય એ છે કે જે પ્રકારે નરસિંહ અવતારમાં એક ભાગમાં નર અને એક ભાગમાં સિંહ એમ એક જ નૃસિંહમાં પરસ્પર વિરૂદ્ધ મનુષ્ય અને સિંહ એમ બન્ને આકૃતિઓ રહે છે, તેમાં કોઇ વિરોધ નથી; તેમ સ્યાદ્વાદ સિદ્ધાંતમાં પણ એક જ વસ્તુમાં નિત્યાનિત્યાદિ પરસ્પર વિરૂદ્ધ ધર્મો સ્વીકારવા છતાં પણ વિરોધ આવતો નથી.

વળી વૈશેષિકો પણ એક જ પટાદિમાં ચલ-અચલ, રક્ત(લાલ)-અરક્ત(લાલથી-ભિન્ન), આવૃત-અનાવૃત...આદિ પરસ્પર વિરુદ્ધ ધર્મોનો સાક્ષાત્કાર થતો હોવાથી એક જ પટાદિ અવયવીને પરસ્પર વિરુદ્ધ ધર્મયુક્ત માને છે. તેવી જ રીતે બૌદ્ધો પણ એક જ ચિત્રપટના જ્ઞાનમાં નીલ-અનીલ આદિ વિરુદ્ધ ધર્મોનો સ્વીકાર કરે છે, આથી પરવાદીઓના મતે પણ પદાર્થ પરસ્પર વિરુદ્ધધર્મયુક્ત સિદ્ધ થાય છે.

(ટીકા) अत्र च यद्यप्यधिकृतवादिनः प्रदीपादिकं कालान्तरावस्थायित्वात् क्षणिकं न मन्यन्ते तन्मते पूर्वापरान्तावच्छिन्नायाः सत्ताया एवानित्यतालक्षणात्।

तथापि बुद्धिसुखादिकं तेऽपि क्षणिकतयैव प्रतिपन्नाः इति तदधिकारेऽपि क्षाणिकवादचर्चा नानुपपन्ना । यदापि च कालान्तरावस्थायि वस्तु तदापि नित्यानित्यमेव । क्षणोऽपि न खलु सोऽस्ति यत्र वस्तु उत्पादव्ययध्रौव्यात्मकं नास्ति । इति काव्यार्थः॥५॥

(અનુવાદ)

અહીં વૈશેષિક મતવાળા દીપક આદિ પદાર્થો અમુક કાલપર્યંત રહેવાવાળા હોવાથી, તેને અત્યંત ક્ષણિક નથી માનતા; કારણ કે તેઓના મતમાં, પૂર્વ અને અપર કાલના સંબંધથી યુક્ત હોય તેને જ અનિત્ય કહેવાય છે. તેમ હોવા છતાં પણ બુદ્ધિ સુખાદિકને ક્ષણિક માને છે ! આથી આ સ્થળે ક્ષણિકવાદની ચર્ચા અયુક્ત (અપ્રસ્તુત) નથી. વળી અમુક કાલ પર્યંત રહેવાવાળી વસ્તુ પણ નિત્યાનિત્ય ધર્મથી યુક્ત જ હોય છે. એવો કોઇ પણ પદાર્થ નથી કે જેમાં ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય સ્વરૂપ ના હોય ! અર્થાત્ પદાર્થ માત્ર નિશ્ચયથી ઉત્પત્તિ, વિનાશ અને સ્થિર સ્વરૂપ જ હોય છે. આ પ્રમાણે પાંચમા શ્લોકનો અર્થ જાણવો ॥ ૫ ॥

अवतरण

अथ तदभिमनमीश्वरस्य जगत्कर्तृत्वाभ्युपगमं मिथ्याभिनिवेशरूपं निरूपयन्नाह—

(અનુવાદ)

હવે વૈશેષિક દર્શનને માન્ય ઈશ્વરનું જગત્કર્તૃત્વપણું, તેના સ્વીકારરૂપ મિથ્યાભિનિવેશનું નિરુપણ કરતાં યકે છે.

मूल—कर्तास्ति कश्चिद् जगतः स चैकः स सर्वगः स स्ववशः स नित्यः ।
इमाः कुहेवाकविडम्बनाः स्युस्तेषां न येषामनुशासकस्त्वम् ॥६॥

મૂળ-અર્થ : હે નાથ, 'આ જગતનો કોઈ કર્તા છે તે એક છે, સર્વવ્યાપી છે, સ્વતંત્ર છે અને નિત્ય છે,' આવા પ્રકારની કદાગ્રહરૂપ વિડંબના તેઓને હોય છે કે જેઓના આપ શાસનકર્તા નથી.

(टीका) जगतः प्रत्यक्षादिप्रमाणोपलक्ष्यमाणचराचररूपस्य विश्वत्रयस्य, कश्चिद्-अनिर्वचनीयस्वरूपः पुरुषविशेषः कर्ता-स्रष्टा, अस्ति-विद्यते । ते हि इत्थं प्रमाणयन्ति । 'उर्वीपर्वततर्वादिकं सर्वं बुद्धिमत्कर्तृकं कार्यत्वात्' यद् यत् कार्यं तत् तत् सर्वं बुद्धिमत्कर्तृकं यथा घटः, तथा चेदं तस्मात् तथा । व्यतिरेके व्योमादि । यश्च बुद्धिमांस्तत्कर्ता स भगवानीश्वर एवेति ॥

(અનુવાદ)

પૂર્વપક્ષ—પ્રત્યક્ષાદિ પ્રમાણથી જણાતા એવા સ્થાવર અને જંગમ રૂપ ત્રણે જગતનો અનિર્વચનીય અગમ્યસ્વરૂપવાળો કોઈ પુરુષ વિશેષ કર્તા છે; તે અનુમાન પ્રમાણથી આ રીતે સિદ્ધ થાય છેઃ—પૃથ્વી, પર્વત, વૃક્ષ આદિ પદાર્થો બુદ્ધિમાન કર્તાથી જન્ય છે, કેમ કે તે સર્વે કાર્યરૂપ છે, જે જે કાર્ય હોય છે તે તે કોઇને કોઈ કર્તાથી જન્ય હોય. દા. ત. ઘટ. ઘટ કાર્યરૂપ હોવાથી જેમ કુલાલાદિ(કુંભાર આદિ)થી જન્ય છે, તેમ પૃથ્વી પૃથ્વીધરાદિ પણ કાર્યરૂપ હોવાથી કોઇ બુદ્ધિમાન કર્તાથી જન્ય છે. જે કાર્ય નથી તે બુદ્ધિમાન કર્તાથી જન્ય પણ નથી. જેમકે આકાશાદિ નિત્ય પદાર્થ કાર્ય નથી, તો તેનો કોઇ કર્તા પણ નથી, માટે પૃથ્વી પૃથ્વીધરાદિ કાર્યનો કોઈ અવશ્ય કર્તા છે. જે કર્તા છે તે જ ભગવાન ઈશ્વર છે.

(टीका) न चायमसिद्धो हेतुः, यतो भूभूधरादेः स्वस्वकारणकलापजन्यतया अवयवितया वा कार्यत्वं सर्ववादिनां प्रतीतमेव । नाप्यनैकान्तिको विरुद्धो वा । विपक्षादत्यन्तव्यावृत्तत्वात् । नापि कालात्ययापदिष्टः । प्रत्यक्षानुमानागमाबाधित-

धर्मधर्म्यनन्तरप्रतिपादितत्वात् । नापि प्रकरणसमः तत्प्रतिपन्थिधर्मोपपादनसमर्थ-प्रत्यनुमानाभावात् ।

(અનુવાદ)

વળી 'કાર્યત્વ' હેતુ અસિદ્ધ નથી. કેમકે પૃથ્વી, પર્વત આદિ પોતપોતાનાં કારણ સમૂહથી જન્ય અથવા તો અવયવી સ્વરૂપ હોઈને કાર્ય છે, તે સર્વ દર્શનકારોને પ્રતીત છે; માટે કાર્યત્વ હેતુ પક્ષમાં રહેવાથી અસિદ્ધ દોષથી ગ્રસ્ત નથી. તેમજ કાર્યત્વ હેતુ નિત્યપદાર્થરૂપ (અકાર્યરૂપ) વિપક્ષમાં નહીં રહેવાથી વ્યભિચારી અને વિરૂદ્ધ દોષોથી યુક્ત નથી. પ્રત્યક્ષ, અનુમાન તથા આગમ પ્રમાણથી ધર્મ ધર્મી અબાધિત હોવાને કારણે બાધ દોષથી રહિત છે. તેમજ બુદ્ધિમત્કર્તૃકત્વાભાવરૂપ સાધ્યાભાવને સિદ્ધ કરનાર અન્ય કોઈ પ્રતિપક્ષી અનુમાન નહીં હોવાથી સત્પ્રતિપક્ષ દોષથી પણ રહિત છે.

(टीका) न च वाच्यम्, ईश्वरः पृथ्वीपृथ्वीधरादेर्विधाता न भवति, अशरीरत्वात्, निर्वृत्तात्मवत्, इति प्रत्यनुमानं तद्बाधकमिति । यतोऽत्रेश्वररूपो धर्मी प्रतीतोऽप्रतीतो वा प्ररूपितः ? न तावदप्रतीतः हेतोराश्रयासिद्धिप्रसङ्गात् । प्रतीतश्चेत्, येन प्रमाणेन स प्रतीतस्तेनैव किं स्वयमुत्पादितस्वतनुर्न प्रतीयते । इत्यतः कथमशरीरत्वम् ? तस्मान्निरवद्य एवायं हेतुरिति ।

(અનુવાદ)

અહીં પ્રતિવાદી કહે છે કે ઈશ્વર પૃથિવી પર્વત આદિનો કર્તા નથી. કેમકે ઈશ્વર અશરીરી છે. જેમ મુક્તાત્મા અશરીરી છે માટે તે કોઈપણ કાર્યનો કર્તા નથી, તેમ ઈશ્વર પણ અશરીરી હોવાથી કોઈપણ કાર્યનો કર્તા બની શકતો નથી. આ પ્રતિપક્ષી અનુમાન તેનો બાધક હોવાથી કાર્યત્વ હેતુ પ્રકરણસમ (સત્પ્રતિપક્ષ) હેત્વાભાસથી દૂષિત છે. વૈશેષિક દર્શનકાર કહે છે : આમ કહેવું તે બરાબર નથી, કેમકે આપના આ અનુમાનમાં જે ધ્રુવરૂપ ધર્મી(પક્ષ) છે તે કોઈપણ પ્રમાણથી સિદ્ધ છે કે અસિદ્ધ ? યદિ અસિદ્ધ છે તો પક્ષમાં અશરીરત્વ હેતુ નહીં રહેવાથી આશ્રયાસિદ્ધ દોષ આવશે. જો કહેશો કે પ્રતીત (સિદ્ધ) છે તો જે પ્રમાણ વડે સિદ્ધ છે, તેજ પ્રમાણથી ઈશ્વરે સ્વયં ઉત્પન્ન કરેલું ઈશ્વરનું શરીર કેમ પ્રતીત ન થઇ શકે ? માટે ઈશ્વરને અશરીરી કહી શકાશે નહીં; અર્થાત્ અશરીરત્વ હેતુ બની શકશે નહીં; માટે ઈશ્વરમાં કર્તૃત્વ સિદ્ધ કરવા અમારો કાર્યત્વ હેતુ કોઇપણ દોષથી ગ્રસ્ત નથી; અર્થાત્ નિરવદ્ય છે.

(टीका) स चैक इति । चः पुनरर्थे । स पुनः पुरुषविशेषः, एकः अद्वितीयः । बहूनां हि विश्वविधातृत्वस्वीकारे परस्परविमतिसंभावनाया अनिवार्यत्वात् एकैकस्य वस्तुनोऽन्यान्यरूपतया निर्माणे सर्वमसमञ्जसमापद्येत इति ।

(અનુવાદ)

વળી તે પુરુષવિશેષ ઈશ્વર જગતના કર્તા તરીકે એક જ છે. કારણ કે જગતના કર્તા જો ઘણા હોય તો પરસ્પરમાં ભિન્ન ભિન્ન મતિની સંભાવના સહજ હોય જ અને તેથી

એકેક વસ્તુનું અન્ય અન્ય રૂપે નિર્માણ થવાથી પ્રત્યેક વસ્તુમાં અસમંજસપણું પ્રાપ્ત થાય. માટે જગત્કર્તા એક જ ઈશ્વર છે.

(टीका) तथा स सर्वग इति । सर्वत्र गच्छतीति सर्वगः—सर्वव्यापी । तस्य हि प्रतिनियतदेशवर्तित्वेऽनियतदेशवृत्तीनां विश्वत्रयान्तर्वर्तिपदार्थसार्थानां यथावन्निर्माणानुपपत्तिः । कुम्भकारादिषु तथा दर्शनाद् । अथवा सर्वं गच्छति जानातीति सर्वगः सर्वज्ञः "सर्वे गत्यर्था ज्ञानार्थाः" इति वचनात् । सर्वज्ञत्वाभावे हि यथोचितोपादानकारणाद्यनभिज्ञत्वाद् अनुरूपकार्योत्पत्तिर्न स्यात् ॥

(अनुवाद)

તેમજ તે ઈશ્વરનું સર્વ ઠેકાણે રહેવાપણું હોવાથી તે સર્વવ્યાપી છે. જો ઈશ્વર નિયત દેશમાં જ રહેતો હોય તો અનિયત દેશમાં રહેતા ત્રણે જગતના પદાર્થોના સમૂહનું યથાવસ્થિત નિર્માણ થઇ શકે નહીં. જેમકે કુલાલાદિ (કુંભકારાદિ) નિયત દેશમાં રહીને જ નિયત ઘટાદિ કાર્યને કરી શકે છે તેમ ઈશ્વર પણ અમુક દેશમાં રહેલ હોય તો અમુક (નિયત) કાર્યને જ કરે; પરંતુ સમસ્ત કાર્યને કરી શકે નહીં, તેથી ઈશ્વરમાં સર્વવ્યાપીપણું સિદ્ધ થાય છે. અથવા તો सर्वे गति અર્થને કહેનારા ધાતુઓ જ્ઞાનાર્થનાં પણ દ્યોતક છે. તેથી सर्वं गच्छतीति' સર્વ વસ્તુને જાણે તે સર્વજ્ઞ કહેવાય છે. આથી ઈશ્વર સર્વ વસ્તુને જાણનાર છે. યદિ ઈશ્વરમાં સર્વજ્ઞપણું ના હોય તો યથાયોગ ઉપાદાનાદિ કારણોને અનુરૂપ કાર્યોની રચના થઇ શકે નહીં અને ઈશ્વર તો તે તે કારણોને અનુરૂપ જ કાર્યોના કર્તા છે. તેથી ઈશ્વરમાં સર્વજ્ઞપણાની સિદ્ધિ થાય છે.

(टीका) तथा स स्ववशः स्वतन्त्रः, सकलप्राणिनां स्वेच्छया सुखदुःखयोरनुभावनसमर्थत्वात् । तथा चोक्तम्·

ईश्वरप्रेरितो गच्छेत् स्वर्गं वा श्वभ्रमेव वा ।
अन्यो जन्तुरनीशोऽयमात्मनः सुखदुःखयोः ॥

पारतन्त्र्ये तु तस्य परमुखप्रेक्षितया मुख्यकर्तृत्वव्याघाताद् अनीश्वरत्वापत्तिः ॥

(अनुवाद)

તેમજ ઈશ્વર સ્વતંત્ર છે; કેમ કે જીવમાત્રને પોતાની ઇચ્છાનુસાર સુખદુઃખનો અનુભવ કરાવવા સમર્થ છે. તેમજ કહ્યું પણ છે કેઃ ઈશ્વરની પ્રેરણાથી જ પ્રાણી સ્વર્ગ અથવા નર્કમાં જાય છે. કેમકે સુખદુઃખને પ્રાપ્ત કરવામાં પ્રાણી સ્વયં અસમર્થ છે.' અર્થાત્ દરેકને સુખદુઃખનું વેદન ઈશ્વરની ઇચ્છાથી જ પ્રાપ્ત થાય છે. જો ઈશ્વરને પરતંત્ર માનવામાં આવે તો પરની અપેક્ષા રાખવાથી ઈશ્વરમાં મુખ્યકર્તાપણાનો વ્યાઘાત થાય. અને તેથી ઈશ્વરમાં અનીશ્વરપણાની આપત્તિ આવે. માટે ઈશ્વર સ્વયં સ્વતંત્ર છે.

(टीका) तथा स नित्य इति । अप्रच्युतानुत्पन्नस्थिरैकरूपः । तस्य ह्यनित्यत्वे परोत्पाद्यतया कृतकत्वप्राप्तिः । अपेक्षितपरव्यापारो हि भावः स्वभावनिष्पत्तौ कृतक इत्युच्यते । यश्चापरस्तत्कर्ता कल्प्यते, स नित्योऽनित्यो वा स्यात् ? नित्य-

श्वेत् अधिकृतेश्वरेण किमपराद्धम् ? अनित्यश्चेत् तस्याप्युत्पादकान्तरेण भाव्यम् । तस्यापि नित्यानित्यत्वकल्पनायां अनवस्थादौस्थ्यमिति ॥

તેમજ ઈશ્વર અવિનાશી, અનુત્પન્ન અને સ્થિર એક રૂપ છે, અર્થાત્ નિત્ય છે. યદિ ઈશ્વર અનિત્ય હોય તો તેની બીજાથી ઉત્પત્તિ થવા વડે ઈશ્વરમાં કાર્યપણું પ્રાપ્ત થશે. કેમકે જે કાર્ય હોય છે તે પોતાની ઉત્પત્તિ પ્રત્યે પરની અપેક્ષા રાખે છે. અને આ રીતે ઈશ્વરને જો અનિત્ય માનવામાં આવે તો તે અધિકૃત ઈશ્વરનો અન્ય કોઇ કર્તા માનવો પડે ! પછી તે ઈશ્વરનો ઉત્પાદક અન્ય ઈશ્વર નિત્ય છે કે અનિત્ય ? જો તે અન્ય ઈશ્વર નિત્ય હોય તો આ અધિકૃત ઈશ્વરનો શું અપરાધ છે કે જેથી તેને અનિત્ય માનવો ? જો કહેશો કે 'તે અન્ય ઈશ્વર અનિત્ય છે' તો તે અન્ય ઈશ્વરના કર્તા ને પણ કોઇ અન્ય ઈશ્વરની અપેક્ષા રહેશે ! વળી તે અન્યનો ઉત્પાદક ઈશ્વર પણ નિત્ય છે કે અનિત્ય ? આ પ્રકારે અન્ય અન્ય ઈશ્વરમાં નિત્યાનિત્યની કલ્પના કરવાથી "अप्रामाणिक कल्पनानी अविश्रान्तिरूप" अनवस्था दोष आवशे. माटे એમ નહી માનતાં, ઈશ્વર સ્વયં નિત્ય છે તેમ માનવું જ શ્રેષ્ઠ છે !

(टीका) तदेवमेकत्वादिविशेषणविशिष्टो भगवानीश्वरस्त्रिजगत्कर्तेति पराभ्युपगममुपदर्श्य उत्तरार्धेन तस्य दुष्टत्वमाचष्टे । इमाः एताः, अनन्तरोक्ताः कुहेवाकविडम्बनाः—कुत्सिता हेवाकाः—आग्रहविशेषाः कुहेवाकाः कदाग्रहा इत्यर्थः । त एव विडम्बनाः विचारचातुरीबाह्यत्वेन तिरस्काररूपत्वाद् विगोपकप्रकाराः । स्युः भवेयुः । तेषां प्रामाणिकापसदानाम् । येषां हे स्वामिन् त्वं नानुशासकः न शिक्षादाता ॥

(અનુવાદ)

ઉત્તરપક્ષઃ- ઇતર દાર્શનિકો ભગવાન ઈશ્વરને એકત્વ નિત્યત્વ આદિ વિશેષણોથી યુક્ત માને છે. તે જણાવીને હવે, શ્લોકના ઉત્તરાર્ધમાં, તેઓની આ એક પ્રકારની વિડંબનાને જણાવતાં કહે છે કે 'તેઓ સદ્ વિચારથી બાહ્ય હોઈને તિરસ્કારને પ્રાપ્ત છે. આથી પ્રામાણિક પુરુષોમાં કનિષ્ઠ એવા તેઓને જ આવા પ્રકારની વિડંબના છે કે જેઓનો હે સ્વામિન્ ! તું અનુશાસક નથી.

(टीका) तदभिनिवेशानां विडम्बनारूपत्वज्ञापनार्थमेव पराभिप्रेतपुरुषविशेषणेषु प्रत्येकं तच्छब्दप्रयोगमसूयागर्भमाविर्भावयाञ्चकार स्तुतिकारः । तथा चैवमेव निन्दनीयं प्रति वक्तारो वदन्ति । स मूर्खः स पापीयान् स दरिद्र इत्यादि । त्वमित्येकवचनसंयुक्तयुष्मच्छब्दप्रयोगेण परमेशितुः परमकारूणिकतयानपेक्षितस्वपरपक्षविभागमद्वितीयं हितोपदेशकत्वं ध्वन्यते ॥

(અનુવાદ)

તેમજ તે વૈશેષિકોની કદાગ્રહરૂપ વિડંબના બતાવવાને માટે સ્તુતિકારે પરને માન્ય ઈશ્વરનું વર્ણન કરતાં વારંવાર 'तत्' શબ્દનો પ્રયોગ કરેલ છે. જેમ કોઈ એક નિન્દનીય જન પ્રત્યે વક્તાઓ વારંવાર 'તે પાપી, તે મૂર્ખ, તે દરિદ્રી' ઈત્યાદિ વચનનો પ્રયોગ કરે છે. કેમકે તે એક જાતનો નિન્દા પ્રકાર છે, તેમ અહિંયા પણ સ્તુતિકારે વારંવાર 'तत्' શબ્દના પ્રયોગ વડે તેના પ્રત્યે અણગમો પ્રગટ કર્યો છે. તેમ જ પરમેશ્વર અત્યંત કારુણિક હોવાને કારણે સ્વપરપક્ષના ભેદભાવ(પક્ષપાત) વિના જગતમાં હિતોપદેશક ભગવાન જિનેશ્વરદેવ એ એક જ છે. તે જણાવવા માટે એકવચનયુક્ત 'युष्मत्' શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે.

(ટીકા) अतोऽत्रायमाशयः । यद्यपि भगवानविशेषेण सकलजगज्जन्तुजातहितावहां सर्वेभ्य एव देशनावाचमाचष्टे तथापि सैव केषाञ्चिद् निचितनिकाचितपापकर्मकलुषितात्मनां रुचिरूपतया न परिणमते । अपुनर्बन्धकादिव्यतिरिक्तत्वेनायोग्यत्वात् । तथा च कादम्बर्यां बाणोऽपि बभाण–"अपगतमले हि मनसि स्फटिकमणाविव रजनिकरगभस्तयो विशन्ति सुखमुपदेशगुणाः ।' गुरूवचनममलमपि सलिलमिव महदुपजनयति श्रवणस्थितं शूलमभव्यस्य इति । अतो वस्तुवृत्त्या न तेषां भगवाननुशासक इति ।

(અનુવાદ)

તાત્પર્ય આ છે : યદ્યપિ ભગવાન સકલ પ્રાણીઓના સમૂહને વિના પક્ષપાતે એક સરખી હિતકારી દેશના આપનારા છે, તો પણ કેટલાક જીવો કે જેવા—પૂર્વે બાંધેલા તીવ્રકર્મના ઉદયવાળા, તેમ જ ઉદીરણા, અપવર્તનાદિ સર્વ કરણથી અસાધ્ય એવા નિકાચિત કર્મના ઉદયવાળા જીવોને તે સુધાસારિણી એવી હિતકારી પણ દેશના રુચિકર ન લાગે. અર્થાત્ જેનો પુદ્ગલ પરાવર્તનથી વધુ સંસાર ના હોય, તેવા અપુનર્બન્ધકપણાનો અભાવ હોવાથી રુચિકર ના લાગે, તેમાં કંઈ જગદ્ગુરુની લઘુતા નથી ! તેમ જ કાદંબરીમાં બાણકવિએ પણ કહ્યું છે કે 'જેમ સ્વચ્છ એવા સ્ફટિક રત્નમાં ચંદ્રનાં કિરણો સુખેથી પ્રવેશી શકે છે, તેમ જેનો કર્મમલ ચાલ્યો ગયો છે, તેવા સ્વચ્છ અંતઃકરણમા મહાત્માનો હિતોપદેશ સુખકર નીવડે છે. પરંતુ ભારે કર્મી' એવા અયોગ્ય આત્માને નિર્મલ એવું ગુરુનું વચન કર્ણને વિષે પાણીની જેમ શલ્યરૂપ લાગે છે ! તેમાં તે તે જીવોની અયોગ્યતા જ કારણ છે. વાસ્તવિકતા તો આ છે કે ભગવાન દુરાગ્રહી પુરુષોના અનુશાસક-ઉપદેશક નથી.

(ટીકા) न चैतावता जगद्गुरोरसामर्थ्यसम्भावना । न हि कालदष्टमनुज्जीवयन् समुज्जीवितेतरदष्टको विषभिषगुपालभ्भनीयः अतिप्रसंगात् । स हि तेषामेव दोषः । न खलु निखिलभुवनाभोगमवभासयन्तोऽपि भानवीया भानवः कौशिकलोकस्यालोक हेतुतामभजमाना उपालम्भसम्भावनास्पदम् । तथा च श्रीसिद्धसेनः–

"सद्धर्मबीजवपनानघकौशलस्य यल्लोकबान्धव ! तवापि खिलान्यभूवन् ।
तान्नाद्भुत खगकुलेष्विह तामसेषु सूर्यांशवो मधुकरीचरणावदाताः ॥"

(અનુવાદ)

આ પ્રમાણે તથા પ્રકારના જીવોને ભગવાનનાં વચનોની અસર ના થાય તેમાં કંઈ ભગવાનની અસમર્થતા નથી; કેમકે ભયંકર કાલ સર્પના ડંખથી ડસાયેલ મનુષ્ય પર નિષ્ણાત વિષનાશક વૈદ્ય અનેક પ્રકારના પ્રયોગો કરે છતાં પણ તે ના જીવે. અને તે જ વૈદ્ય તેવા પ્રકારના ઉપચાર કરીને સામાન્ય સર્પના ડંખથી ડસાયેલ મનુષ્યને જીવાડી શકે છે; તેમાં કંઈ તે વૈદ્યનો દોષ નથી; પરંતુ તે કાલ સર્પના ડંખથી ડસાયેલી વ્યક્તિનો છે. તેવીજ રીતે સમસ્ત જગતને પ્રકાશિત કરવામાં સમર્થ એવાં સૂર્યનાં કિરણો હોવા છતાં પણ ઘુવડ આદિને તે કિરણો પ્રકાશના કારણરૂપ નથી બનતાં, તેમાં કંઇ સૂર્યના કિરણો ઉપાલંભને પાત્ર નથી, પરંતુ તે તે જીવોની વિચિત્રતા જ કારણરૂપ છે. તેમજ શ્રી સિદ્ધસેન મહારાજે પણ કહ્યું છે કે 'હે જગદ્બંધુ ! સદ્ધર્મરૂપી બીજનું વાવેતર કરવામાં આપની અદ્ભુત દક્ષતા હોવા છતાં પણ દુરાગ્રહી લોકો પ્રત્યે આપ નિષ્ફળ નીવડયા, તેમાં કંઈ આશ્ચર્ય પામવા જેવું નથી ! કેમકે અંધકારમાં જ ચાલવાના સ્વભાવવાળાં ઘુવડ આદિ પક્ષીઓના સમૂહ પ્રત્યે તેજસ્વી એવા પણ સૂર્યનાં કિરણો ભ્રમરીનાં ચરણ (પગ) સમાન શ્યામવર્ણનાં લાગે છે, તેથી કંઈ સૂર્યમાં સામર્થ્યનો અભાવ પ્રગટ થતો નથી. તેવીજ રીતે જગદ્ગુરુમાં સંપૂર્ણ જગતને તારવારૂપ વિશિષ્ટ પ્રકારની શક્તિ હોવા છતાં પણ કદાગ્રહી લોકોને અસર ન થાય તેમાં કંઇ ભગવંતની અસમર્થતા નથી, પરંતુ તે તે જીવોની અયોગ્યતા જ કારણરૂપ છે

(ટીકા) अथ कथमिव तत् कुहेवाकानां विडम्बनारूपत्वम् इति । ब्रूमः । यत्तावदुक्तं परैः 'क्षित्यादयो बुद्धिमत्कर्तृकाः कार्यत्वाद् घटवदिति' । तदयुक्तम्, व्याप्तेरग्रहणात् । "साधनं हि सर्वत्र व्याप्तौ प्रमाणेन सिद्धायां साध्यं गमयेत्" इति सर्ववादिसंवादः । स चायं जगन्ति सृजन् सशरीरोऽशरीरो वा स्यात् ? सशरीरोऽपि किमस्मदादिवद् दृश्यशरीरविशिष्टः, उत पिशाचादिवददृश्यशरीरविशिष्टः ? प्रथमपक्षे प्रत्यक्षबाधः तमन्तरेणापि च जायमाने तृणतरुपुरन्दरधनुरभ्रादौ कार्यत्वस्य दर्शनात् प्रमेयत्वादिवत् साधारणानैकान्तिको हेतुः ।

(અનુવાદ)

હવે તે વૈશેષિક લોકોની દુરાગ્રહરૂપ વિડંબના કેવા પ્રકારની છે, તે બતાવતા ગ્રન્થકાર કહે છે કે; "જે વૈશેષિક લોકોવડે ઈશ્વરની સિદ્ધિ માટે 'પૃથ્વી, પર્વત આદિ ઘટની જેમ બુદ્ધિમાન કર્તાથી જન્ય છે, કાર્યરૂપ હોવાથી.' આવા પ્રકારના અનુમાનનો પ્રયોગ કરવામાં આવ્યો છે, તે અયુક્ત છે, કેમકે આપના આ અનુમાનમાં 'જ્યાં જ્યાં કાર્યત્વ છે, ત્યાં ત્યાં બુદ્ધિમાન કર્તાથી જન્ય છે' આવી વ્યાપ્તિ ઘટી શકતી નથી. કારણ કે પ્રમાણ દ્વારા સર્વત્ર વ્યાપ્તિ સિદ્ધ હોય તો તે સાધનથી સાધ્યની સિદ્ધિ થાય છે. તેથી જ અહીં પ્રશ્ન થાય છે કે જગત્કર્તા ઈશ્વર શરીરસહિત છે કે શરીર રહિત છે ? હવે જો તે સશરીરી છે તો અમારી જેમ પ્રત્યક્ષ શરીરવાન છે કે પિશાચાદિની જેમ અદૃશ્ય શરીરવાન છે ? યદિ ઈશ્વરનું શરીર અમારી જેમ પ્રત્યક્ષ હોય તો તેમાં પ્રત્યક્ષ બાધ આવે છે; કેમકે

હજુસુધી કોઇ શરીરધારી ઇશ્વર જોવામાં આવ્યો નથી. વળી તૃણ (ઘાસ) વૃક્ષ, ઇદ્રધનુષ્ય, વાદળ આદિ કાર્યો ઇશ્વર વિના પણ ઉત્પન્ન થતાં દેખાય છે. જેમ 'पर्वतो वह्निमान् प्रमेयत्वात्' આ અનુમાનમાં 'પ્રમેયત્વ' હેતુ જેમ સાધ્યવાન પર્વતમાં રહે છે તેમ સાધ્યાભાવવાન સરોવરાદિમાં પણ છે. માટે 'પ્રમેયત્વ' હેતુ જેમ સાધારણ અનૈકાન્તિક છે તેમ કાર્યત્વ હેતુ પણ સશરીરી ઇશ્વરથી બનાવાયેલા પદાર્થોમાં છે અને ઇશ્વરથી નહીં બનાવાયેલ ઘાસ આદિ પદાર્થમાં પણ રહે છે. તેથી 'કાર્યત્વ' હેતુ સાધારણ અનૈકાન્તિક હેત્વાભાસ દોષથી યુક્ત છે.

(ટીકા) द्वितीयविकल्पे पुनरदृश्यशरीरत्वे तस्य माहात्म्यविशेषः कारणम्, आहोस्विदस्मदाद्यदृष्टवैगुण्यम् ? प्रथमप्रकारः कोशपानप्रत्यायनीयः, तत्सिद्धौ प्रमाणाभावात् । इतरेतराश्रयदोषापत्तेश्च । सिद्धे हि माहात्म्यविशेषे तस्यादृश्यशरीरत्वं प्रत्येतव्यम् । तत्सिद्धौ च माहात्म्यविशेषसिद्धिरिति । द्वैतीयिकस्तु प्रकारो न संचरत्येव विचारगोचरे; संशयानिवृत्तेः । किं तस्यासत्त्वाद् अदृश्यशरीरत्वं वान्ध्येयादिवत् किं वास्मदाद्यदृष्टवैगुण्यात् पिशाचादिवदिति निश्चयाभावात् ।

(અનુવાદ)

જો કહેશો કે ઇશ્વરનું શરીર પિશાચ આદિની જેમ અદૃશ્ય છે તો તે કોઈ માહાત્મ્ય વિશેષથી અદૃશ્ય છે કે અમારા દુર્ભાગ્યથી અદૃશ્ય છે ? જો કોઈ માહાત્મ્ય વિશેષથી અદૃશ્ય માનવામાં આવે તો સોગંદપૂર્વક પ્રતીતિ કરાવવા સમાન છે. અથવા તો તેની સિદ્ધિમાં કોઈ પ્રમાણ નહીં હોવાથી વિશ્વાસ કરવા યોગ્ય નથી ! તેમ જ માહાત્મ્ય વિશેષથી અદૃશ્ય શરીરની સિદ્ધિ અને અદૃશ્ય શરીરથી માહાત્મ્યવિશેષની સિદ્ધિ, તે રૂપ ઇતરેતરાશ્રય દોષ પણ આવશે. જો કહેશો કે અમારા દુર્ભાગ્યથી ઇશ્વરનું શરીર દૃષ્ટિગોચર થઇ શકતું નથી. તો પણ તે વિચારસહ નથી. કેમકે ત્યાં પણ પ્રશ્ન થાય છે કે : ઇશ્વરનું શરીર અમારા દુર્ભાગ્યથી અદૃશ્ય છે કે વન્ધ્યાપુત્રની જેમ તદ્દન અસત્ છે માટે અદૃશ્ય છે ? તેવા પ્રકારનો કોઈ નિર્ણય નહીં થવાથી દ્વિતીયપક્ષ પણ યુક્તિયુક્ત નથી.

(ટીકા) अशरीरश्चेत् तदा दृष्टान्तदार्ष्टान्तिकयोर्वैषम्यम् । घटादयो हि कार्यरूपाः सशरीरकर्तृका दृष्टाः । अशरीरस्य च सतस्तस्य कार्यप्रवृत्तौ कुतः सामर्थ्यम् आकाशादिवत् । तस्मात् सशरीराशरीरलक्षणे पक्षद्वयेऽपि कार्यत्वहेतोर्व्याप्त्यसिद्धिः ।

(અનુવાદ)

જો ઇશ્વરને અશરીરી માનવામાં આવે તો દૃષ્ટાંત દાર્ષ્ટાન્તિકમાં વિષમતા આવશે. કેમકે દૃષ્ટાંતરૂપ ઘટાદિકાર્ય શરીરથી બનાવેલા દેખાય છે અને દાર્ષ્ટાન્તિક રૂપ જગતનું અશરીરી એવા ઇશ્વરથી નિર્માણ થાય, માટે દૃષ્ટાંત-દાર્ષ્ટાન્તિક બન્નેમાં વિષમતા આવે છે. વળી જેમ આકાશ અશરીરી હોવાથી કોઈપણ કાર્ય કરવામાં સમર્થ નથી, તેમ અશરીરી ઇશ્વર પણ કાર્ય કરવામાં સમર્થ થઇ શકશે નહી. આ પ્રકારે સશરીર

અને અશરીર એ બન્ને પક્ષમાં 'કાર્યત્વ' હેતુની 'સકર્તૃકત્વ' રૂપ સાધ્યની સાથે વ્યાપ્તિ ઘટી શકતી નથી.

(टीका) किञ्च त्वन्मतेन कालात्ययापदिष्टोऽप्ययं हेतुः । धर्म्येकदेशस्य तरुविद्युदभ्रादेरिदानीमप्युत्पद्यमानस्य विधातुरनुपलभ्यमानत्वेन प्रत्यक्षबाधितधर्म्यनन्तरं हेतुभणनात् । तदेवं न कश्चिद् जगतः कर्ता । एकत्वादीनि तु जगत्कर्तृत्वव्यवस्थापनायानीयमानानि तद्विशेषणानि षण्ढं प्रति कामिन्या रूपसंपन्निरुपणप्रायाण्येव । तथापि तेषां विचारासहत्वख्यापनार्थं किञ्चिदुच्यते ॥

(અનુવાદ)

વળી તમારા મતમાં જે 'કાર્યત્વ' હેતુ છે, તે પ્રત્યક્ષ પ્રમાણથી બાધિત છે; કેમકે જગતરૂપ ધર્મીનો એક ભાગ કે જે વૃક્ષ, વિજળી, વાદળ આદિ, તે કોઈપણ કર્તાથી બનાવાયેલા દેખાતા નથી, પરંતુ તે સ્વતઃસિદ્ધ હોય છે. માટે 'કાર્યત્વ' હેતુ 'બાધ' દોષથી દૂષિત છે.

આ પ્રકારે ઈશ્વરમાં જગત્કર્તૃત્વની સિદ્ધિ થઈ શકતી નથી. અને જગત્કર્તા તરીકે ઈશ્વરની સિદ્ધિ નહીં થઇ શકતી હોવાથી તેની સિદ્ધિ માટે તમે (વૈશેષિકદર્શનકારોએ) આપેલાં એકત્વાદિ વિશેષણો ખરેખર, નપુંસકની આગળ સ્ત્રીઓનાં રૂપ લાવણ્ય આદિનું નિરૂપણ કરવા બરાબર છે ! અર્થાત્ તે સર્વ વિશેષણો નિષ્ફળ છે. તેઓનું અવિચારીપણું જણાવવા કંઈક કહીએ છીએ.

(टीका) तत्रैकत्वचर्चस्तावत् । बहूनामेककार्यकरणे वैमत्यसम्भावना इति नायमेकान्तः । अनेककीटिकाशतनिष्पाद्यत्वेऽपि शक्रमूर्ध्नः, अनेकशिल्पिकल्पितत्वेऽपि प्रासादादीनां, नैकसरघानिर्वर्तितत्वेऽपि मधुच्छत्रादीनां चैकरूपताया अविगानेनोपलम्भात् । अथैतेष्वप्येक एवेश्वरः कर्तेति ब्रुषे । एवं चेद् भवतो भवानीपतिं प्रतिनिष्प्रतिमा वासना, तर्हि कुविन्दकुम्भकारादितिरस्कारेण पटघटादीनामपि कर्ता स एव किं न कल्प्यते ? अथ तेषां प्रत्यक्षसिद्धं कर्तृत्वं कथमपह्नोतुं शक्यम् ? तर्हि कीटिकादिभिः किं तव विराद्धं यत् तेषामसदृशतादृशप्रयाससाध्यं कर्तृत्वमेकहेलयैवापलप्यते ? तस्माद् वैमत्यभयाद् महेशितुरेकत्वकल्पना भोजनादिव्ययभयात् कृपणस्यात्यन्तवल्लभपुत्रकलत्रादिपरित्यजनेन शून्यारण्यानीसेवनमिवाभासते ॥

(અનુવાદ)

હવે પ્રથમ એકત્વની ચર્ચા કરવામાં આવે છે : જો ઘણા ઈશ્વર માનવામાં આવે તો તેઓ દ્વારા થતા જગતરૂપ એક કાર્યમાં મતિભેદની સંભાવનાથી, કાર્યમાં એકરૂપતા થઈ શકે નહીં; માટે જગત્કર્તા ઈશ્વર એક જ છે; અન્યદર્શનકારોનું આવા પ્રકારનું કથન યથાર્થ નથી; કેમકે એવો કોઈ એકાન્તે નિયમ નથી કે ઘણા પુરૂષો દ્વારા થતા કાર્યમાં વિરૂપતા આવે ! કેમકે સેંકડો કીડીઓએ બનાવેલ રાફડો, અનેક શિલ્પીઓએ બનાવેલ

એક મહેલ, તેમજ અનેક મધમાખીઓએ બનાવેલો મધપુડો...ઇત્યાદિ કાર્યોમાં એકરૂપતાનો વિરોધ જણાતો નથી.

તો પણ કદાચ અન્યદર્શનકાર કહે કે : 'પ્રાસાદ, મધપુડા આદિના પણ કર્તા ઈશ્વર જ છે.' તો તેનો ઉત્તર સીધો જ છે : તમારી ઈશ્વર પ્રત્યેની એક અસાધારણ શ્રદ્ધા જ આ કથનમાં પ્રગટ થાય છે ! કેમકે જો રાફડા આદિના કર્તા પણ ઈશ્વર જ હોય, તો કુંભાર વણકર (સાળવી) આદિનો ત્યાગ કરીને ઘટ પટ આદિ પ્રત્યેક કાર્યોના કર્તા પણ ઈશ્વર કેમ ન થઇ શકે ? એમ ન કહેશો કે 'ઘટ પટ આદિ કાર્યોના કર્તા કુંભકાર, વણકર આદિ તો પ્રત્યક્ષ સિદ્ધ છે, તેથી તેનો અપલાપ કરવો ચોગ્ય નથી.' જો એમ કહેશો તો અમે પૂછીએ છીએ કે : 'કીડી આદિનો શું અપરાધ છે કે જે સતત પરિશ્રમથી સાધ્ય એવા રાફડા આદિ કાર્યોના કર્તા તરીકે તેઓનો ફડાક દઇને અપલાપ કરો છો ? આથી પરસ્પર મતિભેદના ભયથી ઈશ્વરની એકત્વકલ્પના, તે ખરેખર ભોજન આદિ ખર્ચના ભયથી કોઇ કૃપણ પુરુષ પોતાને અત્યંત પ્રિય સ્ત્રી-પુત્ર આદિ સ્વજનોનો ત્યાગ કરીને શૂન્ય જંગલમાં આશ્રય કરે, તેના જેવી છે. અર્થાત્ જેમ કૃપણ પુરૂષ ખર્ચના ભયથી સ્વજનોનો ત્યાગ કરીને જંગલમાં વસે છે, તેમ તમે પણ મતિભેદના ભયથી ઈશ્વરની એકત્વકલ્પના કરો છો, એટલે કે ઈશ્વર એક જ માનો છો.

(ટીકા) तथा सर्वगतत्वमपि तस्य नोपपन्नम् । तद्धि शरीरात्मना, ज्ञानात्मना वा स्यात् ? प्रथमपक्षे तदीयेनैव देहेन जगत्त्रयस्य व्याप्तत्वाद् इतरनिर्मेयपदार्थानामाश्रयानवकाशः । द्वितीयपक्षे तु सिद्धसाध्यता । अस्माभिरपि निरतिशयज्ञानात्मना परमपुरुषस्य जगत्त्रयक्रोडीकरणाभ्युपगमात् । यदि परमेवं भवत्प्रमाणीकृतेन वेदेन विरोधः । तत्र हि शरीरात्मना सर्वगतत्वमुक्तम्–"विश्वतश्चक्षुरुत विश्वतो मुखो विश्वतः पाणिरुत विश्वतःपात्" इत्यादि श्रुतेः ।

(અનુવાદ)

હવે સર્વગતપણાની ચર્ચા કરતાં ગ્રંથકાર કહે છે કેઃ ઈશ્વરનું સર્વવ્યાપિપણું યુક્ત નથી. તે આ પ્રમાણે :--ઈશ્વર શરીરની અપેક્ષાએ સર્વવ્યાપી છે કે જ્ઞાનની અપેક્ષાએ ? શરીરની અપેક્ષાએ સર્વવ્યાપી હોય તો ઈશ્વરનું જ શરીર ત્રણે જગતમાં વ્યાપ્ત થવાથી બાકી સર્વે નિર્માણ કરવા ચોગ્ય (બનાવવા ચોગ્ય) પદાર્થોને રહેવા માટેનું કોઈ સ્થાન જ નહીં રહે !

જો જ્ઞાનની અપેક્ષાએ સર્વવ્યાપી કહેશો તો સિદ્ધ સાધન દોષ આવશે. કેમકે અમે (જૈનદર્શન) પણ નિરતિશય એવા અનંત જ્ઞાન વડે પરમાત્મા ત્રણે જગતમાં વ્યાપીને રહેલા છે; એમ માનીએ છીએ. વળી આપના મતે તો જ્ઞાનની અપેક્ષાએ સર્વવ્યાપી સ્વીકારાશે જ નહીં, કેમકે આપે પ્રમાણરૂપે ગ્રહણ કરેલા વેદો સાથે વિરોધ આવશે; વેદમાં ઈશ્વરનાં સર્વ સ્થળે મુખ, સર્વતઃ હાથ, સર્વતઃ પગ ઇત્યાદિ શ્રુતિ દ્વારા શરીરની અપેક્ષાએ સર્વવ્યાપિપણું સિદ્ધ છે.

(ટીકા) यच्चोक्तं तस्य प्रतिनियतदेशवर्तित्वे त्रिभुवनगतपदार्थानामनियतदेशवृत्तीनां यथावन्निर्माणानुपपत्तिरिति । तत्रेदं पृच्छ्यते । स जगत्त्रयं निर्मिमाण-

स्तक्षादिवत् साक्षाद् देहव्यापारेण निर्मिमीते, यदिवा सङ्कल्पमात्रेण ? आद्ये पक्षे एकस्यैव भूमूधरादेर्विधानेऽक्षोदीयसः कालक्षेपस्य सम्भवाद् बंहीयसाप्यनेहसा न परिसमाप्तिः । द्वितीयपक्षे तु सङ्कल्पमात्रेणैव कार्यकल्पनायां नियतदेशस्थायित्वेऽपि न किञ्चिद् दूषणमुत्पश्यामः । नियतदेशस्थायिनां सामान्यदेवानामपि न सङ्कल्पमात्रेणैव तत्तत्कार्यसम्पादनप्रतिपत्तेः ।

(અનુવાદ)

તેમજ ઈશ્વરમાં સર્વવ્યાપિપણું સિદ્ધ કરવા માટે જે હેતુ આપ્યો છે કે 'ઈશ્વર સર્વવ્યાપી ના હોય અને નિય દેશમાં જ રહેલા હોય, તો અનિયત દેશમાં રહેલા ત્રણે જગતના પદાર્થોને યથાસ્વરૂપ બનાવી શકે નહીં.' આ પ્રતિપાદન પર પ્રશ્ન થાય છે કે : ઈશ્વર સુથાર આદિની જેમ સાક્ષાત્ શરીરના વ્યાપારથી જગતની રચના કરે છે કે સંકલ્પ (ઇચ્છા) માત્રથી ?

જો સાક્ષાત્ શરીર વડે સૃષ્ટિનું નિર્માણ કરે તો એક જ પૃથ્વી અથવા પર્વત આદિને જ બનાવવામાં ઘણો સમય લાગવાથી, બીજા પદાર્થોની રચના ઘણા સમયે પણ પૂરી કરી શકે નહીં. જો કહેશો કે : ઈશ્વર સંકલ્પ માત્રથી જ સૃષ્ટિની રચના કરે છે; તો એક સ્થાનમાં રહીને પણ જગતને બનાવે ! તો એમાં કોઇ દૂષણ અમને જોવામાં આવતું નથી; કારણ કે નિયત સ્થાનમાં રહેલા સામાન્ય દેવો પણ સંકલ્પ માત્રથી તે તે કાર્યો સંપાદન કરી શકે છે.

(ટીકા) किञ्च, तस्य सर्वगतत्वेऽङ्गीक्रियमाणे अशुचिषु निरन्तरसन्तमसेषु नरकादिस्थानेष्वपि तस्य वृत्तिः प्रसज्यते । तथा चानिष्टापत्तिः । अथ युष्मत्पक्षेपि यदा ज्ञानात्मना सर्वं जगत्त्रयं व्याप्नोतीत्युच्यते तदाऽशुचिरसास्वादादीनामप्युपलम्भसंभावनात् नरकादिदुःखस्वरूपसंवेदनात्मकतया दुःखानुभवप्रसङ्गाच्च अनिष्टापत्तिस्तुल्यैवेति चेत्, तदेतदुपपत्तिभिः प्रतिकर्तुमशक्तस्य धूलिभिरिवावकरणम् । यतो ज्ञानमप्राप्यकारि स्वस्थानस्थमेव विषयं परिच्छिनत्ति, न पुनस्तत्र गत्वा, तत्कुतो भवदुपालम्भः समीचीनः ? नहि भवतोऽप्यशुचिज्ञानमात्रेण तद्रसास्वादानुभूतिः । तद्भावे हि स्वच्चन्दनाङ्गनारसवत्यादिचिन्तनमात्रेणैव तृप्तिसिद्धौ तत्प्राप्तिप्रयत्नवैफल्यप्रसक्तिरिति ।

(અનુવાદ)

વળી ઈશ્વરને શરીરની અપેક્ષાએ સર્વવ્યાપી માનવામાં આવે તો અશુચિપદાર્થોમાં અને નિરંતર મહાઅંધકારથી વ્યાપ્ત એવા નરકાદિ સ્થાનોમાં ઈશ્વરને રહેવાનું માનવું પડશે ! તે કોને પસંદ હોય ? અહીં ઈશ્વરવાદી જૈનોને કહે છે કે 'આપના મતમાં પણ ભગવાન જિનેશ્વરદેવ જ્ઞાનસ્વરૂપે ત્રણે જગતમાં વ્યાપીને રહ્યા છે, તો તે પરમાત્માને પણ અશુચિ પદાર્થોના રસાસ્વાદનું જ્ઞાન અને નરક આદિનાં દુઃખનું વેદન હોવાથી તેઓને પણ સુખદુખનો અનુભવ થશે, માટે અનિષ્ટાપત્તિ તો આપણ બન્નેને સમાન જ છે. જૈનદર્શનકાર

આ આક્ષેપનો રદીયો આપતાં કહે છે કે, યુક્તિ વડે દોષનો પ્રતિકાર કરવામાં તમે સમર્થ ન હોવાથી તમે સામી ધૂળ ઉડાડવા જેવો જવાબ આપો છો. કારણ કે અમે જ્ઞાનને અપ્રાપ્યકારી માનીએ છીએ ! એટલે કે જ્ઞાન આત્મામાં રહીને જ પદાર્થોને જાણે છે, નહીં કે જ્ઞેય પદાર્થ પાસે જઈને ! તેથી તમે આપેલ દોષ ઠીક નથી. વળી આપણને પણ પદાર્થના જ્ઞાનમાત્રથી જ રસનો અનુભવ થતો નથી. પરંતુ તે તે વસ્તુની પ્રાપ્તિથી જ વસ્તુનો અનુભવ થાય છે. જો તેમ ના હોય તો ભાલા, ચંદન, સ્ત્રી, જલેબી આદિ પદાર્થનાં જ્ઞાન માત્રથી જ તૃપ્તિ થવી જોઇએ ! અને તેમ થવાથી તે તે વસ્તુની પ્રાપ્તિ માટેના સઘળાયે પ્રયત્નો નિષ્પ્રયોજન કહેવા પડશે.

(टीका) यत्तु ज्ञानात्मना सर्वगतत्वे सिद्धसाधनं प्रागुक्तम् तच्छक्तिमात्रमपेक्ष्य मन्तव्यम् । तथा च वक्तारो भवन्ति–अस्य मतिः सर्वशास्त्रेषु प्रसरति इति । न च ज्ञानं प्राप्यकारि, तस्यात्मधर्मत्वेन बहिर्निर्गमाभावात् । बहिर्निर्गमे चात्मनोऽचैतन्यापत्त्या अजीवत्वप्रसङ्गः न हि धर्मो धर्मिणमतिरिच्य क्वचन केवलो विलोकितः । यच्च परे दृष्टान्तयन्ति यथा सूर्यस्य किरणा गुणरूपा अपि सूर्याद् निष्क्रम्य भुवनं भासयन्ति, एवं ज्ञानमप्यात्मनः सकाशाद् बहिर्निगत्य प्रमेयं परिच्छिनत्तीति । तत्रेदमुत्तरम् । किरणानां गुणत्वमसिद्धम्, तेषां तैजसपुद्गलमयत्वेन द्रव्यत्वात् । यश्च तेषां प्रकाशात्मा गुणः स तेभ्यो न जातु पृथग् भवतीति । तथा च धर्मसङ्ग्रहण्यां श्रीहरिभद्राचार्यपादाः—

"किरणा गुणा न दव्वं तेसिं पयासो गुणो न वा दव्वं ।
जं नाणं आयगुणो कहमदव्वो स अन्नत्थ ॥१॥
गन्तूण न परिछिन्दइ नाणं णेयं तयम्मि देसम्मि ।
आयत्थं चिय नवरं अचिंतसत्ती उ विण्णेयं ॥२॥
लोहोवलस्स सत्ती आयत्था चेव भिन्नदेसंपि ।
लोहं आगरिसंती दीसइ इह कज्जपच्चक्खा ॥३॥
एवमिह नाणसत्ती आयत्था चेव हंदि लोगंतं ।
जइ परिछिंदइ सम्मं को णु विरोहो भवे तत्थ" ॥४॥ इत्यादि ॥

(અનુવાદ)

તેમજ અમે (જૈન દર્શન) જ્ઞાનની અપેક્ષાએ ઈશ્વરને સર્વવ્યાપી માનીએ છીએ, તે ઈશ્વરના જ્ઞાનમાં સઘળા પદાર્થોને જાણવાની અચિન્ત્ય શક્તિની અપેક્ષાએ જાણવું. જેમ કોઈ મનુષ્યની તીક્ષ્ણ પ્રતિભાને જોઇને લોકો કહે છે કે : 'આ પુરુષની બુદ્ધિ સર્વ શાસ્ત્રોમાં પ્રસરેલી છે'. તેમ ભગવાનનું નિરૂપમ અને અચિંન્ત્ય જ્ઞાન ફક્ત એક જ સમય (સૂક્ષ્મમાં સૂક્ષ્મકાલ)માં ચરાચર સમસ્ત જગતને હાથમાં રહેલા આંબળાની જેમ જાણે છે અને દેખે છે, તેથી જ્ઞાનાપેક્ષયા ભગવાન સર્વવ્યાપી છે.

જ્ઞાન પ્રાપ્યકારી નથી. (વિષયદેશમાં જઈને પદાર્થને નથી જાણતું) પરંતુ આત્મામાં રહીને જ પદાર્થને જાણે છે. કેમ કે જ્ઞાન એ આત્માનો ધર્મ છે માટે તે આત્મદ્રવ્યને છોડીને કયાંય પણ બહાર જતું નથી. જો જ્ઞાન ગુણ આત્મારૂપી ગુણીનો ત્યાગ કરીને બહાર ચાલ્યું જાય તો ચૈતન્યસ્વરૂપ આત્મદ્રવ્ય અચેતન બની જાય, તે તો કોઇ પણ દર્શનકારને ઇષ્ટ જ નથી ! માટે ધર્મીનો ત્યાગ કરીને ધર્મો કોઈ બીજા સ્થળે રહી શકતા નથી.

વૈશેષિકો જ્ઞાનમાં અપ્રાપ્યકારીપણાનું ખંડન કરતાં દૃષ્ટાંત આપે છે કે : જેમ સૂર્યનાં કિરણો ગુણરૂપ હોવા છતાં પણ સૂર્યથી બહાર નીકળીને જગતને પ્રકાશિત કરે છે, તેમ જ્ઞાન પણ આત્માનો ગુણ હોવાથી આત્મદ્રવ્યથી બહાર જ્ઞેય (વિષય) દેશમાં જઈને જ પદાર્થોને જાણે છે. જૈનદર્શન આ દૃષ્ટાંતને અયોગ્ય બતાવતાં કહે છે કે : તમારું આ દૃષ્ટાંત ઠીક નથી. કિરણોમાં ગુણરૂપતા જ અસિદ્ધ છે ! કિરણો તૈજસપુદ્ગલરૂપ છે, તેથી તે દ્રવ્ય છે. અને તે કિરણોનો પ્રકાશરૂપ ગુણ, કિરણોથી કોઇપણ વખતે અલગ થતો નથી. પૂજ્ય હરિભદ્રસૂરીશ્વરજીએ ધર્મસંગ્રહણી ગ્રંથમાં કહ્યું છે કે કિરણો એ ગુણ નથી પરંતુ દ્રવ્ય છે. અને તેનો પ્રકાશ એ ગુણ છે; પરંતુ દ્રવ્ય નથી. આથી પ્રકાશરૂપ ગુણ કિરણોરૂપી ગુણીનો ત્યાગ કરીને અન્યત્ર હોઇ શકતો નથી; તેમ આત્માનો જ્ઞાનગુણ આત્માને છોડીને અન્યત્ર હોતો નથી. તેથી જ જ્ઞાનગુણ જ્ઞેયદેશમાં જઈને પદાર્થોને નથી જાણતો પરંતુ આત્મામાં રહીને દૂર રહેલા પણ પદાર્થોને જાણી શકે છે. આત્મામાં રહેલા જ્ઞાનમાં તેવા પ્રકારની અચિંત્ય શક્તિ હોય છે. જેમ લોહચુંબકમાં રહેલી આકર્ષણ શક્તિ તે ચુંબકમાં રહીને જ ભિન્નદેશમાં રહેલા લોહનું આકર્ષણ કરે છે, તેમ આત્મામાં રહેલી અચિંત્ય જ્ઞાનશક્તિ લોકના છેડે રહેલા પણ પદાર્થોને સમ્યક્ પ્રકારે જાણે છે, તેમાં કોઇ જાતનો વિરોધ ન હોઇ શકે.

(टीका) अथ सर्वगः सर्वज्ञ इति व्याख्यातम् । तत्रापि प्रतिविधीयते । ननु तस्य सार्वज्ञ्यं केन प्रमाणेन गृहीतम् ? प्रत्यक्षेण परोक्षेण वा ? न तावत् प्रत्यक्षेण, तस्येन्द्रियार्थसन्निकर्षोत्पन्नतयातीन्द्रियग्रहणासामर्थ्यात् । नापि परोक्षेण । तद्धि अनुमानं, शाब्दं वा स्यात् । न तावदनुमानम्, तस्य लिङ्गिलिङ्गसम्बन्धस्मरणपूर्वकत्वात् । न च तस्य सर्वज्ञत्वेऽनुमेये किञ्चिदव्यभिचारि लिङ्गं पश्यामः । तस्यात्यन्तविप्रकृष्टत्वेन तत्प्रतिबद्धलिङ्गसम्बन्धग्रहणाभावात् ।

(અનુવાદ)

વૈશેષિકો 'સર્વગ' શબ્દનો અર્થ 'સર્વજ્ઞ' કરે છે, તે પણ ઇશ્વરમાં ઘટી શકશે નહીં.

ઇશ્વરનું સર્વજ્ઞપણું કયા પ્રમાણથી સિદ્ધ કરો છો ? પ્રત્યક્ષ પ્રમાણથી કે પરોક્ષ પ્રમાણથી ? પ્રત્યક્ષ પ્રમાણથી સર્વજ્ઞતાની સિદ્ધિ થશે નહીં; કેમકે ઇંદ્રિય અને પદાર્થના સંબંધથી ઉત્પન્ન થતું પ્રત્યક્ષજ્ઞાન બહિર્ભૂત પદાર્થને જાણે છે, પરંતુ અતીંદ્રિય વસ્તુને જાણવામાં પ્રત્યક્ષનું સામર્થ્ય નથી ! આ પ્રકારે પ્રત્યક્ષ પ્રમાણથી ઇશ્વરમાં સર્વજ્ઞતાની સિદ્ધિ થઇ શકતી નથી.

પરોક્ષ પ્રમાણથી પણ સર્વજ્ઞતા સિદ્ધ થઇ શકતી નથી. કેમકે પરોક્ષમાં અનુમાન દ્વારા સર્વજ્ઞની સિદ્ધિ કરો છો કે આગમ દ્વારા ? તેમાં અનુમાનથી તો સર્વજ્ઞતાની સિદ્ધિ થશે નહીં. કેમકે અનુમાન તો સાધ્ય અને હેતુના સંબંધનાં સ્મરણપૂર્વક થાય છે (જેમ પર્વત વહ્નિમાન (અગ્નિવાળો) છે, ધૂમ હોવાથી. તેમાં ધૂમ હેતુ અને અગ્નિ સાધ્ય છે. 'જ્યાં જ્યાં ધૂમ હોય છે ત્યાં ત્યાં અગ્નિ હોય છે.' આવું વ્યાપ્તિજ્ઞાન થયા બાદ તેના સંબંધનું સ્મરણ થાય છે અને ત્યારબાદ 'पर्वतो वह्निमान्' આવું અનુમાન થાય છે) તેમ અહીં પણ સર્વજ્ઞતાની સિદ્ધિ માટે કોઇપણ હેતુનું જ્ઞાન આવશ્યક બને છે, પરંતુ અહીં તો ઇશ્વરનું અત્યંત દૂરપણું હોવાથી સર્વજ્ઞત્વરૂપ સાધ્યની સાથે સંબંધ ધરાવનાર કોઇપણ નિર્દોષ હેતુ જોવામાં આવતો નથી, તેથી અવ્યભિચારી હેતુના અભાવે અનુમાન દ્વારા પણ ઇશ્વરમાં સર્વજ્ઞતાની સિદ્ધિ થઇ શકતી નથી,

(ટીકા) अथ तस्य सर्वज्ञत्वं विना जगद्वैचित्र्यमनुपपद्यमानं सर्वज्ञत्वमर्थादापादयतीति चेत् । न । अविनाभावाभावात् । न हि जगद्वैचित्री तत्सार्वज्ञ्यं विनाऽन्यथा नोपपन्ना । द्विविधं हि जगत् स्थावरजङ्गमभेदात् । तत्र जङ्गमानां वैचित्र्यं स्वोपात्तशुभाशुभकर्मपरिपाकवशेनैव । स्थावराणां तु सचेतनानामियमेव गतिः । अचेतनानां तु तदुपभोगयोग्यतासाधनत्वेनानादिकालसिद्धमेव वैचित्र्य मिति ।

(અનુવાદ)

ઇશ્વરવાદી કહે છે કે : 'ઇશ્વરમાં સર્વજ્ઞપણું ના હોય તો જગતની વિચિત્રતા બની શકે નહીં, આ રીતે અર્થાપત્તિ પ્રમાણ દ્વારા સર્વજ્ઞતાની સિદ્ધિ થશે.'

જૈનદર્શન તેનો રદીયો આપતાં કહે છે : એ પણ આપનું કથન બરાબર નથી. જગતની વિચિત્રતા અને સર્વજ્ઞતાની વ્યાપ્તિનો અભાવ હોવાથી જગતની વિચિત્રતા સર્વજ્ઞ વિના ના હોઇ શકે તેવું હોતું નથી; જગત્ સ્થાવર અને જંગમ એમ બે પ્રકારે છે. તેમાં જંગમ (ત્રસજીવોની) અને સ્થાવર જીવોની વિચિત્રતા પોત-પોતાનાં ઉપાર્જન કરેલાં શુભાશુભ કર્મના ઉદયથી છે. અચેતન સ્થાવરો તો ઉપભોગનાં સાધનરૂપ હોવાથી તેઓની વિચિત્રતા તો અનાદિકાલથી સિદ્ધ છે. માટે જગતની વિચિત્રતાનાં કારણરૂપ ઇશ્વરમાં સર્વજ્ઞપણાની સિદ્ધિ અર્થાપત્તિ પ્રમાણ દ્વારા પણ થઇ શકતી નથી.

(ટીકા) नाप्यागमस्तत्साधकः । स हि तत्कृतोऽन्यकृतो वा स्यात् ? तत्कृत एव चेत् तस्य सर्वज्ञतां साधयति तदा तस्य महत्त्वक्षतिः । स्वयमेव स्वगुणोत्कीर्तनस्य महतामनधिकृतत्वात् । अन्यच्च, तस्य शास्त्रकर्तृत्वमेव न युज्यते । शास्त्रं हि वर्णात्मकम् । ते च तालवादिव्यापारजन्याः । स च शरीरे एव सम्भवी । शरीराभ्युपगमे च तस्य पूर्वोक्ता एव दोषाः । अन्यकृतश्चेत् सोऽन्यः सर्वज्ञोऽसर्वज्ञो वा ? सर्वज्ञत्वे तस्य द्वैतापत्त्या प्रागुक्तदेकत्वाभ्युपगमबाधः तत्साधकप्रमाणचर्यायामनवस्थापातश्च । असर्वज्ञश्चेत् कस्तस्य वचसि विश्वासः ?

(અનુવાદ)

આગમ પ્રમાણથી પણ ઈશ્વરમાં સર્વજ્ઞતાની સિદ્ધિ થશે નહીં.

ઈશ્વરમાં સર્વજ્ઞતાની સિદ્ધિ કરવાવાળાં આગમ ઈશ્વરે બનાવેલાં છે કે કોઇ બીજાએ ? જો સર્વજ્ઞતાની સિદ્ધિના વિધાયક આગમની સ્વયં ઈશ્વરે જ રચના કરી હોય તો ઈશ્વરમાં મહત્વપણાની ક્ષતિ થશે. કારણ કે મહાત્મા પુરુષો સ્વયં પોતાના ગુણોની પ્રશંસા કરતા નથી.

તેમજ ઈશ્વરમાં શાસ્ત્રકર્તૃત્વ પણ સિદ્ધ થઇ શકતું નથી. જુઓ, એનું આ કારણ રહ્યું : શાસ્ત્ર એ અક્ષરરૂપ છે, અને અક્ષરો તો મુખ તાલુ આદિના વ્યાપારથી જન્ય છે; મુખતાલુ આદિનો વ્યાપાર તો શરીરધારી પુરુષમાં જ સંભવે છે ! અને એ રીતે જો ઈશ્વરને શરીરધારી માનવમાં આવે તો ઈશ્વરમાં પૂર્વે કહેલા તમામ દોષો આવશે,

જો કહેશો કે ઈશ્વરની સિદ્ધિ માટેના આગમ અન્ય વડે બનાવાયેલા છે, તો તે શાસ્ત્રના પ્રણેતા સર્વજ્ઞ છે કે અસર્વજ્ઞ ? યદિ તે અન્ય પણ સર્વજ્ઞ હોય તો બે સર્વજ્ઞ થશે ! અને તમે તો એક જ ઈશ્વર માન્યો છે ! તેમાં તમોને અભ્યુપગમ બાધ દોષ લાગશે ! તેમ જ તે અન્ય સર્વજ્ઞની સિદ્ધિને માટે કોઇ અન્ય સર્વજ્ઞકૃત આગમ જોઇશે ! વળી તેનો પણ સાધક કોઈ અન્ય સર્વજ્ઞ જોઈશે ! આ રીતે ઉત્તરોત્તર ઘણા પુરુષોનું સર્વજ્ઞપણું સ્વીકારવાથી અનવસ્થા દોષ આવશે ! અને તે અન્ય શાસ્ત્રપ્રણેતા અસર્વજ્ઞ હોય તો તેનાં વચનમાં વિશ્વાસ કોણ કરે ?

(टीका) अपरं च भवदभीष्ट आगमः प्रत्युत तत्प्रणेतुरसर्वज्ञत्वमेव साधयति । पूर्वापरविरुद्धार्थवचनोपेतत्वात् । तथाहि "न हिंस्यात् सर्वभूतानि" इति प्रथमम्-उक्त्वा पश्चात् तत्रैव पठितम्—

"षट्शतानि नियुज्यन्ते पशूनां मध्यमेऽहनि ।
अश्वमेधस्य वचनान्न्यूनानि पशुभिस्त्रिभिः" ॥

तथा "अग्नीषोमीयं पशुमालभेत" "सप्तदश प्राजापत्यान् पशूनालभेत" इत्यादि वचनानि कथमिव न पूर्वापरविरोधमनुरुध्यन्ते । तथा "नानृतं ब्रूयात्"-इत्यादिना अनृतभाषणं प्रथमं निषिध्य, पश्चात् "ब्राह्मणार्थेऽनृतं ब्रूयात्" इत्यादि । तथा

"न नर्मयुक्तं वचनं हिनस्ति न स्त्रीषु राजन्न विवाहकाले ॥
प्राणात्यये सर्वधनापहारे पञ्चानृतान्याहुरपातकानि" ॥

तथा "परद्रव्याणि लोष्ठवत्" इत्यादिना अदत्तादानमनेकधा निरस्य, पश्चादुक्तम् "यद्यपि ब्राह्मणो हठेन परकीयमादत्ते छलेन वा तथापि तस्य नादत्तादानम् । यतः सर्वमिदं ब्राह्मणेभ्यो दत्तम् ब्राह्मणानां तु दौर्बल्याद् वृषलाः परिभुञ्जते । तस्मादपहरन् ब्राह्मणः स्वमादत्ते स्वमेव ब्राह्मणो भुङ्क्ते स्वं वस्ते स्वं ददाति" इति । तथा "अपुत्रस्य गतिर्नास्ति" इति लपित्वा,

"अनेकानि सहस्राणि कुमारब्रह्मचारिणाम् ।
दिवं गतानि विप्राणामकृत्वा कुलसन्ततिम्" ॥

इत्यादि । कियन्तो वा दधिमाषभोजनात् कृषणा विवेच्यन्ते । तदेवमागमोऽपि न तस्य सर्वज्ञतां वक्ति । किञ्च, सर्वज्ञः सन्नसौ चराचरं चेद् विरचयति, तदा जगदुपप्लवकरणवैरिणः पश्चादपि कर्तव्यनिग्रहान् सुरवैरिणः एतदधिक्षेपकारिणश्चास्मदादीन् किमर्थं सृजति इति, तन्नायं सर्वज्ञः ।

(અનુવાદ)

બીજી એક વાત : તમને ગમતા આગમ પૂર્વાપર વિરૂદ્ધ અર્થને કહેતા હોવાથી પ્રત્યુત પોતાના પ્રણેતામાં જ અસર્વજ્ઞતા પ્રગટ કરે છે ! દા.ત. 'કોઇ પણ પ્રાણીની હિંસા ન કરવી' એ પ્રમાણે કહીને પછીથી કહ્યું છે કે : 'અશ્વમેધ યજ્ઞ'ના મધ્યમ દિવસમાં પાંચસો સત્તાણું (૫૯૭) પશુઓનો હોમ કરવો; તેમ જ અગ્નિષોમ સંબંધી પશુઓનો અને સત્તર પ્રજાપતિ સંબંધી પશુઓનો હોમ કરવો ઇત્યાદિ વચનોને કહેવાવાળાં શાસ્ત્રોમાં પૂર્વાપર વિરોધ કેમ ન આવે ? તેમ જ અસત્ય ન બોલવું જોઇએ ઇત્યાદિ કથન વડે પ્રથમ અસત્યનો નિષેધ કરે છે, અને પછીથી કહે છે કે : 'બ્રાહ્મણો માટે અસત્ય બોલવામાં કોઈ દોષ નથી ! તેમ જ કહ્યું છે કે, હાસ્યમાં, સ્ત્રી-સંભોગમાં, પ્રાણાંત કષ્ટ આવે ત્યારે, વિવાહમાં અને સર્વધનનો નાશ થતો હોય તેમાં અસત્ય બોલવામાં પાપ નથી !' 'પારકું ધન માટીના ઢેફા સમાન છે' ઇત્યાદિ કથન વડે ચોરીનો નિષેધ કર્યો અને પછીથી કહ્યું કે : કદાચ કોઇ બ્રાહ્મણ પારકું ધન બળાત્કાર યા કપટ વડે કોઇની પાસેથી છીનવી લે તો પણ તે બ્રાહ્મણને ચોરીનો દોષ લાગે નહીં; કેમ કે જગતની સર્વ સંપત્તિ બ્રહ્માએ બ્રાહ્મણોને જ આપેલી છે ! પરંતુ બ્રાહ્મણોની દુર્બલતાથી શૂદ્રો તેનો ભોગવટો કરે છે, માટે બીજાનું ધન છીનવી લે તો પણ બ્રાહ્મણ પોતાનું જ ગ્રહણ કરે છે, પોતાની વસ્તુનો જ ઉપભોગ કરે છે, પોતાનું જ પહેરે છે અને પોતાનું જ આપે છે ! ઇત્યાદિ. તેમજ 'પુત્ર વિના ગતિ થતી નથી' એમ કહીને પછીથી કહે છે કે : અનેક હજાર કુમાર બ્રહ્મચારી બ્રાહ્મણો પુત્રોત્પત્તિ કર્યા વિના જ સ્વર્ગમાં ગયેલ છે ! ઇત્યાદિ. અથવા 'દહીં અને અડદનાં ભોજનથી કંગાલતાને પામેલાઓનું કેટલું વિવેચન કરવું ? આ રીતે આપને અભિષ્ટ આગમમાં પૂર્વાપરનો વિરોધ સ્પષ્ટપણે માલુમ પડે છે.

તેમ જ સર્વજ્ઞ એવા ઇશ્વર સ્થાવર અને જંગમરૂપ જગતને બનાવતા હોય તો જગતને ઉપદ્રવ કરવાવાળા દુષ્ટ અને પછીથી નાશ કરવા યોગ્ય એવા દાનવોનું અને જગત્કર્તા ઇશ્વરનું ખંડન કરવાવાળા એવા અમારૂં શા માટે સર્જન કરે ? આથી સિદ્ધ થાય છે કે ઇશ્વરમાં સર્વજ્ઞપણું નથી. ઇશ્વરનું સ્વતંત્રપણું પણ યુક્તિયુક્ત નથી.

(ટીકા) तथा स्ववशत्वं-स्वातन्त्र्यं तदपि तस्य न क्षोदक्षमम् । स हि यदि नाम स्वाधीनः सन् विश्वं विधत्ते, परमकारुणिकश्च त्वया वर्ण्यते, तत् कथं सुखितदुःखिताद्यवस्थाभेदवृन्दस्थपुटितं घटयति भुवनम् ? एकान्तशर्मसंपत्कान्तमेव तु किं न निर्मिमीते । अथ जन्मान्तरोपार्जिततत्तत्तदीयशुभाशुभकर्मप्रेरितः सन् तथा करोतीति दत्तस्तर्हि स्ववशत्वाय जलाञ्जलिः ।

(અનુવાદ)

ઈશ્વર સ્વતંત્રપણે જગતની રચના કરતા હોય તો ઈશ્વર પરમ દયાળુ હોવાથી સુખીદુઃખી આદિ અવસ્થાવાળા જગતને શા માટે બનાવે ? એકાન્તે સુખસંપદાથી પરિપૂર્ણ જગતને કેમ ના બનાવે ? અર્થાત્ ઈશ્વરે પરમકારુણિક હોઇ એકાન્ત સુખી જગત બનાવવું જોઇએ. જો કહેશો કે જીવોએ જન્માંતરોમાં ઉપાર્જન કરેલા શુભાશુભ કર્મોના પરિપાકના વશથી પ્રાણીઓ સુખી દુઃખી આદિ તથાપ્રકારની અવસ્થાને પામે છે, એમ કહેશો તો ઈશ્વરની સ્વતંત્રતાને જલાંજલિ અર્પણ થઇ ! અર્થાત્ ઇશ્વરમાં સ્વતંત્રતાનો લોપ થશે !

(ટીકા) कर्मजन्ये च त्रिभुवनवैचित्र्ये शिपिविष्टहेतुकविष्टपसृष्टिकल्पनायाः कष्टैकफलत्वात् अस्मन्मतमेवाङ्गीकृतं प्रेक्षावता । तथा चायातोऽयं "घटकुटयां प्रभातम्" इति न्यायः । किञ्च, प्राणिनां धर्माधर्मावपेक्षमाणश्चेदयं सृजति, प्राप्तं तर्हि यदयमपेक्षते तन्न करोतीति । न हि कुलालो दण्डादि करोति । एवं कर्मापेक्षश्चेदीश्वरो जगत्कारणं स्यात् तर्हि कर्मणीश्वरत्वम्, ईश्वरोऽनीश्वरः स्यादिति ।

(અનુવાદ)

જગતની વિચિત્રતા કર્મજન્ય માનવાથી 'ભગવાન ઈશ્વર સૃષ્ટિના કર્તા છે'....ઇત્યાદિ કલ્પનાઓ કેવલ તમને કષ્ટરૂપ થશે, અને એમ થવાથી બુદ્ધિમાન એવા તમારા વડે અમારો મત અંગીકાર કરાયો કહેવાશે ! આથી તમોને "ઘટકુટયાં પ્રભાતમ્" એ ન્યાયનો પ્રસંગ આવશે. જેમ દાણીને મહેસુલ આપવાને નહી ઇચ્છતો કોઇ મનુષ્ય રાજમાર્ગનો ત્યાગ કરીને અન્ય માર્ગે ગયો, રાત્રિમાં માર્ગ ભૂલવાથી આમ તેમ ફરતાં ફરતાં પ્રભાત થઇ જવાથી તેજ દાણીના મુકામ પર આવી ગયો ! આ રીતે, ઉન્માર્ગમાં જવારૂપ પ્રયાસ જેમ નિષ્ફળ ગયો, તેમ તમારા ઇશ્વરમાં પણ સ્વતંત્રપણે જગતકર્તૃત્વ સિદ્ધ કરવા માટેના અનેક પ્રયાસો નિષ્ફલ જશે. અને અંતે 'કર્મથી જન્ય જગત છે,' તેવો અમારો મત સ્વીકારવો પડશે.

જો ઈશ્વર જીવોનાં પુણ્યપાપની અપેક્ષાએ જ સૃષ્ટિની રચના કરતા હોય તો તે ધર્માધર્મરૂપ કર્મોને ઈશ્વર નિર્માણ કરતા નથી તે સિદ્ધ થયું ! કારણ કે જે જેની અપેક્ષા કરે તે તેને બનાવનાર ન હોય, જેમ કુંભકાર (કુંભાર) ઘટ બનાવવામાં દંડની અપેક્ષા રાખે છે, તેથી તે દંડને બનાવનાર નથી, તેમ ઈશ્વર પણ જગતને બનાવવા માટે જીવોના ધર્માધર્મની અપેક્ષા રાખતા હોવાથી, ઇશ્વર ધર્માધર્મ રૂપ કર્મોને બનાવનાર નથી, એમ સિદ્ધ થાય છે. આ પ્રકારે કર્મની સમર્થતા સિદ્ધ થવાથી જગતની વિચિત્રતાના કારણરૂપ કર્મ જ સમર્થ છે, પરંતુ ઇશ્વર સમર્થ નથી. આ પ્રકારે ઇશ્વરમાં સ્વતંત્રતાની સિદ્ધિ થઇ શકતી નથી.

(ટીકા) तथा नित्यत्वमपि तस्य स्वगृह एव प्रणिगद्यमानं हृद्यम् । स खलु नित्यत्वेनैकरूपः सन्, त्रिभुवनसर्गस्वभावोऽतत्स्वभावो वा ? प्रथमविधायां जगन्निर्माणात् कदाचिदपि नोपरमेत । तदुपरमे तत्स्वभावत्वहानिः । एवं च सर्गक्रियाया अपर्यवसानाद् एकस्यापि कार्यस्य न सृष्टिः । घटो हि स्वारम्भक्षणादारभ्य

परिसमाप्तेरुपान्त्यक्षणं यावद् निश्चयनयाभिप्रायेण न घटव्यपदेशमासादयति । जलाहरणाद्यर्थक्रियायामसाधकतमत्वात् ।

(અનુવાદ)

'ઈશ્વર નિત્ય છે,' તેમ કહેવું, તે પણ પોતાતા ઘરમાં ભાષણ કરવા જેવું છે !

ઈશ્વર નિત્ય એક સ્વરૂપ હોવાને કારણે તે સૃષ્ટિની રચના સર્જનસ્વભાવથી (રચના કરવાવાળા સ્વભાવથી) કરે છે કે તેનાથી ભિન્ન સ્વભાવ વડે ? જો તે સર્જન સ્વભાવથી જગતને બનાવતા હોય તો કોઇપણ કાળે રચના કરવાથી વિરામ પામશે નહીં. જો તે જગતની રચનાથી વિરામ પામે તો તેના સ્વભાવની હાનિ થશે. એ પ્રકારે સર્જનક્રિયાનો અંત નહીં થવાથી એકપણ કાર્યની સંપૂર્ણતયા રચના થઈ શકશે નહી ! જેમ કે ઘટમાં પોતાની ઉત્પત્તિક્ષણથી આરંભીને સમાપ્તિપર્યંત, નિશ્ચય નયના અભિપ્રાયે જ્યાં સુધી સંપૂર્ણ ઘટ તૈયાર ન થયો હોય ત્યાંસુધી તેમાં જલને લાવવું, ધારણ કરવું, ઇત્યાદિ અર્થક્રિયાઓ નહીં થવાથી, તેમાં ઘટ શબ્દનો વ્યવહાર થતો નથી ! તેમ ઈશ્વર નિત્ય હોવાને કારણે તેનો સ્વભાવ પણ નિત્ય હોવાથી નિરંતર જગતને બનાવ્યાં જ કરશે ! તેથી કદાપિ તેનો અંત નહીં આવે. અને તે સર્જનક્રિયાનો વિરામ થવાથી કોઈપણ કાર્યની સમાપ્તિ પણ નહીં થાય અને જ્યાં સુધી કોઈપણ કાર્યની સમાપ્તિ નહીં થાય ત્યાંસુધી ભગવાન ઈશ્વર જગતના નિયન્તા છે, તેમ પણ નહીં કહી શકાય.

(ટીકા) अतत्स्वभावपक्षे तु न जातु जगन्ति सृजेत् तत्स्वभावायोगाद् गगनवत् । अपि च तस्यैकान्तनित्यस्वरूपत्वे सृष्टिवत् संहारोऽपि न घटते । नानारूपकार्यकरणेऽनित्यत्वापत्तेः । स हि येनैव स्वभावेन जगन्ति सृजेत् तेनैव तानि संहरेत्, स्वभावान्तरेण वा ? तेनैव चेत् सृष्टिसंहारयोर्यौगपद्यप्रसङ्गः, स्वभावाभेदात् । एकस्वभावात् कारणादनेकस्वभावकार्योत्पत्तिविरोधात् । स्वभावान्तरेण चेद् नित्यत्वहानिः । स्वभावभेद एव हि लक्षणमनित्यत्तायाः । यथा पार्थिवशरीरस्याऽऽहारपरमाणुसहकृतस्य प्रत्यहमपूर्वापूर्वोत्पादेन स्वभावभेदादनित्यत्वम् । इष्टश्च भवतां सृष्टिसंहारयोः शम्भौ स्वभावभेदः । रजोगुणात्मकतया सृष्टौ, तमोगुणात्मकतया संहरणे, सात्विकतया च स्थितौ, तस्य व्यापारस्वीकारात् । एवं चावस्थाभेदः तद्भेदे चावस्थावतोऽपि भेदाद् नित्यत्वक्षतिः ।

(અનુવાદ)

યદિ ઈશ્વરનો જગતની રચના કરવાનો સ્વભાવ ના હોય તો આકાશની જેમ કયારેય પણ જગતને બનાવી શકશે નહીં. આકાશનો સ્વભાવ જગતની રચના કરવાનો નહી હોવાથી તે જેમ જગતને બનાવી શકતું નથી તેમ ઈશ્વરનો પણ જગત્કર્તૃત્વસ્વભાવ નહીં હોવાને કારણે કયારે પણ જગતનું ઉત્પાદન કરી શકશે નહીં.

તેમજ ઈશ્વરનું એકાન્ત નિત્યપણું માનવામાં આવે તો, સૃષ્ટિની જેમ સંહાર પણ ઘટી શકશે નહી. કેમકે ઈશ્વર સૃષ્ટિ અને સંહાર આદિ ભિન્ન ભિન્ન કાર્યો કરે તો તેમાં

સ્વભાવ ભેદ થવાથી ઈશ્વરમાં અનિત્યતા માનવી પડશે.

વળી બીજો પ્રશ્નઃ- ઈશ્વર જે સ્વભાવ વડે સૃષ્ટિની રચના કરે છે, તેજ સ્વભાવ વડે સંહાર કરે છે કે તેનાથી ભિન્ન સ્વભાવ વડે? જો તે સર્જનસ્વભાવથી જ સંહાર કરે તો સૃષ્ટિ અને સંહાર તે બન્નેનું એકપણું થઇ જશે. કારણકે સર્જન અને સંહાર રૂપ ઉભય કાર્યના કર્તા ઈશ્વરનો એક સ્વભાવ માન્યો. વળી એક સ્વભાવવાળા કારણથી ભિન્ન ભિન્ન કાર્યોની ઉત્પત્તિ થઇ શકતી નથી. જો તે સર્જન કરવાનાં સ્વભાવથી નહીં પરંતુ તેનાથી ભિન્ન સ્વભાવ વડે સંહાર માનવામાં આવે, તો સ્વભાવભેદ થાય! તેથી ઈશ્વરમાં અનિત્યપણું આવશે. સ્વભાવભેદ એજ અનિત્યતાનું લક્ષણ છે. જેમકે આહારનાં પરમાણુથી યુક્ત પાર્થિવ (ઔદારિક આદિ) શરીરમાં નિરંતર નવા પર્યાયોની ઉત્પત્તિ થવા વડે તેમાં સ્વભાવભેદ થવાથી પાર્થિવ શરીર જેમ અનિત્ય છે, તેમ ઈશ્વરમાં પણ સ્વભાવ ભેદ થવાથી અનિત્યપણું પ્રાપ્ત થશે. !

સર્જન અને સંહાર ભિન્ન સ્વભાવથી થાય છે, તે તો તમને માન્ય છે. કેમકે તમારા અભિપ્રાય મુજબ રજોગુણ વડે ઈશ્વર સૃષ્ટિની રચના કરે છે, તમોગુણ વડે સંહાર અને સત્ત્વગુણ વડે સ્થિતિ (પાલન) કરે છે, આ પ્રકારે ભિન્નભિન્ન સ્વભાવરૂપ અવસ્થાના ભેદથી અવસ્થાવાનનો પણ ભેદ થાય છે. આ રીતે ઈશ્વરમાં ભિન્ન ભિન્ન સ્વભાવ હોવાથી એકાન્ત નિત્યપણું પણ ઘટી શકતું નથી.

(टीका) अथास्तु नित्यः, तथापि कथं सततमेव सृष्टौ न चेष्टते? इच्छावशात् चेत्, ननु ता अपीच्छाः स्वसत्तामात्रनिबन्धनात्मलाभाः सदैव किं न प्रवर्तयन्तीति स एवोपालम्भः। तथा शम्भोरष्टगुणाधिकरणत्वे, कार्यभेदानुमेयानां तदिच्छानामपि विषमरूपत्वाद् नित्यत्वहानिः केन वार्यते?

(અનુવાદ)

ભલે માનો, કે ઈશ્વર નિત્ય છે. તો તે જગતને બનાવવા માટે નિરંતર પ્રયત્ન કેમ ના કરે? જો કહેશો કે 'જ્યારે ઈશ્વરને જગત બનાવવાની ઇચ્છા થાય છે ત્યારે જ જગતને બનાવે છે.' આ કથન પણ ઠીક નથી. કેમકે ઈશ્વરની ઇચ્છા ઈશ્વરને અધીન જ હોય. તેથી ઈશ્વરને સદા કાળ જગતને બનાવવાની ઇચ્છા કેમ ના હોય? આ પ્રકારે અવિરામ જગતને બનાવવારૂપ પૂર્વોક્ત દોષો આવશે. તેમજ તમે ઈશ્વરમાં બુદ્ધિ, ઇચ્છા, પ્રયત્ન, સંખ્યા, પરિમાણ, પૃથક્ત્વ, સંયોગ, અને વિભાગ એ આઠ ગુણ માનો છો, તેથી ભિન્ન ભિન્ન કાર્યોના દેખવા વડે અનુમાન થાય છે કે ઈશ્વરની ઇચ્છાઓ પણ ભિન્ન ભિન્ન હોવી જોઇએ! આ રીતે ઈશ્વરમાં ઇચ્છાઓનું વિષમપણું હોવાથી ઈશ્વરમાં અનિત્યતાનું નિવારણ કઈ રીતે થઇ શકે? અર્થાત્ ઇચ્છાઓની ભિન્નતાથી ઈશ્વરમાં અનિત્યપણું પ્રાપ્ત થશે.

(टीका) किञ्च, प्रेक्षावतां प्रवृत्तिः स्वार्थकरुणाभ्यां व्याप्ता। ततश्चायं जगत्सर्गे व्याप्रियते स्वार्थात् कारुण्याद् वा? न तावत् स्वार्थात् तस्य कृतकृत्यत्वात्। न च कारुण्यात्, परदुःखप्रहाणेच्छा हि कारुण्यम्। ततः प्राक् सर्गाज्जीवानामिन्द्रियशरीरविषयानुत्पत्तौ दुःखाभावेन कस्य प्रहाणेच्छा कारुण्यम्। सर्गोत्तरकाले तु

दुःखिनोऽवलोक्य कारुण्याभ्युपगमे दुरुत्तरमितरेतराश्रयम्, कारुण्येन सृष्टिः सृष्ट्या च कारुण्यम् । इति नास्य जगत्कर्तृत्वं कथमपि सिद्ध्यति ॥

(અનુવાદ)

બુદ્ધિમાન પુરૂષોની પ્રવૃત્તિ કોઈને કોઈ પ્રયોજનથી થાય છે, અથવા તો કરુણા ભાવથી થાય છે. તો અહિં ઈશ્વરમાં જગતને બનાવવાની પ્રવૃત્તિ સ્વાર્થથી તો સંભવતી જ નથી, કેમકે તેઓ કૃતકૃત્ય છે. તેમ કરૂણાથી પણ સંભવતી નથી, કારણકે કરુણા એટલે બીજાનાં દુઃખને દૂર કરવાની ઇચ્છા, પરંતુ અહિં તો ઈશ્વર વડે સૃષ્ટિની રચના થયા પહેલાં જીવોને ઈંદ્રિય, શરીર અને વિષયોનો અભાવ હોવાથી કોઈપણ જાતનું દુઃખ ન હતું. તો કયા દુખનો નાશ કરવા માટે ઈશ્વરને કરુણાભાવ ઉત્પન્ન થાય કે જેથી તે દુઃખને દૂર કરવા માટે સૃષ્ટિની રચના કરે ?

કહેશો કે સૃષ્ટિની રચના કર્યા બાદ જીવોનાં દુઃખોને જોઈને ઈશ્વરમાં કારુણ્યભાવ ઉત્પન્ન થાય છે. તેથી ઈશ્વર તેઓનાં દુઃખનું નિવારણ કરવા માટે સૃષ્ટિનું સર્જન કરવાની પ્રવૃત્તિ કરે છે. તો તે પણ ઠીક નથી, કેમકે તેમ માનવામાં ઈતરેતરાશ્રય દોષ આવશે. કરુણા ભાવ વડે જગતની રચના અને જગતની રચના વડે કરુણા ! આ રૂપ અન્યોન્યાશ્રય દોષનો સંભવ હોવાથી ઈશ્વરમાં જગત્કર્તૃત્વ સિદ્ધ થઈ શકતું નથી.

(टीका) तदेवमेवंविधदोषकलुषिते पुरुषविशेषे यस्तेषां सेवाहेवाकः स खलु केवलं बलवन्मोहविडम्बनापरिपाक इति । अत्र च यद्यपि मध्यवर्तिनो नकारस्य "घण्टालालान्यायेन" योजनादर्थान्तरमपि स्फुरति यथा "इमाः कुहेवाकविडम्बनास्तेषां न स्युर्येषां त्वमनुशासकः" इति, तथापि सोऽर्थः सहृदयैर्न हृदये धारणीयः, अन्ययोगव्यवच्छेदस्याधिकृतत्वात् ॥इति काव्यार्थः॥६॥

(અનુવાદ)

આ પ્રકારે અનેક દોષોથી દૂષિત એવા પુરુષવિશેષને જગત્કર્તા રૂપે માનવાનો તેઓનો દુરાગ્રહ, તે કેવળ બલવાન મોહની વિડંબનાના ફલરૂપ છે. આ શ્લોકના ચોથા ચરણની મધ્યમાં રહેલો નકાર ઘંટાલાલા ન્યાયે (જેમ ઘંટ પોતાની બન્ને બાજુ વાગે છે તેમ) યોજવાથી ભિન્ન અર્થ પણ થાય છે તે આ પ્રમાણે : હે ભગવન્, આવા પ્રકારની કદાગ્રહરૂપી વિડંબના તેઓને નથી કે જેઓનો તું અનુશાસક છે. પરંતુ આ અર્થ પંડિત પુરુષોએ હૃદયમાં ધારણ કરવો નહીં. કેમ કે પ્રસ્તુત સ્તુતિમાં અન્યયોગ વ્યવચ્છેદનો અધિકાર હોવાથી પૂર્વોક્ત અર્થ ઈષ્ટ છે. આ પ્રમાણે છઠ્ઠા શ્લોકનો અર્થ જાણવો.

अवतरण

अथ चैतन्यादयो रूपादयश्च धर्मा आत्मादेर्घटादेश्च धर्मिणोऽत्यन्तं व्यतिरिक्ता अपि समवायसम्बन्धेन संबद्धाः सन्तो धर्मधर्मिव्यपदेशमश्नुवते तन्मतं दूषयन्नाह–

(અનુવાદ)

હવે ચૈતન્ય તથા રૂપાદિ ધર્મો અનુક્રમે આત્મા તથા ઘટ આદિ ધર્મીઓથી અત્યંત ભિન્ન છે, પરંતુ સમવાય સંબંધથી સંબદ્ધ થયે છતે પરસ્પર ધર્મ–ધર્મીપણાનો વ્યવહાર થાય છે', આવા પ્રકારની વૈશેષિકોની માન્યતાને દુષિત કરતાં કહે છે.

न धर्मधर्मित्वमतीवभेदे वृत्त्यास्ति चेन्न त्रितयं चकास्ति ।
इहेदमित्यस्ति मतिश्च वृत्तौ न गौणभेदोऽपि च लोकबाधः ॥७॥

મૂલ-અર્થ : ધર્મ અને ધર્મીનો સર્વથા ભેદ નથી. યદિ ધર્મ અને ધર્મીનો પરસ્પર સર્વથા ભેદ માનવામાં આવે તો 'આ ધર્મીનો આ જ ધર્મ છે' તેવા પ્રકારની પ્રતીતિ થશે નહી. વૈશેષિક કહે છે કે ધર્મ અને ધર્મી સર્વથા ભિન્ન હોવા છતાં પણ સમવાય સંબંધ વડે સંબદ્ધ થવાથી આ ધર્મીનો આ ધર્મ છે, તેવા પ્રકારની પ્રતીતિ રહેલાઈથી થઇ શકે છે. જૈન દર્શન કહે છે : આ તમારૂં કથન ઠીક નથી. અમુક ધર્મ, અમુક ધર્મી અને તે ધર્મ-ધર્મીને જોડનાર તેનાથી ભિન્ન સમવાય સંબંધ, આ રીતે ભિન્ન ભિન્ન ત્રણ વસ્તુની પ્રતીતિ થઇ શકતી નથી પરંતુ ધર્મ અને ધર્મી તે બન્નેની જ પ્રતીતિ થાય છે. વૈશેષિક કહે છે : તંતુ સમૂહમાં પટ છે, આત્મામાં જ્ઞાન છે, અને મૃત્તિકામાં ઘટ છે, ઇત્યાદિ પ્રકારની પ્રતીતિ સમવાય સંબંધ વિના થઇ શકતી નથી. માટે ભિન્ન એક સમવાય સંબંધ માનવો આવશ્યક છે.

જૈન કહે છે : તમે લોકો પૃથ્વીમાં પૃથ્વીત્વ પૃથ્વીનું સ્વરૂપ માનો છો તેમ સમવાયમાં પણ 'સમવાયત્વ' પોતાનું સ્વરૂપ માનવું પડશે અને તે રીતે સમવાય અને સમવાયત્વને જોડનાર અન્ય કોઈ ભિન્ન સમવાય માનવો પડશે ! તે ભિન્ન સમવાયને સમવાયત્વ સ્વરૂપ સાથે જોડનાર અન્ય કોઇ ત્રીજો સમવાય સંબંધ માનવો પડશે ! આ પ્રમાણે ઉત્તરોત્તર સંબંધની કલ્પના કરવાથી અંતે અનવસ્થા દોષ આવશે.

વૈશેષિક કહે છે : સ્વરૂપ યા જાતિ જેના અનેક ભેદ હોય છે તેમાં જ તે રહે છે. જેમ કે પૃથ્વીરૂપ પદાર્થના અનેક ભેદ હોવાથી તેમાં પૃથ્વીત્વ રૂપ જાતિ રહે છે. તેમાં જેમ સમવાય સંબંધ મુખ્ય છે તેમ સમવાય એક હોવાથી તેમાં સમવાયત્વનો સંબંધ મુખ્ય નથી, પરંતુ ગૌણ છે.

જૈન કહે છે : જેમ પૃથ્વી આદિનાં અનેક ભેદ છે તેમ સમવાયના પણ ઘટ સમવાય, પટ સમવાય આદિ અનેક ભેદો પ્રતીત થાય છે, માટે પૃથ્વી આદિમાં સમવાય સંબંધ જેમ મુખ્ય છે તેમ સમવાયમાં પણ સમવાયત્વ રૂપ જાતિનો સંબંધ મુખ્ય છે. ગૌણ નથી. તેમજ સર્વ સધારણ લોકને પટમાં તંતુ છે તેવા પ્રકારની પ્રતીતિ થાય છે. પરંતુ તંતુમાં પટ છે તેવા પ્રકારની પ્રતીતિ હોતી નથી. માટે સમવાય સંબંધ માનવાથી લોકબાધા પણ ઉપસ્થિત થશે,

(टीका) धर्मधर्मिणोरतीवभेदे [अतीवेत्यत्र इवशब्दो वाक्यालंकारे तं च प्रायोऽतिशब्दात् किंवृत्तेश्च प्रयुञ्जते शाब्दिकाः यथा–"आवर्जिता किञ्चदिव स्तनाभ्याम्" "उद्वृत्तः क इह सुखावहः परेषाम्" इत्यादि] ततश्च धमधर्मिणोः अतीवभेदे–एकान्तभिन्नत्वेऽङ्गीक्रियमाणे, स्वभावहानेर्धर्मधर्मित्वं न स्यात् अस्य धर्मिण इमे धर्माः. एषां च धर्माणामयमाश्रयभूतो धर्मी इत्येवं सर्वप्रसिद्धो धर्मधर्मिव्यपदेशो न प्राप्नोति । तयोरत्यन्तभिन्नत्वेऽपि तत्कल्पनायां पदार्थान्तरधर्माणामपि विवक्षितधर्मधर्मित्वापत्तेः ।

(અનુવાદ)

શ્લોકમાં જે 'अतीव' પદ છે, તેમાં રહેલો 'ईव' શબ્દ વાક્યાલંકારમાં હોવાથી તેનો કંઈ અર્થ નથી. શાબ્દિકો (વ્યાકરણ વિશારદો) આ રીતે ईवशब्दનો 'अति' અને 'किम्' શબ્દની સાથે પ્રયોગ કરે છે. (દા.ત. आवर्जिता किञ्चिदिव स्तनाभ्याम् - સ્તનોવડે કંઈક નમેલા उद्वृत्तः इव सुखावहः परेषाम्–ઉદ્ધત બીજાને કઇ રીતે સુખ આપે ? ઇત્યાદિમાં) જેમ 'ईव' શબ્દનો કંઈ અર્થ નથી અર્થાત્ વાક્યાલંકારમાં છે તેમ અહિંયાં પણ વાક્યાલંકારમાં છે.

જો ધર્મ અને ધર્મીનો એકાન્ત ભેદ માનવામાં આવે તો ધર્મધર્મીનાં સ્વરૂપની હાનિ થશે. આથી 'આ ધર્મીના આ ધર્મો છે' તેમજ 'આ ધર્મોનો આશ્રયભૂત આ ધર્મી છે,' તેવા પ્રકારનો લોકપ્રસિદ્ધ ધર્મધર્મીપણાનો વ્યવહાર બની શકશે નહીં. (જેમકે મનુષ્યથી મનુષ્યત્વ ધર્મ સર્વથા ભિન્ન છે. તેમ પશુથી પણ મનુષ્યત્વ ધર્મ સર્વથા ભિન્ન છે, આ પ્રમાણે ભેદનું સમાનપણું હોવાથી મનુષ્યમાં પશુત્વધર્મ અને પશુમાં મનુષ્યત્વ ધર્મની પ્રાપ્તિ થશે.) આ રીતે ધર્મધર્મીનો સર્વથા ભેદ માનવાથી એક પદાર્થના ધર્મો બીજા પદાર્થમાં પ્રાપ્ત થશે.

(टीका) एवमुक्ते सति परः प्रत्यवतिष्ठते । वृत्त्यास्तीति–अयुतसिद्धानामाधार्याधारभूतानामिहप्रत्ययहेतुः सम्बन्धः समवायः । स च समवयनात् समवाय इति द्रव्यगुणकर्मसामान्यविशेषेषु पञ्चसु पदार्थेषु वर्तनाद् वृत्तिरिति चाख्यायते । तया वृत्त्या समवायसम्बन्धेन, तयोर्धर्मधर्मिणोः इतरेतरविनिर्लुण्ठितत्वेऽपि धर्मधर्मिव्यपदेश इष्यते । इति नानन्तरोक्तो दोष इति ।

(અનુવાદ)

વૈશેષિક કહે છે : અમે વૃત્તિ (સમવાય) થી ધર્મધર્મીમાં સંબંધ માનીએ છીએ. તે આ પ્રમાણે : એક બીજા વિના ના રહી શકે તેવા અયુતસિદ્ધ પદાર્થો કે જે પટ રૂપ આધેય અને તંતુઓ રૂપ આધાર, ઇત્યાકારક આધાર-આધેય આદિ પદાર્થોમાં ઇહપ્રત્યય (આ તંતુમાં પટ છે) ના કારણરૂપ જે પ્રતીતિ થાય છે, તે પ્રતીતિના કારણરૂપ સમવાય સંબંધ છે, અને તે સમવાય સંબંધ વડે પરસ્પર ભિન્ન એવા ધર્મ અને ધર્મીનું જોડાણ થતું હોવાથી તેને સમવાય કહેવાય છે. અને તેથી ધર્મ અને ધર્મીપણાનો વ્યવહાર

થઈ શકે છે. તે સમવાય સંબંધ દ્રવ્ય, ગુણ, કર્મ સામાન્ય અને વિશેષ, એ પાંચે પદાર્થોમાં રહેવાથી તેને વૃત્તિ પણ કહેવાય છે. (અવયવ અવયવી, ગુણ ગુણી, ક્રિયા ક્રિયાવાન, વ્યક્તિ, જાતિ નિત્યદ્રવ્ય અને વિશેષમાં રહે છે) અને તેથી ધર્મ અને ધર્મી પરસ્પર સર્વથા ભિન્ન હોવા છતાં પણ તેમાં સમવાય સંબંધ વડે જોડાણ થવાથી, ધર્મધર્મીપણાનો વ્યવહાર થઇ શકે છે. આથી પૂર્વોક્ત દોષ (અન્યપદાર્થમાં અન્ય ધર્મનું આગમન)નો અત્રે અવકાશ નથી.

(ટીકા) अत्राचार्यः समाधत्ते । चेदिति । यद्यवं तव मतिः सा प्रत्यक्षप्रतिक्षिप्ता । यतो न त्रितयं चकास्ति । अयं धर्मी इमे चास्य धर्माः, अयं चैतत्सम्बन्धनिबन्धनं समवाय इत्येतत् त्रितयं–वस्तुत्रयं, न चकास्ति–ज्ञानविषयतया न प्रतिभासते । यथा किल शिलाशकलयुगलस्य मिथोऽनुसन्धायकं रालादि द्रव्यं तस्मात् पृथक् तृतीयतया प्रतिभासते, नैवमत्र समवायस्यापि प्रतिभासनम्, किन्तु द्वयोरेव धर्मधर्मिणोः इति शपथप्रत्यायनीयोऽयं समवाय इति भावार्थः ।

(અનુવાદ)

જૈન કહે છેઃ પૂર્વોક્ત તમારી માન્યતા પ્રત્યક્ષ પ્રમાણથી બાધિત છે. 'આ ધર્મી આ ધર્મીના આ ધર્મો અને તે ધર્મ ધર્મીને જોડનાર એક ભિન્ન સમવાય, આ પ્રકારે ત્રણ પદાર્થનું જ્ઞાન થતું નથી, જેમ એક પત્થરના બે ટુકડાને સાંધનાર જુદુ એક રાળ વગેરે દ્રવ્ય છે, તેમ અહિં પણ ધર્મ અને ધર્મીને જોડનાર અલગ કોઇ સમવાય દેખવામાં આવતો નથી. તો પણ સમવાયનો સ્વીકાર કરવો તે ખરેખર, શપથ આપીને મનાવવા જેવું છે.

(ટીકા) किञ्च, अयं तेन वादिना एको नित्यः सर्वव्यापकः अमूर्तश्च परिकल्प्यते । ततो यथा घटाश्रिताः पाकजरूपादयो धर्माः समवायसम्बन्धेन घटे समवेताः तथा किं न पटेऽपि ? तस्यैकत्वनित्यत्वव्यापकत्वैः सर्वत्र तुल्यत्वात् ।

(અનુવાદ)

વળી સમવાયને એક, નિત્ય અને વ્યાપક માનો છો તેથી અગ્નિ વડે પકવેલા ઘટમાં પાકજ રૂપાદિ ધર્મો જેમ સમવાય સંબંધ વડે ઘટમાં રહે છે, તેમ સમવાય એક, નિત્ય અને વ્યાપક હોવાથી ઘટના પાકજ રૂપાદિ ધર્મો પટમાં પણ રહેવા જોઇએ ! કેમકે ઘટમાં 'ઘટત્વ સમવાય' રહેલો અને પટમાં 'પટત્વ સમવાય' રહેલો તે બન્ને સમવાય એક, નિત્ય અને વ્યાપક છે.

(ટીકા) यथाकाश एको नित्यो व्यापकः अमूर्तश्च सन् सर्वैः सम्बन्धिभिर्युगपदविशेषेण सम्बध्यते, तथा किं नायमपीति । विनश्यदेकवस्तुसमवायाभावे च समस्तवस्तुसमवायाभावः प्रसज्यते । तत्तदवच्छेदकभेदाद् नायं दोष इति चेत्, एवमनित्यत्वापत्तिः । प्रतिवस्तुस्वभावभेदादिति ।

(અનુવાદ)

જેમ આકાશ એક, નિત્ય, વ્યાપક અને અમૂર્ત હોવાથી સર્વ સંબંધીઓની સાથે તેનો એકી સાથે સંબંધ છે, તેમ યથોક્ત ગુણથી યુક્ત સમવાયનો પણ એકી સાથે સર્વે સંબંધીઓ સાથે સંબંધ કેમ નહીં થાય ? તેમજ એક ઘટ વસ્તુનો નાશ થવાથી તેમાં રહેલ ઘટત્વ સમવાયનો જેમ અભાવ થાય છે, તેમ પ્રત્યેક વસ્તુમાં રહેલ સમવાયનો પણ અભાવ થવો જોઈએ ને ? કેમકે તે એક, નિત્ય અને વ્યાપક હોવાથી પ્રત્યેક વસ્તુમાં સમાન રીતે રહેલ છે.

જો કહેશો કે સમવાય તો એક જ છે, પરંતુ ઘટત્વાવચ્છેદેન ઘટત્વસમવાય અને પટત્વાવચ્છેદેન પટત્વસમવાય ભિન્ન છે, તે રીતે ભિન્ન ભિન્ન અવચ્છેદકને આશ્રયીને સમવાયમાં પણ તે રૂપે ભેદ થાય છે, તેથી ઘટનો નાશ થવાથી ઘટત્વ-સમવાયનો અભાવ હોવા છતાં પણ કંઈ પટાદિમાં રહેલ પટત્વ આદિ સમવાયનો નાશ થતો નથી.

ત્યારે જૈન કહે છે કે એ પ્રકારે પ્રત્યેક વસ્તુમાં ભિન્ન ભિન્ન સમવાય માનશો તો પદાર્થની જેમ સમવાયના સ્વભાવનો પણ ભેદ થશે અને તે પ્રકારે સ્વભાવભેદ થવાથી સમવાયમાં અનિત્યતા પ્રાપ્ત થશે.

(टीका) अथ कथं समवायस्य न ज्ञाने प्रतिभासनम् यतस्तस्येहेतिप्रत्ययः सावधानं साधनम् । इहप्रत्ययश्चानुभवसिद्ध एव । इह तन्तुषु पटः, इहात्मनि ज्ञानम्, इह घटे रूपादय इति प्रतीतेरुपलम्भात् । अस्य च प्रत्ययस्य केवलधर्म-धर्म्यनालम्बनत्वादस्ति समवायाख्यं पदार्थान्तरं तद्धेतुः इति पराशङ्कामभिसन्धाय पुनराह। इहेदमित्यस्ति मतिश्च वृत्ताविति। इहेदमिति—इहेदमिति आश्रयाश्रयिभावहेतुक इहप्रत्ययो वृत्तावप्यस्ति-समवायसम्बन्धेऽपि विद्यते । चशब्दोऽपिशब्दार्थः तस्य च व्यवहितः सम्बन्धः तथैव च व्याख्यातम् ।

(અનુવાદ)

હવે વૈશેષિક કહે છે કે : સમવાયનો જ્ઞાનમાં પ્રતિભાસ નથી તેમ નહીં; પરંતુ અવશ્ય સમવાયનું ધર્મ-ધર્મીથી ભિન્નપણે જ્ઞાન થાય છે; અને તે સમવાયનું જ્ઞાન કરવામાં 'ઇહ પ્રત્યય'—(આ તંતુમાં પટ છે.) એ પ્રબલ સાધન છે. તેમ જ 'તંતુમાં પટ છે,' 'આત્મામાં જ્ઞાન છે,' 'ઘટમાં રૂપાદિ છે,' ઇત્યાદિ પ્રતીતિનો સાક્ષાત્કાર થવાથી અહીં ઇહપ્રત્યય અનુભવસિદ્ધ છે. તેમજ 'ઇહ ઇદમ્'-'અહિંયાં આ છે' તે પ્રકારની બુદ્ધિ કેવલ ધર્મરૂપ આધેય અને ધર્મીરૂપ આધારમા થતી નથી. પરંતુ તે આધાર અને આધેયથી ભિન્ન ઇહપ્રત્યયના કારણરૂપ સમવાય સંબંધ વડે જ થાય છે; માટે ઉક્ત પ્રતીતિના કારણરૂપ એક સમવાય સંબંધ અવશ્ય માનવો જોઈએ.

(टीका) इदमत्र हृदयम् । यथा त्वन्मते पृथिवीत्वाभिसंबन्धात् पृथिवी, तत्र पृथिवीत्वं पृथिव्या एव स्वरूपमस्तित्वाख्यं नापरं वस्त्वन्तरम् । तेन स्वरूपेणैव समं योऽसावभिसम्बन्धः पृथिव्याः स एव समवाय इत्युच्यते । "प्राप्तानामेव प्राप्तिः समवायः" इति वचनात् । एवं समवायत्वाभिसम्बन्धात् समवाय इत्यपि

किं न कल्प्यते । यतस्तस्यापि यत् समवायत्वं स्वस्वरूपं, तेन सार्धं सम्बन्धोऽस्त्येव । अन्यथा निःस्वभावत्वात् शशविषाणवदवस्तुत्वमेव भवेत् ततश्च इह समवाये समवायत्वम् इत्युल्लेखेन इहप्रत्ययः समवायेऽपि युक्त्या घटत एव । ततो यथा पृथिव्यां पृथिवीत्वं समवायेन समवेतं, एवं समवायेऽपि समवायत्वं समवायान्तरेण सम्बन्धनीयम्. तदप्यपरेण. इत्येवं दुस्तराऽनवस्था महानदी ।

(અનુવાદ)

જૈન કહે છે. તમો ધર્મ અને ધર્મીમાં ઇહપ્રત્યયના કારણરૂપ સમવાય સંબંધ માનો છો તે ઠીક નથી.

કેમકે ધર્મધર્મીના કારણરૂપ ઇહપ્રત્યય જેમ ધર્મ અને ધર્મીમાં છે, તેમ સમવાયમાં પણ છે. કારણ કે તમારા મતે પૃથ્વીત્વના સંબંધથી પૃથ્વીમાં જે પૃથ્વીત્વ છે તે તેનું સ્વરૂપ (સ્વભાવ) છે, અને તે પૃથ્વીત્વ સાથે પૃથ્વીનો જે સંબંધ છે, તે જ સમવાય કહેવાય છે. કહ્યું છે કે 'પ્રાપ્તિ પદાર્થની પ્રાપ્તિ તે જ સમવાય કહેવાય છે.' એ પ્રકારે સમવાયમાં પણ સમવાયત્વની કલ્પના કેમ ના થઈ શકે ? કારણ કે સમવાયત્વ એ સમવાયનું સ્વરૂપ છે અને તે સમવાયની સાથે સમવાયત્વનો સંબંધ પણ છે. જો સમવાયમાં સમવાયત્વ-સ્વરૂપ માનવામાં ના આવે તો સમવાય પોતાનાં સ્વરૂપથી ચ્યુત થશે અને એ રીતે સ્વરૂપભ્રષ્ટ થવાથી સમવાય શશશૃંગની જેમ અસત્ થઇ જશે માટે સમવાયમાં સમવાયત્વ-સ્વરૂપ માનવું આવશ્યક છે. આ રીતે સમવાયમાં સમવાયત્વ છે, ઇત્યાકાર ઇહપ્રત્યય સમવાયમાં યુક્તિથી સિદ્ધ થાય છે. તેથી પૃથ્વીમાં પૃથ્વીત્વ જેમ સમવાય સંબંધ વડે રહે છે, તેમ સમવાયમાં પણ સમવાયત્વ કોઇ બીજા સમવાય સંબંધ વડે રહેશે, અને તે બીજા સમવાયમાં પણ સમવાયત્વ કોઈ ત્રીજા સમવાય સંબંધ વડે રહેશે. આ પ્રમાણે એક સમવાયની સિદ્ધિમાં અનંત સમવાય માનવાથી અનવસ્થારૂપી મહાનદી દુસ્તર થશે ! અર્થાત્ અનવસ્થા નામનો દોષ આવશે.

(ટીકા) एवं समवायस्यापि समवायत्वाभिसम्बन्धे युक्त्या उपपादिते साहसिक्यमालम्ब्य पुनः पूर्वपक्षवादी वदति । ननु पृथिव्यादीनां पृथिवीत्वाद्यभिसम्बन्धनिबन्धनं समवायो मुख्यः । तत्र त्वतलादिप्रत्ययाभिव्यङ्ग्यस्य सङ्गृहीतसकलावान्तरजातिलक्षणव्यक्तिभेदस्य सामान्यस्योद्भवात् । इह तु समवायस्यैकत्वेन व्यक्तिभेदाभावे जातेरनुद्भूतत्वाद् गौणोऽयं युष्मत्परिकल्पित इहेतिप्रत्ययसाध्यः समवायत्वाभिसम्बन्धः तत्साध्यश्च समवाय इति ।

(અનુવાદ)

આ પ્રકારે સમવાયમાં સમવાયત્વનો સંબંધ યુક્તિથી સિદ્ધ થયા છતાં પણ વૈશેષિક દર્શનકાર સાહસિકતાનું અવલંબન કરીને ફરીથી કહે છે કે સમવાયના મુખ્ય અને ગૌણ એમ બે ભેદ છે. તેમાં જે પૃથ્વી આદિમાં પૃથ્વીત્વાદિ રહે છે, તે મુખ્ય સમવાયથી રહે છે; અને તે મુખ્ય સમવાયનું જ્ઞાન 'ત્વ-તલ' આદિ પ્રત્યયો દ્વારા થાય છે. અને તે પૃથ્વી આદિમાં રહેલ સમવાય સંપૂર્ણ ઘટત્વ આદિ અવાન્તર જાતિરૂપ વ્યક્તિઓના ભેદને સામાન્યતયા

ગ્રહણ કરે છે, તેથી તેમાં મુખ્ય સમવાય સંભવે છે. અને સમવાય તો એક જ છે. તેથી તેમાં વ્યક્તિભેદનો અભાવ હોવાથી સમવાયમાં સમવાયત્વ રૂપ જાતિ (સામાન્ય) રહી શકતી નથી. તેથી જૈન દર્શન વડે કલ્પિત 'આ સમવાયમાં સમવાયત્વ છે' તે રૂપ ઈહપ્રત્યયથી સાધ્ય સમવાયમાં સમવાયત્વનો સંબંધ મુખ્ય નથી, કિન્તુ ગૌણ છે. આ રીતે સમવાય એક હોવાથી તેમાં સમવાયત્વ રૂપ જાતિ હોઇ શકતી નથી.

(टीका) तदेतद् न विपश्चिच्चमत्कारकारणम् । यतोऽत्रापि जातिरुद्भवन्ती केन निरूध्यते । व्यक्तेरभेदेनेति चेत् । न । तत्तदवच्छेदकवशात् तद्भेदोपपत्तौ व्यक्तिभेदकल्पनाया दुर्निवारत्वात्। अन्यो घटसमवायोऽन्यश्च पटसमवाय इति व्यक्त एव समवायस्यापि व्यक्तिभेद इति, तत्सिद्धौ सिद्ध एव जात्युद्भवः । तस्मादन्यत्रापि मुख्य एव समवायः इहप्रत्ययस्योभयत्राप्यव्यभिचारात् ।

(અનુવાદ)

જૈન કહે છે : ઉપર મુજબનું આપનું કથન પંડિત પુરૂષોનાં ચિત્તને ચમત્કાર કરનારૂં નથી, કેમકે જે પ્રકારે પૃથ્વીમાં મુખ્ય સમવાય રહેવાથી તેમાં જેમ પૃથ્વીત્વ જાતિ માનો છો, તેમ સમવાયમાં પણ મુખ્ય સમવાય જ હોવાને કારણે તેમાં પણ સમવાયત્વ જાતિનું નિવારણ કઇ રીતે થઇ શકશે ? જો કહેશો કે : સમવાય એક છે, માટે 'व्यक्तेरभेद': ઇત્યાદિ વચનથી સમવાયમાં સમવાયત્વ જાતિનો વિરોધ છે. તે પણ તમારૂં કથન યુક્તિસંગત નથી, ઘટત્વાવચ્છેદેન ઘટસમવાય ભિન્ન છે, અને પટત્વાવચ્છેદેન પટ સમવાય પણ ભિન્ન છે. ઇત્યાદિ ભિન્નભિન્ન અવચ્છેદકના ભેદથી સમવાયમાં પણ વ્યક્તિ-ભેદ સિદ્ધ થાય છે, અને વ્યક્તિનું ભિન્નભિન્નપણું થવાથી જેમ પૃથ્વીમાં પૃથ્વીત્વ-જાતિ મુખ્ય સમવાયથી રહે છે; તેમ સમવાયમાં પણ સમવાયત્વ જાતિ મુખ્ય સમવાય સંબંધથી રહેશે, કેમકે પૃથ્વી અને સમવાય-ઉભયમાં ઇહપ્રત્યયની સમાનતા છે.

(टीका) तदेतत्सकलं सपूर्वपक्षं समाधानं मनसि निधाय सिद्धान्तवादी प्राह । न गौणभेद इति । गौण इति योऽयं भेदः स नास्ति । गौणलक्षणाभावात् । तल्लक्षणं चेत्थमाचक्षते—

"अव्यभिचारी मुख्योऽविकलोऽसाधारणोऽन्तरङ्गश्च ।
विपरीतो गौणोऽर्थः सति मुख्ये धीः कथं गौणे" ॥

तस्माद् धर्मधर्मिणोः सम्बन्धने मुख्यः समवायः, समवाये च समवायत्वाभिसम्बन्धे गौण इत्ययं भेदो नानात्वं नास्तीति भावार्थः।

(અનુવાદ)

તેમ જ સમસ્ત પૂર્વપક્ષ મનમાં ધારણ કરીને પૂ. આચાર્ય મહારાજ કહે છે : તમે કહો છો કે સમવાયમાં જે સમવાયત્વ છે તે ગૌણ છે, પરંતુ મુખ્ય નથી; એ પણ ઠીક નથી. કેમકે તેમાં વ્યભિચારી, વિકલ, સાધારણ અને બહિરંગ તે રૂપ ગૌણનું લક્ષણ ઘટતું નથી, જેમ અગ્નિરૂપ પદાર્થ દાહાદિ ક્રિયામાં સમર્થ હોવાથી તેમાં અગ્નિશબ્દનો

મુખ્યતયા વ્યવહાર થાય છે; અને 'અગ્નિ માણવક' ઇત્યાદિ પ્રયોગમાં માણવક (બાળક)માં દાહાદિ ક્રિયા નહિ રહેવાથી, માણવકમાં અગ્નિ શબ્દનો પ્રયોગ ઉપચારથી થાય છે. તેવી રીતે સમવાયમાં જે સમવાયત્વ છે તે મુખ્ય અર્થમાં રહે છે; કેમકે જેમાં મુખ્યઅર્થ રહેતો હોય તેમાં ઉપચાર કરી શકાતો નથી. માટે સમવાયમાં સમવાયત્વ છે તે મુખ્ય છે કિન્તુ ગૌણ નથી. આ રીતે સમવાયમાં મુખ્ય સમવાયત્વ ઘટવા છતાં પણ ધર્મ અને ધર્મીનો સંબંધ મુખ્ય સમવાયથી થાય છે. અને સમવાયમાં સમવાયત્વનો સંબંધ ગૌણ સમવાયથી થાય છે. આ પ્રકારે સમવાયના મુખ્ય અને ગૌણ એમ બે ભેદ માનવા તે યોગ્ય જ છે.

(टीका) किञ्च, योऽयमिह तन्तुषु पट इत्यादिप्रत्ययात् समवायसाधनमनोरथः स खल्वनुहरते नपुंसकादपत्यप्रसवमनोरथम्। इह तन्तुषु पट इत्यादेर्व्यवहारस्या लौकिकत्वात्। पांशुलपादानामपि इह पटे तन्तव इत्येव प्रतीतिदर्शनात्। इह भूतले घटाभाव इत्यत्रापि समवायप्रसंगात्। अत एवाह अपिच लोकबाध इति। अपि चेति–दूषणाभ्युच्चये, लोकः–प्रामाणिकलोकः सामान्यलोकश्च; तेन बाधो–विरोधः; लोकबाधः। तदप्रतीतव्यवहारसाधनात् बाधशब्दस्य "ईहाद्याः प्रत्ययभेदतः" इति पुंस्त्वोल्लिङ्गता। तस्माद्धर्मधर्मिणोरविष्वग्भावलक्षण एव सम्बन्धः प्रतिपत्तव्यो नान्यः समवायादिः। इति काव्यार्थः ॥७॥

(અનુવાદ)

વળી 'આ તન્તુમાં પટ છે,' ઇત્યાદિ પ્રત્યય દ્વારા સમવાયની સિદ્ધિ કરવાનો આપનો મનોરથ, તે ખરેખર નપુંસકથી પુત્રપ્રાપ્તિની આશા સમાન છે! અર્થાત્ સમવાયની સિદ્ધિ કોઈ પણ રીતે સંભવિત નથી, કેમકે 'તન્તુમાં પટ છે' ઇત્યાદિ વ્યવહાર સામાન્ય લોકથી બાધિત છે, સામાન્ય 'લોકને પટમાં તન્તુ છે' તેવા પ્રકારની પ્રતીતિ હોય છે, કિન્તુ 'તન્તુમાં પટ છે' તેવા પ્રકારની પ્રતીતિ હોતી નથી. સમવાયના કારણરૂપ ઇહ-પ્રત્યય તો 'આ ભૂતલમાં ઘટ છે,' તેમાં પણ થાય છે; તો તે પ્રતીતિના કારણરૂપ સમવાય ત્યાં પણ માનવો પડશે. તેમજ શ્લોકમાં 'अपि' અને 'च' શબ્દથી એ સૂચન થાય છે કે પૂર્વે કહેલા દોષો તો છે જ, પરંતુ તે ઉપરાંત બીજા પણ અનેક દોષો છે. સમવાયની પ્રતીતિ પ્રામાણિક લોક અને સાધારણ લોક તે બન્નેથી બાધિત છે, કેમકે તેવા પ્રકારની પ્રતીતિ વ્યવહારસિદ્ધ નહિ હોવાથી અનુભવગમ્ય નથી.

આ પ્રકારે અનેક દોષોનો સંભવ હોવાથી સમવાય નામનો ભિન્ન પદાર્થ નહિ માનતા, ધર્મ અને ધર્મીનો અવિષ્વગ્ભાવ નામ 'તાદાત્મ્ય સંબંધ' સ્વીકારવો જ ઇષ્ટ છે; તેમજ શ્લોકમાં જે બાધશબ્દ છે તેનો હૈમ વ્યાકરણના "ईहाद्याः प्रत्ययभेदतः" સૂત્રથી પુલ્લિંગ અને સ્ત્રીલિંગ ઉભયમાં પ્રયોગ થાય છે. આ પ્રમાણે ૭મા શ્લોકનો અર્થ જાણવો.

अवतरण

अथ सत्ताभिधानं पदार्थान्तरम्, आत्मनश्च व्यतिरिक्तं ज्ञानाख्यं गुणम्, आत्मविशेषगुणोच्छेदस्वरूपां च मुक्तिम्, अज्ञानादङ्गीकृतवतः परानुपहसन्नाह—

(૧) સત્તા એક ભિન્ન પદાર્થ છે. (૨) આત્માથી જ્ઞાન સર્વથા ભિન્ન છે. (૩) તેમજ આત્માના વિશેષ ગુણોનો નાશ તે જ મોક્ષ છે. આવા પ્રકારની માન્યતાઓને અજ્ઞાનથી સ્વીકારનાર કણાદમતાનુસારીઓનો ઉપહાસ કરતાં ગ્રન્થકાર કહે છે કે:

मूलः सतामपि स्यात् क्वचिदेव सत्ता चैतन्यमौपाधिकमात्मनोऽन्यत् ।
न संविदानन्दमयी च मुक्तिः सुसूत्रमासूत्रितमत्वदीयैः ॥८॥

મૂળ-અર્થ : વૈશેષિકોએ માનેલા દ્રવ્ય, ગુણ, કર્મ, સામાન્ય, વિશેષ અને સમવાય, એ છ પદાર્થો જો કે સત્સ્વરૂપ છે, તો પણ સામાન્ય (સત્તા) તો દ્રવ્ય, ગુણ અને કર્મ એ ત્રણ પદાર્થમાં જ રહે છે. જ્ઞાન એ ઉપાધિથી જન્ય હોવાને કારણે આત્માથી સર્વથા ભિન્ન છે. મોક્ષ જ્ઞાન અને આનંદ સ્વરૂપ નથી. આ પ્રકરની હે ભગવાન, આપની આજ્ઞાથી વિમુખ એવા વૈશેષિક દર્શને કેવી સુંદર શાસ્ત્રરચના કરી છે!

(टीका) वैशेषिकाणां द्रव्यगुणकर्मसामान्यविशेषसमवायाख्याः षट्पदार्थास्तत्त्वतयाऽभिप्रेताः । तत्र "पृथीव्यापस्तेजो वायुराकाशः कालो दिगात्मा मन" इति नव द्रव्याणि । गुणाश्चतुर्विंशतिः तद्यथा "रूपरसगन्धस्पर्शसंख्यापरिमाणानि पृथक्त्वं संयोगविभागौ परत्वापरत्वे बुद्धिः सुखदुःखे इच्छाद्वेषौ प्रयत्नश्च" इति सूत्रोक्ताः सप्तदश । चशब्दसमुच्चिताश्च सप्त–द्रवत्वं गुरुत्वं संस्कारः स्नेहो धर्माधर्मौ शब्दश्च इत्येवं चतुर्विंशतिर्गुणाः । संस्कारस्य वेगभावनास्थितिस्थापकभेदात् त्रैविध्येऽपि संस्कारत्वजात्यपेक्षया एकत्वात्, शौर्यौदार्यादीनां चात्रैवान्तर्भावाद् नाधिक्यम् । कर्माणि पञ्च । तद्यथा–उत्क्षेपणमाकुञ्चनं प्रसारणं गमनमिति । गमनग्रहणाद् भ्रमणरेचनस्यन्दनाद्यविरोधः ॥

(અનુવાદ)

વૈશેષિક દર્શન દ્રવ્ય, ગુણ, કર્મ, સામાન્ય, વિશેષ અને સમવાય, એ છ પદાર્થને તત્ત્વરૂપે સ્વીકારે છે. તેમાં પૃથ્વી, જલ, અગ્નિ, વાયુ, આકાશ, કાલ, દિશા, આત્મા અને મન એ નવ દ્રવ્યો છે. રૂપ, રસ, ગંધ, સ્પર્શ, સંખ્યા, પરિણામ, પૃથક્ત્વ, સંયોગ, વિભાગ, પરત્વ, અપરત્વ, બુદ્ધિ, સુખ, દુઃખ, ઇચ્છા, દ્વેષ, પ્રયત્ન, અને 'ચ' શબ્દથી દ્રવત્વ, ગુરુત્વ, સંસ્કાર, સ્નેહ, ધર્મ, અધર્મ, શબ્દ, એ ચોવીસ ગુણો છે. તે પૈકીના જે

સંસ્કાર છે તે વેગ, ભાવના અને સ્થિતિસ્થાપક એમ ત્રણ પ્રકારે છે, પરંતુ સંસ્કારત્વ જાતિની અપેક્ષાએ તે એક છે. શૌર્ય અને ઔદાર્ય આદિનો પણ આ ચોવીશમાં જ અંતર્ભાવ થાય છે. તેથી ગુણોનું અધિકપણું નથી. તેમજ ઉત્ક્ષેપણ, અપક્ષેપણ, આકુંચન, પ્રસારણ અને ગમન આ પાંચ ભેદે કર્મ પાંચ પ્રકારે છે. અહીં ગમનના ગ્રહણથી ભ્રમણ, રેચન અને સ્યન્દન આદિનો પણ સમાવેશ થઈ જાય છે.

(टीका) अत्यन्तव्यावृत्तानां पिण्डानां यतः कारणाद् अन्योऽन्यस्वरूपानुगमः प्रतीयते, तदनुवृत्तिप्रत्ययहेतुः सामान्यम्। तच्च द्विविधं परमपरं च। तत्र परं सत्ता भावो महासामान्यमिति चोच्यते। द्रव्यत्वाद्यवान्तरसामान्यापेक्षया महाविषयत्वात्। अपरसामान्यं च द्रव्यत्वादि। एतच्च सामान्यविशेष इत्यपि व्यपदिश्यते। तथाहि– द्रव्यत्वं नवसु द्रव्येषु वर्तमानत्वात् सामान्यम्, गुणकर्मभ्यो व्यावृत्तत्वाद् विशेषः। ततः कर्मधारये सामान्यविशेष इति। एवं द्रव्यत्वाद्यपेक्षया पृथिवीत्वादिकमपरं, तदपेक्षया घटत्वादिकम्। एवं चतुर्विंशतौ गुणेषु वृत्तेर्गुणत्वं सामान्यम्, द्रव्यकर्मभ्यो व्यावृत्तेश्च विशेषः। एवं गुणत्वापेक्षया रूपत्वादिकं, तदपेक्षया नीलत्वादिकम्। एवं पञ्चसु कर्मसु वर्तनात् कर्मत्वं सामान्यम्, द्रव्यगुणेभ्यो व्यावृत्तत्वाद् विशेषः। एवं कर्मत्वापेक्षया उत्क्षेपणत्वादिकं ज्ञेयम्।

(અનુવાદ)

જે કારણથી અત્યંત ભિન્ન ભિન્ન પદાર્થોનાં અન્યોન્ય સ્વરૂપનો અનુગમ-એકાકાર પ્રતીતિ થાય છે, તે અનુવૃત્તિ પ્રત્યયના (એક સરખી પ્રતીતિનાં) કારણરૂપ સામાન્ય કહેવાય છે. અને તે સામાન્ય 'પર' અને 'અપર' ભેદથી બે પ્રકારે છે. તેમાં 'પર' સામાન્ય સત્તાભાવ, તેમજ મહાસામાન્ય કહેવાય છે. તેમાં સત્તા દ્રવ્યત્વાદિકની અપેક્ષાએ મહાન વિષયવાન હોવાથી તે પરસામાન્ય કહેવાય છે. કેમકે સત્તા દ્રવ્ય, ગુણ અને કર્મ એ ત્રણેમાં રહે છે. આથી તે પરસામાન્ય કહેવાય છે અને દ્રવ્યત્વ તો કેવલ દ્રવ્યોમાં જ રહે છે, તેથી તે દ્રવ્યત્વ આદિ અપરસામાન્ય કહેવાય છે. અને તે દ્રવ્યત્વાદિ અપરસામાન્ય સામાન્યવિશેષ પણ કહેવાય છે, કેમકે દ્રવ્યત્વ નવ દ્રવ્યોમાં રહેતું હોવાથી સામાન્ય અને ગુણ કર્મમાં નહીં રહેવાથી વિશેષ કહેવાય છે.

આ દ્રવ્યત્વાદિની અપેક્ષાએ પૃથ્વીત્વાદિ એ અપર અને પૃથ્વીત્વાદિની અપેક્ષાએ ઘટત્વાદિ અપર કહેવાય છે. તેમજ ગુણત્વ ચોવીસ ગુણોમાં રહેવાથી સામાન્ય અને દ્રવ્ય અને કર્મમાં નહીં રહેવાથી વિશેષ કહેવાય છે. એ રીતે રૂપત્વાદિની અપેક્ષાએ ગુણત્વ 'પર-સામાન્ય' અને રૂપત્વાદિ 'અપર-સામાન્ય' કહેવાય છે. અને તે જ રીતે નીલત્વાદિની અપેક્ષાએ રૂપત્વાદિ પર અને નીલત્વાદિ અપર સામાન્ય કહેવાય છે. કર્મત્વ પાંચે કર્મમાં રહેવાથી સામાન્ય અને દ્રવ્ય અને ગુણમાં નહીં રહેવાથી વિશેષ કહેવાય છે. તેમજ કર્મત્વની અપેક્ષાએ ઉત્ક્ષેપણત્વાદિ અપર છે અને કર્મત્વ એ પર સામાન્ય છે. આ પ્રમાણે અધિક દેશમાં રહેવાવાળું હોય તે પર અને ન્યૂન દેશમાં રહેવાવાળું હોય તે અપર સામાન્ય કહેવાય છે.

(टीका) अत्र सत्ता द्रव्यगुणकर्मभ्योऽर्थान्तरं कया युक्त्या इति चेद् । उच्यते । न द्रव्यं सत्ता, द्रव्यादन्येत्यर्थः । एक द्रव्यवत्त्वाद् । एकैकस्मिन् द्रव्ये वर्तमानत्वादित्यर्थः । द्रव्यत्ववत् । यथा द्रव्यत्वं नवसु द्रव्येषु प्रत्येकं वर्तमानं द्रव्यं न भवति, किन्तु सामान्यविशेषलक्षणं द्रव्यत्वमेव एवं सत्तापि । वैशेषिकाणां हि अद्रव्यं वा द्रव्यम्, अनेकद्रव्यं वा द्रव्यम् । तत्राद्रव्यं आकाशः कालो दिग् आत्मा मनः परमाणवः । अनेकद्रव्यं तु द्व्यणुकादिस्कन्धाः । एकद्रव्यं तु द्रव्यमेव न भवति । एकद्रव्यवती च सत्ता । इति द्रव्यलक्षणविलक्षणत्वाद् न द्रव्यम् । एवं न गुणः सत्ता । गुणेषु भावाद् । गुणत्ववत् । यदि हि सत्ता गुणः स्याद् न तर्हि गुणेषु वर्तेत । निर्गुणत्वाद् गुणानाम् । वर्तते च गुणेषु सत्ता । सन् गुण इति प्रतीतेः । तथा न सत्ता कर्म । कर्म । कर्मसु भावात् । कर्मत्ववत् । यदि च सत्ता कर्म स्याद् न तर्हि कर्मसु वर्तेत । निष्कर्मत्वात् कर्मणाम् । वर्तते च कर्मसु भावः, सत् कर्मेति प्रतीतेः । तस्मात् पदार्थान्तरं सत्ता ।

(અનુવાદ)

પૂર્વપક્ષ : સત્તા દ્રવ્ય, ગુણ અને કર્મથી ભિન્ન પદાર્થરૂપે સિદ્ધ થાય છે, તે આ પ્રમાણે : સત્તા એ દ્રવ્ય નથી, કેમકે તે નવે દ્રવ્યમાં રહે છે. જેમ દ્રવ્યત્વ એ નવે દ્રવ્યોમાં રહેતું હોવાથી દ્રવ્ય નથી પરંતુ સામાન્ય વિશેષ સ્વરૂપ દ્રવ્યત્વ કહેવાય છે, તેમ સત્તા પણ પ્રત્યેક દ્રવ્યમાં રહેતી હોવાથી દ્રવ્ય નથી કિન્તુ દ્રવ્યથી અતિરિક્ત (ભિન્ન) પદાર્થસ્વરૂપ છે. વૈશેષિક મતે દ્રવ્ય 'અદ્રવ્યત્વ' દ્રવ્ય અને 'અનેકદ્રવ્યત્વ' દ્રવ્યના ભેદથી બે પ્રકારે છે, તેમાં અદ્રવ્ય દ્રવ્ય—જે કોઈનાથી પણ ઉત્પન્ન થતું નથી અને કોઇપણ પદાર્થને ઉત્પન્ન કરતું નથી. તે આકાશ, કાલ, દિશા, આત્મા મન અને પરમાણુ આદિ અદ્રવ્ય દ્રવ્ય કહેવાય છે. અને જે દ્રવ્ય અનેક દ્રવ્યોથી ઉત્પન્ન થાય છે અને અનેકને ઉત્પન્ન કરી શકે છે, અર્થાત્ જે દ્રવ્ય કાર્ય અને કારણરૂપે હોય છે, તે દ્વયણુક આદિથી આરંભીને ઘટાદિ પર્યંતને 'અનેકદ્રવ્ય દ્રવ્ય' કહેવાય છે. પ્રકારનું દ્રવ્યનું લક્ષણ સત્તામાં ઘટતું નહીં હોવાથી સત્તા એ દ્રવ્ય નથી પરંતુ પ્રત્યેક દ્રવ્યોમાં રહેવાવાળી હોવાથી દ્રવ્યથી ભિન્ન છે.

એ પ્રમાણે સત્તા એ ગુણ નથી, જેમ ગુણત્વ ગુણમાં રહેતું હોવાથી તે ગુણ નથી તેમ સત્તા પણ ગુણમાં રહેતી હોવાથી ગુણ નથી. જો સત્તા ગુણરૂપ હોય તો તે ગુણમાં રહે નહીં. કેમકે ગુણ એ નિર્ગુણ છે. તેમજ ગુણ સત્ છે તેવા પ્રકારની પ્રતીતિ થાય છે. અર્થાત્ સત્તા ગુણમાં વિદ્યમાન છે તેથી સત્તા એ ગુણસ્વરૂપ નથી; જેમ કર્મત્વ કર્મમાં રહેતું હોવાથી તે કર્મત્વ કર્મ નથી; તેમ સત્તા પણ કર્મમાં રહેતી હોવાથી તે કર્મ નથી; જો સત્તા એ કર્મ હોય તો તે કર્મમાં રહે નહિ; કેમકે કર્મ એ નિષ્કર્મ છે, તેમજ કર્મ એ સત્ છે, તેવા પ્રકારની પ્રતીતિ થાય છે માટે સત્તા, દ્રવ્ય, ગુણ અને કર્મ એ ત્રણથી ભિન્ન પદાર્થરૂપે છે.

(टीका)–तथा विशेषा नित्यद्रव्यवृत्तयः अन्त्याः–अत्यन्तव्यावृत्तिहेतवः, ते द्रव्यादिवैलक्षण्यात् पदार्थान्तरम् । तथा च प्रशस्तकारः–"अन्तेषु भवा अन्त्याः; स्वाश्रयविशेषकत्वाद् विशेषाः । विनाशारम्भरहितेषु नित्यद्रव्येष्वण्वाकाशकालदिगात्ममनस्सु प्रतिद्रव्यमेकैकशो वर्तमाना अत्यन्तव्यावृत्तिबुद्धिहेतवः । यथास्मदादीनां गवादिष्वश्वादिभ्यस्तुल्याकृतिगुणक्रियावयवोपचयावयवविशेषसंयोगनिमित्ताप्रत्ययव्यावृत्तिर्दृष्टा । गौः शुक्लः शीघ्रगतिः पीनः ककुद्मान् महाघण्ट इति, ताऽस्मद्विशिष्टानां योगिनां नित्येषु तुल्याकृतिगुणक्रियेषु परमाणुषु, मुक्तात्ममनस्सु चान्यनिमित्तासम्भवाद् येभ्यो निमित्तेभ्यः प्रत्याधारं विलक्षणोऽयं विलक्षणोऽयमिति प्रत्ययव्यावृत्तिः, देशकालविप्रकृष्टे च परमाणौ स एवायमिति प्रत्यभिज्ञानं च भवति, तेऽन्त्या विशेषाः" इति । अमी च विशेषरूपा एव न तु द्रव्यत्वादिवत् सामान्यविशेषोभयरूपाः, व्यावृत्तेरेव हेतुत्वात् ।

(અનુવાદ)

નિત્ય દ્રવ્યોમાં રહેવાવાળા અને પદાર્થોમાં પરસ્પર ભિન્નતા કરવાના કારણરૂપ જે વિશેષો છે, તે દ્રવ્યાદિનાં સ્વરૂપથી વિલક્ષણ હોવાના કારણે, તે એક ભિન્ન પદાર્થ રૂપે છે. તેમજ પ્રશસ્તકારે પણ કહ્યું છે કેઃ અંતમાં રહેવાવાળા હોવાથી તે અન્ત્ય કહેવાય છે અને પોતાના આશ્રયનાં નિયામક હોવાથી તે વિશેષ કહેવાય છે. તે વિશેષો નાશ, અને ઉત્પત્તિથી રહિત એવા પરમાણુ, આકાશ, કાલ, દિશા, આત્મા અને મન વગેરે નિત્ય દ્રવ્યોમાં રહે છે; વળી વિશેષો અત્યન્ત વ્યાવૃત્તિ (આ આનાથી સર્વથા ભિન્ન છે) રૂપ જ્ઞાનના કારણ પણ છે. જેમ આપણને ગાય અને અશ્વ આદિમાં તુલ્ય આકૃતિ (ગાય એ શ્વેત છે, શીઘ્રગતિવાલી છે. પુષ્ટ છે, ખાંધવાળી છે અને મોટી ઘંટવાળી છે. વિ. નિમિત્તો દ્વારા) ગુણ, ક્રિયા, અવયવોની વૃદ્ધિ અને અવયવ વિશેષના સંયોગ જોઇને અશ્વ અને ગાયમાં જેમ ભિન્નતા દેખાય છે; તેમ આપણાથી વિશિષ્ટ જ્ઞાની એવા યોગીઓને તુલ્ય આકૃતિ, ગુણ અને ક્રિયા વાળા પરમાણુમાં તેમજ મુક્તાત્મા અને મન આદિ નિત્ય દ્રવ્યોમાં, પરસ્પર ભેદ કરવા માટેનાં અન્ય નિમિત્તોનો અસંભવ હોવાથી, તે યોગી પુરુષોને 'આ પરમાણુ આ પરમાણુથી ભિન્ન છે.' તેવા પ્રકારની પ્રતીતિના કારણભૂત વિશેષ પદાર્થો છે.

તેમજ દેશ કાલથી દૂર રહેલા પરમાણુમાં "स एवायं" (તે જ આ પરમાણુ છે) ઈત્યાકારક પ્રત્યભિજ્ઞાનનાં કારણરૂપ પણ વિશેષો વિશેષસ્વરૂપ હોવાને કારણે, દ્રવ્યત્વાદિની જેમ સામાન્ય અને વિશેષ તે સ્વરૂપ નથી, પરંતુ અત્યન્ત વ્યાવૃત્તિ-અત્યન્ત ભિન્ન પ્રતીતિમાં કારણ છે, આથી વિશેષ પણ એક ભિન્ન પદાર્થ છે.

(टीका)–तथा अयुतसिद्धानामाधार्याधारभूतानामिहप्रत्ययहेतुः सम्बन्धः समवाय इति । अयुतसिद्धयोः परस्परपरिहारेण पृथगाश्रयानाश्रितयोराश्राश्रयिभावः इह

तन्तुषु पटः इत्यादेः प्रत्ययस्यासाधारणं कारणं समवायः । यद्बशात् स्वकारणसामर्थ्यादुपजायमानं पटाद्याधार्यं तन्त्वाद्याधारे सम्बध्यते यथा छिदिक्रिया छेद्येनेति सोऽपि द्रव्यादिलक्षणवैधर्म्यात् पदार्थान्तरम् । इति षट् पदार्थाः

(અનુવાદ)

અયુતસિદ્ધ એટલે એક બીજાને છોડીને ના રહી શકે તેવા પટરૂપ આધેય અને તન્તુસમૂહરૂપ આધારાદિ પદાર્થોમાં ઇહપ્રતીતિના કારણરૂપ છે તે સમવાય સંબંધ કહેવાય છે. અયુતસિદ્ધ એક બીજાને છોડીને ભિન્ન આશ્રયમાં નહિ રહેવાવાળા એવા ગુણ અને ગુણી, અવયવ અને અવયવી આદિનો 'આશ્રયિ-આશ્રયિભાવ' થાય છે. (જેમ આ તન્તુઓને વિષે પટ છે) તે રૂપ ઇહપ્રતીતિના અસાધારણ કારણરૂપ સમવાય સંબંધ છે, જેમ છેદન ક્રિયાનો છેદ્ય (છેદવા યોગ્ય) પદાર્થોની સાથે સંબંધ છે, તેમ પોતપોતાનાં કારણસામર્થ્યથી ઉત્પન્ન થયેલા પટરૂપ આધાર્યનો તન્તુરૂપ આધારની સાથેના જે સંબંધ છે તે સમવાય સંબંધ છે. આ રીતે દ્રવ્યાદિના લક્ષણથી વિલક્ષણ હોવાના કારણે સમવાય પણ એક ભિન્ન પદાર્થ છે.

(टीका)–साम्प्रतमक्षरार्थो व्याक्रियते । सतामपित्यादि । सतामपि-सद्बुद्धिवेद्यतया साधारणानामपि, षण्णां पदार्थानां मध्ये क्वचिदेव केषुचिदेव पदार्थेषु सत्तासामान्ययोगः, स्याद-भवेत्, न सर्वेषु । तेषामेषा वाचोयुक्तिः सदिति । यतो "द्रव्यगुणकर्मसु सा सत्ता" इति वचनाद् यत्रैव सत्प्रत्ययस्तत्रैव सत्ता । सत्प्रत्ययश्च द्रव्यगुणकर्मस्वेव, अतस्तेष्वेव, सत्तायोगः । सामान्यादिपदार्थत्रये तु न, तदभावात् । इदमुक्तं भवति, यद्यपि वस्तुस्वरूपं अस्तित्वं सामान्यादित्रयेऽपि विद्यते तथापि तदनुवृत्तिप्रत्ययहेतुर्न भवति । य एव चानुवृत्तिप्रत्ययः स एव सदितिप्रत्यय इति, तदभावाद् न सत्तायोगस्तत्र । द्रव्यादीनां पुनस्त्रयाणां षट्पदार्थसाधारणं वस्तुस्वरूपम् । अस्तित्वमवि विद्यते । अनुवृत्तिप्रत्ययहेतुः सत्तासम्बन्धोऽप्यस्ति । निःस्वरूपे शशविषाणादौ सत्तायाः समवायाभावात् ॥

(અનુવાદ)

હવે શ્લોકના પ્રત્યેક પદના અર્થનું વર્ણન કરતાં કહે છે કે : સત્બુદ્ધિથી જાણવા યોગ્ય છ એ પદાર્થો હોવા છતાં પણ તે છ પદાર્થોમાંથી અમુકમાં જ સત્તા રહે છે, પરંતુ સર્વે પદાર્થોમાં રહેતી નથી. કેમકે જ્યાં સત્ પ્રત્યય થતો હોય ત્યાં જ સત્તા હોય છે. દ્રવ્ય, ગુણ અને કર્મમાં સત્પ્રત્યય છે, માટે ત્યાં સત્તા છે અને સામાન્ય, વિશેષ, સમવાયમાં સત્ પ્રતીતિ નહિ હોવાને કારણે તેમાં સત્તાનો યોગ નથી; જોકે વસ્તુનું સ્વરૂપ-અસ્તિત્વ તો સામાન્ય, વિશેષ અને સમવાયમાં પણ છે, પરંતુ સામાન્યાદિ ત્રણમાં અનુવૃત્તિ પ્રત્યય (એકાકાર બુદ્ધિ) ન હોવાથી તેમાં સત્તાનો યોગ નથી, કેમકે જે અનુવૃત્તિ પ્રત્યય છે તે જ સત્પ્રત્યય છે, તેથી સામાન્યાદિ ત્રણમાં તેવા પ્રકારનો સત્પ્રત્યય નહિ હોવાને કારણે સામાન્ય, વિશેષ અને સમવાયમાં સત્તા રહેતી નથી અને દ્રવ્ય, ગુણ, કર્મ આ ત્રણમાં છે વસ્તુનું

સ્વરૂપ-અસ્તિત્વ પણ છે તથા અનુવૃત્તિ પ્રત્યયના કારણરૂપ સત્તા સંબંધ પણ છે, કેમકે અસ્તિત્વ-સ્વરૂપથી રહિત પદાર્થો શશશૃંગની જેમ અસત્ થઈ જાય છે તેથી તેમાં સત્તાનો સમવાય થઇ શકતો નથી.

(टीका)-सामान्यादित्रिके कथं नानुवृत्तिप्रत्ययः इति चेद्, बाधकसद्भावादिति ब्रूमः । तथाहि-सत्तायामपि सत्तायोगाङ्गीकारे अनवस्था । विशेषेषु पुनस्तदभ्युपगमे व्यावृत्तिहेतुत्वलक्षणतत्स्वरूपहानिः । समवाये तु तत्कल्पनायां सम्बन्धाभावः केन हि सम्बन्धेन तत्र सत्ता सम्बध्यते, समवायान्तराभावात् । तथा च प्रामाणिकप्रकाण्डमुदयनः-

"व्यक्तेरभेदस्तुल्यत्वं सङ्करोऽथानवस्थितिः ।
रूपहानिरसम्बन्धो जातिबाधकसङ्ग्रहः" ॥

इति । ततः स्थितमेतत्सतामपि स्यात् क्वचिदेव सत्तेति ।

(અનુવાદ)

પ્રશ્ન : સામાન્ય, વિશેષ અને સમવાય આ ત્રણમાં અનુવૃત્તિ પ્રત્યય કેમ થતો નથી ?

ઉત્તર : સામાન્યાદિ ત્રણમાં તેવા પ્રકારની પ્રતીતિનો બાધ આવે છે. તેથી તેમાં સત્તા-સંબંધ થઇ શકતો નથી, તે આ પ્રમાણે : સામાન્યમાં જો સત્તા સ્વીકારવામાં આવે તો અનવસ્થા દોષ આવે છે, અને વિશેષમાં સત્તા માનવામાં વ્યાવૃત્તિ (ભિન્ન પ્રતીતિ) ના કારણરૂપ વિશેષના સ્વરૂપની હાનિ થાય. છે. તેવી જ રીતે સમવાયમાં પણ અન્ય કોઇ સંબંધના અભાવે, સત્તા-સંબંધ ઘટી શકતો નથી. તેમજ પ્રામાણિકોમાં શિરોમણી ઉદયનાચાર્યે કહ્યું છે કે : વ્યક્તિનો અભેદ, તુલ્યત્વ, સંકર, અનવસ્થા, રૂપહાનિ, અને અસંબંધ, આ છ જાતિનાં બાધક છે.

જ્યાં વ્યક્તિનું અભેદપણું હોય એટલે કે એક જ વ્યક્તિ હોય ત્યાં જાતિ રહી શકતી નથી, દા. ત. આકાશ એક છે માટે તેમાં જાતિ હોતી નથી. (૨) તુલ્યતા હોય ત્યાં પણ જાતિ માનવામાં આવતી નથી. દા. ત. ઘટત્વ અને કલશત્વ તે બંને એક જ ઘટરૂપ અધિકરણમાં રહે છે, માટે તેમાં જાતિ રહેતી નથી. (૩) વળી જ્યાં સંકર દોષ આવતો હોય, ત્યાં પણ જાતિ ન રહે. દા.ત. ભૂતત્વ, મૂર્તત્વ, તેમાં ભૂતત્વ મૂર્તત્વ વિના કેવલ આકાશમાં રહે છે, અને મૂર્તત્વ ભૂતત્વ વિના કેવલ મનમાં જ રહે છે, અને ભૂતત્વ-મૂર્તત્વ બંને પૃથ્વી, જલ, અગ્નિ અને વાયુ આ ચારે પદાર્થોમાં રહે છે, માટે સાંકર્ય દોષ હોવાથી ભૂતત્વ-મૂર્તત્વ જાતિ બની શકતી નથી. (૪) તેમજ સામાન્યમાં જાતિ રહેતી નથી. જાતિ (સામાન્ય)માં જાતિનો સ્વીકાર કરવામાં આવે તો એક જાતિમાં બીજી જાતિ અને તે બીજી જાતિમાં પણ ત્રીજી જાતિનો સ્વીકાર કરવો પડશે. આ પ્રમાણે ઉત્તરોત્તર અનંત જાતિ માનવાથી અનવસ્થા દોષ આવે છે. (૫) વિશેષમાં પણ જાતિ રહેતી નથી. જો વિશેષમાં જાતિ માનવામાં આવે તો વ્યાવૃત્તિરૂપ વિશેષના સ્વરૂપની હાનિ થશે. (૬) તેવી જ રીતે સમવાયમાં પણ સત્તા (જાતિ) નો યોગ નથી કેમકે સમવાય એક છે તો

તેમાં જાતિનો સંબંધ કરાવનાર અન્ય કોઈ સંબંધનો અભાવ હોવાથી તેમાં પણ જાતિનો યોગ થતો નથી. તેથી છ એ પદાર્થો સત્ હોવા છતાં પણ અમુકમાં જ સત્તા રહે છે, તે કથન બરાબર છે.

(टीका) तथा, चैतन्यमित्यादि । चैतन्यं ज्ञानम्, आत्मनः—क्षेत्रज्ञाद्, अन्यद् —अत्यन्तव्यतिरिक्तम् , असमासकरणादत्यन्तमिति लभ्यते । अत्यन्तभेदे सति कथमात्मनः सम्बन्धि ज्ञानमिति व्यपदेशः, इति पराशङ्कापरिहारार्थं औपाधिकमिति विशेषणद्वारेण हेत्वभिधानम् । उपाधेरागतमौपाधिकम्—समवायसम्बन्धलक्षणेनोपाधिना आत्मनि समवेतम् आत्मनः स्वयं जडरूपत्वात् समवायसम्बन्धोपढौकितमिति यावत् । यद्यात्मनो ज्ञानादव्यतिरिक्तत्वमिष्यते, तदा दुःखजन्मप्रवृत्तिदोषमिथ्याज्ञानानामुत्तरोत्तरापाये तदनन्तराभावाद् बुद्ध्यादीनां नवानामात्मविशेषगुणानामुच्छेदादसर आत्मनोऽप्युच्छेदः स्यात् , तदव्यतिरिक्तत्वात् । अतो भिन्नमेवात्मनो ज्ञानं यौक्तिकमिति ।

(અનુવાદ)

જ્ઞાન આત્માથી અત્યંત ભિન્ન છે. પ્રસ્તુત શ્લોકમાં 'अन्यत्' પદનો આત્મા શબ્દની સાથે સમાસ કરવામાં આવ્યો નથી, તેથી એ સૂચિત થાય છે કે જ્ઞાન આત્માથી સર્વથા ભિન્ન છે.

પ્રશ્ન : જો જ્ઞાન આત્માથી સર્વથા ભિન્ન હોય તો 'આત્માનું જ્ઞાન' તેવા પ્રકારનો વ્યવહાર કઇ રીતે થઇ શકશે ?

ઉત્તર : જ્ઞાન આત્માથી સર્વથા ભિન્ન હોવા છતાં પણ સમવાય સંબંધરૂપ ઉપાધિ વડે આત્મામાં સંબદ્ધ (જોડાયેલું) છે. જો કે આત્મા સ્વયં જડરૂપ છે, તો પણ સમવાય સંબંધ વડે જ્ઞાન આત્મામાં રહેતું હોવાથી આત્મામાં ચૈતન્યની પ્રાપ્તિ થાય છે. જો આત્મા અને જ્ઞાન અભિન્ન હોય તો દુઃખ, જન્મ, પ્રવૃત્તિ, દોષ અને મિથ્યાજ્ઞાનનો નાશ થયે છતે તેની અનંતર નાશ પામનારા આત્માના વિશેષ ગુણો બુદ્ધિ, સુખ, દુઃખ, ઇચ્છા, દ્વેષ, પ્રયત્ન, ધર્મ, અધર્મ અને સંસ્કાર, તેનો પણ ઉચ્છેદ (નાશ) થાય અને તેનાથી અભિન્ન એવા આત્માનો પણ નાશ થઈ જવો જોઈએ; પરંતુ આત્માનો નાશ તો સંભવિત જ નથી ! કેમ કે આત્મા નિત્ય છે. માટે જ્ઞાન એ આત્માથી સર્વથા ભિન્ન છે તે જ યુક્તિયુક્ત છે.

(टीका) तथा न संविदित्यादि । मुक्तिः—मोक्षः न संविदानन्दमयी—न ज्ञानसुखस्वरूपा । संवित्—ज्ञानं, आनन्दः—सौख्यम् , ततो द्वन्द्वः, संविदानन्दौ प्रकृतौ यस्यां सा संविदानन्दमयी । एतादृशी न भवति बुद्धिसुखदुःखेच्छाद्वेषप्रयत्नधर्माधर्मसंस्काररूपाणां नवानामात्मनो वैशेषिकगुणानामत्यन्तोच्छेदो मोक्ष इति वचनात् । चशब्दः पूर्वोक्ताभ्युपगमद्वयसमुच्चये । ज्ञानं हि क्षणिकत्वादनित्यं, सुखं च

सप्रक्षयतया सातिशयतया च न विशिष्यते संसारावस्थातः। इति तदुच्छेदे आत्मस्वरूपेणावस्थानं मोक्ष इति । प्रयोगश्चात्र–नवानामात्मविशेषगुणानां सन्तानः अत्यन्तमुच्छिद्यते, सन्तानत्वात्, यो यः सन्तानः स सोऽत्यन्तमुच्छिद्यते यथा प्रदीपसन्तानः, तथा चायम्, तस्मात्तदत्यन्तमुच्छिद्यते इति । तदुच्छेद एव महोदयः, न कृत्स्नकर्मक्षयलक्षण इति । " न हि वै सशरीरस्य प्रियाप्रिययोरपहतिरस्ति अशरीरं वा वसन्तं प्रियाप्रिये न स्पृशतः" । इत्यादयोऽपि वेदान्तास्तादृशीमेव मुक्तिमादिशन्ति । अत्र हि प्रियाप्रिये सुखदुःखे, ते चाशरीरं मुक्तं न स्पृशतः । अपि च—

"यावदात्मगुणाः सर्वे नोच्छिन्ना वासनादयः ।
तावदात्यन्तिकी दुःखव्यावृत्तिर्न विकल्प्यते । १ ।
धर्माधर्मनिमित्तो हि सम्भवः सुखदुःखयोः ।
मूलभूतौ च तावेव स्तम्भौ संसारसद्मनः ।२।
तदुच्छेदे च तत्कार्यशरीराद्यनुपप्लवात् ।
नात्मनः सुखदुःखे स्त इत्यसौ मुक्त उच्यते ।३।
इच्छाद्वेषप्रयत्नादि भोगायतनबन्धनम् ।
उच्छिन्नभोगायतनो नात्मा तैरपि युज्यते ।४।
तदेवं धिषणादीनां नवानामपि मूलतः ।
गुणानामात्मनो ध्वंसः सोऽपवर्गः प्रतिष्ठितः ।५।
ननु तस्यामवस्थायां कीदृगात्मावशिष्यते ।
स्वरूपैकप्रतिष्ठानः परित्यक्तोऽखिलैर्गुणैः ।६।
ऊर्मिषट्कातिगं रूपं तदस्याहुर्मनीषिणः ।
संसारबन्धनाधीनदुःखशोकाद्यदूषितम् ।७।
कामक्रोधलोभगर्वदम्भहर्षाः ऊर्मिषट्कमिति ।"

(અનુવાદ)

મોક્ષ જ્ઞાન અને આનંદ સ્વરૂપ નથી, કેમકે આત્માના વિશેષ ગુણો બુદ્ધિ, સુખ, દુઃખ, ઇચ્છા, દ્વેષ, પ્રયત્ન, ધર્મ, અધર્મ અને સંસ્કાર તે નવ ગુણોનો નાશ તે જ મોક્ષ છે. પરંતુ જ્ઞાનસ્વરૂપ અને આનંદ સ્વરૂપ મોક્ષ નથી. કેમ કે જ્ઞાન ક્ષણિક હોવાથી અનિત્ય છે અને સુખ પણ વિનાશી હોવાને કારણે ચય-ઉપચય ધર્મથી યુક્ત છે, માટે જ્ઞાન અને સુખ સંસારાવસ્થાથી ભિન્ન નથી. અર્થાત્ સંસારી જીવોને જ જ્ઞાન અને સુખ હોય છે. આથી જ્યારે જ્ઞાન અને સુખનો સર્વથા નાશ થાય છે ત્યારે જ આત્મા પોતાનાં સ્વરૂપમાં સ્થિત થાય છે. તે જ આત્માનો મોક્ષ છે.

આવા સ્વરૂપવાળા મોક્ષને અનુમાન પ્રમાણથી સિદ્ધ કરતાં કહે છે કે : આત્માના બુદ્ધિ આદિ વિશેષ ગુણોનો સંતાન (સમૂહ) અત્યંત નાશવંત છે, કેમ કે તે સંતાન છે ! જે સંતાનરૂપ હોય છે તેનો અત્યંત નાશ હોય છે, જેમ કે પ્રદીપ-સંતાન, તે જેમ સંતાન હોવાથી અત્યંત વિનાશી છે, તેમ બુદ્ધિ આદિ વિશેષગુણો પણ સન્તાન-રૂપ હોવાથી અત્યંત વિનાશી છે. માટે બુદ્ધિ આદિ આત્માના વિશેષગુણોનો સર્વથા નાશ તે જ મોક્ષ કહેવાય છે, પરંતુ જૈનોને માન્ય કર્મોના સર્વથા ક્ષયરૂપ મોક્ષ હોતો નથી.

વેદાન્તીઓ પણ તેવા પ્રકારની જ મુક્તિ સ્વીકારે છે. તે આ પ્રમાણે : શરીરધારીને સુખદુઃખનો નાશ નથી. અને અશરીરી એવા મુક્તાત્માને પ્રિય-અપ્રિયનો, સ્પર્શ હોતો નથી. અર્થાત્ સુખ-દુઃખ સંસારી જીવોને જ હોય છે, પરંતુ મુક્તાત્માને તેનો સ્પર્શમાત્ર પણ હોતો નથી. તેમજ કહ્યું છે કે : જ્યાં સુધી વાસના (સંસ્કાર) આદિ સમસ્ત ગુણોનો નાશ થતો નથી ત્યાં સુધી આત્માને દુઃખનો અત્યંત અભાવ હોઈ શકતો નથી. (૧) ધર્મ અને અધર્મના નિમિત્તથી સુખ અને દુઃખની ઉત્પત્તિ થાય છે. અને તે ધર્મ અને અધર્મ સંસારરૂપી ઘરના મૂલભૂત સ્તંભો (થાંભલા) છે. (૨) માટે તે ધર્મ અને અધર્મનો નાશ થાય ત્યારે આત્માને સુખદુઃખનું સંવેદન હોઈ શકતું નથી, તે જ આત્માનો મોક્ષ કહેવાય છે. (૩) ઇચ્છા, દ્વેષ, પ્રયત્ન આદિ શરીરનાં બંધનરૂપ છે. તેથી શરીરનો નાશ થવાથી આત્મા ઇચ્છા, દ્વેષ, પ્રયત્ન આદિથી બંધાતો નથી. (૪) આ પ્રકારે બુદ્ધિ, સુખ, દુઃખ, ઇચ્છા, દ્વેષ, પ્રયત્ન, ધર્મ, અધર્મ અને સંસ્કાર તે રૂપ આત્માના વિશેષગુણોનો સંપૂર્ણ નાશ તેને જ મોક્ષ કહેવાય છે.

(૫) તે અવસ્થામાં આત્મા કેવા પ્રકારનો હોય છે, તેનો ઉત્તર આપતાં કહે છે કે : મોક્ષ અવસ્થામાં આત્મા સંપૂર્ણ ગુણોથી રહિત હોવાથી સ્વ સ્વરૂપમાં જ સ્થિત હોય છે. (૬) તેમજ બુદ્ધિમાન પુરુષો કહે છે કે મુક્તાત્મા સંસારનાં બંધનરૂપ દુઃખ-શોકા-દિથી રહિત છે અને કામ, ક્રોધ, લોભ, ગર્વ, દંભ અને હર્ષરૂપ અરિષટ્કથી રહિત હોય છે. આ પ્રકારે જ્ઞાન અને આનંદ સ્વરૂપ મોક્ષ નથી. પરંતુ સ્વસ્વરૂપમાં સ્થિત થવું તે જ મોક્ષ છે.

(टीका) तदेतदभ्युपगमत्रयमित्थं समर्थयद्भिः अत्वदीयैः—त्वदाज्ञाबहिर्भूतैः कणादमतानुगामिभिः, सुसूत्रमासूत्रितम्–सम्यगागमः प्रपञ्चितः । अथवा सुसूत्रमिति क्रियाविशेषणम् । शोभनं सूत्रं वस्तुव्यवस्थाघटनाविज्ञानं यत्रैवमासूत्रितं–तत्तच्छा-स्त्रार्थोपनिबन्धः कृतः, इति हृदयम् । "सूत्रं तु सूचनाकारि ग्रन्थे तन्तुव्यवस्थयोः" इत्यनेकार्थवचनात् । अत्र च सुसूत्रमिति विपरीतलक्षणयोपहासगर्भं प्रशंसावचनम् । यथा "उपकृतं बहु तत्र किमुच्यते सुजनता प्रथिता भवता चिरम् ।" इत्यादि । उपहसनीयता च युक्तिरिक्तत्वात् तदङ्गीकरणम् । तथाहि । अविशेषेण सद्बुद्धिवे-द्येष्वपि सर्वपदार्थेषु द्रव्यादिष्वेव त्रिषु सत्तासम्बन्धः स्वीक्रियते, न सामान्यादि-त्रये इति महतीयं पश्यतोहरता । यतः परिभाव्यतां सत्ता शब्दार्थः । अस्तीति सन्, सतो भावः सत्ता अस्तित्वं तद्वस्तुस्वरूपं । तच्च निर्विशेषमशेषेष्वपि पदार्थेषु

त्वयाप्युक्तम् । तत्किमिदमर्धजरतीयं यद् द्रव्यादित्रय एव सत्तायोगो. नेतरत्र त्रये इति ।

(અનુવાદ)

ઉત્તર પક્ષ : હવે વૈશેષિકોને અભિમત સિદ્ધાંત આ છે : છ પદાર્થો સત્સ્વરૂપ હોવા છતાં પણ દ્રવ્યાદિ ત્રણમાં સત્તાયોગ છે, અને સામાન્યાદિ ત્રણમાં નથી.

(૧) આત્માથી જ્ઞાન અત્યંત ભિન્ન છે. (૨) મુક્તિ સચ્ચિદાનંદમય નથી. (૩) તેવા પ્રકારના સિદ્ધાંતનું પ્રતિપાદન કરનારા આપની આજ્ઞાથી બહિર્ભૂત એવા કણાદમતાનુયાયી ઓએ હે ભગવાન, બહુ સારી સિદ્ધાંતરચના કરી છે. શ્લોકમાં જે 'सुसूत्र' પદ છે. તે ઉપહાસગર્ભિત છે. જેમ હે સખે, શું કહું, તારા વડે ઘણો જ ઉપકાર કરાયો છે ! ઇત્યાદિ વચન જેમ કટાક્ષરૂપ છે તેમ 'शोभनं सूत्रं—सुसूत्रम्' એ પદ પણ ઉપહાસરૂપ છે. કેમ કે તેઓથી રચિત સિદ્ધાંત યુક્તિથી રિક્ત (રહિત) છે. અનેકાર્થ કોષના અનુસારે સૂત્ર શબ્દ, ગ્રંથ, તંતુ અને વ્યવસ્થા અર્થમાં છે.

જૈન દર્શન કહે છે : સરખી રીતે સર્વ પદાર્થો સદ્બુદ્ધિથી જ્ઞેય હોવા છતાં પણ તેઓ દ્રવ્ય, ગુણ અને કર્મમાં સત્તાસંબંધ સ્વીકારે છે, અને સામાન્ય, વિશેષ અને સમવાયમાં સત્તા માનતા નથી તે ખરેખર મોટી દેખતી ચોરી સમાન છે. કેમ કે સત્તા શબ્દનો અર્થ વિચારતાં સત્તા પ્રત્યેક દ્રવ્યમાં ઘટી શકે છે. તે આ પ્રમાણે: सत्-અસ્તિત્વ અને તે અસ્તિત્વ એ વસ્તુનું સ્વરૂપ છે. તેવા પ્રકારનું અસ્તિત્વ (વસ્તુનું સ્વરૂપ) તમારા વડે સમગ્ર પદાર્થમાં સ્વીકારાયું છે છતાં પણ અર્ધજરતી (અર્ધી યુવતી અને અર્ધી વૃદ્ધ એવી સ્ત્રી)ની જેમ દ્રવ્યાદિત્રણમાં સત્તા સ્વીકારો છો અને સામાન્યાદિ ત્રણમાં સત્તા સંબંધ નથી માનતા, એ ખરેખર આપનું મહાન સાહસ છે !

(टीका) अनुवृत्तिप्रत्ययाभावाद् न सामान्यादित्रये सत्तायोग इति चेत् । न, तत्रापि अनुवृत्तिप्रत्ययस्यानिवार्यत्वात् । पृथिवीत्वगोत्वघटत्वादिसामान्येषु सामान्यं सामान्यमिति; विशेषेष्वपि बहुत्वाद् अयमपि विशेषोऽयमपि विशेष इति; समवाये च प्रागुक्तयुक्त्या तत्तद्वच्छेदकभेदाद् एकाकारप्रतीतेरनुभवात् ।

(અનુવાદ)

વૈશેષિકદર્શન કહે છે : સામાન્ય ત્રણમાં અનુવૃત્તિ પ્રત્યય (એકાકાર બુદ્ધિ)નો અભાવ હોવાથી તેમાં સત્તા સંબંધ નથી. અને દ્રવ્યાદિત્રણમાં અનુવૃત્તિ પ્રત્યય છે, તેથી તેમાં સત્તાનો સંબંધ થાય છે.

જૈન દર્શન કહે છે : સામાન્યાદિત્રણમાં પણ અનુવૃત્તિ પ્રત્યય અનિવાર્ય છે, કેમ કે પૃથ્વીત્વ, ગોત્વ અને ઘટત્વાદિ સામાન્યોમાં 'इदं सामान्यम् इदं सामान्यम्' તેવા પ્રકારની પ્રતીતિ જરૂર થાય છે. તેમજ વિશેષો પણ ઘણા હોવાથી अयं विशेषः अयं विशेष': ઇત્યાકારક પ્રતીતિ વિશેષમાં પણ થાય છે. તેવી જ રીતે સમવાયમાં પણ ઘટત્વાવચ્છેદેન ઘટસમવાય, પટત્વાવચ્છેદેન પટ સમવાય ઇત્યાદિ ભિન્ન ભિન્ન અવચ્છેદકના ભેદથી સમવાયમાં પણ એકાકાર પ્રતીતિ થાય છે. આ રીતે સામાન્યાદિત્રણમાં અનુવૃત્તિ પ્રત્યય ઘટતો હોવાથી સામાન્યાદિત્રણમાં પણ સત્તાનો સંબંધ થઈ શકે છે.

(टीका) स्वरूपसत्त्वसाधर्म्येण सत्ताध्यारोपात् सामान्यादिष्वपि सत्सदित्यनुगम इति चेत्, तर्हि मिथ्याप्रत्ययोऽयमापद्यते । अथ भिन्नस्वभावेष्वेकानुगमो मिथ्यैवेति चेद् द्रव्यादिष्वपि सत्ताध्यारोपकृत एवास्तु प्रत्ययानुगमः । नैवम् । असति मुख्येऽध्यारोपस्यासम्भवाद् द्रव्यादिषु मुख्योऽयमनुगतः प्रत्ययः, सामान्यादिषु तु गौण इति चेत् । न, विपर्ययस्यापि शक्यकल्पनत्वात् ।

(अनुवाद)

वैशेषिक दर्शन कहे छे : सामान्यादित्रणुमां जे एकाकार बुद्धि थाय छे ते जेम द्रव्यादित्रणुमां अस्तित्वरूप स्वरूप सत्ताना साधर्म्य वडे 'इदं सत् इदं सत्' इत्याकारक प्रतीति थाय छे, तेम सामान्यादित्रणुमां पण स्वरूप सत्ताना साधर्म्यथी 'सत्' इत्याकारक प्रतीति उपचारथी थाय छे.

जैन दर्शन कहे छे : जो एे रीते सामान्यादिमां सत्तानो उपचार मानशो तो तेमां जे सत् प्रत्यय थाय छे ते मिथ्या थशे.

वैशेषिक दर्शन कहे छे : भिन्न भिन्न स्वभाववाळा पदार्थोमां जे एकाकार प्रतीति थाय छे ते मिथ्या ज होय छे.

जैन दर्शन कहे छे : तो एे रीते द्रव्य, गुण अने कर्ममां पण सत्तानो उपचार करवाथी तेमां पण सत्प्रतीति मिथ्या केम नहीं थाय ?

वैशेषिक दर्शन कहे छे : मुख्य अर्थमां उपचारनो असंभव छे तेथी द्रव्यादि त्रणुमां अनुवृत्ति प्रत्यय मुख्य रूपे रहे छे, तेथी तेमां सत्ता संबंध मुख्य छे अने सामान्यादि त्रणुमां अनुवृत्ति प्रत्यय नही होवाना कारणे तेमां सत् प्रत्यय गौण रूपे रहे छे.

जैन दर्शन कहे छे: विनिगमना विरहथी (युक्तिनो अभाव होवाथी) द्रव्य, गुण अने कर्ममां सत्ता गौणरूपे अने सामान्यादि त्रणुमां मुख्यरूपे सत्ता छे तेवा प्रकारनी विपर्यय (उलटी) कल्पना केम नहीं थाय ? अर्थात् सामान्यादिमां मुख्य अने द्रव्यादिमां गौण सत्ता मानी शकाशे.

(टीका) सामान्यादिषु बाधकसम्भवाद् न मुख्योऽनुगतः प्रत्ययः, द्रव्यादिषु तु तदभावाद् मुख्य इति चेद्, ननु किमिदं बाधकम् । अथ सामान्येऽपि सत्ताऽभ्युपगमे अनवस्था, विशेषेषु पुनः सामान्यसद्भावे स्वरूपहानिः' समवायेऽपि सत्ताकल्पने तदवृत्त्यर्थं सम्बन्धान्तराभाव इति बाधकानीति चेत् । न । सामान्येऽपि सत्ताकल्पने यद्यनवस्था, तर्हि कथं न सा द्रव्यादिषु । तेषामपि स्वरूपसत्तायाः प्रागेव विद्यमानत्वात् । विशेषेषु पुनः सत्ताभ्युपगमेऽपि न रूपहानिः, स्वरूपस्य प्रत्युतोत्तेजनात् । निःसामान्यस्य विशेषस्य क्वचिदप्यनुपलम्भात् । समवायेऽपि समवायत्वलक्षणायाः स्वरूपसत्तायाः स्वीकारे उपपद्यत एवाविष्वग्भावात्मकः सम्बन्धः, अन्यथा तस्य स्वरूपाभावप्रसङ्गः । इति बाधकाभावात् तेष्वपि द्रव्यादिवद् मुख्य एव सत्तासम्बन्ध इति व्यर्थं द्रव्यगुणकर्मस्वेव सत्ताकल्पनम् ।

(અનુવાદ)

વૈશેષિક દર્શન કહે છે : દ્રવ્યાદિ ત્રણમાં મુખ્ય સત્તા માનવામાં કોઈ બાધ નથી પરંતુ સામાન્યાદિમાં બાધકનો સંભવ હોવાથી તેમાં સત્તા સંબંધ નથી. સામાન્યમાં જો સત્તા સ્વીકારવામાં આવે તો અનવસ્થા દોષ આવે છે, અને વિશેષમાં સત્તા સંબંધ માનવામાં આવે તો વિશેષના સ્વરૂપની હાનિ થાય છે. તેમજ સમવાયમાં પણ અન્ય કોઇ સંબંધના અભાવે સત્તા સંબંધ નથી. આ રીતે બાધકનો સંભવ હોવાથી સામાન્યાદિ ત્રણમાં મુખ્યથી સત્તાનો યોગ નથી.

જૈન દર્શન કહે છે : એ તમારૂં કથન ઠીક નથી. કેમ કે સામાન્યમાં સત્તા માનવાથી જો અનવસ્થા દોષ આવતો હોય તો દ્રવ્ય, ગુણ અને કર્મમાં પણ સત્તા માનવાથી અનવસ્થા દોષ કેમ નહી આવે ? કેમ કે સામાન્યમાં જેમ સ્વરૂપસત્તા પહેલેથી વિદ્યમાન છે તેમ દ્રવ્યાદિ ત્રણમાં સ્વરૂપસત્તા પહેલેથી જ વિદ્યમાન છે ! હવે, દ્રવ્યાદિ ત્રણ પદાર્થો સતૂરૂપ હોવા છતાં પણ તેમાં અન્ય સત્તા માનો છો તો તે અન્ય સત્તામાં પણ એક ભિન્ન સત્તા માનવી પડશે. આ રીતે ઉત્તરોત્તર સત્તાની કલ્પના કરવાથી દ્રવ્યાદિમાં પણ અનવસ્થા દોષ આવશે. તેમજ વિશેષમાં પણ સત્તા સ્વીકારવાથી તેના સ્વરૂપની હાનિ નહીં થાય પ્રત્યુત વિશેષના સ્વરૂપની સિદ્ધિ થશે, કેમ કે સ્વરૂપ રૂપ સામાન્યથી રહિત એવા વિશેષો કયાંય પણ જોવામાં આવતા નથી. તેવી જ રીતે સમવાયમાં પણ સામાન્યરૂપ સત્તા સ્વીકારવાથી અવિષ્વગ્ભાવ (તાદાત્મ્ય) સંબંધની સિદ્ધિ થશે; કેમ કે સમવાયમાં સત્તા સંબંધ માનવામાં ના આવે તો સમવાયના સ્વરૂપનો જ હ્રાસ થશે. માટે દ્રવ્યાદિની જેમ સામાન્યાદિ ત્રણમાં પણ મુખ્ય સત્તા સંબંધ માનવામાં કોઈ પણ જાતનો બાધ આવતો નથી. આ પ્રમાણે છ એ પદાર્થોમાં સત્તા ઘટતી હોવા છતાં પણ દ્રવ્યાદિ ત્રણમાં સત્તા છે અને સામાન્યાદિ ત્રણમાં સત્તા સંબંધ નથી તેવા પ્રકારની તમારી કલ્પના વ્યર્થ છે.

(ટીકા) किञ्च, तैर्वादिभिर्यो द्रव्यादित्रये मुख्यः सत्तासम्बन्धः कक्षीकृतः सोऽपि विचार्यमाणो विशीर्येत । तथाहि–यदि द्रव्यादिभ्योऽत्यन्तविलक्षणा सत्ता, तदा द्रव्यादीन्यसद्रूपाणि स्युः । सत्तायोगात् सत्त्वमस्त्येवेति चेत्, असतां सत्तायोगेऽपि कुतः सत्त्वम् ? सतां तु निष्फलः सत्तायोगः । स्वरूपसत्त्वं भावानामस्त्येवेति चेत्, तर्हि किं शिखण्डिना सत्तायोगेन ? सत्तायोगात् प्राग् भावो न सत्, नाप्यसत्, सत्तायोगात् तु सन्निति चेद्, वाङ्मात्रमेतत् । सदसद्विलक्षणस्य प्रकारान्तरस्यासम्भवात् । तस्मात् सतामपि स्यात् क्वचिदेव सत्तेति तेषां वचनं विदुषां परिषदि कथमिव नोपहासाय जायते ?

(અનુવાદ)

તેમજ તેઓ (વૈશેષિકો) દ્રવ્યાદિ ત્રણમાં મુખ્યસત્તા સંબંધ સ્વીકારે છે. તે પણ વિચાર કરવાથી અસંગત ઠરે છે. તે આ પ્રમાણે ૯ જો દ્રવ્યાદિથી સત્તા અત્યંતભિન્ન હોય તો દ્રવ્યાદિ અસત્ થશે. એમ ના કહેશો કે દ્રવ્યાદિથી સત્તા અત્યંત ભિન્ન હોવા છતાં

પણ સત્તાના સંબંધથી દ્રવ્યાદિ સત્ સ્વરૂપ થાય છે ! કેમ કે આકાશપુષ્પની જેમ જે પદાર્થ સ્વયં અસત્ હોય તેમાં સત્તા-સંબંધ કેવી રીતે ઘટી શકશે ? અને તે દ્રવ્યાદિ સ્વયં સતૂરૂપ હોય તો તે સત્ પદાર્થોમાં સત્તા સંબંધ કરવો તે નિષ્પ્રયોજન છે. યદિ કહેશો કે પદાર્થોમાં સ્વરૂપસત્તા વિદ્યમાન છે જ, પરંતુ અનુવૃત્તિ પ્રત્યયના કારણરૂપ સત્તાનો અભાવ હોવાથી દ્રવ્યાદિ ત્રણમાં સત્તા સંબંધ સ્વીકારવામાં આવે છે. તે પણ આપનું કથન બરાબર નથી. કેમ કે પદાર્થોમાં અસ્તિત્વરૂપ સ્વરૂપસત્તાથી જ 'સત્ સત્' ઇત્યાકારક પ્રતીતિ થાય છે તો પછી અકિંચિત્કારી એવો સત્તાનો સંબંધ માનવાથી શું ? જો કહેશો કે સત્તાના સંબંધ પહેલાં દ્રવ્યાદિ પદાર્થો સત્ નથી અને અસત્ નથી, પરંતુ સત્તાના સંબંધથી સતૂરૂપ બને છે. તે પણ તમારું કથનમાત્ર છે. કેમ કે સત્ અને અસત્ સિવાય આપના મતમાં અન્ય કોઇ પ્રકારનો સંભવ નથી કે જેથી આપના વડે સત્તા સંબંધ પહેલાં દ્રવ્યાદિ 'ન સત્' અને 'ન અસત્' માની શકાય ? આથી સંપૂર્ણ પદાર્થો સત્ સ્વરૂપ હોવા છતાં પણ અમુકમાં સત્તા સંબંધ છે અને અમુક પદાર્થોમાં નથી, તેવા પ્રકારનું વૈશેષિકોનું વચન વિદ્વાનોની સભામાં ઉપહાસપાત્ર કેમ ના થાય ?

(टीका) ज्ञानमपि यद्येकान्तेनात्मनः सकाशाद् भिन्नमिष्यते, तदा तेन चैत्रज्ञानेन मैत्रस्येव नैव विषयपरिच्छेदः स्यादात्मनः । अथ यत्रैवात्मनि समवाय-सम्बन्धेन समवेतं ज्ञानं तत्रैव भावाभासं करोतीति चेत् ! न, समवायस्यैकत्वाद् नित्यत्वाद् व्यापकत्वाच्च सर्वत्र वृत्तेरविशेषात् समवायवदात्मनामपि व्यापकत्वादेकज्ञा-नेन सर्वेषां विषयावबोधप्रसङ्गः । यथा च घटे रूपादयः समवायसम्बन्धेन सम-वेताः, तद्विनाशे च तदाश्रयस्य घटस्यापि विनाशः एवं ज्ञानमप्यात्मनि समवेतं तच्च क्षणिकं, ततस्तद्विनाशे आत्मनोऽपि विनाशापत्तेरनित्यत्वापत्तिः ।

(અનુવાદ)

જો આત્માથી જ્ઞાન અત્યંત ભિન્ન માનશો તો, ચૈત્રથી મૈત્રનું જ્ઞાન અત્યંત ભિન્ન છે, તેથી મૈત્રના જ્ઞાન વડે ચૈત્રને જેમ પદાર્થનું જ્ઞાન થતું નથી, તેમ ચૈત્રના આત્માથી પણ જ્ઞાન અત્યંત ભિન્ન હોવાને કારણે ચૈત્રના આત્માને પણ પોતાના જ્ઞાનથી પદાર્થનું જ્ઞાન થશે નહીં. જો કહેશો કે : જે આત્મામાં સમવાય સંબંધ વડે જ્ઞાન સમવેત (જોડાયુ) હોય છે, તે જ આત્માને પદાર્થનું જ્ઞાન થાય છે. એ પણ તમારું કથન બરાબર નથી, કેમ કે સમવાય સંબંધ એક, નિત્ય અને વ્યાપક હોવાથી પ્રત્યેક પદાર્થમાં સમાનરૂપે રહે છે, તેમ આત્માનું પણ વ્યાપકપણું હોવાથી એક આત્માના જ્ઞાન વડે સર્વે આત્માઓને પદાર્થોનું જ્ઞાન થશે. તેમ જ જેવી રીતે ઘટમાં રૂપાદિ સમવાયસંબંધ વડે રહે છે અને તે રૂપાદિનો નાશ થવાથી તેના આશ્રયભૂત ઘટનો પણ નાશ થાય છે; તેવી જ રીતે આત્મામાં પણ જ્ઞાન સમવાયસંબંધ વડે રહે છે અને જ્ઞાન ક્ષણિક હોવાને કારણે તેનો નાશ થવાથી જ્ઞાનના આશ્રયભૂત આત્માનો પણ નાશ થશે; એ રીતે આત્માનો વિનાશ થવાથી આત્મામાં અનિત્યપણું પ્રાપ્ત થશે.

(टीका) अथास्तु समवायेन ज्ञानात्मनोः सम्बन्धः । किंतु स एव समवायः केन तयोः सम्बध्यते ? समवायान्तरेण चेद् अनवस्था । स्वेनैव चेत्, किं न ज्ञानात्मनोरपि तथा ? अथ यथा प्रदीपस्तत्स्वाभाव्याद् आत्मानं परं च प्रकाशयति, तथा समवायस्येदृगेव स्वभावो यदात्मानं, ज्ञानात्मानौ च सम्बन्धयतीति चेत्, ज्ञानात्मनोरपि किं न तथास्वभावता येन स्वयमेवैतौ सम्बध्येते ? किञ्च, प्रदीपदृष्टान्तोऽपि भवत्पक्षे न जाघटीति । यतः प्रदीपस्तावद् द्रव्यं, प्रकाशश्च तस्य धर्मः, धर्मधर्मिणोश्च त्वयात्यन्तं भेदोऽभ्युपगम्यते तत्कथं प्रदीपस्य प्रकाशात्मकता ? तदभावे च स्वपरप्रकाशस्वभावताभणितिर्निर्मूलैव ।

(અનુવાદ)

ભલે જ્ઞાન અને આત્માનો સમવાય સંબંધ વડે સંબંધ માનો; તો પણ તે સમવાય જ્ઞાન અને આત્મામાં કયા સંબંધથી રહે છે? એમ ના કહેશો કે જ્ઞાન અને આત્મામાં રહેવાવાળો સમવાય અન્ય સમવાય સંબંધથી રહે છે! તો તે સમવાયને રહેવા માટે ત્રીજો કોઇ સમવાય જોઇએ! આ રીતે અનંત સમવાય માનવાથી અનવસ્થા દોષ આવશે, જો કહેશો કે સમવાય સ્વયં સ્વસ્વરૂપથી જ આત્મા અને જ્ઞાનમાં રહે છે, તો તે પ્રમાણે જ્ઞાન અને આત્મા સ્વયં સ્વસ્વરૂપથી કેમ નહીં રહી શકે? કે તેનો સંબંધ કરવા માટે સમવાય નામના અતિરિક્ત પદાર્થને માનવો પડે. એમ ના કહેશો કે દીપક જેમ સ્વ-સ્વભાવથી જ સ્વ અને પરને પ્રકાશિત કરે છે, તેમ સમવાયનો પણ એવા પ્રકારનો સ્વભાવ છે કે પોતે પણ રહેશે અને જ્ઞાન તથા આત્માને પણ સંબંધિત કરશે. જો સમવાયમાં તમે આ રીતે માનો છો તો, જ્ઞાન તથા આત્મા પણ સ્વસંબંધથી કેમ નહીં રહી શકે? કે જેથી તે બન્નેને સંબદ્ધ કરવા માટે એક ભિન્ન સમવાયની વ્યર્થ કલ્પના કરવી પડે. વળી તમારાં ઉપર્યુક્ત કથનની સિદ્ધિને માટે જે પ્રદીપનું દૃષ્ટાંત આપો છો તે પણ ઘટી શકશે નહીં; કેમ કે દીપક દ્રવ્ય છે અને પ્રકાશ એ તેનો ધર્મ છે. તમે ધર્મ અને ધર્મીને અત્યંત ભિન્ન માનો છો, તેથી દીપકનું પ્રકાશથી અત્યંત ભિન્નપણું હોવાને કારણે દીપકનું પ્રકાશસ્વરૂપ જ ઘટી શકતુ નથી, તો તેની (દીપકની) સ્વ-પરપ્રકાશકપણાની જે વાત કરો છો તે આપના મતે નિરાધાર છે.

(टीका) यदि च प्रदीपात् प्रकाशस्यात्यन्तभेदेऽपि प्रदीपस्य स्वपरप्रकाशकत्वमिष्यते, तदा घटादीनामपि तदनुषज्यते, भेदाविशेषात् । अपि च तौ स्वपरसम्बन्धस्वभावौ समवायाद् भिन्नौ स्याताम्, अभिन्नौ वा ? यदि भिन्नौ, ततस्तस्यैतौ स्वभावाविति कथं सम्बन्धः ? सम्बन्धनिबन्धनस्य समवायान्तरस्यानवस्थाभयादनभ्युपगमात् । अथाभिन्नौ, ततः समवायमात्रमेव । न तौ, तदव्यतिरिक्तत्वात् तत्स्वरूपवदिति । किञ्च, यथा इह समवायिषु समवाय इति मतिः समवायं विनाप्युपपन्ना, तथा इहात्मनि ज्ञानमित्ययमपि प्रत्ययस्तं विनैव चेदुच्यते, तदा को दोषः ?

(અનુવાદ)

જો દીપકથી પ્રકાશ અત્યંત ભિન્ન હોવા છતાં પણ દીપકને સ્વ-પરપ્રકાશક કહો તો ઘટ આદિને પણ સ્વ-પરપ્રકાશક કહેવામાં કોઈ વાંધો ન હોવો જોઈએ ! કારણ કે દીપકની જેમ ઘટ વગેરે પણ પ્રકાશથી અત્યંત ભિન્ન છે.

વળી, સ્વ અને પર પદાર્થોમાં સંબંધ કરાવનાર સમવાયનો સ્વભાવ સમવાયથી ભિન્ન છે કે અભિન્ન ? જો ભિન્ન કહો તો એ સમવાયનો સ્વભાવ જ ન બની શકે ! અને સ્વભાવ ભિન્ન હોવા છતાં પણ બીજા સમવાયથી સમવાયની સાથે એનો સંબંધ માનો તો અનવસ્થા દોષ આવશે. જો અભિન્ન કહો તો એને સમવાય જ કહેવો જોઈએ ! એને સમવાયથી જુદો માનવાની જરૂર નહીં. જેમ સમવાયથી સમવાયનું સ્વરૂપ અભિન્ન છે તેવી રીતે.

વળી એક વાત. જેમ "આ સમવાયીઓમાં સમવાય છે" આ બુદ્ધિ સમવાય વિના પણ ઘટી શકે છે તેવી રીતે પ્રસ્તુતમાં 'આત્મામાં જ્ઞાન' એવું જ્ઞાન પણ સમવાય વિના કેમ ન કહેવાય ? એમ કહેવામાં શો દોષ ?

(टीका)–अथात्मा कर्ता, ज्ञानं च करणं, कर्तृकरणयोश्च वर्धकिवासीव भेद एव प्रतीतः, तत्कथं ज्ञानात्मनोरभेदः इति चेत् । न, दृष्टान्तस्य वैषम्यात् । वासी हि बाह्यं करणं, ज्ञानं चान्तरं तत्कथमनयोः साधर्म्यम् ? न चैवं करणस्य द्वैविध्यमप्रसिद्धम् । यदाहुर्लाक्षणिकाः–

"करणं द्विविधं ज्ञेयं बाह्यमाभ्यन्तरं बुधैः ।
यथा लुनाति दात्रेण मेरुं गच्छति चेतसा" ॥

यदि हि किञ्चित्करणमान्तरमेकान्तेन भिन्नमुपदर्श्यते, ततः स्याद् दृष्टान्तदार्ष्टान्तिकयोः साधर्म्यम्, न च तथाविधमस्ति । न च बाह्यकरणगतो धर्मः सर्वोऽप्यान्तरे योजयितुं शक्यते, अन्यथा दीपेन चक्षुषा देवदत्तः पश्यतीत्यत्रापि दीपादिवत् चक्षुषोऽप्येकान्तेन देवदत्तस्य भेदः स्यात् । तथा च सति लोकप्रतीति-विरोध इति ।

(અનુવાદ)

વૈશેષિક આત્મા કર્તા છે અને જ્ઞાન કરણ છે, એવી માન્યતા ધરાવે છે. તે કહે છે: જેમ સુથાર તેનાથી ભિન્ન એવા વાંસલા વડે પોતાનું કાર્ય સિદ્ધ કરે છે તેમ આત્મા પણ કર્તા હોઈને પોતાથી ભિન્ન એવા જ્ઞાનરૂપ કરણ વડે પદાર્થોને જાણે છે ! આથી કર્તા અને કરણ રૂપે આત્મા અને જ્ઞાનનો ભેદ પ્રતીત થાય છે.

જૈન દર્શન કહે છે ; આપનું એ કથન બરાબર નથી, કેમકે સુથાર અને વાંસલાનું દૃષ્ટાંત જ વિષમ છે. વાંસલો એ બાહ્ય કરણ છે અને જ્ઞાન એ આભ્યંતર કરણ છે, તેથી બાહ્ય અને આભ્યંતર કરણનું સાધર્મ્ય કઇ રીતે થશે ? તેમજ બાહ્ય અને અભ્યંતર, બે પ્રકરણનાં કરણ પ્રસિદ્ધ છે, વૈયાકરણો પણ કહે છે કે : પંડિત પુરુષોએ બાહ્ય અને

આભ્યંતરના ભેદથી કરણ બે પ્રકારનાં કહ્યાં છે. વાંસલા રૂપ બાહ્ય કરણ વડે સુથાર કાષ્ઠાદિને છોલે છે, અને મનરૂપ અભ્યંતર કરણ વડે આત્મા મેરુ પર્વતે પહોંચે છે. વાંસલારૂપ બાહ્ય કરણથી સુથારરૂપ કર્તા જેમ ભિન્ન છે, તેમ જ્ઞાનરૂપ આભ્યંતર કરણથી આત્મરૂપ કર્તા ભિન્ન હોય તો દૃષ્ટાંત દાર્ષ્ટાન્તિકનું સાધર્મ્ય થાત; પરંતુ સુથાર અને વાંસલાની જેમ આત્માથી જ્ઞાન ભિન્ન નથી પણ અભિન્ન છે, તેથી દૃષ્ટાંત દાર્ષ્ટાન્તિકનું સાધર્મ્ય કઈ રીતે ઘટી શકશે ? તેમજ બાહ્ય કરણમાં રહેલા સઘળાએ ધર્મો આભ્યંતર કરણમાં આવી શકતા નથી. જો બાહ્ય કરણમાં રહેલા સઘળા ધર્મો આભ્યંતર કરણમાં આવતા હોય તોઃ દેવદત્ત દીપક વડે અને નેત્ર વડે જુએ છે તેમાં દીપકરૂપ બાહ્ય કરણની જેમ નેત્રરૂપ આભ્યંતર પણ દેવદત્તથી સર્વથા ભિન્ન થવું જોઈએ અને એ પ્રમાણે દેવદત્તથી નેત્રની ભિન્નતા થાય તો એ પ્રતીતિ લોકવિરુદ્ધ થશે.

(ટીકા)–**अपि च, साध्यविकलोऽपि वासीवर्धकिदृष्टान्तः । तथाहि–नायं वर्धकिः 'काष्ठमिदमनया वास्या घटयिष्ये' इत्येवं वासीग्रहणपरिणामेनापरिणतः सन् तामगृहीत्वा घटयति, किन्तु तथा परिणतस्तां गृहीत्वा । तथा परिणामे च वासिरपि तस्य काष्ठस्य घटने व्याप्रियते पुरुषोऽपि । इत्येवं लक्षणैः कार्यसाधकत्वात् वासीवर्धक्योरभेदोऽप्युपपद्यते । तत्कथमनयोर्भेद एव इत्युच्यते ? एवमात्मापि 'विवक्षितमर्थमनेन ज्ञानेन ज्ञास्यामि' इति ज्ञानग्रहणपरिणामवान् ज्ञानं गृहीत्वार्थं व्यवस्यति । ततश्च ज्ञानात्मनोरुभयोरपि संवित्तिलक्षणैककार्यसाधकत्वादभेद एवा एवं कर्तृकरणयोरभेदे सिद्धे संवित्तिलक्षणं कार्यं किमात्मनि व्यवस्थितं, आहोस्विद् विषये इति वाच्यम् । आत्मनि चेत्, सिद्धं नः समीहितम् । विषये चेत्, कथमात्मनोऽनुभवः प्रतीयते ? अथ विषयस्थितसंवित्तेः सकाशादात्मनोऽनुभवः, तर्हि किं न पुरुषान्तरस्यापि ? तद्भेदाविशेषात् ।**

(અનુવાદ)

વાસી અને વર્દ્ધકી (વાંસલો અને સુથાર)નું દૃષ્ટાંત સાધ્યથી પણ રહિત છે, તે આ પ્રમાણે : 'હું આ કાષ્ઠની વાંસલા વડે લાકડી બનાવીશ.' આવ પ્રકારનો વિચાર કર્યા વિના સુથાર પોતે વાંસલાને ગ્રહણ કરીને કાષ્ઠને ઘડતો નથી, પરંતુ 'હું વાંસલા વડે દંડ બનાવીશ' તેવા પ્રકારના પરિણામમાં પરિણત થયેલ સુથાર વાંસલાને ગ્રહણ કરીને કાષ્ઠને છોલે છે, તેવી રીતે વાંસલો પણ કાષ્ઠને છોલવામાં પ્રવૃત્ત બને છે; તેથી સુથાર અને વાંસલામાં દંડ બનાવવા રૂપ એક અર્થક્રિયાની અપેક્ષાએ તે બંનેમાં જેમ અભેદ છે, તેમ આત્મા પણ 'હું અમુક પદાર્થને જ્ઞાન વડે જાણીશ.' આ પ્રકારે પદાર્થને જાણવામાં પરિણત થએલો આત્મા જ્ઞાન દ્વારા પદાર્થને જાણે છે. આથી જ્ઞાન અને આત્મા જાણવારૂપ એક અર્થક્રિયાનાં સાધક હોવાથી તે બંનેમાં અભેદની સિદ્ધિ થાય છે. તેથી જ્ઞાન અને આત્મામાં ભેદ સિદ્ધ કરવાવાળું તમારું વાંસલો અને સુથારનું દૃષ્ટાંત સાધ્યથી રહિત છે.

આ પ્રકારે આત્મારૂપ કર્તા અને જ્ઞાનરૂપ કરણમાં અભેદની સિદ્ધિ થતી હોવાથી જૈન દર્શન વૈશેષિકને કહે છે કે : તમે આત્માથી જ્ઞાન ભિન્ન માનો છો તો તે જ્ઞાન

આત્મામાં રહે છે કે પદાર્થમાં ? જો જ્ઞાન આત્મામાં રહેલું હોય તો એ અમારા (જૈન) સિદ્ધાંતને અનુકૂલ છે, કેમકે અમે પણ જ્ઞાન આત્મામાં જ રહેલું માનીએ છીએ. એમ ના કહેશો કે પદાર્થમાં રહેલ છે'! તો પદાર્થમાં રહેલા જ્ઞાનથી આત્માને સુખદુઃખનો અનુભવ થઇ શકશે નહીં. કેમકે પદાર્થમાં રહેલું જ્ઞાન આત્માથી અત્યંત ભિન્ન છે. જો પદાર્થમાં રહેલા જ્ઞાનથી પણ આત્માને સુખદુઃખનું સંવેદન થતું હોય તો તે પદાર્થમાં રહેલા જ્ઞાનથી અન્ન અન્ય આત્માઓને પણ સુખદુઃખનું સંવેદન થવું જોઇએ! કારણકે પદાર્થમાં રહેલું જ્ઞાન જેવી રીતે એક આત્માથી ભિન્ન છે, તેવી રીતે અન્ય અન્ય આત્માઓથી પણ ભિન્ન છે, માટે પદાર્થમાં રહેલા જ્ઞાનથી જો એક આત્માને અનુભવ થાય તો તેવી જ રીતે બીજા આત્માઓને પણ અનુભવ થવો જોઇએ! જો તે જ્ઞાનથી એક આત્માને અનુભવ ના થતો હોય તો અન્ય આત્માઓને પણ અનુભવ ન થાય અને આ રીતે જગત અજ્ઞાનરૂપ બની જશે ! માટે એમ કહીએ છીએ કે જ્ઞાન આત્માથી અભિન્ન હોવાથી આત્મામાં જ રહે છે, એમ માનો.

(ટીકા) अथ ज्ञानात्मनोरभेदपक्षे कथं कर्तृकरणभावः इति चेत् ननु यथा सर्प आत्मानमात्मना वेष्टयतीत्यत्र अभेदे यथा कर्तृकरणभावस्तथात्रापि । अथ परिकल्पितोऽयं कर्तृकरणभाव इति चेद् ? वेष्टनावस्थायां प्रागवस्थाविलक्षणगतिनिरोधलक्षणार्थक्रियादर्शनात् कथं परिकल्पितत्वम् ? न हि परिकल्पनाशतैरपि शैलस्तम्भ आत्मानमात्मना वेष्टयतीति वक्तुं शक्यम् । तस्मादभेदेऽपि कर्तृकरणभावः सिद्ध एव। किञ्च, चैतन्यमिति शब्दस्य चिन्त्यतामन्वर्थः । चेतनस्य भावश्चैतन्यम् । चेतनश्चात्मा त्वयापि कीर्त्यते । तस्य भावः स्वरूपं चैतन्यम् । यश्च यस्य स्वरूपं न तत् ततो भिन्नं भवितुमर्हति । यथा वृक्षाद् वृक्षस्वरूपम् ।

(અનુવાદ)

વૈશેષિક :- જ્ઞાન અને આત્માનો અભેદ માનશો તો કર્તૃ-કરણભાવ બની શકશે નહીં.

જૈન :- જેમ સર્પ સ્વયં પોતા વડે પોતાને વીંટે છે, ત્યાં અભેદમાં જેમ કર્તૃ-કરણભાવ થઇ શકે છે, તેમ અહીં પણ આત્મા અને જ્ઞાનમાં અભેદપણું હોવા છતાં પણ કર્તૃકરણભાવ માનવામાં કોઈ પણ બાધ આવતો નથી. એમ ના કહેશો કે સર્પમાં જે પહેલાં તેની ગતિના નિરોધરૂપ ક્રિયા દેખવામાં આવતી હોવાથી તેને કલ્પિત કહી શકાય નહીં. તેમજ સે'કડો કલ્પનાઓ કરવા છતાં પણ પાષાણનો સ્તંભ સ્વયં પોતાને પોતા વડે વીંટી શકતો નથી! માટે અભેદમાં કર્તા અને કરણને કલ્પિત કહેવું તે ઠીક નથી. વળી ચેતનના ભાવને-સ્વરૂપને ચૈતન્ય કહે છે, તેમજ તમે પણ આત્માને ચેતન-સ્વરૂપ માનો છે, તેથી ઉભયમત પ્રસિદ્ધ ચૈતન્ય એ આત્માનું સ્વરૂપ છે, જે જેનું સ્વરૂપ હોય તે તેનાથી ભિન્ન હોઇ શકતું નથી, જેમ વૃક્ષનું સ્વરૂપ વૃક્ષથી ભિન્ન નથી, તેમ જ્ઞાન એ આત્માનું સ્વરૂપ હોવાથી આત્માથી ભિન્ન હોઈ શકતું નથી.

(टीका)–अथास्ति चेतन आत्मा, परं चेतनासमवायसम्बन्धात्, न स्वतः, तथाप्रतीतेः इति चेत् । तदयुक्तम् । यतः प्रतीतिश्चेत् प्रमाणीक्रियते, तर्हि निर्बाधमुपयोगात्मक एवात्मा प्रसिद्ध्यति । न हि जातुचित् स्वयमचेतनोऽहं चेतनायोगात् चेतनः, अचेतने वा मयि चेतनायाः समवाय इति प्रतीतिरस्ति । ज्ञाताहमिति समानाधिकरणतया प्रतीतः । भेदे तथाप्रतीतिरिति चेत् ? न, कथंचित् तादात्म्याभावे सामानाधिकरण्यप्रतीतेरदर्शनात् । यष्टिः पुरुष इत्यादिप्रतीतित्तु भेदे सत्युपचाराद् दृष्टा, न पुनस्तात्त्विकी । उपचारस्य तु बीजं पुरुषस्य यष्टिगतस्तब्धत्वादिगुणैरभेदः उपचारस्य मुख्यार्थस्पर्शित्वात् । तथा चात्मनि ज्ञाताहमिति प्रतीतिः कथञ्चित् चेतनात्मतां गमयति तामन्तरेण ज्ञाताहमिति प्रतीतेरनुपपद्यमानत्वाद् घटादिवत् । न हि घटादिरचेतनात्मको ज्ञाताहमिति प्रत्येति । चैतन्ययोगाभावात् असौ न तथा प्रत्येति चेत् ? न. अचेतनस्यापि चैतन्ययोगात् चेतनोऽहमिति प्रतिपत्तेरनन्तरमेव निरस्तत्वात् । इत्यचेतनत्वं सिद्धमात्मनो जडस्यार्थपरिच्छेदं पराकारोति तं पुनरिच्छता चैतन्यस्वरूपतास्य स्वीकरणीया ।

(અનુવાદ)

વૈશેષિક :– આત્મ સમવાય સંબંધ વડે ચેતન સ્વરૂપ બને છે. પરંતુ સ્વયં ચેતન સ્વરૂપ નથી, કેમકે તેવા પ્રકારની પ્રતીતિ થતી નથી.

જૈન :– એ પણ આપનું કથન ઠીક નથી. કારણકે જો તમે જ્ઞાનને પ્રમાણરૂપ સ્વીકારતા હો, તો આત્માને પણ નિરાબાધિતપણે ઉપયોગરૂપ માનવો પડશે, કેમકે 'હું સ્વયં અચેન છું પરંતુ ચેતનાના સંબંધથી ચૈતન્યવાન છું,' અથવા 'અચેતન એવા મારા વિષે ચેતનાનો સમવાય છે.' આવા પ્રકારની પ્રતીતિ કયારેય પણ આત્મામાં થતી નથી, પરંતુ તેનાથી વિપરીત, આત્મા અને જ્ઞાનનું એકાધિકરણ હોવાથી 'હું જ્ઞાતા છું' તેવા પ્રકારની પ્રતીતિ થાય છે! જો કહેશો કે આત્મા અને જ્ઞાનમાં ભેદ છે, તેથી જ તેમાં 'હું જ્ઞાનવાન છું' ઈત્યાકારક પ્રતીતિ થાય છે, તે પણ તમારૂં કથન બરાબર નથી, કેમકે કથંચિત્ તાદાત્મ્ય–અભિન્નતા વિના એકાધિકરણની પ્રતીતિ થઈ શકતી નથી. દા. ત. દંડમાં પુરુષની પ્રતીતિ થાય છે, ત્યાં ભેદ હોવા છતાં પણ ઉપચારથી અભેદ–પ્રતીતિ થાય છે, પરંતુ વાસ્તવિક થતી નથી. કેમકે દંડમાં રહેલા સ્તબ્ધતા આદિ ગુણોનો પુરુષની સાથે કંઈક અભેદ છે, તેથી જ તેમાં ઉપચારથી અભેદનું જ્ઞાન થાય છે. કારણ કે ઉપચાર મુખ્ય અર્થને અનુલક્ષીને જ થાય છે. તેવી જ રીતે આત્મામાં 'હું જ્ઞાતા છું' તેવા પ્રકારની પ્રતીતિ જ્ઞાન અને આત્માના અભેદને અનુલક્ષીને જ ચૈતન્ય સ્વભાવને જણાવે છે. કેમકે ચૈતન્ય વિના 'હું જ્ઞાતા છું' તેવા પ્રકારની પ્રતીતિ થઈ શકતી નથી. જેમ ઘટમાં ચૈતન્ય નહીં હોવાથી 'હું જ્ઞાતા છું' તેવા પ્રકારની પ્રતીતિ સ્વપ્નમાં પણ થતી નથી.

આત્માને જો અચેતન માનવામાં આવે તો 'હું જ્ઞાનવાન છું' તેવા પ્રકારની પ્રતીતિ કયારે પણ થશે નહીં; પરંતુ આત્મામાં તો હું જ્ઞાતા છું તેવા પ્રકારની પ્રતીતિ વારંવાર થાય છે! તેથી સિદ્ધ થાય છે કે આત્મા ચૈતન્યસ્વરૂપ છે. એમ ના કહેશો કે અચેતનરૂપ ઘટમાં ચૈતન્ય સંબંધનો અભાવ હોવાથી 'હું ચેતન છું' તેવા પ્રકારની પ્રતીતિ થઈ શકતી નથી. કેમકે અચેતનમાં ચૈતન્યના સંબંધથી 'હું ચેતન છું', તેવા પ્રકારની પ્રતીતિ થઈ શકતી નથી, તે વાત હમણાં જ અમે સમજાવી છે. આ રીતે આત્માને સ્વયં અચેતન માનવામાં આવે તો જડસ્વરૂપ આત્માને પદાર્થનું જ્ઞાન પણ થઇ શકશે નહીં. આથી આત્મામાં પદાર્થનું જ્ઞાન ઇચ્છતા હો તો આત્માનું ચૈતન્ય-સ્વરૂપ સ્વીકારવું પડશે.

(ટીકા)–ननु ज्ञानवानहमिति प्रत्ययादात्मज्ञानयोर्भेदः, अन्यथा धनवानिति प्रत्ययादपि धनधनवतोर्भेदाभावानुषङ्गः। तदसत्, ज्ञानवानहमिति नात्मा भवन्मते प्रत्येति, जडैकान्तरूपत्वात्, घटवत्। सर्वथा जडश्च स्यादात्मा, ज्ञानवानहमिति-प्रत्ययश्च स्याद् अस्य विरोधाभावात् इति मा निर्णैषीः। तस्य तथोत्पत्त्यसम्भवात् ज्ञानवानहमिति हि प्रत्ययो नागृहीते ज्ञानाख्ये विशेषणे, विशेष्ये चात्मनि जातूत्पद्यते, स्वमतविरोधात्। "नागृहीतविशेषणा विशेष्ये बुद्धिः" इति वचनात्।

(અનુવાદ)

વૈશેષિક : 'હું જ્ઞાનવાન છું' તેવા પ્રકારની પ્રતીતિથી આત્મા અને જ્ઞાનમાં ભેદની સિદ્ધિ થાય છે.

જો જ્ઞાન અને જ્ઞાનવાનમાં આ પ્રકારે ભેદ માનવામાં ના આવે તો 'હું ધનવાન છું" તેવી પ્રતીતિમાં ધન અને ધનવાનનો પણ ભેદ ન માનવો જોઇએ,

જૈન : એ પણ આપનું કથન ઠીક નથી, કેમ કે આપના મતે તો આત્મા ઘટની જેમ સર્વથા જડસ્વરૂપ છે. તેથી 'હું જ્ઞાનવાન છું" ઇત્યાકારક પ્રતીતિ થશે નહ. કેમકે ઘટની જેમ જડ એવા આત્મામાં તેવા પ્રકારની પ્રતીતિનો સર્વથા વિરોધ આવે છે! તેથી જડ આત્મામાં 'હું જ્ઞાનવાન છું" ઇત્યાકારક પ્રતીતિની ઉત્પત્તિનો જ અસંભવ છે! 'હું જ્ઞાનવાન છું, તેમાં જ્ઞાનરૂપ વિશેષણને ગ્રહણ (જાણ્યા) કર્યા સિવાય આત્મારૂપ વિશેષ્યમાં 'હું જ્ઞાનવાન્ છું.' તેવા પ્રકારની પ્રતીતિ કયારે પણ થઈ શકતી નથી! વળી કહ્યું પણ છે કે વિશેષણનું જ્ઞાન થયા વિના વિશેષ્યનું જ્ઞાન થઇ શકતું નથી.

(ટીકા)–गृहीतयोस्तयोरुत्पद्यते इति चेत्, कुतस्तद्गृहीतिः? न तावत् स्वतः, स्वसंवेदनानभ्युपगमात्। स्वसंविदिते ह्यात्मनि ज्ञाने च स्वतः, सा युज्यते, नान्यथा, सन्तानान्तरवत्। परतश्चेत्, तदपि ज्ञानान्तरं विशेष्यं नागृहीते ज्ञानत्वविशेषणे ग्रहीतुं शक्यम्। गृहीते हि घटत्वे घटग्रहणमिति ज्ञानान्तरात् तद्ग्रहणेन भाव्यम् इत्यनवस्थानात् कुतः प्रकृतप्रत्ययः? तदेवं नात्मनो जडस्वरूपता संगच्छते तदसङ्गतौ च चैतन्यमौपाधिकमात्मनोऽन्यदिति वाङ्मात्रम्।

(અનુવાદ)

વૈશેષિક : જ્ઞાનરૂપ વિશેષણ અને આત્મારૂપ વિશેષ્ય, તે બન્ને જ્ઞાત હોઇને જ 'હું જ્ઞાનવાન છું' ઇત્યાકારક પ્રતીતિ થાય છે.

જૈન : તેવા પ્રકારની પ્રતીતિ સ્વતઃ (સ્વયં) થાય છે કે પરત : (બીજાથી) ? તેમાં સ્વતઃ પ્રતીતિ તો તમારા મતે થશે જ નહીં. કેમકે તમે આત્માનું સ્વસંવેદનપણું સ્વીકારતા નથી. અને 'હું જ્ઞાનવાન્ છું' તેવા પ્રકારની પ્રતીતિ તો સ્વસંવિદિત આત્મા અને જ્ઞાનમાં સ્વયં ઉત્પન્ન થાય છે. પરંતુ 'પરસંતાન' અર્થાત્ ઘટપટાદિ સ્વસંવિદિત ન હોવાથી તેમાં જેમ 'હું જ્ઞાનવાન્ છું' ઇત્યાકારક પ્રતીતિ થતી નથી, તેમ આત્મા પણ તમારા મતે સ્વસંવિદિત નહીં હોવાથી આત્મામાં પણ તેવા પ્રકારની પ્રતીતિ થશે નહીં. એમ ના કહેશો કે આત્મા બીજા જ્ઞાન દ્વારા પોતાના જ્ઞાનરૂપ વિશેષણને ગ્રહણ કરે છે. તો તે બીજા જ્ઞાનરૂપ વિશેષ્ય પણ પોતાના જ્ઞાનત્વરૂપ વિશેષણને ગ્રહણ કર્યા સિવાય આત્માના જ્ઞાનરૂપ વિશેષણને ગ્રહણ કરી શકતું નથી ! જેમ ઘટત્વરૂપ (ઘટનું સ્વરૂપ) વિશેષણને ગ્રહણ કર્યા સિવાય ઘટ રૂપ વિશેષ્યનું જ્ઞાન થઈ શકતું નથી, તેવી રીતે અન્ય જ્ઞાન દ્વારા જ્ઞાનત્વનું ગ્રહણ કર્યા સિવાય આત્મામાં જ્ઞાનરૂપ વિશેષણનું ગ્રહણ થઇ શકતું નથી અને એ પ્રકારે એક જ્ઞાનમાં જ્ઞાનત્વનુ ગ્રહણ કરવા માટે અન્ય જ્ઞાનની અપેક્ષા અને તે અન્ય જ્ઞાનમાં પણ જ્ઞાનત્વરૂપ પોતાનું સ્વરૂપ ગ્રહણ કરવા માટે ત્રીજા જ્ઞાનની અપેક્ષા ! આ રીતે ઉત્તરોત્તર જ્ઞાનત્વનું ગ્રહણ કરવા માટે અનંત જ્ઞાનની કલ્પના કરવાથી અનવસ્થા દોષ આવશે. તેથી 'હું જ્ઞાનવાન છું' તેવા પ્રકારની પ્રતીતિ પરતઃ પણ આત્મામાં થઇ શકશે નહીં. એટલા માટે આત્માનું જડ-સ્વરૂપ સ્વીકારવું તે યુક્તિ રહિત તે.

આ રીતે આત્માનું જડ સ્વરૂપ સિદ્ધ નહીં થવાથી; આત્માથી જ્ઞાન સર્વથા ભિન્ન છે, અને તે આત્મામાં સમવાય રૂપ ઉપાધિથી રહે છે, તે પ્રકારનું આપનું વચન, તે કેવળ કથનમાત્ર(બોલવામાત્ર) જ છે; આત્માનું ચૈતન્ય-સ્વરૂપ સ્વીકારવું તેજ પ્રમાણ છે.

(ટીકા) तथा यदपि न संविदानन्दमयी च मुक्तिरिति व्यवस्थापनायामू अनुमानमवादि सन्तानत्वादिति । तत्राभिधीयते । ननु किमिदं सन्तानत्वं स्वतन्त्रमपरापरप-दार्थोत्पत्तिमात्रं वा, एकाश्रयापरापरोत्पत्तिर्वा ? तत्राद्यः पक्षः सव्यभिचारः । अपरापरेषामुत्पादकानां घटपटकटादीनां सन्तानत्वेऽप्यत्यन्तमनुच्छिद्यमानत्वात् । अथ द्वितीयः पक्षः, तर्हि तादृशं सन्तानत्वं प्रदीपे नास्तीति साधनविकलो दृष्टान्तः । परमाणुपाकजरूपादिभिश्च व्यभिचारी हेतुः । तथाविधसन्तानत्वस्य तत्र सद्भावेऽप्य-त्यन्तोच्छेदाभावात् । अपि च सन्तानत्वमपि भविष्यति अत्यन्तानुच्छेदश्च भविष्यति । विपर्यये बाधकप्रमाणाभावात् । इति संदिग्धविपक्षव्यावृत्तिकत्वादप्यनैकान्तिकोऽयम् । किञ्च स्याद्वादवादिनां नास्ति क्वचिदत्यन्तमुच्छेदः, द्रव्यरूपतया स्थास्नुनामेव सतां भावानामुत्पादव्ययवयुक्तत्वात् इति विरुद्धश्च । इति नाधिकृतानुमानाद् बुद्ध्यादिगु-णोच्छेदरूपा सिद्धिः सिद्ध्यति ॥

(અનુવાદ)

હવે જૈન દર્શન વૈશેષિકને કહે છે કે : તમે મોક્ષમાં જ્ઞાન અને સુખનો અભાવ સિદ્ધ કરવા માટે જે 'સંતાનત્વ' હેતુ આપ્યો છે, તે અનેક દોષોથી ગ્રસ્ત છે. તે આ પ્રમાણે : તમે સન્તાન કોને કહો છો ? શું સ્વતંત્રપણે અપર અપર પદાર્થની ઉત્પત્તિ રૂપ સંતાન ? કે એકજ અધિકરણમાં અપર અપર પદાર્થની ઉત્પત્તિ રૂપ-સંતાન ?

પ્રથમ પક્ષ વ્યભિચાર દોષથી યુક્ત છે. કારણ કે સ્વતંત્રપણે ઘટ, (ઘડો) પટ, (વસ્ત્ર) કટ (સાદડી) આદિ પદાર્થો એક પછી એક અનેક પદાર્થોના ઉત્પાદક હોવાથી તેમાં સંતાનપણુ તો છે, પરંતુ તે ઘટ પટ આદિનો સર્વથા નાશ થતો નથી. કેમકે વૈશેષિક મતમાં પણ પદાર્થનો નિરન્વય નાશ માનવામાં આવ્યો નથી, તેથી અત્યંત અનુચ્છિદ્યમાનરૂપ સાધ્યાભાવમાં સન્તાનત્વ હેતુ રહેવાથી તે હેતુ વ્યભિચારી છે.

જો એકજ આશ્રયમાં અપર અપર પદાર્થની ઉત્પત્તિરૂપ સંતાન કહેશો, તો દીપક રૂપ દૃષ્ટાંતની સાથે વિરોધ આવશે. કેમકે દીપકનાં સંતાનો (પરંપરા) એકજ અધિકરણમાં નથી, પરંતુ ભિન્ન ભિન્ન આશ્રયમાં ઉત્પન્ન થાય છે. કેમકે પ્રથમ જે અગ્નિની જ્વાલારૂપ દીપક, પ્રથમ અગ્નિની જ્વાલા નષ્ટ થાય એટલે જ્વાળારૂપ દીપકનો પણ નાશ થઇ જાય છે. તેથી દીપક રૂપ એક અધિકરણમાં અપર અપર પદાર્થની ઉત્પત્તિરૂપ સંતાન નથી, માટે પ્રદીપનું દૃષ્ટાંત પણ સન્તાનત્વરૂપ સાધનથી શૂન્ય છે તેમજ સન્તાનત્વ હેતુ અગ્નિવડે પરમાણુમાં ઉત્પન્ન થયેલા (પાકજ) રૂપાદિ સાથે વ્યભિચારી છે. કેમકે પરમાણુ પાકજ રૂપાદિમાં તેવા પ્રકારનું સન્તાનત્વ (સંતાનપણું) હોવા છતાં પણ તેનો અત્યંત ઉચ્છેદ (નાશ) થતો નથી. કેમકે પાકા ઘટનાં પરમાણુમાં કાચા ઘટના રૂપ (સંતાન) નો ફેરફાર થઈને બીજું રૂપ (સંતાન) ઉત્પન્ન થાય છે, તેથી પૂર્વ અને અપર રૂપ રૂપી સંતાન એકજ આશ્રયમાં ઉત્પન્ન થાય છે. માટે પરમાણુ ગત રૂપાદિમાં સન્તાનત્વ હોવા છતાં પણ તેનો અત્યંત નાશ ન થતો હોવાથી સન્તાનત્વ હેતુ પરમાણુ, પાકજરૂપાદિ સાથે સવ્યભિચારી છે. અને તેમાં કોઇ બાધક પ્રમાણ નથી.

વળી, જ્ઞાન અને આનંદથી રહિત મુક્તિની સિદ્ધિને માટે (મુક્તિમાં બુદ્ધિ આદિ ગુણોનો અત્યંત ઉચ્છેદ હોય છે, કેમકે બુદ્ધિ અદિ સંતાનરૂપ છે.) અનુમાનમાં જે સન્તાનત્વ હેતુ આપો છો; તે વિપક્ષ ઘટાદિમાં અનુચ્છેદ્યત્વરૂપ સાધ્યાભાવ સાથે હોવાથી 'સંદિગ્ધ વિપક્ષ વ્યાવૃત્તિ' રૂપ અનૈકાન્મિક નામના હેત્વાભાસથી ગ્રસ્ત છે, ઘટાદિ પદાર્થ સંતાન રૂપ હોવા છતાં પણ તેનો સર્વથા નાશ થતો નથી. તેમજ જૈન દર્શનમાં કોઈ-પણ દ્રવ્યનો સર્વથા નાશ થતો નથી ! કેમકે દ્રવ્યરૂપે પ્રત્યેક પદાર્થો સ્થિર રૂપ છે, પર્યાય રૂપે ઉત્પત્તિ અને વિનાશ સ્વભાવવાળા છે. તેથી સંતાનત્વ હેતુ વિરુદ્ધ પણ છે આ પ્રકારે આપના અનુમાનથી પણ બુદ્ધિ આદિ (જ્ઞાન અને આનંદરહિત) ના અત્યંત-ઉચ્છેદ સ્વરૂપ મુક્તિની સિદ્ધિ થઇ શકતી નથી.

(ટીકા) नापि "न हि वै सशरीरस्य" इत्यादेरागमात् । स हि शुभाशुभादृष्टपरिपाकजन्ये सांसारिकप्रियाप्रिये परस्परानुषक्ते अपेक्ष्य व्यवस्थितः । मुक्तिदशायां तु सकलादृष्टक्षयहेतुकमैकान्तिकमात्यन्तिकं च केवलं प्रियमेव, तत्कथं प्रतिषिध्यते । आगमस्य चायमर्थः, सशरीरस्य-गतिचतुष्टयान्तर्भस्थानवर्तिन आत्मनः,

प्रियाप्रिययोः--परस्परानुषक्तयोः सुखदुःखयोः अपहतिः-अभावो नास्तीति । अवश्यं हि तत्र सुखदुःखाभ्यां भाव्यम् । परस्परानुषक्तत्वं च समासकरणादभ्यूह्यते अशरीरं मुक्तात्मानं. वाशब्दस्यैवकारार्थत्वात् अशरीरमेव; वसन्तं सिद्धिक्षेत्रमध्यासीनं, प्रियाप्रिये--परस्परानुषक्ते सुखदुःखे न स्पृशतः ॥

(अनुवाद)

तेमज मोक्ष अवस्थामां ज्ञान अने सुखनो अभाव सिद्ध करवा माटे तमे 'सशरीरीने प्रिय अप्रियनो अभाव होतो नथी,' इत्यादि जे आगम प्रमाण आप्युं छे, तेनाथी पण ज्ञान सुखादिथी रहित मुक्तिनी सिद्धि थई शकती नथी,

"न हि वै सशरीरस्य सतः प्रियाप्रिययोरपहतिरस्ति':--ते श्रुति तो मुक्तदशामां शुभाशुभ कर्मना परिणामथी उत्पन्न थयेलां अने एक बीजाथी संबद्ध एवां सांसारिक सुखदुःखनी अपेक्षाओ प्रिय-अप्रियनो निषेध करे छे. परंतु मोक्षदशामां, समस्त पुण्य पापना क्षयथी उत्पन्न थयेल एवुं ऐकान्तिक अने जेनो नाश नथी तेवा प्रकारना आत्यन्तिक सुखनो निषेध, उपर्युक्त श्रुतिथी थई शकतो नथी. ते श्रुतिनो अर्थ आ प्रमाणे थाय छे. सशरीर--नर नारक तिर्यंच अने देव आ चार गति पैकीनी कोई-पण गतिमां रहेला आत्माना प्रियाप्रिययोः--परस्परानुषक्तयोः-- प्रिय अने अप्रिय परस्पर सापेक्ष सुख दुःखनो अपहतिर्नास्ति--अभाव होतो नथी, अर्थात् चार गतिमांथी कोई पण गतिमां रहेला आत्माने अवश्य सुख दुःखनो अनुभव होय छे. 'प्रियाप्रिययोः' मां द्वन्द्व समास होवाथी सुखदुःखनुं परस्पर सापेक्षपणुं समजवुं. हवे अशरीरं वा वसन्तं प्रियाप्रिये न स्पृशतः मोक्ष अवस्थामां रहेला अर्थात् सिद्धक्षेत्रमां रहेला अशरीरी एवा आत्माने परस्पर सापेक्ष एवा सांसारिक सुखदुःखनो स्पर्श मात्र पण होतो नथी.

(टीका) इदमत्र हृदयम् । यथा किल संसारिणः सुखदुःखे परस्परानुषक्ते स्यातां, न तथा मुक्तात्मनः किन्तु केवलं सुखमेव । दुःखमूलस्य शरीरस्यैवाभावात् । सुखं त्वात्मस्वरूपत्वादवस्थितमेव । स्वस्वरूपावस्थानं हि मोक्षः । अत एव चाशरीरमित्युक्तम् । आगमार्थश्चायमित्थमेव समर्थनीयः । यत एतदर्थानुपातिन्येव स्मृतिरपि दृश्यते--

"सुखमात्यन्तिकं यत्र बुद्धिग्राह्यमतीन्द्रियम् ।
तं वै मोक्षं विजानीयाद् दुष्प्रापमकृतात्मभिः" ॥

(टीका) न चायं सुखशब्दो दुःखाभावमात्रे वर्तते । मुख्यसुखवाच्यतायां बाधकाभावात् । अयं रोगाद् विप्रमुक्तः सुखी जात इत्यादिवाक्येषु च सुखीति प्रयोगस्य पौनरुक्त्यप्रसङ्गाच्च । दुःखाभावमात्रस्य रोगाद् विप्रमुक्त इतीयतैव गतत्वात् ॥

(अनुवाद)

अर्थात् संसारी जीवोने जेम परस्पर अपेक्षित सुख दुःख होय छे, तेम मुक्तात्माने होतुं नथी. मुक्तात्माने तो केवल सुख ज होय छे. केम के सर्व दुःखनुं मूळ कारण

શરીર છે અને મુક્ત દશામાં શરીરનો અભાવ હોવાથી ત્યાં કેવલ સુખજ હોય છે કેમ કે તેઓ (મુક્તાત્માઓ) સ્વસ્વરૂપમાં જ સ્થિત હોય છે. તેથી તેઓને સુખમાત્ર હોય છે. 'સ્વસ્વરૂપમાં સ્થિત થવું તેજ મોક્ષ છે.' એટલા માટે જ મુક્ત દશામાં જીવોને અશરીરી કહ્યા છે. આ પ્રમાણે ઉપર્યુક્ત આગમના અર્થનું સમર્થન કરવું જોઇએ. તેમ જ તે જ અર્થને પુષ્ટ કરવા વાળી સ્મૃતિ પણ કહે છે કે : 'જે અવસ્થામાં ઈંદ્રિયોથી અગોચર અને કેવલ બુદ્ધિથી ગ્રાહ્ય એવું આત્યન્તિક સુખ વિદ્યમાન હોય છે તે જ મોક્ષ કહેવાય છે.' અહિં સુખ શબ્દ છે તે દુઃખાભાવ રૂપ અર્થનો સૂચક નથી પરંતુ મુખ્યતયા સુખ અર્થને જ કહે છે. આ અર્થમાં કોઈપણ જાતનો બાધ નથી. જો સુખ શબ્દનો અર્થ દુઃખાભાવ થતો હોય તો 'આ રોગી રોગ રહિત થવાથી સુખી થયો.' ઇત્યાદિ વાકયોમાં સુખી શબ્દનો પ્રયોગ કરવામાં આવે છે, તેમાં પુનરુક્તિ(એના એ શબ્દને ફરીથી કહેવો) દોષ આવશે; કેમ કે 'રોગાભાવથી સુખી થયો,' આ પ્રમાણે સંપૂર્ણ વાકય બોલવાની કંઇ જરૂર નથી; કારણ કે 'રોગાભાવ' આટલું જ કહેવાથી ચાલશે ! પછી સુખ શબ્દના પ્રયોગની કંઇ જરૂર નથી. પરંતુ લૌકિક વાકયોમાં પણ આ પ્રમાણે મુખ્યતયા સુખી શબ્દનો પ્રયોગ કરવામાં આવે છે. તેથી મુક્તાવસ્થામાં દુઃખાભાવ રૂપ સુખ નથી. પરંતુ 'સ્વસ્વરૂપમાં જ મગ્ન રહેવું' તે રૂપ અનિર્વચનીય સુખ છે.

(टीका) न च भवदुदीरितो मोक्षः पुंसामुपादेयतया संमतः । को हि नाम शिलाकल्पमपगतसकलसुखसंवेदनमात्मानमुपपादयितुं यतेत । दुःखसंवेदनरूपत्वादस्य सुखदुःखयोरेकस्याभावेऽपरस्यावश्यम्भावात् । अत एव त्वदुपहासः श्रूयते ।

"वरं वृन्दावने रम्ये क्रोष्टुत्वमभिवाञ्छितम् ।
न तु वैशेषिकीं मुक्तिं गौतमो गन्तुमिच्छति ॥"

(અનુવાદ)

વળી સંપૂર્ણ સુખથી રહિત એવો મોક્ષ બુદ્ધિશાળી પુરૂષોને ગ્રહણ કરવા યોગ્ય નથી. કેમ કે તદ્દન પત્થર સમાન અને સુખના અનુભવ વિનાનો આત્મા જે અવસ્થામાં હોય તેવી અવસ્થાને પ્રાપ્ત કરવા કોણ પ્રયત્ન કરે? અર્થાત્ સુખેચ્છુ એવો કોઇપણ જીવાત્મા વૈશેષિકોએ માનેલી મુક્તિની ઇચ્છા કદાપિ ન કરે ! તેમજ મોક્ષમાં જો સુખનો અભાવ હોય તો દુઃખ અવશ્ય હોવું જોઇએ. કારણ કે સુખ અને દુઃખ પરસ્પર વિરોધી હોઈને સુખના અભાવમાં દુઃખનો સદ્ભાવ અને દુઃખના અભાવમાં સુખનો સદ્ભાવ અવશ્ય હોય છે. તેથી સુખાભાવ સ્વરૂપ મોક્ષમાં દુઃખ અવશ્ય હોવું જોઇએ. તેમજ ગૌતમ ઋષિ ઉપહાસ કરતાં કહે છે : વૈશેષિકોએ માનેલી મુક્તિને પ્રાપ્ત કરવાની ઇચ્છા કરવા કરતાં મનોહર એવા વૃંદાવનમાં શિયાળ થવાની ઇચ્છા કરવી શ્રેષ્ઠ છે.

(टीका) सोपाधिकसावधिकपरिमितानन्दनिष्यन्दात् स्वर्गादप्यधिकं तद्विपरीतानन्दमम्लानज्ञानं च मोक्षमाचक्षते विचक्षणाः । यदि तु जडः पाषाणनिर्विशेष एव तस्यामवस्थायामात्मा भवेत्, तदलमपवर्गेण । संसार एव वरमस्तु । यत्र तावदन्तरान्तरापि दुःखकलुषितमपि कियदपि सुखमनुभुज्यते, चिन्त्यतां तावत् किमल्पसुखानुभवो भव्य उत सर्वसुखोच्छेद एव ।

(અનુવાદ)

તેમજ પંડિત પુરુષો ઉપાધિસહિત, મર્યાદાયુક્ત, અને પરિમિત આનંદનાં ઝરણાંરૂપ સ્વર્ગથી પણ અધિક અને તેનાથી વિપરીત નિરુપાધિક, અવધિ (મર્યાદા) રહિત, અને અપરિમિત આનંદ અને નિર્મલ જ્ઞાનસ્વરૂપ જ મોક્ષ કહે છે. વળી મોક્ષમાં પાષણની જેમ આત્મા જડ રૂપ રહેતો હોય તો એવા મોક્ષથી સર્યું ? તેના કરતાં સંસાર જ શ્રેષ્ઠ છે, કે જે સંસારમાં ભલે દુઃખ મિશ્રિત એવા પણ સુખનો અનુભવ થાય છે. આથી વિચારો કે અલ્પપણ સુખના સ્વાદરૂપ સંસાર સારો કે અત્યંત (સર્વથા) સુખના નાશસ્વરૂપ મોક્ષ સારો ?

(ટીકા) अथास्ति तथाभूते मोक्षे लाभातिरेकः प्रेक्षादक्षाणाम् । ते ह्येवं विवेचयन्ति । संसारे तावद् दुःखास्पृष्टं सुखं न सम्भवति, दुःखं चावश्यं हेयम्, विवेकहानं चानयोरेकभाजनपतितविषमधुनोरिव दुःशकयम्, अत एव द्वे अपि त्यज्येते । ततश्च संसाराद् मोक्षः श्रेयान् । यतोऽत्र दुःखं सर्वथा न स्यात् । वरमियती कादाचित्कसुखमात्रापि त्यक्ता, न तु तस्याः दुःखभार इयान् व्यूढ इति ॥

(અનુવાદ)

વૈશેષિક : સાંસારિક સુખની અપેક્ષાએ મોક્ષમાં જરૂર અધિકતા છે. તેથી બુદ્ધિશાળી પુરૂષોને મોક્ષ ગ્રાહ્ય છે. કેમ કે સંસારમાં દુઃખથી રહિત એવા સુખનો સંભવ જ નથી. અને દુઃખ તો અવશ્ય ત્યાગ કરવા યોગ્ય છે. તેથી જેમ એક પાત્રમાં રહેલા વિષ અને મધનું પૃથક્કરણ(અલગ પાડવું) દુઃશક્ય હોવાથી વિષ અને મધ, ઉભયનો ત્યાગ કરવો જેમ યોગ્ય છે; તેમ સાંસારિક સુખ અને દુઃખ તે બન્નેનો ત્યાગ કરવો એજ શ્રેયસ્કર છે. માટે સંસારની અપેક્ષાએ મોક્ષ જ લાભદાયી છે. મોક્ષમાં દુઃખનો સર્વથા અભાવ છે, માટે પરિણામે ઘણા દુઃખથી યુક્ત એવા ક્ષણિક સુખનો ત્યાગ કરવો શ્રેષ્ઠ છે; અલ્પ સુખની ઇચ્છાથી ઘણા દુઃખનો ભાર વહન કરવો એ કોઈ રીતે હિતાવહ નથી.

(ટીકા) तदेतत्सत्यम् । सांसारिकसुखस्य मधुदिग्धधाराकरालमण्डलाग्रग्रासवद् दुःखरूपत्वादेव युक्तैव मुमुक्षूणां तज्जिहासा । किन्त्वात्यन्तिकसुखविशेषलिप्सूनामेव । इहापि विषयनिवृत्तिजं सुखमनुभवसिद्धमेव, तद् यदि मोक्षे विशिष्टं नास्ति, ततो मोक्षो दुःखरूप एवाद्यत इत्यर्थः । ये अपि विषमधुनी एकत्र सम्पृक्ते त्यज्येते, ते अपि सुखविशेषलिप्सयैव । किञ्च, यथा प्राणिनां संसारावस्थायां सुखमिष्टं दुःखं चानिष्टम्, तथा मोक्षावस्थायां दुःखनिवृत्तिरिष्टा, सुखनिवृत्तिस्त्वनिष्टैव । ततो यदि त्वदभिमतो मोक्षः स्यात्, तदा न प्रेक्षावतामत्र प्रवृत्तिः स्यात् । भवति चेयम् । ततः सिद्धो मोक्षः सुखसंवेदनस्वभावः प्रेक्षावत्प्रवृत्तेरन्यथानुपपत्तेः ॥

(અનુવાદ)

જૈન : તમારી એ વાત સાચી છે કે સાંસારિક સુખ એ મધથી લિપ્ત એવી અસિ (તલવાર)ની ધારાના આસ્વાદન (ચાટવા) રૂપ હોવાથી પરિણામે દુઃખદાયી છે,

તેથી મુમુક્ષુઓએ એવા પ્રકારનાં સુખનો ત્યાગ કરવાની ઇચ્છા કરવી એ વ્યાજબી છે; પરંતુ અવિનાશી સુખની ઇચ્છાવાળાઓ માટે જ સાંસારિક સુખ ત્યાજ્ય છે! કેમ કે સંસારમાં પણ વિષયની નિવૃત્તિથી ઉત્પન્ન થએલું સુખ અનુભવ સિદ્ધ છે. તેથી જો સંસારની અપેક્ષાએ મોક્ષમાં વિશિષ્ટ પ્રકારનું સુખ ના હોય તો મોક્ષ પણ દુઃખરૂપ જ થશે અને તેથી મોક્ષ માટેની પ્રવૃત્તિ પણ થઇ શકશે નહીં. તેમ જ એક પાત્રમાં રહેલા વિષ (ઝેર) અને મધનો ત્યાગ કરાય છે, તે પણ વિશેષ સુખની ઇચ્છાથી કરાય છે. વળી જેમ પ્રાણીઓને સાંસારિક અવસ્થામાં સુખ ઇષ્ટ અને દુઃખ અનિષ્ટ છે તેમ મોક્ષમાં પણ દુઃખની નિવૃત્તિ(અભાવ) ઇષ્ટ છે. અને સુખનો અભાવ અનિષ્ટ છે. આથી મોક્ષમાં જો જ્ઞાન અને આનંદનો અભાવ હોય તો તેવા પ્રકારના મોક્ષમાં બુદ્ધિમાનોની પ્રવૃત્તિ ન થવી જોઇએ. પરંતુ પ્રેક્ષાવાનોની પ્રવૃત્તિ તો મોક્ષમાં થતી દેખાય છે. તેથી સિદ્ધ થાય છે કે મોક્ષ એ જ્ઞાન અને સુખના સંવેદન રૂપ છે.

(ટીકા) अथ यदि सुखसंवेदनैकस्वभावो मोक्षः स्यात् तदा तद्रागेण प्रवर्तमानो मुमुक्षुर्न मोक्षमधिगच्छेत् । न हि रागिणां मोक्षोऽस्ति रागस्य बन्धनात्मकत्वात् । नैवम् । सांसारिकसुखमेव रागो बन्धनात्मकः विषयादिप्रवृत्तिहेतुत्वात् ॥ मोक्षसुखे तु रागः तन्निवृत्तिहेतुत्वाद् न बन्धनात्मकः । परां कोटिमारूढस्य च स्पृहामात्ररूपोऽप्यसौ निवर्तते "मोक्षे भवे च सर्वत्र निःस्पृहो मुनिसत्तमः" इति वचनात् । अन्यथा भवत्पक्षेऽपि दुःखनिवृत्त्यात्मकमोक्षाङ्गीकृतौ दुःखविषयं कषायकालुष्यं केन निषिध्येत । इति सिद्धं कृत्स्नकर्मक्षयात् परमसुखसंवेदनात्मको मोक्षो, न बुद्ध्यादिविशेषगुणोच्छेदरूप इति ॥

(અનુવાદ)

શંકા : જો જ્ઞાન અને સુખસ્વરૂપ મોક્ષ હોય તો મુક્તિમાં રાગભાવથી પ્રવર્તતા એવા મુમુક્ષુઓનો કયારે પણ મોક્ષ થઈ શકશે નહીં. કેમકે રાગ એ બંધન સ્વરૂપ હોવાથી રાગી પુરૂષોને મોક્ષની પ્રાપ્તિ થઈ શકતી નથી.

સમાધાન : એમ કહેવું એ ઠીક નથી, કેમકે સાંસારિક સુખનો રાગ એ વિષય પ્રવૃત્તિનું કારણ હોવાથી તે રાગ બંધનસ્વરૂપ છે; પરંતુ મોક્ષના સુખ પ્રત્યેનો અનુરાગ તે વિષય પ્રવૃત્તિનું કારણ નહીં હોવાથી તે રાગ બંધન સ્વરૂપ નથી. તેમજ પરાકાષ્ઠાએ પહોંચેલા પરમર્ષિઓને તો મોક્ષની સ્પૃહા માત્ર પણ હોતી નથી, કહ્યું છે કે: 'ઉત્તમ મુનિ મોક્ષ અને સંસાર, ઉભય અવસ્થામાં નિઃસ્પૃહ હોય છે.' જો આવા પ્રકારના મોક્ષના રાગને પણ બંધનસ્વરૂપ કહેતા હોય તો તમે સ્વીકારેલ દુઃખાભાવ રૂપ મોક્ષને પ્રાપ્ત કરવા માટે મુમુક્ષુઓનો દુઃખ પ્રત્યેનો અણગમો કોનાથી નિવારી શકાશે? અર્થાત્ મુમુક્ષુઓ દુઃખની નિવૃત્તિને માટે જ પ્રયત્ન કરનારા હોય છે. તેથી તેઓનો પણ કદાપિ મોક્ષ થશે નહીં. આથી સિદ્ધ થાય છે કે સંપૂર્ણ કર્મના ક્ષયથી ઉત્પન્ન થયેલો પરમ સુખ અને જ્ઞાન સ્વરૂપ મોક્ષ જ યુક્તિયુક્ત છે. પરંતુ બુદ્ધિ આદિ વિશેષ ગુણોના ઉચ્છેદ સ્વરૂપ મોક્ષ નથી.

(टीका) अपि च भोस्तपस्विन्, कथञ्चिदेषामुच्छेदोऽस्माकमप्यभिमत एवेति मा विरूपं मनः कृथाः । तथाहि । बुद्धिशब्देन ज्ञानमुच्यते । तच्च मति-श्रुतावधिमनःपर्यायकेवलभेदात् पञ्चधा । तत्राद्यं ज्ञानचतुष्टयं क्षायोपशमिकत्वात् केवलज्ञानाविर्भावकाल एव प्रलीनम् । "नट्ठंमि य छाउमत्थिए नाणे" इत्यागमात् । केवलं तु सर्वद्रव्यपर्यायगतं क्षायिकत्वेन निष्कलङ्कात्मस्वरूपत्वाद् अस्त्येव मोक्षावस्थायाम्, सुखं तु वैषयिकं तत्र नास्ति । तद्धेतोर्वेदनीयकर्मणोऽभावात् । यत्तु निरतिशयक्षयमनपेक्षमनन्तं च सुखं तद् बाढं विद्यते । दुखस्य चाधर्ममूलत्वात् तदुच्छेदादुच्छेदः ॥

(अनुवाद)

હે તપસ્વી, આપ નિરાશ ન થાઓ, કેમકે મોક્ષમાં બુદ્ધિ આદિ ગુણોનો કથંચિત્ ઉચ્છેદ તો અમો પણ માનીએ છીએ. તે આ પ્રમાણે : બુદ્ધિ એટલે જ્ઞાન, તે જ્ઞાન મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યાય અને કેવલ એમ પાંચ પ્રકારે છે. તેમાં મતિ શ્રુત, અવધિ અને મનઃપર્યાય એ ચાર જ્ઞાન તે ક્ષાયોપશમિકભાવનાં હોય છે. કેમકે તે જ્ઞાનાવરણીય કર્મના કંઈક ક્ષય અને ઉપશમથી જન્ય છે. તેથી તે ક્ષાયોપશમિક જ્ઞાનો કેવલજ્ઞાનની ઉત્પત્તિ સમયે નષ્ટ થઇ જાય છે. કહ્યું પણ છે કે: છાદ્મસ્થિક જ્ઞાન નષ્ટ થએ છતે કેવલજ્ઞાન ઉત્પન્ન થાય છે.' (જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, મોહનીય આયુ, નામ, ગોત્ર અને અંતરાય તે રૂપ આઠે કર્મો જેને વિદ્યમાન હોય તે છદ્મસ્થ કહેવાય છે. અને જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી ઉત્પન્ન થયેલા જ્ઞાનને છાદ્મસ્થિક જ્ઞાન કહે છે. અને જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય, તે રૂપ ઘાતી કર્મના સંપૂર્ણ ક્ષયથી ઉત્પન્ન થએલું જ્ઞાન તે ક્ષાયિકભાવનું હોવાથી તે કેવલ જ્ઞાન કહેવાય છે.) અને તે કેવલજ્ઞાન સર્વ પ્રકારના દ્રવ્ય અને પર્યાયને જાણવાવાળું હોય છે, તેવા પ્રકારનું નિર્મલ કેવળ જ્ઞાન જ મોક્ષ અવસ્થામાં હોય છે. મોક્ષાવસ્થામાં વૈષયિક સુખનો સંભવ જ હોતો નથી, કેમકે વૈષયિક સુખના કારણરૂપ વેદનીય કર્મનો ત્યાં અભાવ હોય છે. આઠે કર્મના સંપૂર્ણ ક્ષયથી ઉત્પન્ન થયેલું નિરતિશય, અક્ષય, અનપેક્ષ અને અનંત સુખ જ મોક્ષમાં વિદ્યમાન છે, જેથી દુઃખનું કારણ અધર્મ, અને તે અધર્મનો સમૂલ નાશ થવાથી મોક્ષમાં દુઃખનો લેશ માત્ર પણ નથી.

(टीका) नन्वेवं सुखस्यापि धर्ममूलत्वाद् धर्मस्य चोच्छेदात् तदपि न युज्यते । "पुण्यपापक्षयो मोक्षः" इत्यागमवचनात् । नैवम् । वैषयिकसुखस्यैव धर्ममूलत्वात् भवतु तदुच्छेदः न पुनरनपेक्षस्यापि सुखस्योच्छेदः । इच्छाद्वेषयोः पुनर्मोहभेदत्वात् तस्य च समूलकाषं कषितत्वादभावः । प्रयत्नश्च क्रियाव्यापारगोचरो नास्त्येव, कृतकृत्यत्वात् । वीर्यान्तरायक्षयोपनतस्त्वस्त्येव प्रयत्नः, दानादिलब्धिवत् । न च क्वचिदुपयुज्यते, कृतार्थत्वात् । धर्माधर्मयोस्तु पुण्यपापरपर्यायोरुच्छेदोऽस्त्येव । तदभावे मोक्षस्यैवायोगात् । संस्कारश्च मतिज्ञानविशेष एव । तस्य च

मोहक्षयानन्तरम् एव क्षीणत्वाद्भाव इति । तदेवं न संविदानन्दमयी च मुक्तिरिति युक्तिरिक्तेयमुक्तिः । इति काव्यार्थः ॥८॥

(અનુવાદ)

શંકા–દુઃખનું કારણ અધર્મ છે અને તે અધર્મના નાશથી મોક્ષ અવસ્થામાં જેમ દુઃખનો અભાવ છે, તેમ સુખનું કારણ ધર્મ છે તો તે ધર્મના નાશથી સુખનો પણ નાશ થવો જોઇએ ને? વળી કહ્યું પણ છે કે 'પુણ્ય પાપના ક્ષયથી મોક્ષની પ્રાપ્તિ થાય છે.'

સમાધાન એમ કહેવું ઠીક નથી. કેમકે વૈષયિક (વિષય સંબંધી) સુખનું કારણ ધર્મ છે તો તે ધર્મના નાશથી વૈષયિક સુખનો નાશ ભલે થાઓ, પરંતુ તેથી કંઈ મોક્ષના સુખનો નાશ થતો નથી. કારણ કે મોક્ષમાં વૈષયિક સુખ હોતું નથી. પરંતુ મોક્ષ તો નિરપેક્ષસુખ જ હોય છે. વળી ઈચ્છા અને દ્વેષ, મોહનીય કર્મના ભેદ છે અને મુક્તાત્માઓને તો મોહનો મૂલમાંથી જ નાશ હોય છે, તેથી તેઓને ઈચ્છા અને દ્વેષ પણ હોઇ શકતા નથી. તેમજ મુક્તાત્માઓને કોઈપણ જાતનો પ્રયત્ન પણ હોઈ શકતો નથી; કેમકે તેઓ કૃતકૃત્ય હોય છે. પરંતુ વીર્યાન્તરાય (જે કર્મના ઉદયથી બલવાન અને રોગ રહિત એવા યુવાન પુરુષ વડે એકતૃણના પણ ટુકડા થઇ શકે નહી તેવા પ્રકારનાં) કર્મના ક્ષયથી ઉપન્ન થયેલ દાન, લાભ, ભોગ, ઉપભોગ અને વીર્ય તે પાંચ પ્રકારની લબ્ધિરૂપ પ્રયત્ન તો હોય છે, પરંતુ મુક્તાત્માઓ કૃતકૃત્ય હોવાને કારણે તે લબ્ધિઓને ઉપયોગ તેઓને હોઈ શકતો નથી. તેમજ મોક્ષમાં ધર્મ-અધર્મ અર્થાત્ પુણ્ય અને પાપ પણ હોતા નથી, કેમકે ધર્મ અને અધર્મ (પુણ્ય અને પાપ) ના સદ્ભાવમાં મોક્ષ થઇ શકતો નથી.

સંસ્કાર એ મતિજ્ઞાનનો ભેદ છે, મોહનીય કર્મનો ક્ષય થયા બાદ તેનો પણ ક્ષય થઇ જાય છે. આથી 'જ્ઞાન અને સુખસ્વરૂપ મોક્ષ નથી.' તેમ કહેવું યુક્તિયુક્ત નથી, પરંતુ 'જ્ઞાન અને આનંદ સ્વરૂપ જ મુક્તિ છે' તે જ યુક્તિયુક્ત છે. આ પ્રમાણે આઠમા શ્લોકનો અર્થ જાણવો.

卐

अवतरण

अथ ते वादिनः कायप्रमाणत्वमात्मनः स्वयं संवेद्यमानमपलप्य, तादृशकुशास्त्रशस्त्रसंपर्कविनष्टदृष्टयस्तस्य विभुत्वं मन्यन्ते । अतस्तत्रोपालम्भमाह--

હવે આત્માનું શરીર પ્રમાણ અનુભવ સિદ્ધ હોવા છતાં પણ તેનો અપલાપ કરીને કુશાસ્ત્રરૂપી શસ્ત્રના સંપર્કથી નષ્ટ થયેલી દૃષ્ટિવાળા વૈશેષિકો આત્માનું સર્વવ્યાપીપણું માને છે, તેનું ખંડન કરતાં કહે છે :—

मूल--यत्रैव यो दृष्टगुणः स तत्र कुम्भादिवद् निष्प्रतिपक्षमेतत् ।
तथापि देहाद् बहिरात्मतत्त्वमतत्त्ववादोपहताः पठन्ति ।९॥

શબ્દાર્થ : જે સ્થાનમાં પદાર્થના ગુણો દેખાય છે તેજ સ્થાનમાં પદાર્થ પણ રહે છે, જેમ ઘટાદિના રૂપાદિ ગુણો જે સ્થાનમાં હોય છે તેજ સ્થાનમાં ઘટ પણ પ્રતીત થાય છે, તેવીજ રીતે આત્માના જ્ઞાનાદિ ગુણો શરીરમાં દેખાય છે માટે આત્મા પણ શરીરમાં જ હોય છે, આથી આત્માનું શરીર-પ્રમાણ નિર્વિવાદ સિદ્ધ થવા છતાં પણ અસત્ય તત્ત્વથી ભ્રાન્ત થયેલા કુવાદીઓ આત્માને શરીરથી બહાર (સર્વ વ્યાપી) માને છે.

(टीका) यत्रैव–देशे, यः पदार्थः दृष्टगुणो, दृष्टाः–प्रत्यक्षादिप्रमाणतोऽनुभूताः गुणा धर्मा यस्य स तथा, स पदार्थः, तत्रैव–विवक्षितदेश एव । उपपद्यते इति क्रियाध्याहारो गम्यः । पूर्वस्यैवकारस्यावधारणार्थस्यात्राप्यभिसम्बन्धात् तत्रैव नान्यत्रेत्यन्ययोगव्यवच्छेदः । अमुमेवार्थं दृष्टान्तेन द्रढयति । कुम्भादिवदिति–घटादिवत् । यथा कुम्भादेर्यत्रैव देशे रूपादयो गुणा उपलभ्यन्ते, तत्रैव तस्यास्तित्वं प्रतीयते नान्यत्र । एवमात्मनोऽपि गुणाश्चैतन्यादयो देहे एव दृश्यन्ते न बहिः, तस्मात् तत्प्रमाण एवायमिति । यद्यपि पुष्पादीनामवस्थानदेशादन्यत्रापि गन्धादिगुण उपलभ्यते, तथापि तेन न व्यभिचारः । तदाश्रया हि गन्धादिपुद्गलाः तेषां च वैश्रसिक्या प्रायोगिक्या वा गत्या गतिमत्त्वेन तदुपलम्भकघ्राणादिदेशं यावदागमनोपपत्तेरिति । अत एवाह । निष्प्रतिपक्षमेतदिति । एतद् निष्प्रतिपक्षं–बाधकरहितम् "न हि दृष्टेऽनुपपन्नं नाम" इति न्यायात् ॥

(અનુવાદ)

જે દેશમાં પ્રત્યક્ષાદિ પ્રમાણથી ગુણો અનુભવમાં આવે છે, તે જ દેશમાં પદાર્થ હોય છે. પરંતુ અન્ય દેશમાં હોતા નથી. અહિં 'उपपद्यते' એ ક્રિયાપદ અધ્યાહારથી ગમ્ય છે, અને 'यत्रैव' તેમાં જે એવકાર છે તે નિશ્ચય અર્થમાં છે. તેનો સંબંધ 'तत्रैव' સાથે હોવાથી અન્ય દેશનો વ્યવચ્છેદ (નિષેધ) કરે છે. તેમજ આ જ અર્થને દૃષ્ટાંતથી સમર્થન કરતાં કહે છે કે જેમ ઘટાદિના રૂપાદિ ગુણો, જે સ્થળમાં પ્રતીત હોય છે તે જ સ્થળમાં ઘટાદિ પદાર્થો હોય છે, પરંતુ સ્વ ગુણોથી અતિરિક્ત સ્થાનમાં ઘટાદિ પદાર્થો હોતા નથી. આ પ્રમાણે આત્માનાં ચૈતન્યાદિ ગુણો શરીરમાં જ ઉપલબ્ધ હોય છે, પરંતુ બહાર હોતા નથી; તેથી આત્મા પણ શરીરમાં જ હોય છે, પણ શરીરથી બહાર નથી, અર્થાત્ પોતાના ચૈતન્યાદિ ગુણોને છોડીને આત્મા ભિન્ન દેશમાં રહેતો નથી.

જો કે પુષ્પાદિ એક સ્થાનમાં રહેલાં હોવા છતાં પણ તેનો ગંધ ગુણ અન્યત્ર (અન્ય દેશમાં) ઉપલબ્ધ હોય છે (જણાય છે) તેથી દૃષ્ટ ગુણત્વ રૂપ હેતુમાં વ્યભિચાર નહીં આવે. કેમકે પુષ્પાદિમાં રહેલાં ગંધાદિનાં પુદ્ગલો સ્વભાવથી અથવા તો વાયુ વગેરેની પ્રેરણાથી ગમનશીલ હોવાને કારણે નાસિકા દેશ સુધી આવે છે માટે ઉક્ત કથન બાધા રહિત છે. કેમકે પ્રત્યક્ષ પ્રમાણથી જોયેલો વસ્તુમાં અસિદ્ધિની સંભાવના હોતી નથી.

(टीका) ननु मन्त्रादीनां भिन्नदेशस्थानामप्याकर्षणोच्चाटनादिको गुणो योजनशतादेः परतोऽपि दृश्यत इत्यस्ति बाधकमिति चेत् । मैवं वोचः । स हि न खलु मन्त्रादीनां गुणः, किन्तु तदधिष्ठातृदेवतानाम् । तासां चाकर्षणीयोच्चाटनीयादिदेशगमने कौतस्कुतोऽयमुपालम्भः । न जातु गुणा गुणिनमतिरिच्य वर्तन्त इति । अथोत्तरार्द्धं व्याख्यायते । तथापीत्यादि । तथापि—एवं निःसपत्नं व्यवस्थितेऽपि तत्त्वे । अतत्त्ववादोपहताः । अनाचार इत्यत्रैव नञः कुत्सार्थत्वात् । कुत्सिततत्त्ववादेन तदभिमताप्तभासपुरुषविशेषप्रणीतेन तत्त्वाभासप्ररूपणेनोपहताः—व्यामोहिताः । देहाद् बहिःशरीरव्यतिरिक्तेऽपि देशे, आत्मतत्त्वम्—आत्मरूपम्, पठन्ति शास्त्ररूपतया प्रणयन्ते । इत्यक्षरार्थः ॥

(અનુવાદ)

શંકા—મંત્ર આદિ ભિન્ન દેશમાં રહેલા હોવા છતાં પણ સેંકડો યોજન દૂર તેનાં આકર્ષણ, ઉચ્ચાટન આદિ ગુણો દેખાય છે, તેથી જ્યાં ગુણો હોય છે ત્યાં જ પદાર્થ હોય તેવું આપનું કથન બાધાવાળું છે,

સમાધાન—એમ કહેવું તે ઠીક નથી. કેમ કે આકર્ષણ, ઉચ્ચાટન આદિ ગુણો તે મંત્રના નથી પરંતુ મંત્રના અધિષ્ઠાતા દેવોના છે. તે અધિષ્ઠાતા દેવો સ્વયં આકર્ષણ, ઉચ્ચાટન આદિ ગુણોથી પ્રભાવિત સ્થાનમાં જાય છે માટે પૂર્વોક્ત ઉપાલંભ ઠીક નથી, કેમ કે ક્યારે પણ ગુણો ગુણી દેશને છોડીને અન્ય દેશમાં રહેતા નથી.

હવે ઉત્તરાર્ધની વ્યાખ્યા કરતાં કહે છે કે આ પ્રકારે અમારા સિદ્ધાંતની નિર્વિવાદપણે સિદ્ધિ થવા છતાં પણ તેઓ અભિમત આપ્તાભાસ (આપ્ત નહીં પણ આપ્ત જેવા) પુરુષ વિશેષ દ્વારા પ્રણીત તત્ત્વાભાસ વડે વ્યામોહિત(ભ્રાન્ત) થયેલા વૈશેષિક લોકો શરીરથી બહાર ભિન્ન દેશમાં પણ આત્મ તત્ત્વને સ્વીકારે છે, અર્થાત્ આત્માને સર્વવ્યાપી માને છે. (અનાચાર શબ્દમાં જેમ નञ् સમાસ કુત્સિત અર્થમાં છે. તેમ અહીં પણ અતત્ત્વવાદમાં नञ् સમાસ કુત્સિત અર્થમાં છે.)

(ટીકા) भावार्थस्त्वयम् । आत्मा सर्वगतो न भवति, सर्वत्र तद्गुणानुपलब्धेः । यो यः सर्वत्रानुपलभ्यमानगुणः स स सर्वगतो न भवति, यथा घटः । तथा चायम् । तस्मात् तथा । व्यतिरेके व्योमादि । न चायमसिद्धो हेतुः, कायव्यतिरिक्तदेशे तद्गुणानां बुद्ध्यादीनां वादिना प्रतिवादिना वाऽनभ्युपगमात् । तथा च भट्टः श्रीधरः–"सर्वगतत्वेऽप्यात्मनो देहप्रदेशे ज्ञातृत्वम् । नान्यत्र । शरीरस्योपभोगायतनत्वात् । अन्यथा तस्य वैयर्थ्यादिति" ॥

(અનુવાદ)

ભાવાર્થ આ પ્રમાણે છે: આત્મા સર્વવ્યાપી નથી. કેમકે આત્માના ગુણોની સર્વ ઠેકાણે ઉપલબ્ધિ નથી. જે પદાર્થના ગુણો સર્વત્ર દેખાતા નથી તે પદાર્થ સર્વ વ્યાપક હોતો નથી. જેમ ઘટના રૂપાદિ ગુણો સર્વત્ર દેખાતા નથી માટે ઘટ જેમ સર્વ વ્યાપી નથી, તેમ આત્માના ચૈતન્યાદિ ગુણો સર્વત્ર દેખાતા નથી માટે આત્મા પણ સર્વવ્યાપી નથી. (આ વ્યતિરેકવ્યાપ્તિ છે.) જો આત્મા સર્વવ્યાપી હોય તો તેના જ્ઞાનાદિ ગુણો પણ સર્વવ્યાપક હોવા જોઈએ. જેમ આકાશ સર્વવ્યાપક હોવાથી તેના ગુણો પણ સર્વવ્યાપક છે. માટે આત્મા સર્વવ્યાપી નહીં હોવાથી આત્માના જ્ઞાનાદિ ગુણો પણ સર્વવ્યાપક નથી. પ્રસ્તુત અનુમાનમાં 'સર્વત્ર ગુણોની અનુપલબ્ધિ' હેતુ અસિદ્ધ નથી, કેમકે વાદી (જૈન) અને પ્રતિવાદી (વૈશેષિકાદિ) આત્માના જ્ઞાનાદિ ગુણો શરીરને છોડી અન્યત્ર સ્વીકારતા નથી. તેમજ શ્રીધર ભટ્ટે એ પણ કહ્યું છે કે

'આત્માનું સર્વવ્યાપકપણું હોવા છતાં પણ આત્મા શરીરદેશમાં રહીને જ પદાર્થોને જાણે છે. પરંતુ શરીરથી બહાર રહીને નહીં. કેમ કે શરીર એ ઉપભોગનું સાધન છે. જો શરીર ઉપભોગનું સાધન ના હોય તો તે વ્યર્થ થઈ જશે.' આ ભટ્ટના કથનને અનુસારે પણ આત્માના જ્ઞાનાદિ ગુણો શરીરથી બહાર હોઈ શકતા નથી, માટે ઉક્ત હેતુ અસિદ્ધ નથી.

(ટીકા) अथास्त्यदृष्टमात्मनो विशेषगुणः । तच्च सर्वोत्पत्तिमतां निमित्तं सर्वव्यापकं च ? कथमितरथा द्वीपान्तरादिष्वपि प्रतिनियतदेशवर्तिपुरुषोपभोग्यानि कनकरत्नचन्दनाङ्गनादीनि तेनोत्पाद्यन्ते । गुणश्च गुणिनं विहाय न वर्तते । अतोऽनुमीयते सर्वगत आत्मेति । नैवम् । अदृष्टस्य सर्वगतत्वसाधने प्रमाणाभावात् । अथास्त्येव प्रमाणं वह्नेरूर्ध्वज्वलनं, वायोस्तिर्यक्पवनं चादृष्टकारितमिति चेत् । न । तयोस्तत्स्वभावत्वादेव तत्सिद्धेः, दहनस्य दहनशक्तिवत् । साप्यदृष्टकारिता चेत्,

तर्हि जगत्त्रयवैचित्रीसूत्रणेऽपि तदेव सूत्रधारायतां, किमीश्वरकल्पनया । तन्नायमसिद्धो हेतुः । न चानैकान्तिकः । साध्यसाधनयोर्व्याप्तिग्रहणेन व्यभिचाराभावात् । नापि विरुद्धः । अत्यन्तं विपक्षव्यावृत्तत्वात् । आत्मगुणाश्च बुद्ध्यादयः शरीर एवोपलभ्यन्ते, ततो गुणिनापि तत्रैव भाव्यम् । इति सिद्धः कायप्रमाण आत्मा ॥

(અનુવાદ)

શંકા– આત્માનો અદૃષ્ટ (ભાગ્ય) નામનો એક વિશેષ ગુણ છે અને તે અદૃષ્ટ ગુણ ઉત્પત્તિમાન સર્વ પદાર્થનું નિમિત્ત કારણ છે. તેમજ તે સર્વ વ્યાપક છે. જો તે અદૃષ્ટ સર્વવ્યાપક ના હોય તો અમુક સ્થાનમાં રહેલો પુરુષ, અન્ય દ્વીપમાં રહેલી સુવર્ણ, ચંદન અને સ્ત્રી આદિ ઉપભોગ્ય વસ્તુને સંપાદન કઈ રીતે કરી શકે ? માટે ગુણ, ગુણીને છોડીને અન્યત્ર નહીં રહેતો હોવાથી, સિદ્ધ થાય છે કે આત્માનું પણ સર્વવ્યાપક પણું છે.

સમાધાન : આત્માનો ગુણ અદૃષ્ટ સર્વવ્યાપક છે; તેમાં કોઈ પ્રમાણ નથી. એમ ના કહેશો કે અગ્નિનું ઊર્ધ્વગમન, વાયુનું તિર્યગ્ વહન વગેરેમાં અદૃષ્ટ કારણ છે ! તેથી તેની સિદ્ધિ કરનાર પ્રમાણ અવશ્ય છે. કેમકે અગ્નિનું ઊર્ધ્વગમન અને વાયુનું તિચ્છું વહન વગેરે અદૃષ્ટના બળથી જ થાય છે, તેમ નથી. કારણ કે અગ્નિમાં જેમ દહન શક્તિ સ્વાભાવિક છે તેમ અગ્નિની ઊર્ધ્વગતિ, અને વાયુની તિર્ચ્છી ગતિ પણ સ્વાભાવિક જ છે, અદૃષ્ટના બળે નહીં. એમ ના કહેશો કે અગ્નિમાં જે દાહક શક્તિ છે તેમાં પણ અદૃષ્ટ જ કારણ છે. તો તો ત્રણે લોકની વિચિત્ર પ્રકારની રચનામાં અદૃષ્ટને જ કારણ માનોને ! ફોગટ જગત્કર્તા ઈશ્વરની કલ્પના કરવાની શી જરૂર ? આત્માના ગુણો સર્વત્ર ઉપલબ્ધ હોતા નથી, તે અમારો હેતુ અસિદ્ધ નથી, જે જે પદાર્થોના ગુણો સર્વવ્યાપી હોતા નથી, તે તે પદાર્થો પણ સર્વવ્યાપી હોતા નથી. આ વ્યાપ્તિ અસર્વગત એવા આત્મા રૂપ સાધ્યની સાથે સંબદ્ધ હોવાથી અનૈકાન્તિક પણ નથી. વળી સર્વત્ર ગુણોની અનુપલબ્ધિ રૂપ હેતુ સર્વગત રૂપ વિપક્ષમાં નહીં રહેવાથી, વિરુદ્ધ પણ નથી. તેથી આત્માના જ્ઞાનાદિગુણો શરીરને વિષે દેખાતા હોવાથી ગુણી (આત્મા) પણ શરીરમાં જ હોય છે. તેથી સિદ્ધ થાય છે કે આત્મા શરીરપ્રમાણ છે, અર્થાત્ શરીર જેવડો આત્મા છે.

(ટીકા) अन्यच्च त्वयात्मनां बहुत्वमिष्यते "नानात्मानो व्यवस्थातः" इति वचनात्, ते च व्यापकाः । ततस्तेषां प्रदीपप्रभामण्डलानामिव परस्परानुवेधे तदाश्रितशुभाशुभकर्मणामपि परस्परं सङ्करः स्यात् । तथा चैकस्य शुभकर्मणा अन्यः सुखी भवेद्, इतरस्याशुभकर्मणा चान्यो दुःखीत्यसमञ्जसमापद्यते । अन्यच्च, एकस्यैवात्मनः स्वोपात्तशुभकर्मविपाकेन सुखित्वं, परोपार्जिताशुभकर्मविपाकसम्बन्धेन च दुःखित्वमिति युगपत्सुखदुःखसंवेदनप्रसङ्गः । अथ स्वावष्टब्धं भोगायतनमाश्रित्यैव शुभाशुभयोर्भोगः, तर्हि स्वोपार्जितमप्यदृष्टं कथं भोगायतनाद् बहिर्निष्क्रम्य वह्नेरूर्ध्वज्वलनादिकं करोति इति चिन्त्यमेतत् ॥

(અનુવાદ)

તેમજ વૈશેષિકો પ્રત્યેક શરીરમાં આત્માનું ભિન્ન ભિન્ન પણું અને સર્વવ્યાપકપણું સ્વીકારે છે. ભિન્ન ભિન્ન આત્માઓ ઘણા હોવાથી અને પ્રત્યેક આત્માઓ વ્યાપક હોવાથી, દીપકોની પ્રભાઓનું જેમ સંમિશ્રણ થાય છે, તેમ પ્રત્યેક આત્માઓનું પણ મિશ્રણ થશે ? અને તેથી પ્રત્યેક આત્મામાં રહેલાં શુભાશુભ કર્મોનું સંક્રમણ થશે ! આથી એક આત્માનાં શુભકર્મ વડે અન્ય આત્મા સુખી થશે અને અન્ય આત્માનાં અશુભકર્મ વડે અન્ય દુઃખી થશે ! વળી સ્વયં ઉપાર્જન કરેલા શુભકર્મના ઉદયથી સુખીપણું અને પર આત્માએ ઉપાર્જન કરેલા અશુભ કર્મ વડે દુઃખીપણું થવાથી એકીસાથે એક જ આત્મામાં સુખદુઃખનું સંવેદન થશે ! એમ ના કહેશો કે પોતાના શરીરમાં આશ્રિત થઈને આત્મા, સ્વયં ઉપાર્જન કરેલા શુભાશુભકર્મોનાં ફલનો ઉપભોગ કરે છે ! કેમ કે સ્વયં ઉપાર્જન કરેલ અદૃષ્ટ (શુભાશુભકર્મ) શરીરથી બહાર નિકળીને, અગ્નિનું ઉંચે જવું વગેરે કાર્યો કરી શકશે નહીં. કેમ કે શરીરમાં રહીને જ આત્મા સુખદુઃખનું સંવેદન કરે છે, આ પ્રમાણે આપ સ્વીકારો છો, તેથી જ અગ્નિનું ઉંચે જવું વગેરે કાર્યો અદૃષ્ટ, શરીર પ્રદેશથી બહાર નીકળીને, કરી શકશે નહીં. પરંતુ અદૃષ્ટ એ આત્માનો ગુણ હોવાથી શરીરમાં રહીને જ આત્માને પ્રિય વસ્તુનું સંપાદન કરશે.

आत्मनां च सर्वगतत्वे एकैकस्य सृष्टिकर्तृत्वप्रसङ्गः । सर्वगतत्वेनेश्वरान्तरनुप्रवेशस्य सम्भावनीयत्वात् । ईश्वरस्य वा तदनन्तरनुप्रवेशे तस्याप्यकर्तृत्वापत्तिः । न हि क्षीरनीरयोरन्योन्यसम्बन्धे, एकतरस्य पानादिक्रिया अन्यतरस्य न भवतीति युक्तं वक्तुम् । किञ्च, आत्मनः सर्वगतत्वे नरनारकादिपर्यायाणां युगपदनुभवानुषङ्गः । अथ भोगायतनाभ्युपगमाद् नायं दोष इति चेत्, ननु स भोगायतनं सर्वात्मना अवष्टभ्नीयाद् एकदेशेन वा ? सर्वात्मना चेद्, अस्मदभिमताङ्गीकारः । एकदेशेन चेत्, सावयवत्वप्रसङ्गः । परिपूर्णभोगाभावश्च ॥

(અનુવાદ)

તેમ જ આત્માનું સર્વવ્યાપકપણું માનવાથી પ્રત્યેક આત્મા જગતનો સ્રષ્ટા (કર્તા) થશે, કેમ કે પ્રત્યેક આત્માઓનું સર્વવ્યાપકપણું અને ઈશ્વરનું પણ સર્વવ્યાપકપણું હોવાથી પરસ્પર સંમિશ્રણ થવાથી કાં તો ઈશ્વરનું કર્તાપણું પ્રત્યેક આત્મામાં આવશે. અથવા તો સર્વવ્યાપી એવા નાના આત્માઓનું જગતનું અકર્તાપણું ઈશ્વરમાં આવશે ! જેમ દૂધ અને પાણીનું પરસ્પર સંમિશ્રણ થવાથી દૂધ-પાણીનું અલગ થવું દુઃશક્ય છે, તેમ પ્રત્યેક સર્વવ્યાપી આત્માઓથી ઈશ્વરનું અલગ થવું દુઃશક્ય હોઈને પરસ્પર કર્તૃત્વ અકર્તૃત્વરૂપ આપત્તિ આવશે, વળી આત્માનું સર્વવ્યાપીપણું માનવાથી એકીસાથે એક જ આત્માને નર-નારકાદિ પર્યાયોનો અનુભવ થશે, જો કહેશો કે 'આત્મા શરીરમાં રહીને જ શુભાશુભ કર્મનો ભોગવટો કરે છે, તેથી ઉક્ત દોષોનો અવકાશ નથી,' આપનું આ કથન પણ બરાબર નથી, કેમકે અહીં પ્રશ્ન થાય છે કે આત્મા શરીરમાં સંપૂર્ણરૂપે વ્યાપ્ત થઈને શુભાશુભ કર્મના વિપાકને અનુભવે છે ? કે એક દેશથી વ્યાપ્ત થઈને ?

એમ ના કહેશો કે આત્મા શરીરમાં સંપૂર્ણરૂપે વ્યાપ્ત થઈને કર્મના ફલનો અનુભવ કરે છે. એમ કહેવામાં આવે તો અમારા પક્ષનો સ્વીકાર કર્યો કહેવાશે ! કેમ કે અમે પણ આત્માને શરીરમાં સંપૂર્ણરૂપે વ્યાપ્ત માનીએ છીએ, એમ ના કહેશો કે આત્મા શરીરમાં એક દેશથી વ્યાપ્ત થઇને કર્મનાં ફલનો ઉપભોગ કરે છે. એમ માનવામાં આત્માનું સાવયવપણું માનવું પડશે, આત્મા અવયવસહિત થવાથી પરિપૂર્ણરૂપે શરીરમાં ભોગનો અભાવ થશે, અર્થાત્ શરીરના જે અવયવમાં આત્મા વ્યાપ્ત હોય તેજ અવયવમાં ભોગનું સંવેદન થાય! પરંતુ સંપૂર્ણ શરીરમાં ભોગનો અનુભવ ન થાય.

(टीका) अथात्मनो व्यापकत्वाभावे दिग्देशान्तरवर्तिपरमाणुभिर्युगपत्संयोगाभावाद् आद्यकर्माभावः, तदभावाद् अन्त्यसंयोगस्य, तन्निर्मितशरीरस्य, तेन तत्सम्बन्धस्य चाभावाद् अनुपायसिद्धः सर्वदा सर्वेषां मोक्षः स्यात् । नैवम् । यद् येन संयुक्तं तदेव तं प्रत्युपसर्पतीति नियमासम्भवात् । अयस्कान्तं प्रति अयसस्तेनासंयुक्तस्याप्याकर्षणोपलब्धेः । अथासंयुक्तस्याप्याकर्षणे तच्छरीरारम्भं प्रत्येकमुखीभूतानां त्रिभुवनोदरविवरवर्तिषरमाणूनामुपसर्पणप्रसङ्गाद् न जाने तच्छरीरं कियत्प्रमाणं स्याद् इति चेत्, संयुक्तस्याप्याकर्षणे कथं स एव दोषो न भवेत् । आत्मनो व्यापकत्वेन सकलपरमाणूनां तेन संयोगात् । अथ तद्भावाविशेषेऽप्यदृष्टवशाद् विवक्षितशरीरोत्पादनानुगुणा नियता एव परमाणव उपसर्पन्ति । तदितरत्रापि तुल्यम् ।

(અનુવાદ)

શંકા :-જો આત્માનું સર્વવ્યાપકપણું ના હોય તો ભિન્ન દેશમાં રહેલા પરમાણુઓનો એકીસાથે સંયોગનો અભાવ થવાથી આદ્યક્રિયાનો અભાવ થશે અને આદ્યક્રિયાનો અભાવ થવાથી અંત્ય સંયોગનો અભાવ થશે. અન્ત્ય સંયોગનો અભાવ થવાથી તેના દ્વારા નિર્મિત શરીરનો પણ અભાવ થશે. શરીરનો અભાવ થવાથી પ્રત્યેક જીવોનો હંમેશા વિના પ્રયત્ને મોક્ષ થશે ! તાત્પર્ય એ છે કે વૈશેષિકો અદૃષ્ટથી યુક્ત એવા આત્માના સંયોગથી પરમાણુમાં ક્રિયા માને છે, અને પરમાણુમાં ક્રિયા થવાથી એક પરમાણુ એક આકાશ પ્રદેશને છોડીને બીજાઆકાશ પ્રદેશ સાથે સંયુક્ત થાય છે. એ પ્રમાણે આકાશ પ્રદેશમાં એકઠા થયેલા પરમાણુઓથી દ્વયણુક-ત્રયણુક આદિ કાર્ય ઉત્પન્ન થાય છે, અને તે દ્વયણુક-ત્રયણુક આદિ અવયવોના સંયોગથી શરીર બને છે. આથી જો આત્મા સર્વવ્યાપક ના હોય તો તે બધા પરમાણુઓ સાથે આત્માનો સંયોગ નહીં થવાથી આકાશ પ્રદેશો સાથે તેનો સંયોગ વિભાગ બની શકશે નહીં. તેથી દ્વયણુક ત્રયણુકઆદિ અવયવોના સંયોગથી જે શરીર બને છે તે બનશે નહીં, કેમકે દ્વયણુક-ત્રયણુક આદિના અન્ત્ય સંયોગનો અભાવ થવાથી શરીરનો પણ અભાવ થશે. અને શરીરનો અભાવ થવાથી અવશ્ય પ્રત્યેક જીવનો અનાયાસે મોક્ષ થવો જોઇએ; કેમકે શરીર એજ સંસારનું કારણ છે.

સમાધાન : આપનું કથન ઠીક નથી. કેમકે એવો કોઈ નિયમ નથી. કે, જે જેની સાથે સંયુક્ત હોય છે તે તેના પ્રત્યે આકર્ષિત હોય છે. કારણ કે લોહચુંબક લોહની સાથે અસંયુક્ત હોવા છતાં પણ લોહનું આકર્ષણ કરે છે. એટલે કે લોહ અને લોહચુંબકનો

પરસ્પર સંયોગ નહીં હોવા છતાં પણ તેમાં આકર્ષણ થાય છે ! તેમ આત્મા અને પરમાણુઓનો સંયોગ હોવા ન છતાં પણ આત્મા પ્રત્યે પરમાણુઓનું આકર્ષણ થાય છે, માટે આત્માને સર્વવ્યાપક માનવાની કંઈ આવશ્યકતા નથી.

શંકા : જો વિના સંયોગે પણ આત્મા પ્રત્યે પરમાણુઓનું આકર્ષણ થતું હોય તો શરીરને બનાવવાવાળા ત્રણે ભુવનમાં રહેલા, અને આત્માથી અસંયુક્ત એવા પરમાણુઓનું આકર્ષણ થવાથી તે શરીરનું પ્રમાણ કેવડું મોટું થશે ?

સમાધાન : આપના મતમાં પણ આત્મા સાથે અસંયુક્ત પરમાણુઓનું આકર્ષણ થવાથી ઉકત દોષ કેમ નહીં આવે ? કેમકે તમે આત્માને સર્વવ્યાપક માનો છો, તેથી આત્માની સાથે સમસ્ત પરમાણુઓનો સંબંધ હોવાથી તમારે પણ શરીરની પ્રમાણોપેતતા બની શકશે નહીં.

શંકા : આત્મા સર્વવ્યાપક હોવાથી સમસ્ત પરમાણુઓ સાથે આત્માનો સંબંધ હોવા છતાં પણ અદૃષ્ટના બળથી શરીરને ઉત્પન્ન કરવાવાળા અનુકૂલ નિયત પરમાણુઓ જ આત્મા પ્રત્યે આકર્ષિત થશે; તેથી અમારે પ્રમાણોપેતજ શરીર બનવાથી ઉકતદોષ આવશે નહી.

સમાધાન : એ વાતનું સમાનપણું તો ઉભયમાં પણ છે, કેમકે અમારે પણ આત્મા સાથે અસંયુક્ત પરમાણુઓ હોવા છતાં અદૃષ્ટવશ અનુકૂળ જ પરમાણુઓનું આકર્ષણ થશે, તેથી શરીર પ્રમાણોપેત જ થશે.

(टीका) अथास्तु यथाकथञ्चिच्छरीरोत्पत्तिः, तथापि सावयवं शरीरम् प्रत्यवयवमनुप्रविशन्नात्मा सावयवः स्यात् । तथा चास्य पटादिवत् कार्यत्वप्रसङ्गः । कार्यत्वे चासौ विजातीयैः सजातीयैर्वा कारणैरारभ्येत । न तावद्विजातीयैः तेषामनारम्भकत्वात् । न हि तन्तवो घटमारभन्ते । न च सजातीयैः । यत आत्मत्वाभिसम्बन्धादेव तेषां कारणानां सजातीयत्वम् । पार्थिवादिपरमाणूनां विजातीयत्वात् । तथा चात्मभिरात्मा आरभ्यत इत्यायातम् । तच्चायुक्तम् । एकत्र शरीरेऽनेकात्मनामात्मारम्भकाणामसम्भवात् । सम्भवे वा प्रतिसन्धानानुपपत्तिः । न हि अन्येन दृष्टमन्यः प्रतिसन्धातुमर्हति, अतिप्रसङ्गात् । तदारभ्यत्वे चास्य घटवदवयवक्रियातो विभागात् संयोगविनाशाद् विनाशः स्यात । तस्माद् व्यापक एवात्मा युज्यते । कायप्रमाणतायामुक्तदोषसद्भावादिति चेत् । न । सावयवत्वकार्यत्वयोः कथञ्चिदात्मन्यभ्युपगमात् । तत्र सावयवत्वं तावद् असंख्येयप्रदेशात्मकत्वात् । तथा च द्रव्यालङ्कारकारौ—"आकाशोऽपि सदेशः सकृत्सर्वमूर्ताभिसम्बन्धार्हत्वात" इति । यद्यप्यवयवप्रदेशयोर्गन्धहस्त्यादिषु भेदोऽस्ति तथापि नात्र सूक्ष्मेक्षिका चिन्त्या । प्रदेशेष्ववयवव्यवहारात् । कार्यत्वं तु वक्ष्यामः ॥

શંકા : શરીરની ઉત્પત્તિ ભલે સંયુક્ત પરમાણુઓથી થાઓ કે અસંયુક્ત પરમાણુઓથી થાઓ; પરંતુ આત્માને શરીરપ્રમાણ માનવાથી અનેક દોષો આવે છે;

કેમકે શરીર તો અવયવસહિત છે, તેથી પ્રત્યેક અવયવમાં પ્રવેશ કરતો આત્મા પણ સાવયવ થઈ જશે અને પટાદિની જેમ સાવયવ થવાથી કાર્યરૂપ બનશે ! આ રીતે આત્મા કાર્યરૂપ થવાથી પ્રશ્ન થાય છે કે આત્માની ઉત્પત્તિ સજાતીય કારણ વડે થાય છે કે વિજાતીય કારણ વડે ? વિજાતીય કારણ વડે તો આત્માની ઉત્પત્તિ થશે જ નહીં, કારણ કે વિજાતીય કારણ વડે કોઈ પણ કાર્યની ઉત્પત્તિ થઈ શકતી નથી. જેમ વિજાતીય એવા તંતુઓ વડે ઘટની ઉત્પત્તિ થઈ શકતી નથી, તેમ આત્માની પણ વિજાતીય કારણ વડે ઉત્પત્તિ થઇ શકતી નથી. સજાતીય કારણ વડે પણ આત્માની ઉત્પત્તિ થશે નહીં. કેમકે પાર્થિવાદિ પરમાણુઓ તો આત્માની અપેક્ષાએ વિજાતીય છે, તેથી આત્માનું સજાતીય કારણ તો આત્મા સિવાય અન્ય કોઇ નથી. વળી, આત્માથી આત્માની ઉત્પત્તિ તો માન્ય નથી; કેમકે એક શરીરમાં અનેક આત્માઓથી એક આત્માની ઉત્પત્તિ સંભવતી નથી. જો એક શરીરમાં એક આત્માના ઉત્પાદક અનેક આત્માઓ હોય તો સ્મરણાત્મક (સ્મૃતિ) જ્ઞાન થશે નહીં. કારણ કે એક આત્માએ દેખેલા પદાર્થોનું અન્ય આત્માને સ્મરણ થઇ શકતું નથી. જો આત્મારૂપ સજાતીય કારણથી આત્માની ઉત્પત્તિ થતી હોય તો જેમ ઘટ રૂપ કાર્યના અવયવોનો ક્રિયાથી વિભાગ અને વિભાગથી અવયવોના સંયોગનો નાશ તથા અવયવોના સંયોગનો નાશ થવાથી જેમ ઘટરૂપ કાર્યનો નાશ થાય છે તેમ આત્મા પણ સાવયવ હોઇને આત્માના અવયવોનો ક્રિયાથી વિભાગ અને વિભાગથી અવયવ સંયોગનો નાશ તથા અવયવ સંયોગનો નાશ થવાથી આત્માનો પણ નાશ થશે ! માટે આત્માને શરીરપ્રમાણ માનવાથી ઉક્તદોષોનો સદ્ભાવ થાય છે, તેથી આત્માનું સર્વવ્યાપકપણું જ યોગ્ય છે.

સમાધાન : એ પણ તમારૂં કથન ઠીક નથી, કેમકે અમે (જૈનો) અપેક્ષાએ આત્માનું સાવયવપણું અને કાર્યપણું સ્વીકારીએ છીએ, આત્મા અસંખ્ય પ્રદેશી હોવાથી તેમાં સાવયવપણું ઘટી શકે છે. તેમ જ દ્રવ્યાલંકારના કર્તા શ્રી હેમચંદ્રાચાર્ય અને ગુણભદ્ર કહે છે કે 'આકાશ પણ સપ્રદેશી છે. કેમકે એકજ સમયમાં આકાશમાં સર્વે મૂર્ત પદાર્થોનો સંબંધ રહેલો છે. જો કે ગંધહસ્તી આદિ જૈન શાસ્ત્રોમાં અવયવ અને પ્રદેશમાં ભેદ બતાવ્યો છે, પરંતુ અહિં તે સૂક્ષ્મ ચર્ચાનો અવકાશ નથી, પ્રદેશોમાં પણ અવયવોનો વ્યવહાર થાય છે માટે આત્માનું અસંખ્ય પ્રદેશીપણું હોવાથી કથંચિત્ સાવયવપણું સિદ્ધ છે, આત્માના કાર્યપણાનું તો નિરૂપણ કરવામાં આવશે.

(टीका) नन्वात्मनां कार्यत्वे घटादिवत्प्राक्प्रसिद्धसमानजातीयावयवारभ्यत्वप्रसक्तिः । अवयवा ह्यवयविनमारभन्ते, यथा तन्तवः पटमिति चेत् । न वाच्यम् । न खलु घटादावपि कार्ये प्राक्प्रसिद्धसमानजातीयकपालसंयोगारभ्यत्वं दृष्टम् । कुम्भकारादि व्यापारान्वितात् मृत्पिण्डात् प्रथममेव पृथुबुध्नोदराद्याकारस्योत्पत्तिप्रतीतेः । द्रव्यस्य हि पूर्वाकारपरित्यागेनोत्तराकारपरिणामः कार्यत्वम् । तच्च बहिरिवान्तरप्यनुभूयत एव ततश्चात्मापि स्यात् कार्यः । न च पटादौ स्वावयवसंयोगपूर्वककार्यत्वोपलम्भात् सर्वत्र तथाभावो युक्तः । काष्ठे लोहलेख्यत्वोपलम्भाद् वज्रेऽपि तथाभावप्रसङ्गात् प्रमाणबाधनमुभयत्रापि तुल्यम् । न चोक्तलक्षणकार्य-

त्वाभ्युपगमेऽप्यात्मनोऽनित्यत्वानुषङ्गात् प्रतिसन्धानाभावोऽनुषज्यते । कथञ्चिदनित्यत्वे सत्येवास्योपपद्यमानत्वात् । प्रतिसन्धानं हि यमहमद्राक्षं तमहं स्मरामीत्यादिरूपम् । तच्चैकान्तनित्यत्वे कथमुपपद्यते । अवस्थाभेदात् । अन्या ह्यनुभवावस्था, अन्या च स्मरणावस्था । अवस्थाभेदे चावस्थावतोऽपि भेदादेकरूपत्वक्षतेः कथञ्चिदनित्यत्वं युक्त्यायातं केन वार्यताम् ॥

(અનુવાદ)

શંકા : આત્માનું જો કાર્યપણું સ્વીકારશો તો ઘટાદિ કાર્યની જેમ આત્માની ઉત્પત્તિ સજાતીય અવયવો દ્વારા સ્વીકારવી પડશે ! કારણ કે અવયવો અવયવીને ઉત્પન્ન કરે છે. જેમ તંતુઓ પટને ઉત્પન્ન કરે છે તેમ આત્માને પણ સજાતીય અવયવો ઉત્પન્ન કરશે.

સમાધાન ; એવો કોઈ નિયમ નથી કે અવયવો અવયવીને ઉત્પન્ન કરે, કારણ કે સજાતીય કપાલદ્વયના સંયોગથી ઘટરૂપ કાર્યની ઉત્પત્તિ દેખવામાં આવતી નથી. પરંતુ કુંભકારના વ્યાપારથી યુક્ત એવા માટીના પિંડથી કપાલની ઉત્પત્તિ પહેલાં જ મોટા ગોળ આકારવાળો ઘટ ઉત્પન્ન થાય છે, તેમજ પૂર્વ આકારનો ત્યાગ અને ઉત્તર આકારનું ગ્રહણ કરવું તેજ દ્રવ્યનું કાર્ય કહેવાય છે. અને તે રૂપ કાર્યત્વ જેમ બહિર્ભૂત ઘટાદિ પદાર્થોમાં છે તેમ અંતરંગ આત્મામાં પણ અનુભવાય છે. એટલા માટે આત્મા કથંચિત્ કાર્યરૂપ છે. એમ ના કહેશો કે તન્તુરૂપ અવયવોના સંયોગથી જેમ પટરૂપ કાર્યની ઉત્પત્તિ થાય છે, તેમ સર્વે પદાર્થો પણ અવયવોના સંયોગથી ઉત્પન્ન થાય છે, કેમકે સર્વત્ર એવો કોઇ નિયમ હોતો નથી, જેમ કાષ્ઠમાં લોહનું આલેખન દેખાય, તેમ વજ્રમાં લોહનું આલેખન દેખાતું નથી, તેથી એક જગાએ સમાનતા દેખવામાં આવવાથી સર્વત્ર સમાનપણું હોતું નથી. જો કહેશો કે વજ્રમાં લોહનું આલેખન એ પ્રત્યક્ષથી બાધિત છે, તો અમે કહીએ છીએ કે તુલ્ય ન્યાયે ઘટમાં કપાલદ્વયના સંયોગથી ઘટની ઉત્પત્તિ પણ પ્રત્યક્ષથી બાધિત છે. તેમજ પૂર્વાકારનો ત્યાગ અને ઉત્તર આકારનું ગ્રહણ, તે રૂપ કાર્યત્વ આત્મામાં હોવાથી આત્મા કથંચિત્ અનિત્ય હોવા છતાં પણ સ્મૃતિનો અભાવ થતો નથી, કેમકે આત્માનું કથંચિત્ અનિત્યપણું હોવાથી સ્મરણની સિદ્ધિ થઇ શકે છે, કારણ કે 'જે મેં જોયું હતું તેનું હું સ્મરણ કરું છું' તે રૂપ સ્મરણ તો કથંચિત્ અનિત્ય આત્મામાં જ ઘટી શકે છે પરંતુ જેઓ આત્માનું એકાન્ત નિત્યપણું માને છે તેવા એક સ્વરૂપ નિત્ય આત્મામાં સ્મરણ થઇ શકશે નહીં ! અનુભવ અવસ્થાથી સ્મરણ-અવસ્થા ભિન્ન છે, માટે અવસ્થાથી અવસ્થાવાનનો પણ ભેદ છે, તેથી આત્માનું એકાન્ત નિત્યપણું ઘટી શકતું નથી. આ રીતે યુક્તિથી આત્માનું કથંચિત્ અનિત્યપણું સિદ્ધ થાય છે.

(ટીકા) अथात्मनः शरीरपरिमाणत्वे मूर्तत्वानुषङ्गात् शरीरेऽनुप्रवेशो न स्याद्, मूर्ते मूर्तस्यानुप्रवेशविरोधात् । ततो निरात्मकमेवाखिलं शरीरं प्राप्नोतीति चेत्, किमिदं, मूर्तत्वं नाम । असर्वगतद्रव्यपरिमाणत्वं, रूपादिमत्त्वं वा ? तत्र नाद्यः पक्षो दोषाय,

संमतत्वात् । द्वितीयस्त्वयुक्तः, व्याप्त्यभावात् । नहि यदसर्वगतं तद् नियमेन रूपादिमदित्यविनाभावोऽस्ति । मनसोऽसर्वगतत्वेऽपि भवन्मते तदसम्भवात् । आकाशकालदिगात्मनां सर्वगतत्वं परममहत्त्वं सर्वसंयोगिसमानदेशत्वं चेत्युक्तत्वाद् मनसो वैधर्म्यात् सर्वगतत्वेन प्रतिषेधनात् । अतो नात्मनः शरीरेऽनुप्रवेशानुपपत्तिः, येन निरात्मकं तत् स्यात् । असर्वगतद्रव्यपरिमाणलक्षणमूर्तत्वस्य मनोवत् प्रवेशाप्रतिबन्धकत्वात् । रूपादिमत्त्वलक्षणमूर्तत्वोपेतस्यापि जलादेर्वालुकादावनुप्रवेशो न निषिध्यते आत्मनस्तु तद्रहितस्यापि तत्रासौ प्रतिषिध्यत इति महच्चित्रम् ॥

(અનુવાદ)

શંકા ; આત્માને શરીરપ્રમાણ માનવાથી આત્મામાં મૂર્તપણું આવશે અને એ રીતે આત્મા મૂર્ત હોઇને, મૂર્ત શરીરમાં પ્રવેશ કરી શકશે નહિ, કેમકે મૂર્ત પદાર્થનો મૂર્ત પદાર્થમાં પ્રવેશ સંભવતો નથી. તેથી સંપૂર્ણ શરીર આત્માથી રહિત થશે.

સમાધાન ; તમે મૂર્તત્વ કોને કહો છો ? શું અસર્વગત એવા દ્રવ્ય પરિમાણુને મૂર્ત કહો છો કે રૂપાદિથી યુકત દ્રવ્યને મૂર્ત કહો છો ? તેમાં પ્રથમ પક્ષ દોષ વાળો હોવાથી બરાબર નથી. અને બીજો પક્ષ પણ યુકિતસંગત નથી. કેમકે રૂપાદિથી યુકત પદાર્થો સાથે અસર્વગતની વ્યાપ્તિનો અભાવ છે. 'જે અસર્વગત (શરીર પ્રમાણ) છે તે નિયમા રૂપાદિથી યુકત હોય છે,' તેવું હોતું નથી. કેમકે મન અસર્વગત હોવા છતાં આપના (વૈશેષિકના) મતે રૂપાદિમાન્ નથી. વળી આકાશ, કાલ, દિશા અને આત્માનું સર્વવ્યાપીપણું, પરમમહત્ પરિમાણુ, અને સર્વ મૂર્ત દ્રવ્યોનાં ધારક, અર્થાત્ આધારરૂપ હોઇ મનમાં તેનાથી વિપરીતપણું હોય છે. તેથી મનમાં સર્વવ્યાપીપણાનો નિષેધ છે. માટે તમારા મતે મન જેમ અસર્વગતરૂપ મૂર્ત હોવા છતાં પણ રૂપાદિમાન્ નથી. આ રીતે અસર્વગત અને રૂપાદિથી યુકત દ્રવ્યોની સાથે વ્યાપ્તિનો અભાવ છે અને તેથી મન જેમ મૂર્ત શરીરમાં પ્રવેશ કરી શકે છે. તેમ અમારા મતે આત્મા પણ અસર્વગત રૂપ મૂર્ત હોવાથી મૂર્ત એવા શરીરમાં પ્રવેશ કરી શકે છે. હવે આત્મારહિત શરીર થશે, તે દોષ આવશે નહીં. તેમજ જલ આદિ પદાર્થોમાં રૂપાદિથી યુકત એવું મૂર્તપણું હોવા છતાં પણ તેનો મૂર્ત એવી વાલુકા (રેતી) આદિમાં પ્રવેશનો નિષેધ નથી. તેમ હોવા છતાં પણ રૂપાદિથી રહિત એવા આત્માનો મૂર્ત શરીરમાં પ્રવેશનો નિષેધ કરો છો તે મોટા આશ્ચર્યની વાત છે !

(ટીકા) अथात्मनः कायपरिमाणत्वे बालशरीरपरिमाणस्य सतो युवशरीरपरिमाणस्वीकारः कथं स्यात् । किं तत्परिमाणत्यागात्, तदपरित्यागाद् वा ? परित्यागात् चेत्, तदा शरीरवत् तस्यानित्यत्वप्रसङ्गात् परलोकाद्यभावानुषङ्गः । अथापरित्यागात्, तन्न । पूर्वपरिमाणापरित्यागे शरीरवत् तस्योत्तरपरिमाणोत्पत्त्यनुपपत्तेः । तदयुक्तम् । युवशरीरपरिमाणावस्थायामात्मनो बालशरीरपरिमाणपरित्यागे सर्वथा विनाशासम्भवात्, विफणावस्थोत्पादे सर्पवत् । इति कथं परलोकाभावोऽनुषज्यते । पर्यायतस्तस्यानित्यत्वेऽपि द्रव्यतो नित्यत्वात् ॥

(અનુવાદ)

શંકા : જો આત્માને શરીરપ્રમાણ માનવામાં આવે તો અહિં પ્રશ્ન થાય છે કે બાલ શરીરનું પરિમાણ યુવાન શરીરમાં કઇ રીતે બદલાય છે ? શું બાલ શરીરના પરિમાણનો ત્યાગ કરીને યુવાન શરીર બને છે, કે બાલ શરીરનો ત્યાગ કર્યા વિના જ યુવાન શરીર બને છે ? જો બાલ શરીરનો ત્યાગ કરીને યુવાન શરીર બનતું હોય તો આત્મા પણ શરીરપ્રમાણ હોઈને શરીરની જેમ આત્મામાં પણ અનિત્યપણું માનવું પડશે અને આત્મામાં અનિત્યતા માનવાથી પરલોક આદિનો પણ અભાવ થશે ! કેમકે શરીરનો નાશ થવા સાથે આત્માનો પણ નાશ થશે. પછી પરલોકે કોણ જશે ?

હવે બીજો પક્ષ બાલ શરીરનો ત્યાગ કર્યા વિના યુવાન શરીર બને છે તેમ માનવાથી અનુભવનો અપલાપ થાય છે. કેમકે શરીરની જેમ આત્માનું પણ ઉત્તર પરિમાણ થશે નહીં.

સમાધાન : આપનું કથન ઠીક નથી કેમકે બાલશરીરના ત્યાગ વડે યુવાન શરીરની પ્રાપ્તિ થવાથી કંઈ આત્માનો સર્વથા નાશ થતો નથી, જેમકે ફણાવાળા સર્પની સરલ અવસ્થા થવાથી કંઇ સર્પનો સર્વથા નાશ થતો નથી ! તેમ બાલ્યાવસ્થાના ત્યાગ વડે યુવાન અવસ્થાની પ્રાપ્તિ થવાથી, આત્માનો સદંતર નાશ થતો નથી. માટે આત્માનું શરીરપ્રમાણ માનવાથી કંઈ પરલોક આદિનો અભાવ થતો નથી. આત્મા દ્રવ્યાસ્તિકનયે નિત્ય છે અને પર્યાયાસ્તિક નયે અનિત્ય છે.

(टीका) अथात्मनः कायपरिमाणत्वे तत्खण्डने खण्डनप्रसङ्गः, इति चेत्, कः किमाह शरीरस्य खण्डने कथंचित् तत्खण्डनस्येष्टत्वात् । शरीरसम्बद्धात्मप्रदेशेभ्यो हि कतिपयात्मप्रदेशानां खण्डितशरीरप्रदेशेऽवस्थानादात्मनः खण्डनम् । तच्चात्र विद्यत एव । अन्यथा शरीरात् पृथग्भूतावयवस्य कम्पोपलब्धिर्न स्यात् । न च खण्डितावयवानुप्रविष्टस्यात्मप्रदेशस्य पृथगात्मत्वप्रसङ्गः, तत्रैवानुप्रवेशात् । न चैकत्र सन्तानेऽनेके आत्मानः । अनेकार्थप्रतिभासिज्ञानानामेकप्रमात्राधारतया प्रतिभासाभावप्रसङ्गात् । शरीरान्तरव्यवस्थितानेकज्ञानावसेयार्थसंवित्तिवत् ॥

(અનુવાદ)

શંકા : જો આત્માને શરીર પ્રમાણ માનશો તો શરીરના અવયવો ખંડિત થવાથી આત્મા પણ ખંડિત થશે ને ?

સમાધાન : તેથી તમે શું કહો છો ? કેમકે અમે આત્માનું કથંચિત્ ખંડનસ્વરૂપ તો સ્વીકારીએ જ છીએ ! કેમકે શરીરથી સંબંધિત આત્મપ્રદેશોનો શરીરના અવયવો ખંડિત થવાથી, ખંડિત શરીરમાં રહેલ આત્માનું પણ કથંચિત્ ખંડન થાય છે જ. જો ખંડિત શરીરના અવયવોની અપેક્ષાએ આત્માનું કથંચિત્ ખંડનસ્વરૂપ સ્વીકારવામાં ના આવે તો તલવાર આદિથી કપાઇને ભિન્ન થયેલા શરીરના અવયવોમાં કંપન ન થવું જોઇએ, પરંતુ શરીરથી પૃથગ્ભૂત થયેલા હાથ, પગ આદિ અવયવોમાં કંપન આદિ તો થાય છે ! માટે સિદ્ધ થાય છે કે તલવાર આદિના પ્રયોગ વડે શરીરથી અલગ થયેલા અવયવોમાં પણ આત્મપ્રદેશોનો સદ્ભાવ છે. અન્યથા પૃથગ્ભૂત અવયવોમાં કંપન આદિ ક્રિયા ન થવી જોઇએ.

શંકા : જો તમે ખંડિત અવયવોમાં પણ આત્મપ્રદેશોનો સ્વીકાર કરતા હો, તો શરીરથી ભિન્ન થયેલા અવયવોમાં ભિન્ન ભિન્ન આત્મા માનવા જોઇશે.

સમાધાન : અમારા અભિપ્રાયને સમજી ન શકવાથી આ પ્રમાણે કહો છો. કેમકે ખંડિત અવયવોમાં રહેલા આત્મપ્રદેશો પાછા પૂર્વ શરીરમાં જ આવી જાય છે. કારણ કે એક શરીર રૂપ સંતાનમાં અનેક આત્માઓ હોઈ શકતા નથી. જો એક શરીરમાં અનેક આત્માઓ હોય તો અનેક પદાર્થનો નિર્ણય કરવાવાળા જ્ઞાનોના એક જ્ઞાતા રૂપ આત્માને વ્યવસ્થિત જ્ઞાન થશે નહીં. કારણ કે એક શરીરમાં અનેક આત્માઓ માનવાથી ચક્ષુરૂપ અવયવમાં રહેલો આત્મા રૂપનું અવલોકન કરશે અને શ્રોત્ર રૂપ અવયવમાં રહેલો આત્મા શબ્દનું શ્રવણ કરશે તેથી ચક્ષુસ્થ અને શ્રોત્રસ્થ આત્માને જ પદાર્થનું જ્ઞાન થશે. પરંતુ પ્રત્યેક અવયવોમાં રહેલ ભિન્ન ભિન્ન આત્માઓને તે તે પદાર્થોનો નિશ્ચય થશે નહીં. માટે એક શરીરમાં રહેલો પ્રમાતારૂપ એકજ આત્મા હોવાથી વ્યવસ્થિત પણે હું જોવું છું, હું સાંભળું છું ઇત્યાકારક જ્ઞાનનો નિશ્ચય થાય છે.

(ટીકા) कथं खण्डितावयवयोः संघट्टनं पश्चाद् इति चेत्, एकान्तेन छेदानभ्युपगमात्। पद्मनालतन्तुवत् छेदस्यापि स्वीकारात्। तथाभूतादृष्टवशात् तत्संघट्टनमविरुद्धमेवेति तनुपरिमाण एवात्माङ्गीकर्तव्यः, न व्यापकः। तथा च आत्मा व्यापको न भवति, चेतनत्वात्, यत्तु व्यापकं न तत् चेतनम्, यथा व्योम, चेतनश्चात्मा, तस्माद् न व्यापकः। अव्यापकत्वे चास्य तत्रैवोपलभ्यमानगुणत्वेन सिद्धा कायप्रमाणता। यत्पुनरष्टमसमयसाध्यकेवलिसमुद्घातदशायामार्हतानामपि चतुर्दशरज्ज्वात्मकलोकव्यापित्वेनात्मनः सर्वव्यापकत्वम्, तत् कादाचित्कम्, इति न तेन व्यभिचारः। स्याद्वादमन्त्रकवचावगुण्ठितानां च नेदृशविभीषिकाभ्यो भयम्॥ इति काव्यार्थः ॥९॥

(અનુવાદ)

શંકા : આત્માના ખંડિત આત્મ પ્રદેશોનું ફરીથી ગઠન કઈ રીતે થઇ શકે ?

સમાધાન : અમે આત્મ પ્રદેશોનું સદંતર ખંડન સ્વીકારતા નથી. તેથી કમલની નાળના ટુકડા કરવાથી તૂટેલા તંતુઓનું જેમ ફરીથી ગઠન થઇ જાય છે. તેમ ખંડિત શરીરના અવયવોની સાથે, ખંડિત થયેલાં આત્મ પ્રદેશોનું, અદૃષ્ટના બળથી, શરીરસ્થ આત્મ પ્રદેશોની સાથે, ગઠન થાય છે. માટે આત્માનું વ્યાપકપણું નહીં માનતાં શરીરપ્રમાણ માનવું તે જ શ્રેષ્ઠ છે.

તેમજ આત્મા ચેતન હોવાથી વ્યાપક નથી. જે વ્યાપક હોય છે તે ચેતનસ્વરૂપ હોતા નથી. જેમકે આકાશ વ્યાપક છે તેથી તે ચેતન નથી, તેમ આત્મા ચૈતન્યરૂપ હોવાથી વ્યાપક નથી. વળી જે સ્થાનમાં જે પદાર્થના ગુણો દેખાય છે, તે જ સ્થાનમાં તે પદાર્થ રહે છે. આ પૂર્વોક્ત હેતુથી આત્માનું શરીરપ્રમાણ સિદ્ધ થાય છે, તેમજ આઠ સમયમાં સાધ્ય એવી કેવલી સમુદ્ઘાત દશામાં આર્હંતોનું ચૌદ રાજ લોકપ્રમાણ વ્યાપકપણું હોવાથી આત્માનું નિયમિત નહીં પરંતુ કાદાચિત્ક સર્વવ્યાપકપણું છે.

સમુદ્‌ઘાતનું વર્ણન : સમુદ્‌ઘાત એટલે શું ? પ્રબલતાથી આત્મ પ્રદેશોને શરીરથી બહાર કાઢી જુનાં કર્મોની ઉદીરણા કરી, કર્મોને ભોગવી કર્મ પુદ્‌ગલોનો નાશ કરવો, તેને સમુદ્‌ઘાત કહે છે. તે સમુદ્‌ઘાત વેદના, કષાય, મરણ; વૈક્રિય, તૈજસ, આહારક અને કેવલી ભેદથી સાત પ્રકારે છે.

(૧) તીવ્ર વેદના વડે વ્યાકુલ થયેલો આત્મા શરીરથી બહાર પોતાના આત્મ પ્રદેશોને કાઢી, પ્રબલ ઉદીરણા વડે, વેદનીય કર્મનાં પુદ્‌ગલોને ઉદયમાં લાવીને ક્ષય કરવો, તે 'વેદના સમુદ્‌ઘાત' કહેવાય છે.

(૨) કષાય વડે વ્યાકુલ થયેલો આત્મા શરીરથી બહાર પોતાના આત્મ પ્રદેશોને કાઢીને પ્રબલતાથી કષાય મોહનીય કર્મનાં પુદ્‌ગલોને ઉદયમાં લાવીને નાશ કરવો તે કષાય સમુદ્‌ઘાત.'

(૩) મરણ સમયે વ્યાકુલ થયેલો આત્મા મરણ સમયથી અંતર્મુહુર્ત (બે ઘડી) પહેલાં આત્મ પ્રદેશોને શરીરથી બહાર કાઢીને જે સ્થાનમાં ઉત્પન્ન થવાનું છે. તે સ્થાન સુધી આત્મપ્રદેશોનો અહંકાર કરીને આયુષ્ય કર્મના પુદ્‌ગલોને પ્રબળતાથી ઉદયમાં લાવીને નાશ કરે તે મરણ સમુદ્‌ઘાત.

(૪) વૈક્રિય લબ્ધિવાળો આત્મા પોતાના આત્મપ્રદેશોને બહાર કાઢી વૈક્રિય શરીર યોગ્ય પુદ્‌ગલોને ગ્રહણ કરી, વૈક્રિય શરીર બનાવતી વખતે વૈક્રિય નામકર્મના પુદ્‌ગલોનો નાશ કરે તે વૈક્રિય સમુદ્‌ઘાત.

(૫) તેજોલેશ્યાની લબ્ધિવાળો આત્મા પોતાના આત્મપ્રદેશોને શરીરથી બહાર કાઢી પ્રબલતાથી તૈજસનામકર્મનાં પુદ્‌ગલોને ઉદયમાં લાવીને ક્ષય કરે તે તૈજસ સમુદ્‌ઘાત. આ સમુદ્‌ઘાત, તેજોલેશ્યા અથવા શીત લેશ્યા મૂકે ત્યારે હોય છે.

(૬) આહારક લબ્ધિવંત ચૌદ પૂર્વધર મહાત્માઓ તીર્થંકર ભગવંતની ઋદ્ધિ આદિ જોવા માટે અથવા શંકા આદિનું નિવારણ કરવા માટે મુંડા હાથ પ્રમાણ આહારક શરીર બનાવે ત્યારે પોતાના આત્મપ્રદેશોને શરીરથી બહાર કાઢીને આહારક નામકર્મના પુદ્‌ગલોને પ્રબળતાથી ઉદયમાં લાવી ક્ષય કરે તે આહારક સમુદ્‌ઘાત કહેવાય છે.

(૭) કેવલી ભગવંતોને આયુષ્ય કરતાં નામ, ગોત્ર અને વેદનીય કર્મની સ્થિતિ વધારે હોય તો તે ત્રણે ભવોપગ્રાહી કર્મની સ્થિતિને આયુષ્ય કર્મ જેટલી કરવા પોતાના આત્મપ્રદેશોને શરીર બહાર કાઢી, બાહ્ય આત્મપ્રદેશોને પ્રથમ સમયે ચૌદ રાજ લોક-પ્રમાણ દંડાકારે કરે છે, બીજા સમયે કવાડાકારે, ત્રીજે સમયે, મંથનાકારે (રવૈયાના આકારે) અને ચોથે સમયે મંથનના આંતરા પૂરે ત્યારે કેવલી ભગવાન સંપૂર્ણ લોકાકાશ વ્યાપી થાય છે. ત્યારબાદ પાંચમે સમયે મંથનના આંતરામાં રહેલા આત્મપ્રદેશોનું સંહરણ કરે છે. છઠે સમયે મંથનનું સંહરણ કરે છે. સાતમે સમયે કપાટનું સંહરણ કરે છે અને આઠમે સમયે દંડનું સંહરણ કરીને પૂર્વવત્ સંપૂર્ણ દેહસ્થ આત્મા થાય છે. આ પ્રમાણે કેવલી સમુદ્‌ઘાતમાં આત્મા સર્વવ્યાપક હોવાથી વ્યભિચાર આવતો નથી.

આ રીતે સ્યાદ્વાદ મંત્ર રુપી કવચવડે સન્નદ્ધ થયેલા સ્યાદ્વાદીઓને પૂર્વોકિત ભયના સ્થાનરૂપ તમે આપેલા દોષોથી ભય હોતો નથી. આ પ્રમાણે નવમા શ્લોકનો અર્થ જાણવો.

वैशेषिकनैयायिकयोः प्रायः समानतन्त्रत्वादौलूक्यमते क्षिप्ते यौगमतमपि क्षिप्तमेवावसेयम् । पदार्थेषु च तयोरपि न तुल्या प्रतिपत्तिरिति सांप्रतमक्षपादप्रतिपादितपदार्थानां सर्वेषां चतुर्थपुरुषार्थं प्रत्यसाधकतमत्वे वाच्येऽपि, तदन्तःपातिनां छलजातिनिग्रहस्थानानां परोपन्यासनिरासमात्रफलतया अत्यन्तमनुपादेयत्वात् तदुपदेशदातुर्वैराग्यमुपहसन्नाह—

વૈશેષિક તથા નૈયાયિકોનો સિદ્ધાંત પ્રાયઃ તુલ્ય હોવાથી વૈશેષિક મતનું ખંડન કરવાથી નૈયાયિક સિદ્ધાંતનું ખંડન થઈ ગયું સમજવું, તો પણ વૈશેષિક અને નૈયાયિકના સિદ્ધાંતમાં પદાર્થોની તુલ્યતા નથી, માટે નૈયાયિકોએ પ્રતિપાદન કરેલા સર્વ પદાર્થો ચતુર્થ પુરુષાર્થ (મોક્ષ) સાધક નથી. તેઓએ માનેલા ૧૬ પદાર્થોમાંના છલ, જાતિ અને નિગ્રહસ્થાન નામના પદાર્થો અત્યંત ત્યાજ્ય છે. માત્ર બીજાના મતના તિરસ્કાર માટેના જ એ પદાર્થ છે. તે પદાર્થોના ઉપદેષ્ટા અક્ષપાદ ઋષિના વૈરાગ્યનો ઉપહાસ કરતા આચાર્ય મહારાજ કહે છે :

मूल—स्वयं विवादग्रहिले वितण्डापाण्डित्यकण्डूलमुखे जनेऽमिस्न् ।
मायोपदेशात् परमर्म भिन्दन्नहो विरक्तो मुनिरन्यदीयः ॥१०॥

(મૂલ-અર્થ) આશ્ચર્ય થાય છે કે સ્વયં વિવાદરૂપી ગ્રહથી ગ્રસ્ત થવાથી અસંબદ્ધપ્રલાપી. વિતંડાવાદ રૂપ પાંડિત્યને ધારણ કરવાથી જાણે મુખમાં ખણજ આવતી હોય તેમ તત્ત્વજ્ઞાનથી શૂન્ય લોકોને છલ, જાતિ અને નિગ્રહસ્થાન રૂપી માયાનો ઉપદેશ કરવાથી બીજાના મર્મસ્થાનીય નિર્દોષ હેતુઓનું ખંડન કરવાવાળા અક્ષપાદ મુનિ કેવા સુંદર વૈરાગી છે!

(टीका)—अन्ये-अविज्ञातत्वदाज्ञासारतयाऽनुपादेयनामानः परे, तेषामयं शास्तृत्वेन सम्बन्धी अन्यदीयो मुनिः अक्षपादऋषिः, अहो विरक्तः-अहो वैराग्यवान् । अहो इत्युपहासगर्भमाश्चर्यं सूचयति । अन्यदीय इत्यत्र "ईयकारके" इति दोऽन्तः। । किं कुर्वन्नित्याह । परमर्म भिन्दन्-जातावेकवचनप्रयोगात् परमर्माणि व्यथयन् । "बहुभिरात्मप्रदेशैरधिष्ठिता देहावयवा मर्माणि" इति पारिभाषिकी संज्ञा । तत उपचारात् साध्यस्वतत्त्वसाधनाव्यभिचारितया प्राणभूतः साधनोपन्यासोऽपि मर्मैव मर्म । कस्मात् तद्भिन्दन्, मायोपदेशाद्धेतोः, माया-परवञ्चनम्, तस्या उपदेशः छलजातिनिग्र-

हस्थानलक्षणपदार्थत्रयप्ररुपणद्वारेण शिष्येभ्यः प्रतिपादनं, तस्मात् "गुणादस्त्रियां न वा" इत्यनेन हेतौ तृतीयाप्रसङ्गे पञ्चमी । कस्मिन् विषये मायामयमुपदिष्टवान् इत्याह । अस्मिन् प्रत्यक्षोपलक्ष्यमाणे, जने–तत्त्वातत्त्वविमर्शबहिर्मुखतया प्राकृतप्राये लोके । कथम्भूते, स्वयम्–आत्मना परोपदेशनिरपेक्षमेव, विवादग्रहिले–विरुद्धः–परस्परलक्ष्यीकृतपक्षाधिक्षेपदक्षः, वादो–वचनोपन्यासो विवादः । तथा च भगवान् हरिभद्रसूरिः–

"लब्धिख्यात्यर्थिना तु स्याद् दुःस्थितेनामहात्मना ।
छलजातिप्रधानो यः स विवाद इति स्मृतः" ॥

तेन ग्रहिल इव–ग्रहगृहीत इव । तत्र यथा ग्रहाद्यपस्मारपरवशः पुरुषो यत्किञ्चनप्रलापी स्याद् एवमयमपि जन इति भावः । तथा, वितण्डा–प्रतिपक्षस्थापनाहीनं वाक्यम् । वितण्डयते आहन्यतेऽनया प्रतिपक्षसाधनमिति व्युत्पत्तेः । "अभ्युपेत्य पक्षं यो न स्थापयति स वैतण्डिक इत्युच्यते" इति न्यायवार्तिकम् । वस्तुतस्त्वपरामृष्टतत्त्वातत्त्वविचारं मौखर्यं वितण्डा । तत्र यत्पाण्डित्यम्–अविकलं कौशलं, तेन कण्डूलं मुखं लपनं यस्य स तथा तस्मिन् । कण्डूः–खर्जूः, कण्डूरस्यास्तीति कण्डूलम्, सिध्मादित्वाद् मत्वर्थीयो लप्रत्ययः । यथा किलान्तरुत्पन्नकृमिकुलजनितां कण्डूतिं निरोद्धुमपारयन् पुरुषो व्याकुलतां कलयति, एवं तन्मुखमपि वितण्डापाण्डित्येनासंबद्धप्रलापचापलमाकलयत् कण्डूलमित्युपचर्यते ॥

(અનુવાદ)

હે જિનેશ્વર! આપની આજ્ઞાના સારને નહીં જાણનારા નૈયાયિકોના અક્ષપાદ ઋષિ કેવા સુંદર વૈરાગી છે! અહિં જે 'અહો' પદ છે તે ઉપહાસ ગર્ભિત છે. તેમજ પરમર્મ શબ્દમાં જાતિની અપેક્ષાએ એક વચન કરવામાં આવ્યું છે. હવે તે મર્મ શબ્દનું નિર્વચન કરતાં કહે છે કે જેમ ઘણા આત્મપ્રદેશો વડે અધિષ્ઠિત શરીરના અવયવોને મર્મસ્થાન કહેવાય છે; તેમ અહીં પણ જે હેતુઓ વડે સાધ્યની સિદ્ધિ અવશ્ય થાય છે તેવા અવ્યભિચારી (નિર્દુષ્ટ) હેતુઓ ઉપચારથી મર્મરૂપ કહેવાય છે. પરમત વાળાઓના આવા મર્મસ્થાનીય હેતુઓનું ખંડન કરવા છલ, જાતિ અને નિગ્રહસ્થાનરૂપ પરવંચનાનો અક્ષપાદમુનિ ઉપદેશ કરે છે.

વળી સ્વયં પરોપદેશથી નિરપેક્ષ તથા પરને અભિમત સિદ્ધાંતનો અપલાપ કરવામાં દક્ષ એવો જે વાદ, તેને વિવાદ કહે છે. તેમજ ભગવાન શ્રી હરિભદ્રસૂરીશ્વરજીએ અષ્ટકમાં (હારિભદ્રી–અષ્ટક) કહ્યું છે કે 'કોઇપણ વસ્તુની પ્રાપ્તિની તેમજ ખ્યાતિની આકાંક્ષા વડે દુર્જન છલ, જાતિથી યુક્ત વચનનો ઉપન્યાસ કરે છે, તે વિવાદ કહેવાય

છે.' જેમ ગ્રહ અને પિશાચ આદિથી ઘેરાયેલો પુરુષ અસંબદ્ધ પ્રલાપ કરે છે તેમ સ્વયં વિવાદથી ગ્રસ્ત અક્ષપાદ મુનિ અસંબદ્ધ પ્રલાપી છે.

વિતંડા પ્રતિવાદીએ વાદીના પક્ષ પર કરેલા દોષારોપણનું ખંડન નહીં કરવાથી સ્વપક્ષની સિદ્ધિ કરવામાં અસમર્થ, તે વિતંડા કહેવાય છે. તેમજ 'ન્યાય વાર્તિક'માં પણ કહ્યું છે; કે 'પોતાને અભિમત પક્ષનો સ્વીકાર કરે પરંતુ તે પક્ષને સ્થાપિત કરી શકે નહીં, તેને વૈતંડિક કહેવાય છે.' અથવા તો તત્ત્વાતત્ત્વનો વિચાર કર્યા વિના જે બકવાદ તેજ વિતંડા! આવા વિતંડામાં પાંડિત્ય-અવિકલ કુશલતા એટલે કે વિતંડાનું પાંડિત્ય ધારણ કરવાથી બમણું જ ઉપડેલા મુખવાળા મુનિ અક્ષપાદ છે! જેમ કોઇ પુરુષ પોતાનાં શરીરમાં ઉત્પન્ન થયેલાં કીડાના સમૂહથી ઉત્પન્ન થયેલી બમણજનો નિરોધ કરવા માટે અસમર્થ હોઈને વ્યાકુલતા અનુભવે છે, તેમ તે મુનિનું મુખ પણ વિતંડાવાદ રૂપ પાંડિત્ય વડે, અસંબદ્ધ પ્રલાપ કરવાથી, જાણે બમણવાળું ન હોય!

ભાવાર્થ : વિવાદગ્રસ્ત અને વિતંડાવાદના પંડિત અક્ષપાદ મુનિ અસંબદ્ધ પ્રલાપો કરે છે અને એ પ્રલાપો કરીને તત્ત્વજ્ઞાનશૂન્ય સામાન્ય જનતાને છલ, જાતિ અને નિગ્રહ-સ્થાનનો ઉપદેશ આપે છે! બીજા મતવાળાઓના નિર્દોષ હેતુઓનું ખંડન કરે છે! હે જિનેશ્વર ભગવંત! આપની આજ્ઞાનો અનાદર કરવાવાળા આ અક્ષપાદ મુનિનો કેવો સરસ વૈરાગ્ય છે!

(ટીકા) एवं च स्वरसत एव स्वस्वाभिमतव्यवस्थापनाविसंस्थुलो वैतण्डिकलोकः । तत्र च तत्परमाप्तभूतपुरुषविशेषपरिकल्पितपरवञ्चनप्रचुरवचनरचनोपदेशश्चेत् सहायः समजनि. तदा स्वत एव ज्वालाकलापजटिले प्रज्वलति हुताशन इव कृतो घृताहुतिप्रक्षेप इति । तैश्च भवाभिनन्दिभिर्वादिभिरेतादृशोपदेशदानमपि तस्य मुनेः कारुणिकत्वकोटावारोपितम् । तथा चाहुः—

"दुःशिक्षितकुतर्काशलेशवाचालिताननाः ।
शक्याः किमन्यथा जेतुं वितण्डाटोपमण्डिताः ॥१॥
गतानुगतिको लोकः कुमार्गे तत्प्रतारितः ।
मा गादिति छलादीनि प्राह कारुणिको मुनिः" ॥२॥

कारुणिकत्वं च वैराग्याद् न भिद्यते । ततो युक्तमुक्तम् अहो विरक्त इति स्तुतिकारेणोपहासवचनम् ॥

(અનુવાદ)

વિતંડાવાદી મનુષ્ય સ્વભાવથી જ પોત પોતાના પક્ષને સ્થાપન કરવામાં ચતુર તો હોય છે જ, અને તેમાં વળી તેઓના પરમ આપ્ત પુરુષ વડે કલ્પિત અને પારકાને ઠગવા માટેનાં વચનોથી ભરપૂર એવા ઉપદેશની સહાયતા મળે ત્યારે ખરેખર! સ્વભાવથી જ પ્રચંડ એવા અગ્નિમાં ઘી હોમવા જેવું થાય છે, અર્થાત્ પ્રજ્વલિત

અગ્નિમાં ઘી નાખવાથી અગ્નિ જેમ પ્રચંડ સ્વરૂપ ધારણ કરે છે, તેમ વિતંડાવાદી લોકો સ્વભાવથી જ પરને ઠગવામાં ચાતુર છે. તેમાં વળી આપ્તાભાસ સમાન પુરુષનો ઉપદેશ સહાયક થાય છે! તેમજ સંસાર અસારરૂપ હોવા છતાં પણ તેને સારો માનનાર ભવાભિનન્દીઓ વડે બીજાને ઠગનારો ઉપદેશ આપનાર અક્ષપાદ મુનિ પરમ કારુણિક મનાયા છે! વળી તે વાદીઓ કહે છે કે દુઃશિક્ષિત એવા કુતર્કોનો પ્રલાપ કરવાવાળા વિતંડાવાદીને છલ-આદિ વિના જીતી શકાતા નથી, અને લોક તો ગતાનુગતિક હોય છે, તેથી ભોળા લોકો કુતીર્થીકોથી ઠગાઇને કુમાર્ગનું અનુકરણ ન કરે, તે હેતુથી પરમ કારુણિક એવા ગૌતમ મુનિએ છલ આદિનો ઉપદેશ કર્યો છે! માટે સ્તુતિકાર કહે છે કે 'કરુણા વૈરાગ્ય વિના હોઈ શકતી નથી.' પ્રસ્તુતમાં "अहो विरक्तः" આવો પ્રયોગ કરીને સ્તુતિકારે ઉપહાસ કર્યો છે. તે યુક્તિયુક્ત છે,

(टीका) अथ मायोपदेशादिति सूचनासूत्रं वितन्यते । अक्षपादमते किल षोडश पदार्थाः । "प्रमाणप्रमेयसंशयप्रयोजनदृष्टान्तसिद्धान्तावयवतर्कनिर्णयवादजल्पवितण्डाहेत्वाभासच्छलजातिनिग्रहस्थानानां तत्त्वज्ञानाद् निःश्रेयसाधिगमः" इति वचनात् । न चैतेषां व्यस्तानां समस्तानां वा अधिगमो निःश्रेयसावाप्तिहेतुः । न ह्येकेनेव क्रियाविरहितेन ज्ञानमात्रेण मुक्तिर्युक्तिमती । असमग्रसामग्रीकत्वात् । विघटितैकचक्ररथेन मनीषितनगरप्राप्तिवत् ॥

(અનુવાદ)

હવે તેઓના માયાવી ઉપદેશનું વિસ્તારથી વર્ણન કરતાં કહે છે કે નૈયાયિકો સોળ પદાર્થને માને છે, તે આ પ્રમાણે પ્રમાણ, પ્રમેય, સંશય, પ્રયોજન, દૃષ્ટાંત, સિદ્ધાન્ત અવયવ, તર્ક, નિર્ણય, વાદ, જલ્પ, વિતંડા, હેત્વાભાસ, છલ, જાતિ અને નિગ્રહસ્થાન, આ સોળ પદાર્થના જ્ઞાનથી મોક્ષની પ્રાપ્તિ થાય છે.

પરંતુ પદાર્થોમાંથી બે ચાર અથવા તો સમસ્ત પદાર્થોનું માત્ર જ્ઞાન મોક્ષપ્રાપ્તિનું કારણ નથી. કેમકે ક્રિયા વિનાના જ્ઞાનથી મુક્તિની પ્રાપ્તિ થઈ શકતી નથી, જેમ રથનાં બે પૈડાં વિના કેવલ એક પૈડાથી અભીષ્ટ નગરમાં પહોંચી શકાતું નથી. તેમ મોક્ષની સામગ્રીરૂપ જ્ઞાન અને ક્રિયા-ઉભય વિના જ્ઞાનમાત્રથી જ મુક્તિ મળી શકતી નથી.

(टीका) न च वाच्यं न खलु वयं क्रियां प्रतिक्षिपामः, किन्तु तत्त्वज्ञानपूर्विकाया एव तस्या मुक्तिहेतुत्वमिति ज्ञापनार्थं तत्त्वज्ञानाद् निःश्रेयसाधिगम इति ब्रूम इति । न ह्यमीषां संहते अपि ज्ञानक्रिये मुक्तिप्राप्तिहेतुभूते । वितथत्वात् तज्ज्ञानक्रिययोः । न च वितथत्वमसिद्धम् । विचार्यमाणानां षोडशानामपि तत्त्वाभासत्वात् । तथा हि तैः प्रमाणस्य तावद् लक्षणमित्थं सूत्रितम्—"अर्थोपलब्धिहेतुः प्रमाणम्" इति । एतच्च न विचारसहम् । यतोऽर्थोपलब्धौ हेतुत्वं यदि निमित्तत्वमात्रं, तत्सर्वकारकसाधारणमिति कर्तृकर्मादेरपि प्रमाणत्वप्रसङ्गः । अथ कर्तृकर्मादिविलक्षणं हेतुशब्देन करणमेव विवक्षितं, तर्हि तज्ज्ञानमेव युक्तं, न चेन्द्रियसन्निकर्षादि । यस्मिन् हि

सत्यर्थे उपलब्धो भवति, स तत्कारणम् । न चेन्द्रियसन्निकर्षसामग्र्यादौ सत्यपि ज्ञानाभावेऽर्थोपलम्भः । साधकतमं हि करणम् । अव्यवहितफलं च तदिष्यते । व्यवहितफलस्यापि करणत्वे दुग्धभोजनादेरपि तथाप्रसङ्गः । तन्न ज्ञानादन्यत्र प्रमाणत्वम् । जन्यत्रोपचारात् । यदपि न्यायभूषणसूत्रकारेणोक्तम्—"सम्यगनुभवसाधनं प्रमाणम्" इति, तत्रापि साधनग्रहणात् कर्तृकर्मनिरासेन करणस्यैव प्रमाणत्वं सिध्यति । तथाऽप्यव्यवहितफलत्वेन साधकतमत्वं ज्ञानस्यैव इति न तत् सम्यग्लक्षणम् । "स्वपरव्यवसायि ज्ञानं प्रमाणम्" इति तु तात्त्विकं लक्षणम् ॥

(અનુવાદ)

નૈયાયિક : અમે સર્વથા ક્રિયાનો નિષેધ કરતા નથી, પરંતુ સોળ પદાર્થના તત્ત્વજ્ઞાનપૂર્વકની જે ક્રિયા છે, તેજ મોક્ષ પ્રાપ્તિનું કારણ છે, તે જણાવવા માટે જ કહ્યું છે કે; તત્ત્વજ્ઞાન દ્વારા મોક્ષની પ્રાપ્તિ થાય છે.'

જૈન : તમારી માનેલી જ્ઞાનક્રિયા મોક્ષપ્રાપ્તિનું કારણ નથી, કેમકે તે જ્ઞાન અને ક્રિયા મિથ્યા રૂપ છે. વિચાર કરવાથી એ સોળે પદાર્થો તત્ત્વાભાસરૂપ સિદ્ધ થાય છે.

તે જ્ઞાનક્રિયાનું મિથ્યારૂપ અસિદ્ધ નથી, તે બતાવતાં શબ્દાનુક્રમે પહેલા પદાર્થ (૧) પ્રમાણનું નિર્વચન કરતાં કહે છે : તમે પદાર્થના જ્ઞાનમાં જે કારણ હોય તેને પ્રમાણરૂપ સ્વીકારો છો, તે બરાબર નથી. કેમકે જો પદાર્થ જ્ઞાનમાં નિમિત્ત માત્ર કારણ માનતા હો તો કર્તા, કર્મ આદિ સર્વ કારકોમાં પ્રમાણરૂપતા આવશે ! કર્તા, કર્મ આદિ કારકો પણ પદાર્થના જ્ઞાનમાં નિમિત્ત કારણ છે. અને જો કર્તા કર્મ આદિથી વિલક્ષણ કારણને કરણ કહેતા હો, તો માત્ર જ્ઞાન જ પદાર્થના જ્ઞાન પ્રત્યે કરણ થશે ! પરંતુ ઇંદ્રિય અને પદાર્થનો સંબંધ, જ્ઞાન પ્રત્યે કરણ નહીં બને કેમકે ઇંદ્રિય અને પદાર્થનો સંબંધ હોવા છતાં પણ જો જ્ઞાન ના હોય તો પદાર્થનું જ્ઞાન થઈ શકતું નથી. કારણકે જે હોતે છતે પદાર્થનું જ્ઞાન થતું હોય તે જ પદાર્થના જ્ઞાન પ્રત્યે કરણ થાય છે. તો ઇંદ્રિય અને પદાર્થનો સંબંધ હોવા છતાં પણ જ્ઞાનના અભાવમાં પદાર્થનું જ્ઞાન થઈ શકતું નથી. માટે ઇંદ્રિયાર્થ સન્નિકર્ષ એ પદાર્થના જ્ઞાન પ્રત્યે કરણ નથી. કિન્તુ જ્ઞાન જ પદાર્થના જ્ઞાન પ્રત્યે કરણ છે. જે અત્યંત સાધક હોય તે જ કરણ કહેવાય છે; માટે પદાર્થના જ્ઞાન પ્રત્યે અત્યંત સાધક એવું અનંતર કરણ તો જ્ઞાન જ થાય છે.

જો પદાર્થના જ્ઞાન પ્રત્યે પરંપરાએ ફળ આપવાવાળું કરણ માનવામાં આવે તો દુગ્ધભોજન આદિ પણ પરંપરાએ પદાર્થના જ્ઞાન પ્રત્યે કરણ બનશે ! કારણ કે જ્ઞાન પ્રત્યે દુગ્ધાદિ પણ નિમિત્ત કારણ છે. આથી પદાર્થના જ્ઞાન પ્રત્યે જ્ઞાન સિવાય અન્ય કોઇ કરણ નથી, અને ઇંદ્રિયાર્થ સન્નિકર્ષાદિમાં જે પ્રમાણરૂપતા કહેવાય છે, તે ઉપચારથી કહેવાય છે, પરંતુ વાસ્તવિક નથી. ન્યાયભૂષણકારે કહ્યું છે કે; 'સમ્યક્ પ્રકારે અનુભવનું સાધન હોય તે પ્રમાણ કહેવાય છે.' આ કથન પણ ઠીક નથી. કેમકે કર્તા અને કર્મને છોડી કરણમાં જ પ્રમાણપણું સિદ્ધ થાય છે, તેથી અવ્યવહિત ફળને આપવાવાળું

साधकतम करण तो ज्ञान જ બને છે. અને તેજ સમ્યક્ પ્રકારના અનુભવનું સાધન છે, પરંતુ ઇંદ્રિય અને પદાર્થનો સંબંધ અનુભવનું સાધન બની શકતો નથી તેથી પ્રમાણનું ઉક્ત લક્ષણ 'अर्थोपलब्धिहेतुः प्रमाणम्' પણ બરાબર નથી. પ્રમાણનું લક્ષણ स्व-परव्यवसायि ज्ञानं प्रमाणम्" વાસ્તવિક છે. સ્વપર વ્યવસાયિ-પોતાનો અને પરનો નિશ્ચય કરવાવાળું જે જ્ઞાન હોય, તેજ પ્રમાણરૂપ છે.

(टीका) प्रमेयमपि तैरात्मशरीरेन्द्रियार्थबुद्धिमनःप्रवृत्तिदोषप्रेत्यभावफलदुःखापवर्गभेदाद् द्वादशविधमुक्तम् । तच्च न सम्यग् । यतः शरीरेन्द्रियबुद्धिमनःप्रवृत्तिदोषफलदुःखानाम् आत्मन्येवान्तर्भावो युक्तः । संसारिण आत्मनः कथञ्चित् तदविष्वग्भूतत्वात् । आत्मा च प्रमेय एव न भवति । तस्य प्रमातृत्वात् । इन्द्रिय-बुद्धिमनसां तु करणत्वात् प्रमेयत्वाभावः । दोषास्तु रागद्वेषमोहाः, ते च प्रवृत्तेर्न पृथग्भवितुमर्हन्ति । वाङ्मनःकायव्यापारस्य शुभाशुभफलस्य विंशतिविधस्य तन्मते प्रवृत्तिशब्दवाच्यत्वात् । रागादिदोषाणां च मनोव्यापारात्मकत्वात् । दुःखस्य शब्दादीनामिन्द्रियार्थानां च फल एवान्तर्भावः । "प्रवृत्तिदोषजनितं सुखदुःखात्मकं मुख्यं फलं, तत्साधनं तु गौणम्" इति जयन्तवचनात् । प्रेत्यभावापवर्गयोः पुनरात्मन एव परिणामान्तरापत्तिरूपत्वाद्, न पार्थक्यमात्मनः सकाशादुचितम् । तदेवं द्वादशविधं प्रमेयमिति वाग्विस्तरमात्रम् "द्रव्यपर्यायात्मकं वस्तु प्रमेयम्" इति तु समीचीनं लक्षणम् । सर्वसंग्राहकत्वात् । एवं संशयादीनामपि तत्त्वाभासत्वं प्रेक्षावद्भिरनुपेक्षणीयम् । अत्र तु प्रतीतत्वाद्, ग्रन्थगौरवभयाच्च न प्रपञ्चितम् । न्यक्षेण ह्यत्र न्यायशास्त्रमवतारणीयम्, तच्चावतार्यमाणं पृथग्ग्रन्थान्तरतामवगाहत इत्यास्ताम् ॥

(અનુવાદ)

નૈયાયિકોએ આત્મા, શરીર, ઇંદ્રિય, અર્થ, બુદ્ધિ, મન, પ્રવૃત્તિ, દોષ, પ્રેત્યભાવ, ફલ, દુઃખ, અને અપવર્ગ, આ બાર પ્રકારના પ્રમેય (મુમુક્ષુઓને જાણવા યોગ્ય વિષય) કહ્યા છે, તે પણ ઠીક નથી કેમકે શરીર, ઇંદ્રિય, બુદ્ધિ, મન, પ્રવૃત્તિ, દોષ, ફલ, અને દુઃખ આ આઠનો આત્મામાં અંતર્ભાવ થાય છે. શરીર ઇંદ્રિયાદિ જે આઠ પ્રમેય છે તે સંસારી આત્માથી કથંચિત્ અભિન્ન છે, અને આત્મા એ પ્રમાતા (જ્ઞાતા) હોવાથી તે પ્રમેયરૂપ હોઇ શકે નહીં. ઇંદ્રિય, બુદ્ધિ અને મન એ ત્રણ કરણ છે. અર્થાત્ ઇંદ્રિય બુદ્ધિ અને મન દ્વારા આત્મા જ્ઞેય પદાર્થોને જાણે છે, માટે તે કરણરૂપ હોવાથી પ્રમેય નથી; રાગ, દ્વેષ અને મોહ એ ત્રણ દોષો પ્રવૃત્તિથી ભિન્ન નથી. કેમકે નૈયાયિક મતે શુભાશુભ ફળરૂપ ૨૦ પ્રકારના મન, વચન, કાયાના વ્યાપારને 'પ્રવૃત્તિ' કહે છે. રાગાદિ દોષો મનના વ્યાપારરૂપ છે. દુઃખ અને ઇંદ્રિયોના વિષયો શબ્દાદિ, તેનો ફલમાં અંતર્ભાવ થાય છે. તથા જયન્તે કહ્યું છે કે: પ્રવૃત્તિરૂપ દોષથી ઉત્પન થયેલાં સુખ અને

દુઃખ એ મુખ્ય ફલ છે, અને સુખદુઃખ રૂપ ફલનાં સાધન તે ગૌણ ફલ છે. પ્રેત્યભાવ (મરણ) અને મોક્ષ એ આત્માના પરિણામ છે, માટે તે આત્માથી ભિન્ન નથી. માટે બાર પ્રકારના પ્રમેયો છે એમ જે કહેવું તે ખરેખર વાણીનો વિસ્તાર છે.

દ્રવ્ય પર્યાય સ્વરૂપ વસ્તુ તે જ વાસ્તવિક પ્રમેય છે. કેમકે 'द्रव्यपर्यायात्मकं वस्तु प्रमेयम्' એ પ્રમેયનું લક્ષણ સર્વે પદાર્થોનું સંગ્રાહક હોવાથી તે જ વાસ્તવિક સ્વરૂપ છે. આ પ્રકારે પ્રમાણ અને પ્રમેયની જેમ તેઓને અભિમત બાકીના સંશયાદિ ચૌદ પદાર્થો પણ તત્ત્વાભાસરૂપ હોવાથી બુદ્ધિમાન પુરુષોને અનુપાદેય છે. તે સંશયાદિ પ્રસિદ્ધ હોવાથી તેમજ ગ્રન્થ ગૌરવના ભયથી તેનો વિસ્તાર અહીં કરવામાં આવ્યો નથી, કેમકે તેનો સંપૂર્ણ વિસ્તાર કરવાથી તો અહીં ન્યાય શાસ્ત્રનું અવતરણ કરવું પડે ! અને એ રીતે સંપૂર્ણ ન્યાયશાસ્ત્રને અહીં ઉતારવાથી તો એક જુદો મોટો ગ્રંથ થઈ જાય !

(ટીકા)—**तदेवं प्रमाणादिषोडशपदार्थानामविशिष्टेऽपि तत्त्वाभासत्वे प्रकटकपटनाटकसूत्रधाराणां त्रयाणामेव छलजातिनिग्रहस्थानानां मायोपदेशादितिपदेनोपक्षेपः कृतः । तत्र परस्य वदतोऽर्थविकल्पोपपादनेन वचनविघातः छलम् । तत् त्रिधा—वाक्छलं, सामान्यच्छलम्, उपचारच्छलं चेति । तत्र साधारणे शब्दे प्रयुक्ते वक्तुरभिप्रेतादर्थादर्थान्तरकल्पनया तन्निषेधो वाक्छलम् । यथा नवकम्बलोऽयं माणवक इति नूतनविवक्षया कथिते, परः संङ्ख्यामारोप्य निषेधति कृतोऽस्य नव कम्बलाः इति । संभावनयातिप्रसङ्गिनोऽपि सामान्यस्योपन्यासे हेतुत्वारोपणेन तन्निषेधः सामान्यच्छलम् । यथा अहो नु खल्वसौ ब्राह्मणो विद्याचरणसंपन्न इति ब्राह्मणस्तुतिप्रसङ्गे, कश्चिद् वदति सम्भवति ब्राह्मणे विद्याचरणसम्पदिति, तत्छलवादी ब्राह्मणत्वस्य हेतुतामारोप्य निराकुर्वन्नभियुङ्क्ते यदि ब्राह्मणे विद्याचरणसंपद् भवति व्रात्येऽपि सा भवेद् व्रात्योऽपि ब्राह्मण एवेति । औपचारिके प्रयोगे मुख्यप्रतिषेधेन प्रत्यवस्थानम् उपचारच्छलम् । यथा मञ्चाः क्रोशन्तीत्युक्ते, परः प्रत्यवतिष्ठते कथमचेतनाः मञ्चाः क्रोशन्ति मञ्चस्थाः पुरुषाः क्रोशन्तीति ॥**

(અનુવાદ)

આમ ૧૬ પદાર્થોનું સામાન્યરૂપે તત્ત્વાભાસપણું (મિથ્યાતત્ત્વપણું) સિદ્ધ કરવા ઉપરાંત, પ્રગટ એવા કપટરૂપી નાટકમાં સૂત્રધારરૂપે આચરણ કરવાવાળા છલ, જાતિ અને નિગ્રહસ્થાનનું 'मायोपदेशात्' પદ વડે ખંડન કરવામાં આવ્યું છે.

પ્રથમ છલની વ્યાખ્યા કરે છે. વાદીના વચનના અર્થને બદલી તેના વચનનો વિઘાત કરવો તે છલ. વાક્, સામાન્ય, અને ઉપચારના ભેદથી છલ ત્રણ પ્રકારે છે (૧) જ્યાં કોઈ વાદીએ કોઈ સાધારણ શબ્દનો પ્રયોગ કર્યો હોય, ત્યાં તે વાદીના અભિપ્રાયની ઉપેક્ષા કરીને બીજા જ અર્થની કલ્પના વડે વક્તાના વચનનો નિષેધ કરવો તે વાક્છલ કહેવાય છે. જેમકે 'नवकम्बलोऽयं माणवकः' અહીં વક્તાને 'નવ' શબ્દનો વિવક્ષિત અર્થ 'નૂતન' છે, એમ જાણવા છતાં પણ દુર્ભાવનાથી પ્રેરિત છલવાદી પ્રતિવાદીના વચનનો

નિષેધ કરવા માટે, નવ શબ્દનો અર્થ નવ સંખ્યા કરીને વાદીને પૂછે છે કેઃ આ માણવક પાસે કયાં નવ કંબલ છે ? એક જ કંબલ છે. આનું નામ વાકૂછલ. (૨) સંભાવનામાત્રથી કહેલી વાતનો સામાન્ય નિયમ બનાવીને વક્તાના વચનનો અપલાપ કરવો તે સામાન્ય છલ, દા. ત. આ બ્રાહ્મણ વિદ્યા અને આચરણથી યુક્ત છે.' એમ કહીને કોઈ વક્તા બ્રાહ્મણની સ્તુતિ કરતાં કહે છે કેઃ સંભવે છે કે બ્રાહ્મણોમાં વિદ્યા અને આચરણ સહજ પણે હોય છે, ત્યારે છલ કરનાર બ્રાહ્મણત્વ હેતુનો આરોપ કરીને બ્રાહ્મણ માત્રમાં વિદ્યા અને આચારનો સામાન્ય નિયમ બનાવીને વક્તા પ્રત્યે કહે છે કે : જો બ્રાહ્મણ માત્રમાં વિદ્યા અને આચાર સ્વાભાવિકપણે હોય તો પતિત બ્રાહ્મણમાં પણ વિદ્યા અને આચરણ હોવાં જોઇએ. કેમકે પતિત બ્રાહ્મણમાં પણ બ્રાહ્મણપણું તો છે ! આ રીતે સંભાવનામાત્ર કથનનું નિરાકરણ કરવું, તેને સામાન્ય છલ કહેવાય છે, (૩) ઔપચારિક પ્રયોગમાં મુખ્ય અર્થનો નિષેધ કરી વક્તાના વચનનો વ્યાઘાત કરવો, તે ઉપચાર છલ દા. ત. માંચા અવાજ કરે છે' ત્યારે છલવાદી કહે છે કેઃ શું અચેતન એવા માંચા અવાજ કરતા હશે ? માટે એમ કહેવું જોઈએ કે માંચા ઉપર બેઠેલા પુરુષો અવાજ કરે છે.' આ રીતે વક્તાના અભિપ્રાયનું ખંડન કરવું તે ઉપચાર છલ કહેવાય છે.

(ટીકા) तथा सम्यग्हेतौ हेत्वाभासे वा वादिना प्रयुक्ते, झटिति तद्दोषतत्त्वाप्रतिभासे हेतुप्रतिबिम्बनप्रायं किमपि प्रत्यवस्थानं जातिः दूषणाभास इत्यर्थः । सा च चतुर्विंशतिभेदा । साधर्म्यादिप्रत्यवस्थानभेदेन । यथा "साधर्म्यवैधर्म्योत्कर्षापकर्षवर्ण्यावर्ण्यविकल्पसाध्यप्राप्त्यप्राप्तिप्रसङ्गप्रतिदृष्टान्ताऽनुत्पत्तिसंशयप्रकरणहेत्वर्थापत्त्यविशेषोपपत्त्युपलब्ध्यनुपलब्धिनित्यानित्यकार्यसमाः" ॥

(અનુવાદ)

વાદી સમ્યગ્ હેતુ અથવા હેત્વાભાસનો પ્રયોગ કરે તેમાં દોષ જાણ્યા વિના શિઘ્રતાથી કંઈક પણ હેતુ સરખું લાવીને પ્રત્યુત્તર આપવો, તે જાતિ નામનો દૂષણાભાસ કહેવાય છે. તે જાતિ ચોવીશ પ્રકારની છે. તે આ પ્રમાણે સાધર્મ્ય-વૈધર્મ્ય; ઉત્કર્ષ-અપકર્ષ, વર્ણ્ય-અવર્ણ્ય, વિકલ્પ, સાધ્ય, પ્રાપ્તિ, અપ્રાપ્તિ, પ્રસંગ, પ્રતિદૃષ્ટાંત, અનુત્પત્તિ, સંશય, પ્રકરણ, હેતુ, અર્થાપત્તિ, અવિશેષ, ઉપપત્તિ, ઉપલબ્ધિ, અનુપલબ્ધિ, નિત્ય, અનિત્ય અને કાર્યસમ.

(ટીકા) तत्र साधर्म्येण प्रत्यवस्थानं साधर्म्यसमा जातिर्भवति । अनित्यः शब्दः, कृतकत्वाद्, घटवदिति प्रयोगे कृते साधर्म्यप्रयोगेणैव प्रत्यवस्थानम् नित्यः शब्दो, निरवयवत्वाद्, आकाशवत् । न चास्ति विशेषहेतुः घटसाधर्म्यात् कृतकत्वादनित्यः शब्दः, न पुनराकाशसाधर्म्याद् निरवयवत्वाद् नित्यः इति । वैधर्म्येण प्रत्यवस्थानं वैधर्म्यसमा जातिर्भवति । अनित्यः शब्दः, कृतकत्वाद्, घटवदित्यत्रैव प्रयोगे स एव प्रतिहेतुर्वैधर्म्येण प्रयुज्यते नित्यः शब्दो, निरवयवत्वात् । अनित्यं हि सावयवं दृष्टम् घटादीति । न चास्ति विशेषहेतुः घटसाधर्म्यात् कृतकत्वादनित्यः

शब्दः, न पुनस्तद्वैधर्म्याद् निरवयवत्वाद् नित्य इति । उत्कर्षापकर्षाभ्यां प्रत्यवस्थानम् उत्कर्षापकर्षसमे जाती भवतः । तत्रैव प्रयोगे, दृष्टान्तधर्मं कञ्चित् साध्यधर्मिण्यापादयन् उत्कर्षसमां जातिं प्रयुङ्क्ते । यदि घटवत् कृतकत्वादनित्यः शब्दः घटवदेव मूर्तोऽपि भवतु, न चेद मूर्तः, घटवदनित्योऽपि मा भूदिति शब्दे धर्मान्तरोत्कर्षमापादयति । अपकर्षस्तु घटः कृतकः सन् अश्रावणो दृष्टः एवं शब्दोऽप्यस्तु नो चेद् घटवदनित्योऽपि मा भूदिति शब्दे श्रावणत्वधर्ममपकर्षतीति । इत्येताश्चतस्रो दिङ्मात्रदर्शनार्थं जातय उक्ताः । एवं शेषा अपि विंशतिरक्षपादशास्त्रदवसेयाः । अत्र त्वनुपयोगित्वाद् न लिखिताः ॥

(અનુવાદ)

(૨) વાદી સાધર્મ્યનો પ્રયોગ કરે ત્યારે દૃષ્ટાંતની સમાનતા બતાવી સાધ્યથી વિપરીત કથન કરવું, તે સાધર્મ્યસમા જાતિ. દા. ત. શબ્દ અનિત્ય છે, કેમકે કૃતકત્વ (કાર્યરૂપ) હોવાથી, જે જે કાર્યરૂપ હોય છે તે તે અનિત્ય હોય છે. જેમકે ઘટ એ કાર્યરૂપ છે માટે તે અનિત્ય છે. આ પ્રમાણે વાદી પ્રયોગ કરે, ત્યારે તેનું સાધર્મ્યના પ્રયોગ વડે ખંડન કરવા માટે કહે છે કે: શબ્દ એ નિત્ય છે, કેમકે તે નિરવયવ છે. જે જે નિરવયવ હોય છે તે તે નિત્ય હોય છે, જેમકે આકાશ તે નિરવયવ છે માટે તે નિત્ય છે. આવો પ્રયોગ કરીને વાદીને કહે છે કે: જેવી રીતે કાર્યરૂપ ધર્મની અપેક્ષાએ શબ્દ અને ઘટમાં સમાનતા છે, તેવી રીતે નિરવયવરૂપ ધર્મની અપેક્ષાએ શબ્દ અને આકાશમાં પણ સામ્યતા છે, તેથી શબ્દમાં આકાશની જેમ નિત્યતા પણ હોવી જોઇએ. અહીં વાદીએ શબ્દમાં અનિત્યતાની સિદ્ધિ કરવા માટે કૃતકત્વ હેતુ આપ્યો, ત્યારે પ્રતિવાદી શબ્દમાં નિત્યતાની સિદ્ધિ કરવા માટે નિરવયવત્વ હેતુ આપીને આકાશ રૂપ દૃષ્ટાન્તના સાધર્મ્યથી સાધ્યમાં વિપરીતતા જણાવે છે ! તે સાધર્મ્ય સમા જાતિ કહેવાય છે.

(૨) વાદીએ કરેલા પ્રયોગમાં વૈધર્મ્યપણું બતાવીને ખંડન કરવું, તે વૈધર્મ્યસમા જાતિ. દા. ત. શબ્દ અનિત્ય છે. કારણ કે તે કાર્યરૂપ છે, જે જે કાર્યરૂપ છે તે તે અનિત્ય છે. આની સામે પ્રતિવાદી કહે છે કે: શબ્દ નિત્ય છે કારણ કે તે નિરવયવ છે. જે જે નિરવયવ હોય છે તે તે નિત્ય હોય છે. દા. ત. આકાશ. આકાશ નિરવયવ છે માટે નિત્ય છે. આમ વૈધર્મ્યના પ્રયોગ વડે પ્રતિવાદી કહે છે કે, નિત્ય એવા આકાશ રૂપ દૃષ્ટાન્તના વૈધર્મ્યથી જેમ શબ્દ અનિત્ય છે તેમ અનિત્ય એવા ઘટરૂપ દૃષ્ટાન્તના વૈધર્મ્યથી નિત્યપણું થશે, આ રીતે દૃષ્ટાન્તના વૈધર્મ્યથી સાધ્યમાં વિપરીતતા જણાવવી તે વૈધર્મ્યસમા જાતિ કહેવાય છે.

(૩) દૃષ્ટાન્તના ધર્મને સાધ્યમાં લાવીને વાદીના વચનનું ખંડન કરવું તે ઉત્કર્ષસમા જાતિ. દા.ત. શબ્દ અનિત્ય છે, કારણ કે તેમાં કૃતકત્વ છે. જેમ ઘટ કાર્યરૂપ હોવાથી અનિત્ય છે તેમ શબ્દ પણ કાર્યરૂપ હોવાથી અનિત્ય છે. આ પ્રમાણે વાદી પ્રયોગ કરે, કે તેમાં દોષ આપવા માટે પ્રતિવાદી કહે કે : જો શબ્દમાં ઘટની જેમ અનિત્યતા માનો છો તો ઘટની જેમ મૂર્તતા પણ માનવી જોઇએ. જો શબ્દમાં ઘટગત મૂર્તત્વ ધર્મ ન સ્વીકારો તો

ઘટગત અનિત્યતા ધર્મ પણ ન માનવો જોઈએ. આ રીતે દૃષ્ટાન્તના એક વિશેષ ધર્મને સાધ્યમાં લાવીને વાદીના વચનનું ખંડન કરવું તે ઉત્કર્ષસમા જાતિ કહેવાય છે.

(૪) સાધ્યરૂપ ધર્મીમાંથી દૃષ્ટાન્તમાં નહીં રહેવાવાળા ધર્મનું અપકર્ષણ કરીને વાદીના વચનનો વ્યાઘાત કરવો, તે અપકર્ષસમા જાતિ. દા. ત. શબ્દ અનિત્ય છે, કારણ કે તેમાં કૃતકત્વ છે. ઘટની જેમ, આ પ્રકારે વાદી પ્રયોગ કરે છે ત્યારે પ્રતિવાદી તેનું ખંડન કરવા માટે કહે છે કે : જેમ ઘટ શ્રવણનો વિષય નથી, તેમ શબ્દ પણ શ્રવણનો વિષય ન હોવો જોઇએ ! જો શબ્દમાં અશ્રાવણપણું ન માનો તો ઘટગત અનિત્યતા ધર્મ પણ ના માનવો જોઇએ. આ રીતે દૃષ્ટાન્તમાં નહીં રહેવાવાળા ધર્મનું ધર્મીમાંથી અપકર્ષણ કરવું, તે અપકર્ષસમા જાતિ કહેવાય છે. આ પ્રકારે ચાર જાતિનું સ્વરૂપ દિશાસૂચન માટે કહેલ છે, બાકીની વીસ જાતિનું સ્વરૂપ ન્યાયશાસ્ત્રમાંથી જાણી લેવું. પ્રસ્તુતમાં તેનું વર્ણન નિરુપયોગી હોવાથી નથી કર્યું.

(टीका) तथा विप्रतिपत्तिरप्रतिप्रत्तिश्च निग्रहस्थानम् । तत्र विप्रतिपत्तिः साधनाभासे साधनबुद्धिः, दूषणाभासे च दूषणबुद्धिरिति । अप्रतिपत्तिः साधनस्यादूषणं, दूषणस्य चानुद्धरणम् । तच्च निग्रहस्थानं द्वाविंशतिविधम् । तद्यथा—प्रतिज्ञाहानिः प्रतिज्ञान्तरम् प्रतिज्ञाविरोधः प्रतिज्ञासंन्यासः हेत्वन्तरम् अर्थान्तरम् निरर्थकम् अविज्ञातार्थम् अपार्थकम् अप्राप्तकालम् न्यूनम् अधिकम् पुनरुक्तम् अननुभाषणम् अज्ञानम् अप्रतिभा विक्षेपः मतानुज्ञा पर्यनुयोज्योपेक्षणम् निरनुयोज्यानुयोगः अपसिद्धान्तः हेत्वाभासाश्च ।

(અનુવાદ)

હવે વિપ્રતિપત્તિ અને અપ્રતિપત્તિરૂપ નિગ્રહસ્થાન કહેવામાં આવે છે. સાધનાભાસમાં સાધનબુદ્ધિ અને દૂષણાભાસમાં દૂષણબુદ્ધિ તેને વિપ્રતિપત્તિ (વિરૂદ્ધ પ્રતિપત્તિ) કહે છે. અને પ્રતિવાદીના સાધન(હેતુ)નેદૂષણ રહિત માનવું, અથવા તો પ્રતિવાદીના દૂષણને દૂર નહીં કરવું તે અપ્રતિપત્તિ કહેવાય છે. તે નિગ્રહસ્થાન બાવીશ પ્રકારે છે. તે આ પ્રમાણે પ્રતિજ્ઞાહાનિ, પ્રતિજ્ઞાન્તર, પ્રતિજ્ઞાવિરોધ, પ્રતિજ્ઞાસંન્યાસ, હેત્વન્તર, અર્થાન્તર નિરર્થક, અવિજ્ઞાતાર્થ, અપાર્થક, અપ્રાપ્તકાલ, ન્યૂન, અધિક; પુનરુક્ત, અનનુભાષણ, અજ્ઞાન, અપ્રતિભા, વિક્ષેપ, મતાનુજ્ઞા, પર્યનુયોજ્યોપેક્ષણ, નિરનુયોજ્યાનુયોગ, અપસિદ્ધાંત, અને હેત્વાભાસ, એમાં અનનુભાષણ, અજ્ઞાન, અપ્રતિભા, વિક્ષેપ, મતાનુજ્ઞા, અને પર્યનુયોજ્યોપેક્ષણ, એ છ પ્રકારનાં નિગ્રહસ્થાન, અપ્રતિપત્તિથી હોય છે અને બાકીનાં સોળ વિપ્રતિપત્તિથી થાય છે.

(टीका) तत्र हेतावनैकान्तिकीकृते प्रतिदृष्टान्तधर्मं स्वदृष्टान्तेऽभ्युपगच्छतः प्रतिज्ञाहानिर्नाम निग्रहस्थानम् । यथा अनित्यः शब्दः ऐन्द्रियकत्वाद्, घटवदिति प्रतिज्ञासाधनाय वादी वदन्, परेण सामान्यमैन्द्रियकमपि नित्यं दृष्टमिति हेतावनैकान्तिकीकृते, यद्येवं ब्रूयात् सामान्यवद् घटोऽपि नित्यो भवत्विति, स एवं

ब्रुवाणः शब्दोऽनित्यत्वप्रतिज्ञां जह्यात् । प्रतिज्ञातार्थप्रतिषेधे परेण कृते तत्रैव धर्मिणि धर्मान्तरम् साधनीयमभिदधतः प्रतिज्ञान्तरं नाम निग्रहस्थानं भवति । अनित्यः शब्दः, ऐन्द्रियकत्वादित्युक्ते, तथैव सामान्येन व्यभिचारे चोदिते, यदि ब्रूयाद् युक्तं यत् सामान्यमैन्द्रियकं नित्यम्. तद्धि सर्वगतम्. असर्वगतस्तु शब्द इति । तदिदं शब्देऽनित्यत्वलक्षणपूर्वप्रतिज्ञातः प्रतिज्ञान्तरमसर्वगतः शब्द इति निग्रहस्थानम्। अनया दिशा शेषाण्यपि विंशतिर्ज्ञेयानि । इह तु न लिखितानि, पूर्वहेतोरेव । इत्येवं मायाशब्देनात्र छलादित्रयं सूचितम् । तदेवं परवञ्चनात्मकान्यपि छलजाति-निग्रहस्थानानि तत्त्वरूपतयोपदिशतो अक्षपादर्षे वैराग्यव्यावर्णनं तमसः प्रकाशात्मकत्वप्ररूपणमिव कथमिव नोपहसनीयम् इति काव्यार्थः ॥ १० ॥

(અનુવાદ)

(૧) પ્રતિવાદી હેતુમાં અનૈકાન્તિકતા સિદ્ધ કરે ત્યારે વાદી વિરોધી દૃષ્ટાંતના ધર્મને સ્વાભિમત દૃષ્ટાંતમાં સ્વીકાર કરે, તે પ્રતિજ્ઞા-હાનિ નામનું નિગ્રહસ્થાન કહેવાય છે. દા. ત. શબ્દ અનિત્ય છે, કારણ કે તે ઇંદ્રિયનો વિષય છે. જે જે ઇંદ્રિયોના વિષય હોય છે તે તે અનિત્ય હોય છે. જેમ કે ઘટ. ઘડો ઇંદ્રિયનો વિષય હોવાથી અનિત્ય છે, તેમ શબ્દ પણ ઇંદ્રિયનો વિષય હોવાથી અનિત્ય છે. આ પ્રમાણે વાદી પ્રતિજ્ઞા કરે છે ત્યારે પ્રતિવાદી કહે છે કે ઉકત વ્યાપ્તિ બરાબર નથી. કેમકે સામાન્ય(જાતિ) પણ ઇંદ્રિયનો વિષય છે, પરંતુ તે અનિત્ય નથી. તેથી નિત્ય એવા સામાન્યરૂપ સાધ્યાભાવાધિકરણમાં 'ઐંદ્રિયકત્વ' હેતુ રહેવાથી, પ્રસ્તુત હેતુ અનૈકાન્તિક (વ્યભિચારી) છે. આ પ્રમાણે પ્રતિવાદી કહે છે, ત્યારે વાદી કહે છે કે ; જો આ પ્રમાણે છે, તો ભલે સામાન્યની જેમ ઘટ પણ નિત્ય થાઓ ! આ રીતે વાદી શબ્દમાં અનિત્યતારૂપ પોતાની પ્રતિજ્ઞાનો ત્યાગ કરે તેને પ્રતિજ્ઞા હાનિ નિગ્રહસ્થાન કહે છે.

(૨) પ્રતિવાદી દ્વારા પ્રતિજ્ઞાનું ખંડન થાય ત્યારે ધર્મીમાં અન્ય ધર્મનો સ્વીકાર કરવો તે પ્રતિજ્ઞાન્તર કહેવાય છે. દા. ત. શબ્દ અનિત્ય છે. કારણ કે તે ઇંદ્રિયનો વિષય છે. જેમ કે ઘટ. આ પ્રમાણે જ્યારે વાદી પ્રયોગ કરે છે ત્યારે પ્રતિવાદી ઐંદ્રિયકત્વ હેતુ નિત્ય એવા સામાન્યમાં રહેવાથી વ્યભિચારી બનાવે છે. વાદી કહે છે કે : સામાન્ય ઇંદ્રિયનો વિષય હોવાળી નિત્ય છે અને સર્વવ્યાપી છે, પરંતુ શબ્દ તો ઘટની જેમ અસર્વગત છે તેથી તે અનિત્ય છે. આ રીતે પહેલાં શબ્દમાં અનિત્યતા સ્વીકારી અને ત્યારબાદ શબ્દમાં અસર્વગતત્વ સ્વીકારી, બીજી પ્રતિજ્ઞાનો સ્વીકાર કરવો, તે પ્રતિજ્ઞાન્તર નામનું નિગ્રહસ્થાન કહેવાય છે. આ પ્રમાણે બાકીનાં ૨૦ નિગ્રહસ્થાનો ન્યાયશાસ્ત્રથી જાણી લેવાં. પૂર્વે કહેલા હેતુથી, તેમજ અત્રે અનુપયોગી હોવાથી તેમનું વર્ણન કરવામાં આવ્યું નથી. અહીં માયા શબ્દથી છલાદિ ત્રણનું સૂચન કરેલું છે. તે છલ, જાતિ અને નિગ્રહસ્થાન ફકત પરને ઠગવા રૂપ હોવા છતાં પણ તેનો તત્ત્વ રૂપે ઉપદેશ કરતા એવા અક્ષપાદ ઋષિને વૈરાગી કહેવા, તે ખરેખર અંધકારને પ્રકાશ રૂપ કહેવા બરાબર છે. તેથી તેઓ પંડિત પુરૂષોમાં ઉપહાસ પાત્ર કેમ ના થાય ! આ પ્રમાણે દશમા કાવ્યનો અર્થ જાણવો.

अवतरण

अधुना मीमांसकभेदाभिमतं वेदविहितहिंसाया धर्महेतुत्वमुपपत्तिपुरःसरं निरस्यन्नाह—

અવતરણ

હવે મીમાંસકમતના એકદેશીય પક્ષને અભિમત વેદમાં કહેલી હિંસા તે ધર્મનું કારણ છે; તેનું યુક્તિપૂર્વક ખંડન કરતાં કહે છે કે :

मूल—न धर्महेतुर्विहितापि हिंसा नोत्सृष्टमन्यार्थमपोद्यते च ।
स्वपुत्रघाताद् नृपतित्वलिप्सा सब्रह्मचारि स्फुरितं परेषाम् ॥११॥

(મૂલ-અર્થ) વેદમાં કહેલી હિંસા ધર્મનું કારણ નથી. હિંસા ધર્મનું કારણ કેવી રીતે બની શકે ? અને જે ધર્મનું કારણ છે, તે હિંસા કેવી રીતે હોઈ શકે ? વેદમાં કહેલી હિંસાનું અપવાદ-વિધિથી પણ પ્રતિપાદન થઈ શકતું નથી. કેમકે જે કાર્યને માટે સામાન્ય વાકય હોય છે તે જ કાર્યને માટે અપવાદ વાકય હોય છે; અન્ય કાર્ય માટે પ્રયોગ કરેલ વાકયનું અપવાદરૂપ હોઈ શકતું નથી. જો જીવના વધથી સ્વર્ગ પ્રાપ્તિની ઈચ્છા હોય તો ખરેખર તે ઇચ્છા પોતાના પુત્રને મારીને રાજ્યની પ્રાપ્તિ કરવી તેના બરાબર છે ! જેમ કોઈ અજ્ઞાની પુરુષ ક્રૂર પરિણામથી પોતાના પુત્રને મારી રાજ્યલક્ષ્મી કદાપિ પ્રાપ્ત કરે તો પણ તેનું પુત્ર-વધથી ઉત્પન્ન થયેલું કલંક દૂર થઇ શકતું નથી; તેમ સ્વર્ગાદિને પ્રાપ્ત કરવાની ઇચ્છાથી જીવહિંસા કરનારનું જીવવધજન્ય પાપ દૂર થઈ શકતું નથી.

(टीका) इह खल्वर्चिर्मार्गप्रतिपक्षधूममार्गाश्रिता जैमिनीया इत्थमाचक्षते । या हिंसा गाद्धर्याद् व्यसनितया वा क्रियते सैवाधर्मानुबन्धहेतुः, प्रमादसंपादितत्वात् । शौनिकलुब्धकादीनामिव । वेदविहिता तु हिंसा प्रत्युत धर्महेतुः, देवतातिथिपितृणां प्रीतिसंपादकत्वात्, तथाविधपूजोपचारवत् । न च तत्प्रीतिसंपादकत्वमसिद्धम् । कारीरीप्रभृतियज्ञानां स्वसाध्ये वृष्ट्यादिफले यः खल्वव्यभिचारः, स तत्प्रीणितदेवताविशेषानुग्रहहेतुकः । एवं त्रिपुराणवर्णितच्छगलजाङ्गलहोमात् परराष्ट्रवशीकृतिरपि तदनुकूलितदैवतप्रसादसंपाद्या । अतिथिप्रीतिस्तु मधुपर्कसंस्कारादिसमास्वादजा प्रत्यक्षोपलक्ष्यैव । पितृणामपि तत्तदुपयाचितश्राद्धादिविधानेन प्रीणितात्मनां स्वसन्तानवृद्धिविधानं साक्षादेव वीक्ष्यते । आगमश्चात्र प्रमाणम् । स च

देवप्रीत्यर्थमश्वमेधगोमेधनरमेधादिविधानाभिधायकः प्रतीत एव । अतिथिविषयस्तु "महोक्षं वा महाजं वा श्रोत्रियायोपकल्पयेत" । इत्यादिः । पितृप्रीत्यर्थस्तु–

"द्वौ मासौ मत्स्यमांसेन त्रीन् मासान् हरिणेन तु ।
औरभ्रेणाथ चतुरः शाकुनेनेह पञ्च तु" ॥ इत्यादिः ।

(अनुवाद)

અહિંસ અર્ચિર્માર્ગના પ્રતિપક્ષ રૂપે ધૂમમાર્ગને આશ્રયી રહેલા એવા જૈમિનીય મતવાળા(પૂર્વમીમાંસકો) કહે છે કે : વ્યસન અથવા તો લોલુપતાનાં કારણથી કસાઈઓ તથા શિકારીઓ વડે કરાયેલી હિંસા, તે પ્રમાદથી થતી હોવાથી, અધર્મનું કારણ થાય છે. પરંતુ વેદમાં કહેલી હિંસા તેવા પ્રકારની પૂજની સામગ્રીની જેમ દેવ. અતિથિ અને પિતૃઓની પ્રીતિને સંપાદન કરવાવાળી હોવાથી અધર્મનું કારણ નથી, બલ્કે ધર્મનું કારણ છે. વળી વેદોક્ત હિંસામાં દેવતા આદિની પ્રીતિનું સંપાદનપણું અસિદ્ધ નથી, કેમકે કારીરી (જે યજ્ઞ કરવાથી વૃષ્ટિ આદિ ફલ થાય છે, તે), આદિ યજ્ઞોથી સાધ્ય વૃષ્ટિ આદિ ફલોની પ્રાપ્તિ દેખાય છે. અને તે વૃષ્ટિ આદિ ફળો કારીરી આદિ યજ્ઞોથી પ્રસન્ન થયેલા દેવતાવિશેષની કૃપાને આભારી છે. તેમજ 'પ્રિપુરાર્ણવ' નામના ગ્રંથમાં કહ્યું છે કે : બકરાં અને હરણનો હોમ કરવાથી તેને અનુકૂલ દેવતાવિશેષની કૃપાથી પરરાષ્ટ્ર વશીભૂત થાય છે. વળી દહીંથી યુક્ત મધ, ઘી; સાકર અને પાણી તે મધુપર્ક કહેવાય છે. તે મધુપર્ક આદિ વડે આસ્વાદિત થયેલા અતિથિઓની પ્રસન્નતા તો પ્રત્યક્ષ દેખાય છે ! તેવી જ રીતે શ્રાદ્ધાદિ કરવાથી પિતૃઓની પ્રસન્નતા પ્રાપ્ત થવાથી પોતાને સંતાનવૃદ્ધિરૂપ ફલ પ્રત્યક્ષ જોવામાં આવે છે. તેમજ આગમમાં પણ કહ્યું છે કે : દેવતાઓની પ્રીતિ માટે અશ્વમેધ, ગોમેધ, અને નરમેધ, આદિ યજ્ઞો કરવા જોઇએ. વળી શ્રોત્રિય (વેદ પાઠી) એવા અતિથિઓની પ્રસન્નતા માટે મોટા બળદ, અથવા તો મોટા બકરાને મારીને તેઓને આપવા જોઇએ. તેમજ પિતૃઓની પ્રીતિ સંપાદન કરવા માટે કહ્યું છે કે મત્સ્યમાંસની બે માસ, હરિણના માંસથી ત્રણમાસ, મેંઢાના માંસથી ચાર માસ અને પક્ષીના માંસથી પાંચ માસ સુધી પિતૃઓની તૃપ્તિ થાય છે.

(टीका) एवं पराभिप्रायं हृदि संप्रधार्याचार्यः प्रतिविधत्ते न धर्मेत्यादि । विहितापि–वेदप्रतिपादितापि । आस्तां तावदविहिता हिंसा–प्राणिप्राणव्यपरोपणरूपा । न धर्महेतुः–न धर्मानुबन्धनिबन्धनम् । यतोऽत्र प्रकट एव स्ववचनविरोधः । तथाहि । 'हिंसा चेद् धर्महेतुः कथम्,' धर्महेतुश्चेद् हिंसा कथम् ।' " श्रूयतां धर्मसर्वस्वं श्रुत्वा चैवावधार्यताम् " इत्यादिः । न हि भवति माता च, वन्ध्या चेति । हिंसा कारणं, धर्मस्तु तत्कार्यमिति पराभिप्रायः । न चायं निरपायः । यतो यद् यस्यान्वयव्यतिरेकावनुविधत्ते तत् तस्य कार्यम्, यथा मृत्पिण्डादेर्घटादिः । न च धर्मो हिंसात एव भवतीति प्रातीतिकम् तपोविधानदानध्यानादीनां तदकारणत्वप्रसङ्गात् ॥

(અનુવાદ)

આ પ્રકારના પરના અભિપ્રાયને વિચારીને આચાર્ય મહારાજ કહે છે કે : પ્રાણીઓના પ્રાણને નાશ કરવાવાળી વેદબાહ્ય હિંસા તો દૂર રહો; પરંતુ વેદમાં કહેલી હિંસા પણ ધર્મનું કારણ બની શકતી નથી. કેમકે જે હિંસા છે તે ધર્મનું કારણ કઈ રીતે થઇ શકે ? અને જે ધર્મનું કારણ છે તે હિંસા કઈ રીતે બની શકે ? હિંસા અને ધર્મ, બન્નેનો પરસ્પર વિરોધ હોવાથી તેઓનાં વચનનો સાક્ષાત્ વિરોધ પ્રગટ થાય છે.

વળી કહ્યું છે કે ધર્મનો સાર સાંભળીને તેને ગ્રહણ કરવો જોઇએ. માટે જેમ 'માતા વન્ધ્યા હોતી નથી' તેમ હિંસા એ ધર્મ રૂપ થઈ શકતી નથી. આથી હિંસા ધર્મનું કારણ છે અને ધર્મ એ હિંસાનું કાર્ય છે, આવા ધર્મનું નિરૂપણ કરવાવાળા મીમાંસકોનો અભિપ્રાય સદોષ છે, કેમકે જેનો જેની સાથે અન્વય-વ્યતિરેક સંબંધ થાય છે, તેનો પરસ્પરકાર્યકારણભાવ બની શકે છે, દા. ત. માટીના સદ્ભાવમાં ઘટનો સદ્ભાવ અને માટીના અભાવમાં ઘટનો અભાવ ! આ પ્રકારે માટી અને ઘટનો અન્વય-વ્યતિરેક સંબંધ હોવાથી તેમાં જેમ પરસ્પરકાર્યકારણભાવ બની શકે છે, તેમ પ્રસ્તુતમાં હિંસાના સદ્ભાવમાં ધર્મ અને હિંસાના અભાવમાં ધર્મનો અભાવ, આવો અન્વય વ્યતિરેક સંબંધ નહીં ઘટવાથી પરસ્પર કાર્યકારણ ભાવ બની શકતો નથી. તેથી હિંસા કોઇ પણ રીતે ધર્મનું કારણ થઇ શકતી નથી. છતાં પણ જો હિંસાથી ધર્મ થતો હોય તો અહિંસા, તપ, ક્રિયા, દાન અને ધ્યાન આદિ ધર્મનાં કારણરૂપ અનુષ્ઠાનો બધાં જ નિષ્ફળ જશે ! અર્થાત્ તે અકારણ રૂપ બનશે.

(ટીકા) अथ न वयं सामान्येन हिंसां धर्महेतुं ब्रूमः, किन्तु विशिष्टामेव । विशिष्टा च सैव या वेदविहिता इति चेत्, ननु तस्या धर्महेतुत्वं किं वध्यजीवानां मरणाभावेन, मरणेऽपि तेषामार्त्तध्यानाभावात् सुगतिलाभेन वा ? नाद्यः पक्षः । प्राणत्यागस्य तेषां साक्षादवेक्ष्यमाणत्वात् । न द्वितीयः । परचेतोवृत्तीनां दुर्लक्षतयाऽऽर्त्तध्यानाभावस्य वाङ्मात्रत्वात् । प्रत्युत हा कष्टमस्ति न कोपि कारुणिकः शरणम्, इति स्वभाषया विरसमारसत्सु तेषु वदनदैन्यनयनतरलतादीनां लिङ्गानां दर्शनाद् दुर्ध्यानस्य स्पष्टमेव निष्टङ्क्यमानत्वात् ॥

(અનુવાદ)

શંકા : અમે સામાન્ય હિંસાને ધર્મનું કારણ કહેતા નથી, પરંતુ વિશિષ્ટ હિંસાને જ ધર્મનું કારણ કહીયે છીએ, અને તે વિશિષ્ટ હિંસા તો તે જ છે કે જે વેદમાં કહેલી છે.

સમાધાન : તમે હિંસાને ધર્મનું કારણ કયા રૂપે કહો છો ? શું વધ્ય જીવોનું મરણ થતું નથી માટે હિંસા ધર્મનું કારણ છે ? કે મરણ થવા છતાં પણ આર્તધ્યાન નહીં થવાથી તે જીવોને સદ્ગતિની પ્રાપ્તિ થાય છે, તે કારણથી હિંસા ધર્મનું કારણ છે ! એમ ના કહેશો કે વેદમાં કહેલી વિધિપૂર્વક વધ કરવાથી તે જીવોનું મરણ થતું નથી. પ્રથમ પક્ષ ઠીક નથી, કેમકે વધ્ય જીવોનું મરણ તો પ્રત્યક્ષ દેખાય છે. જો કહો

કે વેદમાં કહેલી વિધિપૂર્વક તેઓનો વધ કરવાથી તે જીવોને આર્તધ્યાન થતું નથી, તે કેવલ બોલવાનું છે. કેમકે પરના ચિત્તમાં રહેલું આર્તધ્યાન જોઈ શકાતું નથી. બલ્કે 'હા કષ્ટમ્ હા કષ્ટમ્' કોઈ પણ કારુણિકનું શરણ નથી, તેવા પ્રકારની પોતાની હૃદય દ્રાવક ભાષામાં આક્રંદ કરતા એવા તે પ્રાણીઓની મુખમુદ્રામાં દીનતા, અને નેત્રોની ચંચલતા આદિ દુર્ધ્યાનનાં ચિહ્નો સ્પષ્ટ પણે દેખવામાં આવે છે.

(टीका) अथेत्थमाचक्षीथाः यथा अयःपिण्डो गुरुतया मज्जनात्मकोऽपि तनुतरपत्रादिकरणेन संस्कृतः सन् जलोपरि प्लवते, यथा च मारणात्मकमपि विषं मन्त्रादिसंस्कारविशिष्टं सद् गुणाय जायते, यथा वा दहनस्वभावोऽप्यग्निः सत्यादिप्रभावप्रतिहतशक्तिः सत् न हि प्रदहति । एवं मन्त्रादिविधिसंस्काराद् न खलु वेदविहिता हिंसा दोषपोषाय । न च तस्याः कुत्सितत्व शङ्कनीयम् । तत्कारिणां याज्ञिकानां लोके पूज्यत्वदर्शनादिति । तदेतद् न दक्षाणां क्षमते क्षोदम् । वैधर्म्येण दृष्टान्तानामसाधकतमत्वात् । अयःपिण्डादयो हि पत्रादिभावान्तरापन्नाः सन्तः सलिलतरणादिक्रियासमर्थाः । न च वैदिकमन्त्रसंस्कारविधिनापि विशस्यमानानां पशूनां काचिद् वेदनानुत्पादादिरूपा भावान्तरापत्तिः प्रतीयते । अथ तेषां वधानन्तरं देवत्वापत्तिर्भावान्तरमस्त्येवेत्ति चेत् किमत्र प्रमाणम् । न तावत् प्रत्यक्षम् । तस्य संबद्धवर्तमानार्थग्राहकत्वात् । "सम्बद्धं वर्तमानं च गृह्यते चक्षुरादिना ।" इति वचनात् । नाप्यनुमानम् । तत्प्रतिबद्धलिङ्गानुपलब्धेः । नाप्यागमः । तस्याद्यापि विवादास्पदत्वात् । अर्थापत्त्युपमानयोस्त्वनुमानान्तर्गततया तदुद्भणेनैव गतार्थत्वम् ॥

(અનુવાદ)

શંકા : જેમ લોહનો પિંડ ભારે હોવાથી પાણીમાં ડૂબવાના સ્વભાવવાળો હોવા છતાં, અત્યંત હલકા પતરાના રૂપમાં પરિણત થાય તો નાવની જેમ જલ ઉપર તરે છે ! તેમજ મારણ સ્વભાવવાળું પણ વિષ મન્ત્રાદિકના પ્રયોગથી સંસ્કારિત કરવામાં આવે તો શરીરમાં આરોગ્ય વધારનારૂં થાય છે. તથા જલન સ્વભાવવાળા પણ અગ્નિની શક્તિ સત્ય આદિના પ્રભાવથી આવૃત થાય છે : દાહાદિ ક્રિયા કરવા માટે અસમર્થ બને છે.

તેવીજ રીતે 'મન્ત્રાદિ વિધિના સંસ્કારથી કરાયેલી હિંસા પાપ-બંધનનાં કારણરૂપ થતી નથી. તે વેદોકત હિંસા નિન્દનીય પણ નથી, કેમકે વેદોકત હિંસાના કર્તા યાજ્ઞિક લોકોને સંસારમાં પૂજ્યદૃષ્ટિથી જોવામાં આવે છે.

ઉત્તર : આ પ્રકારનું આપનું કથન યુક્તિયુક્ત નથી, કેમકે લોહપિંડાદિ દૃષ્ટાંતોની સાથે તેની વિષમતા હોવાથી, તે દૃષ્ટાંતો દ્વારા હેતુની સિદ્ધિ થઈ શકતી નથી. લોહપિંડ વગેરે ભિન્ન ભિન્ન અવસ્થા (પતરા વગેરેની) પ્રાપ્ત કરતાં પાણીમાં તરવા માટે સમર્થ થાય છે, પરંતુ અહીં વૈદિક-મન્ત્ર દ્વારા સંસ્કારિત પદ્ધતિથી પણ વધ કરાયેલા પ્રાણીઓની વેદનાની અનુત્પત્તિરૂપ ભિન્ન અવસ્થા દેખવામાં આવતી નથી.

શંકા : વેદમાં કહેલી વિધિ પૂર્વક વધ કરવાથી, તે પ્રાણીઓને સ્વર્ગાદિની પ્રાપ્તિ થવાથી, તેઓની દેવ પર્યાયરૂપ ભિન્ન અવસ્થા થાય છે.

સમાધાન : આપના આ રીતના કથનમાં કોઇ પ્રમાણ નથી. કેમકે પ્રત્યક્ષ પ્રમાણ તો કેવલ ઇંદ્રિયસંબદ્ધ એવા વર્તમાન પદાર્થને જ જણાવે છે. કહ્યું પણ છે કે 'પ્રત્યક્ષ-પ્રમાણ ચક્ષુ આદિ ઇંદ્રિયો વડે સંબદ્ધ એવા વર્તમાન પદાર્થને જ જણાવે છે' તેથી પ્રત્યક્ષ પ્રમાણ દ્વારા પ્રાણીઓની સ્વર્ગાદિની પ્રાપ્તિ સિદ્ધ થઇ શકતી નથી. અનુમાન પ્રમાણથી પણ સિદ્ધિ થઇ શકશે નહીં કેમ કે અનુમાન પ્રમાણનો સાધક કોઈ હેતુ જોવામાં આવતો નથી. આગમ તો હજુ અત્યારે પણ વિવાદાસ્પદ હોવાથી તેના દ્વારા વધ્ય જીવોની સ્વર્ગાદિ પ્રાપ્તિની સિદ્ધિ થઈ શકે નહીં. અર્થાપત્તિ અને ઉપમાન પ્રમાણ તો અનુમાન પ્રમાણમાં અંતર્ગત હોવાથી જેવી રીતે અનુમાન પ્રમાણથી વધ્યજીવોની સ્વર્ગાદિની પ્રાપ્તિ સિદ્ધ થઈ શકતી નથી તેવી જ રીતે ઉકત બન્ને પ્રમાણ પણ સ્વર્ગપ્રાપ્તિની સિદ્ધિ કરી શકશે નહીં.

(टीका) अथ भवतामपि जिनायतनादिविधाने परिणामविशेषात् पृथिव्यादि-जन्तुजातधातनमपि यथा पुण्याय कल्प्यते इति कल्पना, तथा अस्माकमपि किं नेष्यते । वेदोक्तविधिविधानरूपस्य परिणामविशेषस्य निर्विकल्पं तत्रापि भावात् । नैवम् । परिणामविशेषोऽपि स एव शुभफलो, यत्रानन्योपायत्वेन यतनयाऽपकृष्टप्रत-नुचैतन्यानां पृथिव्यादिजीवानां वधेऽपि स्वल्पपुण्यव्ययेनापरिमितसुकृतसंप्राप्तिः, न पुनरितरः । भवत्पक्षे तु सत्स्वपि तच्छ्रुतिस्मृतिपुराणेतिहासप्रतिपादितेषु यमनिय-मादिषुस्वर्गावाप्त्युपायेषु तांस्तान् देवानुद्दिश्यप्रतिप्रतीकं कर्तनकदर्थनया कान्दिशीकान् कृपणपञ्चेन्द्रियान् शौनिकाधिकं मारयतां कृत्स्नसुकृतव्ययेन दुर्गतिमेवानुकूलयतां दुर्लभः शुभपरिणामविशेषः । एवं च यं कञ्चन पदार्थं किञ्चित्साधर्म्यद्वारेणैव दृष्टान्तीकुर्वतां भवतामतिप्रसङ्गः सङ्गच्छते ॥

(અનુવાદ)

શંકા : તમને (જૈનોને) પણ જિનમંદિર આદિ બનાવવામાં પૃથ્વી આદિ જીવોની હિંસા થાય છે ને ? તે હિંસા થવા છતાં પણ વિશુદ્ધ પરિણામ હોવાને કારણે તે પુણ્ય રૂપ બને છે, તેમ અમારે પણ વિધિપૂર્વક કરાયેલી હિંસા વિશુદ્ધ પરિણામના યોગે પુણ્યરૂપ થાય છે.

સમાધાન : જિન મંદિરના નિર્માણમાં અન્ય કોઇ ઉપાય નહીં હોવાથી અત્યંત અલ્પ ચૈતન્યવાળા પૃથ્વી આદિ જીવોનો વધ અનિવાર્ય છે, માટે વિશુદ્ધ પરિણામથી થયેલ પૃથ્વી આદિના સંહારમાં અલ્પ પુણ્યનો વ્યય થવા છતાં પણ અપરિમિત પુણ્યની પ્રાપ્તિ થાય છે. પરંતુ તમારા પક્ષમાં તો શ્રુતિ, સ્મૃતિ, પુરાણ અને ઇતિહાસમાં યમ-નિયમ આદિ સ્વર્ગ-પ્રાપ્તિના અન્ય ઉપાયોનું પ્રતિપાદન કરેલું હોવા છતાં પણ, તે તે દેવોને ઉદ્દેશીને પ્રત્યેક અવયવોને કાપવાની કદર્થના કરવામાં આવે છે તેના ભયથી

વિહ્વલ બનેલા કૃપાપાત્ર બિચારા પંચેંદ્રિય જીવોને કસાઈથી પણ અધિક ક્રૂરતાથી મારવામાં આવે છે. તે મારનારા પુરુષોના સંપૂર્ણ પુણ્યનો નાશ થાય છે; તેથી દુર્ગતિને જ અનુકૂલ પરિણામ ઉત્પન્ન થાય છે. તેઓમાં દુર્લભ એવો વિશુદ્ધ પરિણામ હોઇ શકતો નથી. માટે કોઇ પદાર્થના યત્કિંચિત્ સાદૃશ્યને જોઈ તેને દૃષ્ટાંતરૂપ બનાવી દોષ આપવો ઠીક નથી.

(टीका) न च जिनायतनविधापनादौ पृथिव्यादिजीवव्यपेऽपि न गुणः । तथाहि तद्दर्शनाद् गुणानुरागितया भव्यानां बोधिलाभः पूजातिशयविलोकनादिना च मनःप्रसादः, ततः समाधिः, ततश्च क्रमेण निःश्रेयसप्राप्तिरिति । तथा च भगवान् पञ्चलिङ्गीकारः–

"पुढवाइयाण जइवि हु होइ विणासो जिणालयाहिन्तो ।
तव्विसया वि सुदिट्ठिस्स णियमओ अत्थि अणुकंपा ॥१॥
एयाहिंतो बुद्धा विरया रक्खन्ति जेण पुढवाई ।
इत्तो निव्वाणगया अबाहिया आभवमिमाणं ॥२॥
रोगिसिरावेहो इव सुविज्जकिरिया व सुप्पउत्ताओ ।
परिणामसुंदरच्चिय चिट्ठा से बाहजोगे वि ॥३॥"

(અનુવાદ)

તેમજ જિનમંદિરનું નિર્માણ કરવામાં (પૃથ્વી આદિ જીવોની હિંસા થવા છતાં પણ પુણ્ય થતું નથી તેમ નથી, અર્થાત્ પુણ્યોપાર્જન અવશ્ય થાય છે. કેમ કે જિનમંદિરમાં જિનેશ્વરભગવાનનાં દર્શન કરવાથી, ગુણાનુરાગીપણા વડે ભવ્ય જીવોને સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે. તેમ જ પૂજાતિશયને જોવાથી ચિત્તની પ્રસન્નતા પ્રાપ્ત થાય છે. ચિત્તની પ્રસન્નતાથી સમતાભાવ પ્રાપ્ત થાય છે. અને સમતાભાવથી અનુક્રમે મોક્ષની પ્રાપ્તિ થાય છે. પંચલિંગીકાર ભગવાન શ્રી જિનેશ્વરસૂરિજીએ કહ્યું છે કે: યદ્યપિ જિનમંદિરના નિર્માણમાં પૃથ્વી આદિનું ખોદવું અને જલનું સિંચન કરવું, ઇત્યાદિ કારણોથી પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ અને ત્રસ આદિ જીવોનો વિનાશ સંભવે છે, તો પણ સમ્યગ્દૃષ્ટિ આત્માને તે જીવો પ્રત્યે હંમેશા દયાભાવ જ હોય છે. કારણ કે જિનેશ્વર ભગવાનની પ્રતિમાનાં દર્શન આદિથી તેઓને તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. તેથી તે તત્ત્વજ્ઞાન દ્વારા સંસારથી વિરકત થયેલા આત્માઓ અવશ્ય પૃથ્વી આદિ જીવોની રક્ષા કરે છે. અને પરંપરાએ તેઓ અબાધિત એવા આત્યન્તિક નિર્વાણ સુખના ભોકતા બને છે. જેવી રીતે શુભ આશયવાળા વૈદ્ય રોગીઓના રોગને નાબુદ કરવા માટે દર્દીઓની નસ વિગેરેનું છેદન કરે છે, લંઘન કરાવે છે, તેમજ કટુ ઔષધનું પાન કરાવે છે, આવા પ્રયોગમાં રોગીઓને બાધા થવા છતાં પણ પરિણામે હિતકારી હોવાથી જેમ વૈદ્યનો પરિણામ સુંદર છે, તેમ કેવલ શુદ્ધ પરિણામથી જિનમંદિરના નિર્માણ કરવામાં પૃથ્વી આદિ જીવોનો સંહાર હોવા છતાં પણ નિર્માણકર્તાને કેવલ પુણ્ય જ થાય છે.

(टीका) इति । वैदिकवधविधाने तु न कश्चित्पुण्यार्जनानुगुणं गुणं पश्यामः । अथ विप्रेभ्यः पुरोडाशादिप्रदानेन पुण्यानुबन्धी गुणोऽस्त्येव इति चेत् । न । पवित्रसुवर्णादिप्रदानमात्रेणैव पुण्योपार्जनसम्भवात् । कृपणपशुगणव्यपरोपणसमुत्थं मांसदानं केवलं निर्घृणत्वमेव व्यनक्ति । अथ न प्रदानमात्रं पशुवधक्रियायाः फलं, किन्तु भूत्यादिकम् । यदाह श्रुतिः—"श्वेतं वायव्यमजमालभेत भूतिकामः" इत्यादि । एतदपि व्यभिचारपिशाचग्रस्तत्वादप्रमाणमेव । भूतेश्चौपयिकान्तरैरपि साध्यत्वात् । अथ तत्र सत्रे हन्यमानानां छागादीनां प्रेत्यसद्गतिप्राप्तिरूपोऽस्त्येवोपकार इति चेत् । वाङ्मात्रमेतत् । प्रमाणाभावात् । न हि ते निहताः पशवः सद्गतिलाभमुदितमनसः कस्मैचिदागत्य तथाभूतमात्मानं कथयन्ति । अथास्त्यागमाख्यं प्रमाणम् । यथा—

"औषध्यः पशवो वृक्षास्तिर्यञ्चः पक्षिणस्तथा ।
यज्ञार्थं निधनं प्राप्ताः प्राप्नुवत्युच्छ्रितं पुनः" ॥

इत्यादि । नैवम् । तस्य पौरूषेयापौरूषेयविकल्पाभ्यां निराकरिष्यमाणत्वात् ॥

(અનુવાદ)

વૈદિક હિંસામાં અમને કોઇ પણ જાતનું પુણ્યોપાર્જન કરવાનું કારણ જોવામાં આવતું નથી. જો કહો કે : વેદોકત હિંસા કરવાથી પ્રસંગોપાત્ બ્રાહ્મણોને પુરોડાશ (યજ્ઞમાં આહુતિ આપવાના દ્રવ્યોમાંથી બાકી રહેલાં દ્રવ્યો) આપવાથી પુણ્યોપાર્જન થાય છે. આ કથન ઠીક નથી. કેમ કે બ્રાહ્મણોને પવિત્ર એવા સુવર્ણ આદિના દાનથી પુણ્યોપાર્જન થઈ શકે છે, તો કૃપાપાત્ર એવા મૂંગા પશુઓનો વધ કરીને તેમના માંસનું દાન કરવું તે તો નરી નિર્દયતા સૂચવે છે. એમ ના કહેશો કે વેદોકત હિંસામાં પશુઓનો વધ કરીને માંસનું દાન કરવું તેજ માત્ર ફળ નથી, પરંતુ વેદોકત-વિધિએ પશુવધ કરવાથી ઐશ્વર્ય આદિની પ્રાપ્તિ થાય છે. શ્રુતિમાં પણ કહ્યું છે કે : ઐશ્વર્ય પ્રાપ્ત કરવાની ઇચ્છાવાળાએ વાયુ દેવતાને ઉદ્દેશીને સફેદ બકરાનો હોમ કરવો જોઇએ. ઇત્યાદિ આગમ પણ પશુવધ કરવાનું વિધાન કરે છે. એ પણ તમારું કથન વ્યભિચાર-દોષથી ગ્રસ્ત હોવાથી અપ્રમાણરૂપ છે. કારણ કે ઐશ્વર્યની પ્રાપ્તિ તો પશુ-વધ સિવાય અન્ય ઉપાયોથી પણ સાધ્ય છે. વળી યજ્ઞમાં હણાયેલા બકરા આદિને સ્વર્ગ પ્રાપ્તિરૂપ ઉપકાર કર્તાને ફાળે જાય છે, એમ કહેવું તે પણ કથન માત્ર છે. કેમકે હણાયેલા પશુ આદિને સ્વર્ગ પ્રાપ્ત થાય છે, તેમાં કોઈ પ્રમાણ નથી. કારણ કે યજ્ઞમાં વધ કરાયેલાં પશુઓ સ્વર્ગમાં ગયા પછી હર્ષિત મનવાળાં થઇને પોતાની સ્વર્ગપ્રાપ્તિ થઇ છે, એ પ્રમાણે અહીં આવીને કોઇને કહેતાં નથી.

શંકા : યજ્ઞમાં વધ કરાયેલાં પશુઓને સ્વર્ગ મલે છે, તેવા પ્રકારનું આગમ પ્રમાણ મોજુદ છે. ઔષધિ, પશુ, વૃક્ષ, તિર્યંચ અને પક્ષીઓ યજ્ઞને માટે મૃત્યુ પામીને ઉચ્ચગતિ પ્રાપ્ત કરે છે,

સમાધાન : એ પણ ઠીક નથી. કેમ કે તમને અભિપ્રેત આગમનું અમારાવડે આગળ પૌરુષેય અને અપૌરુષેય એમ બે પ્રકારના વિકલ્પથી નિરાકરણ કરવામાં આવશે.

(ટીકા) न च श्रौतेन विधिना पशुविशसनविधायिनां स्वर्गावाप्तिरुपकार इति वाच्यम् । यदि हि हिंसयाऽपि स्वर्गप्राप्तिः स्यात्, तर्हि बाढं पिहिता नरकपुरप्रतोल्यः । शौनिकादीनामपि स्वर्गप्राप्तिप्रसङ्गात् । तथा च पठन्ति परमार्षाः–

"यूपं छित्वा पशून् हत्वा कृत्वा रुधिरकर्दमम् ।
यद्येवं गम्यते स्वर्गं नरके केन गम्यते" ॥

(અનુવાદ)

વૈદિક વિધિવડે પશુઓનો વધ કરવાથી સ્વર્ગપ્રાપ્તિરૂપ ઉપકાર થાય છે; તે પણ તમારું કથન ઠીક નથી. કેમ કે હિંસાથી જો સ્વર્ગપ્રાપ્તિ થતી હોય તો નરકમાં જવાનાં દ્વાર સજ્જડ બંધ થઈ જશે ! હિંસા કરવાથી સ્વર્ગ મલતું હોય તો બધા કસાઈ વગેરેને ચોક્કસ સ્વર્ગ મળવું જોઈએ. તેમજ સાંખ્ય દર્શનવાળા કહે છે કે : યૂપ (યજ્ઞમાં પશુઓને બાંધવાનો સ્તંભ)ને છેદી, પશુઓને હણી અને રૂધિરનો કિચ્ચડ કરીને સ્વર્ગમાં જવાતું હોય તો નરકમાં કયા માર્ગે જવાશે ?

(ટીકા) किञ्च, अपरिचितास्पष्टचैतन्यानुपकारिपशुहिंसनेनापि यदि त्रिदिवपदवीप्राप्तिः, तदा परिचितस्पष्टचैतन्यपरमोपकारिमातापित्रादिव्यापादनेन यज्ञकारिणामधिकतरपदप्राप्तिः प्रसज्यते । अथ "अचिन्त्यो हि मणिमन्त्रौषधीनां प्रभावः" इति वचनाद् वैदिकमन्त्राणामचिन्त्यप्रभावत्वात् तत्संस्कृतपशुवधे संभवत्येव स्वर्गप्राप्तिः, इति चेत् । न । इह लोके विवाहगर्भाधानजातकर्मादिषु तन्मन्त्राणां व्यभिचारोपलम्भाद् अदृष्टे स्वर्गादावपि तद्व्यभिचारोऽनुमीयते । दृश्यन्ते हि वेदोक्तमन्त्रसंस्कारविशिष्टेभ्योऽपि विवाहादिभ्योऽनन्तरं वैधव्याल्पायुष्कतादारिद्र्याद्युपद्रवविधुराः परःशताः । अपरे च मन्त्रसंस्कारं विना कृतेभ्योऽपि तेभ्योऽनन्तरं तद्विपरीताः । अथ तत्र क्रियावैगुण्यं विसंवादहेतुः, इति चेत् । न । संशयानिवृत्तेः । किं तत्र क्रियावैगुण्यात् फले विसंवादः, किं वा मन्त्राणामसामर्थ्यात्' इति न निश्चयः । तेषां फलेनाविनाभावासिद्धेः ॥

(અનુવાદ)

કોઈ પણ જાતનો ઉપકાર નહીં કરવાવાળાં અપરિચિત, અને અસ્પષ્ટ ચૈતન્યવાળાં મુંગાં પ્રાણીઓના વધથી જો સ્વર્ગની પદવી મળતી હોય તો પરિચિત, સ્પષ્ટ ચૈતન્યવાળાં પરમ ઉપકારી માતા પિતાનો વધ કરવાથી તો યાજ્ઞિક લોકોને સ્વર્ગથી પણ અધિક ફળ મળવું જોઈએ !

શંકા : શાસ્ત્રમાં કહ્યું છે કે મણી, મંત્ર અને ઔષધિનો અચિન્ત્ય પ્રભાવ છે, તેથી વૈદિક મંત્રનો પણ અચિંત્ય પ્રભાવ હોવાથી મંત્ર દ્વારા સંસ્કારિત થયેલાં પશુઓનો વધ કરવાથી તે પશુઓને સ્વર્ગ પ્રાપ્તિ સંભવિત છે.

સમાધાન : એમ કહેવું ઠીક નથી. કેમ કે આ લોકમાં પણ વૈદિક વિધિ પૂર્વક થયેલાં વિવાહ, ગર્ભાધાન અને જાતકર્માદિ પ્રત્યક્ષ કાર્યોમાં વૈદિક મંત્રનો વ્યભિચાર જોવા મળે છે. પરોક્ષ એવા સ્વર્ગાદિમાં પણ વૈદિક મંત્રના વ્યભિચારનું અનુમાન થાય છે. કેમ કે વેદોકત વિધિથી સંસ્કારિત થયેલાં વિવાહ આદિ કાર્યો થયા બાદ વૈધવ્ય, અલ્પઆયુષ્ય અને દરિદ્રતા આદિ ઉપદ્રવોથી દુઃખી થતા સેંકડો મનુષ્યો જોવામાં આવે છે. તેથી વિપરીત, વૈદિક-વિધાન નહીં થવા છતાં પણ ઘણા મનુષ્યો આનંદથી જીવન ગુજારે છે, તેથી સ્પષ્ટપણે આલોકમાં પણ વેદોકત મંત્રનો વ્યભિચાર દેખાય છે ! તો પરોક્ષ સ્વર્ગાદિની પ્રાપ્તિ રૂપ ફળમાં તે મંત્રનો વ્યભિચાર કેમ ના હોય ?

શંકા : વૈદિક મંત્ર તો ફળ આપવા માટે સમર્થ છે, પરંતુ બરાબર વિધિ-વિધાન નહીં થવાથી ફળમાં વિસંવાદ થાય છે.

સમાધાન : એમ કહેવું પણ ઠીક નથી. કેમ કે અહીં સંશય થાય છે કે : શું મંત્રોની વિધિમાં ફેરફાર થવાથી ફળમાં વિસંવાદ આવે છે કે સ્વયં મંત્રો ફળ આપવાને માટે અસમર્થ છે, તેથી ફળમાં વિસંવાદિતા થાય છે ? આ સંશય દૂર થતો નથી. કેમ કે મંત્રના પ્રભાવથી ફલપ્રાપ્તિ અને મંત્રના અભાવમાં ફલનો અભાવ, આવી વ્યાપ્તિની સિદ્ધિ નહીં હોવાથી ફલનો નિશ્ચય થઇ શકતો નથી.

(टीका) अथ यथा युष्मन्मते "आरोग्गबोहिलाभं समाहिवरमुत्तमं दिंतु" इत्यादीनां वाक्यानां लोकान्तर एव फलमिष्यते, एवमस्मदभिमतवेदवाक्यानामपि नेह जन्मनि फलमिति किं न प्रतिपद्यते । अतश्च विवाहादौ नोपलम्भावकाशः, इति चेत् । अहो वचनवैचित्री । यथा वर्तमानजन्मनि विवाहादिषु प्रयुक्तैर्मन्त्रसंस्कारैरागामिनि जन्मनि तत्फलम्, एवं द्वितीयादिजन्मान्तरेष्वपि विवाहादीनामेव प्रवृत्तिधर्माणां पुण्यहेतुत्वाङ्गीकारेऽनन्तभवानुसन्धानं प्रसज्यते । एवं च न कदाचन संसारस्य परिसमाप्तिः । तथा च न कस्यचिदपवर्गप्राप्तिः इति प्राप्तं भवदभिमतवेदस्यापर्यवसितसंसारवल्लरीमूलकन्दत्वम् । आरोग्यादिप्रार्थना तु असत्यामृषाभाषापरिणामविशुद्धिकारणत्वाद् न दोषाय । तत्र हि भावारोग्यादिकमेव विवक्षितम्, तच्च चातुर्गतिकसंसारलक्षणभावरोगपरिक्षयस्वरूपत्वाद् उत्तमफलम् । तद्विषया च प्रार्थना कथमिव विवेकिनामनादरणीया । न च तज्जन्यपरिणामविशुद्धेस्तत्फलं न प्राप्यते । सर्ववादिनां भावशुद्धैरपवर्गफलसम्पादनेऽविप्रतिपत्तेरिति ॥

(અનુવાદ)

શંકા : જે પ્રકારે તમારા મતમાં પણ આરોગ્ય, બોધિલાભ (સમ્યક્ત્વ) અને ઉત્તમ એવી સમાધિને આપો, ઇત્યાદિ વાકયોનું જેમ ભવાંતરમાં ફળ ઇચ્છાય છે, તેમ

અમને અભિમત વેદ-વાક્યોનું અને વિવાહ આદિ મંત્રોનું પણ ફલ પરલોકમાં મળશે, આથી વૈદિક વિધિ અનુસાર વિવાહ આદિ થયા પછી તરત જ કેટલાંકને વૈધવ્ય પ્રાપ્ત થાય છે, ઇત્યાદિ પ્રકારના આપે આપેલા ઉપાલંભનો અહીં અવકાશ નથી.

સમાધાન : વાહ ! આ તો તમારી ગજબ વાક્-ચાતુરી છે ! જો વર્તમાન જન્મમાં વૈદિક મંત્રને અનુસાર થયેલા વિવાહ આદિનું ફળ આગામી ભવમાં મળતું હોય તો એ પ્રમાણે બીજા ભવમાં મંત્રપ્રયુક્ત વિવાહ આદિનું ફળ ત્રીજા ભવમાં અને ત્રીજા ભવમાં વૈદિક વિધિ અનુસાર કરાયેલા વિવાહ આદિનું ફળ ચોથા ભવમાં આ પ્રમાણે ઉત્તરોત્તર ભવમાં તેનું ફળ મળ્યા જ કરશે, તો તેના ફળને ભોગવવા માટે અનંત ભવો કરવા પડશે ! તેથી ક્યારેય પણ કોઈ જીવના સંસારનો અંત થશે નહીં ! તેમ થવાથી કોઈને પણ મોક્ષપ્રાપ્તિ થશે નહીં. ફલિતાર્થ એ છે કે તમને અભિમત વેદવાક્ય સંસારરૂપી વેલડીનાં મૂલરૂપ છે, અને અમે જે આરોગ્યાદિની પ્રાર્થના કરીએ છીએ તે અસત્યામૃષા (વ્યવહારભાષા) દ્વારા પરિણામની વિશુદ્ધિ કરવાના કારણરૂપ હોવાથી, તે દોષરૂપ નથી. (અસત્યામૃષા–સત્ય નહીં અને અસત્ય નહીં.) જેમ કે કોઈ વનમાં ભિન્ન ભિન્ન જાતિનાં અનેક વૃક્ષો હોવા છતાં પણ આમ્રનાં વૃક્ષો ઘણાં હોવાથી લોકમાં કહેવાય છે કે 'આ આમ્રવન છે.' અસત્યામૃષાનું વિશેષ સ્વરૂપ બીજા ગ્રંથોમાંથી જાણવું. આરોગ્યાદિની જે પ્રાર્થના કરવામાં આવે છે, તે કેવળ ભાવ આરોગ્યને ઉદ્દેશીને જ અને તે ભાવ આરોગ્ય સંસારરૂપ ભાવ રોગનો નાશ કરવા સ્વરૂપ હોવાથી, તેવા પ્રકારની પ્રાર્થના ઉત્તમ ફળ આપે છે. તેથી ભાવઆરોગ્ય વિષયક પ્રાર્થના વિવેકી પુરુષોને અનાદરણીય કઇ રીતે હોઇ શકે ? અર્થાત્ ભાવઆરોગ્યવિષય પ્રાર્થના જરૂર વિવેકી પુરુષોને આદરણીય છે. કેમ કે પ્રાર્થનાથી પરિણામની વિશુદ્ધિરૂપ ફલ જરૂર પ્રાપ્ત થાય છે; અને તે ભાવશુદ્ધિ વડે મોક્ષરૂપ ફળની પ્રાપ્તિ થાય છે, તે સર્વદર્શનકારોને માન્ય છે.

(ટીકા) न च वेदनिवेदिता हिंसा न कुत्सिता । सम्यग्दर्शनज्ञानसम्पन्नैरर्चिर्मार्गप्रपन्नैर्वेदान्तवादिभिश्च गर्हितत्वात् । तथा च तत्त्वदर्शिनः पठन्ति—

"देवोपहारव्याजेन यज्ञव्याजेन येऽथवा ।
घ्नन्ति जन्तून् गतघृणा घोरां ते यान्ति दुर्गतिम् " ॥

वेदान्तिका अप्याहुः—

" अन्धे तमसि मज्जामः पशुभिर्ये यजामहे ।
हिंसा नाम भवेद्धर्मो न भूतो न भविष्यति" ॥

तथा "अग्निर्मामेतस्माद्धिंसाकृतादेनसो मुञ्चतु " छान्दसत्वाद् मोचयतु इत्यर्थः । इति । व्यासेनाप्युक्तम्—

" ज्ञानपालिपरिक्षिप्ते ब्रह्मचर्यदयाम्भसि ।
स्नात्वाऽतिविमले तीर्थे पापपङ्कापहारिणि ॥१॥
ध्यानाग्नौ जीवकुण्डस्थे दममारुतदीपिते ।
अमत्कर्मसमित्क्षेपैरग्निहोत्रं कुरूत्तमम् ॥२॥

कषायपशुभिर्दुष्टैर्धर्मकामार्थनाशकैः ।
शममन्त्रहुतैर्यज्ञं विधेहि, विहितं बुधैः ॥३॥
प्राणिघातात् तु यो धर्ममीहते मूढमानसः ।
स वाञ्छति सुधावृष्टिं कृष्णाहिमुखकोटरात् ॥४॥

इत्यादि ।

(अनुवाद)

वेदमां कहेली हिंसा निंदनीय नथी तेम नथी, अर्थात् निन्दनीय ज छे. केम के सम्यग्दर्शन अने सम्यग्ज्ञानथी युक्त तथा भवक्षयना कारणरूप यम-नियम आदि अर्चिमार्गना अनुयायी एवा वेदान्तीओ वडे पण वेदमां कहेली हिंसानी निन्दा करवामां आवी छे. तेमज तत्त्वदर्शी लोको पण कहे छे के : 'देवने बलिदान आपवाना बहाने अथवा तो यज्ञने बहाने जे पुरुषो निर्दयपणे पशुओनो वध करे छे, तेओ भयंकर एवी दुर्गतिमां पडे छे.' तेमज वेदमतानुसारी पण कहे छे के : अमे पशुओना वध वडे यज्ञ करीओ छीओ तेथी घोर अज्ञानरूप अंधकारमां डूबीओ छीओ. माटे हिंसा धर्मरूप हती नहीं, छे नहीं, अने धर्मरूप थशे पण नहीं. तेमज कह्युं छे के : हे अग्निदेवता, मने आ हिंसाजन्य पापथी मुक्त करो.

तेमज व्यास ऋषिओ पण कह्युं छे के ज्ञानरूपी पाळथी युक्त, ब्रह्मचर्य अने दया रूपी पाणीथी पूर्ण तथा पाप किच्चडनो नाश करवावाळा अति निर्मल तीर्थमां स्नान करीने, जीवरूपी कुंडमां रहेला, दमरूपी पवनथी उत्तेजित थयेला ध्यानरूप अग्निमां अशुभकर्मरूपी काष्ठनी आहुति आपीने अग्निहोत्र यज्ञ करो. शमरूप मंत्रथी धर्म, अर्थ अने कामनो नाश करवावाळा दुष्ट कषायोरूप पशुओनो होम करीने पंडित पुरुषोओ कहेलो यज्ञ करो, जे मूढ मतिवाळा पुरुषो प्राणीओना वधथी धर्म माने छे, ते खरेखर भयंकर काळा सर्पना मुखरूप गुफामांथी अमृतनी वृष्टि इच्छे छे !

(टीका) यच्च याज्ञिकानां लोकपूज्यत्वेोपलम्भादित्युक्तम् । तदप्यसारम् । अबुधा एव पूजयन्ति तान् न तु विविक्तबुद्धयः । अबुधपूज्यता तु न प्रमाणम् । तस्याः सारमेयादिष्वप्युपलम्भात् । यदप्यभिहितं देवतातिथिपितृप्रीतिसंपादकत्वाद् वेदविहिता हिंसा न दोषायेति । तदपि वितथम् । यतो देवानां संकल्पमात्रोपनताभिमताहारपुद्गलरसास्वादसुविहितानांवैक्रियशरीरत्वाद् । युष्मदावर्जितजुगुप्सितपशुमांसाद्याहुतिप्रगृहीतौ, इच्छैव दुःसंभवा । औदारिकशरीरिणामेव तदुपादानयोग्यत्वात् । प्रक्षेपाहार स्वीकारे च देवानां मन्त्रमयदेहत्वाभ्युपगमलबाधः न च तेषां मन्त्रमयदेहत्वं भवत्पक्षे न सिद्धम् । "चतुर्थ्यन्तं पदमेव देवता" इति जैमिनिवचनप्रामाण्यात् । तथा च मृगेन्द्रः–

"शब्देतरत्वे युगपद् भिन्नदेशेषु यष्टृषु ।
न सा प्रयाति सांनिध्यं मूर्तत्वादस्मदादिवत् ।"

(અનુવાદ)

તેમ જ તમે યાજ્ઞિક પુરુષોને પૂજ્ય તરીકે વર્ણવ્યા છે, તે પણ ઠીક નથી. ભલે અજ્ઞાની લોકો તેઓને પૂજ્ય તરીકે માને, પરંતુ પંડિત પુરુષો તેઓને પૂજ્ય તરીકે સ્વીકારતા નથી. મૂર્ખ લોકો તેઓની પૂજા કરે, તેથી કંઇ પ્રમાણ ભૂત કહી શકાય નહીં. મૂર્ખ લોકો તો શ્વાન આદિની પણ પૂજા કરતા દેખાય છે! વળી તમે કહ્યું કે દેવતા, અતિથિ અને પિતૃઓની પ્રીતિ સંપાદન કરવા કરાએલી વેદોક્ત, હિંસા દોષયુક્ત નથી, તે પણ તમારું કથન સત્ય નથી. કેમ કે દેવતાઓ વૈક્રિય શરીરના ધારક હોવાથી; પોતાના સંકલ્પમાત્રથી પ્રાપ્ત થયેલા આહારના પુદ્ગલોના રસાસ્વાદથી જ તૃપ્ત થઈ જાય છે. તમે આપેલી નિન્દનીય પશુમાંસની આહુતિને ગ્રહણ કરવાની ઇચ્છા પણ દેવોમાં સંભવિત નથી. કેમ કે પશુમાંસાદિરૂપ આહુતિનું ગ્રહણ તો ઔદારિકશરીરધારીઓને જ સંભવે છે. (એક-અનેક, નાનું-મોટું, દૃશ્ય-અદૃશ્ય આદિ ભિન્ન ભિન્ન પ્રક્રિયા જે શરીર દ્વારા થાય તેને વૈક્રિય શરીર કહે છે.) જો તમે દેવોને આહુતિમાં આપેલા આહારના ભક્ષક તરીકે સ્વીકારશો તો દેવોનું મંત્રમય શરીર છે, તેમ તમે નહીં કહી શકો. તમે દેવોનું મંત્રમય શરીર સ્વીકારો છો. જૈમિનિ ઋષિએ કહ્યું છે કે 'ચતુર્થ્યન્ત પદ છે તેજ દેવતા છે' એટલે કે દેવોને ઉદ્દેશીને ચતુર્થીનો પ્રયોગ કરવો જોઇએ. મૃગેન્દ્રે પણ કહ્યું છે કે જો દેવતાનું મંત્રમય શરીર ના હોય અને અમારી જેમ મૂર્ત શરીર હોય તો અમે જેમ એકીસાથે ભિન્ન ભિન્ન પ્રદેશમાં જઇ શકતા નથી. તેમ દેવતાઓ પણ ભિન્ન ભિન્ન પ્રદેશમાં એકીસાથે થતા યજ્ઞમાં જઈ શકે નહીં.

(ટીકા) सेति देवता । हुयमानस्य च वस्तुनो भस्मीभावमात्रोपलम्भात्, तदुपभोगजनिता देवानां प्रीतिः प्रलापमात्रम् । अपि च, योऽयं त्रेताग्निः स त्रयस्त्रिंशत्कोटिदेवतानां मुखम् । "अग्निमुखा वै देवाः" इति श्रुतेः । ततश्चोत्तममध्यमाधमदेवानामेकेनैव मुखेन भुञ्जानानामन्योन्योच्छिष्टभुक्तिप्रसङ्गः । तथा च ते तुरुष्केभ्योऽप्यतिरिच्यन्ते । तेऽपि तावदेकत्रैवामत्रे भुञ्जते, न पुनरेकेनैव वदनेन। किञ्च; एकस्मिन् वपुषि वदनबाहुल्यं क्वचन श्रूयते, यत्पुनरनेकशरीरेष्वेकं मुखमिति महदाश्चर्यम् । सर्वेषां च देवानामेकस्मिन्नेवमखेऽङ्गीकृते, यदा केनचिदेको देवः पूजादिनाऽऽराद्धोऽन्यश्च निन्दादिना विराद्धः, ततश्चैकेनैव मुखेन युगपदनुग्रहनिग्रहवाक्योच्चारणसङ्करः प्रसज्येत । अन्यच्च, मुखं देहस्य नवमो भागः, तदपि येषां दाहात्मकं, तेषामेकैकशः सकलदेहस्य दाहात्मकत्वं त्रिभुवनभस्मीकरणपर्यवसितमेव संभाव्यत इत्यलमतिचर्चया ॥

(અનુવાદ)

વળી, આહુતિ અપાયેલા પદાર્થોનું કેવળ ભસ્મરૂપ જોવામાં આવે છે, તેથી હોમ કરાયેલા પદાર્થોના ઉપભોગથી દેવતાઓ પ્રસન્ન થાય છે, આ પ્રકારનું તમારું કથન પ્રલાપ માત્ર છે. વળી તમે કહો છો કે દક્ષિણઅગ્નિ, આહવનીય અગ્નિ, અને ગાર્હપત્ય

અગ્નિ; તે રૂપ ત્રેતા અગ્નિ, તેત્રીસ કરોડ દેવતાનું મુખ છે. તથા શ્રુતિમાં પણ કહ્યું છે કે : અગ્નિમુખવાળા દેવો છે. તેથી ઉત્તમ, મધ્યમ અને અધમ શ્રેણિમાં રહેલા અનેક દેવતાઓ એકજ અગ્નિરૂપ મુખ વડે ભક્ષણ કરતા હોવાથી, એક બીજાનાં ઉચ્છિષ્ટનું ભક્ષણ કરનારા થશે ! અને તેમ થવાથી યવનો (મુસલમાનો) કરતાં પણ દેવો વધી જશે ! અનેક યવનો ભેગા બેસીને એક પાત્રમાં ભોજન કરે છે ! તેથી મુસલમાનો કરતાં પણ તેઓની માત્રા વધી જશે ! એક શરીરમાં અનેક મુખ તો કયાંક કયાંક સંભળાય છે, પરંતુ અનેક શરીરમાં એક મુખ હોય, એ તો ભારે આશ્ચર્યની વાત છે ! સર્વે દેવોનું એક મુખ માનવામાં આવે તો જ્યારે કોઈક દેવનું પૂજા આદિથી આરાધન કરવામાં આવ્યું હોય, અને અન્ય દેવનું નિંદા આદિથી વિરાધન કરાયું હોય. ત્યારે એક મુખ વડે એકી સાથે અનુગ્રહ (આશીર્વાદ) અને નિગ્રહ (શાપ) રૂપ વાકયોના ઉચ્ચારણનું મિશ્રણ થશે ! વળી; મુખ એ શરીરનો નવમો ભાગ છે. અને તે પણ નવમો ભાગ જેઓનો અગ્નિ સ્વરૂપ છે, તો તે તેત્રીશ કરોડ દેવતાઓનાં શરીરનો નવમો ભાગ દાહસ્વરૂપ બનવાથી સંભવ છે કે ત્રણે ભુવનને ભસ્મીભૂત કરી નાંખે !

(टीका) यश्च कारीरीयज्ञादौ वृष्ट्यादिफलेऽभिचारस्तत्प्रीणितदेवतानुग्रहहेतुक उक्तः सोऽप्यनैकान्तिकः । क्वचिद् व्यभिचारस्यापि दर्शनात् । यत्रापि न व्यभिचारस्तत्रापि न त्वदाहिताहुतिभोजनजन्मा तदनुग्रहः । किन्तु स देवताविशेषोऽतिशयज्ञानो स्वोद्देशनिर्वर्तितं पूजोपचारं यदा स्वस्थानावस्थितः सन् जानीते, तदा तत्कर्तारं प्रति प्रसन्नचेतोवृत्तिस्तत्तत्कार्याणीच्छावशात् साधयति। अनुपयोगादिना पुनरजानानोऽपि वा पूजाकर्तुरभाग्यसहकृतः सन् न साधयति । द्रव्यक्षेत्रकालभावादिसहकारिसाचिव्यापेक्षस्यैव कार्योत्पादस्योपलम्भात् । स च पूजोपचारः पशुविशसनव्यतिरिक्तैः प्रकारान्तरैरपि सुकरः, तत्किमनया पापैकफलया शौनिकवृत्त्या ॥

(અનુવાદ)

જે કારીરી આદિ યજ્ઞ કરવાથી, દેવતાઓ પ્રસન્ન થઇ, વૃષ્ટિ આદિ ફળ આપે છે. એ પણ તમારૂં કથન વ્યભિચારી છે. કારણ કે ઘણી જગ્યાએ યજ્ઞ કરવા છતાં પણ વૃષ્ટિ થતી નથી. માટે યજ્ઞ કરવાથી દેવતાઓની પ્રસન્નતાથી વૃષ્ટિ થાય છે, અન્યથા વૃષ્ટિ થતી નથી, એમ માનવું અનુચિત છે. વળી, જ્યાં વૃષ્ટિ થાય છે, તેમાં પણ આહુતિના ભોજનથી તૃપ્ત થયેલા દેવતાનો અનુગ્રહ કારણ નથી, પરંતુ પોતાના સ્થાને રહેલો અતિશય જ્ઞાની કોઇ દેવતા, પોતાને ઉદ્દેશીને થતા પૂજોપચારને જાણે છે, ત્યારે પ્રસન્ન થઇને, પૂજા સત્કાર કરવાવાળા પુરુષને તેની ઇચ્છાનુસાર કાર્યો સાધી આપે છે. પરંતુ પૂજા આદિને અનુપયોગ આદિથી જાણે નહીં, અથવા પૂજકર્તાના ભાગ્યની હીનતા હોય, અને તેથી તેના અભીષ્ટની સિદ્ધિ ન પણ થાય. કારણ કે દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવ આદિ સામગ્રીના સંયોગની અપેક્ષાએ કાર્યની ઉત્પત્તિ થાય છે. વળી, દેવતાઓને પ્રસન્ન કરવા માટેનો પૂજોપચાર, પશુવધ સિવાયના અન્ય ઉપાયો વડે સહેલાઈથી કરી શકાય છે, તો નાહક પાપના જ ફળરૂપ કસાઇવૃત્તિવાળી હિંસા શા માટે કરવી જોઇએ ?

(टीका) यच्च छगलजाङ्गलहोमात् परराष्ट्रवशीकृतिसिद्ध्या देव्याः परितोषानुमानम्, तत्र कः किमाह। कासाञ्चित् क्षुद्रदेवतानां तथैव प्रत्यङ्गीकारात्। केवलं तत्रापि तद्वस्तुदर्शनज्ञानादिनैव परितोषो, न पुनस्तद्भुक्त्या। निम्बपत्राकटुकतैलारनालधूमांशादीनां हूयमानद्रव्याणामपि तद्भोज्यत्वप्रसङ्गात्। परमार्थतस्तु तत्तत्सहकारिसमवधानसचिवाराधकानां भक्तिरेव तत्तत्फलं जनयति। अचेतने चिन्तामण्यादौ तथा दर्शनात्। अतिथीनां तु प्रीतिः संस्कारसंपन्नपक्वान्नादिनापि साध्या। तदर्थं महोक्षमहाजादिप्रकल्पनं निर्विवेकतामेव ख्यापयति॥

(અનુવાદ)

દેવતાને બકરા અને હરણની આહુતિ આપવાથી પરરાષ્ટ્ર વશમાં આવે છે. તમારું આ કથન પણ સત્ય નથી. કેમકે પહેલાં તો ઉત્તમ દેવદેવીઓ ઘૃણાસ્પદ એવા હિંસાત્મક કાર્યથી પ્રસન્ન થતાં નથી. કદાચ કોઈ ક્ષુદ્રદેવતા તે કાર્યથી પ્રસન્ન થતા હોય, તોપણ તે દેવતા માંસાદિકના દેખાવથી અથવા તો જાણવામાત્રથી જ સંતુષ્ટ થાય છે, પરંતુ તેના ભક્ષણથી પ્રસન્ન થતા નથી. જો દેવતાઓ અગ્નિમાં આહુતિ અપાયેલા માંસાદિકનું ભક્ષણ કરતા હોય તો હોમ કરાયેલાં લીંમડાનાં પાંદડાં, કટુતેલ, કાંજી, ધૂમાંશ (સાગ) વિગેરે દ્રવ્યોનું પણ ભક્ષણ કરનારા થવા જોઈએ! પારમાર્થિક વાત આ છે કે તે તે સહકારી કારણોથી યુકત આરાધકની ભકિત જ વૃષ્ટિ અને વિજય આદિ ફળને આપવા માટે સમર્થ છે. જેમ ચિંતામણિરત્ન, અચેતન હોવા છતાં પણ, મનુષ્યના ભાગ્યની પ્રબળતાથી ફળ આપે છે. તેમ દેવતાઓ પણ મનુષ્યોના પુણ્યોદયથી જ ફળ આપવા માટે સમર્થ થાય છે. તથા સુંદર અને સ્વાદિષ્ટ ભોજનથી અતિથિઓની પ્રીતિ પ્રાપ્ત થાય છે. તો તેને માટે નાહક મોટા બકરા અને મોટા બળદ આદિના માંસનું ભક્ષણ કરાવીને તેઓની પ્રીતિ સંપાદન કરવી તે નરી મૂર્ખતા સૂચવે છે.

(टीका) पितॄणां पुनः प्रीतिरनैकान्तिकी। श्राद्धादिविधानेनापि भूयसां सन्तानवृद्धेरनुपलब्धेः। तदविधानेऽपि च केषाञ्चिद् गर्दभशूकराजादीनामिव सुतरां तदर्शनात्। ततश्च श्राद्धादिविधानं मुग्धजनविप्रतारणमात्रफलमेव। ये हि लोकान्तरं प्राप्तास्ते तावत् स्वकृतसुकृतदुष्कृतकर्मानुसारेण सुरनारकादिगतिषु सुखमसुखं वा भुञ्जाना एवासते ते कथमिव तनयादिभिरार्वजितं पिण्डमुपभोक्तुं स्पृहयालवोऽपि स्युः। तथा च युष्मद्यूथिनः पठन्ति—

"मृतानामपि जन्तूनां श्राद्धं चेत् तृप्तिकारणम्।
तन्निर्वाणप्रदीपस्य स्नेहः संवर्धयेच्छिखाम्" ॥

इति। कथं च श्राद्धविधानार्जितं पुण्यं तेषां समीपमुपैतु। तस्य तदन्यकृतत्वात् जडत्वाद् निश्चरणत्वाच्च॥

(અનુવાદ)

'શ્રાદ્ધ કરવાથી પિતૃઓ પ્રસન્ન થાય છે.' તમારૂં આ કથન વ્યભિચાર-દોષવાળું છે. કેમકે શ્રાદ્ધ આદિ કરવા છતાં પણ ઘણા લોકોને સંતાનની વૃદ્ધિ દેખાતી નથી અને શ્રાદ્ધ નહીં કરનાર કેટલાક ગર્દભ; ભુંડ આદિને ઘણા સંતાન હોય છે ! તેથી 'સંતાનની વૃદ્ધિ માટે શ્રાદ્ધ આદિ કરવું જોઈએ.' ઈત્યાદિ વાક્ય પણ મૂર્ખલોકને ઠગવા માટે જ છે.

પરલોકમાં ગયેલા પિતૃઓ સ્વયં ઉપાર્જન કરેલા શુભાશુભકર્મને અનુસારે, દેવ-નારક આદિ ગતિમાં સુખદુઃખનો ઉપભોગ કરતા રહે છે, તો તેઓ પુત્ર આદિ દ્વારા આપેલા પિંડનો ઉપભોગ કરવાની ઈચ્છાવાળા કેમ હોઈ શકે ? વળી તમારા મતને અનુસરનારા પણ કહે છે કે 'જો શ્રાદ્ધ-મરેલાં પ્રાણીઓને તૃપ્તિનું કારણ થતું હોય તો તેલ પણ બુઝાઈ ગયેલા દીપકની જ્યોતને વધારી શકે ને ? તેમજ આ લોકમાં કરાયેલા શ્રાદ્ધ આદિથી ઉત્પન્ન થયેલું પુણ્ય, પરલોકમાં રહેલા પિતૃલોકની પાસે કઈ રીતે પહોંચી શકે ? કેમ કે જે પુણ્ય છે; તે તો પિતૃઓથી ભિન્ન પુત્ર આદિ વડે કરાયેલું છે, અને તે પુણ્ય જડ તથા ગતિરહિત હોવાથી પિતૃલોકમાં કઈ રીતે પહોંચી શકે ? અર્થાત્ અન્યદ્વારા કરાયેલું પુણ્ય અન્ય પાસે પહોંચી શકતું નથી. માટે તમારૂં શ્રાદ્ધ આદિનું વિધાન કપોલ કલ્પિત છે.

(ટીકા) **अथ तेषामुद्देशेन श्राद्धादिविधानेऽपि पुण्यं दातुरेव तनयादेः स्यादिति चेत्। तन्न। तेन तज्जन्यपुण्यस्य स्वाध्यवसायादुत्तारितत्वात् एवं च तत्पुण्यं नैकतरस्यापि इति विचाल एव विलीनं त्रिशङ्कुज्ञातेन। किन्तु पापानुबन्धिपुण्यत्वात् तत्त्वतः पापमेव। अथ विप्रोपभुक्तं तेभ्यः उपतिष्ठत इति चेत् क इवैतत्प्रत्येतु। विप्राणामेव मेदुरोदरतादर्शनात्। तदुपभुक्तं च तेषां संक्रमः श्रद्धातुमपि न शक्यते। भोजनावसरे तत्सङ्क्रमलिङ्गस्य कस्याप्यनवलोकनात् विप्राणामेव च तृप्तेः साक्षात्करणात्। यदि परं त एव स्थूलकवलैराकुलतरमतिगार्द्ध्याद् भक्षयन्तः प्रेतप्रायाः, इति मुधैव श्राद्धादिविधानम्। यदपि च गयाश्राद्धादियाचनमुपलभ्यते, तदपि तादृशविप्रलम्भकविभङ्गज्ञानिव्यन्तरादिकृतमेव निश्चेयम्॥**

(અનુવાદ)

શંકા : પિતૃઓને ઉદ્દેશીને શ્રાદ્ધાદિ કરવા છતાં પણ તે શ્રાદ્ધાદિ જન્ય પુણ્ય તો શ્રાદ્ધને આપનાર પુત્ર આદિને જ પ્રાપ્ત થાય છે.

સમાધાન : એ પણ ઠીક નથી. કેમ કે શ્રાદ્ધ આદિથી ઉત્પન્ન થયેલું પુણ્ય, પોતાને ઉદ્દેશીને નહીં થવાથી, તે પુણ્ય સાથે પુત્ર આદિનો કોઈ પણ સંબંધ નથી રહેતો. તેથી શ્રાદ્ધજન્ય પુણ્ય ન તો પિતાને કે ન તો પુત્રને પ્રાપ્ત થાય છે. પરંતુ કેવળ ત્રિશંકુની જેમ વચ્ચે જ લટકી રહેશે ! (ત્રિશંકુ રાજા વસિષ્ઠ ઋષિના શાપથી ચાંડાલ થયો. વિશ્વામિત્રની સહાયતાથી યજ્ઞ કરીને પૃથ્વી છોડી સ્વર્ગમાં ગયો. પણ ત્યાં ઇન્દ્ર ક્રોધે ભરાયો ને ત્રિશંકુને સ્વર્ગનિકાલ કર્યો ! ત્યારથી તે ત્રિશંકુ રાજા પૃથ્વી અને સ્વર્ગની વચમાં લટકતો રહ્યો છે.) શ્રાદ્ધ પુણ્યાનુબંધી પાપનું કારણ હોવાથી વાસ્તવિક તે પાપરૂપ જ છે. જો કહેશો

કે બ્રાહ્મણોને જમાડવાથી તે શ્રાદ્ધ પિતૃઓ પાસે પહોંચે છે. આ વાત પણ શ્રદ્ધાગમ્ય નથી. કારણ કે જે ભોજન બ્રાહ્મણોને જમાડવામાં આવે છે, તેથી તો બ્રાહ્મણોનાં મોટાં મોટાં પેટ જોવામાં આવે છે. એમ ના કહેશો કે બ્રાહ્મણોનાં શરીરમાં પિતૃઓનો સંક્રમ થાય છે ! એ વાત વિશ્વાસ કરવા યોગ્ય નથી. કારણ કે બ્રાહ્મણો ભોજન કરતા હોય છે ત્યારે તેઓનાં શરીરમાં પિતૃઓનાં સંક્રમણનું કોઇ પણ નિશાન દેખવામાં આવતું નથી; બલ્કે ભોજન કરવાથી તો બ્રાહ્મણોની અચ્છી તરેહની તૃપ્તિનો સાક્ષાત્કાર થાય છે ! વળી તે બ્રાહ્મણો અત્યંત લોલુપતાથી મોટા મોટા કોળીયાથી ભક્ષણ કરતા હોય છે, ત્યારે ખરેખર પ્રેત સમાન દેખાય છે ! માટે શ્રાદ્ધ આદિનું વિધાન બિલકુલ વ્યર્થ છે.

કહેવાય છે કે જે પિતૃઓ પુત્ર આદિના શરીરમાં પ્રવેશ કરીને, ગયા આદિ તીર્થ સ્થાનોમાં શ્રાદ્ધ આદિની યાચના કરે છે. તે પણ તેવા જ કોઈ ઠગ મિથ્યાજ્ઞાની વ્યંતર વગેરે નીચ જાતિના દેવની લીલા સમજવી.

(टीका) यदप्युदितम् आगमश्चात्र प्रमाणमिति । तदप्ययुक्तम् । स हि पौरुषेयो वा स्यात् अपौरुषेयो वा ? पौरुषेयश्चेत् सर्वज्ञकृतः, तदितरकृतो वा ? आद्यपक्षे युष्मन्मतव्याहतिः । तथा च भवत्सिद्धान्तः ।

"अतीन्द्रियाणामर्थानां साक्षाद् द्रष्टा न विद्यते ।
नित्येभ्यो वेदवाक्येभ्यो यथार्थत्वविनिश्चयः" ॥१॥

द्वितीयपक्षे तु तत्र दोषवत्कर्तृत्वेनाश्वासप्रसङ्गः । अपौरुषेयश्चेत् न संभवत्येव । स्वरूपनिराकरणात्. तुरङ्गशृङ्गवत् । तथाहि । उक्तिर्वचनमुच्यते इति चेति पुरुषक्रियानुगतं रूपमस्य । एतत्क्रियाभावे कथं भवितुमर्हति । न चैतत् केवलं क्वचिद् ध्वनदुपलभ्यते । उपलब्धावप्यदृश्यवक्त्राशङ्कासंभवात् । तस्मात् यद् वचनं तत् पौरुषेयमेव, वर्णात्मकत्वात्, कुमारसंभवादिवचनवत् । वचनात्मकश्च वेदः । तथा चाहुः-

"तालवादिजन्मा ननु वर्णवर्गो वर्णात्मको वेद इति स्फुटं च ।
पुंसश्च तालवादि ततः कथं स्यादपौरुषेयोऽयमिति प्रतीतिः" ॥

વેદોક્ત હિંસામાં આગમ પ્રમાણ આપો છો, પણ આપનો આગમ જ અપ્રમાણ છે ! અમે પૂછીએ છીએ કે : તે આગમ પુરુષકૃત છે કે અપુરુષકૃત ? જો કોઇ અમુક પુરુષે બનાવ્યો હોય તો તે સર્વજ્ઞ પુરૂષે બનાવ્યો છે કે અસર્વજ્ઞપુરુષે ? જો સર્વજ્ઞ પુરુષે બનાવ્યો હોય તો આપના સિદ્ધાંત સાથે વિરોધ આવશે. કેમકે તમારા સિદ્ધાંતમાં કહ્યું છે કે : અતીન્દ્રિય પદાર્થોના સાક્ષાત્ દ્રષ્ટા કોઇ નથી. તેથી નિત્ય એવા વેદ વાક્યોથી અતીન્દ્રિય પદાર્થોનો નિશ્ચય થાય છે. બીજો વિકલ્પ છે : આગમના કર્તા અસર્વજ્ઞ છે. તો તે અસર્વજ્ઞ પુરુષ સદોષ હોવાથી તેના બનાવેલા આગમ વિશ્વાસ યોગ્ય થઇ શકે નહીં. એમ ના કહેશો કે આગમ અપૌરુષેય છે ! તે પણ સંભવિત નથી. કારણ કે વચનરૂપ ક્રિયા પુરુષજન્ય જ હોય છે. પુરુષની ક્રિયા વિના વચન હોઇ શકતું નથી. કદાચ કોઇ

જગ્યાએ માત્ર વચન સાંભળવામાં આવે તો ત્યાં પણ કોઇ અદૃશ્ય વક્તા માનવો જ પડે છે. તેથી વચન નિશ્ચયથી પૌરુષેય જ હોય છે. કારણ કે વચન અક્ષરરૂપ હોય છે. જેમ કુમાર સંભવ (કાવ્ય) આદિ વચન વર્ણ (અક્ષર) રૂપ હોવાથી પૌરુષેય છે, તેમ વેદ પણ વર્ણ રૂપ હોવાથી પૌરુષેય છે. કહ્યું છે કે : વર્ણનો સમૂહ નિશ્ચયથી તાલુ આદિ સ્થાનોથી ઉત્પન્ન થાય છે, અને તે તાલુ આદિ સ્થાનો તો પુરુષને જ હોય છે, તેથી વેદ પ્રગટ પણે વર્ણ (અક્ષર) રૂપ હોવાથી અપૌરુષેય કઈ રીતે હોઇ શકે ? અર્થાત્ વેદનું પૌરુષેય-પણું જ સિદ્ધ થાય છે.

(टीका) श्रुतेरपौरुषेयत्वमुररीकृत्यापि तावद्भवद्भिरपि तदर्थव्याख्यानं पौरुषेयमेवाङ्गीक्रियते। अन्यथा "अग्निहोत्रं जुहुयात् स्वर्गकामः" इत्यत्र श्वमांसं भक्षयेदिति किं नार्थः। नियामकाभावात्। ततो वरं सूत्रमपि पौरुषेयमभ्युपगतम्। अस्तु वा अपौरुषेयः, तथापि तस्य न प्रामाण्यम्। आप्तपुरुषाधीना हि वाचां प्रमाणतेति। एवं च तस्याप्रामाण्ये, तदुक्तस्तदनुपातिस्मृतिप्रतिपादितश्च हिंसात्मको यागश्राद्धादिविधिः प्रामाण्यविधुर एवेति ॥

(અનુવાદ)

શ્રુતિને અપૌરુષેય માનવા છતાં તમે શ્રુતિના અર્થનું વ્યાખ્યાન તો પૌરુષેય જ માન્યું છે. જો શ્રુતિના અર્થનું વ્યાખ્યાન પૌરુષેય માનવામાં ના આવે તો 'अग्निहोत्रं जुहुयात् स्वर्ग कामः'એ શ્રુતિનો અર્થ: સ્વર્ગની ઇચ્છાવાળાએ અગ્નિહોત્ર યજ્ઞ કરવો જોઇએ' આ પ્રમાણે થાય છે. પરંતુ "अग्निहा=श्वा અને उत्रं=मांसम्" એટલે સ્વર્ગની ઇચ્છા વાળાએ શ્વાનના માંસની આહુતિ આપવી જોઇએ ! આ પ્રમાણે ઉપર્યુક્ત શ્રુતિનો અર્થ કેમ નહીં થાય ? કેમ કે શ્રુતિના વ્યાખ્યાતા કોઇ પુરૂષ છે નહીં. તેથી શ્રુતિનો અર્થ અમુક જ થાય, અને અમુક ના થાય, તેના માટે કોઇ નિયામક નહીં હોવાથી, અર્થના વ્યાખ્યાનમાં વિપરીતતા આવશે. તેથી શ્રુતિના અર્થને જેમ પૌરુષેય માનવામાં આવે છે, તેમ શ્રુતિને પણ પૌરુષેય માનવી, એજ શ્રેષ્ઠ છે. અથવા માનો કે શ્રુતિ અપૌરુષેય છે, તો પણ તે પ્રમાણરૂપ નથી. કેમકે વચનની પ્રમાણતા આપ્તપુરૂષને આધીન હોય છે. આથી વેદનું અપ્રામાણ્ય સિદ્ધ થવાથી વેદ અને સ્મૃતિ દ્વારા પ્રતિપ્રાદન કરાયેલા યાગ (યજ્ઞ) અને શ્રાદ્ધ આદિનું વિધાન પણ અપ્રમાણરૂપ જ સિદ્ધ થાય છે.

(टीका) अथ योऽयं "न हिंस्यात् सर्वभूतानि" इत्यादिना हिंसानिषेधः स औत्सर्गिको मार्गः, सामान्यतो विधिरित्यर्थः। वेदविहिता तु हिंसा अपवादपदम्, विशेषतो विधिरित्यर्थः। ततश्चापवादेनोत्सर्गस्य बाधितत्वाद् न श्रौतो हिंसाविधिर्दोषाय। "उत्सर्गापवादयोरपवादो विधियर्बलीयान्" इति न्यायात्। भवतामपि हि न खल्वेकान्तेन हिंसानिषेधः। तत्तत्कारणे जाते पृथिव्यादिप्रतिसेवनानामनुज्ञानात् ग्लानाद्यसंस्तरे आधाकर्मादिग्रहणभणनाच्च। अपवादपदं च याज्ञिकी हिंसा देवतादिप्रीतेः, पुष्टालम्बनत्वात् ॥

(અનુવાદ)

શંકા : કોઈપણ જીવની હિંસા કરવી નહીં. ઇત્યાદિ સામાન્ય વાકય વડે હિંસાનો નિષેધ કરવામાં આવ્યો છે, અને વેદમાં કહેલી હિંસા દોષયુક્ત નથી, તે રૂપ અપવાદ-વાકય વડે હિંસાનું વિધાન કરવામાં આવ્યું છે. તેથી અપવાદ માર્ગ વડે ઉત્સર્ગમાર્ગ બાધિત હોવાથી વેદોક્ત હિંસા દોષ રૂપ નથી. કેમ કે ઉત્સર્ગ વિધિ અને અપવાદ વિધિમાં અપવાદવિધિ બલવત્તર છે. વળી આપના મતમાં (જૈનમતમાં) પણ એકાન્તે હિંસાનો નિષેધ કરવામાં આવ્યો નથી. કારણ કે અમુક અમુક કારણ ઉપસ્થિત થયે છતે પૃથ્વીકાય આદિના સેવનની અનુજ્ઞા આપવામાં આવી છે. તેમજ સાધુઓને પોતાને ઉદ્દેશીને બનાવેલા આહારનો સર્વથા નિષેધ કરવામાં આવ્યો છે, તો પણ રોગ આદિના કારણે સંયમ પાળવાને અસમર્થ મુનિઓ માટે આધાકર્મી (સાધુ માટે બનાવેલ આહાર)નું પણ ગ્રહણ કરવાનું વિધાન કરવામાં આવ્યું છે, તેવી જ રીતે અમારા મતમાં પણ ઉત્સર્ગ માર્ગથી હિંસાનો સર્વથા નિષેધ કરવા છતાં પણ અપવાદ વિધિથી યજ્ઞમાં કરાયેલી હિંસા દેવતા આદિને પ્રસન્ન કરવાના પુષ્ટ આલંબનરૂપ હોવાથી વેદોક્ત હિંસાનું વિધાન કરવામાં આવ્યું છે.

(टीका) इति परमाशङ्क्य स्तुतिकार आह । नोत्सृष्टमित्यादि । अन्यार्थमिति मध्यवर्ति पदं डमरुकमणिन्यायेनोभयत्रापि सम्बन्धनीयम् । अन्यार्थमुत्सृष्टम्—अन्यस्मै कार्याय प्रयुक्तम्—उत्सर्गवाक्यम्, अन्यार्थप्रयुक्तेन वाक्येन नापोद्यते—नाषवादगोचरीक्रियते । यमेवार्थमाश्रित्य शास्त्रेषूत्सर्गः प्रवर्तते, तमेवार्थमाश्रित्यापवादोऽपि प्रवर्तते तयोर्निम्नोन्नतादिव्यवहारवत् परस्परसापेक्षत्वेनैकार्थसाधनविषयत्वात् । यथा जैनानां संयमपरिपालनार्थं नवकोटिविशुद्धाहारग्रहणमुत्सर्गः । तथाविधद्रव्यक्षेत्रकालभावापत्सु च निपतितस्य गत्यन्तराभावे पञ्चकादियतनया अनेषणीयादिग्रहणमपवादः । सोऽपि च संयमपरिपालनार्थमेव । न च मरणैकशरणस्य गत्यन्तराभावोऽसिद्ध इति वाच्यम् ।

"सव्वत्थ संजमं संजमाओ अप्पाणमेव रक्खिज्जा ।
मुच्चइ अइवायाओ पुणो विसोही नयाऽविरई" ॥

इत्यागमात् ॥

(અનુવાદ)

સમાધાન : (શ્લોકમાં 'अन्यार्थ' પદને 'ડમરુક-મણિ'ન્યાયે બન્ને બાજુ જોડવું.) હવે સ્તુતિકાર ઉપર્યુક્ત શંકાનું સમાધાન કરતાં કહે છે કે : શાસ્ત્રમાં સામાન્ય અને અપવાદ વાકયનો એકજ અર્થમાં પ્રયોગ કરવામાં આવે છે. પરંતુ ઉત્સર્ગવાકય અન્ય કાર્ય માટે અને અપવાદ વાકય અન્ય કાર્ય માટે હોઇ શકતું નથી. કેમકે જે વિષયને આશ્રયીને ઉત્સર્ગ વિધિ પ્રવર્તે છે તે જ વિષયને આશ્રયીને અપવાદ વિધિ પ્રવર્તે છે. જેમ ઊંચ-નીચ વ્યવહાર પરસ્પર સાપેક્ષ હોવાથી એક પ્રયોજનનાં સાધક છે, તેમ સામાન્ય અને અપવાદવાકય પણ પરસ્પર સાપેક્ષ હોવાથી એક પ્રયોજનનાં સાધક છે. જેમકે જૈનમુનિઓને સંયમ પાળવા માટે નવકોટિ વિશુદ્ધ (હનન, પચન, અને ક્રયણ-સ્વયં કોઇ જીવની હિંસા કરવી નહીં, બીજા પાસે કરાવવી નહીં,

અને કર્તાને અનુમોદન આપવું નહીં. સ્વયં રાંધવું નહીં, બીજા પાસે રંધાવવું. નહીં, અને રાંધતો હોય તેને અનુમોદન આપવું નહીં, સ્વયં કોઇપણ વસ્તુને ખરીદવી નહીં, બીજા પાસે ખરીદ કરાવવી નહીં, અને ખરીદ કરનારને સારો માનવો નહીં. તે રૂપ) આહાર લેવાનું ફરમાન ઉત્સર્ગ વિધિ દ્વારા કરવામાં આવ્યું છે. તોપણ તથા પ્રકારના દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવજન્ય આપત્તિથી ગ્રસ્ત થયેલા મુનિઓને, અન્ય કોઇ માર્ગના અભાવે પંચકાદિ-યતનાપૂર્વક વિશુદ્ધ આહાર ગ્રહણ કરવાની આજ્ઞા અપવાદ વિધિથી આપવામાં આવી છે. તેમાં જેમ સામાન્ય વિધિ સંયમની રક્ષા માટે છે, તેમ અપવાદ વિધિ પણ સંયમની રક્ષા માટે જ છે. વળી મરણને શરણ થયેલા મુનિઓને અપવાદમાર્ગ સિવાય સંયમની પણ રક્ષા માટેનો અન્ય કોઇ ઉપાય નહીં હોવાથી અપવાદ માર્ગનું આસેવન કરવાની વિધિ શાસ્ત્રમાં બતાવી છે. તેમજ કહ્યું છે કે સર્વપ્રકારે સંયમની રક્ષા કરવી જોઇએ. અને સંયમથી આત્માની રક્ષા કરવી જોઇએ. અને સંયમની રક્ષા માટે કંઇપણ દોષનું સેવન કરવું પડે, તોપણ મુનિઓ દોષના ભાગીદાર થતા નથી.

(टीका)—तथा आयुर्वेदेऽपि यमेवैकं रोगमधिकृत्य कस्याश्चिदवस्थायां किञ्चिद्धस्त्वपथ्यं, तदेवावस्थान्तरे तत्रैव रोगे पथ्यम्—

"उत्पद्यते हि साऽवस्था देशकालामयान् प्रति ।
यस्यामकार्यं कार्यं स्यात् कर्म कार्यं तु वर्जयेत्" ॥

इति वचनात् । यथा बलवदादेर्ज्वरिणो लङ्घनं, क्षीणधातोस्तु तद्विपर्ययः । एवं देशाद्यपेक्षया ज्वरिणोऽपि दधिपानादि योज्यम् । तथा च वैद्याः—

"कालाविरोधि निर्दिष्टं ज्वरादौ लङ्घनं हितम् ।
ऋतेऽनिलश्रमक्रोधशोककामकृतज्वरान्" ॥

(टीका)—एवं च यः पूर्वमपथ्यपरिहारो, यत्र तत्रैवावस्थान्तरे तस्यैव परिभोगः । स खल्वुभयोरपि तस्यैव रोगस्य शमनार्थः । इति सिद्धमेकविषयत्वमुत्सर्गापवादयोरिति ॥

(અનુવાદ)

તથા આયુર્વેદમાં પણ કહ્યું છે કે : જે વસ્તુ રોગની અમુક અવસ્થામાં અહિતકર થાય છે ત્યારે તે જ વસ્તુ તે રોગની અમુક અવસ્થામાં હિતકર નિવડે છે. દેશકાલથી ઉત્પન્ન થયેલા રોગોમાં નહીં કરવા યોગ્ય કાર્ય કરવા યોગ્ય બને છે અને કરવા યોગ્ય કાર્યનો ત્યાગ કરવો પડે છે, જ્યારે પ્રબલ જ્વર(તાવ)થી ગ્રસ્ત થયેલા રોગીને લંઘન એ સ્વાસ્થ્યકારી થાય છે; ત્યારે ક્ષીણ ધાતુથી ઉત્પન્ન થયેલા જ્વરથી ગ્રસ્ત રોગીને તેજ લંઘન નુકશાનકર્તા થાય છે. તેવી જ રીતે અમુક દેશની અપેક્ષાયે જ્વરાતુર રોગીને દધિ(દહીં) આદિનું પાન પથ્યકારી થાય છે. પરંતુ અન્યદેશની અપેક્ષાએ જ્વરાતુર રોગીને દધિ અહિતકર થાય છે. તેમજ વૈદ્યો પણ કહે છે કે : વાયુ, શ્રમ, ક્રોધ, શોક, અને કામથી

ઉત્પન્ન થયેલા જ્વરો સિવાયના જ્વરોમાં ગ્રીષ્મ, શીત આદિ ઋતુઓને અનુકૂલ લંઘન હિતકારી છે. એ પ્રકારે અમુક રોગમાં અપથ્યનો પરિહાર કરવામાં આવ્યો છે, તેજ અપથ્ય રોગની અમુક અવસ્થામાં ઉપાદેય થાય છે. તેથી એક રોગની ઉભય અવસ્થામાં અપથ્યનો ત્યાગ અને ગ્રહણ, તે બન્ને કેવલ રોગને શમાવવા માટે થાય છે, તેમ સામાન્ય અને અપવાદ; ઉભય વિધિ એકજ પ્રયોજનને સિદ્ધ કરનાર છે.

(टीका)—भवतां चोत्सर्गोऽन्यार्थः अपवादश्चान्यार्थः "न हिंस्यात् सर्वभूतानि" इत्युत्सर्गो हि दुर्गतिनिषेधार्थः। अपवादस्तु वैदिकहिंसाविधिदेवताऽतिथिपितृप्रीतिसंपादनार्थः। अतश्च परस्परनिरपेक्षत्वे कथमुत्सर्गोऽपवादेन बाध्यते। "तुल्यबलयोर्विरोध" इति न्यायात्। भिन्नार्थत्वेऽपि तेन तद्बाधने अतिप्रसङ्गात्। न च वाच्यं वैदिकहिंसाविधिरपि स्वर्गहेतुतया दुर्गतिनिषेधार्थ एवेति। तस्योक्तयुक्त्या स्वर्गहेतुत्वनिर्लोठनात्। तमन्तरेणापि च प्रकारान्तरैरपि तत्सिद्धिभावात् गत्यन्तराभावे ह्यपवादपक्षकक्षीकारः। न च वयमेव यागविधेः सुगतिहेतुत्वं नाङ्गीकुर्महे, किन्तु भवदाप्ता अपि। यदाह व्यासमहर्षिः—

"पूजया विपुलं राज्यमग्निकार्येण संपदः।
तपः पापविशुद्ध्यर्थं ज्ञानं ध्यानं च मुक्तिदम्" ॥

अत्राग्निकार्यशब्दवाच्यस्य यागादिविधेरुपायान्तरैरपि लभ्यानां संपदामेव हेतुत्वं वदन्नाचार्यः तस्य सुगतिहेतुत्वमर्थात् कदर्थितवानेव। तथा च स एव भावाग्निहोत्रं ज्ञानपालीत्यादिश्लोकैः स्थापितवान्॥

(અનુવાદ)

તેમજ તમારા વક્તવ્યમાં ઉત્સર્ગ વિધિ અને અપવાદ વિધિ, તે બન્ને ભિન્ન ભિન્ન પ્રયોજનનાં સાધક છે. દા. ત. કોઈપણ જીવની હિંસા ન કરવી જોઇએ તે રૂપ ઉત્સર્ગ વિધિ નરક આદિ દુર્ગતિના નિષેધને માટે કહેલ છે. અને વેદોક્ત હિંસા દોષ રૂપ નથી. એમ કહીને અપવાદ વિધિ દેવતા, અતિથિ અને પિતૃલોકની પ્રીતિને સંપાદન કરવા માટે કહેલ છે. આથી સામાન્ય અને અપવાદ, તે બન્ને પરસ્પર નિરપેક્ષ હોઇને ભિન્ન ભિન્ન પ્રયોજનનાં સાધક હોવાથી, અપવાદ વિધિ વડે સામાન્ય વિધિ બાધિત થતી નથી. કારણ કે તુલ્ય બલ હોય તેમાં જ વિરોધ થાય છે. ભિન્ન પ્રયોજનમાં પણ અપવાદ વિધિ વડે સામાન્ય વિધિ બાધિત થાય તો અતિ પ્રસંગ દોષ આવશે. તમારા મતમાં સામાન્ય અને અપવાદ માર્ગ ભિન્ન ભિન્ન પ્રયોજનના સાધક હોવાથી અપવાદ વિધિ વડે સામાન્ય વિધિ બાધિત થતી નથી. જો કહેશો કે વૈદિક હિંસા પણ સ્વર્ગનું કારણ હોવાથી દુર્ગતિના નિષેધને માટે જ છે. આથી સામાન્ય અને અપવાદ, તે બન્ને એક જ પ્રયોજનના સાધક હોવાથી અપવાદવિધિ વડે સામાન્યવિધિ બાધિત થાય છે. આ પણ તમારૂં કથન યુક્તિયુક્ત નથી, કેમકે વૈદિક હિંસા સ્વર્ગનું કારણ થઇ શકતી નથી. તેનું અમે પૂર્વે યુક્તિપુરઃસર ખંડન કરી આવ્યા છીએ. વળી વૈદિક હિંસા વિના પણ અન્ય ઉપાયો દ્વારા સ્વર્ગ પ્રાપ્તિ થઈ

शके छे. जो स्वर्गनी प्राप्ति माटे अन्य कोई उपाय ना होय तो वैदिक हिंसारूप अपवाद मार्गनुं आलंबन लेवुं पडे, परंतु तमे यम, नियम आदिने स्वर्गना कारण रूपे स्वीकार्या छे. वळी अमे(जैनो)ज केवळ वैदिक-हिंसा स्वर्गनुं कारण नथी, तेम कहेता नथी, परंतु तमारा पूज्य एवा व्यास आदि ऋषि-मुनिओ पण तेनो निषेध करे छे. व्यासे कह्युं छे के : पूजा वडे विपुल राज्यनी प्राप्ति थाय छे, अग्नि-कार्य(यज्ञ) वडे संपत्ति मळे छे, तपथी पापनी विशुद्धि थाय छे. अने ज्ञान तथा ध्यान वडे मुक्तिनी प्राप्ति थाय छे. अहीं अग्नि कार्य शब्दथी यज्ञनुं विधान करवामां आव्युं छे. अने ते यज्ञ अन्य उपायोथी साध्य एवी संपत्तिनुं कारण कहेल छे, परंतु स्वर्गनुं कारण कह्युं नथी. अर्थात वैदिक हिंसा स्वर्गनुं कारण थती नथी. व्यास ऋषिए 'ज्ञानपालि' इत्यादि श्लोक वडे भावयज्ञनुं ज स्थापन कर्युं छे.

(टीका)—तदेवं स्थिते तेषां वादिनां चेष्टामुपमया दूषयति स्वपुत्रेत्यादि। परेषां भवत्प्रणीतवचनपराङ्मुखानां स्फुरितं—चेष्टितम्, स्वपुत्रघाताद् नृपतित्वलिप्सासब्रह्मचारि निजसुतनिपातनेन राज्यप्राप्तिमनोरथसदृशम्। यथा किल कश्चिदविपश्चित् पुरुषः परुषाशयतया निजमङ्गजं व्यापाद्य राज्यश्रियं प्राप्तुमीहते। न च तस्य तत्प्राप्तावपि पुत्रघातपातककलङ्कः क्वचिदपयाति। एवं वेदविहितहिंसया देवतादिप्रीतिसिद्धावपि, हिंसासमुत्थं दुष्कृतं न खलु पराहन्यते। अत्र च लिप्सा शब्दं प्रयुञ्जानः स्तुतिकारो ज्ञापयति यथा तस्य दुराशयस्यासदृशतादृशदुष्कर्मनिर्माण निर्मूलितसत्कर्मणो राज्यप्राप्तौ केवलं समीहामात्रमेव, न पुनस्तत्सिद्धिः। एवं तेषां दुर्वादिनां वेदविहितां हिंसामनुतिष्ठतामपि देवतादिपरितोषणे मनोराज्यमेव। न पुनस्तेषामुत्तमजनपूज्यत्वमिन्द्रादिदिवौकसां च तृप्तिः। प्रागुक्तयुक्त्या निराकृतत्वात्। इति काव्यार्थः ॥११॥

आ प्रमाणे वैदिक-हिंसानुं खंडन करीने हवे भगवत्-प्रणीत सिद्धांतथी पराङ्मुख एवा ते वादीओनी चेष्टाने उपमा वडे दुषित करता आचार्य महाराज कहे छे के : जेम कोइ मुर्ख पुरुष कठोर आशयथी पोताना पुत्रनो वध करीने राज्यप्राप्तिनी इच्छा करे तेमां पण कदाच तेने राज्यप्राप्ति थाय तो पण ते मुर्ख पुरुष पुत्र वधथी कलंकित थयेलो एवो, पुत्रवधजन्य पापथी मुक्त थई शकतो नथी, तेम याज्ञिक लोकोने पण वैदिक हिंसा द्वारा कदाच देवता आदि प्रसन्न थाय, तोपण तेओ हिंसा जन्य पापथी मुक्त थई शकता नथी. श्लोकमां 'लिप्सा' शब्दनो प्रयोग करवामां आव्यो छे. तेथी स्तुतिकार जणावे छे, के जे प्रकारे जेणे पुत्रवधरूप दुष्ट आशयथी दुष्टकर्म उपार्जन करी सुकृतनो निर्मूल नाश कर्यो छे, एवा दुष्ट आशयवाळा पापी पुरुषने केवल राज्य प्राप्तिनी इच्छा छे, परंतु वस्तुतः तेने राज्य प्राप्ति थई शकती नथी; तेवी रीते वेदोक्त हिंसानुं अनुष्ठान करवावाळा दुर्वादीओने पण हिंसा वडे देवता आदिने प्रसन्न करवारूप मात्र स्पृहा ज छे. वास्तविक रीते तो हिंसा वडे न तो इंद्रादिदेवताओनी प्रसन्नता प्राप्त थती के न तो हिंसा करनाराओनी उत्तम पुरुषोमां प्रतिष्ठा वधती, आथी वैदिक हिंसानुं निराकरण करवामां आव्युं छे. ते बराबर युक्तिसंगत छे. आ प्रमाणे अगीआरमा श्लोकनो अर्थ जाणवो.

अवतरण

सांप्रतं नित्यपरोक्षज्ञानवादिनां मीमांसकभेदभट्टानाम् एकात्मसमवायिज्ञानान्तरवेद्यज्ञानवादिनां च यौगानां मतं विकुट्टयन्नाह—

અવતરણ

હવે જ્ઞાનને નિત્ય પરોક્ષ માનનારા મીમાંસક ભટ્ટના એકદેશીય મન્તવ્યનું અને એક આત્મામાં સમવાયસંબંધ વડે રહેલા જ્ઞાનનું અન્યજ્ઞાન દ્વારા પ્રત્યક્ષ થાય છે તે પ્રમાણે માનવાવાળા યોગદર્શનનું ખંડન કરતાં કહે છે કે :

मूल—स्वार्थावबोधक्षम एव बोधः प्रकाशते नार्थकथान्यथा तु ।
परे परेभ्यो भयतस्तथापि प्रपेदिरे ज्ञानमनात्मनिष्ठम् ॥१२॥

મૂળ-અર્થ : જ્ઞાન સ્વયં પોતાને અને પરને જાણવામાં સમર્થ છે. અન્યથા જ્ઞાન સ્વસંવેદી (સ્વયં પોતાને જાણવાવાળું) ના હોય તો પદાર્થોનું પણ જ્ઞાન થઈ શકતું નથી. આ પ્રમાણે જ્ઞાન સ્વસંવેદી હોવા છતાં પણ ભાટ્ટ તથા યૌગ લોકો બીજાના ભયથી (એટલે કે કોઈપણ પદાર્થ પોતે પોતામાં ક્રિયા કરી શકતો નથી કેમકે પોતામાં ક્રિયાનો વિરોધ છે. આવા પ્રકારના પરના ઉપાલંભથી) ડરીને જ્ઞાનને સ્વસંવેદનરૂપે સ્વીકારતા નથી.

(टीका) बोधो–ज्ञानं, स च स्वार्थावबोधक्षम एव प्रकाशते । स्वस्य–आत्मस्वरूपस्य, अर्थस्य च पदार्थस्य योऽवबोधः–परिच्छेदस्तत्र, क्षम एव–समर्थ एव प्रतिभासते इत्ययोगव्यवच्छेदः । प्रकाशत इति क्रियया अवबोधस्य प्रकाशरूपत्वसिद्धेः सर्वप्रकाशानां स्वार्थप्रकाशकत्वेन, बोधस्यापि तत्सिद्धिः । विपर्यये दूषणमाह । नार्थकथान्यथा त्विति । अन्यथेति–अर्थप्रकाशनेऽविवादाद्, ज्ञानस्य स्वसंविदितत्वानभ्युपगमेऽर्थकथैव न स्यात् । अर्थकथापदार्थसम्बन्धिनी वार्ता, सदसद्रुपात्मकं स्वरूपमिति यावत् । तुशब्दोऽवधारणे भिन्नक्रमश्च, स चार्थकथया सह योजित एव । यदि हि ज्ञानं स्वसंविदितं नेष्यते, तदा तेनात्मज्ञानाय ज्ञानान्तरमपेक्षणीयं तेनाप्यपरमित्याद्यनवस्था । ततो ज्ञानं ताव स्वावबोधव्यग्रतामग्नम् । अर्थस्तु जडतया स्वरूपज्ञापनासमर्थ इति को नामार्थस्य कथामपि कथयेत् । तथापि एवं ज्ञानस्य स्वसंविदितत्वे युक्त्या घटमानेऽपि, परे–तीर्थान्तरीयाः, ज्ञानं कर्मतापन्नम्, अनात्मनिष्ठं–न विद्यते आत्मनः स्वस्य निष्ठा निश्चयो यस्य तदनात्मनिष्ठम्, अस्वसंवि-

दितमित्यर्थः, प्रपेदिरे–प्रपन्नाः । कुतः इत्याह । परेल्येा भयतः, परे-पूर्वपक्षवादिनः तेभ्यः सकाशात् ज्ञानस्य स्वंसविदितत्वं नेापपद्यते, स्वात्मनि क्रियाविरोधादित्युपालम्भसम्भावनासम्भवं यद्भयं तस्मात् तदाश्रित्येत्यर्थः ॥

(અનુવાદ)

જેવી રીતે દીપક પોતાને અને પર(પદાર્થ)ને પ્રકાશિત કરે છે તેમ જ્ઞાન પણ પોતાને અને પર(પદાર્થ)ને પ્રકાશિત કરવા માટે સમર્થ છે. જો જ્ઞાનને સ્વસંવિદિત માનવામાં ના આવે તો પદાર્થોના ભાવ અને અભાવ (સત્ અને અસત્) સ્વરૂપની વ્યવસ્થા થઈ શકશે નહીં કેમકે જ્ઞાન સ્વસંવિદિતન હેાય અર્થાત્ (પોતાને નહીં જાણવાથી) જડસ્વરૂપ હેાય તે જ્ઞાનને જાણવા માટે અપર જ્ઞાનની જરૂર પડશે અને તે અપર જ્ઞાનને જાણવા માટે કેાઈ ત્રીજા જ્ઞાનની આવશ્યકતા રહેશે ! આ રીતે એક બીજા જ્ઞાનને જાણવા માટે અન્ય અન્ય જ્ઞાનની અપેક્ષા રહેશે તેથી અનવસ્થા દોષ આવશે. અને તે રીતે જો જ્ઞાન સ્વસ્વરૂપને જ જાણવામાં વ્યગ્ર રહે તો પદાર્થોને પ્રકાશિત કેવી રીતે કરી શકશે ? કારણ કે પદાર્થ સ્વયં જડરૂપ હોવાથી સ્વસ્વરૂપને જાણવા માટે અસમર્થ છે, અને જ્ઞાન પણ પોતાનું જ સ્વરૂપ અનિશ્ચિત હોવાથી પરને કઇ રીતે પ્રકાશિત કરી શકે ! આથી પદાર્થના સંબંધની વાત અસંભવિત થશે અર્થાત્ પદાર્થનું ભાવાભાવસ્વરૂપ જાણી શકાશે નહીં. પ્રસ્તુત શ્લોકમાં 'तु' શબ્દ નિશ્ચય અર્થમાં અને ભિન્નક્રમમાં વપરાયેા છે. આ પ્રમાણે યુક્તિથી જ્ઞાનનું સ્વસંવેદન રૂપ સિદ્ધ થવા છતાં પણ આત્મામાં ક્રિયાનો વિરોધ હોવાથી 'જ્ઞાનસ્વસંવિદિત નથી' આ પ્રમાણે અન્ય દર્શનકારોના ભયથી ભટ્ટ મતાનુયાયીઓ જ્ઞાનનું સ્વપ્રકાશક સ્વરૂપ સ્વીકારતા નથી.

(टीका) इत्यमक्षरगमनिकां विधाय भावार्थः प्रपठ्यते । भट्टास्तावदिदं वदन्ति । यदू ज्ञानं स्वसंविदितं न भवति, स्वात्मनि क्रियाविरोधात् । न हि सुशिक्षितेाऽपि नटबटुः स्वस्कन्धमधिरोढुं पटुः. न च सुतीक्ष्णाप्यसिधारा स्वं छेत्तुमाहितव्यापारा । ततश्च परोक्षमेव ज्ञानमिति । तदेतन्न सम्यक् । यतः किमुत्पत्तिः स्वात्मनि विरुध्यते ज्ञप्तिर्वा ? यद्युत्पत्तिः सा विरुध्यताम् । नहि वयमपि ज्ञानमात्मानमुत्पादयतीति मन्यामहे । अथ ज्ञप्तिः नेयमात्मनि विरुद्धा । तदात्मनैव ज्ञानस्य स्वहेतुभ्य उत्पादात् । प्रकाशात्मनेव प्रदीपालेाकस्य । अथ प्रकाशात्मैव प्रदीपालेाक उत्पन्न इति परप्रकाशेाऽस्तु । आत्मानमप्येतावन्मात्रेणैव प्रकाशयतीति केाऽयं न्यायः इति चेत्, तर्हि तेन वराकेणाप्रकाशितेनैव स्थातव्यम्, आलेाकान्तरात् वास्य प्रकाशेन भवितव्यम् । प्रथमे प्रत्यक्षबाधः । द्वितीयेऽपि सैवानवस्थापत्तिश्च ॥

(અનુવાદ)

આમ શ્લોકનો શબ્દાર્થ કરી, હવે ભાવાર્થ કહે છે;

ભટ્ટઃ જ્ઞાન સ્વપ્રકાશસ્વરૂપ નથી, (પોત પોતાને જાણી શકતું નથી.) કારણ કે

પ્રકાશવું એ ક્રિયારૂપ છે. કોઈ પણ ક્રિયા સ્વયં સ્વવિષયમાં હોઇ શકતી નથી. જેમ અતિકુશળ પણ નટ સ્વયં પોતાના સ્કંધ ઉપર ચઢી શકતો નથી તેમજ અતિતીક્ષ્ણ તલવારની ધાર સ્વયં પોતાને કાપી શકતી નથી તેવી રીતે જ્ઞાન પણ સ્વયં પોતાને જાણી શકતું નથી; માટે જ્ઞાન પરોક્ષ છે.

જૈનઃ તમારી માન્યતા ઠીક નથી; કેમકે તમે સ્વવિષયમાં ઉત્પત્તિરૂપ ક્રિયાનો વિરોધ માનો છો કે પોતાનાં રૂપનો નિશ્ચિય (પોતાના સ્વરૂપને જાણવું) તે રૂપ ક્રિયાનો વિરોધ માનો છો? જો સ્વવિષયમાં (ઉત્પતિ રૂપ) ક્રિયાનો વિરોધ માનતા હોય તો અમે પણ જ્ઞાન જ્ઞાનને પોતાને ઉત્પન્ન કરતું નથી એમ સ્વીકારીએ છીએ. બીજો વિકલ્પ પોતાના સ્વરૂપને ન જાણવા રૂપ ક્રિયાનો વિરોધ માનતા હો, તો ઠીક નથી. કેમકે જેમ દીપકનો પ્રકાશ પ્રકાશ રૂપે ઉત્પન્ન થાય છે. તેમ જ્ઞાન પણ સ્વયં સ્વકારણોથી પ્રકાશરૂપે જ ઉત્પન્ન થાય છે.

શંકા : દીપકનો પ્રકાશ પ્રકાશ રૂપ છે અને તે પ્રકાશ પર—પદાર્થોને પ્રકાશિત કરે છે. તેથી પોતે પોતાને પ્રકાશિત કરે છે. એમ કઈ રીતે માની શકાય ?

સમાધાન : જો દીપકનો પ્રકાશ પદાર્થોને પ્રકાશિત કરતો હોય અને સ્વયં પોતાને પ્રકાશિત કરતો ના હોય, તો શું દીપકે સ્વયં અપ્રકાશિત જ રહેવાનું ? અથવા દીપક સ્વયં અપ્રકાશિત હોવાથી તેને પ્રકાશિત કરવા માટે અન્ય પ્રકાશની અપેક્ષા રાખવી, તે પ્રત્યક્ષથી બાધિત છે. કેમકે સર્વલોક સાધારણ દીપક અન્ય પદાર્થોને પ્રકાશિત કરે છે તેની સાથે સ્વયં પણ પ્રકાશિત જ હોય છે. જો દીપકના પ્રકાશને પ્રકાશિત કરવા માટે અન્યપ્રકાશની અપેક્ષા હોય તો તે અન્ય પ્રકાશને પણ પ્રકાશિત કરવા માટે કોઇ ત્રીજા પ્રકાશની અપેક્ષા રહેશે. આ રીતે અન્ય અન્ય પ્રકાશની અપેક્ષા રાખવાથી અનવસ્થા-દોષ આવશે. તેવીજ રીતે જ્ઞાનમાં પણ જાણવું

(ટીકા) अथ नासौ स्वमपेक्ष्य कर्मतया चकास्तीत्यस्वप्रकाशकः स्वीक्रियते आत्मानं न प्रकाशयतीत्यर्थः । प्रकाशरूपतया तूत्पन्नत्वात् स्वयं प्रकाशत एवेति चेत्, चिरञ्जीव । न हि वयमपि ज्ञानं कर्मतयैव प्रतिभासमानं स्वसंवेद्यं ब्रूमः । ज्ञानं स्वयं प्रतिभासत इत्यादावकर्मकस्य तस्य चकासनात्। यथा तु ज्ञानं स्वं जानामीति कर्मतयापि तद्भाति, तथा प्रदीपः स्वं प्रकाशयतीत्ययमपि कर्मतया प्रथित एव ॥

(અનુવાદ)

શંકા : એક ક્રિયામાં કર્તા અને કર્મ, બન્ને રહી શકતાં નથી. એટલા માટે પ્રકાશ રૂપ ક્રિયાનો કર્તા દીપક પ્રકાશ રૂપ ક્રિયાનું કર્મ હોઇ શકે નહીં; તેથી દીપકનો પ્રકાશ પોતે પોતાને પ્રકાશિત કરી શકતો નથી. આથી અમે દીપકને સ્વયં પ્રકાશ રૂપ સ્વીકારતા નથી, પરંતુ દીપક સ્વયં પ્રકાશરૂપે ઉત્પન્ન થાય છે. માટે તેને સ્વપ્રકાશકરૂપ કહીએ છીએ.

સમાધાન : ચિરંજીવો ! અમે પણ જ્ઞાનને કર્મ રૂપે સ્વયં પ્રકાશક માનતા નથી. જેમ તમે દીપકને પ્રકાશરૂપે ઉત્પન્ન થાય છે. તેથી સ્વયં પ્રકાશિત માનો છો, તેમ અમે પણ જ્ઞાનને જ્ઞપ્તિરૂપે ઉત્પન્ન થવાથી; સ્વયં પ્રકાશિત માનીએ છીએ. 'જ્ઞાન સ્વયં પ્રતિ-ભાસે છે' ઇત્યાદિ વાક્યોમાં જ્ઞાનનું કર્મ રહિતપણું ભાસે છે, અને જેમ દીપક સ્વયં પોતાને પ્રકાશિત કરે છે, તેમાં જેમ કર્મ રૂપે વ્યવહાર થાય છે, તેમ 'જ્ઞાનને હું જાણું છું.' ઇત્યાદિ વાક્યના પ્રયોગમાં પણ જ્ઞાનમાં કર્મ રૂપે વ્યવહાર થઇ શકે છે.

(टीका) यस्तु स्वात्मनि क्रियाविरोधो दोष उद्भावितः सोऽयुक्तः। अनुभवसिद्धेऽर्थे विरोधासिद्धेः। घटमहं जानामि इत्यादौ कर्तृकर्मवद् ज्ञातेरप्यवभासमानत्वात्। न चाप्रत्यक्षोपलम्भस्यार्थदृष्टिः प्रसिध्यति। न च ज्ञानान्तरात् तदुपलम्भसम्भावना तस्याप्यनुपलब्धस्य प्रस्तुतोपलम्भप्रत्यक्षीकाराभावात्। उपलम्भान्तरसम्भावने चानवस्था। अर्थोपलम्भात् तस्योपलम्भे अन्योन्याश्रयदोषः॥

(અનુવાદ)

તેમજ જ્ઞાનને સ્વપ્રકાશક માનવામાં તમે જે દોષ આપ્યો કેઃ જ્ઞાનમાં ક્રિયા હોઇ શકતી નથી, કેમ કે એક જ વિષયમાં કર્તા અને કર્મનો વિરોધ આવે છે, તમારૂં આ કથન ઠીક નથી; કારણ કે અનુભવસિદ્ધ પદાર્થોમાં વિરોધ જોવામાં આવતો નથી. દા. ત. ઘટને હું જાણું છું. ઇત્યાદિ પ્રયોગમાં કર્તા અને કર્મ બન્નેનું જ્ઞાન થાય છે; તેમ 'જ્ઞાનને હું જાણું છું.' આ પ્રયોગમાં કર્તા અને કર્મ ઉભયનું જ્ઞાન થાય છે. તથા જો જ્ઞાનને પરોક્ષ (અસ્વસંવિદિત) માનવામાં આવે તો જ્ઞાન પદાર્થને જાણી શકશે નહીં. કેમ કે એક જ્ઞાનને પ્રત્યક્ષ કરવામાં અપર જ્ઞાનની અપેક્ષા અને તે અપર જ્ઞાનને પ્રત્યક્ષ કરવામાં કોઇ ત્રીજા જ્ઞાનની અપેક્ષા રાખવી પડશે! આ રીતે અપર અપર જ્ઞાનની અપેક્ષા કરતાં અનવસ્થા દોષ આવશે.

એમ ના કહેશો કે પદાર્થના પ્રાકટય દ્વારા જ્ઞાનમાં સ્વસંવિદિતતા આવે છે. દા. ત. ઘટનું જ્ઞાન થયા બાદ 'મેં ઘટને જાણ્યો,' એવા જ્ઞાનથી ઘટમાં જ્ઞાતતા આવે છે. અર્થાત્ ઘટનું પ્રાકટયઘટના જ્ઞાન પહેલાં સંભવતું નથી. પરંતુ ઘટનું જ્ઞાન થયા બાદ ઘટમાં જ્ઞાતતા (જ્ઞેય વિષયતા) ઉત્પન્ન થાય છે. માટે ઘટ પ્રાકટયથી જ્ઞાનમાં સ્વસંવેદનપણું આવે છે, આમ જો પદાર્થના જ્ઞાનથી જ્ઞાનમાં સ્વસંવેદનપણું માનવામાં આવે તો અન્યોન્યાશ્રય દોષ આવશે. કારણ કે જ્ઞાન દ્વારા પદાર્થમાં પ્રાકટય અને પદાર્થના પ્રાકટયથી જ્ઞાનમાં સ્વસંવિદિતતા....આ રીતે પદાર્થોનું પ્રાકટય અને જ્ઞાનનું જ્ઞાન તે બન્ને પરસ્પર સાપેક્ષ હોવાથી અન્યોન્યાશ્રય દોષ આવશે.

(टीका) अथार्थप्राकट्यमन्यथा नोपपद्येत यदि ज्ञानं न स्यात, इत्यर्थापत्त्या तदुपलम्भ इति चेत्। न। तस्या अपि ज्ञापकत्वेनाज्ञाताया ज्ञापकत्वायोगात्। अर्थापत्त्यन्तरात् तज्ज्ञानेऽनवस्थेतरेतराश्रयदोषापत्तेः तदवस्थः परिभवः। तस्मादर्थोन्मुखतयेव स्वोन्मुखतयाऽपि ज्ञानस्य प्रतिभासात् स्वसंविदितत्वम्।

(અનુવાદ)

મીમાંસક કહે છેઃ પદાર્થનું જ્ઞાન પદાર્થના પ્રાકટય વિના થઇ શકતું નથી. જેમ પુષ્ટ દેવદત્ત દિવસે ભોજન કરતો નથી. આ વાક્યમાં જેમ, પુષ્ટત્વ ભોજન વિના હોઇ શકતું નથી, માટે અન્યથાનુપપત્તિથી દેવદત્તમાં રાત્રિ ભોજનની કલ્પના કરવામાં આવે છે તેમ ઘટનું જ્ઞાન ઘટના પ્રાકટય વિના સંભવતુ નથી, માટે ઘટના પ્રાકટયની અન્યથાઅનુપપત્તિથી ઘટપ્રાકટયમાં ઘટના જ્ઞાનની કલ્પના થાય છે.

જૈન કહે છે : આ પણ કથન ઠીક નથી. કારણ કે તમે જો પદાર્થમાં પ્રાકટય દ્વારા જ્ઞાનની સિદ્ધિ કરતા હો, તો અહીં પ્રશ્ન થાય છે કે : તે અર્થપ્રાકટય સ્વયં જ્ઞાત છે કે અજ્ઞાત? જો તે અર્થપ્રાકટય સ્વયં અજ્ઞાત હોય તો, તે જ્ઞાન કરવામાં સહાયક બનશે નહીં. જો કહેશો કે અર્થપ્રાકટય સ્વયં જ્ઞાત હોવાથી જ્ઞાનનું જ્ઞાન કરાવે છે, તો એક જ્ઞાતતામાં બીજી જ્ઞાતતાની અપેક્ષા, અથવા તો અર્થાપત્તિ પણ સ્વયં અજ્ઞાત હોવાથી તમે જ્ઞાતતાને લાવવા માટે બીજી અર્થાપત્તિની અપેક્ષા રાખશો! આ રીતે અપર અપર અર્થાપત્તિની કલ્પના કરવામાં આવવાથી અનવસ્થા દોષ આવશે. તેમજ જ્ઞાન અને જ્ઞાતતાનું પરસ્પર સાપેક્ષપણું હોવાથી અન્યોન્યાશ્રય દોષ પણ આવે છે. તેથી જ્ઞાન પદાર્થોને જેમ પ્રકાશિત કરે છે. તેમ જ્ઞાન પોતે પોતાને પણ પ્રકાશિત કરે છે. આ રીતે જ્ઞાનનું સ્વસંવેદનપણું સિદ્ધ થાય છે.

नन्वनुभूतेरनुभाव्यत्वे घटादिवदननुभूतित्वप्रसङ्गः। प्रयोगस्तु ज्ञानमनुभवरूपमप्यनुभूतिर्न भवति, अनुभाव्यत्वाद्, घटवत्, अनुभाव्यं च भवद्भिरिष्यते ज्ञानं, स्वसंवेद्यत्वात्। नैवम्। ज्ञातुर्ज्ञातृत्वेनेवानुभूतेरनुभूतित्वेनैवानुभवात्। नचानुभूतेरनुभाव्यत्वं दोषः। अर्थापेक्षयानुभूतित्वात् स्वापेक्षया चानुभाव्यत्वात्। स्वपितृपुत्रापेक्षयैकस्य पुत्रत्वपितृत्ववद् विरोधाभावात्।

(અનુવાદ)

શંકા : જો અનુભૂતિ(જ્ઞાન)ને અનુભાવ્ય(જ્ઞેય)રૂપે સ્વીકારવામાં આવે તો જ્ઞેય (જાણવા યોગ્ય) એવા ઘટાદિ પદાર્થોની જેમ જ્ઞાન પણ અજ્ઞાન રૂપ થઈ જશે! કારણ કે જ્ઞાન અનુભવરૂપ હોવા છતાં પણ અનુભાવ્યરૂપ થવાથી ઘટની જેમ જ્ઞાન પણ અનુભવ રૂપ થઈ શકશે નહીં! કેમકે તમે (જૈનો) જ્ઞાનને સ્વસંવેદનરૂપ (જ્ઞાન જ્ઞાનને પ્રકાશિત કરે છે.) માનો છો, તેથી જ્ઞાનનું અનુભાવ્યરૂપ થવાથી જ્ઞાનમાં અજ્ઞતા આવશે. અર્થાત્ ઘટાદિ પદાર્થો જેમ અનુભાવ્યરૂપ હોવાથી તેમાં જ્ઞાનરૂપતા નથી તેમ જ્ઞાન પણ જ્ઞાનનો વિષય થવાથી જ્ઞાનમાં જ્ઞાનરૂપતા થશે નહીં.

સમાધાન : તમારું આ કથન ઠીક નથી. જ્ઞાતા (પ્રમાતા–આત્મા)નો જ્ઞાતૃત્વરૂપે અનુભવ થાય છે. તેમ જ્ઞાનનો પણ જ્ઞાનરૂપે અનુભવ થાય છે. અનુભૂતિ (જ્ઞાન)ને અનુભાવ્ય (જ્ઞેય) રૂપ માનવામાં પણ દોષ આવતો નથી. કારણ કે પદાર્થને જાણવાની અપેક્ષાએ જ્ઞાનમાં અનુભૂતિત્વ અને જ્ઞાન સ્વયં પોતાને જાણે છે. તેની અપેક્ષાએ જ્ઞાનમાં અનુભાવ્યત્વ પણ છે. જેમ એક જ પુરુષમાં પોતાના પિતાની અપેક્ષાએ પુત્રત્વ અને પુત્રની અપેક્ષાએ પિતૃત્વ-ધર્મ રહે છે. તેમ એકજ જ્ઞાનમાં પદાર્થની અપેક્ષાએ અનુભૂતિત્વ અને સ્વની અપેક્ષાએ અનુભાવ્યત્વ રહે છે, તેમાં કોઇ વિરોધ આવતો નથી.

अनुमानाच्च स्वसंवेदनसिद्धिः। तथाहि। ज्ञानं स्वयं प्रकाशमानमेवार्थं प्रकाशयति, प्रकाशकत्वात्, प्रदीपवत्। संवेदनस्य प्रकाश्यत्वात् प्रकाशकत्वमसिद्धमिति चेत्। न। अज्ञाननिरासादिद्वारेण प्रकाशकत्वोपपत्तेः।

(અનુવાદ)

અનુમાન પ્રમાણથી પણ જ્ઞાનનું સ્વસંવેદનપણું સિદ્ધ થાય છે. આ પ્રમાણે જ્ઞાન સ્વયં પ્રકાશિત હોઈને પદાર્થને પ્રકાશિત કરે છે. કેમ કે તે પ્રકાશ સ્વરૂપ છે. જે દીપક સ્વયં પ્રકાશિત હોઈને પદાર્થને પ્રકાશિત કરે છે; તેમ જ્ઞાન પણ સ્વયં પ્રકાશિત હોઈને પદાર્થને પ્રકાશિત કરે છે. અર્થાત્ દીપક જેમ સ્વપ્રકાશ સ્વરૂપ છે. તેમ જ્ઞાન પણ સ્વપ્રકાશ સ્વરૂપ જ છે. જો કહો કે જ્ઞાન જ્ઞાનને પ્રકાશિત કરે છે, તેથી તેનું પ્રકાશ્યસ્વરૂપ હોવાથી ઘટની જેમ જ્ઞાન પણ પ્રકાશક થઈ શકતું નથી. તે બરાબર નથી. કેમ કે જ્ઞાન અજ્ઞાનનો નાશ કરે છે તેથી તેમાં પ્રકાશકપણું સિદ્ધ થઈ શકે છે.

ननु नेत्रादयः प्रकाशका अपि स्वं न प्रकाशयन्तीति प्रकाशकत्वहेतोरनैकान्तिकतेति चेत्, न नेत्रादिभिरनैकान्तिकता। तेषां लब्ध्युपयोगलक्षणभावेन्द्रियरूपाणामेव प्रकाशकत्वात्। भावेन्द्रियाणां च स्वसंवेदनरूपतैवेति न व्यभिचारः। तथा संवित् स्वप्रकाशा, अर्थप्रतीतित्वात्, यः स्वप्रकाशो न भवति नासावर्थप्रतीतिः, यथा घटः।

(અનુવાદ)

શંકા : નેત્ર આદિ પ્રકાશક હોવા છતાં પણ પોતે પોતાને પ્રકાશિત કરતાં નથી, માટે પ્રકાશકત્વ હેતુ અસ્વપ્રકાશક સ્વરૂપ નેત્રાદિમાં રહેવાથી વ્યભિચારી છે.

સમાધાન : આ કથન અયુક્ત છે. કેમ કે નેત્ર આદિ દ્રવ્યેન્દ્રિયો લબ્ધિ અને ઉપયોગ રૂપ ભાવેન્દ્રિયો દ્વારા પોતે પોતાને જાણી શકે છે. મતિજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી આત્મામાં વિશુદ્ધિ ઉત્પન્ન થાય છે, અને તે વિશુદ્ધિથી ઉત્પન્ન થવા વાળું ઉપયોગરૂપ જ્ઞાન, તેને ભાવેન્દ્રિય કહે છે. તથા સ્પર્શના અને રસના આદિ પાંચ ઇન્દ્રિયોનાં આવરણનો ક્ષયોપશમ થવાથી પદાર્થને જાણવાની શક્તિવિશેષ તે લબ્ધિ ઇંદ્રિય કહેવાય છે. તે પોત-પોતાની લબ્ધિને અનુસારે આત્માને પદાર્થોમાં પ્રવૃત્તિ કરાવવારૂપ વ્યાપાર, તે ઉપયોગ ઇંદ્રિય કહેવાય છે. તેથી તે ભાવેન્દ્રિયનું સ્વસંવેદન સ્વરૂપ હોવાથી નેત્રાદિની સાથે પ્રકાશકત્વહેતુ વ્યભિચારી નથી. આથી સિદ્ધ થાય છે કે જ્ઞાન પદાર્થને પ્રકાશિત કરે છે. તેથી તે સ્વપ્રકાશક છે. (વ્યતિરેક) જે સ્વપ્રકાશક નથી તે પદાર્થોને પણ પ્રકાશિત કરતાં નથી. અર્થાત્ પદાર્થોને જાણતા નથી. જેમ કે ઘટ તે સ્વપ્રકાશક નથી માટે પદાર્થને પણ પ્રકાશિત કરતો નથી; અને જ્ઞાન સ્વપ્રકાશકરૂપ હોવાથી પદાર્થોને પણ જાણી શકે છે.

तदेवं सिद्धेऽपि प्रत्यक्षानुमानाभ्यां ज्ञानस्य स्वसंविदितत्वे "सत्संप्रयोगे इन्द्रियबुद्धिजन्मलक्षणं ज्ञानं, ततोऽर्थप्राकट्यं, तस्मादर्थापत्तिः, तया प्रवर्तकज्ञानस्योपलम्भः" इत्येवंरूपा त्रिपुटीप्रत्यक्षकल्पना भट्टानां प्रयासफलैव।

(અનુવાદ)

આ પ્રકારે પ્રત્યક્ષ અને અનુમાન દ્વારા જ્ઞાનનું સ્વસંવેદનપણું સિદ્ધ થવાથી ભટ્ટ મતાનુસારીનો 'ત્રિપુટી-પ્રત્યક્ષ'ની કલ્પના કરવાનો પ્રયાસ, બિલકુલ વ્યર્થ છે. તે ત્રિપુટી પ્રત્યક્ષની કલ્પના આ પ્રમાણે છે : (૧) વિદ્યમાન પદાર્થોની સાથે ઇન્દ્રિય અને બુદ્ધિનો

સંયોગ થવાથી જ્ઞાન ઉત્પન્ન થાય છે. (૨) તે જ્ઞાનથી અર્થપ્રાકટ્ય અર્થાત્ પદાર્થનું જ્ઞાન થાય છે. (૩) અને પદાર્થના જ્ઞાનથી અર્થાપત્તિ થાય છે, તે અર્થાપત્તિ દ્વારા પ્રવર્તક જ્ઞાનનું સંવેદન (જ્ઞાન) થાય છે. આ તેઓની ત્રિપુટી-પ્રત્યક્ષની કલ્પના છે, અને તે વ્યર્થ છે.!

(टीका)—यौगास्त्वाहुः। ज्ञानं स्वान्यप्रकाश्यम्, ईश्वरज्ञानान्यत्वे सति प्रमेयत्वात्, घटवत्। समुत्पन्नं हि ज्ञानमेकात्मसमवेतानन्तरोद्भविष्णुमानसप्रत्यक्षेणैव लक्ष्यते, न पुनः स्वेन। न चैवमनवस्था। अर्थावसायिज्ञानोत्पादमात्रेणैवार्थसिद्धौ प्रमातुः कृतार्थत्वात्। अर्थज्ञानजिज्ञासायां तु तत्रापि ज्ञानमुत्पद्यत एवेति। तदयुक्तम्। पक्षस्य प्रत्यनुमानबाधितत्वेन हेतोः कालात्ययापदिष्टत्वात्। तथाहि विवादास्पदं ज्ञानं स्वसंविदितं, ज्ञानत्वात्, ईश्वरज्ञानवत्। न चायं वाद्यप्रतीतो दृष्टान्तः, पुरूषविशेषस्येश्वरतया जैनैरपि स्वीकृतत्वेन तज्ज्ञानस्य तेषां प्रसिद्धेः।

(અનુવાદ)

નૈયાયિક : જ્ઞાન અન્ય જ્ઞાન દ્વારા પ્રકાશિત છે. કેમ કે ઈશ્વર જ્ઞાનથી ભિન્ન હોઈને પ્રમેય રૂપ છે. (નૈયાયિકો ઈશ્વર જ્ઞાનથી અતિરિક્ત બધાજ જ્ઞાનોને અન્યજ્ઞાનથી પ્રકાશિત માને છે.) જેમકે ઘટ પ્રમેયરૂપ હોવાથી જ્ઞાન દ્વારા પ્રકાશિત છે. તેમ જ્ઞાન પણ પ્રમેયરૂપ હોવાથી અન્ય જ્ઞાન દ્વારા પ્રકાશિત છે. કારણ કે જ્ઞાન આત્મામાં સમવેત (ઉત્પન્ન) થયા બાદ માનસ પ્રત્યક્ષથી જણાય છે, અર્થાત્ જ્ઞાન માનસપ્રત્યક્ષનો વિષય હોવાથી સ્વસંવેદક નથી. તેમજ જ્ઞાન અન્ય જ્ઞાન દ્વારા પ્રકાશિત હોવા છતાં પણ તેમાં અનવસ્થા દોષ આવતો નથી. કેમ કે પદાર્થને જાણવામાત્રથી જ પ્રમાતાનું પ્રયોજન સિદ્ધ થાય છે. પ્રમાતાને જે સમયે પદાર્થ જાણવાની જિજ્ઞાસા થાય છે. તે સમયે જ જ્ઞાન ઉત્પન્ન થાય છે. તેથી જ્ઞાન ઉત્પન્ન થયા બાદ પ્રમાતા કૃતકૃત્ય થવાથી તેને અપર જ્ઞાનની આકાંક્ષા રહેતી નથી માટે અનવસ્થા દોષનો સંભવ નથી.

જૈન : તમારૂં આ કથન અયુક્ત છે. આપનું અનુમાન પ્રતિપક્ષી અનુમાનથી બાધિત છે. જ્ઞાન સ્વયં સંવેદન રૂપ છે. કેમકે જ્ઞાન જ્ઞાનસ્વરૂપ છે. જેમ ઈશ્વરજ્ઞાન જ્ઞાનસ્વરૂપ સ્વસંવેદનરૂપ છે; તેમ બધું જ જ્ઞાન જ્ઞાન સ્વરૂપ હોવાથી સ્વસંવેદનરૂપ છે, માટે ઈશ્વરો જ્ઞાનાન્યત્વે સતિ પ્રમેયત્વાત્' આ હેતુ બાધ નામના હેત્વાભાસથી દૂષિત છે. જો કહેશો કે જૈનોને ઈશ્વરજ્ઞાનરૂપ દૃષ્ટાંત અપ્રતીત છે. એમ કહેવું નહીં, કેમ કે અમે (જૈનો) પણ પુરૂષ વિશેષ ઈશ્વરને સ્વીકારીએ છીએ. તેથી તેઓનું જ્ઞાન પણ પ્રસિદ્ધ છે.

(टीका) व्यर्थविशेष्यश्चात्र तव हेतुः समर्थविशेषणोपादानेनैव साध्यसिद्धेः। अग्निसिद्धौ धूमवत्त्वे सति द्रव्यत्वादितिवद्। ईश्वरज्ञानान्यत्वादित्येतावतैव गतत्वात्। न हीश्वरज्ञानादन्यत् स्वसंविदितमप्रमेयं वा ज्ञानमस्ति, यद्व्यवच्छेदाय प्रमेयत्वादिति क्रियेत। भवन्मते तदन्यज्ञानस्य सर्वस्य प्रमेयत्वात्॥

(અનુવાદ)

વળી તમારા અનુમાનમાં 'ઈશ્વરજ્ઞાનાન્યત્વે સતિ પ્રમેયત્વાત્' આ હેતુ વ્યર્થ વિશેષ્ય છે. કેમ કે સમર્થ વિશેષણના ઉપાદાનથી જ સાધ્યની સિદ્ધિ થાય છે. જેમ આ પર્વત અગ્નિવાળો છે, ધૂમવાન હોઈ ને દ્રવ્યરૂપ હોવાથી, આ અનુમાનમાં 'ધૂમવાન' વિશેષણના ઉપાદાનથી જ અગ્નિની સિદ્ધિ થતી હોવાથી, દ્રવ્યત્વરૂપ વિશેષ્યનું પ્રતિપાદન જેમ વ્યર્થ છે, તેમ 'ज्ञानं स्वप्रकाश्यम् ईश्वरज्ञानान्यत्वे सति प्रमेयत्वात् घटवत्' આ અનુમાનમાં 'ઈશ્વર જ્ઞાનાન્યત્વે સતિ' આ વિશેષણના ઉપાદાનથી જ સાધ્યની સિદ્ધિ થઈ શકે છે. તેથી પ્રમેયત્વરૂપ વિશેષ્યનો પ્રયોગ કરવો વ્યર્થ છે કેમકે આપના મતે ઈશ્વર જ્ઞાનથી અન્ય સર્વે જ્ઞાન પ્રમેયરૂપ છે. ઈશ્વર જ્ઞાનથી અતિરિક્ત અન્ય કોઈ જ્ઞાન સ્વયંસંવિદિત અથવા અપ્રમેયરૂપ નથી, કે જેથી તેનો વ્યવચ્છેદ કરવા માટે પ્રમેયત્વરૂપ વિશેષ્યનું ઉપાદાન કરવું પડે.

(ટીકા) अप्रयोजकश्चायं हेतुः । सोपाधित्वात् । साधनाव्यापकः साध्येन समव्याप्तिश्च खलु उपाधिरभिधीयते । तत्पुत्रत्वादिना श्यामत्वे साध्ये शाकाद्याहार-परिणामवत् । उपाधिश्चात्र जडत्वम् । तथाहि ईश्वरज्ञानान्यत्वे प्रमेयत्वे च सत्यपि यदेव जडं स्तम्भादि तदेव स्वस्मादन्येन प्रकाश्यते । स्वप्रकाशे परमुखप्रेक्षित्वं हि जडस्य लक्षणम् । न च ज्ञानं । जडस्वरूपम् । अतः साधनाव्यापकत्वं जडत्वस्य । साध्येन समव्याप्तिकत्वं चास्य स्पष्टमेव । जाड्यं विहाय स्वप्रकाशाभावस्य, तं च त्यक्त्वा जाड्यस्य क्वचिदप्यदर्शनात् इति ॥

(અનુવાદ)

તેમ જ 'ઈશ્વરજ્ઞાનાન્યત્વે સતિ પ્રમેયત્વાત્' એ હેતુ સોપાધિક હોઇને અપ્રયોજક છે. કેમ કે સાધ્યની સાથે વ્યાપક અને સાધનની સાથે અવ્યાપક હોય તે ઉપાધિ કહેવાય છે. માટે ઉકત હેતુ ઉપાધિ સહિત હોવાથી સોપાધિક છે. દા.ત. આ બાલક શ્યામ છે. કેમ કે મિત્રાનો પુત્ર છે. જે જે મિત્રાના પુત્રો છે, તે તે શ્યામ હોય છે. આ અનુમાનમાં 'मित्रातनयत्व' હેતુ શાકપાકાદિ આહારના પરિણામરૂપ ઉપાધિ વડે યુકત છે. તે આ પ્રમાણે : જયાં જયાં શ્યામત્વ છે. ત્યાં ત્યાં શાકપાકાદિઆહારજન્યત્વ છે. કેમ કે જયારે ગર્ભમાં બાલક હોય ત્યારે માતાવડે વિશેષ શાકાદિનું ભક્ષણ કરવામાં આવે તો તે બાલકમાં પ્રાયઃ શ્યામત્વ હોય છે. આ રીતે શાકપાકજન્યત્વરૂપ ઉપાધિ શ્યામત્વરૂપ સાધ્યની સાથે રહેવાથી સાધ્યવ્યાપક છે અને જે જે મિત્રાના પુત્રો છે તે પ્રત્યેકમાં શ્યામતા નથી. કેમકે મિત્રાના આઠમાં પુત્રમાં શ્યામત્વ નહીં હોવાથી તેમાં શાકપાકજન્યત્વ ઘટી શકતું નથી. તેથી શાક-પાકજન્યત્વરૂપ ઉપાધિ મિત્રાતનયત્વરૂપ હેતુની સાથે નહીં રહેવાથી ઉકતઉપાધિનું સાધના-વ્યાપક પણું છે. તેથી મિત્રાતનયત્વરૂપ હેતુ સોપાધિક હોઇને જેમ અપ્રયોજક છે, તેમ 'ज्ञानं, स्वान्यप्रकाश्यम्, 'ईश्वरज्ञानान्यत्वे सति प्रमेयत्वात्' આ અનુમાનમાં પણ જડત્વ-ઉપાધિ રહેવાથી ઉકત હેતુ સોપાધિક છે. તે આ પ્રમાણે : જે જે સ્વથી અન્ય દ્વારા પ્રકાશ્ય છે, તે તે જડ છે, દા.ત, સ્તંભાદિ. સ્તંભવગેરે સ્વયં પ્રકાશ્ય નથી.

પરંતુ અન્ય દ્વારા પ્રકાશ્ય છે. માટે તે જડ છે. આ પ્રમાણે સાધ્યની સાથે જડરૂપ ઉપાધિ રહેવાથી તે સાધ્ય વ્યાપક છે. અને જે જે ઈશ્વર જ્ઞાનથી અન્ય હોઈને પ્રમેય છે તે તે જડ નથી. કેમકે જ્ઞાન પણ ઈશ્વર જ્ઞાનથી અન્ય હોઇને પ્રમેય છે. પરંતુ તે ઘટાદિની જેમ જડ નથી! માટે જડત્વરૂપ ઉપાધિ 'ईश्वरज्ञानान्यत्वे सति प्रमेयत्वात्' તે રૂપ સાધનની સાથે નહીં રહેવાથી ઉકત ઉપાધિમાં સાધનાવ્યાપકપણું છે. તેથી ઉકત હેતુ સોપાધિક હોઇને અપ્રયોજક છે. અર્થાત્ તમારા અનુમાનથી પણ જ્ઞાનમાં અસ્વ-સંવિદ્રિતતા (પોતાથી અન્ય દ્વારા પ્રકાશિતપણું) ઘટી શકતી નથી.

(टीका) यच्चोक्तं समुत्पन्नं हि ज्ञानमेकात्मसमवेतम् इत्यादि । तदप्यसत्यम् । इत्थमर्थज्ञानतज्ज्ञानयोरुत्पद्यमानयोः क्रमानुपलक्षणत्वात् । आशूत्पादात्क्रमानुपलक्षणमुत्पलपत्रशतव्यतिभेदवद् इति चेत् । तन्न । जिज्ञासाव्यवहितस्यार्थज्ञानस्योत्पादप्रतिपादनात् । न च ज्ञानानां जिज्ञासासमुत्पाद्यत्वं घटते । अजिज्ञासितेऽपि योग्यदेशेषु विषयेषु तदुत्पादप्रतीतेः । न चार्थज्ञानमयोग्यदेशम् । आत्मसमवेतस्यास्य समुत्पादात् । इति जिज्ञासामन्तरेणैवार्थज्ञाने ज्ञानोत्पादप्रसङ्गः । अथोत्पद्यतां नामेदं को दोषः इति चेत्, तन्न । नन्वेवमेव तज्ज्ञानज्ञानेऽप्यपरज्ञानोत्पादप्रसङ्गः । तत्रापि चैवमेवायम् । इत्यपरापरज्ञानोत्पादपरम्परायामेवात्मनो व्यापारात् न विषयान्तरसंचारः स्यादिति । तस्माद्यज्ज्ञानं तदात्मबोधं प्रत्यनपेक्षितज्ञानान्तरव्यापारम्. यथा गोचरान्तरग्राहिज्ञानात् प्राग्भाविगोचरान्तरग्राहिधारावाहिज्ञानप्रबन्धस्यान्त्यज्ञानम् । ज्ञानं च विवादाध्यासितं रूपादिज्ञानम्, इति न ज्ञानस्य ज्ञानान्तरज्ञेयता युक्तिं सहते ॥ इति काव्यार्थः ॥१२॥

(અનુવાદ)

'એક આત્મામાં ઉત્પન્ન થયેલું જ્ઞાન માનસપ્રત્યક્ષનો વિષય છે. એટલે કે-'अयं घटः' (આ ઘડો છે) ઈત્યાકારક વ્યવસાય-જ્ઞાન થયા બાદ માનસપ્રત્યક્ષ-'मया घटो ज्ञातः' (મારા વડે ઘડો જણાયો) ઈત્યાકારક અનુવ્યવસાય જ્ઞાનથી પદાર્થનું જ્ઞાન થાય છે.' આ પણ આપનું કથન ઠીક નથી કેમકે એ પ્રકારે ઉત્પન થએલા જ્ઞાનથી પદાર્થનું જ્ઞાન અને ત્યાર બાદ પદાર્થના જ્ઞાનથી નિશ્ચયાત્મક જ્ઞાન થાય છે તે પ્રકારનો કોઈ ક્રમ જોવામાં આવતો નથી. એમ ના કહેશો કે પદાર્થનું જ્ઞાન અને પદાર્થના જ્ઞાનથી ઉત્પન્ન થતું નિશ્ચયાત્મક જ્ઞાન તે બન્નેમાં ક્રમ તો છે, પરંતુ એ પ્રકારનો ક્રમ શીઘ્ર થવાથી જોવામાં આવતો નથી. જેમ કમલનાં સો પત્રમાં સોય દ્વારા વેધ થાય છે. તેમાં આપણને એમ થાય છે કે એકી સાથે સમસ્ત પત્રો વિંધાય છે, પરંતુ વાસ્તવિક રીતે તો એક બીજા પત્રમાં ક્રમસર વેધ થાય છે. તેમાં જેમ અતિ સૂક્ષ્મ ક્રમ છે, તેમ જ્ઞાન અને જ્ઞાનના જ્ઞાનમાં સૂક્ષ્મ ક્રમ રહે છે,

આપનું કથન ઠીક નથી. કેમ કે તમે પહેલા અને બીજા જ્ઞાનમાં જ્ઞાનની જિજ્ઞાસાનો સ્વીકાર કરેલો છે. તેથી તમારાથી એમ ના કહી શકાય કે એક જ્ઞાન થયા બાદ બીજું જ્ઞાન ઉત્પન્ન થાય છે. અને તે બન્ને જ્ઞાનમાં સૂક્ષ્મ ક્રમ છે. એ અયુક્ત છે. પહેલાંતો જ્ઞાન જીજ્ઞાસાથી ઉત્પન્ન થતું નથી. કેમકે ઈન્દ્રિયોના વિષયો જાણવા યોગ્ય સ્થાનમાં હોઇને તે તે વિષયોની જિજ્ઞાસા વિના પણ જ્ઞાન ઉત્પન્ન થાય છે. તેમ જ પદાર્થોનું જ્ઞાન અયોગ્ય સ્થાનમાં હોતું નથી, કે જેથી જિજ્ઞાસા વિના પદાર્થનું જ્ઞાન ન થઈ શકે! કેમ કે પદાર્થનું જ્ઞાન પણ આત્મામાં જ ઉત્પન્ન થાય છે તેથી જિજ્ઞાસા વિના પણ જ્ઞાન થઈ શકે છે. જો કહેશો કે જિજ્ઞાસા વિના પદાર્થનું જ્ઞાન ભલે થાય તેમાં અમને કંઈ ક્ષતિ નથી; એમ તમારાથી કહી શકાશે નહીં, કેમકે તમારા મતે જિજ્ઞાસા વિના પણ જો જ્ઞાનની ઉત્પત્તિ થતી હોય તો એક પદાર્થના જ્ઞાનમાં અનંત જ્ઞાનની પરંપરા માનવી પડશે! તેથી આત્મા અપર અપર જ્ઞાનની પરંપરાને જાણવામાં જ મશગુલ રહેશે કયારેય પણ આત્મા પદાર્થના જ્ઞાનને જાણી શકશે નહીં. માટે આત્મામાં રહેલું જ્ઞાન જ સ્વયં સંવેદક હોવાથી તેને અપર જ્ઞાનની અપેક્ષાની જરૂર રહેતી નથી. જેમ કે પટાદિ વિષયના જ્ઞાનથી પૂર્વે થયેલ ઘટવિષયકજ્ઞાનમાં 'अयं घटः अयं घटः' ઇત્યાકારક ઘરાવાહિજ્ઞાનના અંતિમ જ્ઞાનમાં જેમ અન્ય જ્ઞાનની અપેક્ષા નથી, તેમ એકાત્મ સમવેત (એક આત્મામાં રહેલ) જ્ઞાનમાં પણ અન્ય જ્ઞાનની અપેક્ષા રહેતી નથી. તેથી જ્ઞાનનું સ્વપરપ્રકાશપણું સિદ્ધ થાય છે. આ પ્રમાણે બારમા શ્લોકનો અર્થ જાણવો.



अवतरण

अथ ये ब्रह्माद्वैतवादिनोऽविद्याऽपरपर्यायमायावशात् प्रतिभासमानत्वेन विश्वत्रय-वर्तिवस्तुप्रपञ्चमपारमार्थिकं समर्थयन्ते, तन्मतमुपहसन्नाह—

હવે ત્રણે જગતમાં રહેલા સમસ્ત પદાર્થોને અપારમાર્થિક (અસત્ય) રૂપે માનનારા બ્રહ્માદ્વૈત (બ્રહ્મ એકજ તત્વ છે એમ માનનારા) સિદ્ધાંતનો ઉપહાસ કરતાં સ્તુતિકાર કહે છે.

मूल—माया सती चेद द्वयतत्त्वसिद्धिरथासती हन्त कुतः प्रपञ्चः ।
मायैव चेदर्थसहा च तर्कि माता च वन्ध्या च भवत्परेषाम् ॥१३॥

મૂળ-અર્થ: માયા સત્સ્વરૂપ છે કે અસત્સ્વરૂપ? જો માયા સત્સ્વરૂપ હોય તો માયા અને જગત્ એમ બે પદાર્થનો સદ્ભાવ થવાથી અદ્વૈતવાદની સિદ્ધિ થઇ શકતી નથી જો માયા અસત્સ્વરૂપ હોય તો આકાશપુષ્પસમાન અસત્રૂપ માયાથી ત્રણે ભુવનમાં રહેલા પદાર્થોનો પ્રપંચ કઇ રીતે સિદ્ધ થશે? આશ્ચર્યની વાત છે કે માયા પણ છે, અને અર્થક્રિયા કરવામાં સમર્થ પણ છે. આવું માનવાવાળા તે વેદાન્તદર્શનકારો (હે પ્રભુ!) આપની આજ્ઞાથી બાહ્ય છે. તેમનું કથન પોતાની માતાને વન્ધ્યા કહેવા જેવું સ્વવચન વિરોધી છે.

(टीका) तर्वादिभिस्तात्त्विकात्मब्रह्मव्यतिरिक्ता या माया—अविद्या प्रपञ्चहेतुः परिकल्पिता, सा सद्रूपाऽसद्रूपा वा द्वयी गतिः । सती—सद्रूपा चेत् तदा द्वयतत्त्व-सिद्धिः—द्वावेवयवौ यस्य तद् द्वयं, तथाविधं यत् तत्त्वं परमार्थः, तस्य सिद्धिः । अयमर्थः एकं तावत् त्वदभिमतं तात्त्विकमात्मब्रह्म, द्वितीया च माया तत्त्वरूपा सद्रूप-तयाङ्गीक्रियमाणत्वात् । तथा चाद्वैतवादस्य मूले निहितः कुठारः । अथेति पक्षान्तरद्योतने । यदि असती—गगनाम्भोजवदवस्तुरूपा सा माया ततः । हन्ते-त्युपदर्शने आश्चर्ये वा कुतः प्रपञ्चः । अयं त्रिभुवनोदरविवरवर्ति पदार्थसार्थरूप-प्रपञ्चः कुतः । न कुतोऽपि संभवतीत्यर्थः । मायाया अवस्तुत्वेनाभ्युपगमात् अवस्तु-नश्च तुरङ्गशृङ्गस्येव सर्वोपारूयाविरहितस्य साक्षात्क्रियमाणेदृशविवर्तजननेऽसमर्थत्वात् । किलेन्द्रजालादौ मृगतृष्णादौ वा मायोपदर्शितार्थानामर्थक्रियायामसामार्थ्यं दृष्टम्

अत्र तु तदुपलम्भात् कथं मायाव्यपदेशः श्रद्धीयताम् । अथ मायापि भविष्यति, अर्थक्रियासमर्थपदार्थोपदर्शनक्षमा च भविष्यति इति चेत्, तर्हि स्ववचनविरोधः । न हि भवति माता च वन्ध्या चेति । एनमेवार्थं हृदि निधायोत्तरार्धमाह । मायैव चेदित्यादि । अत्रैवकारोऽप्यर्थः अपि च समुच्चयार्थः । अग्रेतनचकारश्च तथा । उभयोश्च समुच्चयार्थयोर्योगपद्यद्योतकत्वं प्रतीतमेव । यथा रघुवंशे "ते च प्रापुरुदन्वन्तं बुबुधे चादिपूरुषः" । इति तदयं वाक्यार्थः माया च भविष्यति अर्थसहा च भविष्यति । अर्थसहा—अर्थक्रियासमर्थपदार्थोपदर्शनक्षमा । चेच्छब्दोऽत्र योज्यते इति चेत्, एवं परमाशङ्क्य तस्य स्ववचनविरोधमुद्भावयति । तत् किं भवत्परेषां माता च वन्ध्या च । किमिति—संभावने । संभाव्यत एतत् भवतो ये परे—प्रतिपक्षाः, तेषां भवत्परेषां भवद्व्यतिरिक्तानां भवदाज्ञापृथग्भूतत्वेन तेषां वादिनां, यन्माता च भविष्यति, बन्ध्या च भविष्यतीत्युपहासः । माता हि प्रसवधर्मिणी वनितोच्यते । बन्ध्या च तद्विपरीता । ततश्च माता चेत्कथं बन्ध्या, बन्ध्या चेत्कथं माता तदेवम् । मायाया अवास्तव्या अप्यर्थसहत्वेऽङ्गीक्रियमाणे, प्रस्तुतवाक्यवत् स्पष्ट एव स्ववचनविरोधः । इति समासार्थः ।

(અનુવાદ)

હવે, બ્રહ્માદ્વૈતવાદી વેદાંતમતાનુસારી તત્વરૂપ આત્મબ્રહ્મથી ભિન્ન માયાને જગતના પ્રપંચના કારણરૂપ માને છે. અહીં પ્રશ્ન થાય છે કેઃ માયા સત્સ્વરૂપ છે કે અસત્સ્વરૂપ ? જો માયા સત્સ્વરૂપ હોય તો બ્રહ્મ અને માયા, એમ બે પદાર્થોનું અસ્તિત્વ થવાથી અદ્વૈતવાદની સિદ્ધિ થઈ શકશે નહીં. કેમકે અદ્વૈત-મત એક બ્રહ્મને જ સત્રૂપે સ્વીકારે છે. માયા જો સત્સ્વરૂપ હોય તો બ્રહ્મ અને માયા, એમ બે તત્વની સિદ્ધિ થવાથી અદ્વૈતવાદના મૂળમાં જ કુઠારાઘાત થશે. અહી. 'અર્થ' શબ્દ બીજા પક્ષનું દ્યોતન કરનારો છે, તેથી માયા જો આકાશપુષ્પની જેમ અસત્ હોય તો ત્રણે ભુવનમાં રહેલા પદાર્થોના સમૂહરૂપ પ્રપંચ કઇ રીતે ઘટશે? અશ્વનાં શિંગડાંની જેમ માયા અવસ્તુ હોવાથી પ્રત્યક્ષ દૃષ્ટિ ગોચર થતા પ્રપંચને ઉત્પન્ન કરી શકશે નહીં. કેમકે ઇંદ્રજાલ, મૃગતૃષ્ણા આદિ અસત્પદાર્થોમાં માયા દ્વારા જોયેલા પદાર્થો અર્થક્રિયા કરવામાં સમર્થ થઇ શકતા નથી, પરંતુ અહીં તો સમસ્ત પદાર્થોમાં અર્થક્રિયા દેખવામાં આવે છે! તેથી તે પદાર્થોમાં માયાનો વ્યવહાર કઇ રીતે સંભવી શકે? એમ ના કહેશો કે માયા એ માયા રૂપ પણ છે અને અર્થક્રિયા કરવામાં સમર્થ પણ છે. કેમ કે એમ માનવામાં સ્વવચનનો વિરોધ આવે છે. એક જ સ્ત્રી માતા અને વન્ધ્યા થઇ શકતી નથી. તેવી રીતે અવસ્તુસ્વરૂપ માયા અર્થક્રિયા કરી શકતી નથી. આ રીતે અદ્વૈતવાદી માયા અને તેને અર્થક્રિયા કરવામાં સમર્થ માને છે, તે ખરેખર આપની આજ્ઞાથી બાહ્ય એવા તે વાદીઓનું વચન પોતાની માતાને વન્ધ્યા કહેવા બરાબર હોવાથી સ્વવચન વિરોધી છે. માયાનું અવાસ્તવિકપણું હોવા છતાં પણ તેમાં અર્થક્રિયાનું સામર્થ્ય માને છે. આ પ્રમાણે શ્લોકનો સંક્ષિપ્ત અર્થ કહેવામાં આવ્યો.

व्यासार्थस्त्वयम् । ते वादिन इदं प्रणिगदन्ति । तात्त्विकमात्मब्रह्मैवास्ति—

"सर्वं वै खल्विदं ब्रह्म नेह नानास्ति किंचन ।
आरामं तस्य पश्यन्ति न तत्पश्यति कश्चन" ॥

इति समयात् । अयं तु प्रपञ्चो मिथ्यारूपः प्रतीयमानत्वात् । यदेवं तदेवम् । यथा शुक्तिशकले कलधौतम् । तथा चायं, तस्मात् तथा ।

(અનુવાદ)

વિસ્તરાર્થ : વેદાન્તી કહે છે કે એક બ્રહ્મ એજ સત્ છે અને જગત મિથ્યારૂપ છે. સર્વે પ્રતીયમાન (દેખાતી) વસ્તુ બ્રહ્મસ્વરૂપ જ છે. એમાં કોઈ ભિન્ન ભિન્ન રૂપ નથી, અર્થાત્ બ્રહ્મથી અતિરિક્ત કોઈ વસ્તુ નથી. જે દેખાય છે તે સર્વ બ્રહ્મનો પ્રપંચ જ દેખાય છે. પરંતુ બ્રહ્મને કોઈ જોતું નથી આ પ્રમાણે આગમ પ્રમાણથી પણ સિદ્ધ છે. તેમજ અનુમાન પ્રમાણથી પણ સિદ્ધ થાય છે. 'આ પ્રપંચ મિથ્યારૂપ છે, કેમ કે તે મિથ્યારૂપે (બ્રહ્મથી ભિન્ન સ્વરૂપે) ભાસિત થાય છે. જે જે મિથ્યારૂપે પ્રતીત હોય છે તે તે મિથ્યાસ્વરૂપ હોય છે. જેમ છીપના ટુકડામાં ચાંદી એ જેમ મિથ્યારૂપે ભાસિત હોવાથી મિથ્યા સ્વરૂપ છે, તેમ પ્રત્યક્ષ દૃષ્ટિગોચર પ્રપંચ પણ મિથ્યારૂપ ભાસિત હોવાથી મિથ્યાસ્વરૂપ છે.

(टीका) तदेतद्वार्तम् । तथाहि मिथ्यारूपत्वं तैः कीदृग् विवक्षितम् । किमत्यन्तासत्त्वम्, उतान्यस्यान्याकारतया प्रतीतत्वम्, आहोस्विदनिर्वाच्यत्वम् ? प्रथमपक्षे असत्ख्यातिप्रसङ्गः । द्वितीये विपरीतख्यातिस्वीकृतिः । तृतीये तु किमिदमनिर्वाच्यत्वम् ? निःस्वभावत्वं चेत्, निसः प्रतिषेधार्थत्वे, स्वभावशब्दस्यापि भावाभावयोरन्यतरार्थत्वे, असत्ख्यातिसत्ख्यात्यभ्युपगमप्रसङ्गः । भावप्रतिषेधे असत्ख्यातिः, अभावप्रतिषेधे सत्ख्यातिरिति । प्रतीत्यगोचरत्वं निःस्वभावत्वमिति चेत् । अत्र विरोधः । स प्रपञ्चो हि न प्रतीयते चेत् कथं धर्मितयोपात्तः । कथं च प्रतीयमानत्वं हेतुतयोपात्तम् । तथोपादाने वा कथं न प्रतीयते । यथा प्रतीयते न तथेति चेत्, तर्हि विपरीतख्यातिरियमभ्युपगता स्यात् ।

(અનુવાદ)

જૈન : તમારી આ માન્યતા નિ:સાર (અસાર)છે. તમે દૃશ્યમાન પ્રપંચને મિથ્યારૂપ કહો છો, તે કેવા પ્રકારનું મિથ્યાત્વ ? શું નર-વિષાણા (માણસનાં શિંગડાં)ની જેમ અત્યંત અસત્વરૂપ મિથ્યાત્વ ? અથવા છીપમાં જેમ ચાંદીનું જ્ઞાન થાય છે. તેની જેમ અન્ય આકારનો અન્ય આકારરૂપે પ્રતિભાસ થવો તે રૂપ મિથ્યાત્વ ? અથવા સત્ અને અસત્થી વિલક્ષણ અનિર્વચનીય રૂપ મિથ્યાત્વ કહો છો ? તેમાં પ્રથમ વંધ્યા પુત્રની જેમ અત્યંત અસત્રૂપ મિથ્યાત્વ સ્વીકારવામાં આવે તો અસત્ખ્યાતિદોષ આવશે. એટલે કે જે (૧) જ્ઞાનમાં વિચારતાં પ્રતિભાસમાન અર્થનું સત્રૂપે ભાન થતું નથી, તે અસત્ખ્યાતિ

કહેવાય છે. તે રૂપ અસત્ખ્યાતિમાં પદાર્થ અને પદાર્થનું જ્ઞાન બન્ને અસત્રૂપ છે, તે અસત્ખ્યાતિ બૌદ્ધમતાનુયાયીઓ સ્વીકારે છે, પરંતુ વેદાન્તીઓને તે અભીષ્ટ નથી. (૨) હવે જેમ છીપમાં ચાંદીનું જ્ઞાન થાય છે તેમ અન્ય પદાર્થનું અન્ય પદાર્થરૂપે જ્ઞાન થવું, તે રૂપ મિથ્યાત્વ સ્વીકારવામાં આવે તો વિપરીતખ્યાતિ દોષ આવશે (આ પ્રકારની વિપરીતખ્યાતિ નૈયાયિક, વૈશેષિક, ભાટ્ટ, વૈભાષિક અને જૈનો માને છે) કેમકે વિપરીત ખ્યાતિમાં પણ છીપ અને ચાંદીની જેમ ઉભય પદાર્થનો સદ્ભાવ હોવાથી અદ્વૈતવાદી એવા વેદાન્તીઓને સ્વીકૃત નથી, (૩) હવે જો અનિર્વચનીય–નિઃસ્વભાવત્વરૂપ મિથ્યાત્વ કહેતા હો તો નિઃસ્વભાવમાં 'નિઃ' શબ્દનો અર્થ 'નિષેધ' થાય છે; અને સ્વભાવનો અર્થ જો ભાવ કરવામાં આવે તો ભાવનો નિષેધ થવાથી અસત્ખ્યાતિ દોષ આવશે. અને સ્વભાવનો અર્થ જો અભાવ કરવામાં આવે તો અભાવનો નિષેધ થવાથી સત્ખ્યાતિ દોષ આવશે! કેમ કે સત્ પદાર્થ વિષયકજ્ઞાનને સત્ખ્યાતિ કહે છે. અને તે તો વેદાન્તીઓને માન્ય નથી. કેમ કે તેઓ તો એક બ્રહ્મ સિવાય અન્ય કોઇ પદાર્થને સત્ રૂપે સ્વીકારતા નથી. કેમકે તેઓ પ્રપંચને સત્ રૂપે સ્વીકારે તો દ્વૈતાપત્તિ આવે. વળી દૃશ્યમાન પ્રપંચ જ્ઞાનનો વિષય નહીં હોવાથી તે અનિર્વચનીય છે. આ રૂપે સ્વીકારવામાં આવે તો પણ વિરોધ આવશે. કારણકે 'अयं प्रपञ्चः मिथ्या, कुतः प्रतीयमानत्वात्'। આ અનુમાનમાં પ્રપંચ પક્ષરૂપ બની શકશે નહીં. કેમકે પ્રપંચ જો પ્રતીત ન હોય તો તેનું પક્ષરૂપે ઉપાદાન કઇ રીતે થશે અને પ્રપંચ મિથ્યારૂપ હોવાથી તેમાં પ્રતીયમાનત્વ હેતુ પણ ઘટી શકશે નહીં, કેમકે પ્રતીયમાનત્વ હેતુનું જો ગ્રહણ કરવામાં આવે તો પ્રપંચ પણ જ્ઞાનનો વિષય બનશે. જે પ્રતીત છે તે મિથ્યા કઇ રીતે હોઇ શકે? જે રૂપે પ્રપંચ છે, તે રૂપે પ્રતીત નથી, તે રૂપ અનિર્વચનીયતા સ્વીકારવામાં આવે તો વિપરીત ખ્યાતિનો સ્વીકાર કરવો પડશે! પરંતુ તે તો વેદાન્તીઓને અભીષ્ટ નથી.

(टीका) किञ्च, इयमनिर्वाच्यता प्रपञ्चस्य प्रत्यक्षबाधिता। घटोऽयमिताद्याकारं हि प्रत्यक्षं प्रपञ्चस्य सत्यतामेव व्यवस्यति। घटादिप्रतिनियतपदार्थपरिच्छेदात्मनस्तस्योत्पादात्। इतरेतरविविक्तवस्तूनामेव च प्रपञ्चशब्दवाच्यत्वात्। अथ प्रत्यक्षस्य विधायकत्वात् कथं प्रतिषेधे सामर्थ्यम्। प्रत्यक्षं हि इदमिति वस्तुस्वरूपं गृह्णाति, नान्यत्स्वरूपं प्रतिषेधति।

"आहुर्विधातृ प्रत्यक्षं न निषेद्धृ विपश्चितः।
नैकत्व आगमस्तेन प्रत्यक्षेण प्रबाध्यते"॥

(टीका) इति वचनात्, इति चेत्। अन्यरूपनिषेधमन्तरेण तत्स्वरूपपरिच्छेदस्याप्यसंपत्तेः। पीतादिव्यवच्छिन्नं हि नील नीलमिति गृहीतं भवति, नान्यथा। केवलवस्तुस्वरूपप्रतिपत्तेरेवान्यप्रतिषेधप्रतिपत्तिरूपत्वात्। मुण्डभूतलग्रहणे घटाभावग्रहणवत्। तस्माद् यथा प्रत्यक्षं विधायकं प्रतिपन्नं, यथा निषेधकमपि प्रतिपत्तव्यम्। अपि च, विधायकमेव प्रत्यक्षमित्यङ्गीकृते, यथा प्रत्यक्षेण विद्या विधीयते, तथा कि

नाविद्यापीति। तथा च द्वैतापत्तिः। ततश्च सुव्यवस्थितः प्रपञ्चः। तदमी वादिनोऽविद्याविवेकेन सन्मात्रं प्रत्यक्षात् प्रतियन्तोऽपि न निषेधकं तदिति ब्रुवाणाः कथं नोन्मत्ताः। इति सिद्धं प्रत्यक्षबाधितः पक्ष इति॥

(અનુવાદ)

જગતની અનિર્વચનીયતા (નિઃસ્વભાવતા) પ્રત્યક્ષ પ્રમાણથી બાધિત છે. 'આ ઘટ છે.' આવા પ્રત્યક્ષ જ્ઞાનથી પ્રપંચની સત્યતા સાબિત થાય છે. કારણ કે ઘટ આદિ નિશ્ચિત પદાર્થનું જ્ઞાન પ્રત્યક્ષથી થાય છે. તથા પરસ્પર ભિન્ન પદાર્થોને પ્રપંચ શબ્દથી સંબોધાય છે. આથી પ્રપંચ(જગત)ની અનિર્વાચ્યતા માનવામાં પ્રત્યક્ષ બાધ આવે છે.

શંકા : પ્રત્યક્ષ એ વિધિરૂપ છે, પરંતુ નિષેધરૂપ નથી. તેથી પ્રત્યક્ષ 'આ' એ પ્રકારે વસ્તુના સ્વરૂપને ગ્રહણ કરે છે, પરંતુ અન્ય સ્વરૂપનો નિષેધ કરતું નથી પંડિત પુરુષો કહે છે કે : પ્રત્યક્ષ એ વિધિ રૂપ છે. પરંતુ નિષેધ રૂપ નથી. તેથી પ્રત્યક્ષવડે એકત્વ (અદ્વૈત) આગમ બાધિત નથી.

સમાધાન : તમારું કથન યુક્તિયુક્ત નથી. કેમ કે અન્ય સ્વરૂપનો નિષેધ કર્યા વિના પ્રતિનિયત સ્વરૂપનું જ્ઞાન થઈ શકતું નથી. જેમ પીતાદિ રૂપનો નિષેધ કર્યા વિના નીલનું નીલ રૂપે ગ્રહણ થઇ શકતું નથી. જેમ કેવલ 'પૃથ્વી છે.' એમ કહેવાથી જ સ્વયં ઘટરહિત પૃથ્વીનું જ્ઞાન થાય છે. અર્થાત્ 'પૃથ્વી' એટલું કહેવાથી જ પૃથ્વી ઉપર રહેલા ઘટ આદિ વસ્તુનો નિષેધ સ્વયં આવી જાય છે તેમ કેવલ વસ્તુ સ્વરૂપના જ્ઞાનથી જ અન્ય સ્વરૂપના નિષેધનું જ્ઞાન સ્વયં થઈ જાય છે. તેથી પ્રત્યક્ષને જેમ વિધિરૂપ સ્વીકારો છો, તેમ નિષેધરૂપ પણ સ્વીકારવું જોઇએ, વળી, પ્રત્યક્ષનું કેવલ વિધાયકપણું સ્વીકારવાથી પ્રત્યક્ષવડે જેમ વિદ્યાનું(બ્રહ્મનું) વિધાન થાય છે, તેમ અવિદ્યાનું પણ વિધાન થશે. અને એ રીતે પ્રત્યક્ષથી અવિદ્યાનું વિધાન થવાથી વિદ્યા અને અવિદ્યા (બ્રહ્મ અને જગત) એમ બે પદાર્થોની સિદ્ધિ થશે! અને તેથી અદ્વૈતવાદ ટકી શકશે નહીં! આમ મૂલ સિદ્ધાંતની હાનિના ભયથી તેઓ પ્રત્યક્ષવડે સન્માત્રનું જ ગ્રહણ થાય છે, પરંતુ નિષેધનું જ્ઞાન થતું નથી.' એમ માને છે. આ પ્રમાણે માનનાર અદ્વૈતવાદીઓનું ઉન્મત્તપણું કેમ ના કહી શકાય? અર્થાત્ તમારી માન્યતા પ્રત્યક્ષ પ્રમાણથી બાધિત છે.

(ટીકા) अनुमानबाधितश्च। प्रपञ्चो मिथ्या न भवति, असद्विलक्षणत्वात्, आत्मवत्। प्रतीयमानत्वं च हेतुर्ब्रह्मात्मना व्यभिचारी। स हि प्रतीयते, न च मिथ्या। अप्रतीयमानत्वे त्वस्य तद्विषयवचसामप्रवृत्तेर्मूकतैव तेषां श्रेयसी। साध्यविकलश्च दृष्टान्तः। शुक्तिशकलकलधौतेऽपि प्रपञ्चान्तर्गतत्वेन अनिर्वचनीयतायाः साध्यमानत्वात्। किञ्च, इदमनुमानं प्रपञ्चाद् भिन्नम् अभिन्नं वा? यदि भिन्नं, तर्हि सत्यमसत्यं वा? यदि सत्यं, तर्हि तद्वदेव प्रपञ्चस्यापि सत्यत्वं स्यात्। अद्वैतवादप्राकारे खण्डिपातात्। अथासत्यम्, तर्हि न किञ्चित् तेन साधयितुं शक्यम्, अवस्तुत्वात्। अभिन्नं चेत्, प्रपञ्चस्वभावतया तस्यापि मिथ्यारूपत्वापत्तिः। मिथ्यारूपं च तत् कथं स्वसाध्यसाधनायालम्। एवं च प्रपञ्चस्यापि मिथ्यारूपत्वासिद्धेः कथं परमब्रह्मणस्ताच्चिकत्वं स्यात् यतो बाह्यार्थाभावो भवेदिति।

(અનુવાદ)

તથા પ્રપંચ, મિથ્યા નથી, કેમકે તે ગગનકેશસમાન અસત્થી ભિન્નસ્વરૂપ છે. જેમ આત્મા, અસત્થી વિલક્ષણ હોવાથી મિથ્યા નથી, તેમ પ્રપંચ પણ મિથ્યા નથી, આ પ્રકારના પ્રત્યનુમાનથી 'अयं प्रपंचः मिथ्यारुपः प्रतीयमानत्वात्। ઇત્યાકારક અનુમાન બાધિત છે. વળી પ્રતીયમાન હેતુ બ્રહ્મની સાથે વ્યભિચારી છે. કેમકે બ્રહ્મપ્રતીયમાન છે, પરંતુ તે મિથ્યા નથી. તેથી સાધ્યાભાવરૂપ જે તાત્વિક બ્રહ્મ, તેમાં'પ્રતીયમાન' હેતુ રહેવાથી વ્યભિચારી છે. જો બ્રહ્મને અપ્રતીયમાન માનો તો બ્રહ્મના વિષયમાં કોઇ પણ ચર્ચા કરવી યોગ્ય નથી, મૌન રહેવું એજ શ્રેયસ્કર છે. વળી 'છીપમાં ચાંદીનું જ્ઞાન' આ દૃષ્ટાન્ત પણ મિથ્યારૂપ સાધ્યથી રહિત છે. કેમકે છીપ અને ચાંદી બન્ને પદાર્થો પ્રપંચની અન્તર્ગત છે, તેથી તેમાં પણ અનિર્વચનીયત્વ (મિથ્યાત્વ) સાધ્ય છે. હા, આપનું અનુમાન પ્રપંચથી ભિન્ન છે કે અભિન્ન? જો પ્રપંચથી ભિન્ન હોય તો તે સત્ય છે કે અસત્ય? જો તે અનુમાન પ્રપંચથી ભિન્ન હોઇને સત્ય હોય તો અનુમાનની જેમ પ્રપંચમાં પણ સત્યતા આવશે,અને તે રીતે પ્રપંચની સત્યતા સ્વીકારવાથી અદ્વૈતવાદરૂપ કિલ્લામાં ભંગાણ પડશે! અર્થાત્ અદ્વૈતવાદ બની શકશે નહિ. હવે જો અનુમાન અસત્ય હોય તો તે અસત્ય હોવાને કારણે સાધ્યની સિદ્ધિ કરી શકાશે નહિ જો અનુમાનથી પ્રપંચ અભિન્ન છે, એમ માનો તો તે પણ પ્રપંચ રૂપ હોવાને કારણે અનુમાન પણ મિથ્યારૂપ બની જશે. તેથી તે મિથ્યારૂપ અનુમાન દ્વારા પણ સાધ્યની સિદ્ધિ થઇ શકતી નથી. એ પ્રકારે પ્રપંચનું મિથ્યારૂપ સિદ્ધ નહિ થવાથી પરબ્રહ્મનું તાત્વિકપણું પણ સિદ્ધ થઈ શકતું નથી, તાત્વિકતા સિદ્ધ નહિ થવાથી બાહ્ય પદાર્થનો અભાવ પણ સિદ્ધ થતો નથી.

(टीका) अथवा प्रकारान्तरेण सन्मात्रलक्षणस्य परमब्रह्मणः साधनं दूषणं चोपन्यस्यते। ननु परमब्रह्मण एवैकस्य परमार्थसतो विधिरूपस्य विद्यमानत्वात् प्रमाणविषयत्वम्। अपरस्य द्वितीयस्य कस्यचिदप्यभावात्। तथाहि। प्रत्यक्षं तदावेदकमस्ति। प्रत्यक्षं द्विधा भिद्यते निर्विकल्पकसविकल्पकभेदात् ततश्च निर्विकल्पकप्रत्यक्षात् सन्मात्रविषयात् तस्यैकस्यैव सिद्धिः। तथा चोक्तम्—

"अस्ति ह्यालोचनाज्ञानं प्रथमं निर्विकल्पकम्।
बालमूकादिविज्ञानसदृशं शुद्धवस्तुजम्" ॥

(टीका) न च विधिवत् परस्परव्यावृत्तिरप्यध्यक्षत एव प्रतीयते इति द्वैतसिद्धिः। तस्य निषेधाविषयत्वात्। "आहुर्विधातृप्रत्यक्षं न निषेद्धृ" इत्यादिवचनात्। यच्च सविकल्पकप्रत्यक्षं घटपटादिभेदसाधकं, तदपि सत्तारूपेणान्वितानामेव तेषां प्रकाशकत्वात् सत्ताऽद्वैतस्यैव साधकम्। सत्तायाश्च परब्रह्मरूपत्वात्। तदुक्तम् "यदद्वैतं तद् ब्रह्मणो रूपम्" इति।

(અનુવાદ)

અથવા સત્‌માત્ર સ્વરૂપ વાળા પરબ્રહ્મ વિષયમાં સાધન અને દૂષણનો અન્ય પ્રકારે ઉપન્યાસ કરે છે.

વેદાન્તી : વાસ્તવમાં વિધિરૂપ એક પરમાર્થથી સત્ બ્રહ્મ જ વિદ્યમાન હોવાથી તે જ પ્રમાણનો વિષય છે, કેમ કે બ્રહ્મથી અન્ય કોઈ વસ્તુનો અભાવ છે, બ્રહ્મને જણાવનાર પ્રત્યક્ષ પ્રમાણ છે, તે પ્રત્યક્ષ સવિકલ્પ અને નિર્વિકલ્પના ભેદથી બે પ્રકારે છે. તેમાં સન્માત્ર વિષયને જણાવનાર નિર્વિકલ્પ પ્રત્યક્ષથી એક બ્રહ્મની સિદ્ધિ થાય છે. કહ્યું છે કે: નિર્વિકલ્પજ્ઞાન બાલ અને મૂક (મૂંગા) આદિનાં વિજ્ઞાન જેવું અને કેવલ શુદ્ધ વસ્તુને જાણવાવાળું હોય છે. અને તે નિર્વિકલ્પજ્ઞાન બધાં જ્ઞાન પહેલાં ઉત્પન્ન થાય છે. જો કોઇ કહે કે જેમ નિર્વિકલ્પ પ્રત્યક્ષ બ્રહ્મના અસ્તિત્વની સિદ્ધિ કરે છે, તેમ બ્રહ્મના નિષેધની પણ સિદ્ધિ કરશે. માટે નિર્વિકલ્પ પ્રત્યક્ષદ્વારા બ્રહ્મ અને અબ્રહ્મ, એમ બે પદાર્થોની સિદ્ધિ થવાથી દ્વૈતાપત્તિ આવશે! એમ કહેવું ઠીક નથી. કેમ કે 'પ્રત્યક્ષ વિધાયક છે પરંતુ નિષેધક નથી.' એ પ્રમાણે શાસ્ત્રનું વચન છે. તેમ જ ઘટ પટ-આદિના ભેદને ગ્રહણ કરવાવાળા સવિકલ્પ પ્રત્યક્ષથી પણ ઘટ-પટ આદિને સત્તા રૂપ (બ્રહ્મરૂપ) જણાવે છે. માટે સવિકલ્પ પ્રત્યક્ષ પણ પરબ્રહ્મરૂપ એક સત્તાનું સાધક છે. કેમકે સત્તા એ જ પરબ્રહ્મસ્વરૂપ છે. કહ્યું પણ છે કે : જે અદ્વૈત છે તેજ પરબ્રહ્મનું સ્વરૂપ છે.

(टीका) अनुमानादपि तत्सद्भावो विभाव्यत एव। तथाहि विधिरेव तत्त्वं, प्रमेयत्वात्। यतः प्रमाणविषयभूतोऽर्थः प्रमेयः। प्रमाणानां च प्रत्यक्षानुमानागमोपमानार्थापत्तिसंज्ञकानां भावविषयत्वेनैव प्रवृत्तेः। तथा चोक्तम्—

"प्रत्यक्षाद्यवतारः स्याद् भावांशो गृह्यते यदा।
व्यापारस्तदनुत्पत्तेरभावांशे जिघृक्षिते" ॥

(टीका) यच्चाभावाख्यं प्रमाणं तस्य प्रामाण्याभावाद् न तत् प्रमाणम्। तद्विषयस्य कस्यचिदप्यभावात्। यस्तु प्रमाणपञ्चकविषयः स विधिरेव। तेनैव च प्रमेयत्वस्य व्याप्तत्वात्। सिद्धं प्रमेयत्वेन विधिरेव तत्त्वम्, यत्तु न विधिरूपं तद् न प्रमेयम्, यथा खरविषाणम्। प्रमेयं चेदं निखिलं वस्तुतत्त्वम्, तस्माद् विधिरूपमेव। अतो वा तत्सिद्धिः। ग्रामारामादयः पदार्थाः प्रतिभासान्तःप्रविष्टाः, प्रतिभासमानत्वात्, यत्प्रतिभासते तत्प्रतिभासान्तःप्रविष्टम्, यथा प्रतिभास्वरूपम्। प्रतिभासन्ते च ग्रामारामादयः पदार्थाः तस्मात् प्रतिभासान्तःप्रविष्टाः।

(અનુવાદ)

અનુમાન પ્રમાણથી પણ બ્રહ્મનું અસ્તિત્વ સિદ્ધ થાય છે. આ પ્રમાણે વિધિરૂપ એજ તત્વ છે, કેમ કે તે પ્રમેય છે. પ્રમાણથી જાણવા યોગ્ય પદાર્થને પ્રમેય કહે છે. તેમજ પ્રત્યક્ષ, અનુમાન, આગમ, ઉપમાન અને અર્થાપત્તિ પ્રમાણોની વિધિરૂપે જ પ્રવૃત્તિ થાય છે. કહ્યું પણ છે કે: વિધિરૂપ પદાર્થોને જાણવામાં પ્રત્યક્ષ અનુમાન આદિ પ્રમાણોની પ્રવૃત્તિ હોય છે, પરંતુ નિષેધરૂપ પદાર્થોને જાણવામાં પ્રત્યક્ષ આદિ પ્રમાણોની પ્રવૃત્તિ હોતી નથી. તેમ જ અભાવ નામનું કોઈપણ પ્રમાણ નથી. કેમ કે તેનો

(અભાવનો) કોઈપણ વિષય નથી. આથી સિદ્ધ થાય છે કે પ્રત્યક્ષ આદિ પાંચે પ્રમાણનો વિષય વિધિરૂપ જ છે. તેમ જ જે જે વિધિરૂપ છે તે તે પ્રમેય હોય છે. આ પ્રકારે વિધિ-રૂપની સાથે પ્રમેયનું વ્યાપ્યપણું હોવાથી વિધિરૂપ તત્વની જ સિદ્ધિ થાય છે. અને જે વિધિરૂપ નથી, તે પ્રમેય પણ નથી, જેમ ખરશ્રૃંગ તે વિધિ (સત્)રૂપ નથી માટે પ્રમેય પણ નથી, આ સમસ્ત વસ્તુતત્વ પ્રમેય છે. તેથી તે વિધિરૂપ જ છે. આથી વિધિરૂપ તત્વની જ સિદ્ધિ થાય છે. તથા ગ્રામ-આરામ આદિ દૃશ્યમાન પદાર્થો જ્ઞાનમાં અંતર્ગત છે. કેમ કે જ્ઞાનનો તે વિષય છે. જે જે જ્ઞાનના વિષય હોય છે તે તે જ્ઞાનમાં પ્રવિષ્ટ હોય છે.' જેમ જ્ઞાનનું સ્વરૂપ જ્ઞાનમાં અંતર્ગત છે, તેમ ગ્રામ આરામ આદિ પદાર્થો પણ પ્રતિભાસિત હોવાથી જ્ઞાનમાં અંતર્ગત છે. આ પ્રકારના અનુમાનથી પણ બ્રહ્મની સિદ્ધિ થાય છે.

(ટીકા) आगमोऽपि परमब्रह्मण एव प्रतिपादकः समुपलभ्यते "पुरुष एवेदं सर्वं यद् भूतं यच्च भाव्यम्। उतामृतत्वस्येशानो यदन्नेनातिरोहति।" "यदेजति, यन्नैजति. यद् दूरे, यदन्तिके। यदन्तरस्य सर्वस्य यदुत सर्वस्यास्य बाह्यतः" इत्यादिः। "श्रोतव्यो मन्तव्यो निदिध्यासितव्यः अनुमन्तव्यः" इत्यादिवेदवाक्यैरपि तत्सिद्धेः। कृत्रिमेणापि आगमेन तस्यैव प्रतिपादनात्। उक्तं च—

"सर्वं वै खल्विदं ब्रह्म नेह नानाऽस्ति किञ्चन।
आरामं तस्य पश्यन्ति न तत् पश्यति कश्चन"॥

(અનુવાદ)

આગમ પણ પરબ્રહ્મનું જ પ્રતિપાદન કરે છે. જેમ જે છે, 'જે હતું, અથવા જે મોક્ષના સ્વામી છે, જે આહાર વડે અતિશય વૃદ્ધિ પામે છે, જે ચાલે છે, જે સ્થિર છે. જે દૂર છે, જે નજીક છે, જે ચેતન છે, જે અચેતન છે, જે બાહ્ય છે અને જે અન્તરમાં છે, તે સર્વે એક બ્રહ્મ સ્વરૂપ જ છે,' 'તથા પરબ્રહ્મ એ જ સાંભળવા યોગ્ય છે." એ જ ચિંતન કરવા યોગ્ય છે. અને તે જ નિરંતર સ્મરણ કરવા યોગ્ય છે." ઇત્યાદિ વેદ વાકયોથી પણ બ્રહ્મની જ સિદ્ધિ થાય છે. તેમ જ સ્મૃતિ આદિ પૌરુષેય આગમથી પણ એક બ્રહ્મતત્વ જ સિદ્ધ થાય છે. કહ્યું છે કે "આ સર્વે પદાર્થો બ્રહ્મસ્વરૂપ છે, બ્રહ્મથી અતિરિકત કોઇ વસ્તુ નથી. અને જે આ દેખાય છે, તે સર્વે બ્રહ્મના પર્યાયો જ દેખાય છે. પરંતુ બ્રહ્મને કોઈ દેખતું નથી."

(ટીકા) इति प्रमाणतस्तस्यैव सिद्धेः। परमपुरुष एक एव तत्त्वम्, सकलभेदानां तद्विवर्तत्वात्। तथाहि। सर्वे भावा ब्रह्मविवर्ताः सत्त्वैकरूपेणान्वितत्वाद्। यद् यद्रूपेणान्वितं तत् तदात्मकमेव। यथा घटघटीशरावोदञ्चनादयो मृद्रूपेणैकेनान्विता मृद्विवर्ताः। सत्त्वैकरूपेणान्वितं च सकलं वस्तु। इति सिद्धं ब्रह्मविवर्तित्वं निखिलभेदानामिति।

(અનુવાદ)

આ પ્રકારે પરબ્રહ્મની પ્રત્યક્ષ, અનુમાન અને આગમ દ્વારા સિદ્ધિ થવાથી નિશ્ચિત થાય છે કે પરબ્રહ્મ એ એકજ તત્વ છે, કેમકે દૃશ્યમાન સમસ્ત પદાર્થો બ્રહ્મના પર્યાયો છે, કેમકે સત્તારૂપે વિદ્યમાન છે. જે જે સ્વરૂપે વિદ્યમાન હોય છે, તે તત્સ્વરૂપ હોય છે. જેમ ઘડો-ઘડી, કોડિયું ઢાંકણું આદિ માટી રૂપે વિદ્યમાન હોવાથી તે માટીના પર્યાયો છે; તેમ બધા પદાર્થો પણ સત્તારૂપે વિદ્યમાન હોવાથી તે સત્ (બ્રહ્મ) ના પર્યાયો છે; આ પ્રમાણે બધા પદાર્થોની બ્રહ્મના પર્યાયરૂપે સિદ્ધિ થાય છે.

(टीका) तदेतत् सर्वं मदिरारसास्वादगद्गदोद्गदितमिवाभासते, विचारासहत्वात्। सर्वं हि वस्तु प्रमाणसिद्धं, न तु वाङ्मात्रेण। अद्वैतमते च प्रमाणमेव नास्ति, तत् सद्भावे द्वैतप्रसङ्गात्। अद्वैतसाधकस्य प्रमाणस्य द्वितीयस्य सद्भावात्। अथ मतम् लोकप्रत्यायनाय तदपेक्षया प्रमाणमप्यभ्युपगम्यते। तदसत्। तन्मते लोकस्यैवासम्भवात्, एकस्यैव नित्यनिरंशस्य परब्रह्मण एव सत्त्वात्।

(અનુવાદ)

હવે ટીકાકાર મહારાજ કહે છે કે : ઉપર્યુક્ત કથન શરાબ-પાનથી ઉન્મત્ત થયેલાના પ્રલાપ જેવું છે! કેમકે જ્યાં સુધી કોઈપણ વસ્તુ પ્રમાણથી સિદ્ધ ન થાય ત્યાં સુધી તે અંગેનુ કથન કેવલ વાણી-વિલાસ છે. કેવલ બોલવા માત્રથી જ વસ્તુની સિદ્ધિ થઈ શકતી નથી. અને અદ્વૈતવાદ કોઈ પ્રમાણથી સિદ્ધ થઈ શકતો નથી, કેમ કે એક બ્રહ્મને સિદ્ધ કરનારૂં બ્રહ્મથી ભિન્ન પ્રમાણ માનવામાં આવે તો દ્વૈત વસ્તુનો પ્રસંગ આવે! પ્રમાણ અને બ્રહ્મ એ બેનું અસ્તિત્વ થયું ને! જો કહેશો કે લોકોને પ્રતીતિ કરાવવા માટે કેવલ વ્યવહારિક દૃષ્ટિએ અમે પ્રમાણને સ્વીકારીએ છીએ; વાસ્તવિક તો એક બ્રહ્મ જ સત્ય છે. એ પણ આપનું કથન ઠીક નથી. કેમકે આપના મતમાં (અદ્વૈતવાદમાં) એક નિત્ય અને નિરંશ બ્રહ્મ જ સત્ય છે, પરંતુ લોક જેવી કોઈ વસ્તુ જ નથી. કે જેની પ્રતીતિને માટે બ્રહ્મથી ભિન્ન એક પ્રમાણને સ્વીકારવું પડે!

(टीका) अथास्तु यथाकथञ्चित् प्रमाणमपि तत्किं प्रत्यक्षमनुमानमागमो वा तत्साधकं प्रमाणमुररीक्रियते। न तावत् प्रत्यक्षम्। तस्य समस्तवस्तुजातगतभेदस्यैव प्रकाशकत्वात्। आबालगोपालं तथैव प्रतिभासनात्। यच्च निर्विकल्पकं प्रत्यक्षं तदावेदकम् इत्युक्तम्। तदपि न सम्यक्। तस्य प्रामाण्यानभ्युपगमात्। सर्वस्यापि प्रमाणतत्त्वस्य व्यवसायात्मकस्यैवाविसंवादकत्वेन प्रामाण्योपपत्तेः। सविकल्पकेन तु प्रत्यक्षेण प्रमाणभूतेनैकस्यैव विधिरूपस्य परब्रह्मणः स्वप्नेऽप्यप्रतिभासनात्। यदप्युक्तं "आहुर्विधातृ प्रत्यक्षम्" इत्यादि। तदपि न पेशलम्। प्रत्यक्षेण ह्यनुवृत्तव्यावृत्ताकारात्मकवस्तुन एव प्रकाशनात्। एतच्च प्रागेव क्षुण्णम्। न ह्यनुस्यूतमेकमखण्डं सत्तामात्रं विशेषनिरपेक्षं सामान्यं प्रतिभासते। येन "यदद्वैतं तद्ब्रह्मणो

रूपम्" इत्याद्युक्तं शोभेत। विशेषनिरपेक्षस्य सामान्यस्य खरविषाणवदप्रतिभासनाम्। तदुक्तम्—

"निर्विशेषं हि सामान्यं भवेत् खरविषाणवत्।
सामान्यरहितत्वेन विशेषास्तद्वदेव हि" ॥

(અનુવાદ)

જો માનો કે અદ્વૈતની સિદ્ધિ કોઈપણ પ્રમાણથી થાય છે. તો તે અદ્વૈતનું સાધક પ્રમાણ કયું છે? શું પ્રત્યક્ષ પ્રમાણ? અનુમાન કે આગમ? પ્રત્યક્ષ પ્રમાણથી તો અદ્વૈતની સિદ્ધિ થશે નહીં કેમકે પ્રત્યક્ષ તો સમસ્ત વસ્તુમાં રહેલા ભેદને જાણે છે. તે બાલથી માંડીને ગોપાલ પર્યંત પ્રતીત છે. નિર્વિકલ્પક પ્રત્યક્ષથી પણ બ્રહ્મની સિદ્ધિ થશે નહીં. કેમ કે નિર્વિકલ્પક-પ્રત્યક્ષ વસ્તુના ભેદને જણાવનાર નથી. તેથી નિર્વિકલ્પક પ્રત્યક્ષમાં પ્રમાણ રૂપતા જ સિદ્ધ નથી. સર્વે પ્રમાણોનું નિશ્ચયાત્મક અને અવિસંવાદી જ્ઞાનપણું હોવાથી તેમાં પ્રમાણરૂપતા છે. પરંતુ નિર્વિકલ્પક-પ્રત્યક્ષ નિશ્ચયાત્મક નહીં હોવાથી તેમાં પ્રમાણરૂપતા નથી. સવિકલ્પક-પ્રત્યક્ષમાં પણ સમસ્ત ભેદથી રહિત કેવલ વિધિરૂપ પરબ્રહ્મનું જ્ઞાન સ્વપ્ને પણ ભાસિત થતું નથી! વળી "પ્રત્યક્ષ વિધાયક છે" ઇત્યાદિ જે કહ્યું છે, તે પણ યોગ્ય નથી. કારણ કે પ્રત્યક્ષ પ્રમાણ અનુવૃત્તિ અને વ્યાવૃત્તિ-સામાન્ય અને વિશેષ ઉભયાત્મક વસ્તુને જણાવે છે. એ બધું પૂર્વે કહી આવ્યા છીએ. તથા કેવલ શુદ્ધ, અખંડ સત્તાસ્વરૂપ (બ્રહ્મ) સામાન્યનો વિશેષ વિના કદાપિ પ્રતિભાસ થતો નથી, કે જેથી અદ્વૈત એ જ પરબ્રહ્મ સ્વરૂપ છે, એમ કહી શકાય. અર્થાત્ ખરશૃંગની જેમ વિશેષ રહિત સામાન્યનો કોઇ પણ જગાએ સંભવ હોતો નથી. તેમજ કહ્યું પણ છે કે: વિશેષ રહિત સામાન્ય ખરશૃંગની જેમ અસત્ છે. તેવી જ રીતે સામાન્યરહિત વિશેષ પણ ખરશૃંગની જેમ અસત્ છે. (જૈનમતમાં સામાન્ય શબ્દ દ્રવ્યનો વાચક છે અને વિશેષ શબ્દ પર્યાયનો વાચક છે.) એ પ્રકારે પ્રમાણથી જાણવા યોગ્ય પદાર્થોનું સામાન્ય વિશેષ ઉભયાત્મક સ્વરૂપ સિદ્ધ થવાથી કેવલ સત્તારૂપ પરબ્રહ્મની સિદ્ધિ કોઇ પણ પ્રમાણથી થઇ શકતી નથી.

(ટીકા) ततः सिद्धे सामान्यविशेषात्मन्यर्थे प्रमाणविषये कुत एवैकस्य परब्रह्मणः प्रमाणविषयत्वम्। यच्च प्रमेयत्वादित्यनुमानमुक्तम्, तदप्येतेनैवापास्तं बोद्धव्यम्। पक्षस्य प्रत्यक्षबाधितत्वेन हेतोः कालात्ययापदिष्टत्वात्। यच्च तत्सिद्धौ प्रतिभासमानत्वसाधनमुक्तम्, तदपि साधनाभासत्वेन न प्रकृतसाध्यसाधनायालम्। प्रतिभासमानत्वं हि निखिलभावानां स्वतः परतो वा? न तावत् स्वतः घटपटमुकुटशकटादीनां स्वतः प्रतिभासमानत्वेनासिद्धेः। परतः प्रतिभासमानत्वं च परं विना नोपपद्यते इति। यच्च परमब्रह्मविवर्तवर्तित्वमखिलभेदानामित्युक्तम्। तदप्यन्वेत्रन्वीयमानद्वयाविनाभावित्वेन पुरुषाद्वैतं प्रतिबध्नात्येव। न च घटादिनां चैतन्यान्वयोऽप्यस्ति मृदाद्यन्वयस्यैव तत्र दर्शनात्। ततो न किञ्चिदेतदपि। अतोऽनुमानादपि न तत्सिद्धिः।

किञ्च, पक्षहेतुदृष्टान्ता अनुमानोपायभूताः परस्परं भिन्नाः अभिन्ना वा ? भेदे द्वैतसिद्धिः। अभेदे त्वेकरूपतापत्तिः। तत् कथमेतेभ्योऽनुमानमात्मानमासादयति। यदि च हेतुमन्तरेणापि साध्यसिद्धिः स्यात्, तर्हि द्वैतस्यापि वाङ्मात्रतः कथं न सिद्धिः। तदुक्तम्—

"हेतोरद्वैतसिद्धिश्चेद् द्वैतं स्याद्धेतुसाध्ययोः।
हेतुना चेद् विना सिद्धिर्द्वैतं वाङ्मात्रतो न किम्" ॥

(અનુવાદ)

પ્રમાણનો વિષય સામાન્ય અને વિશેષ ઉભયાત્મક પદાર્થ સિદ્ધ થવાથી, એક પરબ્રહ્મ, પ્રમાણનો વિષય બની શકતું નથી. વળી 'विधिरेव तत्व प्रमेयत्वात्' એ અનુમાન પણ ખંડિત થાય છે. કેમકે પ્રમેયત્વ-હેતુ પ્રત્યક્ષ પ્રમાણથી બાધિત થાય છે. પ્રત્યક્ષ જેવી રીતે વિધાયક છે તેવી રીતે નિષેધક પણ છે. તથા પરબ્રહ્મની સિદ્ધિને માટે 'प्रतिभासमानत्व' જે હેતુ છે તે પણ હેત્વાભાસરૂપ હોવાથી બ્રહ્મરૂપ સાધ્યની સિદ્ધિ કરવા માટે અસમર્થ છે. અહીં પ્રશ્ન થાય છે કે : સમસ્ત પદાર્થોનું જ્ઞાન સ્વયં પદાર્થોથી થાય છે કે અન્યથી થાય છે ? તેમાં પ્રત્યેક પદાર્થ સ્વયં પ્રતિભાસિત હોતા નથી. કેમકે ઘટ, પટ, શકટ, મુકુટ આદિ પ્રત્યેક પદાર્થ જડ હોવાથી સ્વયં પ્રતિભાસિત હોતા નથી. અને તે પદાર્થો અદ્વૈતમતને અનુસાર અન્યથી પ્રતિભાસિત થશે નહીં. કારણ કે પ્રતિભાસ બે પદાર્થો વિના સંભવતો નથી; અને અદ્વૈતમતમાં તો એક બ્રહ્મ સિવાય અન્ય કોઇ પદાર્થનું અસ્તિત્વ નથી! તથા 'પ્રત્યેક પદાર્થો એક પરબ્રહ્મના પર્યાયો છે.' આવા અનુમાનથી પણ એક બ્રહ્મની સિદ્ધિ થશે નહીં. કારણ કે અન્વેતૃ (સંબંધ કરવાવાળા) અને અન્વીયમાન જેની સાથે સંબંધ થતો હોય તે) રૂપ બે પદાર્થ વિના ઘટી શકતો નથી, માટે અદ્વૈતની સિદ્ધિ ઉક્ત અનુમાનથી પણ થશે નહીં. તથા ઘટાદિ પ્રત્યેક પદાર્થમાં ચૈતન્ય (બ્રહ્મ)નો સંબંધ નથી, પરંતુ ઘટાદિનો સંબંધ માટી આદિની સાથે જોવામાં આવે છે. તેથી. 'सर्वं भावा ब्रह्मविवर्ताः' એ અનુમાનથી પણ પરબ્રહ્મની સિદ્ધિ થઈ શકતી નથી. વળી, પૂર્વોક્ત જે અનુમાનો છે, તે અનુમાનના ઉપાયભૂત પક્ષ, હેતુ અને દૃષ્ટાંત પરસ્પર ભિન્ન છે કે અભિન્ન ? જો તે પરસ્પર ભિન્ન હોય તો દ્વૈતની સિદ્ધિ થશે, અને જો તે અભિન્ન હોય તો તે ત્રણે એક થઈ જશે ! આ રીતે પક્ષ આદિ ત્રણે એકરૂપ થવાથી અનુમાન બની શકશે નહીં. જો હેતુ વિના પણ અદ્વૈતની સિદ્ધિ થતી હોય તો કેવલ વચનમાત્રથી દ્વૈતની સિદ્ધિ કેમ નહીં થાય ? તેમજ કહ્યું પણ છે કે : જો હેતુથી અદ્વૈતની સિદ્ધિ થતી હોય તો હેતુ અને સાધ્ય એમ બે પદાર્થનું અસ્તિત્વ સિદ્ધ થાય છે ! અર્થાત્ દ્વૈતની સિદ્ધિ થશે. અને હેતુ વિના પણ કેવળ વચન માત્રથી અદ્વૈતની સિદ્ધિ માનતા હો, તો તેવી રીતે કેવલ વચન માત્રથી દ્વૈતની પણ સિદ્ધિ માનવી જોઇશે !

(ટીકા) "पुरुष एवेदं सर्वम्" इत्यादेः, "सर्वं वै खल्विदं ब्रह्म" इत्यादेश्चागमादपि न तत्सिद्धिः। तस्यापि द्वैताविनाभावित्वेन अद्वैतं प्रति प्रामाण्यासम्भवात्। वाच्यवाचकभावलक्षणस्य द्वैतस्यैव तत्रापि दर्शनात्। तदुक्तम्—

"कर्मद्वैतं फलद्वैतं लोकद्वैतं विरुध्यते ।
विद्याऽविद्याद्वयं न स्याद् बन्धमोक्षद्वयं तथा" ॥

ततः कथमागमादपि तत्सिद्धिः । ततो न पुरुषाद्वैतलक्षणमेकमेव प्रमाणस्य विषयः । इति सुव्यवस्थितः प्रपञ्चः ॥ इति काव्यार्थः ॥१३॥

(અનુવાદ)

તથા 'पुरूष एवेदं सर्व—सवं वै खलु इदं ब्रह्म' ઇત્યાદિ આગમ પ્રમાણથી પણ બ્રહ્મની સિદ્ધિ થઇ શકતી નથી. કારણ કે આગમનો પણ દ્વૈતની સાથે અવિનાભાવ સંબંધ છે. તેથી અદ્વૈતની સિદ્ધિ માટે આગમ પણ પ્રમાણરૂપ થશે નહીં. કેમકે આગમમાં વાચ્ય-વાચકભાવ સંબંધ હોવાથી તેનાથી પ્રત્યુત દ્વૈતની સિદ્ધિ થાય છે. તેમ જ કહ્યું પણ છે કે : કર્મ અને કર્તા, કારણ અને કાર્ય, લોક અને પરલોક, વિદ્યા અને અવિદ્યા; બંધ અને મોક્ષ એ સર્વે દ્વૈતની સિદ્ધિ કરે છે. માટે આગમ પ્રમાણથી પણ અદ્વૈતની સિદ્ધિ થઇ શકતી નથી. પુરુષાદ્વૈતરૂપ એક બ્રહ્મ કોઈ પણ પ્રમાણનો વિષય બની શકતું નથી. આથી પ્રત્યક્ષ પ્રમાણ વડે દૃષ્ટિગોચર થતું જગત્ તાત્ત્વિક છે, એમ સ્વીકારવું જોઇએ.

अवतरण

अथ स्वाभिमतसामान्यविशेषोभयात्मकवाच्यवाचकभावसमर्थनपुरः सरं तीर्थान्तरीयप्रकल्पिततदेकान्तगोचरवाच्यवाचकभावनिरासद्वारेण तेषां प्रतिभावैभवाभावमाह–

અવતરણ

હવે પોતાને અભિમત કથંચિત્ સામાન્ય અને વિશેષ, ઉભયરૂપ વાચ્ય(અર્થ)-વાચક(શબ્દ)ભાવના સમર્થનપૂર્વક અન્ય તીર્થિકો દ્વારા કલ્પિત એકાન્ત સામાન્ય અને એકાન્ત વિશેષરૂપ વાચ્ય–વાચક ભાવનું ખંડન કરીને તેઓમાં બુદ્ધિના અભાવનું પ્રદર્શન કરતાં કહે છે કે :

मूल—अनेकमेकात्मकमेव वाच्यं द्वयात्मकं वाचकमप्यवश्यम् । अतोऽन्यथा वाचकवाच्यकल्पावतामकानां प्रतिभाप्रमादः ॥१४॥

મૂળ–અર્થ : ચેતન અને અચેતન, સ્થાવર અને જંગમ, સમસ્ત પદાર્થો (વાચ્ય) સામાન્યરૂપે (દ્રવ્યરૂપે) એક છે અને વ્યક્તિના ભેદથી (વિશેષરૂપે) અનેક છે. તેવી જ રીતે વાચક (શબ્દ) પણ સામાન્ય અને વિશેષરૂપ હોવાથી એક અને અનેક રૂપ છે. આવા આપના સિદ્ધાંતથી વિપરીતરૂપે વાચ્ય–વાચક ભાવની કલ્પના કરવાવાળા અન્યદર્શનકારોનો ખરેખર ! બુદ્ધિનો પ્રમાદ છે.

(टीका) वाच्यम्–अभिधेयं, चेतनमचेतनं च वस्तु, एवकारस्याप्यर्थत्वात् । सामान्यरूपतया एकात्मकमपि व्यक्तिभेदेनानेकम्–अनेकरूपम् । अथवानेकरूपमपि एकात्मकम् । अन्योऽन्यं संवलितत्वादित्थमपि व्याख्याने न दोषः । तथा च वाचकम्-अभिधायकं शब्दरूपम् । तदप्यवश्यं-निश्चितम् । द्वयात्मकं-सामान्यविशेषोभयात्मकत्वाद् एकानेकात्मकमित्यर्थः । उभयत्र वाच्यलिङ्गत्वेऽप्यव्यक्तत्वाद् नपुंसकत्वम् । अवश्यमिति पदं वाच्यवाचकयोरुभयोरप्येकानेकात्मकत्वं निश्चिन्वत् तदेकान्तं व्यवच्छिनत्ति । अतः–उपदर्शितप्रकारात्, अन्यथा—सामान्यविशेषैकान्तरूपेण प्रकारेण, वाचकवाच्यकल्पौ वाच्यवाचकभावकल्पनायाम्, अतावकानाम्–अत्वदीयानाम्, अन्ययूथ्यानाम् । प्रतिभाप्रमादः–प्रज्ञास्खलितम् । इत्यक्षरार्थः । अत्र चाल्पस्वरत्वेन वाच्यपदस्य प्राग्निपाते प्राप्तेऽपि यदादौ वाचकग्रहणं, तत्प्रायोऽर्थप्रतिपादनस्य शब्दाधीनत्वेन वाचकस्यार्च्यत्वज्ञापनार्थम् । तथा च शाब्दिकाः–

"न सोऽस्ति प्रत्ययो लोके यः शब्दानुगमादृते ।
अनुविद्धमिव ज्ञानं सर्वं शब्देन भासते" ॥ इति ॥

(અનુવાદ)

વ્યાખ્યાર્થ :- ચેતન અને અચેતન પદાર્થ (વાચ્ય) સામાન્ય રૂપે એક અને વિશેષ રૂપે અનેક છે; વિશેષરૂપે અનેક હોઈને સામાન્યરૂપે એક જ છે. તેવી જ રીતે ચેતન અને અચેતનનો વાચક (શબ્દ) પણ સામાન્ય અને વિશેષ ઉભયરૂપ હોવાથી એક અનેક સ્વરૂપ છે. આ રીતે વાચ્ય અને વાચકનું સામાન્ય અને વિશેષ ઉભયરૂપ સિદ્ધ હોવા છતાં પણ એકાન્ત સામાન્ય અને એકાન્ત વિશેષરૂપ વાચ્ય-વાચક ભાવની સ્વતંત્રપણે કલ્પના કરવાવાળા દર્શનકારો ન્યાયમાર્ગથી સ્ખલિત થાય છે.

વાચ્ય શબ્દમાં અલ્પ સ્વર હોવાથી શ્લોકમાં વાચક શબ્દના પહેલાં તેના નિપાતની પ્રાપ્તિ હોવા છતાં પણ આદિમાં વાચક શબ્દનું ગ્રહણ કરવાથી સૂચન થાય છે કે પ્રાય : અર્થનું પ્રતિપાદન શબ્દને આધીન છે. તેથી શબ્દનું પૂજ્યત્વ જણાવવા માટે વાચક પદનું આદિમાં ગ્રહણ કરવામાં આવ્યું છે. વૈયાકરણો કહે છે કે : જગતમાં એવું કોઈ જ્ઞાન નથી કે જે શબ્દના સંબંધ વિના થઈ શકે. કારણ કે સર્વ પ્રકારનું જ્ઞાન જાણે વિંધાયેલું હોય તેમ શબ્દની સાથે સંબદ્ધ હોય છે. અર્થાત્ શબ્દના સંબંધ વિના જ્ઞાન થઇ શકતું નથી.

(टीका) भावार्थस्त्वेवम्। एके तीर्थिकाः सामान्यरूपमेव वाच्यतयाभ्युपगच्छन्ति। ते च द्रव्यास्तिकनयानुपातिनो मीमांसकभेदा अद्वैतवादिनः सांख्याश्च। केचिच्च विशेषरूपमेव वाच्यं निर्वचन्ति। ते च पर्यायास्तिकनयानुसारिणः सौगताः। अपरे च परस्परनिरपेक्षपदार्थपृथग्भूतसामान्यविशेषयुक्तं वस्तु वाच्यत्वेन निश्चिन्वते। ते च नैगमनयानुरोधिनः काणादाः, आक्षपादाश्च ॥

(અનુવાદ)

ભાવાર્થ આ પ્રમાણે છે : કેટલાક વાદી કેવલ સામાન્યને જ પદાર્થ રૂપે સ્વીકારે છે, તે છે દ્રવ્યાસ્તિક નયને અનુસરવાવાળા અદ્વૈતવાદી; મીમાંસકો અને સાંખ્યો. કેવલ વિશેષને જ સત્ રૂપે સ્વીકારે છે, તે છે પર્યાયાસ્તિક નયને માનનારા બૌદ્ધો. તથા નૈગમ નયને અનુસરવાવાળા નૈયાયિક અને વૈશેષિકો પરસ્પર ભિન્ન અને નિરપેક્ષ એવા સામાન્ય અને વિશેષથી યુક્ત વસ્તુને વાચ્ય(પદાર્થ)રૂપે સ્વીકારે છે.

(टीका) एतच्च पक्षत्रयेऽपि किञ्चित् चर्च्यते। तथाहि। संग्रहनयावलम्बिनो वादिनः प्रतिपादयन्ति। सामान्यमेव तत्त्वम्। ततः पृथग्भूतानां विशेषाणामदर्शनात्। तथा सर्वमेकम्। अविशेषेण सदितिज्ञानाभिधानानुवृत्तिलिङ्गानुमितसत्ताकत्वात् तथा द्रव्यत्वमेवतत्त्वम्। ततोऽर्थान्तरभूतानां धर्माधर्माकाशकालपुद्गलजीवद्रव्याणामनुपलब्धेः। किञ्च, यैः सामान्यात् पृथग्भूता अन्योऽन्यव्यावृत्यात्मका विशेषाः कल्प्यन्ते, तेषु

विशेषत्वं विद्यते न वा? नो चेद् निःस्वभावताप्रसङ्गः । स्वरूपस्यैवाभावात् । अस्ति चेत् तर्हि तदेव सामान्यम् । यतः समानानां भावः सामान्यम् । विशेषरूपतया च सर्वेषां तेषामविशेषेण प्रतीतिः सिद्धैव ॥

(અનુવાદ)

હવે પૂર્વોક્ત ત્રણ પક્ષની કંઈક ચર્ચા કરવામાં આવે છે. સંગ્રહનયને અનુસરવાવાળા અદ્વૈતવાદી મીમાંસકો અને સાંખ્યો પ્રતિપાદન કરે છે કે : સામાન્ય એ એક જ તત્ત્વ છે. કારણ કે સામાન્યથી ભિન્ન કોઈ વિશેષો દૃષ્ટિગોચર થતા નથી. સર્વે પદાર્થોનું સામાન્ય રીતે 'सत्' એ પ્રકારે જ્ઞાન થાય છે. કેમકે સર્વે પદાર્થોમાં 'सत् सत्' એ પ્રકારનો અનુવૃત્તિ પ્રત્યય થાય છે. તેથી પ્રત્યેક પદાર્થોનું સત્‌રૂપ છે. તથા દ્રવ્યત્વ એ એકજ તત્ત્વ છે. કેમ કે દ્રવ્યત્વને છોડીને અન્ય કોઈ ધર્મ, અધર્મ, આકાશ, કાળ, પુદ્ગલ અને જીવ, તેરૂપ કોઇ દ્રવ્ય જોવામાં આવતું નથી. તથા જેઓ સામાન્યથી ભિન્ન અને પરસ્પરના નિષેધરૂપ વિશેષોને સ્વીકારે છે, તેઓને અમારો પ્રશ્ન છે કે વિશેષોમાં વિશેષત્વ-(વિશેષનું સ્વરૂપ)નો સદ્‌ભાવ છે કે નહીં ? જો વિશેષોમાં વિશેષત્વ ના હોય તો વિશેષ નિઃસ્વભાવ થઇ જશે; જો વિશેષમાં વિશેષત્વ હોય તો એ વિશેષત્વ તે જ સામાન્ય! કેમ કે સમાનનો ભાવ તે સામાન્ય કહેવાય છે. અને તે સર્વે સમાન ભાવોની સામાન્યરૂપે પ્રતીતિ થાય છે.

(टीका) अपि च विशेषाणां व्यावृत्तिप्रत्ययहेतुत्वं लक्षणम् व्यावृत्तिप्रत्यय एव विचार्यमाणो न घटते । व्यावृत्तिर्हि विवक्षितपदार्थे इतरपदार्थप्रतिषेधः । विवक्षितपदार्थश्च स्वस्वरूपव्यवस्थापनमात्रपर्यवसायी, कथं पदार्थान्तरप्रतिषेधे प्रगल्भते । न च स्वरूपसत्त्वादन्यत् तत्र किमपि, येन तन्निषेधः प्रवर्तते । न च व्यावृत्तौ क्रियमाणायां स्वात्मव्यतिरिक्ता विश्वत्रयवर्तिनोऽतीतवर्तमानानागताः पदार्थास्तस्माद् व्यावर्तनीयाः । ते च नाज्ञातस्वरूपा व्यावर्तयितुं शक्याः । ततश्चैकस्यापि विशेषस्य परिज्ञाने प्रमातुः सर्वज्ञत्वं स्यात् । न चैतत्प्रातीतिकं यौक्तिकं वा । व्यावृत्तिस्तु निषेधः । स चाभावरूपत्वात् तुच्छः कथं प्रतीतिगोचरमञ्चति खपुष्पवत् ॥

(અનુવાદ)

વિવક્ષિત પદાર્થમાં અન્ય પદાર્થોનો નિષેધ તેને વ્યાવૃત્તિ કહે છે. તેવા પ્રકારના વ્યાવૃત્તિપ્રત્યયના કારણરૂપને વિશેષ કહે છે. જેમ ઘટમાં પટનો નિષેધ કરવાથી, પટથી ઘટની વ્યાવૃત્તિ થાય છે. પરંતુ તે વિવક્ષિત (ઘટ) પદાર્થ સ્વયં પોતાના સ્વરૂપની જ સિદ્ધિ કરવામાં સમર્થ હોય તો તે અન્ય પદાર્થનો નિષેધ કઇ રીતે કરી શકે ? અર્થાત્ સ્વરૂપથી ભિન્ન કોઇ વિશેષ નથી કે જેનાથી તેના નિષેધ માટે પ્રવૃત્ત થાય ! જો વિવક્ષિત પદાર્થ (અમુક પદાર્થ દા. ત. ઘટ) અન્ય પદાર્થનો નિષેધ કરવામાં સમર્થ હોય તો ત્રણે લોકમાં રહેલા અતીત અનાગત અને વર્તમાન પદાર્થોથી પણ પોતાની વ્યાવૃત્તિ

કરવી જોઇશે અને જ્યાં સુધી ત્રણે લોકમાં રહેલા ભૂત ભાવી અને વર્તમાન પદાર્થોનું જ્ઞાન ના થાય ત્યાંસુધી તે પદાર્થોની વ્યાવૃત્તિ થઇ શકતી નથી. તેથી એક ઘટનું જ્ઞાન કરવામાં ત્રણે લોકમાં રહેલા પદાર્થોથી ઘટની વ્યાવૃત્તિ કરવા માટે પ્રમાતાને સર્વજ્ઞ બનવું પડશે ! અર્થાત્ એક ઘટના જ્ઞાનથી પ્રમાતા સર્વજ્ઞ થઇ જશે ! પરંતુ તે તો વિશ્વાસ કરવા યોગ્ય નથી. અને તર્કથી પણ સિદ્ધ થઇ શકતું નથી. નિષેધને વ્યાવૃત્તિ કહે છે. અને તે વ્યાવૃત્તિ અભાવ રૂપ હોવાથી તુચ્છ છે. તેથી તે તુચ્છ રૂપ વ્યાવૃત્તિ (વિશેષ) તુચ્છ એવા આકાશ કુસુમની જેમ અનુભવગમ્ય થઈ શકતી નથી.

(ટીકા) तथा येभ्यो व्यावृत्तिः ते सद्रूपा असद्रूपा वा ? असद्रूपाश्चेत् तर्हि खरविषाणात् किं न व्यावृत्तिः । सद्रूपाश्चेत् सामान्यमेव । या चेयं व्यावृत्तिर्विशेषैः क्रियते सा सर्वासु विशेषव्यक्तिष्वेका अनेका वा ? अनेका चेत् तस्या अपि विशेषत्वापत्तिः, अनेकरूपत्वैकजीवितत्वाद् विशेषाणाम् ततश्च तस्या अपि विशेषत्वान्यथानुपपत्तेर्व्यावृत्त्या भाव्यम् । व्यावृत्तेरपि च व्यावृत्तौ विशेषाणामभाव एव स्यात् । तत्स्वरूपभूताया व्यावृत्तेः प्रतिषिद्धत्वात्, अनवस्थापाताच्च । एका चेत् सामान्यमेव सज्ञान्तरेण प्रतिपन्नं स्यात् अनुवृत्तिप्रत्ययलक्षणाव्यभिचारात् । किञ्च, अमी विशेषाः सामान्याद् भिन्ना अभिन्ना वा ? भिन्नाश्चेद् मण्डूकजटाभारानुकाराः अभिन्नाश्चेत् तदेव तत्स्वरूपवत् । इति सामान्यैकान्तवादः ॥

(અનુવાદ)

જે પદાર્થોથી અન્ય પદાર્થોની વ્યાવૃત્તિ થાય છે. તે પદાર્થો સત્રૂપ છે કે અસત્રૂપ ? જો એ પદાર્થો અસત્રૂપ હોય તો અસત્ એવા ખરવિષાણ(ગધેડાનાં શિંગડા)થી પણ ઘટની વ્યાવૃત્તિ થવી જોઈએ. જો વ્યાવૃત્તિ પદાર્થો સત્રૂપ હોય તો તે પદાર્થો સામાન્યરૂપ જ બનશે, તથા વિશેષ દ્વારા જે વ્યાવૃત્તિ થાય છે. તે વ્યાવૃત્તિ સર્વે વિશેષમાં એક છે કે અનેક ? જો તે વ્યાવૃત્તિ અનેક હોય તો વ્યાવૃત્તિમાં પણ વિશેષરૂપની આપત્તિ થશે. કેમકે 'અનેક રૂપત્વ' એજ વિશેષનું લક્ષણ છે, આ પ્રકારે વ્યાવૃત્તિમાં વિશેષરૂપ સિદ્ધ થવાથી વ્યાવૃત્તિની પણ વ્યાવૃત્તિ થશે. કારણ કે વિશેષ વ્યાવૃત્તિનું કારણ છે. અને વ્યાવૃત્તિમાં વ્યાવૃત્તિ સ્વીકારવાથી વ્યાવૃત્તિનું વ્યાવૃત્તિરૂપ સિદ્ધ થઇ શકતું નથી. આ પ્રકારે વિશેષના સ્વરૂપભૂત વ્યાવૃત્તિનો નિષેધ થવાથી વિશેષનો અભાવ જ પ્રાપ્ત થશે. તેમ જ એક વ્યાવૃત્તિમાં અનેક વ્યાવૃત્તિ માનવામાં આવે તો અનવસ્થા દોષ આવશે; અને સર્વ નિશેષોમાં એક વ્યાવૃત્તિનો સ્વીકાર કરશો તો નામાન્તરથી સામાન્યનો જ સ્વીકાર થયો, કારણ કે અનુવૃત્તિ પ્રત્યયના કારણરૂપ સામાન્ય એક જ છે. વળી અહીં વિશેષ એ કહેવાનું છે કે વિશેષ, સામાન્યથી ભિન્ન છે કે અભિન્ન. જો ભિન્ન છે એમ કહેશો તો દેડકાની જટાની તુલ્ય અસત્ છે. જો વિશેષ સામાન્યથી અભિન્ન હોય તો તેને સામાન્ય જ કહેવાશે, કેમકે વિશેષનું સ્વરૂપ જેમ વિશેષથી અભિન્ન છે તેમ સામાન્ય પણ તેનાથી અભિન્ન છે, અર્થાત્ સામાન્ય એ એક જ તત્ત્વ સિદ્ધ થાય છે.

(टीका) पर्यायनयान्वयिनस्तु भाषन्ते। विविक्ताः क्षणक्षयिणो विशेषा एव परमार्थः। ततो विष्वरभूतस्य सामान्यस्याप्रतीयमानत्वात् न हि गवादिव्यक्त्यनुभवकाले वर्णसंस्थानात्मकं व्यक्तिरूपमपहाय, अन्यत्किञ्चिदेवकमनुयायि प्रत्यक्षे प्रतिभासते। तादृशस्यानुभवाभावात्। तथा च पठन्ति—

"एतासु पञ्चस्ववभासनीषु प्रत्यक्षबोधे स्फुटमङ्गुलीषु।
साधारणं रूपमवेक्षते यः शृङ्गं शिरस्यात्मन ईक्षते सः"

एकाकारपरामर्शप्रत्ययस्तु स्वहेतुदत्तशक्तिभ्यो व्यक्तिभ्य एवोत्पद्यते। इति न तेन सामान्यसाधनं न्याय्यम्॥

(अनुवाद)

હવે પર્યાયાસ્તિક નયને અનુસરનારા બૌદ્ધો કહે છે કે : પરસ્પર ભિન્ન અને ક્ષણ ક્ષણમાં નષ્ટ થવાવાળા વિશેષ જ પરમાર્થથી સત્ છે. વિશેષથી ભિન્ન કોઇ સામાન્ય, પ્રતીતિ(જ્ઞાન)નો વિષય નથી. ગવાદિ વ્યક્તિના અનુભવકાળમાં વર્ણ અને સંસ્થાન (આકાર) રૂપ વ્યક્તિનો ત્યાગ કરીને અન્ય કોઇ એક અનુયાયી સામાન્યનું જ્ઞાન થઈ શકતું નથી. કેમ કે વિશેષના જ્ઞાનને છોડી સામાન્યનું જ્ઞાન અનુભવથી બાહ્ય છે. કહ્યું પણ છે કે : જે કોઈ પુરુષ પ્રત્યક્ષ જ્ઞાનમાં સ્પષ્ટપણે પૃથક્ પૃથક્ દેખાતી પાંચ આંગળીઓમાં સામાન્યરૂપને દેખે છે, તે ખરેખર પોતાના મસ્તક ઉપર શિંગડાં દેખે છે!

અર્થાત્ વિશેષના જ્ઞાનને છોડીને અન્ય કોઈ સામાન્યના જ્ઞાનનો સંભવ હોતો નથી. તથા એકાકાર પ્રતીતિ થાય છે. તે પણ પોતાના કારણોથી ઉત્પન્ન થયેલી વ્યક્તિઓથી થાય છે. આથી સામાન્યને સિદ્ધ કરવું તે વ્યાજબી નથી. અર્થાત્ સામાન્ય જેવી કોઈ વસ્તુ નથી.

(टीका) किञ्च, यदिदं सामान्यं परिकल्प्यते तदेकमनेकं वा? एकमपि सर्वगतमसर्वगतं वा? सर्वगतं चेत्, किं न व्यक्त्यन्तरालेषूपलभ्यते। सर्वगतैकत्वाभ्युपगमे च तस्य यथा गोत्वसामान्यं गोव्यक्तीः क्रोडीकरोति, एवं किं न घटपटादिव्यक्तीरपि, अविशेषात्। असर्वगतं चेद् विशेषरूपापत्तिः अभ्युपगमबाधश्च॥

(अनुवाद)

સામાન્ય એક છે કે અનેક? જો એક છે તો તે સર્વવ્યાપક છે કે અસર્વવ્યાપક? જો સામાન્ય સર્વવ્યાપક હોય તો બે વ્યક્તિના વ્યવધાનમાં તેની ઉપલબ્ધિ થવી જોઈએ. સામાન્ય એક અને સર્વવ્યાપક માનો તો જેમ ગોત્વ સામાન્ય ગોમાં રહે છે, તેમ ઘટ પટ આદિ વ્યક્તિમાં પણ રહેશે! જો સામાન્ય અસર્વવ્યાપક હોય તો તે વિશેષરૂપ બની જશે. અર્થાત્ તે વિશેષ કહેવાશે અને તમે તો સામાન્યને અવ્યાપક સ્વીકારતા નથી. અર્થાત્ સામાન્યને અસર્વવ્યાપક સ્વીકારવામાં આવે તો અભ્યુપગમ બાધ આવશે.

(टीका) अथानेकं गोत्वाश्वत्वघटत्वपटत्वादिभेदभिन्नत्वात् तर्हि विशेषा एव स्वीकृताः। अन्योन्यव्यावृत्तिहेतुत्वात्। न हि यद् गोत्वं तदश्वत्वात्मकमिति। अर्थक्रियाकारित्वं च वस्तुनो लक्षणम्। तच्च विशेषेष्वेव स्फुटं प्रतीयते। न हि सामान्येन काचिदर्थक्रिया क्रियते। तस्य निष्क्रियत्वात्। वाहदोहादिकास्वर्थक्रियासु विशेषाणामेवोपयोगात्। तथेदं सामान्यं विशेषेभ्यो भिन्नमभिन्नं वा? भिन्नं चेद् अवस्तु। विशेषविश्लेषेणार्थक्रियाकारित्वाभावात्। अभिन्नं चेद् विशेषा एव, तत्स्वरूपवत्। इति विशेषैकान्तवादः॥

(અનુવાદ)

જો કહો કે સામાન્ય ગોત્વ, અશ્વત્વ, ઘટત્વ પટત્વ આદિ ભેદથી ભિન્ન છે. એમ જો સામાન્યનું અનેકપણું હોય તો તેનું વિશેષરૂપ સ્વીકાર્યું કહેવાશે. આ રીતે ગોત્વ અને અશ્વત્વ પરસ્પર ભિન્ન હોવાથી ગોત્વની વ્યાવૃત્તિ અશ્વત્વથી થાય છે. 'જે અર્થક્રિયા કરનાર હોય તે જ વસ્તુ કહેવાય છે.' આવું વસ્તુનું લક્ષણ વિશેષોમાં જ ઘટે છે, કેમકે સામાન્ય નિષ્ક્રિય હોવાથી તેમાં અર્થક્રિયા ઘટી શકતી નથી. વહન-દોહન આદિ અર્થક્રિયા કરવામાં અશ્વત્વ, ગોત્વ આદિ સામાન્ય ઉપયોગી નથી. પરંતુ વહન-દોહન આદિ અર્થક્રિયા કરવાવાળા અશ્વ અને ગોરૂપ વિશેષો જ ઉપયોગી છે. હવે એ વિચારીએ કે એ સામાન્ય વિશેષથી ભિન્ન છે કે અભિન્ન? જો વિશેષથી સામાન્ય ભિન્ન હોય તો સામાન્ય અવસ્તુ બની જશે! વિશેષથી ભિન્ન હોવાને કારણે સામન્યમાં કોઈ અર્થક્રિયા ઘટી શકતી નથી. કારણ કે 'અર્થક્રિયાકારિત્વ' એ વસ્તુનું લક્ષણ છે, તે લક્ષણ સામાન્યમાં નહીં ઘટવાથી સામાન્ય અવસ્તુ બની જાય. જો વિશેષથી સામાન્ય અભિન્ન હોય તો સામાન્ય એ વિશેષ જ કહેવાશે. આથી સિદ્ધ થાય છે કે વિશેષ એ જ તત્ત્વ છે.

(टीका) नैगमनयानुगामिनस्त्वाहुः। स्वतन्त्रौ सामान्यविशेषौ। तथैव प्रमाणेन प्रतीतत्वात्। तथाहि। सामान्यविशेषावत्यन्तभिन्नौ, विरुद्धधर्माध्यासितत्वात्। यावेवं तावेवं, यथा पाथःपावकौ, तथा चैतौ तस्मात् तथा। सामान्यं हि गोत्वादि सर्वगतम् तद्विपरीताश्च शबलशाबलेयादयो विशेषाः। ततः कथमेषामैक्यं युक्तम्॥

હવે નૈગમનયાનુસારી નૈયાયિક એને વૈશેષિક કહે છે કે: સામાન્ય અને વિશેષ પરસ્પર નિરપેક્ષ (સ્વતંત્ર) તત્ત્વ છે કેમ કે પ્રમાણથી તે પ્રકારે જ સિદ્ધ થાય છે. સામાન્ય અને વિશેષ પરસ્પર અત્યંત ભિન્ન છે, કેમ કે એકબીજામાં વિરુદ્ધ ધર્મનો અધ્યાસ છે અને તેથી પરસ્પર વિરોધી છે. જે પરસ્પર વિરોધી હોય છે તે અત્યંત ભિન્ન હોય છે. જલ અને અગ્નિ એ પરસ્પર વિરુદ્ધ ધર્મના અધ્યાસી હોવાથી એ જેમ અત્યંત ભિન્ન છે, તેમ સામાન્ય અને વિશેષ પણ પરસ્પર વિરુદ્ધ ધર્મના અધ્યાસી હોવાથી પરસ્પર અત્યંત ભિન્ન છે. તથા ગોત્વાદિ સામાન્ય એક છે અને સર્વવ્યાપક છે, શબલ શાબલેયાદિ વિશેષો અનેક છે અને પરિમિત ક્ષેત્રમાં રહે છે, તેથી સામાન્ય અને વિશેષનું ભિન્ન ભિન્ન સ્વરૂપ હોવાથી તેમાં એકતા કેવી રીતે ઘટી શકે?

(टीका) न सामान्यात् पृथग्विशेषस्योपलम्भ इति चेत्, कथं तर्हि तस्योपलम्भ इति वाच्यम्। सामान्यव्याप्तस्येति चेद्, न तर्हि स विशेषोपलम्भः। सामान्यस्यापि तेन ग्रहणात् ततश्च तेन बोधेन विविक्तविशेषग्रहणाभावात् तद्वाचकं ध्वनिं तत्साध्यं च व्यवहारं न प्रवर्तयेत् प्रमाता। न चैतदस्ति। विशेषाभिधानव्यवहारयोः प्रवृत्तिदर्शनात्। तस्माद् विशेषमभिलपता तत्र च व्यवहारं प्रवर्तयता तद्ग्राहको बोधो विविक्तोऽभ्युपगन्तव्यः। एवं सामान्यस्थाने विशेषशब्दं विशेषस्थाने च सामान्यशब्दं प्रयुञ्जानेन सामान्येऽपि तद्ग्राहको बोधो विविक्तोऽङ्गीकर्तव्यः। तस्मात् स्वस्वग्राहिणि ज्ञाने पृथक्प्रतिभासमानत्वाद् द्वावपीतरेतरविशकलितौ। ततो न सामान्यविशेषात्मकत्वं वस्तुनो घटते। इति स्वतन्त्रसामान्यविशेषवादः ॥

(અનુવાદ)

જો સામાન્યથી ભિન્ન કોઈ વિશેષ વસ્તુનું જ્ઞાન થતું નથી એમ કહો છો તો, અમારો પ્રશ્ન છે કે વિશેષનું જ્ઞાન કઈ રીતે થાય છે? એમ ના કહેશો કે સામાન્યની સાથે વિશેષનું જ્ઞાન થાય છે, તો એ જ્ઞાન વિશેષનું નહીં કહી શકાય, કેમ કે એનાથી તો સામાન્યનું પણ જ્ઞાન થાય છે. માટે સામાન્યથી ભિન્ન એવા શુદ્ધ વિશેષનું જ્ઞાન નહીં થવાથી, વિશેષના વાચક શબ્દમાં અને તેનાથી સાધ્ય વ્યવહારમાં પ્રમાતાની પ્રવૃત્તિ ન થવી જોઈએ, પરંતુ વિશેષના વાચક શબ્દમાં અને વિશેષ ઉપર અવલંબિત વ્યવહારમાં પ્રમાતાની પ્રવૃત્તિ તો દેખાય છે! માટે વિશેષની અભિલાષા અને વ્યવહારથી સામાન્યથી ભિન્ન વિશેષનું જ્ઞાન અવશ્ય સ્વીકારવું જોઈએ એ રીતે સામાન્યના સ્થાનમાં વિશેષ શબ્દનો અને વિશેષના સ્થાનમાં સામાન્ય શબ્દનો પ્રયોગ કરવા દ્વારા વિશેષથી ભિન્નપણે સામાન્યનું પણ જ્ઞાન સ્વીકારવું જોઈએ તેમ જ સામાન્ય અને વિશેષનો પોતપોતાના જ્ઞાનમાં ભિન્ન ભિન્ન પણે પ્રતિભાસ થતો હોવાથી સામાન્ય અને વિશેષની પરસ્પર નિરપેક્ષ (સ્વતંત્ર) ભિન્ન ભિન્ન તત્ત્વની સિદ્ધિ થાય છે. પરંતુ સામાન્ય અને વિશેષ ઉભય સ્વરૂપ વસ્તુની સિદ્ધિ થઈ શકતી નથી.

(टीका) तदेतत् पक्षत्रयमपि न क्षमते क्षोदम्। प्रमाणबाधितत्वात्। सामान्यविशेषोभयात्मकस्यैव वस्तुनो निर्विगानमनुभूयमानत्वात्। वस्तुनो हि लक्षणम् अर्थक्रियाकारित्वम्। तच्चानेकान्तवादे एवाविकलं कलयन्ति परीक्षकाः। तथाहि। यथा गौरित्युक्ते खुरककुत्सास्नालाङ्गूलविषाणाद्यवयवसंपन्नं वस्तुरूपं सर्वव्यक्त्यनुयायि प्रतीयते, तथा महिष्यादिव्यावृत्तिरपि प्रतीयते ॥

(અનુવાદ)

જૈન :- ઉપર વર્ણવેલા ત્રણે પક્ષ પ્રમાણથી બાધિત હોવાથી યુક્તિયુક્ત નથી નિર્વિવાદ પણે સમસ્ત પદાર્થોનું સામાન્ય વિશેષ ઉભય સ્વરૂપ જ અનુભવમાં આવે છે. કારણ કે 'અર્થક્રિયાકારિત્વ' એવું વસ્તુનું લક્ષણ, અનેકાન્તવાદમાં જ સંપૂર્ણરૂપે

ઘટી શકે છે, તે આ પ્રમાણે જેમ જે સમયે 'ગો' કહેવાથી ગાયમાં રહેલા ખુર, સ્કંધ, સાસ્ના (ગલકંબલ) પુચ્છ તથા શૃંગ આદિ અવયવોવાળી 'ગો' વ્યક્તિનું સ્વરૂપ સર્વે ગોવ્યક્તિઓમાં સમાન રૂપે જણાય છે; તે સમયે ગોમાં ભેંસ આદિની વ્યાવૃત્તિ રૂપ વિશેષનું પણ જ્ઞાન થાય છે. માટે પદાર્થમાત્ર સામાન્ય રૂપ કે વિશેષ રૂપ નથી પરંતુ સામાન્ય વિશેષ ઉભય સ્વરૂપ જ છે.

(टीका) यत्रापि च शबला गौरित्युच्यते, तत्रापि यथा विशेषप्रतिभासः तथा गोत्वप्रतिभासोऽपि स्फुट एव। शबलेति केवलविशेषोच्चारणेऽपि, अर्थात् प्रकरणाद् वा गोत्वमनुवर्तते। अपि च, शबलत्वमपि नानारूपम्। तथा दर्शनात्। ततो वक्त्रा शबलेत्युक्ते क्रोडीकृतसकलशबलसामान्यं विवक्षितगोव्यक्तिगतमेव शबलत्वं व्यवस्थाप्यते। तदेवमाबालगोपालं प्रतीतिप्रसिद्धेऽपि वस्तुनः सामान्यविशेषात्मकत्वे तदुभयैकान्तवादः प्रलापमात्रम्। नहि क्वचित् कदाचित् केनचित् सामान्यं विशेषविनाकृतमनुभूयते, विशेषा वा तद्विनाकृताः। केवलं दुर्नयप्रभावितमतिव्यामोहवशादेकमपलप्यान्यतरद् व्यवस्थापयन्ति बालिशाः। सोऽयमन्धगजन्यायः॥

(અનુવાદ)

જ્યારે 'શબલા (કાબરચીતરી) ગૌ' એમ કહેવાય છે, ત્યારે જેમ ગો વિશેષનું જ્ઞાન થાય છે, તેમ ગોત્વ-સામાન્યનું પણ જ્ઞાન થાય છે. 'શબલા' આટલું જ માત્ર ઉચ્ચારણ કરવાથી, અર્થ અથવા પ્રકરણથી ગોત્વ સામાન્યનું અવશ્ય જ્ઞાન થાય છે. તેમ જ 'શબલત્વ' પણ અનેક પ્રકારનું છે. તેથી જ્યારે વક્તા 'શબલા ગૌ' એ પ્રમાણે કહે છે ત્યારે સમસ્ત ગાયોમાં શબલત્વ સામાન્યનું જેમ જ્ઞાન થાય છે, તેમ વિવક્ષિત ગો વ્યક્તિમાં રહેલા શબલપણાનું પણ જ્ઞાન થાય છે. તેથી સામાન્ય અને વિશેષ, ઉભય સ્વરૂપ વસ્તુ આબાલગોપાલ પ્રતીત હોવાથી, એકાન્ત સામાન્ય અને એકાન્ત વિશેષનું કથન કરવું પ્રલાપમાત્ર છે.

વળી વિશેષ વિનાનું સામાન્ય અને સામાન્ય વિનાના વિશેષો કયારે પણ કોઇના વડે અનુભવમાં આવતા નથી. જે પ્રકારે જન્માન્ધ પુરુષો હાથીના એકેક અવયવને સ્પર્શ કરીને 'હાથી સ્તંભ જેવો છે, હાથી સૂપડા જેવો છે.' ઇત્યાદિ રીતે હાથીને જુદા જુદા સ્વરૂપે સિદ્ધ કરે છે, તેમ દુર્નયથી વ્યામોહિત મતિવશે એકાન્તવાદી એકનો અપલાપ કરીને અન્યનું સ્થાપન કરે છે. અર્થાત્ એકેક અપેક્ષાને ગ્રહણ કરીને વસ્તુના સ્વરૂપને ભિન્ન ભિન્ન રૂપે સ્થાપન કરે છે. તે ખરેખર તેઓની નરી મૂર્ખતા છે.

(टीका) येऽपि च तदेकान्तपक्षोपनिपातिनः प्रागुक्ता दोषास्तेऽप्यनेकान्तवादप्रचण्डमुद्गरप्रहारजर्जरितत्वाद् नोच्छ्वसितुमपि क्षमाः। स्वतन्त्रसामान्यविशेषवादिनस्त्वेवं प्रतिक्षेप्याः। सामान्यं प्रतिव्यक्ति कथञ्चिद् भिन्नं, कथञ्चिदभिन्नं, कथंञ्चित तदात्मकत्वाद्, विसदृशपरिणामवत्। यथैव हि काचिद् व्यक्तिरुपलभ्यमानाद् व्यक्त्यन्तराद् विशिष्टा

विसदृशपरिणामदर्शनादवतिष्ठते, तथा सदृशपरिणामात्कसामान्यदर्शनात् समानेति । तेन समानो गौरयम्, सोऽनेन समान इति प्रतीतेः । न चास्य व्यक्तिस्वरूपादभिन्नत्वात् सामान्यरूपताव्याघातः । यतो रूपादीनामपि व्यक्तिस्वरूपादभिन्नत्वमस्ति, न च तेषां गुणरूपताव्याघातः । कथञ्चिद् व्यतिरेकस्तु रूपादीनामिव सदृशपरिणामस्याप्यस्त्येव । पृथग्व्यपदेशादिभाक्त्वात् ।

(અનુવાદ)

વળી એકાન્ત સામાન્ય અને એકાન્ત વિશેષમાં રહેલા પૂર્વોક્ત દોષો પણ અનેકાન્તવાદ રૂપ પ્રચંડ મુદ્ગરના પ્રહારથી જર્જરિત થયેલા છે. તે ઉચ્છ્વાસ લેવા માટે પણ સમર્થ થઇ શકતા નથી. અર્થાત્ ભિન્ન ભિન્નરૂપ અનેકાન્તવાદ તે સર્વે પક્ષોનું ખંડન કરે છે. સામાન્ય અને વિશેષને પરસ્પર ભિન્ન અને સ્વતંત્ર માનવાવાળા નૈયાયિક અને વૈશેષિકોનો પણ પક્ષ એ રીતે ખંડિત થાય છે, કેમ કે વિસદૃશ પરિણામની જેમ સામાન્ય પણ પ્રતિવ્યક્તિઓથી કંથચિત્ ભિન્ન, કથંચિત્ અભિન્ન અને ઉભયાત્મક છે, જેમ કોઇ એક વ્યક્તિનું અન્યવ્યક્તિઓથી વિશેષરૂપ પ્રતિભાસિત થતું હોવાથી, તેમાં વિસદૃશ પરિણામ જોવામાં આવે છે. તેમ ભિન્ન ભિન્ન વ્યક્તિઓમાં સામાન્યરૂપ જોવાથી સદૃશ પરિણામ પણ હોય છે. જેમ ગો વ્યક્તિનું અશ્વ આદિ વ્યક્તિઓથી અસમાન રૂપ હોવાથી તેમાં જેમ વિસદૃશપરિણામ છે: તેમ ગોમાં ગોત્વ સામાન્ય રહેવાથી પ્રત્યેક ગોની સાથે તેનું સદૃશ પરિણામ પણ છે.

શંકા :– જો સામાન્યને વ્યક્તિ સ્વરૂપથી અભિન્ન માનશો તો સામાન્ય રૂપતાનો વ્યાઘાત થશે ને ?

સમાધાનઃ– એમ કહેવું ઠીક નથી. કેમ કે જેમ રૂપ આદિનું ઘટથી અભિન્નપણું હોવા છતાં પણ રૂપાદિ ગુણોમાં ગુણરૂપતાનો વ્યાઘાત થતો નથી. તેમ સામાન્યનું પણ વિશેષથી કથંચિત્ અભિન્નપણું હોવા છતાં પણ સામાન્યનાં સ્વરૂપનો નાશ થતો નથી. તથા જેમ રૂપાદિનો ઘટથી ભિન્નપણે વ્યવહાર થાય છે. તેમ સામાન્ય અને વિશેષનો પણ કથંચિત્ ભિન્ન રૂપે વ્યવહાર થાય છે. માટે સામાન્ય અને વિશેષ પરસ્પર સાપેક્ષ છે.

(ટીકા) विशेषा अपि नैकान्तेन सामान्यात् पृथग्भवितुमर्हन्ति । यतो यदि सामान्यं सर्वगतं सिद्धं भवेत् तदा तेषामसर्वगतत्वेन ततो विरुद्धधर्माध्यासः स्यात् । न च तस्य तत् सिद्धम् । प्रागुक्तयुक्त्या निराकृतत्वात् । सामान्यस्य विशेषाणां च कथञ्चित् परस्पराव्यतिरेकेणैकानेकरूपतया व्यवस्थितत्वात् । विशेषेभ्योऽव्यतिरिक्तत्वाद्धि सामान्यमप्यनेकमिष्यते । सामान्यात् तु विशेषाणामव्यतिरेकात्तेष्येकरूपा इति ।

અનુવાદ

એ પ્રકારે વિશેષો પણ સામાન્યથી એકાન્તે ભિન્ન નથી, જો સામાન્યનું સર્વવ્યાપકપણું સિદ્ધ થાય તો, વિશેષનું અસર્વવ્યાપકપણું હોવાથી, તે બન્નેમાં પરસ્પર વિરુદ્ધ ધર્મના અધ્યાસ હોવાથી શીત અને ઉષ્ણની જેમ સામાન્ય અને વિશેષમાં અત્યંત ભિન્નતા આવે. પરંતુ સામાન્યના સર્વવ્યાપકપણાનું તો અમે પૂર્વે યુક્તિ દ્વારા ખંડન કરીને જ આવ્યા છીએ. અમે કહીએ છીએ કે સામાન્ય અને વિશેષ કથંચિત્ ભિન્ન અને કથંચિત્ અભિન્ન છે. તેથી જ તે બન્ને એક અને અનેક રૂપ છે. સામાન્યનું વિશેષની સાથે અભિન્નપણું હોવાથી, વિશેષ અનેક હોઈને સામાન્ય પણ અનેક રૂપ બને છે અને વિશેષ પણ સામાન્યની સાથે અભિન્ન હોવાથી, સામાન્ય એક હોઈને વિશેષ પણ એકરૂપ બને છે.

(ટીકા) एकत्वं च सामान्यस्य संग्रहनयार्पणात् सर्वत्र विज्ञेयम्। प्रमाणार्पणात् तस्य कथञ्चिद् विरुद्धधर्माध्यासितत्वम्। सदृशपरिणामरूपस्य विसदृशपरिमाणवत् कथञ्चित् प्रतिव्यक्तिभेदात्। एवं चासिद्धं सामान्यविशेषयोः सर्वथाविरुद्धधर्माध्यासितत्वम्। कथञ्चिद्विरुद्धधर्माध्यासितत्वं चेद् विवक्षितम् तदास्मत्कक्षाप्रवेशः। कथञ्चिद् विरुद्धधर्माध्यासस्य कथञ्चिद् भेदाविनाभूतत्वात्। पाथःपावकदृष्टान्तोऽपि साध्यसाधनविकलः तयोरपि कथञ्चिदेव विरुद्धधर्माध्यासितत्वेन भिन्नत्वेन च स्वीकरणात्। पयस्त्वपावकत्वादिना हि तयोर्विरुद्धधर्माध्यासः, भेदश्च। द्रव्यवादिना पुनस्तद्वैपरीत्यमिति। तथा च कथं न सामान्यविशेषात्मकत्वं वस्तुनो घटते इति। ततः सुष्ठूक्तं वाच्यमेकमनेकरूपम् इति।

(અનુવાદ)

તથા સામાન્ય સંગ્રહનયની આપેક્ષાએ એક છે, અને પ્રમાણની આપેક્ષાએ સામાન્યમાં એક અનેક રૂપ કથંચિત્ વિરુદ્ધ ધર્મનો અધ્યાસ પણ છે. કેમ કે વિસદૃશ પરિણામની જેમ સદૃશપરિણામનો પણ પ્રતિવ્યક્તિમાં ભેદ હોવાથી સામાન્ય અને વિશેષમાં કથંચિત્ વિરુદ્ધ ધર્મનો અધ્યાસ ઘટી શકે છે. દા. ત. જેમ ગાયમાં વિસદૃશ પરિણામ રૂપ અશ્વાદિનો ભેદ છે તેમ એક ગાય વ્યક્તિમાં પણ અન્ય ગો વ્યક્તિરૂપ સદૃશપરિણામનો ભેદ પણ છે. આથી સામાન્ય અને વિશેષનો સર્વથા વિરોધ સાવ અસિદ્ધ છે. જો આપ સામાન્ય અને વિશેષને કથંચિત્ વિરુદ્ધ ધર્મના અધ્યાસી કહેશો તો અમારા પક્ષમાં પ્રવેશ કર્યો કહેવાશે. કેમકે અમે પણ કથંચિત્ વિરોધ જ સ્વીકારીએ છીએ. વળી સામાન્ય અને વિશેષનો કથંચિત્ વિરોધ, તે બન્નેમાં કથંચિત્ ભેદ વિના બની શકતો નથી. તથા તમે આપેલું જલ અને અગ્નિનું દૃષ્ટાંત પણ ભેદરૂપ સાધ્ય અને વિરુદ્ધ ધર્મના અધ્યાસરૂપ સાધનથી રહિત છે. કેમ કે જલ અને અગ્નિમાં પણ સર્વથા ભેદ નથી. અપેક્ષાએ જલ અને અગ્નિનો અભેદ છે, અને જલત્વ તથા અગ્નિત્વની અપેક્ષાએ તે બન્નેનો પરસ્પર ભેદ પણ છે. આથી જલ અને અગ્નિમાં કથંચિત્ ભેદાભેદપણું હોવાથી તેમાં વિરુદ્ધ ધર્મનો અધ્યાસ પણ છે. તેથી વસ્તુનું સામાન્ય અને વિશેષ ઉભયસ્વરૂપ જ યુક્તિ યુક્ત છે. માટે વાચ્ય (પદાર્થ) એક અનેક રૂપ છે, તે અમારું કથન સર્વથા યુક્ત છે.

(टीका) एवं वाचकमपि शब्दाख्यं द्वयात्मकम् सामान्यविशेषात्मकम्। सर्वशब्दव्यक्तिष्वनुयायि शब्दत्वमेकम्। शाङ्गशार्ङ्गतीव्रमन्दोदात्तानुदात्तस्वरितादिविशेषभेदादनेकम्। शब्दस्य हि सामान्यविशेषात्मकत्वं पौद्गलिकत्वाद् व्यक्तमेव। तथाहि। पौद्गलिकः शब्दः, इन्द्रियार्थत्वात् रूपादिवत्।

(अनुवाद)

એ પ્રમાણે વાચક (શબ્દ) પણ સામાન્ય વિશેષ ઉભય સ્વરૂપ છે. સર્વે શબ્દ વ્યક્તિઓમાં શબ્દત્વ એક હોવાને કારણે તે એક; અને શંખ, ધનુષ્ય, તીવ્ર, મન્દ; ઉદાત્ત અનુદાત્ત, સ્વરિત આદિના ભેદથી અનેક છે, તેમ જ શબ્દ પૌદ્ગલિક હોવાથી તેનું સામાન્ય વિશેષ ઉભયસ્વરૂપ પ્રગટ જ છે, શબ્દ પૌદ્ગલિક છે કેમ કે તે ઇન્દ્રિયનો વિષય છે. જે જે ઇંદ્રિયોના વિષયો હોય તે તે પૌદ્ગલિક હોય, જેમ રૂપાદિ ઇંદ્રિયોના વિષયો છે, તો તે જેમ પૌદ્ગલિક છે, તેમ શબ્દ પણ પૌદ્ગલિક છે, આ રીતે શબ્દ સામાન્ય-વિશેષ ઉભય સ્વરૂપ છે.

(टीका) यच्चास्य पौद्गलिकत्वनिषेधाय स्पर्शशून्याश्रयत्वात्, अतिनिबिडप्रदेशे प्रवेशनिर्गमयोरप्रतिघातात्, पश्चाच्चावयवानुपलब्धेः, सूक्ष्ममूर्तद्रव्यान्तराप्रेरकत्वाद् गगनगुणत्वात् चेति पञ्च हेतवो यौगैरुपन्यस्ताः, ते हेत्वाभासाः। तथाहि शब्दपर्यायस्याश्रयो भाषावर्गणा, न पुनराकाशम्। तत्र च स्पर्शो निर्णीयत एव। यथा शब्दाश्रयः स्पर्शवान्, अनुवातप्रतिवातयोर्विप्रकृष्टनिकटशरीरिणोपलभ्यमानानुपलभ्यमानेन्द्रियार्थत्वात् तथाविधगन्धाधारद्रव्यपरमाणुवत्। इति असिद्धः प्रथमः। द्वितीयस्तु गन्धद्रव्येण व्यभिचारादनैकान्तिकः। वर्त्यमानजात्यकस्तूरिकादि गन्धद्रव्यं हि पिहितद्वारापवरकस्यान्तर्विशति बहिश्च निर्याति, न चापौद्गलिकम्। अथ तत्र सूक्ष्मरन्ध्रसंभवाद् नातिनिबिडत्वम्, अतस्तत्र तत्प्रवेशनिष्क्रमौ। कथमन्यथोद्घाटितद्वारावस्थायामिव न तदेकार्णवत्वम्। सर्वथा नीरन्ध्रे तु प्रदेशे न तयोः संभवः इति चेत्, तर्हि शब्देऽप्येतत्समानम् इत्यसिद्धो हेतुः। तृतीयस्तु तडिल्लतोल्कादिभिरनैकान्तिकः। चतुर्थोऽपि तथैव। गन्धद्रव्यविशेषसूक्ष्मरजोधूमादिभिर्व्यभिचारात्। न हि गन्धद्रव्यादिकमपि नासायां निविशमानं तद्विवरद्वारदेशोद्भिन्नाभ्रुप्रेरकं दृश्यते। पंचमः पुनः असिद्धः। तथाहि। न गगनगुणः शब्दः, अस्मदादिप्रत्यक्षत्वाद्, रूपादिवत्। इति सिद्धः पौद्गलिकत्वात् सामान्यविशेषात्मकः शब्द इति।

(अनुवाद)

शंका : शब्द पुद्गलनो पर्याय नथी. केम के (१) शब्द स्पर्शशून्य आश्रयमां रहे छे. (२) अत्यंत सघन प्रदेशमां तेना प्रवेश अने निर्गमननुं रोकाणु नथी. (३) शब्दना कोई पूर्व अने पश्चात् अवयवो जोवामां आवता नथी. (४) शब्द सूक्ष्म एवा मूर्त

દ્રવ્યનો પ્રેરક નથી. (૫) અને શબ્દ એ આકાશનો ગુણ નથી. આ પાંચ હેતુઓ દ્વારા શબ્દમાં પૌદ્ગલિકપણું સિદ્ધ થતું નથી.

સમાધાનઃ આપના આ પાંચે હેતુઓ હેત્વાભાસરૂપ છે. તે આ પ્રમાણેઃ- (૧) શબ્દ પર્યાયનો આશ્રય ભાષાવર્ગણા છે (સજાતીય-પુદ્ગલોનો સમુદાય તેને વર્ગણા કહે છે. ઔદારિક, વૈક્રિય, આહારક; તૈજસ, કાર્મણ, ભાષા અને મન એમ સાત પ્રકારે છે. તેમાં જે પુદ્ગલ વર્ગણામાંથી શબ્દ બને છે; તેને ભાષાવર્ગણા કહે છે.) પરંતુ શબ્દનો આશ્રય આકાશ નથી શબ્દના આશ્રયભૂત ભાષાવર્ગણા પુદ્ગલ સ્વરૂપ હોવાથી તેમાં સ્પર્શ અવશ્ય હોય છે. જેમ ગંધ દ્રવ્યના આશ્રયભૂત પરમાણુઓનો દૂર રહેલાં મનુષ્યોને પણ અનુકૂળ વાયુથી અનુભવ થાય છે, અને પ્રતિકૂલ વાયુ હોય તો પાસે રહેલા મનુષ્યોને પણ તેનો (ગંધનો) અનુભવ થતો નથી. તેથી ગંધ જેમ ઈંદ્રિયનો વિષય હોવાથી પૌદ્ગલિક છે તેમ શબ્દ પણ ઈંદ્રિયનો વિષય હોવાથી પૌદ્ગલિક છે. આથી વૈશેષિકો દ્વારા પ્રયુક્ત સ્પર્શશૂન્યાશ્રયત્વ હેતુ, શબ્દમાં નહીં રહેવાથી અસિદ્ધ છે. (૨) બીજો હેતુ ગંધ દ્રવ્યની સાથે વ્યભિચારી હોવાથી અનૈકાન્તિક છે. ખૂબ સારી રીતે બંધ કરેલાં દ્વારવાળા ઓરડામાં વટાતાં કસ્તૂરી આદિ ગંધ દ્રવ્યોનાં પ્રવેશ નિર્ગમન થાય છે, તેથી ગંધ જેમ પૌદ્ગલિક છે તેમ શબ્દ પણ અત્યંત સઘન પ્રદેશમાં પ્રવેશ-નિર્ગમ કરી શકતો હોવાથી પૌદ્ગલિક છે. જો કહેશો કે તેમાં સૂક્ષ્મ છિદ્રનો સંભવ હોવાથી તેનું અત્યંત સઘનપણું નથી, માટે તેવા પ્રકારનાં ઓરડા આદિમાં ગંધ દ્રવ્યનો પ્રવેશ-નિર્ગમ થાય છે. પરંતુ સર્વથા છિદ્રરહિત પ્રદેશમાં ગંધનો પ્રવેશ-નિર્ગમ થઈ શકતો નથી. આમ કહેવું પણ ઠીક નથી. કેમ કે જેવી રીતે ગંધ દ્રવ્યનો પ્રવેશ-નિર્ગમ થાય છે અને રોકાય છે તેમ શબ્દનો પણ પ્રવેશ-નિર્ગમ થાય અને રોકાય છે, માટે તે બન્નેનું તુલ્યપણું હોવાથી ઉક્ત હેતુ વ્યભિચારી છે. (૩) ત્રીજો પણ હેતુ વિજળી અને ઉલ્કાપાત આદિની સાથે વ્યભિચારી હોવાથી અનૈકાન્તિક છે. વિજળી આદિના પૂર્વ અને પશ્ચાત્ અવયવો જોવામાં નહીં આવવા છતાં પણ તે પૌદ્ગલિક છે. તેમ શબ્દના પણ પૂર્વાપર અવયવો જોવામાં નહીં આવવા છતાં પણ તે પૌદ્ગલિક છે. (૪) ચોથો હેતુ ગંધ દ્રવ્યની સાથે વ્યભિચારી હોવાથી અસિદ્ધ છે. જેમ ગંધ દ્રવ્ય વિશેષ. સૂક્ષ્મરજ, ધૂમ આદિ દ્રવ્યો નાસિકામાં પ્રવેશ કરતાં નાસિકાના અગ્રભાગ ઉપર રહેલા શ્મશ્રુ આદિ દ્રવ્યાન્તરના પ્રેરક નહીં હોવા છતાં પણ તે ગંધ આદિ દ્રવ્યો જેમ પૌદ્ગલિક છે. તેમ શબ્દ પણ દ્રવ્યાન્તરનો પ્રેરક નહીં હોવા છતાં પણ પૌદ્ગલિક છે. વળી પાંચમો હેતુ પણ અસિદ્ધ છે. તે આ પ્રમાણેઃ- શબ્દ આકાશનો ગુણ નથી કેમ કે રૂપાદિના જેમ અમારી ઈંદ્રિયો દ્વારા પ્રત્યક્ષ છે. આ રીતે શબ્દનું પૌદ્ગલિકપણું સિદ્ધ થવાથી શબ્દ સામાન્ય વિશેષ ઉભયસ્વરૂપ છે.

(ટીકા) न च वाच्यम् आत्मन्यपौद्गलिकेऽपि कथं सामान्यविशेषात्मकत्वं निर्विवादमनुभूयत इति । यतः संसार्यात्मनः प्रतिप्रदेशमनन्तानन्तकर्मपरमाणुभिः सह वह्नितापितघनकुट्टितनिर्विभागपिण्डीभूतसूचीकलापवल्लोलीभावमापन्नस्य कथञ्चित् पौद्गलिकत्वाभ्यनुज्ञानादिति । यद्यपि स्याद्वादिनां पौद्गलिकमपौद्गलिकं च सर्वं वस्तु

सामान्यविशेषात्मकं, तथाप्यपौद्गलिकेषु धर्माधर्माकाशकालेषु तदात्मत्वमर्वाग्दृशां न तथाप्रतीतिविषयमायाति । पौद्गलिकेषु पुनस्तद् साध्यमानं तेषां सुश्रद्धानम् । इत्यप्रस्तुतमपि शब्दस्य पौद्गलिकत्वमत्र सामान्यविशेषात्मकत्वसाधनायोपन्यस्तमिति ।

(અનુવાદ)

આત્મામાં અપૌદ્ગલિકપણું હોવા છતાં પણ, સામાન્ય વિશેષ ઉભયરૂપ નિર્વિવાદ અનુભવમાં આવે છે. જેમ અગ્નિથી તપાવેલ અને ઘણથી કુટેલ અનેક સોયોનો સમૂહ વિભાગરહિત પિંડરૂપ થાય છે, તેમ આત્માના અસંખ્યાત પ્રદેશો સાથે અનંતાનંત કર્મપરમાણુઓનું ક્ષીરનીરની જેમ ઐક્ય થવાથી સંસારી આત્માનું કથંચિત્ પૌદ્ગલિકપણું કહેલું છે. જો કે સ્યાદ્વાદીઓને તો પૌદ્ગલિક અને અપૌદ્ગલિક સમસ્ત વસ્તુ સામાન્ય અને વિશેષ ઉભયાત્મક છે. તો પણ અલ્પજ્ઞોને ધર્મ,અધર્મ,આકાશ અને કાલરૂપ અપૌદ્ગલિક વસ્તુમાં સામાન્ય વિશેષ ઉભયરૂપ ઠીક રીતે સમજાતું નથી અને શબ્દ આદિ પૌદ્ગલિક વસ્તુમાં સામાન્ય વિશેષ ઉભય સ્વરૂપ સારી રીતે સમજાય એ દૃષ્ટિએ અહીં શબ્દમાં પૌદ્ગલિકત્વની ચિંતા અપ્રસ્તુત હોવા છતાં પણ તેનું નિરૂપણ કરવામાં આવ્યું છે. આ પ્રમાણે શબ્દમાં પૌદ્ગલિકત્વ સિદ્ધ થવાથી સામાન્ય વિશેષ ઉભયસ્વરૂપ પણ સિદ્ધ થાય છે.

(टीका) अत्रापि नित्यशब्दवादिसंमतः शब्दैकत्वैकान्तः, अनित्यशब्दवाद्यभिमतः शब्दानेकत्वैकान्तश्च प्राग्दर्शितदिशा प्रतिक्षेप्यः । अथवा वाच्यस्य घटादेरर्थस्य सामान्यविशेषात्मकत्वे तद्वाचकस्य ध्वनेरपि तत्त्वम् । शब्दार्थयोः कथञ्चित् तादात्म्याभ्युपगमात् । यदाहुर्भद्रबाहुस्वामिपादाः—

"अभिहाणं अभिहेयाउ होइ भिण्णं अभिण्णं च ।
खुरअग्गिमोयगुच्चारणम्मि जम्हा उ वयणसवणाणं ॥१॥
नवि छेओ नवि दाहो ण पूरणं तेण भिन्नं तु ।
जम्हा य मोयगुच्चारणम्मि तत्थेव पच्चओ होइ ॥२॥
न य होइ स अन्नत्थे तेण अभिन्नं तदत्थाओ ।"

एतेन—"विकल्पयोनयः शब्दाः विकल्पाः शब्दयोनयः
कार्यकारणता तेषां नार्थं शब्दाः स्पृशन्त्यपि" ॥

(टीका) इति प्रत्युक्तम् । "अर्थाभिधानप्रत्ययास्तुल्या नामधेया" इतिवचनात् शब्दस्य ह्येतदेव तत्त्वं यदभिधेयं याथात्म्येनासौ प्रतिपादयति । स च तत् तथा प्रतिपादयन् वाच्यस्वरूपपरिणामपरिणत एव वक्तुं शक्यः, नान्यथा, अतिप्रसङ्गात् । घटाभिधानकाले पटाद्यभिधानस्यापि प्राप्तेरिति ।

(અનુવાદ)

અહીં નિત્યશબ્દવાદી મીમાંસકમતના અનુસારે શબ્દ સર્વથા એકરૂપ છે અને અનિત્ય-શબ્દવાદી બૌદ્ધમતના અનુસારે શબ્દ સર્વથા અનેકરૂપ છે. આ બન્ને પક્ષોનું પૂર્વોક્ત યુક્તિદ્વારા ખંડન થાય છે. અથવા વાચ્યરૂપ ઘટાદિ પદાર્થનું સામાન્ય-વિશેષ ઉભયરૂપ સિદ્ધ થવાથી વાચક શબ્દમાં પણ સામાન્ય વિશેષ ઉભયરૂપ સિદ્ધ થાય છે. કેમ કે– શબ્દ (વાચક) અને અર્થ (વાચ્ય)નો કંથચિત્ તાદાત્મ્ય સંબંધ માનવામાં આવ્યો છે. ભદ્રબાહુસ્વામી કહે છે : 'વાચક (શબ્દ) વાચ્ય (અર્થ)થી ભિન્ન પણ છે અને અભિન્ન પણ છે. જેમ છુરી; અગ્નિ અને મોદકના ઉચ્ચારણથી વક્તાનું મુખ તથા શ્રોતાના કાન છેદાતા નથી. કે બળતા નથી, મોદક શબ્દથી મુખ ભરાઈ જતું નથી! વાચક (શબ્દ) વાચ્યથી કથંચિત્ ભિન્ન છે, અને મોદક શબ્દથી મોદકનું જ જ્ઞાન થાય છે. અગ્નિનું નહીં, માટે વાચક વાચ્યથી કંથચિત્ અભિન્ન છે. આ કથન દ્વારા "વિકલ્પથી શબ્દ ઉત્પન્ન થાય છે, અને શબ્દથી વિકલ્પ ઉત્પન્ન થાય છે, આ રીતે તે બન્નેનો કાર્યકારણભાવરૂપ સંબંધ છે. પરંતુ શબ્દો અર્થને સ્પર્શ કરતા નથી. અર્થાત્ શબ્દથી અર્થ (પદાર્થ) સર્વથા ભિન્ન છે." આવું અન્ય દર્શનકારનું કથન ખંડિત થાય છે. વળી અર્થ, શબ્દ અને જ્ઞાન એ પર્યાયવાચી શબ્દો છે. (દા.ત.) બાહ્ય જે પૃથુબુધ્નોદરાદિ આકારવાળા પદાર્થમાં ઘટનો વ્યવહાર થાય છે. અને તે ઘટ અર્થનો વાચક શબ્દ પણ ઘટ છે. તેવી રીતે તેના જ્ઞાનરૂપ પ્રત્યય પણ ઘટ છે. આથી શબ્દ અર્થ અને જ્ઞાનનું કથંચિત્ અભિન્નપણું છે. જ્યારે વાચક(શબ્દ)વાચ્ય(અર્થ)નું પ્રતિપાદન કરે છે. ત્યારે શબ્દ અર્થના પરિણામમાં પરિણત થઈને જ પ્રતિપાદન કરી શકે છે. જો શબ્દ અર્થના સ્વરૂપમાં પરિણત ન થતો હોય તો ઘટ શબ્દના ઉચ્ચારણથી પટાદિ અર્થની પણ પ્રતીતિ થવી જોઈએ! પરંતુ ઘટ શબ્દથી ઘટનું જ જ્ઞાન થાય છે. પટનું નહીં. તેથી સિદ્ધ થાય છે કે શબ્દ અને અર્થ કથંચિત્ ભિન્નાભિન્ન સ્વરૂપ છે.

(ટીકા) अथवा भङ्ग्यन्तरेण सकलं काव्यमिदं व्याख्यायते। वाच्यं वस्तु घटादिकम्। एकात्मकमेव एकस्वरूपमपि सत्, अनेकम् अनेकस्वरूपम्। अयमर्थः प्रमाता तावत् प्रमेयस्वरूपं लक्षणेन निश्चिनोति। तच्च सजातीयविजातीयव्यवच्छेदादात्मलाभं लभते। यथा घटस्य सजातीया मृन्मयपदार्थाः, विजातीयाश्च पटादयः। तेषां व्यवच्छेदस्तल्लक्षणम्। पृथुबुध्नोदराद्याकारः कम्बुग्रीवो जलधारणाऽऽहरणादिक्रियासमर्थः पदार्थविशेषो घट इत्युच्यते। तेषां च सजातीयविजातीयानां स्वरूपं तत्र बुद्ध्या आरोप्य व्यवच्छिद्यते। अन्यथा प्रतिनियततत्स्वरूपपरिच्छेदानुपपत्तेः। सर्वभावानां हि भावाभावात्मकं स्वरूपम्। एकान्तभावात्मकत्वे वस्तुनो वैश्वरूप्यं स्यात्। एकान्ताभावात्मकत्वे च निःस्वभावता स्यात्। तस्मात् स्वरूपेण सत्त्वात् पररूपेण चासत्त्वाद् भावाभावात्मकं वस्तु। यदाह—

"सर्वमस्ति स्वरूपेण पररूपेण नास्ति च।
अन्यथा सर्वसत्त्वं स्यात् स्वरूपस्याप्यसंभवः॥"

ततश्चैकस्मिन् घटे सर्वेषां घटव्यतिरिक्तपदार्थाननामभावरूपेण वृत्तेरनेकात्मकत्वं घटस्य सूपपादम्। एवं चैकस्मिन्नर्थे ज्ञाते सर्वेषामर्थानां ज्ञानम्। सर्वपदार्थपरिच्छेदमन्तरेण तन्निषेधात्मन एकस्य वस्तुनो विविक्ततया परिच्छेदासंभवात्। आगमोऽप्येवमेव व्यवस्थितः—

"जे एगं जाणइ से सव्वं जाणइ।
जे सव्वं जाणइ से एगं जाणइ॥"

तथा—"एको भावः सर्वथा येन दृष्टः।
सर्वे भावाः सर्वथा तेन दृष्टाः॥
सर्वे भावाः सर्वथा येन दृष्टाः।
एको भावः सर्वथा तेन दृष्टः॥

(અનુવાદ)

અથવા સંપૂર્ણ કાવ્યનો અર્થ બીજી રીતે પણ કરી શકાય, તે આ પ્રમાણેઃ-વાચ્ય એવા ઘટ આદિ પદાર્થો એકરૂપ હોઇને અનેકરૂપ છે અને અનેકરૂપ હોઇને એકરૂપ છે. ભાવ એ છે કે પ્રમાતા(આત્મા)પ્રત્યેક પદાર્થને લક્ષણવડે જાણે છે. તે લક્ષણ સજાતીય અને વિજાતીયની વ્યાવૃત્તિ સ્વરૂપ છે. જેમ ઘટના સજાતીય પદાર્થો માટીનાં બનેલાં પાત્રો અને ઘટના વિજાતીય પદાર્થો પટઆદિ, તેરૂપ સજાતીય અને વિજાતીય પદાર્થોનો વ્યવચ્છેદ, તે જ વસ્તુનું લક્ષણ છે. જેમ ઘણા મોટા પેટવાળો અને સાંકડા મોંઢાવાળો તથા પાણીનું ધારણ કરવું લાવવું તેરૂપ અર્થક્રિયામાં સમર્થ એવા પદાર્થવિશેષ ને ઘટશબ્દથી સંબોધાય છે. તેવા પ્રકારનું સજાતીય અને વિજાતીય પદાર્થોનું સ્વરૂપ બુદ્ધિમાં આરોપિત કરીને તેનો વ્યવચ્છેદ થાય છે. જો ઘટમાં સજાતીય અને વિજાતીય પદાર્થોની વ્યાવૃત્તિ કરવામાં ના આવે તો ઘટનું યથાર્થ જ્ઞાન થઇ શકતું નથી. આથી બધા પદાર્થો ભાવ અને અભાવ રૂપ છે. જો વસ્તુ સર્વથા ભાવરૂપ હોય તો એક જ વસ્તુ સર્વ વસ્તુ સ્વરૂપે બનવાથી કોઇપણ વસ્તુના નિયત સ્વરૂપનું જ્ઞાન થશે નહીં. તેમ વસ્તુ સર્વથા અભાવ રૂપ હોય તો પોતાનું જ સ્વરૂપ ગુમાવી બેસશે! માટે પ્રત્યેક વસ્તુ સ્વરૂપે સત્ અને પર-રૂપે અસત્ છે. તેથી પદાર્થનું ભાવાભાવ રૂપ સિદ્ધ થાય છે. દા.ત. ઘટ ઘટત્વરૂપે સત્ અને પટત્વરૂપે અસત્ હોવાથી ઘટનું ભાવાભાવરૂપ છે. કહ્યું પણ છે કે : સર્વવસ્તુ સ્વસ્વરૂપથી વિદ્યમાન છે અને પરરૂપથી અવિદ્યમાન છે. જો વસ્તુ સર્વથા ભાવરૂપ હોય તો એક વસ્તુના સદ્ભાવમાં સર્વવસ્તુનો સદ્ભાવ થઈ જશે અને સર્વ વસ્તુ સર્વથા અભાવ રૂપ હોય તો વસ્તુના સ્વરૂપનો જ અસંભવ થશે. માટે સર્વ પદાર્થો ભાવાભાવરૂપ છે. વળી એક ઘટમાં ઘટથી ભિન્ન સર્વે પદાર્થોનો અભાવ હોવાથી ઘટનું અનેક રૂપ સિદ્ધ થાય છે. આ પ્રકારે એક પદાર્થના જ્ઞાનથી સર્વે પદાર્થોનું જ્ઞાન થાય છે. કેમ કે સર્વ પદાર્થોનું જ્ઞાન થયા વિના અન્ય પદાર્થોથી વ્યાવૃત્ત (ભિન્ન) એક પદાર્થનું ભિન્નરૂપે જ્ઞાન થઈ શકતું નથી. આગમમાં પણ કહ્યું છે કે : 'જે એકને જાણે છે, તે સર્વને જાણે છે, જે સર્વને જાણે છે, તે એકને જાણે છે.' એક પદાર્થ ને જેણે સર્વ પ્રકારે જાણ્યો તેણે સર્વ પદાર્થોને સર્વપ્રકારે જાણ્યા. જેણે સર્વપદાર્થોને સર્વપ્રકારે જાણ્યા તેણે એક પદાર્થને સર્વપ્રકારે જાણ્યો.

(टीका) ये तु सौगताः परासत्त्वं नाङ्गीकुर्वते तेषां घटादेः सर्वात्मकत्वप्रसङ्गः। तथाहि। यथा घटस्य स्वरूपादिना सत्त्वं, तथा यदि पररूपादिनापि स्यात्, तथा च सति स्वरूपादिसत्त्ववत् पररूपादिसत्त्वप्रसक्तेः कथं न सर्वात्मकत्वं भवेत्। परासत्त्वेन तु प्रतिनियतोऽसौ सिद्ध्यति। अथ न नाम नास्ति परासत्त्वं, किन्तु स्वसत्त्वमेव तदिति चेद् अहो वैदग्धी। न खलु यदेव सत्त्वं तदेवासत्त्वं भवितुमर्हति। विधिप्रतिषेधरूपतया विरुद्धधर्माध्यासेनानयोरैक्यायोगात्। अथ युष्मत्पक्षेऽप्येवं विरोधस्तदवस्थ एवेति चेद् अहो वाचाटता देवानांप्रियस्य। न हि वयं येनैव प्रकारेण सत्त्वं, तेनैवासत्त्वं, येनैव चासत्त्वं तेनैव सत्त्वमभ्युपेमः। किन्तु स्वरूपद्रव्यक्षेत्रकालभावैः सत्त्वं. पररूपद्रव्यक्षेत्रकालभावैस्त्वसत्त्वम्। तदा क्व विरोधावकाशः।

(અનુવાદ)

વળી, બૌદ્ધ દર્શન વસ્તુને પરરૂપે અસત્ માનતું નથી, તે દર્શનમાં એક ઘટાદિ પદાર્થ જ સર્વવસ્તુ-સ્વરૂપ બની જશે! કેમ કે જો ઘટ સ્વરૂપે સત્ છે. તેમ પરરૂપે પણ સત્ હોય તો ઘટ કોઈ પણ રૂપે અસત્ નથી તેમ થયું. તેથી પટાદિ પરવસ્તુ-રૂપે પણ સત્ કેમ નહીં થાય? અર્થાત્ એક જ ઘટાદિ પદાર્થ સર્વવસ્તુ સ્વરૂપ બની જશે માટે વસ્તુને પરરૂપે અસત્ માનવાથી જ પ્રતિનિયત પદાર્થનું સ્વરૂપ નિશ્ચિત થાય છે. જો સ્વસત્ત્વને જ પરનાં અસત્વ રૂપે માનવામાં આવે તો તે પણ ઠીક નથી. કેમ કે જ્યાં વિધિ અને નિષેધ બે વિરોધી ધર્મ હોય ત્યાં ઐક્યનો સંભવ હોતો નથી.

શંકાઃ તમારા પક્ષમાં (જૈનમતમાં) પણ એક જ સ્થળમાં વિધિ અને પ્રતિષેધ, બે વિરુદ્ધ ધર્મો સ્વીકારવામાં આવે છે ને? તેથી તમારા મતમાં પણ વિરોધ આવશે.

સમાધાન :- ખરેખર હે દેવાનાંપ્રિય! તમારી વાચાળતા આશ્ચર્યકારી છે. કેમ કે અમે જે પ્રકારે સત્ છે તે પ્રકારે અસત્ અને જે પ્રકારે અસત્ છે. તે પ્રકારે સત્રૂપ સ્વીકારતા નથી, પરંતુ પ્રત્યેક વસ્તુ પોતાનાં દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવની અપેક્ષાએ સત્ છે, અને પર વસ્તુના દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવની અપેક્ષાએ અસત્ છે. એમ માનીએ છીએ. તેથી અમારા મતમાં વિરોધને કોઈ સ્થાન નથી.

(टीका) यौगास्तु प्रगल्भन्ते सर्वथा पृथग्भूतपरस्परामावाभ्युपगममात्रेणैव पदार्थप्रतिनियमसिद्धेः, किं तेषामसत्त्वात्मकत्वकल्पनया इति। तदसत्। यदा हि पटाद्यभावरूपो घटो न भवति, तदा घटः पटादिरेव स्यात्। यथा च घटाभावाद् भिन्नत्वाद् घटस्य घटरूपता, तथा पटादेरपि स्यात्, घटाभावाद् भिन्नत्वादेव। इत्यलं विस्तरेण।

(અનુવાદ)

શંકા :- પદાર્થથી સર્વથા ભિન્ન પરસ્પરનો અભાવ માનવાથી જ પદાર્થના નિયત સ્વરૂપની પ્રતીતિ થાય છે, પદાર્થનું અભાવસ્વરૂપ માનવાની કંઈ આવશ્યકતા નથી.

સમાધાન :- એ ઠીક નથી, કેમ કે પદાર્થોને જો પરરૂપે અસત્ માનવામાં ના આવે તો પટ આદિના અભાવરૂપ ઘટ નહીં થાય, તેથી ઘટ પણ પટાદિ સ્વરૂપ બની જશે. જેમ ઘટ ઘટાભાવથી ભિન્ન હોવાના કારણે ઘટની ઘટરૂપતા છે, તેમ પટ પણ ઘટભાવથી ભિન્ન હોવાના કારણે ઘટરૂપ કહેવાશે. કહેવાનો ભાવ એ છે કે : વૈશેષિકો પદાર્થના સ્વરૂપની પ્રતીતિના કારણરૂપ અન્યોન્યાભાવ માને છે. તે અન્યોન્યાભાવ સ્વયં પદાર્થથી સર્વથા ભિન્ન છે, તેથી તેમના મતે જ્યાં ઘટનો અભાવ હોતો નથી ત્યાં જ ઘટનો નિશ્ચય થાય છે. પરંતુ એ માન્યતા ઠીક નથી, કેમ કે ઘટ ઘટના અભાવથી ભિન્ન હોવાથી ઘટમાં ઘટરૂપતા છે, તેવી રીતે ઘટના અભાવથી ભિન્ન પટમાં પણ ઘટરૂપતા આવશે. પરંતુ પટ ઘટસ્વરૂપ હોતો નથી. માટે સિદ્ધ થાય છે કે ઘટમાં ઘટથી ભિન્ન પટાદિ પદાર્થોનો અભાવ હોવાથી જ ઘટનું ઘટ રૂપે જ્ઞાન થાય છે. પરંતુ પટરૂપે થતું નથી આ ચર્ચાનો અતિ વિસ્તાર કરવાથી સર્યું.

(ટીકા) एवं वाचकमपि शब्दरूपं द्वयात्मकम् । एकात्मकमपि सदनेकमित्यर्थः । अर्थोक्तन्यायेन शब्दस्यापि भावाभावात्मकत्वात् । अथवा एकविषयस्यापि वाचकस्यानेकविषयत्वोपपत्तेः । यथा किल घटशब्दः संकेतवशात् पृथुबुध्नोदराद्याकारवति पदार्थे प्रवर्तते वाचकतया, तथा देशकालाद्यपेक्षया तद्वशादेव पदार्थान्तरेष्वपि तथा वर्तमानः केन वार्यते । भवन्ति हि वक्तारो योगिनः शरीरं प्रति घट इति । संकेतानाम् पुरुषेच्छाधीनतयाऽनियतत्वात् । यथा चौरशब्दोऽन्यत्र तस्करे रूढोऽपि दाक्षिणात्यानामोदने प्रसिद्धः । यथा च कुमारशब्दः पूर्वदेशे आश्विनमासे रूढः । एवं कर्कटीशब्दादयोऽपि तत्तद्देशापेक्षया योन्यादिवाचका ज्ञेयाः । कालापेक्षया पुनर्यथा जैनानां प्रायश्चित्तविधौ धृतिश्रद्धासंहननादिमति प्राचीनकाले षड्गुरुशब्देन शतमशीत्यधिकमुपवासानामुच्यते स्म, साम्प्रतकाले तु तद्विपरीते तेनैव षड्गुरुशब्देन उपवासत्रयमेव सङ्कल्प्यते, जीतकल्पव्यवहारानुसारात् । शास्त्रापेक्षया तु यथा पुराणेषु द्वादशीशब्देनैकादशी । त्रिपुराणर्वे च अलिशब्देन मदिराभिषक्ताम्रं च मैथुनशब्देन मधुसर्पिषोर्ग्रहणम् इत्यादि ॥

(અનુવાદ)

આ પ્રમાણે વાચ્યની જેમ શબ્દરૂપ વાચક પણ એક અનેક સ્વરૂપ હોવાથી ઉભયાત્મક છે. જેમ પદાર્થ ભાવાભાવસ્વરૂપ છે, તેમ શબ્દ પણ ભાવ-અભાવ ઉભય સ્વરૂપ છે. અથવા તો એક પદાર્થનો વાચક શબ્દ અનેક પદાર્થોનો વાચક હોઈ શકે છે. જેમ ઘણા મોટા પેટવાળા પદાર્થમાં વક્તાના સંકેતથી ઘટ શબ્દનો વ્યવહાર થાય છે તેમ વક્તાઓ યોગીપુરુષોનાં શરીર માટે પણ ઘટ શબ્દનો વ્યવહાર કરે છે. આથી દેશ કાલાદિકની

અપેક્ષાએ સંકેત વશે અન્ય પદાર્થોમાં પણ તેવા તેવા શબ્દનો વ્યવહાર થાય છે. સંકેતો પુરુષ-ઇચ્છાને આધીન હોવાથી સંકેતોનું અનિયતપણું હોય છે. જેમ ચોર શબ્દનો સાધારણ અર્થ ચોર થાય છે ત્યારે દક્ષિણ દેશમાં ચોર શબ્દનો અર્થ ચોખા થાય છે. કુમાર શબ્દનો અર્થ યુવરાજ હોવા છતાં પણ પૂર્વદેશમાં તેજ કુમાર શબ્દનો અર્થ આસો માસ થાય છે. કર્કટી આદિ શબ્દોના અર્થ કાકડી આદિ થાય છે, પરંતુ તે તે દેશની અપેક્ષાએ યોનિ આદિ પણ અર્થો થાય છે. તેવી રીતે જૈનાગમોમાં શ્રુતકલ્પવ્યવહાર નામનાં સૂત્રના આધારે કાળની અપેક્ષાએ પ્રાયશ્ચિત્ત વિધિમાં સમ્યગ્ ધૈર્ય, પ્રબળ શ્રદ્ધા અને સુદૃઢ સંઘયણવાળા પ્રાચીન કાળમાં 'ષડ્ગુરુ' શબ્દનો અર્થ એકસો એંશી ઉપવાસ કરાતો હતો જ્યારે વર્તમાન કાળમાં તે જ 'ષડ્ગુરુ' શબ્દનો અર્થ ત્રણ ઉપવાસ કરાય છે. પુરાણોમાં પણ 'દ્વાદશી' શબ્દનો અર્થ 'એકાદશી' થાય છે. અને શાક્ત લોકના ત્રિપુરાર્ણવ નામના ગ્રન્થમાં 'અલિ' શબ્દનો અર્થ 'મદિરાભિષક્તાન્ન' અને મૈથુન શબ્દનો અર્થ 'મધ' તથા 'ઘી' કરાય છે. આ રીતે એક શબ્દના અનેક અર્થો થાય છે.

(ટીકા) न चैवं सङ्केतस्यैवार्थप्रत्यायने प्राधान्यम्। स्वाभाविकसामर्थ्यसाचिव्यादेव तत्र तस्य प्रवृत्तेः सर्वशब्दानां सर्वार्थप्रत्यायनशक्तियुक्तत्वात्। यत्र च देशकालादौ यदर्थप्रतिपादनशक्तिसहकारी संकेतस्तत्र तमर्थं प्रतिपादयति। तथा च निर्जितदुर्जयपरप्रवादाः श्रीदेवसूरिपादाः— "स्वाभाविकसामर्थ्यसमयाभ्यामर्थबोधनिबन्धनं शब्दः।" अत्र शक्तिपदार्थसमर्थनं ग्रन्थान्तरादवसेयम्। अतोऽन्यथेत्यादि उत्तरार्द्धं पूर्ववत्। प्रतिभाप्रमादस्तु तेषां सदसदेकान्ते वाच्यस्य प्रतिनियतार्थविषयत्वे च वाचकस्य उक्तयुक्त्या दोषसद्भावाद् व्यवहारानुपपत्तेः। तदयं समुदायार्थः। सामान्यविशेषात्मकस्य, भावाभावात्मकस्य च वस्तुनः सामान्यविशेषात्मको, भावाभावात्मकश्च ध्वनिर्वाचक इति। अन्यथा प्रकारान्तरैः पुनर्वाच्यवाचकभावव्यवस्थामातिष्ठमानानां वादिनां प्रतिभैव प्रमाद्यति, न तु तद्घटितयो युक्तिस्पर्शमात्रमपि सहन्ते।

(અનુવાદ)

આમ સંકેત માત્રથી અર્થનું જ્ઞાન થતું નથી કેમ કે સર્વ શબ્દોમાં સર્વ અર્થને જણાવનારી સ્વાભાવિક શક્તિ હોવાથી સર્વ અર્થોમાં શબ્દની પ્રવૃત્તિ થાય છે અને સંકેતતો કેવલ દેશ-કાળની અપેક્ષાએ અર્થને જણાવવામાં સહકારી થાય છે. દુર્જય પરવાદ વિજેતા શ્રી દેવસૂરિજીએ કહ્યું છે કે: શબ્દ સ્વાભાવિક શક્તિ અને સંકેતથી અર્થને જણાવે છે. શક્તિ પદાર્થનું સમર્થન સ્યાદ્વાદરત્નાકર વગેરે ગ્રંથોમાંથી જાણી લેવું. આ રીતે સામાન્ય-વિશેષ ઉભયરૂપ અને ભાવ તથા અભાવરૂપ શબ્દથી સામાન્યવિશેષ ઉભયરૂપ તથા ભાવાભાવરૂપ અર્થનું જ્ઞાન થાય છે. આથી એકાન્તે શબ્દને અને એકાન્તે અર્થને ભિન્ન અથવા અભિન્ન, નિત્ય અથવા અનિત્ય માનવાવાળા પરવાદીઓની પ્રતિભા માત્ર પ્રમાદ પામે છે! તેઓના કથનમાં યુક્તિનો સ્પર્શ પણ નથી.

(टीका) कानि तानि वाच्यवाचकभावप्रकारान्तराणि परवादिनामिति चेत्, एते ब्रूमः। अपोह एव शब्दार्थ इत्येके। "अपोहः शब्दलिङ्गाभ्यां न वस्तु विधिनोच्यते" इति वचनात्। अपरे सामान्यमात्रमेव शब्दानां गोचरः। तस्यः क्वचित् प्रतिपन्नस्य, एकरूपतया सर्वत्र संकेतविषयतोपपत्तेः। न पुनर्विशेषाः। तेषामानन्त्यतः कात्स्न्र्येनोपलब्धुमशक्यतया तद्विषयतानुपपत्तेः। विधिवादिनस्तु विधिरेव वाक्यार्थः, अप्रवृत्तप्रवर्तनस्वभावत्वात् तस्येत्याचक्षते। विधिरपि तत्तद्वादिविप्रतिपत्त्यानेकप्रकारः। तथाहि। वाक्यरूपः शब्द एव प्रवर्तकत्वाद् विधिरित्येके। तद्व्यापारो भावनापरपर्यायो विधिरित्यन्ये। नियोग इत्यपरे। प्रैषादय इत्येके। तिरस्कृततदुपाधिप्रवर्तनामात्रमित्यन्ये। एवं फलतदभिलाषकर्मादयोऽपि वाच्याः। एतेषां निराकरणं सपूर्वोत्तरपक्षं न्यायकुमुदचन्द्रादवसेयम्॥ इति काव्यार्थः॥ १४॥

(અનુવાદ)

હવે પરવાદી-સંમત વાચ્ય-વાચકભાવના પ્રકારોનું અમો સંક્ષિપ્ત નિરૂપણ કરીએ છીએ. બૌદ્ધ દર્શન અપોહ(અતદ્વ્યાવૃત્તિ)રૂપ અર્થને માને છે, કહ્યું પણ છે કે : શબ્દ અને લિંગવડે અતદ્વ્યાવૃત્તિરૂપ અપોહ અર્થનું પ્રતિપાદન થાય છે. જેમ ગો શબ્દથી અગોવ્યાવૃત્તિરૂપ અર્થનું જ્ઞાન થાય છે ઇત્યાદિ કોઇ કહે છે શબ્દનો વિષય સામાન્ય (જાતિ) જ છે. કેમ કે જાતિવડે કોઇપણ સ્થાનમાં રહેલા સર્વે પદાર્થોમાં સંકેતની પ્રાપ્તિ થાય છે. વિશેષો અનંત હોવાથી એક શબ્દથી સંપૂર્ણ રીતે સર્વ પદાર્થોની પ્રતીતિ થઈ શકતી નથી. જેમ ઘટ શબ્દ બોલવાથી કોઇપણ સ્થાનમાં રહેલી સમસ્ત ઘટ જાતિનું જ્ઞાન થાય છે. જો શબ્દનો વિષય જાતિ ના હોય તો એક વિવક્ષિત ઘટનું જ જ્ઞાન થાય, પરંતુ સર્વદેશીય અને સર્વકાલીય ઘટનુ જ્ઞાન થઈ શકે નહીં, માટે જ શબ્દનો વિષય જાતિ છે. વિધિ-વાદી કહે છે : શબ્દનો અર્થ વિધિરૂપ છે, કેમ કે શબ્દ દ્વારા અપ્રવૃત્ત વસ્તુમાં મનુષ્યોની પ્રવૃત્તિ થાય છે. પ્રવૃત્તિને અનુકૂલ વ્યાપાર વિધિ કહેવાય છે. વિધિના 'પ્રેરણા' 'પ્રવર્તન' આદિ પર્યાયવાચી શબ્દો છે. તે વિધિ પણ જુદા જુદા વાદીના વિવાદો મુજબ અનેક પ્રકારની છે. સામાન્યથી વિધિ લૌકિક, અને વૈદિક, એમ બે પ્રકારે છે. કોઇ વિધિવાદી શબ્દ પ્રવર્તક હોવાથી વાકયરૂપ શબ્દને જ વિધિ કહે છે. જેમ 'સ્વર્ગની ઇચ્છાવાળાએ અગ્નિહોત્ર કરવો જોઇએ' કોઇ વિધિવાદી વાકયથી ઉત્પન્ન થયેલ વ્યાપાર(ભાવના)ને વિધિ કહે છે. પુરુષની પ્રવૃત્તિને અનુકૂલ પ્રવર્તનરૂપ વ્યાપાર, તેને ભાવના કહે છે. તે ભાવના શબ્દ અને અર્થના ભેદથી બે પ્રકારે છે, જેમ 'સ્વર્ગની ઇચ્છાવાળાએ યજ્ઞ કરવો જોઇએ' ઇત્યાદિ વાકયોમાં વિધિરૂપ શબ્દના વ્યાપારને શબ્દ ભાવના કહે છે અને તે શબ્દના વ્યાપારથી યાજ્ઞિક પુરુષોની પ્રવૃત્તિને અર્થ ભાવના કહે છે. ભટ્ટ-મીમાંસકો ભાવનાને વિધિરૂપે સ્વીકારે છે. અને પ્રાભાકરો નિયોગને વિધિરૂપે માને છે. જેના દ્વારા યજ્ઞમાં નિયુક્ત કરાય તેને નિયોગ કહે છે. અને તે નિયોગ ૧૧ પ્રકારના છે. કોઇ પ્રેરણા આદિને તો કોઈ તિરસ્કાર પૂર્વકની પ્રેરણાને વિધિરૂપે સ્વીકારે છે. આમ વિધિવાદી ફલ, તેની અભિલાષા અને કર્મ આદિ ભિન્ન ભિન્ન સ્વરૂપે વિધિને સ્વીકારે છે. આ બધા મતોનું નિરૂપણ અને ખંડન પ્રભાચંદ્રકૃત 'ન્યાયકુમુદચંદ્ર' નામના ગ્રંથમાંથી જાણી લેવું

अवतरण

इदानीं साङ्ख्याभिमतप्रकृतिपुरुषादितत्त्वानां विरोधावरुद्धत्वं ख्यापयन् तद्बालिशताविलसितानामपरिमितत्वं दर्शयति–

અવતરણ

હવે સ્તુતિકાર સાંખ્યદર્શનને અભિમત પ્રકૃતિ, પુરુષ આદિ તત્ત્વોનું વિરોધીપણું દેખાડતા, તેઓની મૂર્ખતાભરી ચેષ્ટાઓનું અપરિમિતપણું દર્શાવતા કહે છે કે :

चिदार्थशून्या च जडा बुद्धिः शब्दादितन्मात्रजमम्बरादि ।
न बन्धमोक्षौ पुरुषस्य चेति कियज्जडैर्न ग्रथितं विरोधि ॥१५॥

મૂલ-અર્થ : સ્વયં ચેતના-શક્તિ પદાર્થને જાણતી નથી, કેમ કે પદાર્થને જાણવાનું કાર્ય બુદ્ધિનું છે; અને તે બુદ્ધિ પ્રકૃતિનો ધર્મ છે તેથી, બુદ્ધિ જડરૂપ છે. શબ્દ, ગંધ, રસ, રૂપ અને સ્પર્શ, આ પાંચ તન્માત્રાથી અનુક્રમે આકાશ, પૃથ્વી, જલ, અગ્નિ અને વાયુ આ પાંચ ભૂત ઉત્પન્ન થાય છે. પુરુષ(આત્મા)નો બંધ અને મોક્ષ થતો નથી. આવા પ્રકારનાં કેટલાંયે વિરોધી તત્ત્વોનું તત્ત્વજ્ઞાનશૂન્ય સાંખ્યદર્શનકારે પોતાના ગ્રન્થોમાં પ્રતિપાદન કરેલું છે.

(टीका) चित्–चैतन्यशक्तिः, आत्मस्वरूपभूता । अर्थशून्या–विषयपरिच्छेदविरहिता । अर्थाध्यवसायस्य बुद्धिव्यापारत्वाद् इत्येका कल्पना । बुद्धिश्च महत्तत्त्वाख्या । जडा अनवबोधत्वरूपा इति द्वितीया । अम्बरादि–व्योमप्रभृतिभूतपञ्चकं शब्दादितन्मात्रजम्–शब्दादीनि यानि पञ्च तन्मात्राणि सूक्ष्मसंज्ञानि, तेभ्यो जातमुत्पन्नं, शब्दादितन्मात्रजम् इति तृतीया । अत्र चशब्दो गम्यः । पुरुषस्य च प्रकृतिविकृत्यनात्मकस्यात्मनो न बन्धमोक्षौ, किन्तु प्रकृतेरेव । तथा च कापिलाः—

"तस्मान्न बध्यते नापि मुच्यते नापि संसरति कश्चित् ।
संसरति बध्यते मुच्यते च नानाश्रया प्रकृतिः" ॥

(टीका) तत्र बन्धः–प्राकृतिकादिः । मोक्षः पञ्चविंशतितत्त्वज्ञानपूर्वकोऽपवर्गः इति चतुर्थी । इति शब्दस्य प्रकारार्थत्वाद्–एवंप्रकारमन्यदपि विरोधीति विरुद्धं, पूर्वापरविरोधादिदोषाघ्रातम् । जडैः–मूर्खैः, तत्त्वावबोधविधुरधीभिः कापिलैः । कियन्न ग्रथितं–कियद् न स्वशास्त्रेषूपनिबद्धम् । कियदित्यसूयागर्भम् । तत्प्ररूपितविरुद्धार्थानामानन्त्येनेयत्तानवधारणात् । इति संक्षेपार्थः ।

(અનુવાદ)

(૧) આત્મસ્વરૂપ ચૈતન્યશક્તિ પદાર્થનું જ્ઞાન કરતી નથી, કેમ કે બુદ્ધિથી પદાર્થનું જ્ઞાન થાય છે. (૨) મહત્તત્ત્વરૂપ બુદ્ધિ જડ છે. (૩) આકાશ આદિ પાંચ ભૂત શબ્દ આદિ પાંચ તન્માત્રથી ઉત્પન્ન થાય છે. (૪) પ્રકૃતિ અને વિકૃતિથી ભિન્ન એવા પુરુષનો બંધ અને મોક્ષ થતો નથી. પરંતુ પ્રકૃતિનો જ બંધ અને મોક્ષ થાય છે. તથા સાંખ્ય દર્શનના પ્રણેતા કપિલ ઋષિના અનુયાયીઓએ કહ્યું છે કે : કોઇ બંધાતો નથી, કોઇ મૂકાતો નથી, તેમ જ કોઈ સંસારમાં પરિભ્રમણ કરતો નથી. પરંતુ વિવિધ આશ્રયવાળો પ્રકૃતિ જ બંધાય છે. મૂકાય છે, અને સંસારમાં પરિભ્રમણ કરે છે. ત્યાં પ્રકૃતિ સંબંધી બંધ છે અને ૨૫ તત્ત્વોના જ્ઞાનથી મોક્ષ થાય છે. આવા પૂર્વાપર વિરોધ આદિ દોષોથી ગ્રસ્ત કેટલાંયે તત્ત્વોનું તત્ત્વજ્ઞાનશૂન્ય સાંખ્યમત વાળાઓએ પોતાનાં શાસ્ત્રોમાં નિરૂપણ કરેલું છે.

(टीका) व्यासार्थस्त्वयम् । साङ्ख्यमते किल दुःखत्रयाभिहतस्य पुरुषस्य तदपघातहेतुतत्त्वजिज्ञासा उत्पद्यते । आध्यात्मिकमाधिदैविकमाधिभौतिकं चेति दुःखत्रयम् । तत्राध्यात्मिकं द्विविधम् शारीरं मानसं च । शारीरं वातापित्तश्लेष्मणां वैषम्यनिमित्तम् । मानसं कामक्रोधलोभमोहेर्ष्याविषयादर्शननिबन्धनम् । सर्वं चैतदान्तरोपायसाध्यत्वादाध्यात्मिकं दुःखम् । बाह्योपायसाध्यं दुःखं द्वेधा आधिभौतिकमाधिदैविकं चेति । तत्राधिभौतिकं मानुषपशुपक्षिमृगसरीसृपस्थावरनिमित्तम् । आधिदैविकं यक्षराक्षसग्रहाद्यावेशहेतुकम् । अनेन दुःखत्रयेण रजःपरिणामभेदेन बुद्धिवर्तिना चेतनाशक्तेः प्रतिकूलतया अभिसंबन्धः अभिघातः ।

(અનુવાદ)

વિસ્તરાર્થ : સાંખ્યમતમાં આધ્યાત્મિક; આધિદૈવિક અને આધિભૌતિક આ ત્રણ દુઃખોથી પીડિત પુરુષને, તે દુઃખોનો નાશ કરવાના કારણરૂપ તત્ત્વજ્ઞાનની જિજ્ઞાસા ઉત્પન્ન થાય છે. તેમાં આધ્યાત્મિક દુઃખ શરીરસંબંધી અને મનસંબંધી એમ બે પ્રકારે છે. તેમાં વાયુ, પિત્ત, શ્લેષ્મ, આ ત્રણ દોષોની વિષમતાથી ઉત્પન્ન થયેલું દુઃખ શારીરિક દુઃખ કહેવાય છે. તેમ જ કામ, ક્રોધ, લોભ, મોહ, ઈર્ષ્યા અને વિષયોની અપ્રાપ્તિથી ઉત્પન્ન થવાવાળું દુઃખ માનસિક દુઃખ કહેવાય છે. શારીરિક અને માનસિક દુઃખનું અભ્યન્તરકારણ મન છે, તેથી તે બન્ને પ્રકારનાં દુઃખને આધ્યાત્મિક દુઃખ કહે છે. આધિદૈવિક અને આધિભૌતિક દુઃખ બાહ્યકારણોથી ઉત્પન્ન થાય છે. મનુષ્ય, પશુ, પક્ષી, મૃગ, સર્પ સ્થાવર આદિથી ઉત્પન્ન થવાવાળું દુઃખ આધિભૌતિક દુઃખ કહેવાય છે, અને યક્ષ, રાક્ષસ, ગ્રહ આદિથી ઉત્પન્ન થનારૂં દુઃખ આધિદૈવિક દુઃખ કહેવાય છે, આ ત્રણ પ્રકારનાં દુઃખો રજોગુણથી બુદ્ધિમાં ઉત્પન્ન થાય છે. જ્યારે એ દુઃખનો ચેતના શક્તિની સાથે વિપરીત સંબંધ થાય છે, ત્યારે ચેતનાશક્તિનો અભિઘાત થાય છે.

(टीका) तत्त्वानि पञ्चविंशतिः। तद्यथा अव्यक्तम् एकम्। महदहङ्कारपंचतन्मात्रैकादशेन्द्रियपञ्चमहाभूतभेदात् त्रयोविंशतिविधं व्यक्तम्। पुरुषश्चिद्रूप इति। तथा च ईश्वरकृष्णः—

"मूलप्रकृतिरविकृतिर्महदाद्याः प्रकृतिविकृतयः सप्त।
षोडशकश्च विकारो न प्रकृतिर्न विकृतिः पुरुषः" ॥

(अनुवाद)

सांख्य दर्शनमां पच्चीस तत्त्वो छे. ते आ प्रमाणे (१) पुरुष, (२) अव्यक्त, (३) महत् (बुद्धि), (४) अहंकार, ५-६-७-८-९ शब्द, स्पर्श, रूप. रस अने गंध એ પાંચ તન્માત્ર! ૧૦-૧૧-૧૨-૧૩-૧૪ ઘ્રાણ, રસના, ચક્ષુ; સ્પર્શ અને શ્રોત્ર એ પાંચ જ્ઞાનેંદ્રિયો, ૧૫-૧૬-૧૭-૧૮-૧૯ વાક્ (વચન), પાણિ (હાથ), પાદ (પગ), પાયુ (ગુદા),ઉપસ્થ (લિંગ) આ પાંચ કર્મેંદ્રિય, ૨૦-૨૧-૨૨-૨૩-૨૪ આકાશ, વાયુ, અગ્નિ, જલ અને પૃથ્વી એ પાંચ મહાભૂત, ૨૫ મું મન આ પચ્ચીશ તત્ત્વોમાં એક પ્રકૃતિ (પ્રધાન) એ અવ્યક્ત છે. અને પુરુષ (આત્મા) ચિદ્રૂપ છે. બાકીનાં તેવીશ તત્ત્વો વ્યક્ત છે. તેમજ સાંખ્યકારિકામાં ઈશ્વરકૃષ્ણ કહે છે કે : પચ્ચીસ તત્ત્વોનાં મૂલકારણરૂપ પ્રકૃતિ સ્વયં અવિકારી છે. મહત્ (બુદ્ધિ) અહંકાર અને પાંચ તન્માત્ર એ પ્રકૃતિ (કારણ) અને વિકૃતિ (કાર્ય) છે. તે આ પ્રમાણે : મહત્તત્વ એ અહંકારની પ્રકૃતિ છે અને મૂલ પ્રકૃતિની વિકૃતિ છે. અહંકાર પાંચ તન્માત્ર અને પાંચ જ્ઞાનેંદ્રિયને ઉત્પન્ન કરનાર હોવાથી પ્રકૃતિ છે. અને મહત્ (બુદ્ધિ)ની વિકૃતિ છે. પાંચ તન્માત્ર પાંચ ભૂતને ઉત્પન્ન કરનાર હોવાથી તેની પ્રકૃતિ છે. અને અહંકારની વિકૃતિ છે. તેમજ પાંચ જ્ઞાનેંદ્રિય અને પાંચ કર્મેન્દ્રિય તથા મન. આ અગીઆર ઇંદ્રિયો અને પાંચ મહાભૂત એ સોળ તત્ત્વો વિકૃતિરૂપ છે. પુરુષ (આત્મા) પ્રકૃતિ અને વિકૃતિથી રહિત છે.

(टीका) प्रीत्यप्रीतिविषादात्मकानां लाघवोपष्टम्भगौरवधर्माणां परस्परोपकारिणां त्रयाणां गुणानां सत्त्वरजस्तमसां साम्यावस्था प्रकृतिः। प्रधानमव्यक्तमित्यनर्थान्तरम्। तच्च अनादिमध्यान्तमनवयवं साधारणमशब्दमस्पर्शमरूपमगन्धमव्ययम्। प्रधानाद् बुद्धिर्महदित्यपरपर्यायोत्पद्यते। योऽयमध्यवसायो गवादिषु प्रतिपत्तिः एवमेतद् नान्यथा. गौरेवायं नाश्वः, स्थाणुरेष नायं पुरुष इत्येषा बुद्धिः। तस्यास्त्वष्टौ रूपाणि धर्मज्ञानवैराग्यैश्वर्यरूपाणि चत्वारि सात्त्विकानि। अधर्मादीनि तु तत्प्रतिपक्षभूतानि चत्वारि तामसानि।

(अनुवाद)

પરસ્પર ઉપકાર કરવાવાળા પ્રીતિ અને લાઘવરૂપ સત્ત્વ, અપ્રીતિ અને ઉપષ્ટંભરૂપ રજ વિષાદ અને ગૌરવરૂપ તમ, ઇત્યાકારક સત્ત્વ, રજસ્ અને તમોગુણની સામ્યાવસ્થા તે પ્રકૃતિ કહેવાય, પ્રધાન કહેવાય અથવા અવ્યક્ત કહેવાય. તે પ્રધાન અથવા પ્રકૃતિ આદિ, મધ્ય, અન્ત, અને અવયવ રહિત છે. તેમજ સાધારણ છે. વળી તે પ્રકૃતિ

શબ્દ, સ્પર્શ, રૂપ અને ગંધથી રહિત છે. તથા અવિનાશી છે. પ્રકૃતિથી બુદ્ધિ (મહત્)-તત્ત્વ ઉત્પન્ન થાય છે. ગવાદિને વિષે 'આ ગાય છે, અશ્વ નથી' તથા પુરૂષ જ છે, પરંતુ સ્થાણુ નથી' ઈત્યાકારક વસ્તુના નિશ્ચયાત્મક જ્ઞાનને બુદ્ધિ કહે છે. તે બુદ્ધિનાં ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ઐશ્વર્ય, અધર્મ, અજ્ઞાન, અવૈરાગ્ય અને અનૈશ્વર્ય આ આઠ ગુણો છે. તે પૈકીના ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ઐશ્વર્ય, આ ચાર ગુણો સાત્ત્વિક ભાવના છે. અને અધર્મ, અજ્ઞાન, અવૈરાગ્ય અને અનૈશ્વર્ય એ ચાર ગુણો તામસ ભાવના છે.

(ટીકા) बुद्धेः अहङ्कारः। स न अभिमानात्मकः। अहं शब्देऽहं स्पर्शेऽहं रूपेऽहं गन्धेऽहं रसेऽहं स्वामी अहमीश्वरः असौ मया हतः ससत्त्वोऽहममुं हनिष्यामीत्यादिप्रत्ययरूपः। तस्मात् पञ्च तन्मात्राणि शब्दतन्मात्रादीनि अविशेषरूपाणि सूक्ष्मपर्यायवाच्यानि। शब्दतन्मात्राद् हि शब्दएवोपलभ्यते, न पुनरुदात्तानुदात्तस्वरितकम्पितषड्जादिभेदाः। षड्जादयः शब्दविशेषादुपलभ्यन्ते। एवं स्पर्शरूपरसगन्धतन्मात्रेष्वपि योजनीयमिति। तत एव चाहङ्काराद् एकादशेन्द्रियाणि च। तत्र चक्षुः श्रोत्रं घ्राणं रसनं त्वगिति पञ्च बुद्धीन्द्रियाणि। वाक्पाणिपादपायूपस्थाः पञ्च कर्मेन्द्रियाणि। एकादशं मन इति।

(અનુવાદ)

બુદ્ધિથી અહંકાર ઉત્પન્ન થાય છે. તે અભિમાનરૂપ છે. હું શબ્દ સાંભળું છું, હું સ્પર્શ કરું છું, હું રૂપ જોવું છું, હું ગંધ સુઘું છું, હું રસ ચાખું છું, હું સ્વામી છું, હું ઐશ્વર્ય યુક્ત છું, આને મેં માર્યો, બળવાન એવો હું, પેલા માણસને હણીશ, ઇત્યાદિ અભિમાનનું નામ જ અહંકાર છે. તે અહંકારથી શબ્દ તન્માત્ર વગેરે પાંચ તન્માત્ર કે જે સામાન્યરૂપ અને સૂક્ષ્મ પર્યાય રૂપ છે તે ઉત્પન્ન થાય છે. શબ્દ તન્માત્રથી શબ્દ જ પ્રાપ્ત થાય છે પણ તેના ઉદાત્ત, અનુદાત્ત, કંપિત, ષડ્જ વગેરે ભેદો જણાતા નથી. ષડ્જાદિ ભેદો તો શબ્દ વિશેષથી પ્રાપ્ત થાય છે. આ પ્રમાણે સ્પર્શ, રૂપ, રસ, ગન્ધ તન્માત્રામાં પણ જોડવું. તે જ અહંકારથી અગિયાર ઇંન્દ્રિયો ઉત્પન્ન થાય છે. તેમાં ચક્ષુ, શ્રોત્ર, ઘ્રાણ, રસન અને ત્વક્ આ પાંચ બુદ્ધીંદ્રિયો અને વાક્, પાણિ, પાદ, પાયુ, ઉપસ્થ આ પાંચ કર્મેન્દ્રિયો અને અગીઆરમું મન.

(ટીકા) पञ्चतन्मात्रेभ्यश्च पञ्च महाभूतान्युत्पद्यन्ते। तद्यथा शब्दतन्मात्रादाकाशं शब्दगुणम्। शब्दतन्मात्रसहितात् स्पर्शतन्मात्राद् वायुः शब्दस्पर्शगुणः। शब्दस्पर्शतन्मात्रसहिताद् रूपतन्मात्रात् तेजः शब्दस्पर्शरूपगुणम्। शब्दस्पर्शरूपतन्मात्रसहिताद् रसतन्मात्रादापः शब्दस्पर्शरुपरसगुणाः। शब्दस्पर्शरुपरसतन्मात्रसहिताद् गन्धतन्मात्रात् शब्दस्पर्शरूपरसगन्धगुणा पृथिवी जायत इति।

(અનુવાદ)

શબ્દાદિ પાંચ તન્માત્રથી પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને આકાશ, આ પાંચ મહાભૂત ઉત્પન્ન થાય છે, તે આ પ્રમાણે : શબ્દ તન્માત્રથી શબ્દગુણયુક્ત આકાશ

ઉત્પન્ન થાય છે. શબ્દ અને સ્પર્શ તન્માત્રથી શબ્દ અને સ્પર્શ ગુણથી યુક્ત વાયુ ઉત્પન્ન થાય છે. શબ્દ, સ્પર્શ અને રૂપ તન્માત્રથી શબ્દ, સ્પર્શ અને રૂપગુણથી યુક્ત અગ્નિ ઉત્પન્ન થાય છે. શબ્દ, સ્પર્શ, રૂપ અને રસ તન્માત્રથી શબ્દ, સ્પર્શ, રૂપ અને રસગુણથી યુક્ત જલ ઉત્પન્ન થાય છે. તથા શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, અને ગંધ તન્માત્રથી શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ ગુણથી યુકત પૃથ્વીની ઉત્પત્તિ થાય છે.

पुरुषस्तु—

"अमूर्तश्चेतनो भोगी नित्यः सर्वगतोऽक्रियः ।
अकर्ता निर्गुणः सूक्ष्म आत्मा कापिलदर्शने"

(टीका) इति । अन्धपङ्गुवत् प्रकृतिपुरुषयोः संयोगः । चिच्छक्तिश्च विषयपरिच्छेदशून्या । यत इन्द्रियद्वारेण सुखदुःखादयो विषया बुद्धौ प्रतिसंक्रामन्ति बुद्धिश्चोभयमुखदर्पणाकारा। ततस्तस्यां चैतन्यशक्तिः प्रतिबिम्बते । ततः सुख्यहं दुःख्यहमित्युपचारः । आत्मा हि स्वं बुद्धेरव्यतिरिक्तमभिमन्यते । आह च पतञ्जलिः- "शुद्धोऽपि पुरुषः प्रत्ययं बौद्धमनुपश्यति तमनुपश्यन अतदात्मापि तदात्मक इव प्रतिभासते" इति । मुख्यतस्तु बुद्धेरेव विषयपरिच्छेदः । तथा च वाचस्पतिः- "सर्वो व्यवहर्ता आलोच्य नन्वहमत्राधिकृत इत्यभिमत्य कर्तव्यमेतन्मया इत्यध्यवस्यति ततश्च प्रवर्तते इति लोकतः सिद्धम् । तत्र कर्तव्यमिति योऽयं निश्चयश्चितिसन्निधानापन्नचैतन्याया बुद्धेः सोऽध्यवसायो बुद्धेरसाधारणो व्यापारः" इति । चिच्छक्तिसन्निधानाच्चाचेतनापि बुद्धिश्चेतनावतीवाभासते । वादमहार्णवोऽप्याह । "बुद्धिदर्पणसंक्रान्तमर्थप्रतिबिम्बकं द्वितीयदर्पणकल्पे पुंस्यध्यारोहति । तदेव भोक्तृत्वमस्य न त्वात्मनो विकारापत्तिः ।" इति । तथा चासुरिः—

"विविक्ते दृक्परिणतौ बुद्धौ भोगोऽस्य कथ्यते ।
प्रतिबिम्बोदयः स्वच्छे यथा चन्द्रमसोऽम्भसि" ।

विन्ध्यवासी त्वेवं भोगमाचष्टे ।

"पुरुषोऽविकृतात्मैव स्वनिर्भासमचेतनम् ।
मनः करोति सान्निध्यादुपाधिः स्फटिकं यथा" ॥

(અનુવાદ)

સાંખ્ય દર્શનમાં પુરુષ (આત્મા) અમૂર્ત, ચેતન, ભોક્તા, નિત્ય, સર્વવ્યાપી, ક્રિયારહિત, અકર્તા, નિર્ગુણ અને સૂક્ષ્મ માન્યો છે. પુરુષ અને પ્રકૃતિનો સંયોગ અંધ અને પંગુની જેમ છે. પુરુષમાં રહેલી ચિત્શક્તિ સ્વયં પદાર્થજ્ઞાન કરી શકતી નથી, કેમ કે સુખ-દુઃખ ઇંદ્રિયો દ્વારા બુદ્ધિમાં પ્રતિભાસિત થાય છે. બુદ્ધિ બે બાજુ દેખાય તેવા દર્પણ જેવી છે. બુદ્ધિમાં એક બાજુ ચેતના શક્તિનું પ્રતિબિંબ અને બીજી બાજુ બાહ્ય

જગતનું પ્રતિબિંબ પડે છે. જ્યારે બુદ્ધિમાં ચેતના શક્તિનું પ્રતિબિંબ પડે છે. ત્યારે આત્મા પોતાને બુદ્ધિથી અભિન્ન સમજીને ઉપચારથી 'હું સુખી છું, હું દુઃખી છું' ઈત્યાદિ જ્ઞાનનો અનુભવ કરે છે.

મહર્ષિ પતંજલિએ કહ્યું છે કે : 'યદ્યપિ પુરુષ (આત્મા) સ્વયં શુદ્ધ છે. પરંતુ બુદ્ધિ-સંબંધી અધ્યવસાયને જોતો બુદ્ધિથી ભિન્ન હોવા છતાં પણ પોતે પોતાને બુદ્ધિથી અભિન્નની જેમ સમજે છે. વાસ્તવિક તો પદાર્થનું જ્ઞાન બુદ્ધિનું જ છે.'

વાચસ્પતિએ કહ્યું છે કે : 'લૌકિક કાર્યમાં પ્રવૃત્ત સર્વલોકો એમ માને છે કે આમાં અમારો અધિકાર છે, અને આ અમારૂં કર્તવ્ય છે, એમ સમજીને નિશ્ચય કરે છે, અને નિશ્ચય કર્યા પછી લોકો કાર્યમાં પ્રવૃત્તિ કરે છે. આ પ્રકારની લોકમાં પરિપાટી ચાલે છે. તેવી રીતે બુદ્ધિમાં ચેતનાશક્તિનું પ્રતિબિંબ પડે છે, તેથી આ મારૂં કર્તવ્ય છે, એ પ્રકારનો બુદ્ધિનો નિશ્ચય થાય છે. અને તે નિશ્ચય બુદ્ધિનો અસાધારણ વ્યાપાર છે. આ પ્રકારે બુદ્ધિમાં ચેતના શક્તિનું પ્રતિબિંબ પડવાથી અચેતન બુદ્ધિ ચેતનાની જેમ પ્રતિભાસે છે.

વાદમહાર્ણવમાં કહ્યું છે કે : 'દર્પણ સમાન બુદ્ધિમાં સંક્રાન્ત પદાર્થોનું પ્રતિબિંબ પુરુષરૂપી દર્પણમાં પડે છે અને તે બુદ્ધિનું પ્રતિબિંબ પુરુષમાં પડે છે, તે જ પુરુષનો ભોગ કહેવાય છે. આથી જ પુરુષને ભોકતા કહે છે. પરંતુ વાસ્તવિક તો આત્મામાં કોઈ પણ જાતનો વિકાર થતો નથી.'

આસુરિએ પણ કહ્યું છે કે : 'જેમ નિર્મલ જલમાં પડેલું ચંદ્રનું પ્રતિબિંબ જલનો વિકાર છે, પરંતુ ચંદ્રનો નહીં, તેમ ભિન્ન પદાર્થોનું બુદ્ધિમાં પ્રતિબિંબ પડવાથી આત્મામાં જે ભોકતૃત્વ છે તે બુદ્ધિનો વિકાર છે; આત્માનો નહીં, વાસ્તવિક તો આત્મા પલાશપત્રની જેમ નિર્લેપ છે.'

ભોગના વિષયમાં વિન્ધ્યવાસીએ કહ્યું છે કે જેમ ભિન્ન ભિન્ન રંગોના સંયોગથી નિર્મલ એવું પણ સ્ફટિક રત્ન ભિન્ન ભિન્ન રંગવાળું દેખાય છે તેમ અવિકારી પણ ચેતન (આત્મા) અચેતન એવા મનને પોતાની સમાન ચેતન બનાવે છે. વાસ્તવિક તો મન વિકારી હોવાથી ચેતન કહેવાતું નથી.

(ટીકા) न च वक्तव्यम् पुरुषश्चेदगुणोऽपरिणामी कथमस्य मोक्षः । मुचेर्बन्धनविश्लेषार्थत्वात् सवासनक्लेशकर्माशयानां च बन्धनसमाम्नातानां पुरुषेऽपरिणामिन्यसम्भवात् । अत एव नास्य प्रेत्यभावापरनामा संसारोऽस्ति, निष्क्रियत्वादिति । यतः प्रकृतिरेव नानापुरुषाश्रया सती बध्यते संसरति मुच्यते च न पुरुष इति बन्धमोक्षसंसाराः पुरुषे उपचर्यन्ते । यथा जयपराजयौ भृत्यगतावपि स्वामिन्युपचर्येते, तत्फलस्य कोशलाभादेः स्वामिनि संबन्धात्, तथा भोगापवर्गयोः प्रकृतिगतयोरपि विवेकाग्रहात् पुरुषे संबन्ध इति ।

(અનુવાદ)

શંકા : પુરુષ (આત્મા) નિર્ગુણી અને અપરિણામી છે, તો તેનો મોક્ષ કેવી રીતે હોઇ શકે ? કેમ કે 'मुच्' ધાતુનો અર્થ 'બંધનથી છુટવું' એવો થાય છે. તેથી અપરિણામી આત્મામાં વાસના અને ક્લેશરૂપ કર્મોના સંબંધથી બંધનનો સંભવ હોતો નથી. તો આત્માને કોઈ પણ જાતનું બંધન નહીં હોવાથી બંધનથી છુટા થવાપણું હોય જ ક્યાંથી ? વળી આત્મા નિષ્ક્રિય હોવાથી આત્માનો પરલોક (સંસાર) પણ થઇ શકશે નહીં.

સમાધાન : એમ કહેવું ઠીક નથી. કેમ કે ઘણા પુરુષોમાં રહેલી અને સંસારમાં ભ્રમણશીલ પ્રકૃતિનોજ બંધ મોક્ષ અને સંસાર થાય છે. પરંતુ પુરુષનો બંધ, મોક્ષ અને સંસાર કેવલ ઉપચારથી જ કહેવાય છે. જેમ સૈનિકો દ્વારા થયેલ જય અને પરાજય સેનાપતિના કહેવાય છે. કેમ કે જય પરાજય દ્વારા પ્રાપ્ત લાભ અને હાનિનું ફલ સેનાપતિને મળે છે. તેમ પ્રકૃતિ દ્વારા થતા સંસાર અને મોક્ષ, ભેદજ્ઞાન નહીં થવાથી, ઉપચારથી પુરુષના કહેવાય છે.

(ટીકા) तदेतदखिलमालजालम्। चिच्छक्तिश्च विषयपरिच्छेदशून्या चेति परस्परविरुद्धं वचः। चिती संज्ञाने। चेतनं चित्यते वानयेति चित्। सा चेत् स्वपरपरिच्छेदात्मिका नेष्यते तदा चिच्छक्तिरेव सा न स्यात्, घटवत्। न चामूर्तायाश्चिच्छक्तेर्बुद्धौ प्रतिबिम्बोदयो युक्तः। तस्य मूर्तधर्मत्वात्। न च तथा परिणाममन्तरेण प्रतिसंक्रमोऽपि युक्तः। कथञ्चित् सक्रियात्मकताव्यतिरेकेण प्रकृत्युपधानेऽप्यन्यथात्वानुपपत्तेः। अप्रच्युतप्राचीनरूपस्य च सुखदुःखादिभोगव्यपदेशानर्हत्वात्। तत्प्रच्यते च प्राक्तनरूपत्यागेनोत्तररूपाध्यासिततया सक्रियत्वापत्तिः। स्फटिकादावपि तथा परिणामेनैव प्रतिबिम्बोदयसमर्थनात्। अन्यथा कथमन्धोपलादौ न प्रतिबिम्बः। तथा परिणामाभ्युपगमे च बलादायातं चिच्छक्तेः कर्तृत्वं साक्षाद्भोक्तृत्वं च।

(અનુવાદ)

જૈનદર્શન કહે છે : સાંખ્યોની જે કલ્પનાઓ છે તે સર્વ ઇંદ્રજાલ સમાન છે. તેમાં પ્રથમ કલ્પના : 'ચેતના શક્તિ પદાર્થોના જ્ઞાનથી શૂન્ય છે.' તેઓનું આ વચન પરસ્પર વિરોધી છે. 'चित्' ધાતુ જ્ઞાન-અર્થમાં પ્રયુક્ત હોવાથી, જાણવું અગર જેના વડે જણાય તે चित् કહેવાય છે. તેથી જો ચેતના શક્તિ સ્વ અને પર(પદાર્થ)નું જ્ઞાન કરી શકતી ના હોય તો તે ચેતના-શક્તિ કહેવાશે નહીં. વળી અમૂર્ત એવો ચેતના-શક્તિનું બુદ્ધિમાં પ્રતિબિંબ પણ પડી શકશે નહીં. કેમ કે પ્રતિબિંબ તો મૂર્ત પદાર્થનું જ પડે છે. તથા અમૂર્ત ચિત્‌શક્તિના પરિણામ વિના બુદ્ધિમાં પરિવર્તન પણ સંભવી શકતું નથી. અને પુરુષમાં કથંચિત્ કર્તૃત્વ માનવામાં ના આવે તો પુરુષથી અભિન્નરૂપે રહેલી પ્રકૃતિમાં પણ પરિવર્તન થઈ શકે નહીં. તથા અપરિણામી અને નિત્ય પુરુષમાં પૂર્વ રૂપના ત્યાગ વિના સુખ દુઃખનો ઉપભોગ પણ ઘટી શકતો નથી. જો પુરુષમાં પૂર્વરૂપનો ત્યાગ અને ઉત્તરરૂપની પ્રાપ્તિ સ્વીકારવામાં આવે તો પુરુષમાં સક્રિયતા આવી જશે !

જ્યારે પુરુષનું સક્રિયપણું તો સાંખ્યદર્શનને ગમતું નથી ! સ્ફટિકમણિનું ઉદાહરણ પણ ઠીક નથી. કેમ કે સ્ફટિકમાં પણ થોડી ઘણી ક્રિયા હોવાથી જ તેમાં લાલ પુષ્પ આદિના સંબંધથી પ્રતિબિંબ પડે છે. જો સ્ફટિકમાં કોઇપણ પ્રકારની ક્રિયા ન હોવા છતાં પણ લાલ પુષ્પ આદિનું પ્રતિબિંબ પડે છે, તેમ સ્વીકારવામાં આવે તો અંધ પાષાણમાં પણ લાલ પુષ્પ આદિનું પ્રતિબિંબ પડવું જોઈએ, તેવી રીતે જો પુરુષ પરિણામી હોય તો જ ચેતના શક્તિનું પ્રતિબિંબ બુદ્ધિમાં પડી શકે, અન્યથા નહીં. અને જો પુરુષને પરિણામી માનવામાં આવે તો બલાત્કારે ચેતના-શક્તિનું સ્વયં કર્તૃત્વ અને સાક્ષાત્ ભોક્તૃત્વ સ્વીકારવું પડશે.

(टीका) अथ "अपरिणामिनी भोक्तृशक्तिरप्रतिसंक्रमा च परिणामिन्यर्थे प्रतिसंक्रान्ते च तद्वृत्तिमनुभवति" इति पतञ्जलिवचनादौपचारिक एवायं प्रतिसंक्रम इति चेत्, तर्हि "उपचारस्तत्त्वचिन्तायामनुपयोगी" इति प्रेक्षावतामनुपादेय एवायम्। तथा च प्रतिप्राणिप्रतीतं सुखदुःखादिसंवेदनं निराश्रयमेव स्यात्। न चेदं बुद्धेरुपपन्नम्। तस्या जडत्वेनाभ्युपगमात्।

(અનુવાદ)

શંકા : વાસ્તવિક રીતે તો ભોક્તૃત્વ શક્તિમાં પરિણામ અને ક્રિયા હોતી નથી. પરંતુ જ્યારે પુરુષનું બુદ્ધિમાં પ્રતિબિંબ પડે છે, ત્યારે પુરુષમાં પરિણામ અને ક્રિયા હોય છે, આવા પતંજલિના વચનથી ઔપચારિક રીતે પુરુષમાં ક્રિયા માનવામાં આવી છે.

સમાધાન : યદિ ચેતનાશક્તિમાં ક્રિયાનો ઉપચાર માનવામાં આવે તો કહ્યું છે કે : તત્ત્વનિર્ણય કરવામાં ઉપચાર અનુપયોગી છે. તેથી ઔપચારિક વ્યવહાર બુદ્ધિમાન પુરુષોને ગ્રહણ કરવા યોગ્ય નથી. આથી પ્રત્યેક આત્મામાં સુખ-દુઃખનું જ્ઞાન પણ નિરાધાર થશે; કેમ કે વાસ્તવિક રીતે સુખદુઃખનો સંબંધ આત્માની સાથે નથી. જો કહો કે સુખદુઃખનું જ્ઞાન બુદ્ધિથી જન્ય છે, તો તે પણ ઠીક નથી. કેમકે સાંખ્ય મતમાં બુદ્ધિને જડસ્વરૂપ માનવામાં આવી છે.

(टीका) अतएव जडा च बुद्धिः इत्यपि विरुद्धम्। न हि जडस्वरूपायां बुद्धौ विषयाध्यवसायः साध्यमानः साधीयस्तां दधाति। ननूक्तमचेतनापि बुद्धिश्चिच्छक्तिसान्निध्याच्चेतनावतीवावभासत इति। सत्यमुक्तम्। अयुक्तं तूक्तम्। न हि चैतन्यवति पुरुषादौ प्रतिसंक्रान्ते दर्पणस्य चैतन्यापत्तिः चैतन्याचैतन्ययोपरपरावर्तिस्वभावत्वेन शक्रेणाप्यन्यथाकर्तुमशक्यत्वात्। किञ्च, अचेतनापि चेतनावतीव प्रतिभासत इति इवशब्देनारोपो ध्वन्यते। न चारोपोऽर्थक्रियासमर्थः। न खल्वतिकोपनत्वादिना समारोपिताग्नित्वो माणवकः कदाचिदपि मुख्याग्निसाध्यां दाहपाकाद्यर्थक्रियां कर्तुमीश्वरः। इति चिच्छक्तेरेव विषयाध्यवसायो घटते न जडरुपाया बुद्धेरिति। अत एव धर्माद्यष्टरूपतापि तस्या वाङ्मात्रमेव। धर्मादीनामात्मधर्मत्वात्। अत एव चाहङ्कारोऽपि न बुद्धिजन्यो युज्यते। तस्याभिमानात्मकत्वेनात्मधर्मस्याचेतनादुत्पादायोगात्।

(અનુવાદ)

શંકા : બુદ્ધિ અને જડતા પણ વિરુદ્ધ છે. કેમકે બુદ્ધિ જો જડ હોય તો જડસ્વરૂપ બુદ્ધિથી પદાર્થોનો નિશ્ચય થઈ શકતો નથી. જો કહેશો કે : બુદ્ધિ સ્વયં અચેતન હોવા છતાં પણ ચેતના શક્તિના સંબંધથી ચેતનાની જેમ પ્રતિભાસે છે.

સમાધાન : એ વાત સત્ય છે, પરંતુ યોગ્ય નથી કેમકે જેમ ચૈતન્યવાન પુરૂષનું અચેતન એવા દર્પણમાં પ્રતિબિંબ પડવા છતાં પણ દર્પણમાં ચૈતન્યરૂપતા આવી શકતી નથી, તેમ અચેતન બુદ્ધિમાં ચેતન પુરુષનું પ્રતિબિંબ પડવાથી બુદ્ધિમાં ચેતનાની પ્રાપ્તિ થઈ શકતી નથી. ચેતન અને અચેતનનો સ્વભાવ અપરિવર્તનીય હોવાથી તેનું પરાવર્તન કરવા ઇંદ્ર પણ સમર્થ થઈ શકતો નથી. વળી અચેતન બુદ્ધિ ચેતનની જેમ પ્રતિભાસે છે, તેમાં 'इव' શબ્દથી અચેતન બુદ્ધિમાં ચેતનનો આરોપ કરવામાં આવે છે, પરંતુ તેવા પ્રકારના આરોપથી અર્થક્રિયા થઈ શકતી નથી. જેમ માણવક(બાળક)નો અતિ ઉષ્ણ સ્વભાવ હોવાથી તેનું અગ્નિ એવું નામ રાખવામાં આવે તો પણ તે અગ્નિ જેવો માણવક અગ્નિથી સાધ્ય એવી દાહ-પાક આદિ અર્થક્રિયા કરવા સમર્થ થઈ શકતો નથી, તેમ અચેતન બુદ્ધિમાં ચેતનનો આરોપ કરવા છતાં પણ જડ એવી બુદ્ધિ પદાર્થોનું જ્ઞાન કરવામાં સમર્થ થઈ શકતી નથી તેથી પદાર્થનું જ્ઞાન તો ચેતના શક્તિથી જ થઈ શકે છે. માટે તમે જે બુદ્ધિના ધર્મ આદિ આઠ ગુણો કહ્યા છે તે વચનમાત્ર જ છે. કેમકે ધર્મ આદિ ગુણો આત્માના છે, બુદ્ધિના નથી. તેમજ અહંકાર બુદ્ધિથી જન્ય નથી, અહંકાર અભિમાનરૂપ હોવાથી આત્મામાં ઉત્પન્ન થાય છે; અચેતન બુદ્ધિમાં અહંકાર આદિ ઉત્પન્ન થઈ શકતા નથી.

(टीका) अम्बरादीनां च शब्दादितन्मात्रजत्वं प्रतीतिपराहतत्वेनैव विहितोत्तरम्। अपि च, सर्ववादिभिस्तावदविगानेन गगनस्य नित्यत्वमङ्गीक्रियते। अयं च शब्दतन्मात्रात् तस्याप्याविर्भावमुद्भावयन्नित्यैकान्तवादिनां च धुरि आसनं न्यासयन्नसंगतप्रलापीव प्रतिभाति। न च परिणामिकारणं स्वकार्यस्य गुणो भवितुमर्हतीति "शब्दगुणमाकाशम्" इत्यादि वाङ्मात्रम्। वागादीनां चेन्द्रियत्वमेव न युज्यते। इतरासाध्यकार्यकारित्वाभावात्। परप्रतिपादनग्रहणविहरणमलोत्सर्गादिकार्याणामितरावयवैरपि साध्यत्वोपलब्धेः। तथापि तत्त्वकल्पने इन्द्रियसंख्या न व्यवतिष्ठते, अन्याङ्गोपाङ्गादीनामपीन्द्रियत्वप्रसङ्गात्।

(અનુવાદ)

તથા આકાશ આદિની શબ્દ આદિ પાંચ તન્માત્રથી ઉત્પત્તિ થવી, તે પણ સર્વથા અનુભવ વિરૂદ્ધ છે. કેમ કે સર્વવાદીઓએ નિર્વિવાદ આકાશનું નિત્યરૂપ સ્વીકારેલું છે, અને આ નિત્ય એકાન્તવાદીઓમાં પ્રથમસ્થાનીય સાંખ્યમતવાળાઓ શબ્દ તન્માત્રથી આકાશની ઉત્પત્તિ માને છે! ખરેખર એમની વાત અસંગતપ્રલાપ જેવી પ્રતિભાસે છે. તથા જે વસ્તુ પરિણામમાં કારણરૂપ છે. તે પોતાના કાર્યનો ગુણ થઈ શકતી નથી. તેથી શબ્દને આકાશનો ગુણ માનવો તે કેવળ કથનમાત્ર છે. વળી વચન હાથ, પગ આદિમાં ઇંદ્રિયપણું યુક્ત નથી. કેમ કે ઇતર અવયવોથી અસાધ્ય કાર્યને જે કરે તેને ઇંદ્રિય કહે છે.

પરંતુ વાક્, પાણી, પાદ આદિ કર્મેન્દ્રિયથી સાધ્ય દા. ત. પરને સમજાવવું, વસ્તુને ગ્રહણ કરવું, ચાલવું મલનો ત્યાગ કરવો ઇત્યાદિ કાર્યો શરીરના અન્ય અવયવોથી પણ સાધ્ય છે. જેમ આંગળીથી પણ અન્યને સમજાવી શકાય છે, તેથી વચન આદિમાં ઇન્દ્રિયપણું માનવું યોગ્ય નથી. છતાં પણ વાણી આદિમાં ઇન્દ્રિયોની કલ્પના કરશો તો ઇન્દ્રિયોની સંખ્યા અગિયાર જ રહેશે નહીં, તે રીતે તો શરીરના બીજા અંગોપાંગ વિગેરેમાં પણ ઇંદ્રિયપણું પ્રાપ્ત થશે !

(टीका) यच्चोक्तं 'नानाश्रयायाः प्रकृतेरेव बन्धमोक्षौ संसारश्च न पुरुषस्य' इति तदप्यसारम् । अनादिभवपरम्परानुबद्धया प्रकृत्या सह यः पुरुषस्य विवेकाग्रहणलक्षणोऽविष्वग्भावः स एव चेन्न बन्धः, तदा को नामान्यो बन्धः स्यात् । प्रकृतिः सर्वोत्पत्तिमतां निमित्तम् इति च प्रतिपद्यमानेनायुष्मता संज्ञान्तरेण कर्मैव प्रतिपन्नम् । तस्यैवंस्वरूपत्वात् अचेतनत्वाच्च ।

(અનુવાદ)

વળી, અનેક પુરૂષોમાં આશ્રિત પ્રકૃતિનો જ બંધ મોક્ષ અને સંસાર છે, પરંતુ પુરૂષનો નથી, આ કથન પણ યોગ્ય નથી. કેમ કે અનાદિકાલથી ક્ષીરનીરની જેમ અભિન્નરૂપે રહેલી પ્રકૃતિ સાથે પુરૂષનો અભેદસંબંધરૂપ બંધ ના હોય તો તેનાથી અતિરિક્ત બંધ કયો હોઈ શકે ? અને જો પ્રકૃતિ જ સર્વ પદાર્થોની ઉત્પત્તિમાં નિમિત્ત કારણ હોય તો હે આયુષ્મન્! તમે નામ-ભેદથી પ્રકૃતિશબ્દવડે કર્મને જ સ્વીકાર્યું કહેવાશે ! પ્રકૃતિ કર્મસ્વરૂપ હોવાથી પ્રકૃતિ અચેતન છે, માટે પુરુષનો જ બંધ, મોક્ષ અને સંસાર માનવો જોઇએ.

(टीका) यस्तु प्राकृतिकवैकारिकदाक्षिणभेदात् त्रिविधो बन्धः । तद्यथा । प्रकृतावात्मज्ञानाद् ये प्रकृतिमुपासते तेषां प्राकृतिको बन्धः । ये विकारानेव भूतेन्द्रियाहङ्कारबुद्धीः पुरुषबुद्ध्योपासते तेषां वैकारिकः । इष्टापूर्ते दाक्षिणः । पुरुषतत्त्वानभिज्ञो हीष्टापूर्तकारी कामोपहतमना बध्यत इति ।

"इष्टापूर्तं मन्यमाना वरिष्ठं ।
नान्यच्छ्रेयो येऽभिनन्दन्ति मूढाः ।
नाकस्य पृष्ठे ते सुकृतेन भूत्वा ।
इमं लोकं हीनतरं वा विशन्ति" ॥

इति वचनात् । स त्रिविधोऽपि कल्पनामात्रं कथञ्चिद् मिथ्यादर्शनाविरतिप्रमादकषाययोगेभ्योऽभिन्नस्वरूपत्वेन कर्मबन्धहेतुष्वेवान्तर्भावात् । बन्धसिद्धौ च सिद्धस्तस्यैव निर्बाधः संसारः । बन्धमोक्षयोश्चैकाधिकरणत्वाद् य एव बद्धः स एव मुच्यत इति पुरुषस्यैव मोक्ष आबालगोपालं तथाप्रतीतेः ॥

(અનુવાદ)

સાંખ્ય મતમાં પ્રાકૃતિક, વૈકારિક અને દાક્ષિણ એમ ત્રણ પ્રકારનો બંધ કહ્યો છે. તે આ પ્રમાણે :- પ્રકૃતિને આત્મતત્ત્વ સમજીને પ્રકૃતિની આત્મબુદ્ધિથી ઉપાસના કરવી તે પ્રાકૃતિક બંધ કહેવાય છે. પાંચભૂત, ઇંદ્રિયો, અહંકાર અને બુદ્ધિરૂપ વિકારોની આત્મબુદ્ધિથી ઉપાસના કરવી તે વૈકારિક બંધ કહેવાય છે. અને આત્મતત્ત્વને જાણ્યા વિના કેવલ સાંસારિક સુખની ઇચ્છાથી યજ્ઞ, દાન, આદિ કાર્યો કરવાં તે દાક્ષિણ બંધ કહેવાય છે. કહ્યું પણ છે કે : જે કોઇ મૂઢ પુરુષો ઇષ્ટાપૂર્ત એટલે યજ્ઞ અને દાન આદિને સર્વથા શ્રેષ્ઠ માનતા યજ્ઞ આદિથી ભિન્ન કોઈ પણ શુભકાર્યની પ્રશંસા કરતા નથી, તે પુરુષો યજ્ઞ આદિથી જન્ય પુણ્ય વડે સ્વર્ગલોકમાં ઉત્પન્ન થાય છે, પરંતુ પરિણામે મનુષ્યલોકમાં અથવા તો મનુષ્યથી પણ અત્યંત હીન યોનિમાં ઉત્પન્ન થાય છે.

ટીકાકાર કહે છે કે : ઉક્ત ત્રણે પ્રકારના બંધ માત્ર કલ્પના છે. કેમ કે તે ત્રણે પ્રકારના બંધનો મિથ્યાત્વ, અવિરતિ, કષાય, અને યોગ આ ચાર પ્રકારના કર્મ-બંધના મુખ્ય હેતુઓમાં અંતર્ભાવ થાય છે. આ પ્રમાણે આત્માનો બંધ સિદ્ધ થવાથી આત્માનો સંસાર પણ સિદ્ધ થાય છે. તેમજ જે બંધાય છે તે જ મુક્ત થાય છે. આથી બંધ અને મોક્ષ આત્મારૂપ એક જ અધિકરણમાં રહેવાથી પુરુષનો જ બંધ અને પુરુષનો જ મોક્ષ સિદ્ધ થાય છે. માટે પુરુષનો બંધ મોક્ષ અને સંસાર થતો નથી. એમ કહેવું તે યુક્તિ યુક્ત નથી.

(ટીકા) प्रकृतिपुरुषविवेकदर्शनात् प्रवृत्तेरुपरतायां प्रकृतौ पुरुषस्य स्वरूपेणावस्थानं मोक्ष इति चेत्। न। प्रवृत्तिस्वभावायाः प्रकृतेरौदासीन्यायोगात्। अथ पुरुषार्थनिबन्धना तस्याः प्रवृत्तिः। विवेकख्यातिश्च पुरुषार्थः। तस्यां जातायां निवर्तते, कृतकार्यत्वात्।

"रङ्गस्य दर्शयित्वा निवर्तते नर्तकी यथा नृत्यात्।
पुरुषस्य तथात्मानं प्रकाश्य विनिवर्तते प्रकृतिः॥"

इति वचनादिति चेत्। नैवम्। तस्या अचेतनाया विमृश्यकारित्वाभावात्। यथेयं कृतेऽपि शब्दाद्युपलम्भे पुनस्तदर्थं प्रवर्तते, तथा विवेकख्यातौ कृतायामपि पुनस्तदर्थं प्रवर्तिष्यते। प्रवृत्तिलक्षणस्य स्वभावस्थानपेतत्वात्। नर्तकीदृष्टान्तस्तु स्वेष्टविघातकारी। यथा हि नर्तकी नृत्यं पारिषदेभ्यो दर्शयित्वा निवृत्तापि पुनस्तत्कुतूहलात् प्रवर्तते, तथा प्रकृतिरिपि पुरुषायात्मानं दर्शयित्वा निवृत्तापि पुनः कथं न प्रवर्तेतामिति। तस्मात् कृत्स्नकर्मक्षये पुरुषस्यैव मोक्ष इति प्रतिपत्तव्यम्।

(અનુવાદ)

શંકા : જે સમયે પ્રકૃતિ અને પુરુષનું ભેદજ્ઞાન થાય છે અને પ્રકૃતિ પ્રવૃત્તિથી વિશ્રાંત થાય છે, ત્યારે જ પુરુષ સ્વસ્વરૂપમાં સ્થિત થાય છે. તેને જ મોક્ષ કહે છે.

સમાધાન : એમ કહેવું ઠીક નથી. કેમકે પ્રકૃતિનો સ્વભાવ પ્રવૃત્તિ કરવાનો હોવાથી કદાપિ પ્રકૃતિ પ્રવૃત્તિથી ઉદાસીન થઈ શકતી નથી.

શંકા : પ્રકૃતિની પ્રવૃત્તિ કેવલ પ્રકૃતિ અને પુરુષમાં ભેદદૃષ્ટિ કરવી તે રૂપ પુરુષાર્થને માટે છે. પ્રકૃતિ ભેદજ્ઞાનને ઉત્પન્ન કરીને કૃતકૃત્ય થતી હોવાથી પ્રવૃત્તિથી નિવૃત્ત થાય છે. કહ્યું પણ છે કે જેમ રંગભૂમિ ઉપર નર્તકી પ્રેક્ષકોને નૃત્ય દેખાડીને નિવૃત્ત થાય છે, તેમ પ્રકૃતિ પણ પોતાના સ્વરૂપને દેખાડીને નિવૃત્ત થાય છે.

સમાધાન : આ કથન બરાબર નથી. કેમકે પ્રકૃતિ અચેતન હોવાથી તેમાં વિચાર પૂર્વકની પ્રવૃત્તિનો અભાવ છે. તથા વિષયનો ઉપભોગ કરવા છતાં પણ પ્રકૃતિ પ્રવૃત્તિશીલ હોઈને ફરીથી પણ તે જ વિષયમાં પ્રવૃત્તિ કરે છે. તેમ વિવેકખ્યાતિ થવા છતાં પણ પ્રકૃતિનો સ્વભાવ પ્રવૃત્તિ કરવાનો હોવાથી ફરીથી પણ પુરુષાર્થ માટે પ્રકૃતિ પ્રવૃત્તિ કરશે. નર્તકીનું દૃષ્ટાંત પણ તમારા સિદ્ધાંતનું ઘાતક છે. કેમકે નર્તકી પ્રેક્ષકોને એક વાર નૃત્ય દેખાડીને નિવૃત્ત થવા છતાં પણ નૃત્ય સારું હોવાથી પ્રેક્ષકોને કુતૂહલ થાય છે, તેથી પુનઃ પણ નર્તકી નૃત્ય માટે પ્રવૃત્ત થાય છે. તેમ પ્રકૃતિ પણ પુરુષને પોતાનું સ્વરૂપ દેખાડીને પુનઃ પુરુષાર્થ માટે પ્રવૃત્ત કેમ ના થાય? તેથી પ્રકૃતિનો બંધ મોક્ષ નહીં માનતાં, સંપૂર્ણ કર્મના ક્ષયરૂપ પુરુષનો જ મોક્ષ સ્વીકારવો શ્રેષ્ઠ છે.

(टीका) एवमन्यासामपि तत्कल्पनानां तमोमोहमहामोहतामिस्रान्धतामिस्रभेदात् पञ्चधा अविद्यास्मितारागद्वेषाभिनिवेशरूपो विपर्ययः। ब्राह्मप्राजापत्यसौम्येन्द्रगान्धर्वयक्षराक्षसपैशाचभेदादष्टविधो दैवः सर्गः। पशुमृगपक्षीसरीसृपस्थावरभेदात् पञ्चविधस्तैर्यग्योनः। ब्राह्मणत्वाद्यवान्तरभेदाविवक्षया चैकविधो मानुषः। इति चतुर्दशधा भूतसर्गः। वाधिर्यकुण्ठतान्धत्वजडताऽजिघ्रतामूकताकौण्यपङ्गुत्वक्लैब्योदावर्तमत्ततारूपैकादशेन्द्रियवधतुष्टिनवकविपर्ययसिद्ध्यष्टकविपर्ययलक्षणसप्तदशबुद्धिवधभेदादष्टाविंशतिधा अशक्तिः। प्रकृत्युपादानकालभोगाख्या अम्भःसलिलौघवृष्ट्यपरपर्यायवाच्याश्चतस्र आध्यात्मिक्यः। शब्दादिविषयोपरतयश्चार्जनरक्षणक्षयभोगहिंसादोषदर्शनहेतुजन्मानः पञ्च बाह्यास्तुष्टयः। ताश्च पारसुपारपारापारानुत्तमाम्भउत्तमाम्भःशब्दव्यपदेश्याः। इति नवधा तुष्टिः। त्रयो दुःखविघाता इति मुख्यास्तिस्रः सिद्धयः प्रमोदमुदितमोदमानाख्याः। तथाध्ययनं शब्द ऊहः सुहृत्प्राप्तिर्दानमिति दुःखविघातोपायतया गौण्यः पञ्च तारसुतारतारतारम्यकसदामुदिताख्याः। इत्येवमष्टधा सिद्धिः। धृतिश्रद्धासुखविविदिषाविज्ञप्तिभेदात् पञ्च कर्मयोनयः। इत्यादीनां संवरप्रतिसंवरादीनां च तत्त्वकौमुदीगौडपादभाष्यादिप्रसिद्धानां विरुद्धत्वमुद्भावनीयम्। इति काव्यार्थः ॥१५॥

(અનુવાદ)

એવી રીતે સાંખ્યમતની અન્ય કલ્પનાઓ પણ વિરોધી છે. તે આ પ્રમાણે:- અવિદ્યા અસ્મિતા, રાગ, દ્વેષ, અને અભિનિવેશરૂપ તમ-મોહ-મહામોહ-તામિસ્ર અને અંધતામિસ્ર, આ પાંચ પ્રકારનો વિપર્યય છે. બ્રાહ્મ, પ્રાજાપત્ય, સૌમ્ય, ઐન્દ્ર, ગાંધર્વ, યક્ષ, રાક્ષસ અને પૈશાચ એ આઠ પ્રકારની દૈવસૃષ્ટિ અને પશુ, મૃગ, પક્ષી, સર્પ અને

સ્થાવર એ પાંચ પ્રકારની તિર્યંચ યોનિ છે.તથા બ્રાહ્મણ આદિ અવાન્તર જાતિની અપેક્ષા કર્યા વિના એક પ્રકારના મનુષ્યો છે. આ ચૌદ પ્રકારનો ભૌતિક સર્ગ કહેવાય છે. એ ભૌતિક સર્ગ ઊર્ધ્વ અધો અને મધ્ય લોકના ભેદથી ત્રણ પ્રકારનો છે. આકાશથી માંડીને સત્યલોકપર્યંત ઉર્ધ્વ લોકમાં સત્ત્વગુણની અને પશુથી માંડીને સ્થાવરપર્યંત અધોલોકમાં તમોગુણની, તથા બ્રહ્મથી માંડીને વૃક્ષપર્યંત રજોગુણની બહુલતા છે. સાત દ્વીપ અને સમુદ્રોનો મધ્યલોકમાં અંતર્ભાવ થાય છે. તથા બહેરાપણું (શ્રોત્રનો), કુઠંતા (વાણીનો), અંધપણું (ચક્ષુનો), જડતા (સ્પર્શનો), ગંધના જ્ઞાનનો અભાવ (ઘ્રાણનો), મુંગાપણું (રસનાનો), લુલાપણું (હાથનો), લંગડાપણું (પગનો), નપુંસકપણું (લિંગનો), ગુદગ્રહ-કબજીયાત (પાયુનો) તથા ઉન્મત્તતા (મનનો) એ અગીઆર પ્રકારનો ઇંદ્રિયોનો વધ છે. નવ તુષ્ટિ અને આઠ સિદ્ધિનો વિપર્યય કરવાથી સત્તર પ્રકારનો બુદ્ધિનો વધ થાય છે. તે આ પ્રમાણે:પ્રકૃતિ (અંભઃ), ઉપાદાન (સલિલ), કાલ (ઓઘ), ભોગ (વૃષ્ટિ) એ ચાર આધ્યાત્મિક તુષ્ટિ અને પાંચ ઇંદ્રિયોના વિષયોથી વિરક્તિરૂપ ઉપાર્જન રક્ષણ, ક્ષય, ભોગ અને હિંસાથી ઉત્પન્ન થવાવાળી પાર, સુપાર, પારાપાર, અનુત્તમાંભઃ અને ઉત્તમાંભઃ એ નામની પાંચ બાહ્યતુષ્ટિ મળીને કુલ નવ તુષ્ટિ થાય છે. અને આધિદૈવિક. આધિભૌતિક તથા આધ્યાત્મિક આ ત્રણ પ્રકારના દુઃખોના નાશથી ઉત્પન્ન થવાવાળી પ્રમોદ, મુદિતમોદ, અને માન નામની ત્રણ મુખ્ય સિદ્ધિ તથા અધ્યયન, શબ્દ, તર્ક સન્મત્રોની પ્રાપ્તિ અને દાનથી થવાવાળી તાર, સુતાર, તારતાર, સમ્યક્ અને સદામુદિત એ નામની પાંચ ગૌણ સિદ્ધિઓ મળીને કુલ આઠ પ્રકારની સિદ્ધિ થાય છે. અને અગીઆર પ્રકારનો ઇંદ્રિયોનો વધ, અને સત્તર પ્રકારનો બુદ્ધિનો વધ મળીને કુલ ૨૮ પ્રકારની અશક્તિ કહેવાય છે. તથા ધૃતિ શ્રદ્ધા, સુખ, વાદ કરવાની ઇચ્છા અને જ્ઞાન, આ પાંચ કર્મયોનિ છે. આવી સંવર અને પ્રતિસંવર આદિની અનેક વિરુદ્ધ કલ્પનાઓ સાંખ્યતત્ત્વકૌમુદી અને ગૌડપાદ-ભાષ્ય આદિ ગ્રંથોમાંથી જાણી લેવી.



अवतरण

इदानीं ये प्रमाणादेकान्तेनाभिन्नं प्रमाणफलमाहुः ये च बाह्यार्थप्रतिक्षेपेण ज्ञानाद्वैतमेवास्तीनि ब्रुवते तन्मतस्य विचार्यमाणत्वे विशरारुतामाह—

અવતરણ

હવે પ્રમાણથી પ્રમાણના ફળ(પ્રમિતિ)ને એકાન્તે અભિન્ન માનવાવાળા તથા બાહ્ય-પદાર્થોના નિષેધ વડે જ્ઞાનાદ્વૈતવાદનો સ્વીકાર કરવાવાળા બૌદ્ધ મતનું ખંડન કરતાં કહે છે.

मूल—न तुल्यकालः फलहेतुभावो हेतौ विलीने न फलस्य भावः ।
न संविदद्वैतपथेऽर्थसंविद् विलूनशीर्णं सुगतेन्द्रजालम् ॥१६॥

મૂળ અર્થ : એક કાળમાં રહેવાવાળી વસ્તુઓમાં પરસ્પર કાર્ય કારણભાવ થઇ શકતો નથી. બૌદ્ધમતમાં સર્વપદાર્થો ક્ષણિક છે: માટે કારણનો નાશ થવાથી કાર્યની ઉત્પત્તિ થઇ શકતી નથી. વળી જગતને વિજ્ઞાન-સ્વરૂપ માનવામાં આવે તો બાહ્ય પદાર્થોનું જ્ઞાન થઈ શકતું નથી. આથી બૌદ્ધ દર્શનને માન્ય પદાર્થ વ્યવસ્થા ઇન્દ્રજાળની જેમ છિન્ન ભિન્ન થઇ જાય છે.

(टीका) बौद्धाः किल प्रमाणात् तत्फलमेकान्तेनाभिन्नं मन्यन्ते । तथा च तत्सिद्धान्तः—"उभयत्र तदेव ज्ञानं प्रमाफलमधिगमरूपत्वात्" । उभयत्रेति प्रत्यक्षेऽनुमाने च तदेव ज्ञानं प्रत्यक्षानुमानलक्षणं फलं कार्यम् । कुतः । अधिगमरूपत्वादिति परिच्छेदरूपत्वात् । तथाहि । परिच्छेदरूपमेव ज्ञानमुत्पद्यते । न च परिच्छेदादृतेऽन्यद् ज्ञानफलम्, भिन्नाधिकरणत्वात् । इति सर्वथा न प्रत्यक्षानुमानाभ्यां भिन्नं फलमस्तीति" ।

(અનુવાદ)

પૂર્વપક્ષ : બૌદ્ધદર્શન પ્રમાણથી પ્રમાણનું ફળ એકાન્તે અભિન્ન માને છે. તેઓના સિદ્ધાંતમાં કહ્યું છે કે : પ્રત્યક્ષ અને અનુમાન પ્રમાણમાં જ્ઞાન અધિગમ(જ્ઞાન) રૂપ હોવાથી જ્ઞાન જ પ્રમાણ અને પ્રમાણનું ફળ છે. વળી પણ કહ્યું છે કે : પ્રત્યક્ષ અને અનુમાન પ્રમાણમાં પ્રત્યક્ષરૂપ અને અનુમાનરૂપ જ્ઞાન જ પ્રમાણનું ફળ છે. કેમ કે જ્ઞાન જ્ઞાનસ્વરૂપ છે ! તે સમજાવતાં કહે છે : જ્ઞાન જ્ઞાનરૂપ જ ઉત્પન્ન થાય છે. કેમ કે પદાર્થજ્ઞાનમાં જ્ઞાનથી અતિરિક્ત કોઈ જ્ઞાનનું ફળ હોઈ શકતું નથી. કારણ કે જ્ઞાનથી ભિન્ન હેય-ઉપાદેયરૂપ જે જ્ઞાનનું ફળ છે તે વાસ્તવિક પ્રમાતા(પુરુષ)નું ફળ છે, જ્ઞાનનું નહીં.

જ્ઞાનથી જ્ઞાતપદાર્થોમાં હિત-અહિતની પ્રાપ્તિ-પરિહારરૂપ પ્રવૃત્તિ થાય છે. તે પુરુષની થાય છે; જ્ઞાનની નહીં. આથી હેય-ઉપાદેયરૂપ પ્રવૃત્તિ ભિન્ન અધિકરણમાં થતી હોવાથી તે પ્રવૃત્તિ જ્ઞાનનું ફળ નથી. તેથી જ પ્રત્યક્ષ અને અનુમાન પ્રમાણનું ફળ પ્રત્યક્ષરૂપ અને અનુમાનરૂપ જ્ઞાનથી સર્વથા ભિન્ન નથી.

(टीका) एतच्च न समीचीनम्। यतो यद्यस्मादेकान्तेनाभिन्नं, तत्तेन सहैवोत्पद्यते। यथा घटेन घटत्वम्। तैश्च प्रमाणफलयोः कार्यकारणभावोऽभ्युपगम्यते। प्रमाणं कारणं फलं कार्यमिति। स चैकान्ताभेदे न घटते। न हि युगपदुत्पद्यमानयोस्तयोः सव्येतरगोविषाणयोरिव कार्यकारणभावो युक्तः। नियतप्राक्कालभावित्वात् कारणस्य। नियतोत्तरकालभावित्वात् कार्यस्य। एतदेवाह न तुल्यकालः फलहेतुभाव इति। फलं कार्यं हेतुः कारणम् तयोर्भावः स्वरूपम्, कार्यकारणभावः। स तुल्यकालः समानकालो न युज्यत इत्यर्थः।

(અનુવાદ)

ઉત્તરપક્ષ:- જૈન દર્શન કહે છે : તમારી માન્યતા યુક્તિયુક્ત નથી. કેમકે જે પદાર્થ જે પદાર્થની સાથે એકાન્તે અભિન્ન હોય તે પદાર્થ તે પદાર્થની સાથે જ ઉત્પન્ન થાય. જેમ ઘટ ઘટત્વથી અભિન્ન છે, માટે ઘટ ઘટત્વની સાથે જ ઉત્પન્ન થાય છે. તેથી પ્રમાણ અને પ્રમાણના ફળમાં તમે જે કાર્યકારણભાવ સ્વીકારો છો, તે ઘટી શકતો નથી. કેમકે પ્રમાણ એ કારણ છે અને ફળ એ કાર્ય છે, હવે જો પ્રમાણ અને પ્રમાણના ફળને એકાન્તે અભિન્ન માનવામાં આવે, તો કાર્યકારણભાવસંબંધ કેવી રીતે બની શકે? જેમ એકી સાથે ઉત્પન્ન થતાં ગાયનાં ડાબા અને જમણા શીંગડાંમાં કાર્ય-કારણ ભાવ બની શકતો નથી. તેમ એકી સાથે ઉત્પન્ન થતાં પ્રમાણ અને પ્રમાણ-ફળમાં કાર્ય-કારણ ભાવ ઘટી શકતો નથી. કારણ અવશ્ય કાર્યની પૂર્વે હોય અને કાર્ય અવશ્ય કારણની પછી હોય, ફળ કાર્ય અને હેતુ કારણ, તેનું સ્વરૂપ તે કાર્ય-કારણભાવ માટે એક કાળમાં રહેવાવાળી વસ્તુમાં પરસ્પર કાર્ય કારણ-ભાવ ઘટી શકતો નથી.

(टीका) अथ क्षणान्तरितत्वात् तयोः क्रमभावित्वं भविष्यतीत्याशङ्क्याह। 'हेतौ विलीने न फलस्य भाव इति'। हेतौ कारणे प्रमाणलक्षणे विलीने क्षणिकत्वादुत्पत्त्यनन्तरमेव निरन्वयं विनष्टे फलस्य प्रमाणकार्यस्य न भावः सत्ता, निर्मूलत्वात्। विद्यमाने हि फलहेतावस्येदं फलमिति प्रतीयते नान्यथा, अतिप्रसङ्गात्। किञ्च, हेतुफलभावः सम्बन्धः स च द्विष्ठ एव स्यात्। न चानयोः क्षणक्षयैकदीक्षितो भवान् सम्बन्धं क्षमते। ततः कथम् 'अयं हेतुरिदं फलम्' इति प्रतिनियता प्रतीतिः। एकस्य ग्रहणेऽप्यन्यस्याग्रहणे तदसंभवात्।

"द्विष्ठसंबन्धसंवित्तिर्नैकरूपप्रवेदनात्।
द्वयोः स्वरूपग्रहणे सति संबन्धवेदनम्" ॥

इति वचनात् ॥

(અનુવાદ)

શંકા : પ્રમાણ અને પ્રમાણના ફળમાં ક્ષણમાત્રનું અંતર હોવાથી, પ્રમાણ તથા પ્રમાણનું ફળ ક્રમપૂર્વક થશે ને.?

સમાધાન : ના, તમારા ક્ષણિકવાદમાં કોઇ પણ વસ્તુ એક જ ક્ષણમાં રહેવાવાળી હોવાથી બીજી ક્ષણમાં તરત જ નાશ પામી જાય છે, આમ કારણરૂપ પ્રમાણ ક્ષણિક હોવાથી ઉત્પન્ન થતાંની સાથે જ તેનો નિર્મૂળ નાશ થઇ જાય છે. માટે કારણરૂપ પ્રમાણના ફળ રૂપ કાર્યની ઉત્પત્તિ થઇ શકતી નથી. કાર્યની ઉત્પત્તિ વિદ્યમાન કારણથી જ થાય છે. જો કારણ વિના પણ કાર્યની ઉત્પત્તિ થતી હોય તો મૃત્તિકા વિના પણ ઘટની ઉત્પત્તિ થવી જોઇએ પરંતુ આકસ્મિક કાર્યની ઉત્પત્તિ અસંગત છે. તેથી એકાન્તે અભિન્ન એવા પ્રમાણ અને પ્રમાણના ફળમાં કાર્ય-કારણ ભાવ સંબંધ બની શકતો નથી,

સંબંધ બે પદાર્થોમાં રહે છે; ક્ષણક્ષયિની પ્રતિજ્ઞાવાળા તમારા મનમાં કાર્યકારણભાવ સંબંધ થઈ શકતો નથી. અને તેથી 'આ હેતુ અને આ કાર્ય' ઈત્યાકારક નિશ્ચયાત્મક જ્ઞાન પણ થઇ શકતું નથી. કેમકે પ્રમાણ અને પ્રમાણનું ફળ પ્રમિતિ, બન્ને ક્ષણિક હોવાથી એક સાથે રહી શકતાં નથી. પ્રમાણના ગ્રહણમાં ફળનું અગ્રહણ હોવાથી, તે બન્નેના સંબંધનું જ્ઞાન થઇ શકતું નથી. કહ્યું પણ છે કે; એકના સ્વરૂપ જ્ઞાનથી બન્નેના સંબંધનું જ્ઞાન થઇ શકતું નથી, પરંતુ બન્ને વસ્તુના જ્ઞાનથી જ તેના સંબંધનું જ્ઞાન થાય છે.

(ટીકા) यदपि धर्मोत्तरेण "अर्थसारूप्यमस्य प्रमाणम् । तद्वशादर्थप्रतीतिसिद्धेः" इति न्यायबिन्दुसूत्रं विवृण्वता भणितम् "नीलनिर्भासं हि विज्ञानं, यतस्तस्माद् नीलस्य प्रतीतिरवसीयते । येभ्यो हि चक्षुरादिभ्यो ज्ञानमुत्पद्यते, न तद्वशात् तज्ज्ञानं नीलस्य संवेदनं शक्यतेऽवस्थापयितुं नीलसदृशं त्वनुभूयमानं नीलस्य संवेदनमवस्थाप्यते । न चात्र जन्यजनकभावनिबन्धनः साध्यसाधनभावः । येनैकस्मिन् वस्तुनि विरोधः स्यात् । अपि तु व्यवस्थाप्यव्यवस्थापकभावेन तत एकस्य वस्तुनः किञ्चिद्रूपं प्रमाणं किञ्चित् प्रमाणफलं न विरुध्यते । व्यवस्थापनहेतुर्हि सारूप्यं तस्य ज्ञानस्य व्यवस्थाप्यं च नीलसंवेदनरूपम्" इत्यादि ॥

(અનુવાદ)

બૌદ્ધમતાનુયાયી આચાર્ય ધર્મોત્તરે ન્યાયબિંદુસૂત્રમાં કહ્યું છે કે : કોઇ પણ વસ્તુનું જ્ઞાન કરતી વખતે જે જ્ઞાન જે પદાર્થના આકારમાં પરિણત થાય છે, તે જ જ્ઞાન પ્રમાણરૂપ કહેવાય છે. અને તે જ જ્ઞાનથી પદાર્થનું જ્ઞાન થાય છે. દા. ત. જ્યારે નીલ ઘટને જાણવાવાળું જ્ઞાન નીલ ઘટના આકારને ગ્રહણ કરે છે, ત્યારે જ નીલ ઘટનું જ્ઞાન થાય છે, પરંતુ ચક્ષુ આદિ ઇંદ્રિયો દ્વારા ઉત્પન્ન થતા જ્ઞાનથી નીલ ઘટનું સંવેદન થઈ શકતું નથી. તેથી જે સમયે જ્ઞાનમાં નીલ ઘટસદૃશ આકારનો અનુભવ થાય છે તે સમયે જ નીલ ઘટનું જ્ઞાન થાય છે, માટે અમે પ્રમાણ અને પ્રમાણના ફળમાં કાર્યકારણભાવ નિબંધન સાધ્ય-સાધનભાવ સંબંધ માનતા નથી કે જેથી એક વસ્તુમાં વિરોધ થાય પરંતુ અમે વ્યવસ્થાપ્ય-વ્યવસ્થાપકભાવ સંબંધ માનીએ છીએ. તેથી કંઇ પ્રમાણથી પ્રમાણના ફળની ઉત્પત્તિ થતી નથી, પરંતુ પ્રમાણથી પ્રમાણના ફળની વ્યવસ્થા થાય છે.

માટે અમારા મતમાં કોઈ જાતનો વિરોધ આવતો નથી. એક જ જ્ઞાન પ્રમાણરૂપ અને પ્રમાણના ફળરૂપ બની શકે છે; તેમાં નીલ ઘટને જાણવાવાળું જ્ઞાન નીલ ઘટના સદૃશ આકારવાળું થાય છે, તે જ્ઞાન વ્યવસ્થાપક અને નીલ ઘટનું જ્ઞાન તે વ્યવસ્થાપ્ય કહેવાય છે. તાત્પર્ય એ છે કે બૌદ્ધ મતમાં પ્રમાણ અને પ્રમાણના ફળરૂપ પ્રમિતિ બન્ને અભિન્ન છે. અને જ્ઞાન પદાર્થથી ઉત્પન્ન થાય છે. જે જ્ઞાન પદાર્થના આકાર રૂપ થઇને પદાર્થનું જ્ઞાન કરે છે, તે જ જ્ઞાન પ્રમાણ રૂપ થાય છે, પરંતુ ચક્ષુ આદિ ઇન્દ્રિયોની સહાયતાથી પદાર્થનું જ્ઞાન થઈ શકતું નથી. આ રીતે બૌદ્ધ દર્શન પ્રમાણ અને પ્રમાણના ફળ રૂપ પ્રમિતિનો કાર્ય–કારણભાવ સંબંધ નહીં માનતાં, વ્યવસ્થાપ્ય–વ્યવસ્થાપકભાવ સંબંધ માને છે તેમાં પદાર્થના આકારને ગ્રહણ કરવાવાળું જ્ઞાન વ્યવસ્થાપક અને પદાર્થનું જ્ઞાન વ્યવસ્થાપ્ય બને છે. આ રીતે પ્રમાણ અને પ્રમાણના ફળને અભિન્ન માનવા છતાં પણ કોઇ જાતનો વિરોધ આવતો નથી.

(ટીકા) तदप्यसारम् । एकस्य निरंशस्य ज्ञानक्षणस्य व्यवस्थाप्यव्यवस्थापकत्वलक्षणस्वभावद्वयायोगात् । व्यवस्थाप्यव्यवस्थापकभावस्यापि च संबन्धत्वेन द्विष्ठत्वादेकस्मिन्नसंभवात् । किञ्च, अर्थसारूप्यमर्थाकारता । तच्च निश्चयरूपं, अनिश्चयरूपं वा ? निश्चयरूपं चेत्, तदेव व्यवस्थापकमस्तु, किमुभयकल्पनया । अनिश्चितं चेत्, स्वयमव्यवस्थितं कथं नीलादिसंवेदनव्यवस्थापने समर्थम् । अपि च, केयमर्थाकारता । किमर्थग्रहणपरिणामः, आहोस्विदर्थाकारधारित्वम् ? नाद्यः । सिद्धसाधनात् । द्वितीयस्तु ज्ञानस्य प्रमेयाकारानुकरणाज्जडत्वापत्त्यादिदोषाघ्रातः । तन्न प्रमाणादेकान्तेन फलस्याभेदः साधीयान् । सर्वथातादात्म्ये हि प्रमाणफलयोर्न व्यवस्था, तद्भावविरोधात् । न हि सारूप्यमस्य प्रमाणमधिगतिः फलमिति सर्वथातादात्म्ये सिद्ध्यति । अतिप्रसङ्गात् ॥

(અનુવાદ)

જૈનદર્શન કહે છે : તમારૂં કથન ઠીક નથી. કેમ કે એક જ નિરન્વય જ્ઞાનક્ષણમાં (બૌદ્ધમતમાં પ્રત્યેક પદાર્થ ક્ષણિક હોવાથી તે રોકો ઘટને ઘટ નહીં કહેતાં 'ક્ષણ' શબ્દથી સંબોધે છે. અને તેવી જ રીતે જ્ઞાનને પણ ક્ષણિક હોવાથી 'ક્ષણ' કહે છે.) વ્યવસ્થાપ્ય અને વ્યવસ્થાપક, બન્ને સ્વભાવ રહી શકતા નથી. કેમકે વ્યવસ્થાપ્ય–વ્યવસ્થાપકભાવ પણ સંબંધ હોવાથી ઉભય પદાર્થમાં જ રહે છે. એક નિરંશ જ્ઞાન ક્ષણમાં તેવો સંબંધ બની શકશે નહીં વળી પદાર્થના આકારરૂપ જ્ઞાનને અર્થસારૂપ્ય (અર્થાકારતા) કહે છે તે અર્થાકારતા નિશ્ચિત છે કે અનિશ્ચિત ? જો અર્થસારૂપ્ય નિશ્ચિત હોય તો એ નિશ્ચિત અર્થસારૂપ્યને જ વ્યવસ્થાપક માનો. વ્યવસ્થાપ્ય અને વ્યવસ્થાપક એમ બે માનવાની શી જરૂર ? જો અર્થસારૂપ્ય અનિશ્ચિત હોય તો સ્વયં અનિશ્ચિત અર્થસારૂપ્ય નીલ આદિનું જ્ઞાન કરવા માટે સમર્થ થઈ શકતું નથી. કહો તે જ્ઞાનની અર્થાકારતા કેવા પ્રકારની છે ? શું જ્ઞાનનો પદાર્થને જાણવાનો સ્વભાવ તે અર્થાકારતા છે કે જ્ઞાન પદાર્થના આકારને ગ્રહણ કરે છે, તે અર્થાકારતા ? જો જ્ઞાનના પદાર્થને જાણવાનો

સ્વભાવ તે અર્થાકારતા માનો તો સિદ્ધસાધન દોષ આવશે. કેમકે અમે પણ જ્ઞાનને પદાર્થને જાણવાના સ્વભાવરૂપ માનીએ છીએ. જો જ્ઞાન પદાર્થના આકારને ગ્રહણ કરે છે. તેને અર્થાકારતા કહેતા હો તો જડ એવા પ્રમેયના આકારને ગ્રહણ કરવાથી જ્ઞાનમાં પણ જડતા આવી જશે ! આમ પ્રમાણ અને પ્રમિતિમાં સર્વથા અભિન્નપણું સિદ્ધ થઈ શકતું નથી. અને પ્રમાણ તથા પ્રમિતિનો સર્વથા તાદાત્મ્ય-સંબંધ માનવાથી પ્રમાણ અને પ્રમાણના ફળની વ્યવસ્થા થઈ શકતી નથી. વળી એક વાત : પ્રમાણ અને પ્રમાણનું ફળ અભિન્ન (એક) હોય તો, સારૂપ્ય (સદશપણું) એ પ્રમાણ અને સંવેદન એ ફળ, આ રીતે અલગ અલગ માની શકાશે નહીં.

(टीका) ननु प्रमाणस्यासारूप्यव्यावृत्तिः सारूप्यम्, अनधिगतिव्यावृत्तिरधिगतिरिति व्यावृत्तिभेदादेकस्यापि प्रमाणफलव्यवस्थेति चेत् । नैवम् । स्वभावभेदमन्तरेणान्यव्यावृत्तिभेदस्यानुपपत्तेः । कथं च प्रमाणस्य फलस्य चाप्रमाणाफलव्यावृत्त्या प्रमाणफलव्यवस्थावत् प्रमाणान्तरफलान्तरव्यावृत्त्याप्यप्रमाणत्वस्याफलत्वस्य च व्यवस्था न स्यात् । विजातीयादिव सजातीयादपि व्यावृत्तत्वाद् वस्तुनः । तस्मात् प्रमाणात् फलं कथञ्चिद्भिन्नमेववैष्टव्यम् । साध्यसाधनभावेन प्रतीयमानत्वात् । ये हि साध्यसाधनभावेन प्रतीयते ते परस्परं भिद्येते यथा कुठारच्छिदिक्रियते इति ॥

(અનુવાદ)

શંકા : વાસ્તવિક તો સારૂપ્ય (સાદશ્ય) અને અધિગતિ (જ્ઞાન) એ એક જ પ્રમાણનાં પૃથક્ પૃથક્ રૂપ છે, કેમ કે અસારૂપ્યની વ્યાવૃત્તિ (નિષેધ) એ સારૂપ્ય અને અનધિગતિની વ્યાવૃત્તિ (અજ્ઞાનનો નિષેધ) એ અધિગતિ (જ્ઞાન) કહેવાય છે. આ પ્રમાણે વ્યાવૃત્તિના ભેદથી નિરંશ એવા એક જ જ્ઞાનમાં પ્રમાણ અને પ્રમાણના ફળની વ્યવસ્થા થઇ શકે છે.

સમાધાન : તમારૂં કહેવું બરાબર નથી. કેમકે સ્વભાવભેદ માન્યા વિના અસારૂપ્યની વ્યાવૃત્તિ અને અનધિગતિની વ્યાવૃત્તિરૂપ નિષેધ થઈ શકતો નથી. જે પ્રકારે તમે અપ્રમાણની વ્યાવૃત્તિ(નિષેધ)ને પ્રમાણ અને અફલની વ્યાવૃત્તિને ફલ કહો છો તે પ્રકારે બીજા પ્રમાણની વ્યાવૃત્તિને અપ્રમાણ અને બીજા ફળની વ્યાવૃત્તિને અફળ માનવું જોઇશે કેમકે બન્નેમાં વ્યાવૃત્તિનું સમાનપણું છે અને આ રીતે વિજાતીય પદાર્થોથી જેમ વ્યાવૃત્તિ માનો છો તેમ સજાતીય પદાર્થોથી પણ એક બીજાથી વ્યાવૃત્તિ થશે. દા. ત. વિજાતીય એવા અશ્વાદિની વ્યાવૃત્તિ ગો (ગાય) વગેરેમાં છે. શ્યામ ગાય; રક્ત ગાય આદિ પરસ્પર સજાતીયની વ્યાવૃત્તિ સફેદ ગાયમાં છે; તેથી પ્રમાણ અને પ્રમાણનું ફળ કથંચિત્ ભિન્ન માનવું જોઇએ. કેમકે પ્રમાણ અને પ્રમાણના ફળની સાધ્ય-સાધન રૂપે પ્રતીતિ થાય છે. જે સાધ્ય-સાધનભાવે પ્રતીત હોય તે પરસ્પર ભિન્ન હોય. જેમ (સાધનરૂપ) કુઠાર અને (સાધ્યરૂપ) છેદન ક્રિયા તે સાધ્ય-સાધનરૂપ હોવાથી પરસ્પર ભિન્ન છે; તેમ સાધનરૂપ પ્રમાણ અને સાધ્યરૂપ પ્રમાણનું ફળ પણ પરસ્પર ભિન્ન છે.

(टीका) एवं यौगाभिप्रेतः प्रमाणात् फलस्यैकान्तभेदोऽपि निराकर्तव्यः। तस्यैकप्रमातृतादात्म्येन प्रमाणात् कथञ्चिदभेदव्यवस्थितेः। प्रमाणतया परिणतस्यैवात्मनः फलतया परिणतिप्रतीतेः। यः प्रमिमीते स एवोपादत्ते परित्यजति उपेक्षते चेति सर्वव्यवहारिभिरस्खलितमनुभवात्। इतरथा स्वपरयोः प्रमाणफलव्यवस्थाविप्लवः प्रसज्यत इत्यलम्॥

(अनुवाद)

नैयायिकोने अभिप्रेत प्रमाणु अने प्रमाणुना फळमां ओकान्त भेद पणु सिद्ध थई शकतो नथी. केमके प्रमाणु अने अप्रमाणुनुं फळ परस्पर ओकान्ते भिन्न नथी. ओक ज प्रमाता (आत्मा) प्रमाणु अने प्रमाणुना फळरूप होईने पदार्थोने जाणे छे. तेथी प्रमाणुनुं फळ कथंचित् अभिन्न छे, केम के प्रमाणुरूपे परिणुत आत्मानी ज फळरूपे परिणुति थाय छे. आत्माने छोडी कोई अन्य स्थळे प्रमाणुना फळरूप ज्ञान थई शकतुं नथी. जे आत्मा पदार्थने जाणे छे ते ज आत्मा ग्रहणु करे छे, ते ज त्याग करे छे अने ते ज आत्मा उपेक्षा करे छे. आ वात सर्व प्रामाणिकोने अनुभव सिद्ध छे. जो प्रमाणु अने प्रमाणुनुं फळ ओकान्ते भिन्न होय तो देवदत्तना प्रमाणुनुं फळ यज्ञदत्तने मळवुं जोईओ जेवी रीते देवदत्तनी साथे ज्ञाननी भिन्नता छे, तेवी रीते यज्ञदत्तनी साथे पणु ज्ञाननी भिन्नता छे. आ रीते प्रमाणु अने प्रमाणुना फळने सर्वथा भिन्न मानवाथी कोईपणु रीते प्रमाणुना फळनी व्यवस्था थई शकती नथी.

(टीका) अथवा पूर्वार्द्धमिदमन्यथा व्याख्येयम्। सौगताः किलेत्थं प्रमाणयन्ति। सर्वं सत् क्षणिकम्। यतः सर्वं तावद् घटादिकं वस्तु मुद्गरादिसंनिधौ नाशं गच्छद् दृश्यते। तत्र येन स्वरूपेणान्त्यावस्थायां घटादिकं विनश्यति तच्चैतत्स्वरूपमुत्पन्नमात्रस्य विद्यते तदानीमुत्पादानन्तरमेव तेन विनष्टव्यम्, इति व्यक्तमस्य क्षणिकत्वम्॥

(अनुवाद)

श्लोकना पूर्वार्धनुं बीजी रीते निर्वचन करवामां आवे छेः-बौद्ध दर्शन आ प्रमाणु कहे छे के : सर्वे पदार्थो क्षणिक छे, केम के घट आदि पदार्थो मुद्गर आदिना संयोगथी नाश पामे छे. जो पदार्थो क्षणिक (क्षणविनाशी) ना होय तो मुद्गर आदिनो संयोग रहेवा छतां पणु तेनो नाश ना थवो जोईओ. तेथी जे स्वरूप वडे अन्त्य अवस्थामां घट आदिनो नाश थाय छे, घट आदि पदार्थोनी उत्पत्ति पणु ते स्वरूपथी थाय छे. केम के जे समये मुद्गरथी घटनो नाश थाय छे, ते समये मुद्गर घटमां कांई नवीन स्वरूप उत्पन्न करतो नथी. तेथी सिद्ध थाय छे के घटनुं स्वरूप उत्पत्ति अवस्थामां अने अंत्य अवस्थामां ओक सरखुं ज होय छे. आम घटादि सर्ववस्तु उत्पन्न थया बाद तुरत ज नाश पामे छे, आथी सर्व पदार्थोनी क्षणभंगुरता प्रगट थाय छे.

(टीका) अथेदृश एव स्वभावस्तस्य हेतुतो जातो यत्किंयन्तमपि कालं स्थित्वा विनश्यति। एवं तर्हि मुद्गरादिसंनिधानेऽपि एव एव तस्य स्वभावः इति पुनरप्येतेन तावन्तमेव कालं स्थातव्यम् इति नैव विनश्येदिति। सोऽयं "आदित्सोर्वणिजः प्रतिदिनं पत्रलिखितश्चस्तनदिनभणनन्यायः"। तस्मात् क्षणद्वयस्थायित्वेनाप्युत्पत्तौ प्रथमक्षणवद् द्वितीयेऽपि क्षणे क्षणद्वयस्थायित्वात् पुनरपरक्षणद्वयमवतिष्ठेत। एवं तृतीयेऽपि क्षणे तत्स्वभावत्वान्नैव विनश्येदिति ॥

(અનુવાદ)

જૈનદર્શન: પોત પોતાનાં કારણોથી ઉત્પન્ન થતા પ્રત્યેક પદાર્થનો સ્વભાવ યત્કિંચિત્ કાળ રહીને નાશ પામવાનો છે, માટે પદાર્થો ક્ષણ વિનાશી નથી.

બૌદ્ધદર્શન : જો પદાર્થોનો સ્વભાવ ક્ષણ ક્ષણમાં નાશ થવાનો ના હોય તો ઘટની સાથે મુદ્ગરનો સંયોગ થવા છતાં પણ ઘટનો નાશ ના થવો જોઈએ. કેમકે મુદ્ગરનો સંયોગ થવા છતાં પણ ઘટનો બે ક્ષણ રહેવાનો સ્વભાવ મોજુદ છે. જેમ કોઇ દેવાદાર દેવું આપવાની ઇચ્છા નહીં હોવાથી દેવું આપવા માટે નિરંતર વાયદા કરીને લેણદારને કોઇ દિવસ દેવું ચુકવતો નથી. તેમ બે ક્ષણ રહેવાવાળા પદાર્થો દ્વિક્ષણસ્થાયી-સ્વભાવવાળા હોવાથી પ્રથમ ક્ષણની જેમ બીજી ક્ષણમાં પણ દ્વિક્ષણસ્થાયી-સ્વભાવ મોજુદ હોવાથી બીજી ક્ષણમાં પણ ઘટનો નાશ થશે નહીં. એવી રીતે ત્રીજી ચોથી આદિ ક્ષણોમાં પણ ઉપર્યુક્ત સ્વભાવના કારણે પ્રત્યાઘાતોનો સંયોગ પ્રાપ્ત થવા છતાં પણ, ઘટ આદિ પદાર્થોનો નાશ ના થવો જોઈએ અર્થાત્ મુદ્ગરના સંનિધાનમાં પણ ઘટ સદૈવ નિત્ય રહેવો જોઇએ. કેમકે તમારા મતમાં ઘટ આદિ પદાર્થોનો સ્વભાવ નાશ નહીં થવાનો છે.

(टीका) स्यादेतत्। स्थावरमेव तत् स्वहेतोर्जातम्, परं बलेन विरोधकेन मुद्गरादिना विनाश्यत इति। तदसत्। कथं पुनरेतद्घटिष्यते। न च तद् विनश्यति स्थावरत्वात्, विनाशश्च तस्य विरोधिना बलेन क्रियते इति। न ह्येतत्सम्भवति जीवति देवदत्तो मरणं चास्य भवतीति। अथ विनश्यति तर्हि कथमविनश्वरं तद् वस्तु स्वहेतोर्जातमिति। न हि म्रियते च अमरणधर्मा चेति युज्यते वक्तुम्। तस्मादविनश्वरत्वे कदाचिदपि नाशायोगात् दृष्टत्वाच्च नाशस्य नश्वरमेव तद्वस्तु स्वहेतोरुपजातमङ्गीकर्तव्यम्। तस्मादुत्पन्नमात्रमेव विनश्यति। तथा च क्षणक्षयित्वं सिद्धं भवति ॥

(અનુવાદ)

પદાર્થો પોતે પોતાનાં ઉત્પાદક કારણોથી સ્થિર સ્વભાવવાળાજ ઉત્પન્ન થાય છે. પરંતુ બળવાન એવા વિરોધી મુદ્ગર આદિના પડવાથી નાશ પામે છે.

બૌદ્ધદર્શન : એ ઠીક નથી. કેમકે પદાર્થોનો સ્વભાવ નાશ પામવાનો હોય તો બલવાન વિરોધી નાશકોથી પણ પદાર્થોનો નાશ થઇ શકશે નહીં. તેથી 'પદાર્થોનો સ્વભાવ

સ્થિર રહેવાનો છે. પરંતુ તેનાં વિરોધી કારણોથી નાશ થાય છે,' એમ કહેવું પરસ્પર વિરોધી હોઈને બિલકુલ યોગ્ય નથી. જેમ દેવદત્તની હયાતીમાં દેવદત્તનું મરણ કહેવાતું નથી, તેમ નષ્ટ થતા પદાર્થોને 'પોતાનાં કારણોથી સ્થિર સ્વભાવવાળા ઉત્પન્ન થાય છે.' તેમ કહી શકાતું નથી. જેમ નાશ પામેલા દેવદત્તને અવિનશ્વર કહી શકાતો નથી તેમ નાશ વંત પદાર્થોને અવિનશ્વર કહી શકાતા નથી. વળી પદાર્થો નાશ થતા દેખાય છે, તેથી પોતાની ઉત્પત્તિનાં કારણો દ્વારા નાશવંત પદાર્થની જ ઉત્પત્તિ માનવી જોઈએ. કેમકે પ્રત્યેક પદાર્થ ઉત્પન્ન થતાંની સાથે જ નાશ પામી જાય છે. આ રીતે પ્રત્યેક પદાર્થનું ક્ષણક્ષયિપણું સિદ્ધ થાય છે.

(ટીકા) **प्रयोगस्त्वेवम्। यद्विनश्वरस्वरूपं तदुत्पत्तेरनन्तरानवस्थायि, यथान्त्यक्षणवर्ति घटस्य स्वरूपम्। विनश्वरस्वरूपं च रूपादिकमुदयकाले, इति स्वभावहेतुः। यदि क्षणक्षयिणो भावाः कथं तर्हि स एवायमिति प्रत्यभिज्ञा स्यात्। उच्यते। निरन्तरसदृशापरापरोत्पादात्, अविद्यानुबन्धाच्च पूर्वक्षणविनाशकाल एव तत्सदृशं क्षणान्तरमुदयते। तेनाकारविलक्षणत्वाभावादव्यवधानाच्चात्यन्तोच्छेदेऽपि स एवायमित्यभेदाध्यवसायी प्रत्ययः प्रसूयते। अत्यन्तभिन्नेष्वपि लूनपुनरूत्पन्नकुशकाशकेशादिषु दृष्ट एवायं स एवायम् इति प्रत्ययः, तथेहापि किं न संभाव्यते। तस्मात् सर्वं सत् क्षणिकमिति सिद्धम्। अत्र च पूर्वक्षण उपादानकारणम् उत्तरक्षण उपादेयम् इपि पराभिप्रायमङ्गीकृत्याह न तुल्यकालः इत्यादि ॥**

(અનુવાદ)

હવે બૌદ્ધદર્શન પદાર્થોનું ક્ષણ-ક્ષયિપણું પ્રયોગ દ્વારા સિદ્ધ કરતાં કહે છે કે : જે પદાર્થોનો સ્વભાવ નાશ પામવાનો છે, તે પદાર્થો અન્યક્ષણમાં નાશ થતા ઘટની જેમ ઉત્પત્તિ થયા બાદ રહી શકતા નથી, રૂપ આદિ પોતાની ઉત્પત્તિના સમયે નાશ પામે છે. તેથી રૂપ આદિ પોતાની ઉત્પત્તિ થયા બાદ રહી શકતાં નથી. આ સ્વભાવહેતુ અનુમાન કહેવાય છે. (બૌદ્ધમતમાં સ્વભાવહેતુ કાર્યહેતુ અને અનુપલબ્ધિહેતુ આ ત્રણ પ્રકારના હેતુ છે. જેમ આ વૃક્ષ શિંશપા છે, વૃક્ષત્વ હોવાથી. અહીં વૃક્ષત્વ અને શિંશપાત્વનો સ્વભાવસંબંધ હોવાથી સ્વભાવહેતુ અનુમાન કહેવાય. (૨) અહીં અગ્નિ છે, ધૂમ હોવાથી. આ કાર્યકારણભાવ સંબંધ હોવાથી કાર્યહેતુ અનુમાન કહેવાય. (૩) અહીં ઘટ નથી. જો ઘટ હોય તો ઉપલબ્ધ થાય, નથી માટે ઘટની અનુપલબ્ધિ છે. આ અનુપલબ્ધિ હેતુ કહેવાય છે.)

શંકા : જો પદાર્થો ક્ષણુક્ષયી હોય તો ઘટ આદિની ઉત્પત્તિથી માંડીને ઘટના નાશપર્યંત 'તે જ આ ઘટ છે. એવી પ્રત્યભિજ્ઞા કઇ રીતે થઇ શકે ?

સમાધાન : વાસ્તવિક તો પ્રત્યેક પદાર્થ ક્ષણુ ક્ષણુમાં નાશવંત છે. જે ઘટ આદિ એકરૂપે દેખાય છે, તે પણ પ્રતિક્ષણમાં નાશવંત જ છે. કેમકે ઘટની પૂર્વ પૂર્વ ક્ષણુ ઉત્તર ઉત્તર ક્ષણુને ઉત્પન્ન કરે છે, પરંતુ તે તે ક્ષણોમાં એટલી સમાનતા છે કે જેથી પૂર્વ પૂર્વ ઘટનો નાશ અને ઉત્તર ઉત્તર નવીન ઘટની ઉત્પત્તિ થવા છતાં પણ ઘટની એકતાના જ્ઞાનમાં અંતર પડતું નથી, વળી ઘટના પૂર્વ ક્ષણુનો અત્યંત નાશ થવા છતાં પણ

વિલક્ષણુતાના અભાવે તેની સમાન ઉત્તર ક્ષણની ઉત્પત્તિ હોઈને પૂર્વ આકારનો નાશ જોવામાં આવતો નથી, તેથી પૂર્વક્ષણનો નાશ અને ઉત્તર ક્ષણની ઉત્પત્તિમાં વ્યવધાન દેખવામાં આવતું નથી. આથી ઘટની પૂર્વક્ષણ નો અત્યંત નાશ થવા છતાં પણ અવિદ્યાના વશથી 'આ એ જ ઘટ છે.' ઇત્યાકારક અભેદ પ્રતીતિ થાય છે. જેમ પૂર્વે કાપેલા અને ફરીથી ઉત્પન્ન થયેલા ઘાસ અને કેશ આદિની પૂર્વ અને ઉત્તર ક્ષણનો અત્યંત ભેદ હોવા છતાં પણ 'આ તે જ ઘાસ છે.' 'આ તે જ કેશ છે,' ઇત્યાકારક પ્રત્યભિજ્ઞા થાય છે. તેવી જ રીતે ક્ષણ ક્ષણમાં નાશ થવાવાળા પ્રત્યેક પદાર્થમાં પણ પૂર્વ-ઉત્તરક્ષણનો અત્યંત ભેદ હોવા છતાં તેમાં એકતાનું જ્ઞાન થાય છે. માટે પદાર્થોનું ક્ષણિકપણું જ સિદ્ધ થાય છે. અહીં પૂર્વ ક્ષણ ઉપાદાન કારણ છે અને ઉત્તર ક્ષણ ઉપાદેય છે. આ પ્રમાણે પર(બૌદ્ધ)ના અભિપ્રાયને અંગીકાર કરીને સ્તુતિકારે 'न तुल्यकालः' ઇત્યાદિ પદનું ગ્રહણ કર્યું છે.

(टीका) ते विशकलितमुक्तावलीकल्पा निरन्वयविनाशिनः पूर्वक्षणा उत्तरक्षणान् जनयन्तः किं स्वोत्पत्तिकाले एव जनयन्ति, उत क्षणान्तरे? न तावदाद्यः। समकालभाविनोर्युवतिकुचयोरिवोपादानोपादेयभावाभावात्। अतः साधूक्तम् न तुल्यकालः फलहेतुभाव इति। न च द्वितीयः। तदानीं निरन्वयविनाशेन पूर्वक्षणस्य नष्टत्वादुत्तरक्षणजनने कुतः संभावनापि। न चानुपादानस्योत्पत्तिर्दृष्टा, अतिप्रसङ्गात्। इति सुष्ठु व्याहृतं हेतौ विलीने न फलस्य भाव इति। पदार्थस्त्वनयोः पादयोः प्रागेवोक्तः। केवलमत्र फलमुपादेयं हेतुरुपादानं तद्भाव उपादानोपादेयभाव इत्यर्थः॥

(અનુવાદ)

જૈન દર્શન કહે છે : તમારા મતમાં દોરા વિનાની છૂટક મોતીની માળા સમાન નિરન્વય નાશ થવાના સ્વભાવવાળા પૂર્વક્ષણો ઉત્તર ક્ષણોને ઉત્પન્ન કરે છે, તે શું પોતાના ઉત્પત્તિ-કાલમાં જ પૂર્વક્ષણો ઉત્તરક્ષણોને ઉત્પન્ન કરે છે કે પોતાની ઉત્પત્તિ થયા બાદ અન્યક્ષણમાં ઉત્પન્ન કરે છે? અર્થાત્ પૂર્વ-ઉત્તરક્ષણો એક જ કાળમાં ઉત્પન્ન થાય છે કે ક્રમપૂર્વક ઉત્પન્ન થાય છે? પહેલો વિકલ્પ ઠીક નથી, કેમકે પૂર્વ ઉત્તર ક્ષણો એકી સાથે (એકજ કાલમાં) ઉત્પન્ન થઈ શકતા નથી જેમ એકી સાથે ઉત્પન્ન થવાવાળા સ્ત્રીના બે સ્તનોમાં ઉપાદાન-ઉપાદેયભાવ હોઇ શકતો નથી, તેમ એકી સાથે ઉત્પન્ન થનારા પૂર્વઉત્તર ક્ષણોમાં ઉપાદાન-ઉપાદેયભાવ ઘટી શકતો નથી. કારણ અને કાર્ય બન્ને એક જ કાળમાં ઉત્પન્ન થઇ શકતાં નથી. તેથી न तुल्यकालः फलहेतुभावः' એ યુકત જ કહેલું છે. હવે બીજો વિકલ્પ-પૂર્વક્ષણ ઉત્તરક્ષણને વિભિન્ન કાળમાં ઉત્પન્ન કરે છે. તે પણ બરાબર નથી. કેમકે પૂર્વક્ષણ સર્વથા વિનાશી હોઈને તેનો અત્યંત નાશ થવાથી પૂર્વક્ષણમાં ઉત્તરક્ષણને ઉત્પન્ન કરવાની સંભાવના પણ હોઈ શકતી નથી. અર્થાત્ ઉપાદાન કારણરૂપ પૂર્વક્ષણનો સર્વથા નાશ થવાથી પૂર્વક્ષણ ઉત્તરક્ષણને ઉત્પન્ન કરી શકતો નથી. જો ઉપાદાન કારણ વિના પણ ઉપાદેયની ઉત્પત્તિ થતી હોય તો પ્રત્યેક પદાર્થથી પ્રત્યેક પદાર્થની ઉત્પત્તિ થવી જોઈએ. આથી 'हेतौ विलीने न फलस्य भावः'

હેતુના નાશથી ફલનો અભાવ થાય છે. તે વાત અમે સારી રીતે કહી છે. આ બન્ને પાદનો અર્થ પૂર્વે કહેલો જ છે, તેથી અહીં ફલ ઉપાદેય અને હેતુ ઉપાદાન, તે બન્નેના સંબંધને ઉપાદાન-ઉપાદેયભાવ કહે છે.

(ટીકા) यच्च क्षणिकत्वस्थापनाय मोक्षाकरगुप्तेनानन्तरमेव प्रलपितं तत् स्याद्वादवादे निरवकाशमेव । निरन्वयनाशवर्जं कथंचित्सिद्धसाधनात् । प्रतिक्षणं पर्यायनाशस्यानेकान्तवादिभिरभ्युपगमात् । यदप्यभिहितम् 'न ह्येतत् संभवति जीवति च देवदत्तो मरणं चास्य भवतीति,' तदपि संभवादेव न स्याद्वादिनां क्षतिमावहति । यतो जीवनं प्राणधारणं, मरणं चायुर्दलिकक्षयः । ततो जीवतोऽपि देवदत्तस्य प्रतिसमयमायुर्दलिकानामुदीर्णानां क्षयादुपपन्नमेव मरणम् । न च वाच्यमन्त्यावस्थायामेव कृत्स्नायुर्दलिकक्षयात् तत्रैव मरणव्यपदेशो युक्त इति । तस्यामप्यवस्थायां न्यक्षेण तत्क्षयाभावात् । तत्रापि ह्यवशिष्टानामेव तेषां क्षयो न पुनस्तत्क्षण एव युगपत्सर्वेषाम् । इति सिद्धं गर्भादारभ्य प्रतिक्षणं मरणम् । इत्यलं प्रसङ्गेन ।।

(અનુવાદ)

ક્ષણિકત્વની સિદ્ધિને માટે 'મોક્ષાકર ગુપ્ત' નામના બૌદ્ધાચાર્યે ઉપર્યુક્ત જે નિત્યત્વનું ખંડન કર્યું છે, તેનો સ્યાદ્વાદમાં કોઇ અવકાશ નથી. કેમ કે સ્યાદ્વાદી (અનેકાન્તવાદી) એક નિરન્વય નાશને વર્જીને સકલ બૌદ્ધમતનું કથંચિત્ સમર્થન કરે છે. કેમકે એકાન્ત વાદી પર્યાયના નાશની અપેક્ષાએ સર્વવસ્તુનો પ્રતિક્ષણે નાશ સ્વીકારે છે.

તમે જે કહ્યું : 'જીવતા દેવદત્તને મૃત તરીકે કહી શકાતો નથી' આ કથન ઠીક નથી. કેમ કે જીવોનું પ્રતિક્ષણે મરણ થતું હોવાથી અનેકાન્તવાદીને કોઈ ક્ષતિ આવતી નથી. પ્રાણને ધારણ કરવો તે જીવન અને આયુષ્યકર્મનાં દલિકોનો નાશ, તે મરણ તેથી દેવદત્તની જીવિત દશામાં પણ પ્રત્યેક સમયે ઉદયમાં આવતાં આયુષ્યનાં દલિકોનો ક્ષય થતો હોવાથી જીવતા પણ દેવદત્તમાં મરણભાવનો વ્યવહાર થઈ શકે છે. જો કહેશો કે 'અન્ત્ય અવસ્થામાં સંપૂર્ણ આયુષ્યનાં દલિકોનો ક્ષય થાય છે તે મરણ કહેવાય છે' તે પણ યુક્ત નથી કેમકે મરણ આવીચી અને નિત્ય એમ બે પ્રકારે છે. પ્રત્યેકક્ષણે આયુનાં દલિકોનો ક્ષય થવો તે આવીચી મરણ અને અન્ત્ય અવસ્થામાં છેલ્લાં દલિકનો ક્ષય થવો તે નિત્ય મરણ કહેવાય છે. અન્ત્યાવસ્થામાં સંપૂર્ણ આયુષ્યનો ક્ષય થતો નથી. કેમકે અન્ત્ય અવસ્થામાં પણ આયુષ્યનાં બાકી રહેલાં દલિકોનો જ ક્ષય થાય છે. એકી સાથે એક જ ક્ષણમાં સર્વ દલિકોનો નાશ થતો નથી. ગર્ભાવસ્થાના આરંભથી મૃત્યુ પર્યંત જીવોનું પ્રતિક્ષણે મરણ થઈ રહ્યું છે. તે નિર્વિવાદ છે.

(ટીકા) अथवापरथा व्याख्या । सौगतानां किलार्थेन ज्ञानं जन्यते । तच्च ज्ञानं तमेव स्वोत्पादकमर्थं गृह्णातीति । "नाकारणं विषयः" इति वचनात् । तत्रार्थः कारणं ज्ञानं च कार्यमिति ।।

(અનુવાદ)

પૂર્વાર્ધની અન્ય પ્રકારે વ્યાખ્યા કરે છે. બૌદ્ધ દર્શન પદાર્થથી જ્ઞાનની ઉત્પત્તિ માને છે, તેથી પદાર્થથી ઉત્પન્ન થયેલું જ્ઞાન પોતાના ઉત્પાદક પદાર્થને જ ગ્રહણ કરે છે (જાણે છે). કહ્યું પણ છે કે : જે પદાર્થ જ્ઞાનની ઉત્પત્તિમાં કારણ નથી તે પદાર્થ જ્ઞાનનો વિષય પણ હોઈ શકતો નથી. તેથી જ પદાર્થ જ્ઞાન પ્રત્યે કારણ છે અને જ્ઞાન પદાર્થનું કાર્ય છે.

(ટીકા) एतच्च न चारु यतो यस्मिन क्षणेऽर्थस्य स्वरूपसत्ता तस्मिन्नद्यापि ज्ञानं नोत्पद्यते । तस्य तदा स्वोत्पत्तिमात्रव्यग्रत्वात् । यत्र च क्षणे ज्ञानं समुत्पन्नं तत्रार्थोऽतीतः । पूर्वापरकालभावनियतश्च कार्यकारणभावः । क्षणातिरिक्तं चावस्थानं नास्ति । ततः कथं ज्ञानस्योत्पत्तिः, कारणस्य विलीनत्वात् । तद्विलये च ज्ञानस्य निर्विषयतानुषज्यते । कारणस्यैव युष्मन्मते तद्विषयत्वात् । निर्विषयं च ज्ञानमप्रमाणमेवाकाशकेशज्ञानवत् । ज्ञानसहभाविनश्चार्थक्षणस्य न ग्राह्यत्वम्, तस्याकारणत्वात् । अत आह न तुल्यकाल इत्यादि । ज्ञानार्थयोः फलहेतुभावः कार्यकारणभावस्तुल्यकालो न घटते । ज्ञानसहभाविनोऽर्थक्षणस्य ज्ञानोत्पादकत्वात् । युगपद्भाविनोः कार्यकारणभावायोगात् । अथ प्राचोऽर्थक्षणस्य ज्ञानोत्पादकत्वं भविष्यति । तन्न । यत आह हेतौ इत्यादि । हेतावर्थरूपे ज्ञानकारणे विलीने क्षणिकत्वान्निरन्वयं विनष्टे न फलस्य ज्ञानलक्षणकार्यस्य भाव आत्मलाभः स्यात् । जनकस्यार्थक्षणस्यातीतत्वाद् निर्मूलमेव ज्ञानोत्थानं स्यात् ॥

(અનુવાદ)

જૈન દર્શન કહે છે કે : તમારૂં આ કથન ઠીક નથી. જે ક્ષણમાં પદાર્થ સ્વસ્વરૂપે વિદ્યમાન હોય છે. તે ક્ષણમાં જ્ઞાન ઉત્પન્ન થઇ શકતું નથી કારણ કે તમારા મતે પદાર્થો સંપૂર્ણરૂપે ઉત્પન્ન થતા નથી ત્યાં સુધી જ્ઞાનને ઉત્પન્ન કરવા માટે સમર્થ થઈ શકતા નથી. કેમકે તે ક્ષણમાં પદાર્થ પોતાની ઉત્પત્તિમાં જ વ્યગ્ર હોય છે. અને જે ક્ષણમાં જ્ઞાન ઉત્પન્ન થાય છે તે ક્ષણમાં તો પદાર્થ સ્વયં નષ્ટ થઇ જાય છે. કેમકે બૌદ્ધ મતે પ્રત્યેક પદાર્થ ક્ષણુક્ષણમાં નાશ પામવાના સ્વભાવવાળા છે. વળી પૂર્વ અને અપરકાલમાં રહેવાવાળા પદાર્થોમાં જ કાર્ય-કારણભાવ ઘટી શકે છે. પરંતુ બૌદ્ધ મતમાં તો કોઈપણ વસ્તુ ક્ષણુમાત્રથી અધિક કાલ રહી શકતી નથી, તેથી જ્ઞાનની ઉત્પત્તિના કારણરૂપ પદાર્થનો નિરન્વય નાશ થવાથી પદાર્થથી જ્ઞાનની ઉત્પત્તિ કઇ રીતે થઈ શકે ? વળી તમારા મતે જ્ઞાનની ઉત્પત્તિના કારણરૂપ પદાર્થ જ જ્ઞાનનો વિષય છે, તેથી પદાર્થનો નાશ થવાથી જ્ઞાન નિર્વિષય બની જશે. અને નિર્વિષય જ્ઞાન આકાશકેશના જ્ઞાનની જેમ અપ્રમાણ બનશે. એમ ના કહેશો કે જ્ઞાન અને પદાર્થ સાથે ઉત્પન્ન થાય છે. કેમકે સાથે ઉત્પન્ન થવાવાળા પદાર્થ અને જ્ઞાનમાં કાર્ય-કારણભાવ થઈ શકતો નથી. તેથી પદાર્થ કારણ અને જ્ઞાન એ તેનું કાર્ય બની શકતું નથી કારણ કે કારણ કાર્યની પહેલાં જ વિદ્યમાન હોવું જોઇએ. તેથી જ્ઞાનની સાથે ઉત્પન્ન થવાવાળા પદાર્થમાં જ્ઞાનનું

ઉત્પાદકપણું (જનકપણું) ઘટી શકતું નથી. જેવી રીતે સાથે ઉત્પન્ન થવાવાળા ગો-વિષાણમાં કાર્ય-કારણ ભાવ થઈ શકતો નથી, તેવી રીતે સાથે ઉત્પન્ન થવાવાળા પદાર્થ અને જ્ઞાનમાં કાર્યકારણભાવ ઘટી શકતો નથી, જો કહેશો કે પૂર્વે ઉત્પન્ન થયેલ પદાર્થ જ્ઞાનને ઉત્પન્ન કરે છે. નારે ના, પદાર્થ ક્ષણવિનાશી હોવાથી જ્ઞાનના કારણરૂપ પદાર્થનો નિરન્વય (નિર્મૂલ) નાશ થાય છે. તેથી પદાર્થના કાર્યરૂપ જ્ઞાનની ઉત્પત્તિ થઈ શકતી નથી. આ રીતે જ્ઞાનના ઉત્પાદક (જનક) પદાર્થનો નાશ થવાથી જ્ઞાનની ઉત્પત્તિ આકસ્મિક (કારણ વિના) માનવી પડશે.

(टीका) जनकस्यैव च ग्राह्यत्वे इन्द्रियाणामपि ग्राह्यत्वापत्तिः। तेषामपि ज्ञान-जनकत्वात्। चान्वयव्यतिरेकाभ्यामर्थस्य ज्ञानहेतुत्वं दृष्टम्। मृगतृष्णादौ जला-भावेऽपि जलज्ञानोत्पादात्। अन्यथा तत्प्रवृत्तेरसंभवात्। भ्रान्तं तज्ज्ञानमिति चेत्, ननु भ्रान्ताभ्रान्तविचारः स्थिरीभूय क्रियतां त्वया। सांप्रतं प्रतिपद्यस्व तावदनर्थजमपि ज्ञानम्। अन्वयेनार्थस्य ज्ञानहेतुत्वं दृष्टमेवेति चेत्। न। न हि तद्भावे भावलक्षणोऽन्वय एव हेतुफलभावनिश्चयनिमित्तम् अपि तु तदभावेऽभावलक्षणो व्यतिरेकोऽपि। स चोक्तयुक्त्या नास्त्येव। योगिनां चातीतानागतार्थग्रहणे किमर्थस्य निमित्तत्वम्, तयोरसत्त्वात्।

"ण णिहाणगया भग्गा पुंजो णत्थि अणागए।
णिव्वुया णेव चिट्ठंति आरग्गे सरिसवोवमा" ॥

इति वचनात्। निमित्तत्वे चार्थक्रियाकारित्वेन सत्त्वादतीतानागतत्वक्षतिः ॥

(અનુવાદ)

જેવી રીતે જ્ઞાનની ઉત્પત્તિના કારણરૂપ પદાર્થને જ જ્ઞાનના વિષય તરીકે માનો છો તેવી રીતે ઇન્દ્રિયો પણ જ્ઞાનના વિષય બનશે. કેમકે ઇન્દ્રિયો પણ જ્ઞાનને ઉત્પન્ન કરે છે. માટે ઇન્દ્રિયો જ્ઞાનનું કારણ હોવાથી જ્ઞાનનો વિષય બનશે. પરંતુ ઇન્દ્રિયો જ્ઞાનનો વિષય બને તે તમને પસંદ નથી.

શંકા : પદાર્થ જ્ઞાનનું કારણ (વિષય) છે કેમકે પદાર્થનો જ્ઞાનની સાથે અન્વય-વ્યતિરેક સંબંધ છે. 'જેમ જ્યાં જ્યાં ધૂમ હોય ત્યાં ત્યાં અગ્નિ હોય, અને જ્યાં અગ્નિ ન હોય ત્યાં ધૂમ પણ ન હોય' ધૂમ અને અગ્નિમાં અન્વય-વ્યતિરેક સંબંધ હોવાથી અગ્નિ જેમ ધૂમનું કારણ છે. તેમ જ્યાં જ્ઞાન હોય છે ત્યાં પદાર્થ હોય છે, અને જ્યાં પદાર્થ નથી ત્યાં જ્ઞાન પણ નથી, આમ જ્ઞાન અને પદાર્થમાં અન્વય-વ્યતિરેક સંબંધ હોવાથી પદાર્થ જ્ઞાનનું કારણ થઈ શકે છે.

સમાધાન : તમે ભૂલા પડી ગયા ! ઝાંઝવાના નીરમાં નીરરૂપ અર્થનો અભાવ હોવા છતાં પણ નીરનું જ્ઞાન થાય છે અને નીર માટે મનુષ્યોની પ્રવૃત્તિ જોવામાં આવે છે.

જો નીરરૂપ અર્થના અભાવમાં નીર જ્ઞાનની ઉત્પત્તિ ન થતી હોય તો નીર માટે મનુષ્યોની પ્રવૃત્તિ ન થવી જોઈએ. પરંતુ પ્રવૃત્તિ તો થાય છે. તેથી સિદ્ધ થાય છે કે અર્થ એ જ્ઞાનનું કારણ નથી.

શંકા : મૃગતૃષ્ણામાં જે જળનું જ્ઞાન થાય છે તે જ્ઞાન ભ્રાન્ત હોવાથી પદાર્થ વિના પણ થઇ શકે, પરંતુ યથાર્થ જ્ઞાન પદાર્થ વિના ન થઈ શકે. માટે પદાર્થ જ્ઞાનનું કારણ બને છે.

સમાધાન :- જ્ઞાનમાં ભ્રાન્તાભ્રાન્તનો કોઇ પ્રશ્ન જ નથી પરંતુ પ્રશ્ન તો એ છે કે જ્ઞાન પદાર્થ વિના પણ થઈ શકે છે. જો કહો કે 'જ્યાં જ્ઞાન હોય છે ત્યાં પદાર્થ હોય છે માટે પદાર્થ જ્ઞાનનું કારણ બને છે' તે ઠીક નથી કેમકે જ્યાંસુધી પદાર્થ અને જ્ઞાનમાં 'જ્યાં પદાર્થ ના હોય ત્યાં જ્ઞાન પણ ના હોય, આવો વ્યતિરેક સંબંધ ના બને ત્યાં સુધી પદાર્થ જ્ઞાનનું કારણ ન બની શકે.

પદાર્થ અને જ્ઞાનમાં ઉક્ત યુક્તિથી અન્વય-વ્યતિરેક સંબંધ નહીં ઘટવાથી પદાર્થ અને જ્ઞાનનો કાર્ય-કારણ ભાવ સિદ્ધ થઈ શકતો નથી. તેમ જ અતીત અને અનાગત પદાર્થોને જાણવાવાળા યોગીપુરુષોના જ્ઞાનમાં પણ પદાર્થ નિમિત્તભૂત નથી. કેમકે જ્યારે યોગી-પુરુષો અતીત-અનાગત પદાર્થોને જાણે છે ત્યારે તો અતીત અનાગત પદાર્થોનો અભાવ હોય છે ! તેથી ભૂત-ભવિષ્યકાલીન પદાર્થના જ્ઞાનમાં પદાર્થો કારણ બની શકતા નથી. કહ્યું પણ છે કે : જે પદાર્થો નષ્ટ થયા હોય છે, અર્થાત્ અતીત હોય છે, અને જે પદાર્થો હજુ સુધી પ્રાપ્ત થયા નથી. અર્થાત્ અનાગત છે, તે અતીત-અનાગતકાલીન પદાર્થોના ઠગલા હોતા નથી. અર્થાત્ અતીત-અનાગત પદાર્થોની અવિદ્યમાનતા હોય છે. જે પદાર્થો ઉત્પન્ન થાય છે. તે પણ સોયના અગ્રભાગ ઉપર રહેલા સરસવ સમાન છે. અર્થાત્ ઉત્પન્ન થતા પદાર્થો પણ બૌદ્ધ મતમાં ક્ષણિક છે તેથી તેમાં કોઈ અર્થ-ક્રિયાકારીપણું રહી શકતું નથી. અથવા માનો કે અતીત-અનાગત પદાર્થો પણ જ્ઞાનના કારણ ભૂત છે, તો તેમાં પણ અર્થ ક્રિયાકારિપણું રહેવાથી અતીત-અનાગત પદાર્થોનું પણ અસ્તિત્વ સ્વીકારવું પડશે ! તેથી અતીત-અનાગત પદાર્થો જ્ઞાન પ્રત્યે કારણ થવાથી તેમાં ભૂત-ભવિષ્યપણાની વ્યાવૃત્તિ થશે.

(ટીકા) न च प्रकाश्यादात्मलाभ एव प्रकाशकस्य प्रकाशकत्वम् । प्रदीपादेर्घ-टादिभ्योऽनुत्पन्नस्यापि तत्प्रकाशकत्वात् । जनकस्यैव च ग्राह्यत्वाभ्युपगमे स्मृत्यादेः प्रमाणस्याप्रामाण्यप्रसङ्गः, तस्यार्थाजन्यत्वात् । न च स्मृतिर्न प्रमाणम् । अनुमान-प्रमाणप्राणभूतत्वात् साध्यसाधनसम्बन्धस्मरणपूर्वकत्वात् तस्य । जनकमेव च चेद् ग्राह्यम्, तदा स्वसंवेदनस्य कथं ग्राहकत्वम् । तस्य हि ग्राह्यं स्वरूपमेव । न च तेन तज्जन्यते, स्वात्मनि क्रियाविरोधात् । तस्मात् स्वसामग्रीप्रभवयोर्घटप्रदीप-योरिवार्थज्ञानयोः प्रकाश्यप्रकाशकभावसंभवाद् न ज्ञाननिमित्तत्वमर्थस्य ॥

(અનુવાદ)

શંકા :- જ્ઞાન પ્રકાશ્ય(અર્થ)થી ઉત્પન્ન થઈને જે પદાર્થોને પ્રકાશિત કરે છે તે જ પ્રકાશક(જ્ઞાન)નું પ્રકાશકપણું છે.

સમાધાન :- કેવી અયોગ્ય વાત કરો છો! દીપક ઘટથી ઉત્પન્ન નહીં થવા છતાં પણ ઘટને પ્રકાશિત કરે છે! જેમ પદાર્થ અને જ્ઞાનમાં પ્રકાશ્ય-પ્રકાશક ભાવ છે. તેમ દીપક અને ઘટમાં પણ પ્રકાશ્ય-પ્રકાશક ભાવ છે, પરંતુ તેમાં કાર્ય-કારણભાવ સંબંધ નથી તેવી રીતે પદાર્થ અને જ્ઞાનમાં પણ કાર્ય-કારણભાવ સંબંધ થઈ શકતો નથી. વળી જ્ઞાન પદાર્થથી ઉત્પન્ન થઈને પદાર્થને જાણે છે તેમ સ્વીકારશો તો સ્મૃતિ (સ્મરણ) પ્રમાણ રૂપ બની શકશે નહીં કેમકે સ્મૃતિ કોઇ પદાર્થથી ઉત્પન્ન થતી નથી. વળી સ્મૃતિ પ્રમાણ રૂપ નથી તેમ નથી. અર્થાત્ અવશ્ય પ્રમાણ જ છે. કેમકે સ્મૃતિ જો પ્રમાણરૂપ ના હોય તો અનુમાનના પ્રાણરૂપ સાધ્ય-સાધનભાવ સંબંધ(વ્યાપ્તિ)નું સ્મરણ નહીં થવાથી અનુમાન પ્રમાણ બની શકશે નહીં તેમજ જ્ઞાનનો વિષય જ જો કારણ હોય તો સ્વસંવેદનરૂપ જ્ઞાનનો વિષય કોણ બનશે ? કેમકે સ્વસંવેદન જ્ઞાનનો વિષય સ્વ-સ્વરૂપ જ છે. અને સ્વસંવેદનરૂપ જ્ઞાનની ઉત્પત્તિ સ્વસંવેદનથી થઇ શકતી નથી, કેમકે સ્વસંવેદનમાં કોઈ ક્રિયા હોઈ શકતી નથી. તેથી તેમાં કાર્ય-કારણભાવ સંબંધ થઇ શકશે નહીં. માટે દીપક જેમ ઘટથી ઉત્પન્ન નહીં થવા છતાં પણ ઘટને પ્રકાશિત કરે છે, તેમ જ્ઞાન પદાર્થથી ઉત્પન્ન નહીં થવા છતાં પણ પદાર્થને જાણી શકે છે. તેથી પદાર્થ અને જ્ઞાનમાં પ્રકાશ્ય-પ્રકાશકભાવ સંબંધ છે, પરંતુ કાર્યકારણભાવ સંબંધ નથી.

नन्वर्थाजन्यत्वे ज्ञानस्य कथं प्रतिनियतकर्मव्यवस्था । तदुत्पत्तितदाकारताभ्यां हि सोपपद्यते । तस्मादनुत्पन्नस्यातदाकारस्य च ज्ञानस्य सर्वार्थान् प्रत्यविशेषात् सर्वग्रहणं प्रसज्येत । नैवम् । तदुत्पत्तिमन्तरेणाप्यावरणक्षयोपशमलक्षणया योग्यतयैव प्रतिनियतार्थप्रकाशकत्वोपपत्तेः । तदुत्पत्तावपि च योग्यतावश्यमेष्टव्या । अन्यथाऽज्ञे षार्थसान्निध्ये तत्तदर्थासांनिध्येऽपि कुतश्चिदेवार्थात् कस्यचिदेव ज्ञानस्य जन्मेति कौतस्कुतोऽयं विभागः ॥

(અનુવાદ)

શંકા : જો જ્ઞાન પદાર્થથી ઉત્પન્ન ના થતું હોય તો ઘટ જ્ઞાન ઘટને જ જાણે છે. પરંતુ પટને નહીં, તેવી પ્રતિનિયત વ્યવસ્થા બની શકે નહીં. અને એ વ્યવસ્થા તો ત્યારે જ ઘટે કે જ્યારે જ્ઞાન પદાર્થથી ઉત્પન્ન થઈને પદાર્થના આકારરૂપે પરિણત થાય ત્યારે જ જ્ઞાન પદાર્થને જાણી શકે છે, અને જો જ્ઞાન પદાર્થથી ઉત્પન્ન ના થતું હોય અને પદાર્થના આકાર રૂપે પરિણત ના થતું હોય તો જ્ઞાન જ્ઞાન રૂપે સર્વ પદાર્થો પ્રત્યે સમાન હોવાથી એક પદાર્થના જ્ઞાનથી સમસ્ત પદાર્થોનું જ્ઞાન થશે.

સમાધાનઃ તમે સમજ્યા નહીં. જ્ઞાન પદાર્થથી ઉત્પન્ન થયા વિના પણ પદાર્થને જાણી શકે છે. કારણ કે આવૃત કર્મના ક્ષયોપશમરૂપ યોગ્યતાથી જ જ્ઞાન પ્રતિનિયત (ઘટને ઘટરૂપે પટને પટરૂપે) પદાર્થોને જાણે છે. આથી જે સમયે જે પદાર્થના જ્ઞાનને આવરણ કરવાવાળા કર્મનો ક્ષય કે ક્ષયોપશમ થાય છે, તે સમયે તે પદાર્થનું જ્ઞાન થાય

છે. માટે પદાર્થથી જ્ઞાનની ઉત્પત્તિ માનવા છતાં પણ તેરૂપ યોગ્યતા અવશ્ય માનવી પડશે. જો જ્ઞાનમાં યોગ્યતા માનવામાં ના આવે તો સમસ્ત પદાર્થોના સમીપપણામાં અને તે તે પદાર્થોનું સમીપપણું નહીં હોવા છતાં પણ 'અમુક પદાર્થથી અમુક જ જ્ઞાન ઉત્પન્ન થાય છે.' તેવી વ્યવસ્થા કઈ રીતે બની શકશે ?

(ટીકા) तदाकारता त्वर्थाकारसंक्रान्त्या तावदनुपपन्ना । अर्थस्य निराकारत्वप्रसङ्गात् ज्ञानस्य साकारत्वप्रसङ्गाच्च । अर्थेन च मूर्तेनामूर्तस्य ज्ञानस्य कीदृशं सादृश्यम् । इत्यर्थविशेषग्रहणपरिणाम एव साभ्युपेया । ततः–

"अर्थेन घटयत्येनां न हि मुक्त्वार्थरूपताम् ।
तस्मात् प्रमेयाधिगतेः प्रमाणं मेयरूपता" ॥

इति यत्किञ्चिदेतत् ॥

(અનુવાદ)

જ્ઞાનમાં પદાર્થના આકારનું સંક્રમણ થવારૂપ તદાકારતા અયુક્ત છે. કેમકે જ્ઞાન પદાર્થના આકારને ગ્રહણ કરે તો જ્ઞાન સાકાર થશે પદાર્થ નિરાકાર થશે. આથી મૂર્ત પદાર્થની સાથે અમૂર્ત જ્ઞાનની સમાનતા થઈ શકતી નથી માટે જ્ઞાનમાં પ્રતિનિયત પદાર્થને ગ્રહણ (જાણવા) કરવા રૂપ પરિણામ જ માનવો જોઈએ. તેથી જ્ઞાનમાં અર્થાકારતા સિવાય પદાર્થ અને જ્ઞાનનો અન્ય કોઈ સંબંધ ઘટી શકતો નથી માટે 'જ્ઞાનનું પદાર્થના આકાર રૂપ થવું તે જ જ્ઞાનની પ્રમાણતા છે.' તેવું તમારૂં કથન ખંડિત થાય છે.

(ટીકા) अपि च, व्यस्ते समस्ते वैते ग्रहणकारणं स्याताम् । यदि व्यस्ते, तदा कपालाद्यक्षणो घटान्त्यक्षणस्य, जलचन्द्रो वा नभश्चन्द्रस्य ग्राहकः प्राप्नोति । यथासंख्यं तदुत्पत्तेः तदाकारत्वाच्च । अथ समस्ते, तर्हि घटोत्तरक्षणः पूर्वघटक्षणस्य ग्राहकः प्रसजति । तयोरुभयोरपि सद्भावात् । ज्ञानरूपत्वे सत्येते ग्रहणकारणमिति चेत्, तर्हि समानजातीयज्ञानस्य समनन्तरज्ञानग्राहकत्वं प्रसज्येत, तयोर्जन्यजनकभावसद्भावात् । तन्न योग्यतामन्तरेणान्यद् ग्रहणकारणं पश्याम इति ॥

(અનુવાદ)

વળી, આપે જે કહ્યું કે 'જ્ઞાન પદાર્થથી ઉત્પન્ન થઈને પદાર્થના આકારને ગ્રહણ કરીને, પદાર્થને જાણે છે. તો અહીં પ્રશ્ન થાય છે કે : તદુત્પત્તિ અને તદાકારતા, તો બન્ને પદાર્થના જ્ઞાનમાં અલગઅલગપણે કારણ છે ? અથવા બન્ને મળીને પદાર્થના જ્ઞાન પ્રત્યે કારણ છે ? જો તદુત્પત્તિ અને તદાકારતા પદાર્થના જ્ઞાનમાં અલગ અલગ રૂપે કારણ હોય તો કપાલના પ્રથમ ક્ષણથી ઘટના અંતિમ ક્ષણનું જ્ઞાન થવું જોઈએ. કેમકે કપાલના પ્રથમ ક્ષણથી ઘટના અંતિમ ક્ષણની અનુક્રમે ઉત્પત્તિ થાય છે. તેથી તેમાં તદુત્પત્તિ છે, અને જળમાં પ્રતિબિંબ રૂપે રહેલા ચંદ્રથી આકાશના ચંદ્રનું જ્ઞાન થવું જોઈએ કેમકે જળવર્તી ચંદ્રમાં આકાશવર્તી ચંદ્રનો આકાર છે, તેથી તેમાં તદાકારતા છે. પરંતુ કપાલના પૂર્વક્ષણથી ઘટના અંતિમ ક્ષણની ઉત્પત્તિ હોવા છતાં પણ કપાલના પ્રથમ

ક્ષણથી ઘટના અંતિમક્ષણનું જ્ઞાન થઈ શકતું નથી. તેવી જ રીતે જલચંદ્ર અને નભશ્ચંદ્રમાં તદાકારતા હોવા છતાં પણ જલચંદ્રથી નભશ્ચંદ્રનું જ્ઞાન થઇ શકતું નથી, માટે તદુત્પત્તિ અને તદાકારતા પદાર્થના જ્ઞાન પ્રત્યે અલગ અલગરૂપે કારણ બની શકતાં નથી. જો કહો કે : તદુત્પત્તિ અને તદાકારતા બન્ને મળીને પદાર્થના જ્ઞાન પ્રત્યે કારણ બને છે. તે પણ ઠીક નથી; કેમકે એવી રીતે તો ઘટની ઉત્તરક્ષણ ઘટની પૂર્વક્ષણનો ગ્રાહક થશે. કારણ કે ઘટની ઉત્તરક્ષણ ઘટની પૂર્વક્ષણથી ઉત્પન્ન થાય છે. અને ઘટની ઉત્તરક્ષણમાં ઘટની પૂર્વક્ષણનો આકાર પણ છે. તેથી ઘટની ઉત્તરક્ષણમાં તદુત્પત્તિ અને તદાકારતા બન્નેનો સદ્ભાવ છે માટે ઘટની ઉત્તરક્ષણ પૂર્વક્ષણની ગ્રાહક બનશે. પરંતુ ઘટની ઉત્તરક્ષણથી ઘટની પૂર્વક્ષણનું જ્ઞાન થઇ શકતું નથી. માટે તદુત્પત્તિ અને તદાકારતા બન્ને સાથે મળીને પણ પદાર્થના જ્ઞાનપ્રત્યે કારણ બનતાં નથી.

શંકા : જે જ્ઞાન જ્ઞાનસ્વરૂપ હોતે છતે જે પદાર્થથી ઉત્પન્ન થાય છે અને જે પદાર્થના આકારને ધારણ કરે છે, તે જ્ઞાન તે પદાર્થને જાણે છે. માટે પદાર્થના જ્ઞાન પ્રત્યે માત્ર તદુત્પત્તિ અને તદાકારતા કારણ નથી પરંતુ જ્ઞાનમાં જ્ઞાનરૂપતા હોતે છતે તદુત્પત્તિ અને તદાકારતા કારણ બને છે. પરંતુ એવો કોઇ નિયમ નથી કે જે કોઇ વસ્તુ જેનાથી ઉત્પન્ન થતી હોય અને જેના આકારને ગ્રહણ કરતી હોય તે વસ્તુ તે પદાર્થને જાણે.

સમાધાનઃ તમારૂં કહેવું ઉચિત નથી કેમકે પૂર્વજ્ઞાનથી અવ્યવહિતપણે ઉત્પન્ન થવાવાળું સમનન્તર જ્ઞાન સજાતીય એવા પૂર્વજ્ઞાનથી ઉત્પન્ન થાય છે અને પૂર્વજ્ઞાનસદૃશ પણ છે. તેમજ સ્વયં જ્ઞાનસ્વરૂપ પણ છે તેથી પાછળ થનારૂં સમનન્તર જ્ઞાન પૂર્વજ્ઞાનનું ગ્રાહક થશે. અને તેમાં જન્ય-જનકભાવનો સદ્ભાવ પણ છે પરંતુ સમનન્તર જ્ઞાન પૂર્વજ્ઞાન જાણી શકતું નથી. માટે પદાર્થના જ્ઞાનમાં આવૃત્ત કર્મના ક્ષયોપશમરૂપ યોગ્યતા સિવાય અન્ય કોઇ કારણ જોવામાં આવતું નથી. અર્થાત્ પ્રતિનિયત પદાર્થના જ્ઞાનમાં ક્ષયોપશમરૂપ યોગ્યતા જ કારણ છે.

(ટીકા) અથોત્તરાર્દ્ધં વ્યાખ્યાતુમુપક્રમ્યતે । તત્ર ચ બાહ્યાર્થનિરપેક્ષં જ્ઞાનાદ્વૈતમેવ યે બૌદ્ધવિશેષા મન્વતે તેષાં પ્રતિક્ષેપઃ । તન્મતં ચેદમ્ । ગ્રાહ્યગ્રાહકાદિકલઙ્કાનઙ્કિતં નિષ્પ્રપઞ્ચં જ્ઞાનમાત્રં પરમાર્થસત્ । બાહ્યાર્થસ્તુ વિચારમેવ ન ક્ષમતે । તથાહિ । કોઽયં બાહ્યોઽર્થઃ । કિં પરમાણુરૂપઃ સ્થૂલાવયવિરૂપો વા ? ન તાવત્ પરમાણુરૂપઃ, પ્રમાણાભાવાત્ । પ્રમાણં હિ પ્રત્યક્ષમનુમાનં વા ? ન તાવત્પ્રત્યક્ષં તત્સાધનબદ્ધકક્ષમ્ । તદ્ધિ યોગિનાં સ્યાત્ અસ્મદાદીનાં વા ? નાદ્યમ્ । અત્યન્તવિપ્રકૃષ્ટતયા શ્રદ્ધામાત્રગમ્યત્વાત્ । ન દ્વિતીયમ્ । અનુભવબાધિતત્વાત્ । ન હિ વયમયં પરમાણુરયં પરમાણુરિતિ સ્વપ્નેઽપિ પ્રતીમઃ । સ્તમ્ભોઽયં કુમ્ભોઽયમિત્યેવમેવ નઃ સદૈવ સંવેદનાદયાત્ । નાપ્યનુમાનેન તત્સિદ્ધિઃ અણુનામતીન્દ્રિયત્વેન તૈઃ સહાવિનાભાવસ્ય ક્વાપિ લિઙ્ગે ગ્રહીતુમશક્યત્વાત્ ।

(અનુવાદ)

હવે ઉત્તરાર્ધની વ્યાખ્યા કરતા ટીકાકાર પ્રથમ બાહ્યઅર્થનો પ્રતિક્ષેપ (ખંડન) કરનાર અને માત્ર જ્ઞાનને જ માનનાર એકદેશીય બૌદ્ધાનુયાયી જ્ઞાનાદ્વૈતવાદીના મતને દર્શાવે છેઃ-

પૂર્વપક્ષઃ ગ્રાહ્ય (પદાર્થ) ગ્રાહક (જ્ઞાન) આદિ કલંકથી રહિત કેવલ જ્ઞાન જ પરમાર્થથી સત્ છે, કેમકે વિચાર કરતાં બાહ્ય પદાર્થ સાવ વિશીર્ણ થઈ જાય છે. તે આ પ્રમાણે : તે બાહ્ય પદાર્થ કેવો છે ? શું પરમાણુરૂપ છે કે સ્થૂલઅવયવીરૂપ છે ? કોઈ પ્રમાણ ના હોવાથી પરમાણુરૂપ બાહ્યપદાર્થની સિદ્ધિ થઈ શકતી નથી. કેમકે પ્રમાણ દ્વારા જ પ્રમેયનો નિશ્ચય થાય છે. પ્રમાણ પ્રત્યક્ષ અને અનુમાન બે પ્રકારે છે. પ્રત્યક્ષ પ્રમાણથી પરમાણુરૂપ બાહ્ય પદાર્થની સિદ્ધિ થઈ શકતી નથી. કેમકે પ્રત્યક્ષ પ્રમાણ પણ યોગી-પ્રત્યક્ષ અને અસ્મદાદિ પ્રત્યક્ષ એમ બે પ્રકારે છે, તેમાં યોગી-પ્રત્યક્ષ અત્યંત દૂર હોવાથી માત્ર શ્રદ્ધાગમ્ય છે. માટે યોગીપ્રત્યક્ષથી પરમાણુરૂપ બાહ્ય પદાર્થની પ્રતીતિ થઇ શકતી નથી. અસ્મદાદિ-પ્રત્યક્ષ કે જે ઇન્દ્રિય-પ્રત્યક્ષ છે. તેનાથી પણ પરમાણુ રૂપ બાહ્ય પદાર્થનું જ્ઞાન થઈ શકતું નથી. કેમકે 'अयं परमाणुः अयं परमाणुः' આવું સૂક્ષ્મ-પરમાણુનું જ્ઞાન અમને સ્વપ્નને પણ થતું નથી પરંતુ 'આ સ્તંભ છે' 'આ ઘટ છે.' આવું સ્થૂલપદાર્થોનું જ અમને જ્ઞાન થાય છે. માટે પરમાણુ-રૂપ બાહ્ય પદાર્થ અનુભવનો વિષય નહીં હોવાથી અસ્મદાદિ-પ્રત્યક્ષથી પણ તેની સિદ્ધિ થઈ શકતી નથી. તેવી રીતે અનુમાનપ્રમાણથી પણ પરમાણુની સિદ્ધિ થશે નહીં, કેમકે પરમાણુ અતીન્દ્રિય પદાર્થ છે, તેનું પ્રત્યક્ષ--જ્ઞાન નહીં હોવાથી પરમાણુરૂપ સાધ્યની સાથે અવિનાભાવી (સાધ્યવિના હેતુ ના રહી શકે તેવા) હેતુનું જ્ઞાન થઇ શકતું નથી. માટે અનુમાન પ્રમાણથી પણ પરમાણુરૂપ બાહ્ય પદાર્થની સિદ્ધિ થઇ શકતી નથી.

(टीका) किञ्च अमी नित्या अनित्या वा स्युः । नित्याश्चेत्, क्रमेणार्थक्रियाकारिणो युगपद्वा ? न क्रमेण । स्वभावभेदेनानित्यत्वापत्तेः । न युगपत् । एकक्षण एव कृत्स्नार्थक्रियाकरणात् क्षणान्तरे तदभावादसत्त्वापत्तिः। अनित्याश्चेत्, क्षणिकाः कालान्तरस्थायिनो वा? क्षणिकाश्चेत्, सहेतुका निर्हेतुका वा? निर्हेतुकाश्चेत्, नित्यं सत्त्वमसत्त्वं वा स्यात् । निरपेक्षत्वात् । अपेक्षातो हि कादाचित्कत्वम् । सहेतुकाश्चेत्, किं तेषां स्थूलं किञ्चित् कारणं परमाणवो वा ? न स्थूलम् । परमाणुरूपस्यैव बाह्यार्थस्याङ्गीकृतत्वात् । न च परमाणवः ते हि सन्तोऽसन्तः सदसन्तो वा स्वकार्याणि कुर्युः सन्तश्चेत्, किमुत्पत्तिक्षण एव क्षणान्तरे वा ? नोत्पत्तिक्षणे, तदानीमुत्पत्तिमात्रव्यग्रत्वात् तेषाम् । अथ "भूतिर्येषां क्रिया सैव कारणं सैव चोच्यते" इति वचनाद् भवनमेव तेषामपरोत्पत्तौ कारणमिति चेत्, एवं तर्हि रूपाणवो रसाणूनाम्, ते च तेषामुपादानं स्युः, उभयत्रभवनाविशेषात् । न च क्षणान्तरे, विनष्टत्वात् । अथासन्तस्ते तदुत्पादकाः, तर्हि एकं स्वसत्ताक्षणमपहाय सदा तदुत्पत्तिप्रसङ्गः, तदसत्त्वस्य सर्वदाऽविशेषात् । सदसत्पक्षस्तु "प्रत्येकं यो भवेद्दोषो द्वयोर्भावे कथं न सः" इति वचनाद्विरोधाद्घात एव । तस्माणवः क्षणिकाः ।

(અનુવાદ)

વળી પરમાણુ નિત્ય છે કે અનિત્ય ? જો નિત્ય છે તો તે પરમાણુઓ ક્રમથી અર્થક્રિયા કરે છે કે એકી સાથે કરે છે ? જો નિત્ય પરમાણુ ક્રમથી અર્થક્રિયા કરે તો સ્વભાવભેદ થવાથી પરમાણુમાં અનિત્યપણું આવશે. અપ્રચ્યુત, અનુત્પન્ન, સ્થિર, એકરૂપ હોય તે જ નિત્ય કહેવાય છે. વળી પરમાણું એકી સાથે પણ અર્થક્રિયા કરશે નહીં કેમકે પરમાણું જો એક જ ક્ષણમાં સંપૂર્ણ અર્થક્રિયા કરી લે તો દ્વિતીયાદિ ક્ષણોમાં, પરમાણુમાં અર્થ-ક્રિયાનો અભાવ થવાથી, પરમાણુમાં અસત્ત્વપણું આવી જશે. કારણ કે જે અર્થક્રિયા કરે તે જ વસ્તુ કહેવાય છે. જો પરમાણુ અનિત્ય હોય તો તે ક્ષણિક છે કે અક્ષણિક ? જો ક્ષણિક છે તો તે હેતુથી ઉત્પન્ન થાય છે કે હેતુ વિના ઉત્પન્ન થાય છે ? જો પરમાણુ નિર્હેતુક હોય તો તે સદા સત્ છે કે અસત્ ? કેમકે નિર્હેતુક વસ્તુ સદા નિરપેક્ષ જ હોય છે. અપેક્ષિત વસ્તુમાં જ કાદાચિત્કપણું હોય છે. એમ ના કહેશો કે પરમાણું કોઇ કારણથી જન્ય છે. જો કોઇ કારણથી જન્ય કહો છો તો કોઇ સ્થૂલ કારણ પરમાણુનું ઉત્પાદક છે કે સ્વયં પરમાણુ પરમાણુનું કારણ છે ? સ્થૂલ પદાર્થ તો પરમાણુનું કારણ બનશે નહીં કેમકે તમે પરમાણુરૂપ જ બાહ્ય પદાર્થનો સ્વીકાર કરેલો છે. વળી સ્વયં પરમાણુ પરમાણુ પ્રત્યે કારણ બની શકતું નથી. કેમકે પરમાણુ પરમાણુ પ્રત્યે જો કારણ હોય તો તે પરમાણુઓ સત્ થઇને કાર્ય કરે છે કે અસત્ થઈને ? જો પરમાણુ સત્ રૂપ હોઇને સ્વકાર્ય કરતા હોય તો તે પરમાણુઓ પોતાની ઉત્પત્તિ ક્ષણમાં જ સ્વકાર્યને કરે છે કે પોતાની ઉત્પત્તિના દ્વિતીય ક્ષણમાં કરે છે ? પરમાણુઓ પોતાની ઉત્પત્તિ ક્ષણમાં સ્વકાર્યને કરી શકતા નથી. કેમકે સ્વોત્પત્તિ ક્ષણમાં તો પોતાની જ ઉત્પત્તિમાં વ્યગ્ર રહે છે. માટે ઉત્પત્તિ સમયે કાર્ય કરવા માટે સમર્થ થઇ શકતા નથી. એમ ના કહેશો કે ઉત્પન્ન થવારૂપ ક્રિયા એ ક્રિયારૂપ છે અને કારણરૂપ પણ છે. તેથી પરમાણુની ઉત્પત્તિ એ જ અપર પરમાણુ પ્રત્યે કારણ છે. તે પણ બરાબર નથી. કેમકે જો ઉત્પત્તિ એ જ અપર પરમાણુ પ્રત્યે કારણ હોય તો રૂપ-પરમાણુઓ રસ-પરમાણુઓની ઉત્પત્તિ પ્રત્યે ઉપાદાન કારણ થશે. કેમકે જેમ એક પરમાણુ સ્વયં ઉત્પન્ન થતાં અન્ય પરમાણુઓની ઉત્પત્તિ પ્રત્યે કારણ છે, તેમ રૂપ અને રસ પરમાણુઓ પણ સાથે ઉત્પન્ન થતા એકબીજાની ઉત્પત્તિમાં સહાયક બનશે. આથી રૂપ પરમાણુ અને રસ પરમાણુની ઉત્પત્તિમાં પૃથક્ પૃથક્ કારણ નહીં માનતાં રૂપ-પરમાણુથી રસ-પરમાણુની ઉત્પત્તિ માનવી જોઇએ. પરંતુ તે પ્રકારે માનવું અસંગત છે. જો કહો કે પરમાણુ સત્રૂપ હોઇને પોતાની ઉત્પત્તિના દ્વિતીય ક્ષણમાં અપર પરમાણુઓને ઉત્પન્ન કરે છે, તે પણ ઠીક નથી. કેમકે પરમાણુઓને પણ ક્ષણિક માનવામાં આવ્યા છે. તેથી તે અન્યક્ષણમાં તો નષ્ટ થઇ જાય છે, માટે ક્ષણાન્તરમાં અપર પરમાણુઓને કઇ રીતે ઉત્પન્ન કરી શકે ? જો કહો કે પરમાણુ અસત્રૂપે અપર પરમાણુને ઉત્પન્ન કરે છે, તે પણ ઠીક નથી. પોતાની ઉત્પત્તિના સમયને છોડીને સદાકાળ અપર અપર પરમાણુઓને ઉત્પન્ન કર્યા જ કરશે. કારણ કે પરમાણુનું અસત્રૂપ તો સદાકાળ એક સરખું જ છે. વળી પરમાણું સત્-અસત્ ઉભયરૂપે પણ અન્ય પરમાણુઓને ઉત્પન્ન કરી શકશે નહીં. કેમકે જે દોષ સત્ પક્ષમાં અને અસત્ પક્ષમાં આવે છે, તે બન્ને પક્ષના દોષો સત્-અસત્રૂપ ઉભય પક્ષમાં પણ આવશે. આથી સત્-અસત્રૂપે પણ પરમાણુમાં અર્થક્રિયા ઘટી શકતી નથી. માટે પરમાણુ-રૂપ બાહ્ય પદાર્થ ક્ષણિક નથી.

(टीका) नापि कालान्तरस्थायिनः। क्षणिकपक्षसदृक्षयोगक्षेमत्वात्। किञ्च, अमी कियत्कालस्थायिनोऽपि किमर्थक्रियापराङ्मुखाः तत्कारिणो वा? आद्ये खपुष्पवदसत्त्वापत्तिः। उदग्विकल्पे किमसद्रूपं सद्रूपमुभयरूपं वा ते कार्यं कुर्युः? असद्रूपं चेत्, शशविषाणादेरपि किं न करणम्। सद्रूपं चेत्, सतोऽपि करणेऽनवस्था। तृतीयभेदस्तु प्राग्वद्विरोधदुर्गन्धः। तन्नाणुरूपोऽर्थः सर्वथा घटते।

(अनुवाद)

अनित्य परमाणुओ એક क्षणथी अधिक, परंतु परिमित काल सुधी रहीने पण अर्थक्रिया करी शकता नथी. કેમકે જે દોષો क्षणिक પક્ષમાં આવે છે. તે જ દોષો અહીં પણ આવે છે. વળી તે પરિમિત કાળસુધી રહેવાવાળા પરમાણુઓ અર્થક્રિયા ના કરતા હોય તો આકાશ-પુષ્પની જેમ પરમાણુમાં असत्पणुं आवी જશે. કેમકે 'अर्थक्रियाकारित्व' वस्तुनुं लक्षण छे. જો તે પરમાણુઓ અર્થક્રિયા કરતા હોય તો सत्રૂપ કાર્યને કરે છે કે असत् રૂપ? અથવા सत्-असत्રૂપ કાર્ય કરે છે? જો પરમાણુઓ असत्-રૂપ કાર્ય કરતા હોય તો તે પરમાણુઓ असत् 'शशशृंग' પ્રત્યે પણ કારણ કેમ નહીં બને? જો પરમાણુ सत्રૂપ કાર્ય કરતા હોય તો જે કાર્ય स्वयं विद्यमान छे, तेने पण परमाणुओ उत्पन्न करे, तो सत्नो उत्पत्ति निरंतर थया करशे. तेथी अनवस्था दोष आवशे. अने सत्-असत् રૂપ तृतीय પક્ષમાં પણ सत् अने असत् પક્ષમાં જે દોષો છે, તે સર્વદોષો सत्-असत्રૂપ तृतीय પક્ષમાં પણ આવશે. માટે પરમાણુઓ सत् असत्રૂપ કાર્યને પણ કરી શકતા નથી. આમ પરમાણુમાં કોઇપણ પ્રકારે અર્થક્રિયા ઘટતી નહીં હોવાથી પરમાણુરૂપ બાહ્ય પદાર્થની સિદ્ધિ થઇ શકતી નથી.

(टीका) नापि स्थूलावयविरूपः। एकपरमाण्वसिद्धौ कथमनेकतत्सिद्धिः। तदभावे च तत्प्रचयरूपः स्थूलावयवो वाङ्मात्रम्। किञ्च, अयमनेकावयवाधार इष्यते। ते चावयवा यदि विरोधिनः, तर्हि नैकः स्थूलावयवी, विरुद्धधर्माध्यासात्। अविरोधिनश्चेत्, प्रतीतिबाधः। एकस्मिन्नेव स्थूलावयविनि चलाचलरक्तारक्ताऽऽवृतानावृतादिविरुद्धावयवानामुपलब्धेः। अपि च, असौ तेषु वर्तमानः कात्स्न्र्येन एकदेशेन वा वर्तते? कात्स्न्र्येन वृत्तावेकस्मिन्नेवावयवे परिसमाप्तत्वादनेकावयववृत्तित्वं न स्यात्। प्रत्यवयवं कात्स्न्र्येन वृत्तौ चावयविबहुत्वापत्तेः एकदेशेन वृत्तौ च तस्य निरंशत्वाभ्युपगमविरोधः। सांशत्वे वा तेऽशास्ततो भिन्ना अभिन्ना वा? भिन्नत्वे पुनरप्यनेकांशवृत्तेरेकस्य कात्स्न्र्यैकदेशविकल्पानतिक्रमादनवस्था। अभिन्नत्वे न केचिदंशाः स्युः।

(अनुवाद)

तेमज स्थूल अवयवीरूप कोई बाह्य पदार्थनी पण सिद्धि थई शकती नथी. કેમકે જ્યારે એક પરમાણુરૂપ બાહ્ય પદાર્થની સિદ્ધિ થતી નથી તો અનેક પરમાણુ રૂપ બાહ્ય પદાર્થની સિદ્ધિ તો થાય જ કયાંથી? આથી એક પરમાણુના અભાવમાં અનેક પરમાણુના સમૂહરૂપ બાહ્ય પદાર્થનો સ્વીકાર તે કેવલ વાણીનો વિલાસ છે. અર્થાત્ બાહ્ય પદાર્થ

જેવી કોઈ વસ્તુ જ નથી. વળી માનો કે સ્થૂલ અવયવીરૂપ બાહ્ય પદાર્થ છે, તો પણ તે અનેક પરમાણુઓના આધારરૂપ છે, તેથી તેમાં રહેલાં અનેક પરમાણુઓ પરસ્પર વિરોધી છે કે અવિરોધી? જો તે પરમાણુઓ પરસ્પર વિરોધી હોય તો તે પરસ્પર વિરુદ્ધ ધર્મવાળા પરમાણુઓથી એક સ્થૂલ અવયવી રૂપ બાહ્ય પદાર્થની નિષ્પત્તિ થઈ શકશે નહીં. વળી તે પરમાણુઓ અવિરોધી હોય તો તે અનુભવથી વિરુદ્ધ છે. કેમકે અમને એક પટરૂપ સ્થૂલ અવયવીમાં ચલ, અચલ, રક્ત, અરક્ત, આવૃત અને અનાવૃત આદિ પરસ્પર વિરુદ્ધ ધર્મો પ્રત્યક્ષ જોવામાં આવે છે. તથા તે અવયવી અવયવોમાં સંપૂર્ણરૂપ વ્યાપીને રહે છે કે એકદેશથી? જો અવયવી અવયવોમાં સંપૂર્ણ રૂપે રહે તો સંપૂર્ણપણે અવયવીનો એક જ અવયવમાં સમાવેશ થઈ જવાથી બાકીના અવયવોમાં અવયવીની વૃત્તિ નહીં થઈ શકે? જો પ્રત્યેક અવયવમાં અવયવી સંપૂર્ણ પણે રહે તો અવયવોનું અનેકપણું હોવાથી અવયવીનું પણ બહુપણું (અનેકપણું) થઈ જશે. એમ ના કહેશો કે અવયવી અવયવોમાં એકદેશથી રહે છે. તો અવયવોમાં અંશોની કલ્પના થવાથી એક નિરંશ અવયવી બની શકશે નહીં અને તમે તો અવયવીને નિરંશ માનેલો છે, તેથી અભ્યુપગમ-બાધ આવશે. જો કહો કે અવયવી અંશસહિત હોઈને અવયવોમાં રહે છે, તો એ અંશો અવયવોથી ભિન્ન છે કે અભિન્ન? જો અંશો અવયવોથી ભિન્ન હોય તો અહીં પુનઃ પર્યનુયોગ થાય છે કે અવયવી અવયવોમાં સંપૂર્ણરૂપે રહે છે કે એક દેશથી? આ રીતે પુનઃ પુનઃ કલ્પના કરવાથી અનવસ્થા દોષ દૂર થઈ શકતો નથી. જો અંશો અવયવોથી અભિન્ન હોય તો અવયવોને છોડીને અન્ય કોઈ પૃથક્ અંશોનું અસ્તિત્વ સિદ્ધ થઈ શકતું નથી

इति नास्ति बाह्योऽर्थः कश्चित्। किन्तु ज्ञानमेवेदं सर्वं नीलाद्याकारेण प्रतिभाति। बाह्यार्थस्य जडत्वेन प्रतिभासायोगात्। यथोक्तम् "स्वाकरबुद्धिजनका दृश्या नेन्द्रियगोचराः"। अलङ्कारकारेणाप्युक्तम्—

"यदि संवेद्यते नीलं कथं बाह्यं तदुच्यते।
न चेत् संवेद्यते नीलं कथं बाह्यं तदुच्यते॥"

यदि बाह्योऽर्थो नास्ति, किंविषयस्तर्ह्ययं घटपटादिप्रतिभासः इति चेत्, ननु निरालम्बन एवायमनादिवितथवासनाप्रवर्तितः, निर्विषयत्वात् आकाशकेशज्ञानवत्, स्वप्नज्ञानवद् वेति। अत एवोक्तम्—

"नान्योऽनुभाव्यो बुद्ध्यास्ति तस्या नानुभवोऽपरः।
ग्राह्यग्राहकवैधुर्यात् स्वयं सैव प्रकाशते॥
बाह्यो न विद्यते ह्यर्थो यथा बालैर्विकल्प्यते।
वासनालुठितं चित्तमर्थाभासे प्रवर्तते"॥ इति॥

(અનુવાદ)

આથી સિદ્ધ થયું કે સ્થૂલ અવયવીરૂપ કે પરમાણુરૂપ કોઇ બાહ્ય પદાર્થ છે જ નહીં. પરંતુ જે કોઈ નીલ. પીત આકારો દૃષ્ટિગોચર થાય છે. તે સર્વ જ્ઞાનરૂપ જ છે.

કેમકે બાહ્ય પદાર્થ જડ હોવાથી તેનું જ્ઞાન થઇ શકતું નથી. કહ્યું પણ છે કે 'જે બુદ્ધિને પદાર્થના આકારે ઉત્પન્ન કરે છે, તે દૃશ્ય પદાર્થો જ્ઞાનના વિષયો છે, પરંતુ ઇન્દ્રિયોના વિષયો નથી તથા પ્રમાણવાર્તિકાલંકાર નામના બૌદ્ધ ગ્રંથમાં પ્રજ્ઞાકર ગુપ્તે કહ્યું છે કે : જે નીલ જ્ઞાન છે તેને બાહ્ય અર્થ કઇ રીતે કહી શકાય? અને જે નીલજ્ઞાન નથી તેને પણ બાહ્ય અર્થ કઇ રીતે કહી શકાય?'

શંકા : જો બાહ્ય પદાર્થ કોઇ ના હોય તો ઘટ પટ આદિનું જ્ઞાન કઇ રીતે થઇ શકે?

સમાધાન : જે પ્રકારે બાહ્ય આલંબન વિના આકાશ-કેશનું જ્ઞાન થાય છે, અથવા તો સ્વપ્નાવસ્થામાં જેમ નિરાલંબન જ્ઞાન થાય છે, તેમ અનાદિ અવિદ્યાની વાસનાથી બાહ્ય પદાર્થના આલંબન વિના પણ ઘટ પટ આદિ પદાર્થોનું જ્ઞાન થઇ શકે છે. આથી કહ્યું પણ છે કે : બુદ્ધિમાં પ્રતિભાસિત પદાર્થ (અનુભાવ્ય) બુદ્ધિથી અતિરિક્ત (ભિન્ન) કોઇ વસ્તુ નથી. એ પ્રમાણે જ્ઞાન (અનુભવ) પણ બુદ્ધિથી અતિરિક્ત નથી. ગ્રાહ્ય (પદાર્થ) અને ગ્રાહક(જ્ઞાન)થી રહિત બુદ્ધિ સ્વયં ગ્રાહ્ય-ગ્રાહકરૂપે પ્રતિભાસિત થાય છે. આથી જેમ બાળકે કહેલી જે તે વાત પ્રમાણભૂત બનતી નથી, તેમ મૂર્ખ લોકો દ્વારા કલ્પિત કોઇ બાહ્ય પદાર્થ પ્રમાણભૂત નથી. અનાદિકાલિક અવિદ્યાની વાસનાથી બુદ્ધિ અર્થરૂપે પ્રતિભાસિત થાય છે.

(टीका) तदेतत्सर्वमवद्यम्। ज्ञानमिति हि क्रियाशब्दः ततो ज्ञायतेऽनेनेति ज्ञानं. ज्ञप्तिर्वा ज्ञानमिति। अस्य च कर्मणा भाव्यं निर्विषयाया ज्ञप्तेरघटनात्। न चाकाशकेशादौ निर्विषयमपि दृष्टं ज्ञानमिति वाच्यम्। तस्याप्येकान्तेन निर्विषयत्वाभावात्। न हि सर्वथागृहीतसत्यकेशज्ञानस्य तत्प्रतीतिः। स्वप्नज्ञानमप्यनुभूतदृष्टाद्यर्थविषयत्वान्न निरालम्बनम्। तथा च महाभाष्यकारः—

"अणुहूयदिट्ठचिंतियसुयपयइवियारदेवयाणूवा।
सुमिणस्स निमित्ताइं पुण्णं पावं च णाभावो

यश्च ज्ञानविषयः स बाह्योऽर्थः। भ्रान्तिरियमिति चेत् चिरं जीव। भ्रान्तिर्हि मुख्येऽर्थे क्वचिद् दृष्टे सति करणापाटवादिनान्यत्र विपर्यस्तग्रहणे प्रसिद्धा। यथा शुक्तौ रजतभ्रान्तिः। अर्थक्रियासमर्थेऽपि वस्तुनि यदि भ्रान्तिरुच्यते तर्हि प्रलीना भ्रान्ताभ्रान्तव्यवस्था तथा च सत्यमेतद्वचः—

आशामोदकतृप्ता ये ये चास्वादितमोदकाः।
रसवीर्यविपाकादि तुल्यं तेषां प्रसज्यते" ॥

(અનુવાદ)

ઉત્તરપક્ષ : બૌદ્ધદર્શનનું આ બધું કથન દોષપૂર્ણ છે. કેમકે જ્ઞાન શબ્દ ક્રિયાનો દ્યોતક છે. તેથી 'જેના વડે જણાય' અથવા જાણવું તે જ્ઞાન કહેવાય છે, માટે જ્ઞાન ક્રિયારૂપ હોવાથી તેનું કોઇ કર્મ અવશ્ય હોવું જોઇએ. જ્ઞાન નિર્વિષય હોઇ શકતું નથી. વળી આકાશકેશ આદિ અસત્ વસ્તુનું જે જ્ઞાન થાય છે. તે પણ એકાન્તે નિર્વિષયક

નથી. કેમ કે જેને કોઈ પણ વખતે સાચા કેશનું જ્ઞાન થયું હોતું નથી, તેને આકાશકેશનું મિથ્યા જ્ઞાન પણ થઈ શકતું નથી. તેમજ સ્વપ્નાવસ્થામાં પણ જાગૃદ્દશામાં અનુભવેલા પદાર્થોનું જ જ્ઞાન થાય છે. તેથી સ્વપ્નજ્ઞાન પણ સર્વથા નિરાલંબન (નિર્વિષયક) નથી. મહાભાષ્યકાર શ્રી જિનભદ્રગણિક્ષમાશ્રમણે પણ કહ્યું છે. કે : અનુભવેલ, જોયેલ, વિચારેલ, તથા શ્રવણ કરેલ વસ્તુથી વાતપિત્ત આદિ પ્રકૃતિના વિકારથી, વિશિષ્ટ દેવના અનુગ્રહ આદિથી અથવા તો સજ્જલ પ્રદેશ ઇત્યાદિ કારણોથી સ્વપ્નો આવે છે. શુભસ્વપ્નોમાં પુણ્ય અને અશુભ સ્વપ્નો આવવામાં પાપ કારણ છે. તેથી સ્વપ્ન જ્ઞાન પણ સર્વથા અવસ્તુ વિષયક નથી. તેથી જે જ્ઞાનનો વિષય છે તે જ બાહ્ય પદાર્થ છે. જો કહો કે જ્ઞાનમાં પ્રતિભાસિત બાહ્ય પદાર્થનું જે જ્ઞાન થાય છે તે ભ્રાન્તિરૂપ છે. તો હે ચિરંજીવ! ભ્રાન્તિ પણ એ પદાર્થમાં થાય છે કે જે પદાર્થને સત્ય રીતે જોયો હોય. રોગાદિથી ઇન્દ્રિયો અપટુ બની હોય છે ત્યારે છીપમાં ચાંદીની ભ્રાન્તિ થાય છે. તેમ કોઇક સત્ય પદાર્થમાં પણ ભ્રાન્તિરૂપ જ્ઞાન થાય છે. જો અર્થક્રિયા કરવામાં સમર્થ એવા પણ પદાર્થોમાં ભ્રાન્તિ સ્વીકારવામાં આવે તો ભ્રાન્ત અને અભ્રાન્ત જ્ઞાનની વ્યવસ્થા થઈ શકશે નહીં. તેથી જ કહ્યું છે કે : મોદક ખાવાની ઇચ્છાથી તૃપ્ત થયેલા અને સાચો મોદક ખાવાવાળા તે બન્નેને રસ, વીર્ય અને વિપાક આદિનું તુલ્યફળ મળવું જોઇએ. કેમકે અર્થક્રિયા કરવામાં સમર્થ પદાર્થોને પણ ભ્રાન્ત રૂપે સ્વીકારવામાં આવ્યા છે.

(ટીકા) न चामून्यर्थदूषणानि स्याद्वादिनां बाधां विदधते। परमाणुरूपस्य स्थूलावयविरूपस्य चार्थस्याङ्गीकृतत्वात् यच्च परमाणुपक्षखण्डनेऽभिहितं प्रमाणाभावादिति। तदसत्। तत्कार्याणां घटादीनां प्रत्यक्षत्वे तेषामपि कथञ्चित् प्रत्यक्षत्वं योगिप्रत्यक्षेण च साक्षात्प्रत्यक्षत्वमवसेयम्। अनुपलब्धिस्तु सौक्ष्म्यात्। अनुमानादपि तत्सिद्धिः। यथा सन्ति परमाणवः, स्थूलावयविनिष्पत्त्यन्यथानुपपत्तेः, इत्यन्तर्व्याप्तिः। न चाणुभ्यः स्थूलोत्पाद इत्येकान्तः। स्थूलादपि सूत्रपटलादेः स्थूलस्य पटादेः प्रादुर्भावविभावनात्। आत्माकाशादेरपुद्गलत्वकक्षीकाराच्च। यत्र पुनरणुभ्यस्तदुत्पत्तिस्तत्र तत्कालादिसामग्रीसव्यपेक्षक्रियावशात् प्रादुर्भूतं संयोगातिशयमपेक्ष्येयमवितथैव॥

(અનુવાદ)

તમે જ્ઞાનાદ્વૈતનું પ્રતિપાદન કરીને પરમાણુરૂપ અને સ્થૂલ અવયવીરૂપ બાહ્ય પદાર્થોનું ખંડન કર્યું છે. તેથી અમારા (જૈનદર્શનના) સિદ્ધાંતમાં કોઇ બાધા આવતી નથી. કેમકે અમે પરમાણુરૂપ અને સ્થૂલ અવયવીરૂપ બન્ને રૂપે બાહ્ય પદાર્થોનો સ્વીકાર કરેલો છે. તથા પરમાણુરૂપ બાહ્ય પદાર્થના પક્ષમાં જે પ્રમાણનો અભાવ બતાવવામાં આવ્યો છે, તે પણ ઠીક નથી. કેમકે પરમાણુની સિદ્ધિ કરવા માટે પ્રત્યક્ષ પ્રમાણ અને અનુમાન પ્રમાણનો સદ્ભાવ છે. તે આ પ્રમાણે : પરમાણુના કાર્યરૂપ ઘટાદિનો પ્રત્યક્ષ હોવાથી ઘટ આદિનાં કારણરૂપ પરમાણુઓનો પણ કથંચિત્ પ્રત્યક્ષ થાય છે. તેમજ યોગી પ્રત્યક્ષથી તો પરમાણુઓનો સાક્ષાત્ પ્રત્યક્ષ થાય છે. આપણને પરમાણુનું અતિ સૂક્ષ્મરૂપ હોવાથી સાક્ષાત્કાર થઈ શકતો નથી. વળી પરમાણુઓના અસ્તિત્વ વિના ઘટ આદિ સ્થૂલ અવયવીની ઉત્પત્તિ થઈ શકતી નથી. આવા અન્તર્વ્યાપ્તિ અનુમાનથી પણ પરમાણુની સિદ્ધિ થાય છે,

તેમજ કેવલ પરમાણુઓથી જ સ્થૂલ અવયવીની ઉત્પત્તિ થાય છે. તેવો કોઇ એકાન્તે નિયમ નથી; કેમકે તંતુના સમૂહરૂપ સ્થૂલ કારણથી પણ સ્થૂલ પટ આદિની ઉત્પત્તિ થાય છે તથા આત્મા અને આકાશ આદિ પુદ્ગલ પરમાણુથી ઉત્પન્ન થતાં નથી. અર્થાત્ આત્મા આકાશ આદિ કોઇનાથી પણ ઉત્પન્ન થતાં નથી. જ્યાં પરમાણુઓથી ઉત્પત્તિ થાય છે. ત્યાં પણ તે તે પરમાણુઓના કાળ, સ્વભાવ આદિ સામગ્રીથી સાપેક્ષ ક્રિયા સાથેના સંબંધની અપેક્ષાએ પરમાણુઓથી સ્થૂલ અવયવીની ઉત્પત્તિ થાય છે.

(टीका) यदपि किञ्चायमनेकावयवाधार इत्यादि, न्यगादि, तत्रापि कथञ्चिद्विरोध्यनेकावयवाविष्वग्भूतवृत्तिरवयव्यभिधीयते। तत्र च यद्विरोध्यनेकावयवाधारतायां विरुद्धधर्माध्यासनमभिहितं तत्कथञ्चिदुपेयत एव तावत्। अवयवात्मकस्य तस्यापि कथञ्चिदनेकरूपत्वात्। यच्चोपन्यस्तम्, अपि च असौ तेषु वर्तमानः कात्स्न्यैंकदेशेन वा वर्तेतेत्यादि। तत्रापि विकल्पद्वयानभ्युपगम एवोत्तरम्। अविष्वग्भावेनावयविनोऽवयवेषु वृत्तेः स्वीकारात्॥

(અનુવાદ)

'અવયવી અનેક અવયવોના આધારરૂપ છે.' ઇત્યાદિ કથન પણ સુયોગ્ય નથી. કેમકે જૈન દર્શન અનુસાર કથંચિત્ વિરોધી એવા અનેક અવયવોમાં જે અભિન્ન રૂપે રહે છે, તે અવયવી કહેવાય છે. અર્થાત્ અનેક અવયવોમાં કથંચિત્ વિરુદ્ધ ધર્મનો અધ્યાસ સ્વીકારવામાં આવ્યો છે. તેથી અવયવી અને અવયવોનો સર્વથા વિરોધ નહીં માનતાં કથંચિત્ વિરોધ માનવો જોઇએ. આથી અવયવી કથંચિત્ એક રૂપ છે, અને અવયવરૂપ હોવાથી અવયવોનું ઘણાપણું હોઈને અવયવી અનેકરૂપ પણ છે. વળી તમે પૂછો છો કે અવયવી અવયવોમાં સંપૂર્ણરૂપે રહે છે, કે એકદેશથી ? બંને વિકલ્પોનો અસ્વીકાર, એ જ અમારો ઉત્તર છે, અમારા મતે અવયવી અવયવોમાં અભેદ રૂપથી રહે છે.

(टीका) किञ्च, यदि बाह्योऽर्थो नास्ति, किमिदानीं नियताकारं प्रतीयते। नीलमेतत् इति विज्ञानाकारोऽयमिति चेत्। न। ज्ञानाद् बहिर्भूतस्य संवेदनात्। ज्ञानाकारत्वे तु अहं नीलम् इति प्रतीतिः स्यान्न तु इदं नीलम् इति। ज्ञानानां प्रत्येकमाकारभेदात् कस्यचित् 'अहम्' इति प्रतिभासः, कस्यचित् 'नीलमेतत्' इति चेत्। न। नीलाद्याकारवदहमित्याकारस्य व्यवस्थितत्वाभावात्। तथा च यदेकेनाहमिति प्रतीयते तदेवापरेण त्वमिति प्रतीयते। नीलाद्याकारस्तु व्यवस्थितः, सर्वैरप्येकरूपतया ग्रहणात्। भक्षितहत्पूरादिभिस्तु यद्यपि नीलादिकं पीतादितया गृह्यते, तथापि तेन न व्यभिचारः, तस्य भ्रान्तत्वात्। स्वयं स्वस्य संवेदनेऽहमिति प्रतिभास इति चेद्, ननु किं परस्यापि संवेदनमस्ति। कथमन्यथा स्वशब्दस्य प्रयोगः। प्रतियोगिशब्दो ह्ययं परमपेक्षमाण एव प्रवर्तते। स्वरूपस्यापि भ्रान्त्या भेदप्रतीतिरिति चेत्, हन्त प्रत्यक्षेण प्रतीतो भेदः कथं न वास्तवः।

(અનુવાદ)

જો કોઇપણ બાહ્ય પદાર્થ ના હોય તો આ નીલ છે.' ઇત્યાકારક પદાર્થનું નિશ્ચિત જ્ઞાન થઈ શકે નહીં. જો કહેશો કે 'આ નીલ છે' ઇત્યાદિ સંપૂર્ણ બાહ્ય પદાર્થો જ્ઞાનના આકાર છે, તે પણ ઠીક નથી, કેમકે બાહ્ય સર્વે પદાર્થો જો જ્ઞાનના આકાર હોય તો 'હું નીલ છું' ઇત્યાકારક જ્ઞાન થાય પરંતુ 'આ નીલ છે' તેવી પ્રતીતિ ન થવી જોઇએ.

શંકા : પ્રત્યેક જ્ઞાનના આકાર ભિન્ન ભિન્ન હોય છે. તેથી કયારેક 'હું નીલ છું.' અને કયારેક 'આ નીલ છે.' તેવી ભિન્ન ભિન્ન પ્રતીતિ થાય છે તેથી બાહ્ય અને અંતરંગ સર્વે પદાર્થો જ્ઞાનના આકારો છે.

સમાધાન : એ ઠીક નથી, કેમકે જે પ્રકારે નીલ આકાર (પદાર્થ) વ્યવસ્થિત છે, તે પ્રકારે 'अहम्' આકાર વ્યવસ્થિત નથી. કારણ કે જ્યારે એક વડે 'अहम्' પ્રતીતિ થાય છે, ત્યારે બીજા વડે 'त्वम्' પ્રતીતિ થાય છે. નીલ આદિ આકારો (પદાર્થો) સહુને એકરૂપે અનુભવમાં આવે છે. તથા પિત્તરોગજનક ધતુરા આદિના ભક્ષણથી નીલ વસ્તુ પીત રૂપે દેખાય છે, તે ભ્રાન્તિરૂપ છે, તેથી તેમાં વ્યભિચાર આવતો નથી. કેમકે જે લોકોએ ધતુરા આદિનું ભક્ષણ કર્યું હોતું નથી, તે લોકોને નીલ વસ્તુ હમેશાં નીલ રૂપે જ પ્રતિભાસે છે. એમ ના કહેશો કે સ્વયં પોતાને પોતાના જ્ઞાનમાં 'अहम्' ઇત્યાકારક જ પ્રતીતિ થાય છે. તો શું પરનું પણ સંવેદન થાય છે ખરૂં ? કેમકે પરનું સંવેદન ના હોય તો સ્વ શબ્દનો પ્રયોગ કઈ રીતે થઈ શકે ? કેમકે સ્વ શબ્દ પ્રતિયોગીરૂપ હોવાથી પરની અપેક્ષાએ જ સ્વ શબ્દનો પ્રયોગ કરવામાં આવે છે. માટે જો કોઇ વસ્તુ પર ના હોય તો તે તમે કોની અપેક્ષાએ સ્વ શબ્દનો પ્રયોગ કરી શકો ?

શંકા : સ્વ શબ્દમાં જે પરરૂપનું વેદન થાય છે. તે કેવલ ભ્રાન્તરૂપ છે, પરંતુ વાસ્તવિક તો સ્વ અને પરનો કોઇ ભેદ નથી.

સમાધાન : તો ઘણી ખેદની વાત છે કે પ્રત્યક્ષથી દેખાતા એવા સ્વ અને પર, બાહ્ય અને અંતરંગમાં તમે વાસ્તવિક ભેદ માનતા નથી.

(ટીકા) भ्रान्तं प्रत्यक्षमिति चेत् ननु कुत एतत्। अनुमानेन ज्ञानार्थयोरभेदसिद्धेरिति चेत्, किं तदनुमानमिति पृच्छामः। यद्येन सह नियमेनोपलभ्यते तत् ततो न भिद्यते, यथा सच्चन्द्रादसच्चन्द्रः। नियमेनोपलभ्यते च ज्ञानेन सहार्थ इति व्यापकानुपलब्धिः। प्रतिषेध्यस्य ज्ञानार्थयोर्भेदस्य व्यापकः सहोपलम्भानियमस्तस्यानुपलब्धिः। भिन्नयोर्नीलपीतयोर्युगपदुपलम्भनियमाभावात्। इत्यनुमानेन तयोरभेदसिद्धिरिति चेत्।

(અનુવાદ)

બૌદ્ધ દર્શન કહે છે : સ્વ અને પરનો ભેદ બતાવનાર પ્રત્યક્ષ ભ્રાન્ત છે, કેમકે અનુમાનથી જ્ઞાન અને પદાર્થમાં અભેદની સિદ્ધિ થાય છે. તે આ પ્રમાણે : જે જેની સાથે નિયમેન ઉપલબ્ધ હોય છે, તે તેનાથી ભિન્ન નથી હોતું. જેમ યથાર્થ ચંદ્ર ભ્રાન્ત ચંદ્ર સાથે ઉપલબ્ધ હોય છે, તેથી ભ્રાન્ત ચંદ્ર યથાર્થ ચંદ્રથી ભિન્ન નથી, એ રીતે

જ્ઞાન અને પદાર્થ એક સાથે ઉપલબ્ધ થાય છે, તેથી જ્ઞાન પદાર્થથી ભિન્ન નથી. એ પ્રકારે વ્યાપકાનુપલબ્ધિ–અનુમાનથી જ્ઞાન અને પદાર્થમાં અભેદની સિદ્ધિ થાય છે. પ્રતિષેધ્ય (સાધ્યથી વિપરીત) વ્યાપકની અનુપલબ્ધિને વ્યાપકાનુપલબ્ધિ કહે છે. 'જ્યાં જ્યાં ભેદ હોય ત્યાં ત્યાં સાથે રહેવાપણું ના હોય. અહીં જ્ઞાન અને પદાર્થના ભેદમાં (પ્રતિષેધ્ય) સાધનની અનુપલબ્ધિ હોવાથી જ્ઞાન અને પદાર્થમાં અભેદની સિદ્ધિ થાય છે. જેવી રીતે નીલ, અને પીત એક સાથે ઉપલબ્ધ થતા નથી, તેથી તેમાં પરસ્પર ભેદ છે, તેવી રીતે જ્ઞાન અને પદાર્થમાં ભેદની સિદ્ધિ થઇ શકતી નથી. કેમકે જ્ઞાન અને પદાર્થની સાથે જ ઉપલબ્ધિ થાય છે માટે તેમાં અભેદ છે.

(ટીકા) न। संदिग्धानैकान्तिकत्वेनास्यानुमानाभासत्वात्। ज्ञानं हि स्वपरसंवेदनम्। तत्परसंवेदनतामात्रेणैव नीलं गृह्णाति, स्वसंवेदनतामात्रेणैव च नीलबुद्धिम्। तदेवमनयोर्युगपद् ग्रहणात्सहोपलम्भनियमोऽस्ति अभेदश्च नास्ति। इति सहोपलम्भनियमरूपस्य हेतोर्विपक्षाद् व्यावृत्तेः संदिग्धत्वात् संदिग्धानैकान्तिकत्वम्। असिद्धश्च सहोपलम्भनियमः। नीलमेतत् इति बहिर्मुखतयाऽर्थेऽनुभूयमाने तदानीमेवान्तरस्य नीलानुभवस्यानुभवात्, इति कथं प्रत्यक्षस्यानुमानेन ज्ञानार्थयोरभेदसिद्ध्या भ्रान्तत्वम्। अपि च, प्रत्यक्षस्य भ्रान्तत्वेनाबाधितविषयत्वादनुमानस्यात्मलाभः, लब्धात्मके चानुमाने प्रत्यक्षस्य भ्रान्तत्वम्, इत्यन्योन्याश्रयदोषोऽपि दुर्निवारः। अर्थाभावे च नियतदेशाधिकरणाप्रतीतिः कुतः। न हि तत्र विवक्षितदेशेऽयमारोपयितव्यो नान्यत्रेत्यस्ति नियमहेतुः।

(અનુવાદ)

જૈન દર્શન કહે છેઃ પૂર્વોક્ત અનુમાન 'સંદિગ્ધાનૈકાન્તિક' હોવાથી અનુમાનાભાસ છે. જ્યાં સહોપલંભ હોય ત્યાં અભેદ હોય એવો કોઇ નિયમ નથી. કેમકે જ્ઞાન પોતે પોતાને જાણે છે, અને પર (પદાર્થ)ને પણ જાણે છે. જ્ઞાન સ્વસંવેદન માત્રથી નીલજ્ઞાનને જાણે છે, અને પર સંવેદનમાત્રથી નીલ(પદાર્થ)ને જાણે છે. યદ્યપિ નીલ અને નીલજ્ઞાનનું એકી સાથે ગ્રહણ થતું હોવાથી સહોપલંભ નિયમ છે, પરંતુ તેથી નીલ (પદાર્થ) અને નીલ જ્ઞાનમાં અભેદની સિદ્ધિ થઈ શકતી નથી. કેમકે નીલ (પદાર્થ) બાહ્ય અને નીલજ્ઞાન આભ્યંતર હોવાથી પરસ્પર ભિન્ન છે. તેથી સહોપલંભ નિયમ અને અભેદની વ્યાપ્તિ બની શકતી નથી. માટે જ્ઞાન અને પદાર્થમાં અભેદની સિદ્ધિ માટે તમારો સહોપલંભ નિયમ–હેતુ, અભેદરૂપ સાધ્યથી વિપરીત ભેદરૂપ વિપક્ષમાં રહેવાથી, સંદેહાત્મક હોવાને કારણે, સંદિગ્ધાનૈકાન્તિક નામનો હેત્વાભાસ બને છે તેમજ સહોપલંભ નિયમહેતુ પક્ષમાં નહીં રહેવાથી અસિદ્ધ પણ છે. કેમકે જ્યારે આ નીલ છે એવું બાહ્ય પદાર્થનું જ્ઞાન થાય છે ત્યારે અંતરંગ નીલ જ્ઞાનનો અનુભવ થતો નથી. કેમકે બન્ને જ્ઞાનની ઉત્પત્તિમાં સમયનું અંતર છે. આથી જ્ઞાન અને પદાર્થમાં ભેદ સિદ્ધ કરવાવાળા પ્રત્યક્ષમાં અભેદસાધક અનુમાન દ્વારા ભ્રાન્તપણું સિદ્ધ થઈ શકતું નથી. અને જો પ્રત્યક્ષમાં ભ્રાન્તપણું સિદ્ધ થાય તો અનુમાનનો વિષય અબાધિત થાય. જ્યારે અનુમાન અબાધિત

થાય ત્યારે પ્રત્યક્ષમાં ભ્રાન્તપણું સિદ્ધ થાય. આ રીતે અને પ્રત્યક્ષ પરસ્પર આશ્રિત હોવાથી અન્યોન્યાશ્રય દોષ પણ આવે છે. માટે પ્રત્યક્ષ કે અનુમાનથી જ્ઞાન અને પદાર્થમાં અભેદની સિદ્ધિ થઈ શકતી નથી. કોઇ બાહ્ય પદાર્થ ના હોય તો પદાર્થોના નિશ્ચિત સ્થાનની પ્રતીતિ પણ થઇ શકતી નથી. જેમ 'આ વસ્તુ આ સ્થાનમાં છે, અન્યત્ર નથી' આવો નિયમ બાહ્ય પદાર્થના અભાવમાં બની શકતો નથી.

(ટીકા) वासनानियमात्तदारोपनियम इति चेत्। न। तस्या अपि तद्देशनियमकारणाभावात्। सति ह्यर्थसद्भावे यद्देशोऽर्थस्तद्देशोऽनुभवः तद्देशा च तत्पूर्विका वासना। बाह्यार्थाभावे तु तस्याः किंकृतो देशनियमः।

(અનુવાદ)

બૌદ્ધ દર્શન કહે છે: અમે વાસનાથી પ્રતિનિયત સ્થાનમાં રહેવાવાળા પદાર્થનું જ્ઞાન કરીએ છીએ, જેમ ઘટ પ્રતિનિયત સ્થાનમાં રહેલ છે. પરંતુ તે સ્થાનનું સ્વતંત્ર અસ્તિત્વ સિદ્ધ થઇ શકતું નથી. વાસના દ્વારા 'અમુક પદાર્થ અમુક સ્થાનમાં છે, ઇત્યાદિ જ્ઞાન થાય છે. આથી બાહ્ય પદાર્થના જ્ઞાનનું કારણ વાસના છે. વાસ્તવિક કોઇ બાહ્ય પદાર્થ નથી.

જૈન દર્શન કહે છે: તમારી વાત માન્ય નથી. કેમકે વાસનાથી પણ પ્રતિનિયત સ્થાનનું જ્ઞાન થઇ શકતું નથી. બાહ્ય પદાર્થના સદ્ભાવમાં જ જે સ્થાનમાં જે પદાર્થનું અસ્તિત્વ હોય છે, તે સ્થાનમાં તે પદાર્થનું જ્ઞાન થાય છે, તે જ્ઞાન પૂર્વક જ વાસના ઉત્પન્ન થાય છે. આથી જો બાહ્ય પદાર્થ કોઇ ના હોય તો પ્રતિનિયત સ્થાનનો નિયમ કઇ રીતે થઇ શકે?

(ટીકા) अथास्ति तावदारोपनियमः। न च कारणविशेषमन्तरेण कार्यविशेषो घटते। बाह्यश्चार्थो नास्ति। तेन वासनानामेव वैचित्र्यं तत्र हेतुरिति चेत्, तद्वासनावैचित्र्यं बोधाकारादन्यत्, अनन्यद्वा। अनन्यच्चेत्। बोधाकारस्यैकत्वात्कस्तासां परस्परतो विशेषः। अन्यच्चेत्। अर्थे कः प्रद्वेषः, येन सर्वलोकप्रतीतिरपह्नूयते। तदेवं सिद्धो ज्ञानार्थयोर्भेदः।

(અનુવાદ)

બૌદ્ધ દર્શનઃ વાસનાથી પ્રતિનિયત સ્થાનના આરોપનો નિયમ થઇ શકે છે. કેમકે કારણવિશેષ વિના કાર્ય વિશેષની ઉત્પત્તિ થઇ શકતી નથી. બાહ્ય પદાર્થ તો કોઇ છે જ નહીં. તેથી ભિન્ન ભિન્ન પ્રકારના બાહ્ય પદાર્થોનું જ્ઞાન કરવામાં વાસનાનું વૈચિત્ર્યપણું જ કારણ છે.

જૈન દર્શનઃ એ વાસનાનું વૈચિત્ર્યપણું જ્ઞાનથી ભિન્ન છે કે અભિન્ન? જો વાસના વૈચિત્ર્યજ્ઞાનથી અભિન્ન હોય તો વાસનામાં વિચિત્રતા આવી શકશે નહીં કેમકે જ્ઞાન અને વાસના બન્નેનું એકપણું થવાથી વાસનામાં વિચિત્રતા સંભવી શકતી નથી. જો વાસનાનું વૈચિત્ર્યપણું જ્ઞાનથી ભિન્ન હોય તો અન્ય બાહ્ય પદાર્થો પ્રત્યે શું દ્વેષ છે કે

જેથી સર્વલોકની પ્રતીતિનો અપલાપ કરો છો ? અર્થાત્ જ્ઞાન અને વાસના બન્ને અલગ અલગ માનવાથી તમને અભિમત જ્ઞાનાદ્વૈતની સિદ્ધિ થઇ શકતી નથી. આથી–વાસનાવૈચિત્ર્ય નહીં માનતાં પદાર્થ વૈચિત્ર્ય માનવું તે જ શ્રેયસ્કર છે. આથી સિદ્ધ થાય છે કે જ્ઞાન અને પદાર્થ પરસ્પર ભિન્ન છે.

(टीका) तथा च प्रयोगः। विवादाध्यासितं नीलादि ज्ञानाद्व्यतिरिक्तं, विरुद्धधर्माध्यस्तत्वात्। विरुद्धधर्माध्यासश्च ज्ञानस्य शरीरान्तः, अर्थस्य च बहिः। ज्ञानस्यापरकाले, अर्थस्य च पूर्वकाले वृत्तिमत्त्वात्। ज्ञानस्यात्मनः सकाशात्, अर्थस्य च स्वकारणेभ्य उत्पत्तेः। ज्ञानस्य प्रकाशरूपत्वात्, अर्थस्य च जडरूपत्वादिति। अतो न ज्ञानाद्वैतेऽभ्युपगम्यमाने बहिरनुभूयमानार्थप्रतीतिः कथमपि सङ्गतिमङ्गति। न च दृष्टमपह्नोतुं शक्यमिति।

(અનુવાદ)

અનુમાનથી જ્ઞાન અને પદાર્થમાં ભેદની સિદ્ધિ કરે છે. નીલ અને પીત આદિ પદાર્થો જ્ઞાનથી ભિન્ન છે. કેમકે નીલાદિ પદાર્થો અને જ્ઞાનમાં પરસ્પર વિરુદ્ધ ધર્મનો અધ્યાસ છે. જે જે વિરુદ્ધ ધર્મના અધ્યાસી હોય છે. તે તે ભિન્ન હોય છે. જેમ શીત અને ઉષ્ણમાં પરસ્પર વિરુદ્ધ ધર્મોનો અધ્યાસ છે, તેથી તે પરસ્પર ભિન્ન છે. તેવી રીતે જ્ઞાન શરીરની અંદર છે. અને પદાર્થ બહાર છે. વળી જ્ઞાન જ્ઞેય(પદાર્થ)ની પશ્ચાત્ હોય છે અને જ્ઞેય જ્ઞાનની પૂર્વે રહે છે, જ્ઞાન આત્માથી ઉત્પન્ન થાય છે. જ્યારે પદાર્થ સ્વ સ્વ કારણથી ઉત્પન્ન થાય છે. જ્ઞાન પ્રકાશરૂપ છે. પદાર્થ જડરૂપ છે. તેથી જ્ઞાન અને પદાર્થ પરસ્પર વિરુદ્ધ ધર્મના અધ્યાસી હોવાથી જ્ઞાન જ્ઞેયથી ભિન્ન છે. આથી જ્ઞાનાદ્વૈતવાદમાં સર્વલોક પ્રસિદ્ધ બાહ્ય પદાર્થનું જ્ઞાન થઈ શકતું નથી. માટે પ્રત્યક્ષથી દૃષ્ટિગોચર થતા પદાર્થોનો અપલાપ કરવો શક્ય નથી.

(टीका) अत एवाह स्तुतिकारः न संविदद्वैतपथेऽर्थसंविद् इति। सम्यग्वैपरीत्येन विद्यतेऽवगम्यते वस्तुस्वरूपमनयेति संवित्। स्वसंवेदनपक्षे तु संवेदनं संवित् ज्ञानम्, तस्या अद्वैतम् द्वयोर्भावो द्विता, द्वितैव द्वैतं, प्रज्ञादित्वात् स्वार्थिकेऽणि। न द्वैतमद्वैतम् बाह्यार्थप्रतिक्षेपादेकत्वं। संविदद्वैतं ज्ञानमेवैकं तात्त्विकं न बाह्योर्थ इत्यभ्युपगम्यत इत्यर्थः। तस्य पन्थाः मार्गः संविदद्वैतपथस्तस्मिन् ज्ञानाद्वैतवादपक्ष इति यावत्। किमित्याह। नार्थसंवित् येयं बहिर्मुखतयार्थप्रतीतिः साक्षादनुभूयते सा न घटते इत्युपस्कारः एतच्चानन्तरमेव भावितम्।

(અનુવાદ)

સ્તુતિકાર શ્રી હેમચંદ્રાચાર્યે કહ્યું છે કે : જ્ઞાનાદ્વૈત પક્ષમાં પદાર્થોનું જ્ઞાન થઈ શકતું નથી. જેના વડે સમ્યક્ પ્રકારે વસ્તુ સ્વરૂપ જણાય તે સંવિત્ (જ્ઞાન) કહેવાય છે. તેમાં બાહ્ય પદાર્થનો નિષેધ કરીને કેવલ એક જ્ઞાનનું જ સત્યરૂપે અસ્તિત્વ સ્વીકારવું તે જ્ઞાનાદ્વૈત કહેવાય છે. તેનો પક્ષ તે જ્ઞાનાદ્વૈત પક્ષ કહેવાય છે. તે જ્ઞાનાદ્વૈત પક્ષમાં પદાર્થોની બાહ્યરૂપે સાક્ષાત્ પ્રતીતિ થઈ શકતી નથી. તેનું અનન્તર જ પ્રતિપાદન કરવામાં આવ્યું છે.

(टीका) एवं च स्थिते सति किमित्याह । विलूनशीर्णं सुगतेन्द्रजालम् इति । सुगतो मायापुत्रस्तस्य सम्बन्धि तेन परिकल्पितं क्षणक्षयादि वस्तुजातम् । इन्द्रजालमिवेन्द्रजालं । मतिव्यामोहविधातृत्वात् । सुगतेन्द्रजालं सर्वमिदं विलूनशीर्णम् । पूर्वं विलूनं पश्चात् शीर्णं विलूनशीर्णम् । यथा किञ्चित् तृणस्तम्बादि विलूनमेव शीर्यते विनश्यति, एवं तत्कल्पितमिदमिन्द्रजालं तृणप्रायं धारालयुक्तिशस्त्रिकया छिन्नं सद्विशीर्यत इति । अथवा यथा निपुणेन्द्रजालिककल्पितमिन्द्रजालमवास्तवतत्तद्वस्त्वद्भुततोपदर्शनेन तथाविधं बुद्धिदुर्विदग्धं जनं विप्रतार्य पश्चादिन्द्रधनुरिव निरवयवं विलूनशीर्णतां कलयति, तथा सुगतपरिकल्पितं तत्तत्प्रमाणतत्तत्फलाभेदक्षणक्षयज्ञानार्थहेतुकत्वज्ञानाद्वैताभ्युपगमादि सर्वं प्रमाणानभिज्ञं लोकं व्यामोहयमानमपि युक्त्या विचार्यमाणं विशरारुतामेव सेवत इति । अत्र च सुगतशब्द उपहासार्थः । सौगता हि शोभनं गतं ज्ञानमस्येति सुगतं इत्युशन्ति । ततश्चाहो तस्य शोभनज्ञानता, येनेत्थमयुक्तियुक्तमुक्तम् । इति काव्यार्थः ।

(અનુવાદ)

'પ્રમાણ અને ફળ અભિન્ન છે', 'સર્વ પદાર્થો ક્ષણિક છે.' 'જ્ઞાન અને અર્થ અભિન્ન છે' આવા માયાપુત્ર બુદ્ધના કલ્પિત સિદ્ધાંતો બુદ્ધિમાં ભ્રમ ઉત્પન્ન કરે છે. તે સિદ્ધાંતો ઇંદ્રજાલની જેમ શીર્ણ થઇ જાય છે. જેમ લણવાથી તૃણનો સમૂહ નાશ પામે છે, તેમ બૌદ્ધોથી કલ્પિત સિદ્ધાંત યુક્તિરૂપી તીક્ષ્ણ ધારવાળી છૂરી વડે છેદાઈને નાશ પામે છે. અથવા જેમ નિપુણ ઐન્દ્રજાલિકે વિસ્તારેલી ઇંદ્રજાલ મિથ્યા હોવાથી અલ્પકાલપર્યંત અદ્ભુત વસ્તુઓનું પ્રદર્શન કરીને પછી ઇંદ્રધનુષ્યની જેમ લુપ્ત થઈ જાય છે, તેમ સર્વ પદાર્થો ક્ષણિક છે..... ઇત્યાદિ સિદ્ધાંતોથી મુગ્ધ જનને ઠગીને અર્થાત્ મતિમાં ભ્રમ પેદા કરીને ઇન્દ્રધનુષ્યની જેમ (ઉક્તયુક્તિઓ દ્વારા) જર્જરિત થઈ જાય છે.

શ્લોકમાં જે 'સુગત' શબ્દ છે તે ઉપહાસ ગર્ભિત છે. જેનું જ્ઞાન સુંદર છે. તે સુગત. આચાર્ય મહારાજ ઉપહાસ કરતાં કહે છે કે : અહો ! તે બૌદ્ધોની સુજ્ઞતા કેવી છે કે તેઓનું વચન યુક્તયુક્ત સંભવતું નથી !

अवतरण

अथ तत्त्वव्यवस्थापकप्रमाणादिचतुष्टयव्यवहारापलापिनः शून्यवादिनः सौमतजातीयांस्तत्कक्षीकृतपक्षसाधकस्य प्रमाणस्याङ्गीकारानङ्गीकारलक्षणपक्षद्वयेऽपि तदभिमतार्थासिद्धिप्रदर्शनपूर्वकमुपहसन्नाह—

અવતરણ

હવે તત્ત્વનાં વ્યવસ્થાપક એવાં પ્રમાણ, પ્રમિતિ પ્રમેય અને પ્રમાતા, એ ચારના વ્યવહારનો અપલાપ કરનારા શૂન્યવાદી બૌદ્ધોએ સ્વીકારેલા પક્ષના સાધક-પ્રમાણનો સ્વીકાર અસ્વીકારરૂપ ઉભય પક્ષથી પણ તેઓને અભિમત સિદ્ધાંતની સિદ્ધિ થઈ શકતી નથી, તે દર્શાવવાપૂર્વક સ્તુતિકાર ઉપહાસ કરતાં કહે છે :-

विना प्रमाणं परवन्न शून्यः स्वपक्षसिद्धेः पदमश्नुवीत ।
कुप्येत्कृतान्तः स्पृशते प्रमाणमहो सुदृष्टं त्वदसूयिदृष्टम् ॥१७॥

મૂળ-અર્થ : પ્રમાણવાદી પ્રત્યક્ષાદિ-પ્રમાણ દ્વારા પોતાના પક્ષની સિદ્ધિ કરી શકે છે, પરંતુ શૂન્યવાદી કોઈપણ પ્રમાણ માનતા નહીં હોવાથી પ્રમાણવાદીની જેમ પોતાના પક્ષની સિદ્ધિ કરી શકતા નથી. જો શૂન્યવાદી સ્વપક્ષની સિદ્ધિ માટે પ્રમાણનું આલંબન લે તો તેમના ઉપર શૂન્યવાદરૂપ સ્વસિદ્ધાંત કોપાયમાન થઈ જાય ! અર્થાત્ તેમના પર શૂન્યવાદરૂપ યમ કોપાયમાન થવાથી સ્વસિદ્ધાંતની બાધા ઉપસ્થિત થાય, હે નાથ ! આપના મત તરફ ઈર્ષ્યા રાખનારા એવા તે લોકોની કેવી સુંદર સમજ છે.

(टीका) शून्यः शून्यवादी प्रमाणं प्रत्यक्षादिकं विना अन्तरेण स्वपक्षसिद्धेः स्वाभ्युपगतशून्यवादनिष्पत्तेः पदं प्रतिष्ठां नाश्नुवीत न प्राप्नुयात् । किंवत् परवत् इतरप्रामाणिकवत् । वैधर्म्येणायं दृष्टान्तः । यथा इतरे प्रामाणिकाः प्रमाणेन साधकतमेन स्वपक्षसिद्धिमश्नुवते एवं नायम् । अस्य मते प्रमाणप्रमेयादिव्यवहारस्यापारमार्थिकत्वात् । "सर्व एवायमनुमानानुमेयव्यवहारो बुद्ध्यारूढेन धर्मधर्मिभावेन न बहिः सदसत्त्वमपेक्षते" इत्यादिवचनात् । अप्रमाणकश्च शून्यवादाभ्युपगमः कथमिव प्रेक्षावतामुपादेयो भविष्यति । प्रेक्षावत्त्वव्याहतिप्रसंगात् ।

(અનુવાદ)

પ્રમાણવાદી પ્રમાણ દ્વારા પોતાના પક્ષની સિદ્ધિ કરી શકે છે, પરંતુ શૂન્યવાદી સ્વપક્ષની સિદ્ધિ કરી શકે નહીં. કારણ કે તેઓ કોઈ પ્રમાણ માનતા નથી. શૂન્યવાદીઓના મતમાં પ્રમાણ, પ્રમિતિ, પ્રમેય અને પ્રમાતાનો વ્યવહાર વાસ્તવિક માનવામાં આવ્યો નથી. તેમના

મતમાં કહ્યું છે કેઃ 'બુદ્ધિમાં આરૂઢ એવા ધર્મ-ધર્મીની કલ્પનાથી અનુમાન અને અનુમેયનો વ્યવહાર થાય છે. પરંતુ બુદ્ધિથી બહાર વાસ્તવિક સત્ કે અસત્ કોઈ પદાર્થ નથી' આથી શૂન્યવાદની સિદ્ધિ થઈ શકતી નથી. માટે શૂન્યવાદ બુદ્ધિમાન પુરુષોને કઈ રીતે આદરણીય થઈ શકે ?

(ટીકા) अथ चेत् स्वपक्षसंसिद्धये किमपि प्रमाणमयमङ्गीकुरुते, तत्रायमुपालम्भः कुप्येदित्यादि । प्रमाणं प्रत्यक्षाद्यन्यतमत् स्पृशते आश्रयमाणाय, प्रकरणादस्मै शून्यवादिने, कृतान्तस्तत्सिद्धान्तः कुप्येत्कोपं कुर्यात् सिद्धान्तबाधः स्यादित्यर्थः । यथा किल सेवकस्य विरुद्धवृत्त्या कुपितो नृपतिः सर्वस्वमपहरति, एवं तत्सिद्धान्तोऽपि शून्यवादविरुद्धं प्रमाणव्यवहारमङ्गीकुर्वाणस्य तस्य सर्वस्वभूतं सम्यग्वादित्वमपहरति ।

(અનુવાદ)

હવે જો શૂન્યવાદી સ્વપક્ષની સિદ્ધિ માટે પ્રત્યક્ષ આદિ કોઈ પણ પ્રમાણનો આશ્રય લે તો તેઓનો સિદ્ધાંત તેમના પર જ કોપાયમાન થાય ! અર્થાત્ તેઓનો સિદ્ધાંત બાધિત થાય. જેમ કોઇ રાજા પોતાના સેવકના વિરુદ્ધ-આચરણથી ક્રોધાયમાન થઈ સેવકનું સર્વસ્વ હરણ કરી લે છે, તેમ શૂન્યવાદરૂપી સિદ્ધાંત, શૂન્યવાદથી વિરુદ્ધ પ્રમાણ આદિ વ્યવહારનો સ્વીકાર કરવામાં આવે તો, શૂન્યવાદીઓના સર્વસ્વ સમ્યગ્વાદીપણાને હરી લે છે. કહેવાનું તાત્પર્ય એ છે કે પ્રત્યક્ષ આદિ પ્રમાણથી શૂન્યવાદની સિદ્ધિ થઈ શકતી નથી.

(ટીકા) किञ्च, स्वागमोपदेशेनैव तेन वादिना शून्यवादः प्ररूप्यते, इति स्वीकृतमागमस्य प्रामाण्यमिति कुतस्तस्य स्वपक्षसिद्धिः, प्रमाणाङ्गीकरणात् । किञ्च प्रमाणं प्रमेयं विना न भवतीति प्रमाणानङ्गीकरणे प्रमेयमपि विशीर्णम् । ततश्चास्य मूकतैव युक्ता, न पुनः शून्यवादोपन्यासाय तुण्डताण्डवाडम्बरम् । शून्यवादस्यापि प्रमेयत्वात् । अत्र च स्पृशिधातुं कृतान्तशब्दम् च प्रयुञ्जानस्य सूरेरयमभिप्रायः । यद्यसौ शून्यवादी दूरे प्रमाणस्य सर्वथाङ्गीकारो यावत् प्रमाणस्पर्शमात्रमपि विधत्ते, तदा तस्मै कृतान्तो यमराजः कुप्येत् । तत्कोपो हि मरणफलः । ततश्च स्वसिद्धान्तविरुद्धमसौ प्रमाणयन् निग्रहस्थानापन्नत्वाद् मृत एवेति ।

(અનુવાદ)

શૂન્યવાદી પોતાના આગમને અનુકૂળ શૂન્યવાદની પ્રરૂપણા કરે છે. આમ તેઓ આગમનો સ્વીકાર કરતા હોવાથી શૂન્યવાદની સિદ્ધિ થઈ શકતી નથી. વળી પ્રમાણ પ્રમેય વિના હોઇ શકતું નથી, પ્રમાણનો સ્વીકાર નહીં કરવાથી પ્રમેય પણ વિશીર્ણ થઈ જાય છે. માટે શૂન્યવાદીએ શૂન્યવાદની સ્થાપના કરવા માટે વાગાડંબરમાં નહીં રાચતા મૌન રહેવું એ જ શ્રેયસ્કર છે. કેમકે શૂન્યવાદ પણ પ્રમેય રૂપ છે. અહીં આચાર્ય મહારાજ નો 'સસ્પૃશ્' ધાતુ અને કૃતાન્ત' શબ્દનો પ્રયોગ કરવાનો એ અભિપ્રાય

છે કેઃ શૂન્યવાદી માટે સર્વથા પ્રમાણનો સ્વીકાર કરવો, તે તો દૂર રહો, પરંતુ પ્રમાણને સ્પર્શમાત્ર પણ તેઓ કરે તો તેમના પર યમરાજ કોપાયમાન થઇ જાય એટલે જેમ યમરાજ ક્રોધાયમાન થાય તો પ્રાણીઓનું મૃત્યુ થાય, તેમ સ્વપક્ષની સિદ્ધિ માટે પ્રમાણનો આશ્રય કરે તો શૂન્યવાદી નિગ્રહસ્થાનમાં પડવાથી મૃતપ્રાયઃ થઈ જાય છે. અર્થાત્ શૂન્યવાદની સિદ્ધિ કરવા માટે તેઓ સમર્થ થઇ શકતા નથી.

(टीका) एवं सति अहो इत्युपहासप्रशंसायाम्। तुभ्यमसूयन्ति गुणेषु दोषानाविष्कुर्वन्तीत्येवंशीलास्त्वदसूयिनस्तन्त्रान्तरीयास्तैर्दृष्टं मत्यज्ञानचक्षुषा निरीक्षितमहो। सुदृष्टं साधु दृष्टम्। विपरीतलक्षणयोपहासान्न सम्यग् दृष्टमित्यर्थ। अत्रासूयधातोस्ताच्छीलिकणक् प्राप्तावपि बाहुलकाण्णिन् असूयास्त्येषामित्यसूयिनस्त्वय्यसूयिनः। त्वदसूयिनः इति मत्वर्थीयान्तं वा। त्वदसूयुदृष्टमिति पाठेऽपि न किञ्चिदचारु। असूयुशब्दस्योदन्तस्योदयनाद्यैर्न्यायतात्पर्यपरिशुद्ध्यादौ मत्सरिणि प्रयोगादिति॥

(અનુવાદ)

'अहो' શબ્દ ઉપહાસ અને પ્રશંસાના અર્થમાં છે. તેથી હે ભગવાન, આપના ગુણોમાં ઈર્ષ્યા ધરાવનાર અન્યમતાનુસારીઓએ મતિ અજ્ઞાન રૂપી ચક્ષુવડે જે જાણ્યું છે, તે મિથ્યા હોવાથી ઉપહાસ પાત્ર છે. અહીં 'असूय' ધાતુમાં 'णक्' પ્રત્યયની પ્રાપ્તિ હોવા છતાં પણ બહુલતાથી 'णिन्' પ્રત્યય કરવામાં આવ્યો છે, તેથી 'असूयिन्' શબ્દ બન્યો છે, અથવા જેને असूया છે તેને असूयी કહેવાય છે' તેથી 'असूया' શબ્દથી મત્વર્થીય 'इन्' પ્રત્યય કરવાથી પણ असूयी શબ્દ બને છે. અથવા કોઈ પાઠમાં 'असूयु' શબ્દ હોય તો પણ તે અશુદ્ધ નથી, કેમકે ઉદયન આદિ આચાર્યો વડે, ન્યાય તાત્પર્ય પરિશુદ્ધિ આદિ ગ્રંથોમાં, માત્સર્ય-વાચક 'असूयु'શબ્દનો પણ પ્રયોગ કરવામાં આવ્યો છે.

(टीका) इह शून्यवादिनामयमभिसंधिः। प्रमाता प्रमेयं प्रमाणं प्रमितिरिति तत्त्वचतुष्टयं परपरिकल्पितमवस्त्वेव, विचारासहत्वात्, तुरङ्गशृङ्गवत्। तत्र प्रमाता तावदात्मा तस्य च प्रमाणग्राह्यत्वाभावादभावः। तथाहि। न प्रत्यक्षेण तत्सिद्धिरिन्द्रियगोचरातिक्रान्तत्वात्। यत्तु अहङ्कारप्रत्ययेन तस्य मानसप्रत्यक्षत्वसाधनम् तदप्यनैकान्तिकम्। तस्याहं गौरः श्यामो वेत्यादौ शरीराश्रयतयाप्युपपत्तेः। किञ्च, यद्यमहङ्कारप्रत्यय आत्मगोचरः स्यात् तदा न कादाचित्कः स्यात्। आत्मनः सदा सन्निहितत्वात्। कादाचित्कं हि ज्ञानं, कादाचित्ककारणपूर्वकं दृष्टम्। यथा सौदामिनीज्ञानमिति। नाप्यनुमानेन, अव्यभिचारिलिङ्गाग्रहणात्। आगमानां च परस्परविरुद्धार्थवादिनां नास्त्येव प्रामाण्यम्। तथाहि। एकेन कथमपि कश्चिदर्थो व्यवस्थापितः, अभियुक्ततरेणापरेण स एवान्यथा व्यवस्थाप्यते। स्वयमव्यवस्थितप्रामाण्यानां च तेषां कथमन्यव्यवस्थापने सामर्थ्यम्। इति नास्ति प्रमाता॥

(અનુવાદ)

પૂર્વપક્ષઃ પ્રથમ અહીં ટીકાકાર શૂન્યવાદીનો અભિપ્રાય દર્શાવે છેઃ પર વડે કલ્પિત પ્રમાતા, પ્રમેય, પ્રમાણ અને પ્રમિતિ, એ ચારે તત્ત્વ અવસ્તુ રૂપ છે. કેમકે એનો વિચાર કરતાં અશ્વશૃંગની જેમ અવસ્તુ રૂપે પ્રતિભાસિત થાય છે. તેમાં પ્રથમ પ્રમાતાનો વિચાર કરે છે. પ્રમાતા એટલે આત્મા. તે આત્માની કોઈ પણ પ્રમાણથી સિદ્ધિ થઈ શકતી નથી. તેથી આત્માનો અભાવ જ પ્રતીત થાય છે. આત્મા ઇન્દ્રિયનો વિષય નહીં હોવાથી પ્રત્યક્ષ-પ્રમાણથી આત્માની સિદ્ધિ થઈ શકતી નથી, જો કહો કે 'अहम्' પ્રત્યયથી માનસ-પ્રત્યક્ષ દ્વારા આત્માની સિદ્ધિ થાય છે, તે પણ અનૈકાન્તિક છે. કેમકે 'હું ગૌર છું, હું શ્યામ છું' ઇત્યાદિ જ્ઞાન શરીરને આશ્રયીને થાય છે. વળી જે 'अहम्' પ્રત્યય છે તે જો આત્માનો વિષય હોય તો આત્મા નિત્ય હોવાથી, સર્વદા 'अहम्...अहम्' ઇત્યાકારક જ્ઞાન થવું જોઈએ. પરંતુ કોઈ કોઈ વખતે ના થાય. પ્રસ્તુતમાં 'अहम्' એવું જ્ઞાન તો કાદાચિત્ક થાય છે, સર્વદા થતું નથી. માટે સિદ્ધ થાય છે કે 'अहम्' પ્રત્યય પણ કાદાચિત્ક (અનિત્ય) કારણ થી જ ઉત્પન્ન થાય છે, જેમ વિજળીનું જ્ઞાન કોઇ કોઈ વખતે થાય છે, તેથી તે જેમ અનિત્ય કારણથી ઉત્પન્ન થાય છે, તેમ 'अहम्' પ્રત્યય પણ કોઈ કોઈ સમયે થતો હોવાથી અનિત્ય કારણથી જ ઉત્પન્ન થાય છે. માટે પ્રત્યક્ષ પ્રમાણથી આત્માની સિદ્ધિ થઈ શકતી નથી. અનુમાન પ્રમાણથી પણ આત્માની સિદ્ધિ થતી નથી. કેમ કે આત્માને સિદ્ધ કરનાર કોઈ નિર્દોષ હેતુ નથી. તેમ આગમ પરસ્પર વિરૂદ્ધ અર્થને પ્રતિપાદન કરવાવાળો હોવાથી તેનાથી પણ આત્માની સિદ્ધિ થઇ શકતી નથી. કોઇ આગમ એક પદાર્થને અમુક પ્રકારે પ્રતિપાદન કરે છે ત્યારે તે જ પદાર્થને અન્ય શાસ્ત્ર અન્ય રીતે સિદ્ધ કરે છે. આમ આગમ સ્વયં અવ્યવસ્થિત હોવાથી અન્યની વ્યવસ્થા કરવા માટે કઇ રીતે સમર્થ થઈ શકે ? માટે પ્રમાતા(આત્મા)નું અસ્તિત્વ માનવું એ ઠીક નથી, અર્થાત્ આત્મા જેવી કોઈ વસ્તુ નથી,

(ટીકા) प्रमेयं च बाह्योऽर्थः, स चानन्तरमेव बाह्यार्थप्रतिक्षेपक्षणे निर्लोठितः। प्रमाणं च स्वपरावभासि ज्ञानम्। तच्च प्रमेयाभावे कस्य ग्राहकमस्तु, निर्विषयत्वात्। किंच, एतत् अर्थसमकालम्, तद्भिन्नकालं वा तद्ग्राहकं कल्प्येत् ? आद्यपक्षे, त्रिभुवनवर्तिनोऽपि पदार्थास्तत्रावभासेरन्। समकालत्वाविशेषात्। द्वितीये तु, निराकारम् साकारम् वा तत्स्यात् ? प्रथमे प्रतिनियतपदार्थपरिच्छेदानुपपत्तिः। द्वितीये तु, किमयमाकारो व्यतिरिक्तो अव्यतिरिक्तो वा ज्ञानात् ? अव्यतिरेके ज्ञानमेवायम् तथा च निराकारपक्षदोषः। व्यतिरेके, यद्ययं चिद्रूपस्तदानीमाकारोऽपि वेदकः स्यात्। तथा चायमपि निराकारः साकारो वा तद्वेदको भवेत्। इत्यावर्त्तनेनानवस्था। अथ अचिद्रूपः, किमज्ञातः ज्ञातो वा तज्ज्ञापकः स्यात्। प्राचीनविकल्पे, चैत्रस्येव मैत्रस्यापि तज्ज्ञापकोऽसौ स्यात्। तदुत्तरे तु, निराकारेण साकारेण वा ज्ञानेन, तस्यापि ज्ञानं स्यात्। इत्याद्यावृत्तावनवस्थैवेति ॥

(અનુવાદ)

બાહ્ય પદાર્થને પ્રમેય કહે છે. તે પ્રમેયનું ખંડન અનન્તર શ્લોકમાં જ્ઞાનાદ્વૈત-પક્ષની સિદ્ધિ વખતે કર્યું છે, તેથી તેની ચર્ચા અહીં કરતા નથી. સ્વ અને પરને જાણનારાનું જ્ઞાન, તે પ્રમાણ કહેવાય છે. પ્રમેય વિના પ્રમાણની સિદ્ધિ થઈ શકતી નથી જો પ્રમેયના અભાવમાં પણ પ્રમાણની સિદ્ધિ થતી હોય તો જ્ઞાન નિર્વિષય બની જશે. જો પ્રમાણનો સદ્ભાવ માનો, તો તે પ્રમાણ (જ્ઞાન) પદાર્થની ઉત્પત્તિના સમયે પદાર્થને જાણે છે કે ભિન્ન સમયે ? જો જ્ઞાન પદાર્થની ઉત્પત્તિ સમયે પદાર્થને જાણે તો ત્રણે લોકના પદાર્થો જ્ઞાનમાં ભાસિત થવા જોઈએ. કેમ કે જ્ઞાનમાં સર્વ પદાર્થોની સમકાલીનતા છે. જો કહો કે પદાર્થની ઉત્પત્તિના સમયથી ભિન્ન સમયે પદાર્થને જાણે છે, તો એ જ્ઞાન નિરાકાર છે કે સાકાર ? જો જ્ઞાન નિરાકાર હોઇને પદાર્થને જાણે, તો એ જ્ઞાનથી અમુક જ પદાર્થનું જ્ઞાન થઈ શકે નહીં. કેમકે નિરાકારતા પ્રત્યેક પદાર્થ પ્રત્યે સમાન છે. જો કહો કે જ્ઞાન સાકાર હોઇને પદાર્થોને જાણે છે, તો એ જ્ઞાનનો આકાર જ્ઞાનથી ભિન્ન છે કે અભિન્ન ? જો જ્ઞાનનો આકાર જ્ઞાનથી અભિન્ન હોય તો તે જ્ઞાન જ કહેવાશે. તેમાં પ્રતિનિયત પદાર્થના જ્ઞાનનો અભાવ હોવાથી, નિરાકાર પક્ષમાં જે દોષો આવે છે તે આ પક્ષે પણ આવશે. જો જ્ઞાનનો આકાર જ્ઞાનથી ભિન્ન હોય તો તે આકાર ચિદ્રૂપ છે કે જડરૂપ છે ? જો આકાર ચિદ્રૂપ હોય તો જ્ઞાનની જેમ આકારને પણ વેદક માનવો જોઈએ. અને જ્ઞાનનો આકાર પણ વેદક હોય તો એ આકાર સ્વયં સાકાર છે કે નિરાકાર ? જો આકાર નિરાકાર હોય તો પ્રતિનિયત પદાર્થનું જ્ઞાન થઈ શકશે નહીં. જો સાકાર હોય તો તે ચિદ્રૂપ છે કે જડરૂપ ? જો ચેતનરૂપ હોય તો નિરાકાર છે કે સાકાર ? આ રીતે અનવસ્થા દોષ આવશે. જો આકાર જડરૂપ હોય તો તે સ્વયં જ્ઞાત છે કે અજ્ઞાત ? જો આકાર અજ્ઞાત હોય તો એક પદાર્થનું જ્ઞાન જેમ ચૈત્રને થાય તેમ મૈત્રને પણ થશે. એમ ના કહેશો કે જ્ઞાનનો આકાર સ્વયં જ્ઞાત થઈને પદાર્થને જાણે છે. તો એ જડસ્વરૂપ આકારનું જ્ઞાન નિરાકાર-જ્ઞાનથી-થાય છે કે સાકાર જ્ઞાનથી ? આમ પુનઃ પુનઃ વિકલ્પોની જાળથી પુનઃ અનવસ્થા દોષ આવશે. આ રીતે પ્રમાણની સિદ્ધિ થઈ શકતી નથી.

(ટીકા) इत्थं प्रमाणाभावे तत्फलरूपा प्रमितिः कुतस्तनी । इति सर्वशून्यतैव परं तत्त्वमिति । तथा च पठन्ति—

"यथा यथा विचार्यन्ते विशीर्यन्ते तथा तथा ।
यदेतद् स्वयमर्थेभ्यो रोचते तत्र के वयम्"

इति पूर्वपक्षः । विस्तरतस्तु प्रमाणखण्डनं तत्त्वोपप्लवसिंहादवलोकनीयम् ॥

(અનુવાદ)

આ રીતે પ્રમાણનો અભાવ સિદ્ધ થવાથી, પ્રમાણના ફળરૂપ પ્રમિતિની સિદ્ધિ તો થાય જ કયાંથી ? અર્થાત્ અન્ય મતોદ્વારા સ્વીકૃત પ્રમાણ, પ્રમેય, પ્રમાતા અને પ્રમિતિ આ તત્ત્વચતુષ્ટયીનું અસ્તિત્વ કોઈ પણ પ્રકારે સિદ્ધ થઈ શકતું નથી. તેથી સર્વ-શૂન્યતા એ જ વાસ્તવિક તત્ત્વ છે. કહ્યું છે કે 'જેમ જેમ તત્ત્વનો વિચાર કરવામાં આવે છે,

તેમ તેમ તત્ત્વ વિશીર્ણ થઈ જાય છે. કેમકે વાસ્તવમાં પદાર્થનું સ્વરૂપ જ એવા પ્રકારનું છે. તેમાં અમારો શું દોષ ? પ્રમાણનું વિસ્તારથી ખંડન 'तत्त्वोपप्लवसिंह' નામના ગ્રંથમાં મળે છે.

(टीका) अत्र प्रतिविधीयते। ननु यदिदं शून्यवादव्यवस्थापनाय देवानांप्रियेण वचनमुपन्यस्तम् तत् शून्यम् अशून्यम् वा ?। शून्यं चेत्, सर्वोपाख्याविरहितत्वात् खपुष्पेणेव नानेन किञ्चित्साध्यते निषिध्यते वा। ततश्च निष्प्रतिपक्षा प्रमाणादितत्त्वचतुष्टयीव्यवस्था। अशून्यं चेत्, प्रलीनस्तपस्वी शून्यवादः। भवद्वचनेनैव सर्वशून्यतया व्यभिचारात्। तत्रापि निष्कण्टकैव सा भगवती। तथापि प्रामाणिकसमयपरिपालनार्थं किञ्चित् तत्साधनं दूष्यते

(અનુવાદ)

ઉત્તરપક્ષ : જૈનદર્શન : હે દેવાનાંપ્રિય, શૂન્યવાદની સ્થાપના કરવા માટે તમે જે વચનનો ઉપન્યાસ કર્યો છે, તે વચન શૂન્ય છે કે અશૂન્ય ? જો તે વચન શૂન્ય હોય તો 'આકાશ પુષ્પ'ની જેમ અસત્ હોવાથી તે વચન શૂન્યવાદની સિદ્ધિ કરી શકતું નથી. અને શૂન્યવાદનો નિષેધ પણ કરી શકતું નથી. માટે પ્રમાણ, પ્રમેય આદિ ચારે તત્ત્વની વ્યવસ્થા યથાર્થ છે. જો કહો કે શૂન્યવાદનું સાધક વચન અશૂન્ય છે, તો હે તપસ્વી, તારો શૂન્યવાદ જ નષ્ટ થઈ જાય છે. કેમકે તમે સર્વથા શૂન્યતાનો સ્વીકાર કરેલો છે. અને વચનને અશૂન્ય માનવામાં આવે તો શૂન્યવાદ કઇ રીતે ટકી શકશે ? તેથી પ્રમાણ આદિ તત્ત્વચતુષ્ટયીની વ્યવસ્થા નિર્દોષ છે. તોપણ પ્રામાણિકોના સિદ્ધાંતનું પાલન કરવા માટે યત્કિંચિત્ નિર્વચન કરવામાં આવે છે.

(टीका) तत्र यत्तावदुक्तम् प्रमातुः प्रत्यक्षेण न सिद्धिः, इन्द्रियगोचरातिक्रान्तत्वादिति, तत्सिद्धसाधनम् ! यत्पुनः अहंप्रत्ययेन तस्य मानसप्रत्यक्षत्वमनैकान्तिकमित्युक्तम् तदसिद्धम्। अहं सुखी अहं दुःखी इति अन्तर्मुखस्य प्रत्ययस्य आत्मालम्बनतयैवोपपत्तेः। तथा चाहुः—

"सुखादि चेत्यमानं हि स्वतन्त्रं नानुभूयते।
मतुवर्थानुवेधात्तु सिद्धं ग्रहणमात्मनः॥
इदं सुखमिति ज्ञानं दृश्यते न घटादिवत्।
अहं सुखीति तु ज्ञप्तिरात्मनोऽपि प्रकाशिका॥"

यत्पुनः अहं गौरः अहं श्यामः इत्यादिबहिर्मुखः प्रत्ययः स खल्वात्मोपकारकत्वेन लक्षणया शरीरे प्रयुज्यते। यथा प्रियभृत्येऽहमितिव्यपदेशः॥

(અનુવાદ)

તમે કહ્યું કે : (૧) 'પ્રમાતા ઇંદ્રિયનો વિષય નહીં હોવાથી પ્રમાતાની પ્રત્યક્ષ પ્રમાણથી સિદ્ધિ થઇ શકતી નથી' તે આપનું કથન સિદ્ધ સાધન દોષવાળું છે. કેમકે અમે પણ આત્માને ઇંદ્રિય પ્રત્યક્ષનો વિષય માનતા નથી. વળી 'अहं' પ્રત્યયથી માનસ-પ્રત્યક્ષ દ્વારા

આત્માનું અસ્તિત્વ સ્વીકારવામાં તમે આપેલ અનૈકાન્તિક દોષ આવતો નથી, કેમકે 'હું સુખી છું, હું દુઃખી છું' એવું અંતરંગ જ્ઞાન આત્માના આલંબનથી જ થાય છે. કહ્યું પણ છે કે : 'આ ઘટ છે' એવું જ્ઞાન જેમ સ્વતંત્ર થાય છે, તેમ 'આ સુખ છે' ઇત્યાદિ જ્ઞાનનો સ્વતંત્રપણે અનુભવ થઇ શકતો નથી. તેથી મત્વર્થીય પ્રત્યયથી યુક્ત 'હું સુખી છું' ઇત્યાકારક જ્ઞાનથી આત્માનું અસ્તિત્વ સિદ્ધ થાય છે. તેમ જ 'હું ગૌર છું' 'હું શ્યામ છું' એ પણ 'અહં' પ્રત્યય સર્વથા શરીરમાત્રનો સૂચક નથી પરંતુ જેમ પોતાના પ્રિય નોકરમાં 'અહં' એવી બુદ્ધિ ઉપચારથી થાય છે, તેમ શરીરમાં 'અહં' પ્રત્યયનો પ્રયોગ તે શરીર આત્માનું ઉપકારક હોવાથી તેમાં ઉપચારથી થાય છે.

(टीका) यच्च अहं प्रत्ययस्य कादाचित्कत्वम् तत्रेयं वासना । आत्मा तावदुपयोगलक्षणः । स च साकारानाकारोपयोगरन्यतरस्मिन्नियमेनोपयुक्त एव भवति । अहं प्रत्ययोऽपि चोपयोगविशेष एव. तस्य च कर्मक्षयोपशमवैचित्र्यात् इन्द्रियानिन्द्रियालोकविषयादिनिमित्तसव्यपेक्षतया प्रवर्तमानस्य कादाचित्कत्वमुपपन्नमेव । यथा बीजं सत्यामप्यङ्कुरोपजननशक्तौ पृथिव्युदकादिसहकारिकारणकलापसमवहितमेवाङ्कुरं जनयति, नान्यथा । न चैतावता तस्याङ्कुरोत्पादने कादाचित्केऽपि तदुत्पादनशक्तिरपि कादाचित्की । तस्याः कथंचिन्नित्यत्वात् । एवमात्मनः सदा सन्निहितत्वेऽप्यहंप्रत्ययस्य कादाचित्कत्वम् ॥

(અનુવાદ)

તથા (૨) આત્માનું સાન્નિધાન નિરંતર છે, તેથી તન્નિમિત્તક 'અહં' (હું) પ્રત્યય પણ સદાય હોવો જોઇએ' આવું તમારું કથન ઠીક નથી. કેમકે 'અહં' (હું) પ્રત્યયનું કાદાચિત્ક(અનિત્ય)પણું હોય છે. તેમાં વાસના કારણ છે. આત્મા ઉપયોગસ્વરૂપ છે, તે ઉપયોગ સાકાર (જ્ઞાન) અને નિરાકાર (દર્શન) એમ બે પ્રકારે છે. તેથી આત્મા એક સમયમાં બે ઉપયોગમાંથી કોઈ એક ઉપયોગમાં મુખ્ય યા ગૌણભાવે વર્તતો હોય છે. 'અહં' પ્રત્યય પણ એક ઉપયોગ-વિશેષ છે. તે 'અહં' પ્રત્યય કર્મના ક્ષયોપશમની વિચિત્રતાથી અને ઇંદ્રિય, મન, આલોક, વિષય આદિ નિમિત્ત કારણોની અપેક્ષાએ કોઇ કોઇ વખતે ઉત્પન્ન થાય છે. જેમ બીજમાં અંકુરને ઉત્પન્ન કરવાની શક્તિ સર્વદા વિદ્યમાન હોવા છતાં પણ પૃથ્વી, જલ આદિ સહકારી કારણો મળેથી અંકુરને ઉત્પન્ન કરે છે, પરંતુ સહકારી કારણો વિના કેવલ બીજ અંકુરને ઉત્પન્ન કરી શકતું નથી. તેથી અંકુરની ઉત્પત્તિ કાદાચિત્ક (કોઇ કોઇ વખતે) હોવા છતાં પણ બીજમાં અંકુરને ઉત્પન્ન કરવાની શક્તિ કંઇ કાદાચિત્ક કહી શકાતી નથી. કેમકે અંકુરોત્પાદક શક્તિ પણ કથંચિત્ નિત્ય છે. એ રીતે આત્માનું હમેશા સન્નિધાન હોવા છતાં પણ કર્મના ક્ષયોપશમની વિચિત્રતા તથા ઇંદ્રિય 'આદિ' નિમિત્તોથી 'અહં' પ્રત્યય કાદાચિત્ક થાય છે. 'અહં' પ્રત્યય કાદાચિત્ક (અનિત્ય) હોવાથી આત્મામાં કાદાચિત્કપણું (અનિત્યપણું) આવી શકતું નથી.

(टीका) यदप्युक्तम् तस्याव्यभिचारि लिङ्गं किमपि नोपलभ्यत इति। तदप्यसारम्। साध्याविनाभाविनोऽनेकस्य लिङ्गस्य तत्रोपलब्धेः। तथाहि। रूपाद्युपलब्धिः सकर्तृका क्रियात्वात्, छिदिक्रियावत्। यश्चास्याः कर्ता स आत्मा। न चात्र चक्षुरादीनां कर्तृत्वम्। तेषां कुठारादिवत् करणत्वेनास्वतन्त्रत्वात्। करणत्वं चैषां पौद्गलिकत्वेनाचेतनत्वात्, परप्रेर्यत्वात्, प्रयोक्तृव्यापारनिरपेक्षप्रवृत्त्यभावात्। यदि हि इन्द्रियाणामेव कर्तृत्वं स्यात् तदा तेषु विनष्टेषु पूर्वानुभूतार्थस्मृतेः मया दृष्टम् स्पृष्टम् घ्रातम् आस्वादितम् श्रुतम् इति प्रत्ययानामेककर्तृकत्वप्रतिपत्तेश्च कुतः संभवः। किञ्च, इन्द्रियाणां स्वस्वविषयनियतत्वेन रूपरसयोः साहचर्यप्रतीतौ न सामर्थ्यम्। अस्ति च तथाविधफलादे रूपग्रहणानन्तरं तत्सहचरितरसानुस्मरणम्। दन्तोदकसंप्लवान्यथानुपपत्तेः। तस्मादुभयोर्गवाक्षयोरन्तर्गतः प्रेक्षक इव द्वाभ्यामिन्द्रियाभ्यां रूपरसयोर्दर्शी कश्चिदेकोऽनुमीयते। तस्मात्करणान्येतानि यश्चैषां व्यापारयिता स आत्मा॥

(અનુવાદ)

(૩) આત્માને સિદ્ધ કરનાર કોઇ અવ્યભિચારી હેતુ નથી,' આવું તમારૂં કથન બરાબર નથી, કેમ કે આત્માને સિદ્ધ કરનાર અનેક અવ્યભિચારી હેતુઓનો સદ્ભાવ છે. ઇન્દ્રિય-પ્રત્યક્ષરૂપાદિ ગુણોનો કોઇ કર્તા છે. કેમ કે દેખવું, જાણવું વગેરે ક્રિયારૂપ છે. જેમ છેદનરૂપ ક્રિયાનો કર્તા કોઇ અવશ્ય છે. તેમ જોવું વગેરે ક્રિયારૂપ હોવાથી તેનો પણ કર્તા કોઈ અવશ્ય હોવો જોઇએ. જે કર્તા છે તે જ આત્મા છે. એમ ના કહેશો કે દેખવું જાણવું ઇત્યાદિ ક્રિયાઓનો કર્તા ઇન્દ્રિયો છે. કેમ કે જેમ કુઠાર (કુહાડો) આદિ કરણ હોવાથી, કોઇ અન્ય કર્તાને આધીન છે. તેમ ઇન્દ્રિયો પણ કરણ હોવાથી અન્ય કોઇ કર્તાને આધીન છે. વળી ઇન્દ્રિયો પૌદ્ગલિક હોવાથી અચેતન છે, અચેતન હોવાથી પરની પ્રેરણાથી કાર્ય કરે છે. જે પ્રેરક છે, તે જ આત્મા છે. કેમ કે ચેતનરૂપ આત્માના અભાવમાં ઇન્દ્રિયોની પ્રવૃત્તિ હોઈ શકતી નથી. અર્થાત્ સ્વતંત્રપણે ઇન્દ્રિયો કાર્ય કરી શકતી નથી. જો ઇન્દ્રિયો સ્વયં કર્તા હોય તો ઇન્દ્રિયોનો નાશ થયા પછી ઇન્દ્રિયો દ્વારા અનુભવાયેલા પદાર્થોનું સ્મરણ ન થવું જોઇએ. તથા 'મારા વડે જોવાયું,' 'સ્પર્શ કરાયો,' 'ચખાયું' 'સંભળાયું' આવું ભિન્ન ભિન્ન ઇન્દ્રિયો દ્વારા થતું જ્ઞાન પણ ન થવું જોઇએ, ઇન્દ્રિઓને જ કર્તા માનવામાં આવે તો ભિન્ન ભિન્ન ઇન્દ્રિયો દ્વારા થતું ભિન્ન ભિન્ન વિષયોનું જ્ઞાન એક સાથે ન થવું જોઇએ. કેમ કે પ્રત્યેક ઇન્દ્રિયનો વિષય અલગ અલગ છે. તેથી આત્માને કર્તા ન માનીએ અને ઇન્દ્રિયોને જ કર્તા માનવામાં આવે તો રૂપ-રસનું જ્ઞાન એક એક સાથે નહીં થતાં ચક્ષુથી રૂપનું અને રસનાથી રસનું, એમ પૃથક્ પૃથક્ જ્ઞાન થશે, પરંતુ તેવું જ્ઞાન થાય છે તો એકી સાથે! માટે સિદ્ધ થાય છે કે તે વિષયોનો અનુભવ કર્તા કોઇ અન્ય છે. જે છે તે જ આત્મા છે. કેમ કે ફળ વગેરેનું રૂપ જોયા પછી તરત જ તે ફળના રસનું સ્મરણ થાય છે જેમ કોઇ કેરી, લીંબુ આદિ ફળને જોતાં જ મુખમાં પાણી આવે છે, અને તેની સાથે જ તેના રસનો

અનુભવ થાય છે આમ ભિન્ન ભિન્ન વિષયોનું જ્ઞાન એક સાથે થાય છે. તેથી જેમ બે બારીમાંથી જોનાર વ્યક્તિ બહારના ભિન્ન ભિન્ન પદાર્થોનો અનુભવ કરે છે. તેમ અનુમાન થાય છે કે બે ઇન્દ્રિયો દ્વારા અનુભવાયેલ રૂપ-રસ આદિ વિષયોનો અનુભવ કર્તા કોઈ એક છે, જે છે તે જ આત્મા છે. આથી સિદ્ધ થાય છે કે ઇન્દ્રિયો કરણ છે અને ઇન્દ્રિયોનો પ્રેરક આત્મા જ કર્તા છે.

(टीका) तथा, साधनोपादानपरिवर्जनद्वारेण हिताहितप्राप्तिपरिहारसमर्था चेष्टा प्रयत्नपूर्विका' विशिष्टक्रियात्वात्, रथक्रियावत्। शरीरं च प्रयत्नवदधिष्ठितम्, विशिष्टक्रियाश्रयत्वात्, रथवत्। यश्चास्याधिष्ठाता स आत्मा, सारथिवत्। तथात्रैव पक्षे, इच्छापूर्वकविकृतवाद्वाश्रयत्वाद भस्त्रावत्। वायुश्च प्राणापानादिः यश्चास्याधिष्ठाता। स आत्मा, भस्त्राध्मापयितृवत्। तथाऽत्रैव पक्षे, इच्छाऽधीननिमेषोन्मेषवदवयवयोगित्वाद्, दारुयन्त्रवत्। तथा शरीरस्य वृद्धिक्षतभग्नसंरोहणं च प्रयत्नवत्कृतम्, वृद्धिक्षतभग्नसंरोहणत्वाद्, गृहवृद्धिक्षतभग्नसंरोहणवत्। वृक्षादिगतेन वृद्धयादिना व्यभिचार इति चेत्। न। तेषामपि एकेन्द्रियजन्तुत्वेन सात्मकत्वात्। यश्चैषां कर्ता स आत्मा गृहपतिवत्। वृक्षादीनां च सात्मकत्वमाचाराङ्गादेरवसेयम्। किंचिद्वक्ष्यते च ॥

(અનુવાદ)

તેમ જ હિતકારી સાધનનું ગ્રહણ અને અહિતકારી સાધનનો ત્યાગ તેવી ક્રિયા પ્રયત્નપૂર્વક થાય છે. કારણ કે તે ક્રિયા છે. જે જે ક્રિયા હોય તે તે પ્રયત્ન પૂર્વક થાય. જેમ રથની ચાલવાની ક્રિયા સારથિના પ્રયત્નથી થાય છે તેમ હિતની પ્રાપ્તિ અને અહિતના ત્યાગની ક્રિયા પણ કોઈના પ્રયત્નથી થાય છે. જેના પ્રયત્નથી થાય છે તે જ આત્મા છે. વળી શરીર પ્રયત્નવાનથી અધિષ્ઠિત છે. કેમકે શરીર વિશિષ્ટ ક્રિયાનો આશ્રય છે. જેમ રથની ગતિ સારથી દ્વારા થાય છે. તેમ શરીરમાં થતી ક્રિયા કોઈ ક્રિયાવાનના પ્રયત્નથી થાય છે. જે ક્રિયાવાન છે તે જ આત્મા છે. જેમ કોઈ પુરૂષ વાયુની સહાયથી ધમણને ફૂંકે છે, તેમ શ્વાસોચ્છ્વાસરૂપ વાયુની સહાયથી શરીરરૂપ ધમણ ચાલે છે. તે શરીરને ચલાવવાની ક્રિયાનો અધિષ્ઠાતા આત્મા છે, જેમ યંત્રદ્વારા લાકડાના પુતળા વગેરેમાં નિમેષ-ઉન્મેષ આદિ ક્રિયાઓ કર્તાને આધીન છે, તેમ શરીરમાં થતી નિમેષ-ઉન્મેષ આદિ ક્રિયા કર્તાને આધીન છે, જે કર્તા છે તે જ આત્મા છે. તેમ જ ઘરને બનાવવું, ભાગવું, તોડવું, ઇત્યાદિ ક્રિયા ઘરના માલિકને આધીન છે, તેમ શરીરની વૃદ્ધિ, હાનિ, ઘાનું રૂઝાવું વગેરે ક્રિયા શરીરમાં આત્માનું અસ્તિત્વ હોય તો જ થઈ શકે છે.

શંકા: વૃક્ષ આદિમાં આત્મા વિના પણ વૃદ્ધિહાનિ જોવામાં આવે છે. તેથી ઉક્ત હેતુ વ્યભિચારી છે.

સમાધાન: ના ભાઈ ના, વૃક્ષ આદિમાં પણ એકેંદ્રિય જીવ હોવાથી તેમાં પણ આત્મા છે. વૃક્ષ આદિના આત્માની સિદ્ધિનું વિશેષ વર્ણન આચારાંગ સૂત્રમાં છે, કંઈક વર્ણન પ્રસ્તુત ગ્રંથમાં આગળ કરવામાં આવશે.

(टीका) तथा प्रेर्यं मनः अभिमतविषयसम्बन्धनिमित्तक्रियाश्रयत्वाद्, दारकहस्तगतगोलकवत्। यश्चास्य प्रेरकः स आत्मा इति। तथा, आत्मचेतनक्षेत्रज्ञजीवपुद्गलादयः पर्याया न निर्विषयाः, पर्यायत्वाद्, घटकुटकलशादिपर्यायवत्। व्यतिरेके षष्ठभूतादि। यश्चैषां विषयः स आत्मा। तथा, अस्त्यात्मा, असमस्तपर्यायवाच्यत्वात्। यो योऽसाङ्केतिकशुद्धपर्यायवाच्यः, स सोऽस्तित्वं न व्यभिचरति, यथा घटादिः। व्यतिरेके खरविषाणनभोऽम्भोरुहादयः। तथा सुखादीनि, द्रव्याश्रितानि, गुणत्वाद्, रूपवत्। योऽसौ गुणी स आत्मा। इत्यादिलिङ्गानि। तस्मादनुमानतोऽप्यात्मा सिद्धः॥

(અનુવાદ)

જેમ બાળકના હાથમાં રહેલો પત્થરનો ગોળો, બાળકની પ્રેરણાથી ઇષ્ટ સ્થાન પર પહોંચે છે, તેમ ઈષ્ટ પદાર્થની સાથે સંબંધ ધરાવતું વેગવંત મન આત્માની પ્રેરણાથી પદાર્થની પાસે પહોંચે છે. આત્મા મનનો પ્રેરક હોઇને આત્માનું અસ્તિત્વ સિદ્ધ થાય છે. ઘટ, કુટ, કલશ આદિ પર્યાયો મૃત્તિકારૂપ દ્રવ્યના દ્યોતક છે. તેમ આત્મા, ચેતન, ક્ષેત્રજ્ઞ, જીવ અને પુદ્ગલ આદિ પર્યાયો પણ આત્મારૂપ દ્રવ્યના દ્યોતક છે. જેનું કોઇ દ્રવ્ય નથી, તેના કોઇ પર્યાયો પણ નથી. જેમ છઠ્ઠું ભૂતઃ તે દ્રવ્ય નથી તો તેના પર્યાયો પણ નથી. કેમ કે પૃથ્વી આદિ પાંચ ભૂત જ છે, છઠ્ઠું કોઈ ભૂત નથી. આ રીતે આત્માનું અસ્તિત્વ સિદ્ધ થાય છે. આત્મા શુદ્ધ પર્યાયનો વાચક હોવાથી તેનું અસ્તિત્વ અવશ્ય છે, જે શબ્દ, વિના સંકેતે શુદ્ધ પર્યાયનો વાચક હોય તેનું અસ્તિત્વ અવશ્ય હોય જેમ ઘટ, પટ, મઠ વગેરે અસમસ્ત પદ છે. માટે તેનું અસ્તિત્વ અવશ્ય હોય છે, તેમ આત્મા પણ અસમસ્ત પદ છે, માટે તેની વિદ્યમાનતા અવશ્ય છે. જેનો શુદ્ધ પર્યાય નથી, અર્થાત્ જે સમસ્ત-પદ હોય છે, તેની વિદ્યમાનતા અવશ્ય ન હોય. જેમ ખરશૃંગ, આકાશ-પુષ્પ, વંધ્યાપુત્ર, આદિ સમસ્ત--પદ હોવાથી તેનું અસ્તિત્વ હોઇ શકતું નથી. તથા સુખદુઃખ આદિ ગુણો કોઈ દ્રવ્યમાં આશ્રિત છે. કેમ કે તે ગુણો છે. જે જે ગુણો હોય તે તે કોઈને કોઈ દ્રવ્યમાં આશ્રિત હોય જેમ રૂપ આદિ ગુણો હોવાથી ઘટાદિ દ્રવ્યમાં આશ્રિત છે, તેમ સુખદુઃખાદિ પણ ગુણો હોવાથી કોઈ દ્રવ્યમાં આશ્રિત હોય છે. જેમાં આશ્રિત છે, તે જ આત્મા! અર્થાત્ જે ગુણી છે તે જ આત્મા છે, આમ અનેક હેતુઓ દ્વારા અનુમાન પ્રમાણથી પણ આત્માની સિદ્ધિ થાય છે.

(टीका) आगमानां च येषां पूर्वापरविरुद्धार्थत्वम् तेषामप्रामाण्यमेव। यस्त्वाप्तप्रणीत आगमः स प्रमाणमेव। कषच्छेदतापलक्षणोपाधित्रयविशुद्धत्वात्। कषादीनां च स्वरूपं पुरस्ताद्वक्ष्यामः। न च वाच्यमाप्तः क्षीणसर्वदोषः तथाविधं चाप्तत्वं कस्यापि नास्तीति। यतः रागादयः कस्यचिदत्यन्तमुच्छिद्यन्ते, अस्मदादिषु तदुच्छेदप्रकर्षापकर्षोपलम्भात्, सूर्याद्यावरकजलदपटलवत्। तथा चाहुः-

"देशतो नाशिनो भावा दृष्टा निखिलनश्वराः।
मेघपङ्क्त्यादयो यद्वत् एवं रागादयो मताः" ॥

इति। यस्य च निरवयवतयैते विलीनाः स एवाप्तो भगवान् सर्वज्ञः॥

(અનુવાદ)

તથા તમે કહ્યું કે (૪) 'આગમો પરસ્પર વિરૂદ્ધ અર્થનો દ્યોતક હોવાથી આગમ દ્વારા પણ આત્માની સિદ્ધિ થઇ શકતી નથી. તે તમારૂં કથન ઉચિત નથી. કેમ કે વિરૂદ્ધ અર્થના પ્રરૂપક આગમ જ અપ્રમાણ કહેવાય. અમે તો આપ્તપુરુષ-પ્રણીત આગમને જ પ્રમાણભૂત માનીએ છીએ. કારણ કે આપ્તપુરુષ દ્વારા પ્રણીત આગમ જ કષ, છેદ, અને તાપરૂપ પરીક્ષાથી વિશુદ્ધ છે. માટે તે જ આગમ પ્રમાણભૂત છે. કષ આદિ પરીક્ષા વિધિનું સ્વરૂપ આગળ ૩૨મા શ્લોકની ટીકામાં બતાવ્યું છે.

શંકા : જેના રાગાદિ દોષો સંપૂર્ણ નાશ પામ્યા હોય તે આપ્ત કહેવાય. પરંતુ તેવા પ્રકારનું આપ્તપણું તો અસંભવિત છે.

સમાધાન : તમે જાણતા નથી. રાગાદિ દોષોનો કોઈને કોઈ જીવમાં સર્વથા નાશ હોય જ. આપણામાં રાગાદિ દોષોની તરતમતા જોવામાં આવે છે, જેની હીનાધિકતા જોવામાં આવે તેનો સર્વથા નાશ હોય. જેમ સૂર્યને આચ્છાદિત કરવાવાળા મેઘના સમૂહમાં હીનાધિકતા દેખવામાં આવે છે, તેથી કોઈને કોઈ જગ્યાએ વાદળનો સર્વથા નાશ સંભવે છે. તેવી રીતે આપણામાં રાગાદિ દોષોની તરતમતા હોવાથી કોઇ જીવમાં અવશ્ય રાગાદિનો સર્વથા નાશ હોય. કહ્યું પણ છે કે : જે પદાર્થનો એકદેશથી નાશ થાય છે, તે પદાર્થનો સર્વથા પણ નાશ હોય છે, જેમ મેઘના સમૂહ આદિનો આંશિક નાશ હોવાના કારણે તેનો સર્વથા નાશ થાય છે. તેમ રાગાદિનો આંશિક નાશ હોવાથી સર્વથા પણ નાશ થાય છે. આથી સિદ્ધ થાય છે કે જે પુરૂષવિશેષમાં રાગ આદિ દોષોનો સંપૂર્ણ નાશ થયો છે. તે જ પુરૂષવિશેષ આપ્ત ભગવાન સર્વજ્ઞ છે.

(टीका) अथ अनादित्वाद् रागादीनां कथं प्रक्षयः इति चेत् । न । उपायतस्तद्भावात् । अनादेरपि सुवर्णमलस्य क्षारमृत्पुटपाकादिना विलयोपलम्भात् । तद्वदेवानादीनामपि रागादिदोषाणां प्रतिपक्षभूतरत्नत्रयाभ्यासेन विलयोपपत्तेः । क्षीणदोषस्य च केवलज्ञानाव्यभिचारात् सर्वज्ञत्वम् ॥

(અનુવાદ)

શંકા :- રાગાદિ દોષો અનાદિ કાળના હોવાથી તેનો ક્ષય કઈ રીતે થઈ શકે ?

સમાધાન :- એ પણ તમે સમજો. ઉપાયોથી રાગાદિ દોષોનો ક્ષય સાધ્ય છે, જેવી રીતે સુવર્ણ ઉપર રહેલો અનાદિનો મેલ ખાર અને માટીના પુટ-પાક આદિથી નાશ પામે છે, તેવી રીતે અનાદિ કાલીન રાગાદિ દોષોનો પણ, તેનાથી વિપરીત સમ્યગ્દર્શન સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ ચારિત્રરૂપી રત્નત્રયીની સાધનાથી નાશ થાય છે. જે પુરુષમાં સંપૂર્ણરૂપે રાગાદિ દોષો નાશ પામ્યા છે, તે જ પુરુષમાં કેવલ જ્ઞાનનો સદ્ભાવ હોય છે. આથી સિદ્ધ થાય છે કે આપ્ત-વીતરાગ ભગવાન સર્વજ્ઞ છે.

(टीका) तत्सिद्धिस्तु ज्ञानतारतम्यं क्वचिद् विश्रान्तम् तारतम्यत्वात्, आकाशे परिणामतारतम्यवत् । तथा सूक्ष्मान्तरितदूरार्थाः कस्यचित्प्रत्यक्षाः, अनुमेयत्वात्, क्षितिधरकन्धराधिकरणधूमध्वजवत् । एवं चन्द्रसूर्योपरागादिसूचकज्योतिर्ज्ञानाविसंवादा-

न्यथानुपपत्तिप्रभृतयोऽपि हेतवो वाच्याः। तदेवमाप्तेन सर्वविदा प्रणीत आगमः प्रमाणमेव। तदप्रामाण्यं हि प्रणायकदोषनिबन्धनम्।

"रागाद्वा द्वेषाद्वा मोहाद्वा वाक्यमुच्यते ह्यनृतम्।
यस्य तु नैते दोषास्तस्यानृतकारणं किं स्यात्" ॥

इति वचनात्। प्रणेतुश्च निर्दोषत्वमुपपादितमेवेति सिद्धः आगमादप्यात्मा "एगे आया" इत्यादि वचनात्। तदेवं प्रत्यक्षानुमानागमैः सिद्धः प्रमाता ॥

(અનુવાદ)

સર્વજ્ઞની સિદ્ધિ :– (૧) જ્ઞાનમાં તરતમતા હોવાથી કોઈ પણ જીવમાં સર્વોત્કૃષ્ટ જ્ઞાન હોય છે. જેની તરતમતા હોય, તેની વિશ્રાંતિ જરૂર હોય. જેમ કે પરિણામમાં તરતમતા હોવાથી પરિણામની પરાકાષ્ઠા આકાશમાં છે તેમ જ્ઞાનમાં તરતમતા હોવાથી જ્ઞાનની પરાકાષ્ઠા કોઈ પુરુષવિશેષમાં હોવી જોઈએ તે પરાકાષ્ઠા જેનામાં હોય છે, તે જ ભગવાન સર્વજ્ઞ છે. (૨) સ્વભાવથી દૂર રહેલા સૂક્ષ્મ પદાર્થો કોઈને કોઈ વ્યક્તિને પ્રત્યક્ષ હોય છે. કેમકે પદાર્થો અનુમેય હોય છે. જે જે અનુમેય (અનુમાનના વિષય) હોય તે તે કોઈનાથી પણ પ્રત્યક્ષ હોય. જેમ પર્વતની ગુફામાં રહેલ અગ્નિ અનુમાનનો વિષય હોવાથી, કોઈનો પણ પ્રત્યક્ષ છે. તેમ આપણા પ્રત્યક્ષથી અગ્રાહ્ય પરમાણુ આદિ સૂક્ષ્મ પદાર્થો કોઈના અવશ્ય પ્રત્યક્ષ હોવા જોઈએ. જેને એવા પદાર્થો પ્રત્યક્ષ છે. તે જ ભગવાન સર્વજ્ઞ છે. ચંદ્ર-સૂર્યનું ગ્રહણ આદિ જણાવનાર જ્યોતિષશાસ્ત્રની સત્યતાથી પણ સર્વજ્ઞની સિદ્ધિ થાય છે.

ઉક્ત સ્વરૂપ સર્વજ્ઞ આપ્ત પુરુષવડે પ્રણીત આગમ જ પ્રમાણરૂપ છે. જે આગમના રચયિતા દોષયુક્ત હોય તે આગમ જ અપ્રમાણ હોય. અર્થાત્ આગમની પ્રમાણતામાં તેના રચયિતા જ કારણ છે. કેમકે 'પુરુષ વિશ્વાસે વચન વિશ્વાસ' હોય છે. કહ્યું પણ છે કે: રાગ, દ્વેષ અને મોહ વડે જ અસત્ય ભાષણ થાય છે. જે પુરુષના રાગ દ્વેષ આદિ દોષોનો સમૂલ નાશ થયો હોય તે પુરુષને અસત્ય બોલવાનું કોઈ પ્રયોજન નથી. આથી આગમના પ્રણેતા નિર્દોષ હોવાથી 'આત્મા છે,' વગેરે આગમ પ્રમાણથી પણ આત્માની સિદ્ધિ થાય છે. આ પ્રકારે પ્રત્યક્ષ, અનુમાન અને આગમ પ્રમાણથી પ્રમાતાની સિદ્ધિ થાય છે.

(ટીકા) प्रमेयं चानन्तरमेव बाह्यार्थसाधने साधितम्। तत्सिद्धौ च प्रमाणं ज्ञानम् तच्च प्रमेयाभावे कस्य ग्राहकमस्तु निर्विषयत्वात् इति प्रलापमात्रम्। करणमन्तरेण क्रियासिद्धेरयोगाद्। लवनादिषु तथादर्शनात्। यच्च, अर्थसमकालमित्याद्युक्तम्, तत्र विकल्पद्वयमपि स्वीक्रियत एव। अस्मदादिप्रत्यक्षं हि समकालार्थाऽऽकलनकुशलम्। स्मरणमतीतार्थस्य ग्राहकम्। शब्दानुमाने च त्रैकालिकस्याप्यर्थस्य परिच्छेदकम्। निराकारं चैतद् द्वयमपि। न चातिप्रसङ्गः। स्वज्ञानावरणवीर्यान्तरायक्षयोपशमविशेषवशादेवास्य नैयत्येन प्रवृत्तेः। शेषविकल्पानामस्वीकार एव तिरस्कारः ॥

(અનુવાદ)

૧૬મી કારિકામાં બાહ્ય પદાર્થનું અસ્તિત્વ સિદ્ધ કરવાના પ્રસંગે પ્રમેયની સિદ્ધિમાં કરવામાં આવી છે. પૂર્વોક્ત પ્રમાણથી પ્રમેયની સિદ્ધિ થવા છતાં પણ 'પ્રમેયના અભાવમાં નિર્વિષયક જ્ઞાન કોનું ગ્રાહક થશે' તે જે કહેવામાં આવ્યું છે. તે પણ માત્ર થુંક ઉડાડવા જેવું છે. કેમકે કરણ (સાધન) વિના કોઈ પણ ક્રિયા હોઈ શકતી નથી. જેમ છેદન ક્રિયા કુઠાર રૂપ કરણથી થાય છે, તેમ જાણવારૂપ ક્રિયા પણ કોઈપણ કારણથી થાય છે. જે કારણ છે તે જ પ્રમાણ છે.

વળી 'પ્રમાણ પદાર્થની ઉત્પત્તિ સમયે પદાર્થને જાણે છે કે ભિન્ન સમયે ? આ વિકલ્પ-દ્વય અમને હેરાન કરી શકતા નથી. કેમકે અમે બન્ને વિકલ્પોનો સ્વીકાર કરીએ છીએ ! આપણા બધાનું જે પ્રત્યક્ષ જ્ઞાન છે તે સમકાલીન (વિદ્યમાન) પદાર્થોને જાણે છે, અને સ્મરણાત્મક-જ્ઞાન અતીત પદાર્થોને જાણે છે. શબ્દ અને અનુમાન પ્રમાણ ત્રણે કાળના પદાર્થોને જાણે છે. શબ્દ અને અનુમાન, જ્ઞાન નિરાકાર હોવા છતાં પણ જ્ઞાનાવરણીય અને વીર્યાન્તરાય કર્મના ક્ષયોપશમથી નિશ્ચિત પદાર્થોમાં પ્રવૃત્ત થાય છે. અને શુન્યવાદનું સ્થાપન કરવા માટેનો બાકીના વિકલ્પોનો અસ્વીકાર એજ શુન્યવાદનો તિરસ્કાર છે !

(टीका) प्रमितिस्तु प्रमाणस्य फलं स्वसंवेदनसिद्धैव। न ह्यनुभवेऽप्युपदेशापेक्षा। फलं च द्विधा आनन्तर्यपारम्पर्यभेदात्। तत्राऽऽनन्तर्येण सर्वप्रमाणानामज्ञाननिवृत्तिः फलम्। पारम्पर्येण केवलज्ञानस्य तावत् फलमौदासीन्यम्। शेषप्रमाणानां तु हानोपादानोपेक्षाबुद्धयः इति सुव्यवस्थितं प्रमात्रादिचतुष्टयम्। ततश्च-

" नासन्न सन्न सदसन्नचाप्यनुभयात्मकम्।
चतुष्कोटिविनिर्मुक्तं तत्त्वं माध्यमिका विदुः" ॥

इत्युन्मत्तभाषितम् ॥

(અનુવાદ)

પ્રમાણના ફળરૂપ પ્રમિતિ (નિશ્ચયાત્મક જ્ઞાન) સ્વયં સ્વસંવેદનથી (અનુભવથી જ સિદ્ધ છે. તેથી તેને સિદ્ધ કરવા માટે પરની અપેક્ષા રહેતી નથી. તે પ્રમાણનું ફળ સાક્ષાત્ અને પરંપરા એમ બે પ્રકારે છે. પદાર્થને જાણવાથી પદાર્થ વિષયક અજ્ઞાનનો નાશ થવો તે સાક્ષાત્ ફળ અને પરંપરાએ કેવળ જ્ઞાનની પ્રાપ્તિ થવી, તે ઉદાસીન ફળ છે. પ્રમાણનાં બીજાં ફળ ઈષ્ટ-અનિષ્ટનું ગ્રહણ, ત્યાગ અને ઉપેક્ષા છે. આ પ્રમાણે પ્રમાતા, પ્રમેય, પ્રમાણ અને પ્રમિતિ, આ ચારે તત્ત્વ વ્યવસ્થિતપણે સિદ્ધ થાય છે. તેથી 'સત્ નથી,' 'અસત્ નથી,' 'સત્ અસત્ ઉભય નથી' અને 'ન સત્ ન અસત્' આ ચાર કોટિથી રહિત એવા તત્ત્વને માધ્યમિક (શૂન્યવાદી) બૌદ્ધ કહે છે, તે ખરેખર ઉન્મત્ત પુરુષના બકવાદતુલ્ય છે.

(टीका) किञ्च, इदं प्रमात्रादीनामवास्तवत्वं शून्यवादिना वस्तुवृत्त्या तावदेष्टव्यम्। तच्चासौ प्रमाणात् अभिमन्यते अप्रमाणाद्वा ? न तावदप्रमाणात्, तस्याकिञ्चित्क-

रत्वात् । अथ प्रमाणात् । तन्न । अवास्तवत्वग्राहकं प्रमाणं सांवृतमसांवृतम् वा स्यात् ? यदि सांवृतम्, कथं तस्मादवास्तवाद् वास्तवस्य शून्यवादस्य सिद्धिः । तथा तदसिद्धौ च वास्तव एव समस्तोऽपि प्रमात्रादिव्यवहारः प्राप्तः । अथ तद्ग्राहकं प्रमाणं स्वयमसांवृतम्, तर्हि क्षीणा प्रमात्रादिव्यवहारावास्तवत्वप्रतिज्ञा । तेनैव व्यभिचारात् । तदेवं पक्षद्वयेऽपि "इतो व्याघ्र इतस्तटी" इति न्यायेन व्यक्त एव परमार्थतः स्वाभिमतसिद्धिविरोधः ॥ इति काव्यार्थः ॥१७॥

(અનુવાદ)

શુન્યવાદી પ્રમાતા, પ્રમેય આદિની અવાસ્તવિકતા પ્રમાણથી સિદ્ધ કરે છે કે અપ્રમાણથી ? જો અપ્રમાણથી સિદ્ધ કરે છે. તો પ્રમાતા આદિની અવાસ્તવિકતા સિદ્ધ થશે નહીં ! કેમકે અપ્રમાણ અકિંચિત્કર છે. પ્રમાતા આદિને અસત્ય ઠરાવનાર પ્રમાણ સ્વયં અવાસ્તવિક છે કે વાસ્તવિક ? જો પ્રમાતા આદિને અસત્ય ઠરાવનાર પ્રમાણ સ્વયં અવાસ્તવિક હોય તો એ અસત્ય પ્રમાણથી શૂન્યવાદની સિદ્ધિ કઇ રીતે થઇ શકે ? અને તેમ થવાથી પ્રમાતા, પ્રમેય, પ્રમાણ અને પ્રમિતિનો વ્યવહાર વાસ્તવિક સિદ્ધ થશે. જો પ્રમાતા આદિને અસત્ય સિદ્ધ કરનાર પ્રમાણ સ્વયં વાસ્તવિક હોય તો તમે કલ્પેલી પ્રમાતા આદિની અવાસ્તવિકતા ક્ષીણ થઇ જાય છે. અર્થાત્ પ્રમાણનું વાસ્તવિકપણું સિદ્ધ થવાથી પ્રમાતા આદિનું પણ વાસ્તવિકપણું સિદ્ધ થાય છે. તેથી 'એક બાજુ વાઘ અને એક બાજુ નદી !' એ ન્યાયથી પ્રમાણ અને અપ્રમાણ ઉભય પક્ષથી પણ શુન્યવાદની સિદ્ધિ થઇ શકતી નથી. આથી સિદ્ધ થાય છે કે પ્રમાતા, પ્રમેય, પ્રમાણ અને પ્રમિતિ, એ ચારે તત્ત્વનું અસ્તિત્વ પારમાર્થિક છે.

अवतरण

अधुना क्षणिकवादिन ऐहिकामुष्मिकव्यवहारानुपपन्नार्थसमर्थनमविमृश्यकारितं दर्शयन्नाह—

અવતરણ

હવે ક્ષણિક વાદમાં આ લોક અને પર લોકના વ્યવહારની સિદ્ધિ થઈ શકતી નથી. તેથી તેઓનું અવિચારીપણું દર્શાવતાં કહે છે :

कृतप्रणाशाकृतकर्मभोगभवप्रमोक्षस्मृतिभङ्गदोषान् ।
उपेक्ष्य साक्षात् क्षणभङ्गमिच्छन्नहो महासाहसिकः परस्ते ॥१८॥

મૂળ-અર્થ: પદાર્થોને ક્ષણિક માનવાથી, બાંધેલાં કર્મોનો નાશ, (ભોગનો અભાવ) નહીં કરેલા કર્મોનો ભોગ, સંસારનો નાશ, મોક્ષનો નાશ, સ્મૃતિનો અભાવ ઇત્યાદિ દોષોની આપત્તિ આવે છે. તો પણ તે તે દોષોની ઉપેક્ષા કરીને ક્ષણભંગુરતાને માનવાવાળા તમારા પ્રતિપક્ષી વૈનાશિક બૌદ્ધ મહાસાહસિક છે. અર્થાત્ ભાવિ અનર્થનો વિચાર કર્યા વિના પ્રવૃત્તિ કરવાવાળા છે, (૧૮)

(टीका) कृतप्रणाशदोषम्, अकृतकर्मभोगदोषम्, भवभङ्गदोषम्, प्रमोक्षभङ्गदोषम्, स्मृतिभङ्गदोषमित्येतान् दोषान् । साक्षादित्यनुभवसिद्धान् । उपेक्ष्यानादृत्य । साक्षात्कुर्वन्नपि गजनिमीलिकामवलम्बमानः । सर्वभावानां क्षणभङ्गम् उदयानन्तर-विनाशरूपां क्षणक्षयिताम् इच्छन् प्रतिपद्यमानः । ते तव । परः प्रतिपक्षी वैनाशिकः सौगत इत्यर्थः । अहो महासाहसिकः सहसा अविमर्शात्मकेन बलेन वर्तते साहसिकः । भाविनमनर्थमविभाव्य यः प्रवर्तते स एवमुच्यते । महांश्चासौ साहसिकश्च महासाहसिकोऽत्यन्तमविमृश्य प्रवृत्तिकारी । इति मुकुलितार्थः ॥

(અનુવાદ)

કરેલા કર્મોનો નાશ, નહીં કરેલા કર્મોનો ભોગ, સંસારનો નાશ, મોક્ષનો નાશ, અને સ્મરણનો અભાવ, આ બધા દોષો પદાર્થને ક્ષણિક માનવાથી સાક્ષાત્ આવતા હોવા છતાં પણ જેમ હાથી આંખોને બંધ કરીને જલપાન આદિ ક્રિયા કરે છે. તેમ તમારા પ્રતિપક્ષી બૌદ્ધ મતાનુસારી તે સર્વે દોષોની ઉપેક્ષા કરીને, અર્થાત્ આંખ મિંચામણાં કરીને, સર્વ પદાર્થોને ક્ષણિક પ્રતિપાદન કરે છે. તે ખરેખર તે બૌદ્ધોનું મહાસાહસિક-પણું છે.

(टीका) विवृतार्थस्त्वयम्। बौद्धा बुद्धिक्षणपरम्परामात्रमेवात्मानमामनन्ति न पुनर्मौक्तिककणनिकरानुस्यूतैकसूत्रवत् तदन्वयिनमेकम्। तन्मते येन ज्ञानक्षणेन सदनुष्ठानमसदनुष्ठानं वा कृतम् तस्य निरन्वयविनाशान्न तत्फलोपभोगः, यस्य च फलोपभोगः, तेन तत् कर्म न कृतम्। इति प्राच्यज्ञानक्षणस्य चाकृतकर्मभोगः, स्वयमकृतस्य परकृतस्य कर्मणः फलोपभोगादिति। अत्र च कर्मशब्द उभयत्रापि योज्यः, तेन कृतप्रणाश इत्यस्य कृतकर्मप्रणाश इत्यर्थो द्रष्टव्यः। बन्धानुलोम्याच्चेत्थमुपन्यासः॥

(अनुवाद)

विस्तरार्थ : बौद्धो छूटक मोतीनी माळ.नी जेम ज्ञान-क्षणोनी असंबद्ध परंपराने आत्मा माने छे. परंतु एक दोरामां परोवेली मोतीनी माळानी जेम संपूर्ण ज्ञान क्षणोनी परंपराथी संबद्ध एक आत्माने स्वीकारता नथी. तेथी बौद्ध मतमां जे ज्ञान क्षणु वडे करायेलुं सुकृत या दुष्कृत, ते ज्ञान क्षणुनो निर्मूल नाश थवाथी ते ज्ञान क्षणुथी उपाजयेल शुभाशुभकर्मना फळनो उपभोग ते नहीं करे परंतु जे ज्ञान क्षणे ते शुभाशुभ कर्मो कर्यां नथी, तेनें ते कर्मनां फळनो उपभोग करवानो थशे. तेथी जेणे कर्मो कर्यां होय तेने ते कर्मना फळनो अभाव-(कृतकर्मनाश)नो अने जेणे ओ कर्मो कर्यां न होय तेने ते कर्मना फळना उपभोग-(अकृतकर्मभोग)नो दोष आवशे. अहीं श्लोकना प्रथम चरणमां अकृतकर्मभोग मां जेम 'कर्म' शब्दनो प्रयोग छे, तेम कृतप्रणाशमां पण 'कर्म' शब्दनो प्रयोग करीने अर्थ करवो.

(टीका) तथा भवभङ्गदोषः। भव आर्जवीभावलक्षणः संसारः. तस्य भङ्गो विलोपः स एव दोषः क्षणिकवादे प्रसज्यते। परलोकाभावप्रसङ्ग इत्यर्थः। परलोकिनः कस्यचिदभावात्। परलोको हि पूर्वजन्मकृतकर्मानुसारेण भवति। तच्च प्राचीनज्ञानक्षणानां निरन्वयं नाशात् केन नामोपभुज्यतां जन्मान्तरे॥

(अनुवाद)

क्षणिकवादमां संसारनो पण नाश थशे. अर्थात् परलोकनो अभाव थशे. केमके पूर्व जन्ममां करेलां कर्मोने अनुसार जीवोनो परलोक थाय छे. परंतु क्षणिक वादमां तो पूर्व ज्ञान-क्षणोनो सर्वथा नाश थई जवाथी अने तेनो उत्तर क्षणोनी साथे कोई पण संबंध नहीं होवाथी पूर्व जन्ममां करेलां कर्मोनुं फळ, जन्मांतरमां कोण भोगवे ? प्रत्येक ज्ञानक्षणो क्षणिक होवाथी परलोके जनार कोई आत्मा ज नहीं रहे ! अने ओ रीते आत्माना अभावमां परलोकनो अभाव अने तेथी अनुपाय संसारनी समाप्ति थशे.

(टीका) यच्च मोक्षाकरगुप्तेन "यच्चित्तं तच्चित्तान्तरं प्रतिसन्धत्ते यथेदानीन्तनं चित्तं, चित्तं च मरणकालभावि" इति भवपरम्परासिद्धये प्रमाणमुक्तम्, तद् व्यर्थम्। चित्तक्षणानां निरवशेषनाशिनां चित्तान्तरप्रतिसन्धानायोगात्। द्वयोरवस्थितयोर्हि प्रतिसन्धानमुभयानुगामिना केनचित् क्रियते। यश्चानयोः प्रतिसन्धाता, स तेन नाभ्युपगम्यते स ह्यात्मान्वयी॥

(અનુવાદ)

મોક્ષાકર ગુપ્ત નામના બૌદ્ધાચાર્યે કહ્યું છે કે : વર્તમાનકાલીન ચિત્તની જેમ એક ચિત્ત (બુદ્ધિ-જ્ઞાન) અન્ય ચિત્તમાં સંબદ્ધ થાય છે. આથી મરણપર્યંતનું ચિત્ત અન્ય અન્ય ચિત્તથી સંબદ્ધ છે તેથી સંસારની પરંપરા સિદ્ધ થાય છે. જૈન દર્શન કહે છે કે : તમારૂં કથન અર્થહીન છે. કેમ કે બૌદ્ધમતમાં બધી ચિત્તક્ષણોનો સર્વથા નાશ માનવામાં આવ્યો છે. તેથી એક ચિત્ત અન્ય ચિત્તની સાથે સંબદ્ધ થઈ શકતું નથી. આથી પૂર્વ અને અપર ચિત્ત ક્ષણોનો સંધ કરાવનાર કોઇ સ્થિર દ્રવ્ય હોવું જોઇએ. અન્યથા પૂર્વ અપર ચિત્ત ક્ષણોનો સંબંધ થઈ શકે નહીં. તેથી ઉભય ચિત્ત ક્ષણોનો સંબંધ કરાવનાર જે સ્થિર છે તે જ અન્વયી આત્મા છે.

(ટીકા) न च प्रतिसन्धत्ते इत्यस्य जनयतीत्यर्थः । कार्यहेतुप्रसङ्गात् । तेन वादिनाऽस्य हेतोः स्वभावहेतुत्वेनोक्तत्वात् । स्वभावहेतुश्च तादात्म्ये सति भवति । भिन्नकालभाविनोश्च चित्तचित्तान्तरयोः कुतस्तादात्म्यम् । युगपद्भाविनोश्च प्रतिसन्धेयप्रतिसन्धायकत्वाभावापत्तिः. युगपद्भावित्वेऽविशिष्टेऽपि किमत्र नियामकम्, यदेकः प्रतिसन्धायकोऽपरश्च प्रतिसन्धेय इति । अस्तु वा प्रसिसन्धानस्य जननमर्थः । सोऽप्यनुपपन्नः । तुल्यकालत्वे हेतुफलभावस्याभावात् । भिन्नकालत्वे च पूर्वचित्तक्षणस्य विनष्टत्वात् उत्तरचित्तक्षणः कथमुपादानमन्तरेणोत्पद्यताम् । इति यत्किञ्चिदेतत् ॥

(અનુવાદ)

શંકા: यच्चितं तच्चित्तान्तरं प्रतिसंधत्ते અહીં જે પ્રતિસંધાન શબ્દ છે તેનો અર્થ પૂર્વ-ચિત્ત ઉત્તર ચિત્તની સાથે સંબદ્ધ થાય છે, તેમ નથી. કિન્તુ પૂર્વચિત્ત ક્ષણ ઉત્તર ચિત્તક્ષણને ઉત્પન્ન કરે છે. તે અર્થ છે.

સમાધાન : એ ઠીક નથી. કેમ કે એ પ્રમાણે પૂર્વ ચિત્ત અને અપર ચિત્તક્ષણોનો કાર્ય-કારણભાવ માનવામાં આવે તો કાર્ય હેતુ થશે. પરંતુ બૌદ્ધો વડે તો પૂર્વ-અપર ચિત્તક્ષણોમાં સ્વભાવહેતુ માનવામાં આવ્યો છે. અને સ્વભાવહેતુ તો તાદાત્મ્ય સંબંધ હોય તો ઘટે છે. જેમ 'આ વૃક્ષ શિંશપા (સીસમ) છે વૃક્ષત્વ હોવાથી,' અહીં વૃક્ષ અને શિંશપાનો તાદાત્મ્ય સંબંધ હોવાથી સ્વભાવહેતુ અનુમાન થાય છે; પરંતુ પૂર્વ અને અપર ચિત્તક્ષણો ભિન્ન ભિન્ન સમયમાં હોવાથી પૂર્વ-અપર ચિત્તક્ષણોનો તાદાત્મ્ય સંબંધ નહીં હોવાથી સ્વભાવહેતુ બની શકશે નહીં જો પૂર્વ-અપર ચિત્તક્ષણોની સત્તા એક જ સમયમા હોય તો તેમાં પ્રતિસંધેય ((કાર્ય) અને પ્રતિસંધાયક (કારણ)નો વિભાગ થઇ શકશે નહીં કેમ કે એક જ સમયમાં ઉત્પન્ન થવાવાળા ચિત્તક્ષણોમાં કોણ નિયામક છે કે જેથી એક પ્રતિસંધેય અને અપર પ્રતિસંધાયક થાય? અથવા માનો કે પ્રતિસંધાનનો અર્થ ઉત્પન્ન થવું એમ કરો, તો પણ એક જ સમયવર્તી ચિત્તક્ષણોમાં કાર્યકારણભાવ થઇ શકતો નથી. કેમ કે કાર્યકારણભાવ વિભિન્નકાલીન પદાર્થમાં જ થાય છે. પૂર્વ-અપર ચિત્તક્ષણો ભિન્ન ભિન્ન કાળમાં હોય તોપણ બૌદ્ધમતમાં સર્વ પદાર્થો ક્ષણભંગુર છે. તેથી પૂર્વ ચિત્તક્ષણનો સર્વથા નાશ થઈ જવાથી પૂર્વચિત્તરૂપ ઉપાદાન કારણ વિના ઉત્તર ચિત્તક્ષણની ઉત્પત્તિ કઈ રીતે થઇ શકશે? તેથી ઉપર્યુક્ત બૌદ્ધનું કથન યુક્તિ યુક્ત નથી.

(टीका) तथा प्रमोक्षभङ्गदोषः। प्रकर्षेणापुनर्भावेन कर्मबन्धनाद् मोक्षो मुक्तिः प्रमोक्षस्तस्यापि भङ्गः प्राप्नोति। तन्मते तावदात्मैव नास्ति। कः प्रेत्य सुखीभवनार्थं यतिष्यते। ज्ञानक्षणोऽपि संसारी कथमपरज्ञानक्षणसुखीभवनाय घटिष्यते। न हि दुःखी देवदत्तो यज्ञदत्तसुखाय चेष्टमानो दृष्टः। क्षणस्य तु दुःखं स्वरसनाशित्वात् तेनैव सार्धं दध्वंसे। सन्तानस्तु न वास्तवः कश्चित्। वास्तवत्वे तु आत्माभ्युपगमप्रसङ्गः॥

(अनुवाद)

બૌદ્ધ મતમાં 'કર્મબંધથી સર્વથા મુક્ત થવું' તેવા મોક્ષનો પણ અભાવ થશે. કેમકે તેમના મતમાં આત્મા જ નથી. તેથી કોને આશ્રયીને સુખી થવા માટે પ્રયત્ન થશે? જે જ્ઞાનક્ષણ સંસારી છે, તે જ્ઞાનક્ષણ અપર જ્ઞાનક્ષણને સુખી બનાવવા માટે કઈ રીતે પ્રયત્ન કરી શકશે? કેમકે પૂર્વ–અપર જ્ઞાનક્ષણનો કોઇ સંબંધ નથી. જેમ દુઃખી દેવદત્ત યજ્ઞદત્તના સુખને માટે પ્રયત્ન કરતો દેખાતો નથી. પ્રત્યેક જ્ઞાનક્ષણોનું દુઃખ પણ, તે ક્ષણોનો નાશ થઈ જવાની સાથે નાશ પામી જાય છે. જો માનો કે પ્રત્યેક જ્ઞાનક્ષણોમાં સુખદુઃખ પહોંચાડનાર સંતાન (ક્ષણપરંપરા) છે. તે પણ ઠીક નથી. કેમ કે એ સંતાન પણ જ્ઞાનક્ષણોથી ભિન્ન નથી. અર્થાત્ સંતાન જો ભિન્ન હોઈને અવાસ્તવિક હોય તો અકિંચિત્કર છે અને સંતાન જો વાસ્તવિક હોય તો સંતાન એ જ આત્મા છે. આથી આત્માનો સ્વીકાર કરવો પડશે.

(टीका) अपि च बौद्धाः "निखिलवासनोच्छेदे विगतविषयाकारोपप्लवविशुद्धज्ञानोत्पादो मोक्षः" इत्याहुस्तच्च न घटते। कारणाभावादेव तदनुपपत्तेः। भावनाप्रचयो हि तस्य कारणमिष्यते। स च स्थिरैकाश्रयाभावाद् विशेषानाधायकः प्रतिक्षणमपूर्ववद् उपजायमानो निरन्वयविनाशी, गगनलङ्घनाभ्यासवत् अनासादितप्रकर्षो न स्फुटाभिज्ञानजननाय प्रभवति, इत्यनुपपत्तिरेव तस्य। समलचित्तक्षणानां स्वाभाविक्याः सदृशारम्भणशक्तेरसदृशारम्भम् प्रत्यशक्तेश्च अकस्मादनुच्छेदात्। किंच, समलचित्तक्षणाः पूर्वे स्वरसपरिनिर्वाणा अयमपूर्वो जातः सन्तानश्चैको न विद्यते बन्धमोक्षौ चैकाधिकरणौ न विषयभेदेन वर्तेते। तत् कस्येयं मुक्तिर्य एतदर्थं प्रयतते। अयं हि मोक्षशब्दो बन्धनविच्छेदपर्यायः। मोक्षश्च तस्यैव घटते यो बद्धः। क्षणक्षयवादे त्वन्यः क्षणो बद्धः क्षणान्तरस्य च मुक्तिरिति प्राप्नोति मोक्षाभावः॥

(अनुवाद)

બૌદ્ધ દર્શન સંપૂર્ણ વાસનાનો નાશ થયેથી વિષયાકારના ઉપદ્રવથી રહિત, વિવિધ પ્રકારના ગ્રાહ્ય–ગ્રાહકરહિત, એવા વિશુદ્ધ જ્ઞાનની ઉત્પત્તિને જ મોક્ષ કહે છે. પરંતુ તેમના મતમાં તેવો પણ મોક્ષ ઘટી શકતો નથી. કેમકે ક્ષણિકવાદમાં કાર્યકારણ ભાવ બની શકતો નથી. તેથી કારણના અભાવમાં પૂર્વોક્ત મોક્ષની ઉત્પત્તિ થશે નહીં.

જો કહેશો કે 'સર્વે પદાર્થો ક્ષણિક છે, સર્વે દુઃખરૂપ છે, સર્વે અસાધારણરૂપ હોવાથી સ્વલક્ષણ છે. અને સર્વે પદાર્થો નિઃસ્વભાવ હોવાથી શૂન્ય છે. આ ભાવના-ચતુષ્ટયની ઉત્કટતાથી સંપૂર્ણ વાસનાના ઉચ્છેદરૂપ મોક્ષ થશે. આમ કહેવું ઠીક નથી. કેમ કે તમારા મતમાં ભાવના-ચતુષ્ટયનો કોઈ નિત્ય આશ્રય નહીં હોવાથી ભાવના નિરાધાર છે. પ્રત્યેક ક્ષણો અપૂર્વ અપૂર્વ ક્ષણોને ઉત્પન્ન કરીને. દ્વિતીય ક્ષણમાં સર્વથા નષ્ટ થઈ જવાના સ્વભાવવાળા હોવાથી, તેમજ અનંત આકાશનું લંઘન જેમ દુઃશકય છે, તેમ વાસનાનું અનંતપણું હોવાથી ભાવના ચતુષ્ટયથી પણ શુદ્ધ જ્ઞાનની ઉત્પત્તિ થઈ શકશે નહીં માટે તેવા મોક્ષની પણ અનુત્પત્તિ થશે. અશુદ્ધ જ્ઞાનક્ષણોની શકિત સ્વાભાવિક રીતે તેના સજાતીય (અશુદ્ધ) જ્ઞાન ક્ષણોની ઉત્પત્તિ કરશે પરંતુ તેનાથી વિપરીત (શુદ્ધ) જ્ઞાનક્ષણોની ઉત્પત્તિ નહીં કરે. જેમ આમ્રના બીજની શકિત આમ્રના ફળને ઉત્પન્ન કરવાની છે. પરંતુ નિંબ(લીંમડા)ના ફળને ઉત્પન્ન કરવાની નથી. કેમકે અશુદ્ધ જ્ઞાનક્ષણો અપર અપર અશુદ્ધ જ્ઞાનક્ષણોને જ ઉત્પન્ન કરશે, પરંતુ શુદ્ધ જ્ઞાનક્ષણોને ઉત્પન્ન કરી શકશે નહી. તેથી શુદ્ધ જ્ઞાનક્ષણની ઉત્પત્તિ કયારે પણ થશે નહીં. બૌદ્ધ મતમાં પ્રત્યેક વસ્તુ ક્ષણિક હોવાથી અશુદ્ધ જ્ઞાનક્ષણોનો સર્વથા નાશ થઇ જવાથી શુદ્ધ જ્ઞાનક્ષણને ઉત્પન્ન કરી શકશે નહીં. વળી, પ્રત્યેક ક્ષણ અપૂર્વ હોવાથી પૂર્વ-અપર જ્ઞાનક્ષણોમાં કોઈ એક સંતાનનો સંભવ નથી, અને બંધ મોક્ષ તો એક જ અધિકરણમાં થાય છે, ભિન્ન વિષયમાં નહીં તેથી અસંબદ્ધ એવી જ્ઞાનક્ષણો કોની મુકિત માટે પ્રયત્ન કરે? બંધનના નાશરૂપ મોક્ષ તો ત્યારે જ ઘટે કે, જે પુરુષનો બંધ છે તે જ પુરૂષનો મોક્ષ થતો હોય. પરંતુ બૌદ્ધ મતમાં તો જે ક્ષણમાં બંધ થાય છે તે ક્ષણનો તો સર્વથા નાશ થઈ જાય છે, અને જેનો મોક્ષ થવાનો છે તે ક્ષણ પૂર્વ ક્ષણથી બિલકુલ ભિન્ન છે આથી ક્ષણિકવાદમાં અન્ય ક્ષણનો બંધ અને અન્ય ક્ષણનો મોક્ષ થાય છે, તે બિલકુલ અસંગત હોવાથી તેઓના મતમાં મોક્ષનો અભાવ જ થાય.

(ટીકા) तथा स्मृतिभङ्गदोषः। तथाहि पूर्वबुद्ध्यानुभूतेऽर्थे नोत्तरबुद्धीनां स्मृतिः संभवति। ततोऽन्यत्वात्, सन्तानान्तरबुद्धिवत्। न ह्यन्यदृष्टोऽर्थोऽन्येन स्मर्यते अन्यथा एकेन दृष्टोऽर्थः सर्वैः स्मर्येत। स्मरणाभावे च कौतस्कुती प्रत्यभिज्ञाप्रसूतिः। तस्याः स्मरणानुभवोभयसंभवत्वात्। पदार्थप्रेक्षणप्रबुद्धप्राक्तनसंस्कारस्य हि प्रमातुः स एवायमित्याकारेण इयमुत्पद्यते।

(અનુવાદ)

તેમજ બૌદ્ધ મતમાં સ્મરણનો પણ અભાવ થશે. તે આ પ્રમાણે-પૂર્વ બુદ્ધિથી અનુભવેલા પદાર્થોનું ઉત્તર-બુદ્ધિમાં સ્મરણ થઇ શકતું નથી કેમકે પૂર્વબુદ્ધિથી ઉત્તર બુદ્ધિ બિલકુલ ભિન્ન છે. જેમ ચૈત્રે અનુભવેલા પદાર્થનું મૈત્રને સ્મરણ થઈ શકતું નથી તેમ એક બુદ્ધિથી બીજી બુદ્ધિ અત્યંત ભિન્ન હોવાથી પૂર્વબુદ્ધિથી અનુભૂત પદાર્થનું ઉત્તર બુદ્ધિમાં સ્મરણ થઈ શકશે નહીં. કેમકે એક મનુષ્યે અનુભવેલ પદાર્થનું બીજા મનુષ્યને સ્મરણ થતું નથી. જો એ રીતે સ્મરણ થતું હોય તો એક પુરુષે જાણેલા પદાર્થનું સર્વ પુરુષોને સ્મરણ થવું જોઇએ. આ રીતે સ્મરણનો અભાવ થવાથી તેમના મતમાં પ્રત્ય-

ભિજ્ઞાન પણ થઇ શકશે નહીં. પ્રત્યભિજ્ઞાન અનુભવ અને સ્મરણપૂર્વક થાય છે. પ્રત્યભિજ્ઞાન એટલે, પદાર્થને જોવાથી પ્રમાતાને પૂર્વના સંસ્કારનો આવિર્ભાવ થયો. દા. ત. 'તે જ આ દેવદત્ત છે.' આવું પ્રત્યભિજ્ઞાન સ્મરણના અભાવમાં થઇ શકશે નહીં.

(ટીકા) अथ स्यादयं दोषः यद्यविशेषेणान्यदृष्टमन्यः स्मरतीत्युच्यते। किन्तु अन्यत्वेऽपि कार्यकारणभावाद् एव च स्मृतिः। भिन्नसंतानबुद्धीनां तु कार्यकारणभावो नास्ति तेन संतानान्तराणां स्मृतिर्न भवति। न चैकसान्तानिकीनामपि बुद्धीनां कार्यकारणभावो नास्ति येन पूर्वबुद्ध्यनुभूतेऽर्थे तदुत्तरबुद्धीनां स्मृतिर्न स्यात्। तदप्यनवदातम्। एवमपि अन्यत्वस्य तदवस्थत्वात्। न हि कार्यकारणभावाभिधानेऽपि तदपगतं। क्षणिकत्वेन सर्वासां भिन्नत्वात्। न हि कार्यकारणभावात् स्मृतिरित्यत्रोभयप्रसिद्धोऽस्ति दृष्टान्तः॥

(અનુવાદ)

બૌદ્ધ કહે છે કે સ્મૃતિના અભાવરૂપ પૂર્વોક્ત દોષ ત્યારે જ આવે કે જ્યારે સામાન્યથી અન્યવડે અનુભવેલ પદાર્થનું અન્યને સ્મરણ થાય. પરંતુ અમારે તો પૂર્વ અને ઉત્તર ક્ષણોમાં પરસ્પર ભિન્નતા હોવા છતાં પણ તેમાં કાર્યકારણભાવ સંબંધથી જ સ્મરણ થાય છે. કેમકે બુદ્ધિરૂપી એક જ સંતાનમાં અનુભવ તથા સ્મરણનો કાર્યકારણભાવ સંબંધ છે તેથી તેમાં સ્મૃતિ થઇ શકે છે. પરંતુ એક સંતાન(વ્યક્તિ)નો અન્ય સંતાન(વ્યક્તિ)ની સાથે કાર્યકારણભાવ સંબંધ નહીં હોવાથી એક પુરુષના અનુભવનું અન્ય પુરુષને સ્મરણ થઇ શકતું નથી. માટે 'અન્યના અનુભવનું અન્યને સ્મરણ થશે.' આ આપત્તિ આવશે નહીં. વળી બુદ્ધિરૂપ એક સંતાનસંબંધી ક્ષણોમાં કાર્યકારણભાવ નથી એમ નહીં, પરંતુ એક સન્તાનવાળા જ્ઞાન-ક્ષણોમાં અનુભવ અને સ્મરણરૂપ કાર્યકારણભાવ છે, તેથી પૂર્વબુદ્ધિએ અનુભવેલા પદાર્થનું ઉત્તરબુદ્ધિને સ્મરણ થઇ શકે છે. આથી તમે આપેલા સ્મૃતિ ભંગ દોષનો અહીં અવકાશ નથી.

જૈન કહે છે કે : તમારું કથન યુક્તિપુરસ્સર નથી. કેમકે એ પ્રમાણે સન્તાનમાં કાર્યકારણભાવ માનવા છતાં પણ સન્તાનના ક્ષણોની ભિન્નતાનું નિવારણ થઇ શકતું નથી. બૌદ્ધમતમાં બધા ક્ષણોનો નિરન્વય નાશ માનેલો હોવાથી ક્ષણો પરસ્પર અત્યંત ભિન્ન છે. તેથી 'કાર્યકારણભાવ-નિબંધન સ્મરણ થાય છે.' તેવું કોઇ દૃષ્ટાંત વાદી અને પ્રતિવાદી ઉભયને પ્રસિદ્ધ નથી.

(ટીકા) अथ—"यस्मिन्नेव हि सन्ताने आहिता कर्मवासना।
फलं तत्रैव संधत्ते कर्पासे रक्तता यथा"॥

इति कर्पासे रक्ततादृष्टान्तोऽस्तीति चेत्। तदसाधीयः। साधनदूषणयोरसम्भवात्। तथाहि। अन्वयाद्यसम्भवान्न साधनम्। न हि कार्यकारणभावो यत्र तत्र स्मृतिः कर्पासे रक्तताविदित्यन्वयः सम्भवति। नापि यत्र न स्मृतिस्तत्र न कार्यकारणभाव इति व्यतिरेकोऽपि। असिद्धत्वाद्यनुद्भावनाच्च न दूषणम्। न हि ततोऽन्यत्वात् इत्यस्य हेतोः कर्पासे रक्तताव‌त् इत्यनेन कश्चिद्दोषः प्रतिपाद्यते॥

(અનુવાદ)

બૌદ્ધ કહે છે : જેમ કપાસના બીજનો લાલ રંગ હોય તો તે બીજનું ફળ પણ લાલરંગ વાળું થાય છે. તેમ જે સંતાનમાં કર્મવાસના રહે છે. તેજ સંતાનમાં કર્મવાસનાનું ફળ પણ રહે છે. આથી જે જ્ઞાનક્ષણે પદાર્થનો અનુભવ કર્યો હોય છે. તે જ જ્ઞાનક્ષણને તેનું સ્મરણ થાય છે. માટે કપાસમાં રક્તતાનું દૃષ્ટાંત પ્રસિદ્ધ છે.

જૈન કહે છે : કપાસની રક્તતાનું દૃષ્ટાંત સાધક નથી અને બાધક પણ નથી. કેમકે જ્યાં કાર્યકારણભાવ હોય છે, ત્યાં સ્મૃતિ હોય છે અને જ્યાં સ્મૃતિ નથી ત્યાં કાર્યકારણભાવ નથી. આવો અન્વયવ્યતિરેક સંબંધ બની શકતો નથી; અને અન્વયવ્યતિરેક સંબંધ નહીં બનવાથી કાર્યકારણભાવની પણ સિદ્ધિ થઇ શકતી નથી. આથી બુદ્ધિરૂપ એક સંતાનમાં કાર્યકારણભાવ સંબંધ નહીં બનવાથી, સ્મૃતિ પણ થઇ શકતી નથી. આમ કપાસની રક્તતાનું દૃષ્ટાંત સ્મૃતિરૂપ સાધ્યની સિદ્ધિ કરવા માટે અસમર્થ હોવાથી સાધક નથી. વળી, પૂર્વક્ષણે અનુભવેલ પદાર્થનું સ્મરણ ઉત્તર જ્ઞાનક્ષણને થઈ શકતું નથી. કેમકે પૂર્વ-અપર જ્ઞાનક્ષણ પરસ્પર અત્યંત ભિન્ન છે. જ્યાં જ્યાં ભિન્નપણું હોય છે. ત્યાં ત્યાં સ્મૃતિ ન થાય. જેમ ચૈત્રે અનુભવેલા પદાર્થનું સ્મરણ મૈત્રને થતું નથી. તેમ અહીં પણ પૂર્વ-અપર જ્ઞાન ક્ષણોની ભિન્નતા હોવાથી સ્મૃતિ થશે નહીં. આવા અનુમાનમાં કપાસની રક્તતાના દૃષ્ટાંતથી અસિદ્ધત્વ આદિ કોઇ દોષો આવી શકતા નથી. કારણ કે બૌદ્ધમતના અનુસારે કપાસમાં પણ ક્ષણભંગુરતા છે, તેથી કપાસના ક્ષણોમાં પણ સર્વથા ભિન્નપણું છે. તેથી કપાસની રક્તતાનું દૃષ્ટાંત અમારા અનુમાનનું બાધક પણ નથી.

(ટીકા) किञ्च, यद्यन्यत्वेऽपि कार्यकारणभावेन स्मृतेरुत्पत्तिरिष्यते, तदा शिष्याचार्यादिबुद्धीनामपि कार्यकारणभावसद्भावेन स्मृत्यादिः स्यात्। अथ नायं प्रसङ्गः, एकसंतानत्वे सतीतिविशेषणादिति चेत्। तदप्ययुक्तं। भेदाभेदपक्षाभ्यां तस्योपक्षीणत्वात्। क्षणपरम्परातस्तस्याभेदे हि क्षणपरम्परैव सा। तथा च संतान इति न किञ्चिदतिरिक्तमुक्तं स्यात्। भेदे तु पारमार्थिकः अपारमार्थिको वासौ स्यात्? अपारमार्थिकत्वेऽस्य तदेव दूषणं, अकिंचित्करत्वात्। पारमार्थिकत्वे स्थिरो वा स्यात् क्षणिको वा? क्षणिकत्वे संताननिर्विशेष एवायम्, इति किमनेन स्तेनभीतस्य स्तेनान्तरशरणस्वीकरणानुकरणिना। स्थिरश्चेत् आत्मैव संज्ञाभेदतिरोहितः प्रतिपन्नः। इति न स्मृतिर्घटते क्षणक्षयवादिनाम्॥

(અનુવાદ)

ક્ષણિકવાદમાં અનુભવ અને સ્મૃતિના આશ્રયભૂત કોઈ નિત્યપદાર્થ નહીં હોવા છતાં પણ ભિન્ન ભિન્ન સંતાનમાં કાર્યકારણભાવને આશ્રયીને સ્મૃતિનો સ્વીકાર કરવામાં આવે તો શિષ્ય અને આચાર્યની બુદ્ધિમાં પણ કાર્યકારણભાવનો સદ્ભાવ હોવાથી આચાર્યની બુદ્ધિથી શિષ્યને સ્મરણ થવું જોઈએ. કેમકે ગુરુ શિષ્યને ભણાવે છે, તેથી ગુરુની બુદ્ધિ કારણ છે, અને શિષ્યની બુદ્ધિ કાર્ય છે. તેથી તેમાં કાર્યકારણભાવનો સદ્ભાવ છે. માટે આચાર્યની બુદ્ધિથી શિષ્યને સ્મરણ થવું જોઈએ.

શંકા : અમે એક સંતાનને આશ્રયીને જ કાર્યકારણનો સ્વીકાર કરીએ છીએ. આથી પૂર્વોક્ત આપત્તિ આવશે નહીં, કેમકે ત્યાં તો આચાર્ય અને શિષ્ય, એમ બે પરસ્પર ભિન્ન સંતાન છે. તેથી તેમાં કાર્યકારણભાવ સંબંધ નથી.

સમાધાન : એ ઠીક નથી. કેમકે ભેદ-અભેદ પક્ષથી તેનું નિરાકરણ થઈ જાય છે. તે આ પ્રમાણે તમે સ્મૃતિની સિદ્ધિ માટે જ્ઞાન ક્ષણોનો એક સંતાન માનો છો, તો એ સંતાન સંતાની(ક્ષણ પરંપરા)થી ભિન્ન છે કે અભિન્ન ? જો સંતાન ક્ષણ પરંપરાથી અભિન્ન હોય તો તેને જ સંતાની (ક્ષણ પરંપરા) કહેવાશે. પરંતુ સંતાનીથી અતિરિક્ત કોઈ સંતાન કહેવાશે નહીં. જો સંતાન ક્ષણપરંપરાથી ભિન્ન હોય તો એ સંતાન વાસ્તવિક છે કે અવાસ્તવિક ? જો સંતાન અવાસ્તવિક હોય તો તે અકિંચિત્કારી છે. જો સંતાન વાસ્તવિક હોય તો એ સ્થિર છે કે ક્ષણિક ? જો સંતાન ક્ષણિક હોય તો સ્મૃતિની સિદ્ધિને માટે ક્ષણપરંપરાને ત્યજીને સંતાનનો આશ્રય લેવો, તે ખરેખર એક ચોરના ભયથી બચવા માટે અન્ય ચોરનો આશ્રય લેવા બરાબર છે. જો સંતાનને સ્થિર માનવામાં આવે તો તો સંજ્ઞાન્તરથી ગુપ્ત રીતે આત્માનો જ સ્વીકાર કર્યો કહેવાય. આથી ક્ષણિકવાદમાં સ્મૃતિરૂપ જ્ઞાન ઘટી શકતું નથી.

(टीका) तदभावे च अनुमानस्यानुत्थानमित्युक्तम् प्रागेव। अपि च, स्मृतेरभावे निहितप्रत्युन्मार्गणप्रत्यर्पणादिव्यवहारा विशीर्येरन्।

"इत्येकनवते कल्पे शक्त्या मे पुरुषो हतः।
तेन कर्मविपाकेन पादे विद्धोऽस्मि भिक्षवः॥

इति वचनस्य का गतिः। एवमुत्पत्तिरुत्पादयति, स्थितिः स्थापयति, जरा जर्जरयति, विनाशो नाशयतीति चतुःक्षणिकं वस्तु प्रतिजानाना अपि प्रतिक्षेप्याः। क्षणचतुष्कानन्तरमपि निहितप्रत्युन्मार्गणादि व्यवहाराणां दर्शनात्। तदेवमनेकदोषापातेऽपि यः क्षणभङ्गमभिप्रैति तस्य महत् साहसम्॥ इति काव्यार्थः॥१८॥

(અનુવાદ)

બૌદ્ધ મતમાં સ્મૃતિનો અભાવ થવાથી અનુમાન પણ બની શકશે નહીં. તે અમે પૂર્વે કહી ચૂક્યા છીએ. વળી સ્મૃતિના અભાવમાં થાપણ (અનામત) તરીકે મૂકેલી વસ્તુનું સ્મરણ નહીં હોવાથી લેણું-દેણું વગેરે વ્યવહારનો પણ લોપ થશે. કહ્યું છે કે : હે ભિક્ષુઓ, અહીંથી એકાણુંમા ભવમાં મેં શક્તિ(શસ્ત્રવિશેષ)થી એક પુરુષને હણ્યો હતો તે કર્મના વિપાકથી મારો પગ વિંધાયો છે. ઇત્યાદિ તમારાં વચનની શું હાલત થશે ? કેમ કે ક્ષણ સિવાય અન્ય કોઇ અન્વયી દ્રવ્યનો તમારા મતમાં સ્વીકાર કરાયો નથી. આમ જે વાદીઓ ઉત્પત્તિ, સ્થિતિ, જરા અને વિનાશ આ ચાર ક્ષણ પર્યંત વસ્તુની સ્થિતિ માને છે, તેનું પણ આ રીતે ખંડન થઈ જાય છે. કેમ કે ચાર ક્ષણ પછી પણ થાપણ મૂકેલ વસ્તુનું લેણું-દેણું વગેરે વ્યવહાર દેખવામાં આવે છે. તેથી ક્ષણિક વાદમાં આ રીતે અનેક દોષો આવવા છતાં પણ જેઓ વસ્તુને ક્ષણ ભંગુર માને છે, તે ખરેખર બૌદ્ધોનું મહાન સાહસ છે.

अवतरण

अथ ताथागताः क्षणक्षयपक्षे सर्वव्यवहारानुपपत्तिं परैरुद्भावितामाकर्ण्य इत्थं प्रतिपादयन्ति। यत् सर्वपदार्थानां क्षणिकत्वेऽपि वासनाबललब्धजन्मना ऐक्याध्यवसायेन ऐहिकामुष्मिकव्यवहारप्रवृत्तेः कृतप्रणाशादिदोषा निरवकाशा एव इति। तदाकूतं परिहर्तुकामस्तत्कल्पितवासनायाः क्षणपरम्परातो भेदाभेदानुभयलक्षणे पक्षत्रयेऽप्यघटमानत्वं दर्शयन् स्वाभिप्रेतभेदाभेदस्याद्वादमकामयमानानपि तानङ्गीकारयितुमाह—

અવતરણ

હવે બૌદ્ધો બીજાઓએ કહેલા ક્ષણુ-ક્ષયપક્ષમાં સર્વ વ્યવહારની અનુત્પત્તિ સાંભળીને આ પ્રકારે પ્રતિપાદન કરે છે : સર્વે પદાર્થો ક્ષણિક હોવા છતાં પણ વાસનાના બળથી પ્રાપ્ત થયેલા અભેદજ્ઞાનથી આ લોક અને પરલોક સંબંધી વ્યવહારની પ્રવૃત્તિ થઈ શકે છે. તેથી અમારા સિદ્ધાંતમાં કૃતકર્મપ્રણાશ ઇત્યાદિ દોષોનો અવકાશ નથી. આવા પ્રકારના બૌદ્ધના અભિપ્રાયને દૂર કરવાની ઇચ્છાવાળા ગ્રંથકાર આચાર્ય વાસનાક્ષણુપરંપરાથી ભિન્ન, અભિન્ન, અને ન ભિન્ન, ન અભિન્ન. આ ત્રણે પક્ષમાં વાસના નથી ઘટતી તે બતાવતા સ્વસિદ્ધાંતને અભિપ્રેત ભેદાભેદરૂપ સ્યાદ્વાદને બૌદ્ધો નહીં ઇચ્છવા છતાં પણ બલાત્કારે તેઓને સ્યાદ્વાદનો આશ્રય લેવો પડશે એવું દર્શાવતાં કહે છે કે–

सा वासना सा क्षणसन्ततिश्च नाभेदभेदानुभयैर्घटेते।
अतस्तटादर्शिशकुन्तपोतन्यायात्त्वदुक्तानि परे श्रयन्तु ॥१९॥

મૂળ-અર્થ : પૂર્વ સમયના જ્ઞાનક્ષણથી ઉત્તર સમયના જ્ઞાનક્ષણમાં જવાવાળી શક્તિને વાસના (સંસ્કાર) કહે છે. પ્રતિસમય ઉત્પન્ન થવાવાળી ક્ષણુપરંપરા(પદાર્થની પરંપરા)ને ક્ષણુસંતતિ કહે છે. બૌદ્ધ દર્શનને અભિપ્રેત આવી વાસના અને ક્ષણુ પરંપરા (૧) ભિન્ન, (૨) અભિન્ન અને (૩) ન ભિન્ન-ન અભિન્ન (અનુભવ) એ ત્રણે પ્રકારમાંથી કોઇપણ પ્રકારે સિદ્ધ થઇ શકતી નથી, આથી જેમ સમુદ્ર-મધ્યે રહેલા જહાજ ઉપર રહેલું કોઇ પક્ષી કિનારાની આશાથી ઊડીને જાય, પરંતુ સમુદ્રનો કિનારો નહીં દેખવાથી પુનઃ જહાજ ઉપર આવે, તેમ અન્ય દર્શનકારોને અન્ય કોઇ ઉપાય નહીં હોવાથી અંતે આપના ભેદાભેદરૂપ અનેકાન્તવાદનો આશ્રય લેવો પડશે. (૧૯)

(टीका) सा शाक्यपरिकल्पिता त्रुटितमुक्तावलीकल्पानां परस्परविशकलितानां क्षणानामन्योन्यानुस्यूतप्रत्ययजनिका एकसूत्रस्थानीया सन्तानापरपर्याया वासना। वासनेति पूर्वज्ञानजनितामुत्तरज्ञाने शक्तिमाहुः। सा च क्षणसन्ततिस्तदर्शनप्रसिद्धा। प्रदीपकलिकावत् नवनवोत्पद्यमानापरापरसदृशक्षणपरम्परा। एते द्वे अपि अभेदभेदानुभयैर्न घटेते॥

(અનુવાદ)

બૌદ્ધ દર્શન વડે કલ્પિત, તૂટેલી મોતીની માળાની જેમ પરસ્પર ભિન્નક્ષણોનું એક બીજામાં અનુસંધાન કરવાવાળી વાસના બાંધેલી મોતીની માળામાં જેમ સૂત્ર (દોરો) હોય છે, તેમ પરસ્પર ભિન્ન ક્ષણોમાં રહે છે. વાસનાનું બીજું નામ સંતાન છે. તેમજ પૂર્વજ્ઞાનક્ષણથી ઉત્પન્ન કરાએલી ઉત્તરજ્ઞાનક્ષણની શક્તિને પણ વાસના કહે છે. જેમ દીપકની જ્યોત પ્રત્યેક ક્ષણે નવી નવી ઉત્પન્ન થાય છે, તોપણ તેમાં સાદૃશ્ય હોવાથી 'આ એ જ જ્યોત છે. તેવું જ્ઞાન થાય છે. તેમ પદાર્થો પ્રત્યેક ક્ષણમાં નવીન નવીન ઉત્પન્ન થવા છતાં પણ તેમાં પૂર્વ અને ઉત્તર ક્ષણોનું સાદૃશ્ય હોવાથી 'આ એ જ પદાર્થ છે' તેવું જ્ઞાન થાય છે, આવી ક્ષણપરંપરા બૌદ્ધમતમાં પ્રસિદ્ધ છે. એ વાસના અને ક્ષણ સંતતિ ભેદ અભેદ અને અનુભય, એ ત્રણે પ્રકારમાંથી કોઈપણ પ્રકારે સિદ્ધ થઈ શકતી નથી.

(टीका) न तावादभेदेन तादात्म्येन ते घटेते। तयोर्हि अभेदे वासना वा स्यात् क्षणपरम्परा वा। न द्वयम्। न यद्धि यस्मादभिन्नं न तत् ततः पृथगुपलभ्यते, यथा घटाद् घटस्वरूपम्। केवलायां वासनायामन्वयिस्वीकारः वास्याभावे च किं तया वासनीयमस्तु। इति तस्या अपि न स्वरूपमवतिष्ठते। क्षणपरम्परामात्राङ्गीकरणे च प्राञ्च एव दोषाः॥

(અનુવાદ)

અભેદ પક્ષ : વાસના અને ક્ષણપરંપરાનું અભિન્નપણું ઘટી શકતું નથી, કેમકે વાસના અને ક્ષણપરંપરા પરસ્પર અભિન્ન હોય તો તે બન્નેમાંથી કોઈ એક જ વિદ્યમાન હોઈ શકે. પરંતુ વાસના અને ક્ષણપરંપરા, બંનેની સિદ્ધિ થશે નહીં કેમકે જે જેનાથી અભિન્ન હોય છે. તે તેનાથી પૃથક્ હોઈ શકતાં નથી. જેમ ઘટનું સ્વરૂપ ઘટથી અભિન્ન છે, તો તે ઘટનું સ્વરૂપ ઘટથી ભિન્નપણે ઉપલબ્ધ થઈ શકતું નથી. આ પ્રમાણે કેવળ વાસનાનો સ્વીકાર કરવાથી અન્વયી (નિત્ય) દ્રવ્યનો સ્વીકાર થશે. પરંતુ ક્ષણપરંપરાના અભાવમાં વાસનાનો સ્વીકાર કરવાથી પણ શું ? અર્થાત્ વાસનાનો સ્વીકાર નિષ્પ્રયોજન થશે. અને એ પ્રમાણે થવાથી વાસનાનું સ્વરૂપ પણ ટકી શકતું નથી અને જો કેવળ ક્ષણપરંપરાનો સ્વીકાર કરવામાં આવે, તો પૂર્વોક્ત તમામ દોષો આવશે.

(टीका) न च भेदेन ते युज्येते। सा हि भिन्ना वासना क्षणिका वा स्यात् अक्षणिका वा? क्षणिका चेत्, तर्हि क्षणेभ्यस्तस्याः पृथक्कल्पनं व्यर्थम्। अक्षणिका चेत्, अन्वयिपदार्थाभ्युपगमेनागमबाधः। तथा च पदार्थान्तराणां क्षणिकत्वकल्पनाप्रयासो व्यसनमात्रम्॥

(અનુવાદ)

ભેદ પક્ષ: તેવી રીતે વાસના અને ક્ષણુપરંપરાનું ભિન્નપણું પણ સિદ્ધ થઈ શકતું નથી કેમકે વાસના અને ક્ષણુપરંપરા જો પરસ્પર ભિન્ન હોય તો જવાબ આપો, તે વાસના ક્ષણિક છે કે અક્ષણિક ? જો વાસના ક્ષણિક હોય તો વાસનાનું ક્ષણોથી ભિન્નપણું માનવું તે નિરર્થક થશે. કેમકે ક્ષણિક પક્ષના પૂર્વોક્ત દોષો અહીં પણ આવશે. વાસના જો અક્ષણિક હોય તો વાસનાને નિત્યરૂપે સ્વીકારવાથી તમારા આગમમાં વિરોધ આવશે તેમજ પદાર્થો(ક્ષણુપરંપરા)ની ક્ષણિકત્વ-કલ્પનાનો પ્રયાસ કેવલ કષ્ટપ્રદ થશે.

(टीका) अनुभयपक्षेणापि न घटेते । स हि कदाचिद् एवं ब्रूयात्, नाहं वासनायाः क्षणश्रेणितोऽभेदं प्रतिपद्ये, न च भेदं किंत्वनुभयमिति । तदप्यनुचितम् । भेदाभेदयोर्विधिनिषेधरूपयोरेकतरप्रतिषेधेऽन्यतरस्यावश्यं विधिभावात् अन्यतरपक्षाभ्युपगमः । तत्र च प्रागुक्त एव दोषः । अथवानुभयरूपत्वेऽवस्तुत्वप्रसङ्गः । भेदाभेदलक्षणपक्षद्वयव्यतिरिक्तस्य मार्गान्तरस्य नास्तित्वात् । अनार्हतानां हि वस्तुना भिन्नेन वा भाव्यम् अभिन्नेन वा ? तदुभयातीतस्य वन्ध्यास्तनन्धयप्रायत्वात् । एवं विकल्पत्रयेऽपि क्षणपरम्परावासनयोरनुपपत्तौ पारिशेष्याद् भेदाभेदपक्ष एव कक्षीकरणीयः । न च "प्रत्येकं यो यवेद् दोषो द्वयोर्भावे कथं न सः ।" इति वचनादत्रापि दोषतादवस्थ्यमिति वाच्यम् । कुक्कुटसर्पनरसिंहादिवद् जात्यन्तरत्वादनेकान्तपक्षस्य ॥

(અનુવાદ)

અનુભયપક્ષ : વાસના અને ક્ષણસંતતિમાં ભેદ અને અભેદથી વિલક્ષણ 'ન ભેદ ન અભેદ' અનુભયપણું પણ ઘટી શકતું નથી. કેમકે ભેદ વિધિરૂપ છે. અને અભેદ નિષેધરૂપ છે, તેથી એકના નિષેધમાં અન્યનો સ્વીકાર આવી જાય છે. જેમ ભેદના નિષેધમાં અભેદ અને અભેદના નિષેધમાં ભેદ આ રીતે અલગ અલગ ભેદ-અભેદ પક્ષનો સ્વીકાર કરવામાં આવે તો પૂર્વોક્ત દોષોનું આપાદાન થશે. અથવા વાસના અને ક્ષણ સંતતિનો અનુભય સંબંધ અવસ્તુરૂપ બનશે; કેમકે બૌદ્ધમતમાં ભેદ અને અભેદથી વિલક્ષણ કોઈ ત્રીજો પક્ષ બની શકતો નથી. કારણકે અનેકાન્તવાદ સિવાય સમસ્ત એકાન્તમતોમાં કાં તો ભેદ, કાં તો અભેદ, પરંતુ તેનાથી જુદા ત્રીજા પક્ષનો વંધ્યાપુત્રની જેમ બિલકુલ સંભવ નથી. આમ ભેદ, અભેદ અને અનુભય, એ ત્રણે વિકલ્પોથી વાસના અને ક્ષણ સંતતિની સિદ્ધિ નહીં થવાથી, અંતે ભેદાભેદ પક્ષનો સ્વીકાર કરવો પડશે. જો કહેશો કે 'પ્રત્યેક (ભેદ અથવા અભેદ) પક્ષમાં જે દોષો આવે છે તે ભેદાભેદ પક્ષમાં તો અવશ્ય આવશે.' ના, નહીં આવે, કેમકે જેમ 'કુકુંટસર્પ'માં, કુકુંટ અને સર્પ, એ બન્નેથી વિલક્ષણ કુકુંટ સર્પત્વ જાતિ છે જેમ નરસિંહમાં નર અને સિંહ, એ બન્નેથી વિલક્ષણ નરસિંહત્વ જાતિ છે. તેમ અનેકાન્તવાદમાં ભેદ અને અભેદ બન્નેથી વિલક્ષણ ભેદાભેદ પક્ષનો સ્વીકાર કરવામાં આવ્યો છે, તેથી અનેકાન્તવાદમાં ઉભય પક્ષગત દોષો આવી શકતા નથી.

(टीका) ननु आर्हतानां वासनाक्षणपरम्परयोरङ्गीकार एव नास्ति तत्कथं तदाश्रय-भेदाभेदचिन्ता चरितार्था इति चेत् । नैवम् । स्याद्वादवादिनामपि हि प्रतिक्षणं नवनवपर्यायपरम्परोत्पत्तिरभिमतैव । तथा च क्षणिकत्वम् । अतीतानागतवर्तमान-पर्यायपरम्परानुसंधायकं चान्वयिद्रव्यम् । तच्च वासनेति संज्ञान्तरभागप्यभिमतमेव । न खलु नामभेदाद् वादः कोऽपि कोविदानाम् । सा च प्रतिक्षणोत्पादिष्णुपर्याय-परम्परा अन्वयिद्रव्यात् कथंचिद् भिन्ना कथंचिदभिन्ना । तथा तदपि तस्याः स्याद् भिन्नं स्यादभिन्नम् । इति पृथक्प्रत्ययव्यपदेशविषयत्वाद् भेदः । द्रव्यस्यैव च तथा तथा परिणमनादभेदः । एतच्च सकलादेशविकलादेशव्याख्याने पुरस्तात् प्रपञ्चयिष्यामः ॥

(અનુવાદ)

શંકા : જૈનમતમાં વાસના અને ક્ષણ પરંપરાનો સ્વીકાર કરવામાં આવ્યો નથી, તો તેઓને (જૈનોને) વાસના અને ક્ષણ પરંપરામાં ભેદ અને અભેદની ચિંતા કઈ રીતે સંગત થશે ?

સમાધાન : એમ ના કહો, કેમકે જૈનો પણ સર્વ પદાર્થોમાં જે પ્રત્યેક ક્ષણે નવા નવા પર્યાયોની ઉત્પત્તિ માને છે, તે જ ક્ષણપરંપરા છે: અને અતીત, અનાગત તથા વર્તમાન પર્યાયોની પરંપરાનું અનુસંધાન કરનારૂં નિત્ય દ્રવ્ય માનવામાં આવ્યું છે. તેને તમે વાસના કહો છો આ રીતે પર્યાયો ક્ષણપરંપરા છે અને નિત્ય દ્રવ્ય એ વાસના છે, નામમાત્રનો ફરક છે ! આ રીતે નામમાત્રના ફેરથી પંડિતપુરુષોને કોઈ વિવાદ હોઈ શકતો નથી. તે પ્રત્યેક ક્ષણોમાં ઉત્પન્ન થવાવાળી પર્યાયોની પરંપરા, નિત્યદ્રવ્યથી કથંચિત્ ભિન્ન છે અને કથંચિત્ અભિન્ન છે. દ્રવ્ય પણ પર્યાયોથી કથંચિત્ ભિન્ન છે. અને કથંચિત્ અભિન્ન છે કેમકે પ્રત્યેક પર્યાયો ભિન્ન ભિન્ન જ્ઞાનના વિષયો હોવાથી ભિન્ન છે. અને એક જ દ્રવ્ય ભિન્ન ભિન્ન પર્યાયોમાં પરિણત થતું હોવાથી અભિન્ન છે. આ પ્રકારે વાસના (દ્રવ્ય) અને ક્ષણસંતતિ(પર્યાયો)નું ભેદાભેદપણું સિદ્ધ થાય છે. આમ દ્રવ્યપર્યાયના ભેદાભેદપણાનો ખુલાસો, સકલાદેશ(પ્રમાણ વાકય) અને વિકલાદેશ(નયવાકય)નું વર્ણન કરતી વખતે આગળ ત્રેવીશમી કારિકામાં કરવામાં આવશે.

(टीका) अपि च, बौद्धमते वासनापि तावन्न घटते, इति निर्विषया तत्र भेदादिविकल्पचिन्ता । तल्लक्षणं हि पूर्वक्षणेनोत्तरक्षणस्य वास्यता । न चास्थिराणां भिन्नकालतयान्योन्यासंबद्धानां च तेषां वास्यवासकभावो युज्यते । स्थिरस्य संबद्धस्य च वस्त्रादेर्मृगमदादिना वास्यत्वं दृष्टमिति ॥

(અનુવાદ)

બૌદ્ધ મતમાં વાસના ઘટી શકતી નથી, તેથી વાસના અને ક્ષણ પરંપરામાં ભેદા-ભેદની કલ્પના નિરર્થક છે. કેમકે બૌદ્ધ મતમાં પૂર્વક્ષણવડે ઉત્તરક્ષણ વાસિત થાય છે. અર્થાત્ પૂર્વક્ષણથી ઉત્તરક્ષણમાં ઉત્પન્ન થવાવાળા ચિત્તને વાસના કહે છે. પરંતુ તેઓના

મતમાં ક્ષણ સ્વયં અસ્થિર છે ! તેથી ભિન્ન કાલીન, પરસ્પર ભિન્ન અને અસંબદ્ધ ક્ષણોમાં વાસ્યવાસકભાવ ઘટી શકતો નથી. કોઈ પણ સંબંધ સ્થિર અને સંબદ્ધ પદાર્થમાં જ ઘટી શકે છે. જેમ સ્થિર અને કસ્તૂરીથી સંબદ્ધ વસ્ત્રોમાં જ વાસના (સુગંધ) ઉત્પન્ન થાય છે. તેમ અહીં કોઈ સ્થિર અને સંબદ્ધ પદાર્થ નહીં હોવાથી વાસના કોને વાસિત કરશે ?

(ટીકા) अथ पूर्वचित्तसहजात् चेतनाविशेषात् पूर्वशक्तिविशिष्टं चित्तमुत्पद्यते, सोऽस्य शक्तिविशिष्टचित्तोत्पादो वासना । तथाहि । पूर्वचित्तं रूपादिविषयं प्रवृत्तिविज्ञानं यत्तत् षड्विधं पञ्च रूपादिविज्ञानान्यविकल्पकानि षष्ठं च विकल्पविज्ञानम् । तेन सह जातः समानकालश्चेतनाविशेषोऽहङ्कारास्पदमालयविज्ञानम् । तस्मात् पूर्वशक्तिविशिष्टचित्तोत्पादो वासनेति ॥

(અનુવાદ)

બૌદ્ધ કહે છે કે : પૂર્વ ચિત્તની સાથે ઉત્પન્ન થવાવાળા ચેતના-વિશેષથી પૂર્વશક્તિ વિશિષ્ટ ચિત્ત ઉત્પન્ન થાય છે, આવું ચેતના શક્તિવિશિષ્ટ ચિત્તનું ઉત્પન્ન થવું તેને વાસના કહે છે. એવી વાસનાથી વાસ્યવાસક સંબંધની સિદ્ધિ થાય છે. તેમાં પૂર્વચિત્ત વાસક અને ઉત્તરચિત્ત વાસ્ય છે. જેમ સમુદ્રમાં પવનની પ્રેરણાથી તરંગોનો ઉદ્ભવ થાય છે, તેમ અહંકારના સ્થાનરૂપ આલયવિજ્ઞાનમાં આલંબન, સમનન્તર, સહકારી અને અધિપતિ પ્રત્યયો દ્વારા પ્રવૃત્તિ-વિજ્ઞાનરૂપ ધર્મ ઉત્પન્ન થાય છે. તે રૂપાદિ વિષયને ગ્રહણ કરવાવાળા પૂર્વચિત્તને પ્રવૃત્તિ-વિજ્ઞાન કહે છે. તે પ્રવૃત્તિવિજ્ઞાન શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ અને વિકલ્પના ભેદથી છ પ્રકારે છે. તેમાં શબ્દ, સ્પર્શ આદિ વિષયને ગ્રહણ કરવાવાળા વિકલ્પને નિર્વિકલ્પકજ્ઞાન કહે છે. (જે જ્ઞાનમાં વિશેષાકારરૂપ જુદા જુદા પ્રકારના ભિન્ન ભિન્ન પદાર્થો ભાસિત થાય છે) છઠ્ઠા વિકલ્પવિજ્ઞાનને સવિકલ્પક જ્ઞાન કહે છે. (જે જ્ઞાનમાં સર્વ પદાર્થો વિજ્ઞાનરૂપે ભાસિત થાય છે.) એ જ્ઞાનોને બૌદ્ધ ચિત્ત કહે છે. એવા પ્રવૃત્તિ વિજ્ઞાનની સાથે એક કાળમાં ઉત્પન્ન થવાવાળી અહંકાર પ્રત્યયથી યુક્ત ચેતનાને આલય વિજ્ઞાન કહે છે. તેવા આલય વિજ્ઞાન દ્વારા પૂર્વચિત્ત શક્તિ વિશિષ્ટ ઉત્તર ચિત્તની ઉત્પત્તિ થાય છે, અમારા મતમાં આવા અહંકારના સ્થાનરૂપ આલય વિજ્ઞાનને વાસના કહે છે. આ રીતે અમારા મતમાં વાસનાની સિદ્ધિ થાય છે.

(ટીકા) तदपि न । अस्थिरत्वाद्वासकेनासंबन्धाच्च । यश्चासौ चेतनाविशेषः पूर्वचित्तसहभावी, स न वर्तमाने चेतस्युपकारं करोति । वर्तमानस्याशक्यापनेयोपनेयत्वेनाविकार्यत्वात् । तद्धि यथाभूतं जायते तथाभूतं विनश्यतीति । नाप्यानागते उपकारं करोति । तेन सहासंबद्धत्वात् । असंबद्धं च न भावयतीत्युक्तम् । तस्मात् सौगतमते वासनापि न घटते । अत्र च स्तुतिकारेणाभ्युपेत्यापि ताम् अन्वयिद्रव्यव्यवस्थापनाय भेदाभेदादिचर्चा विरचितेति भावनीयम् ॥

(અનુવાદ)

જૈન કહે છે કે : એ પણ તમારૂં કથન અસંગત છે, કેમ કે પૂર્વ અને ઉત્તરચિત્ત (પ્રવૃત્તિવિજ્ઞાન)નો સંબંધ કરાવી આપનારૂં આલયવિજ્ઞાન (વાસના) સ્વયં અસ્થિર (ક્ષણિક) છે. તેથી ક્ષણિક આલય વિજ્ઞાનદ્વારા પૂર્વચિત્ત અને ઉત્તરચિત્ત ક્ષણોમાં સંબંધ થઇ શકતો નથી. પૂર્વચિત્તની સાથે ઉત્પન્ન થવાવાળી ચેતના-શક્તિ પણ વર્તમાન ચિત્તને ઉત્પન્ન કરી શકતી નથી. કેમકે બૌદ્ધમતમાં વર્તમાન ચિત્ત પણ ક્ષણિક હોવાથી ઉત્પન્ન થતાંની સાથે જ નષ્ટ થઇ જાય છે. તેથી વર્તમાનને દૂર કરવું અને સમીપ લાવવું તે પૂર્વચિત્ત માટે અશક્ય છે. તેથી પૂર્વચિત્ત વર્તમાનચિત્ત ઉપર કોઈ ઉપકાર કરી શકતું નથી. તથા એ ચેતના શક્તિ ભવિષ્યમાં પણ કોઇ ઉપકાર કરી શકતી નથી. કેમકે તેઓના મતમાં ચેતના પણ ક્ષણિક હોવાથી ભવિષ્યની સાથે તેનો કોઈ સંબંધ નથી. આથી ભવિષ્યની સાથે અસંબદ્ધ એવી ચેતના ભવિષ્યમાં કોઇ પ્રકારની વાસના ઉત્પન્ન કરી શકતી નથી. આમ બૌદ્ધમતમાં વાસનાની સિદ્ધિ થઇ શકતી નથી. આથી જ સ્તુતિકારશ્રી હેમચંદ્રાચાર્યે વાસનાનો અસંભવ હોવા છતાં પણ વાસના (નિત્યદ્રવ્ય)-ને સ્વીકારીને નિત્યદ્રવ્યની સિદ્ધિ કરવા માટે ભેદાભેદની ચર્ચા કરી છે.

(ટીકા) अथोत्तरार्द्धव्याख्या । तत इति पक्षत्रयेऽपि दोषसद्भावात् त्वदुक्तानि भवद्वचनानि भेदाभेदस्याद्वादसंवादपूतानि, परे कुतीर्थ्याः प्रकरणात् मायातनयाः श्रयन्तु आद्रियन्ताम् । अत्रोपमानमाह तटादर्शीत्यादि । तटं न पश्यतीति तटादर्शी । यः शकुन्तपोतः पक्षिशावकः तस्य न्याय उदाहरणम् तस्मात् । यथा किल कथमप्यपारपारावारान्तः पतितः काकादिशकुनिशावको बहिर्जिगमिषया प्रवहणकूपस्तम्भादेस्तटप्राप्तये मुग्धतयोड्डीनः समन्ताज्जलैकार्णवमेवावलोकयंस्तटमदृष्ट्वैव निर्वेदाद् व्यावृत्य तदेव कूपस्तम्भादिस्थानमाश्रयते । गत्यन्तराभावात् । एवं तेऽपि कुतीर्थ्याः प्रागुक्तपक्षत्रयेऽपि वस्तुसिद्धिमनासादयन्तस्त्वदुक्तमेव चतुर्थं भेदाभेदपक्षमनिच्छयापि कक्षीकुर्वाणास्त्वच्छासनमेव प्रतिपद्यन्ताम् । न हि स्वस्य बलविकलतामाकलय्य बलीयसः प्रभोः शरणाश्रयणं दोषपोषाय नीतिशालिनाम् । त्वदुक्तानीति बहुवचनं सर्वेषामपि तन्त्रान्तरीयाणां पदे पदेऽनेकान्तवादप्रतिपत्तिरेव यथावस्थितपदार्थप्रतिपादनौपयिकं नान्यदिति ज्ञापनार्थम् । अनन्तधर्मात्मकस्य सर्वस्य वस्तुनः सर्वनयात्मकेन स्याद्वादेन विना यथावद् ग्रहीतुमशक्यत्वात् । इतरथाऽन्धगजन्यायेन पल्लवग्राहिताप्रसङ्गात् ॥

(અનુવાદ)

હવે કારિકાના ઉત્તરાર્ધની વ્યાખ્યા કરતાં કહે છે કે : ભેદ, અભેદ, અને અનુભય, એ ત્રણે પક્ષોમાં દોષોનો સદ્ભાવ હોવાથી બૌદ્ધ મતાનુસારી આપે કહેલ ભેદાભેદરૂપ ચોથા પક્ષનાં આશ્રયને ગ્રહણ કરો ! જેમ અપાર સમુદ્રનાં મધ્યમાં રહેલ પક્ષીનું બચ્ચું કિનારાની આશાથી, મુગ્ધતા વડે જહાજના સ્તંભ ઉપરથી ઉડીને, ચારે તરફ પાણી જ પાણી જોઇને, ખેદથી પાછું જહાજના સ્તંભ ઉપર આવે છે, તેમ બૌદ્ધ મતવાળાઓનો સિદ્ધાંત પૂર્વોક્ત

ત્રણે પક્ષથી સિદ્ધ નહીં થવાથી અંતે અનિચ્છાએ આપના ભેદાભેદરૂપ સિદ્ધાંતનો આશ્રય લેવો પડશે.! પોતાના પક્ષની નિર્બળતા જાણીને બળવાન માલિકનો આશ્રય લેવામાં નીતિજ્ઞ પુરુષોને કોઇ દોષ લાગતો નથી. વળી સર્વે અન્ય દર્શનકારોને યથાર્થ વસ્તુનું પ્રતિપાદન કરવા માટે અન્ય કોઇ ઉપાય નહીં હોવાથી પગલે પગલે તેઓને અનેકાન્તવાદનો આશ્રય લેવો પડે છે. તે જણાવવા માટે શ્લોકમાં त्वदुक्तानि એવો બહુવચનનો પ્રયોગ કરવામાં આવ્યો છે. કેમ કે પ્રત્યેક વસ્તુમાં અનન્ત ધર્મો રહેલા છે. તેથી સંપૂર્ણ નયસ્વરૂપ સ્યાદ્વાદ વિના કોઇ પણ વસ્તુનું યથાવસ્થિત પ્રતિપાદન થઇ શકતું નથી. જો સ્યાદ્વાદનો આશ્રય ના લે તો જેમ જન્માંધ પુરુષો હાથીનું સ્વરૂપ જાણવાની ઇચ્છાથી હાથીનાં સૂંઢ, કાન, આદિ ભિન્ન ભિન્ન અવયવોને પકડીને, હાથીને ભિન્ન ભિન્ન સ્વરૂપે સમજે છે, તેમ એકાન્તવાદી અનન્ત ધર્માત્મક વસ્તુમાંથી કેવળ એક અંશને જ જાણીને વસ્તુના એક અંશરૂપ જ્ઞાનને જ સર્વઅંશરૂપે સ્વીકારવાના !

(ટીકા) श्रयन्तीति वर्तमानान्तं केचित्पठन्ति, तत्राप्यदोषः । अत्र च समुद्रस्थानीयः संसारः, पोतसमानं त्वच्छासनम्. कूपस्तम्भसंनिभः स्याद्वादः । पक्षिपोतोपमा वादिनः । ते च स्वाभिमतपक्षप्ररूपणोड्डयनेन मुक्तिलक्षणतटप्राप्तये कृतप्रयत्ना अपि तस्माद् इष्टार्थसिद्धिमपश्यन्तो व्यावृत्य स्याद्वादरूपकूपस्तम्भालङ्कृततावकीनशासनप्रवहणोपसर्पणमेव यदि शरणीकुर्वते, तदा तेषां भवार्णवाद् बहिर्निष्क्रमणमनोरथः सफलतां कलयति नापरथा ॥ इति काव्यार्थः ॥१९॥

(અનુવાદ)

કેટલાક લોકો 'श्रयन्तु' ને બદલે 'श्रयन्ति' એમ વર્તમાનાંત પદ કહે છે, તે બન્ને પાઠો નિર્દોષ છે. હવે અહીં ગ્રંથકાર ઉપનય ઘટાવતા કહે છે કે સંસારરૂપી સમુદ્રમાં જહાજ સમાન આપનું શાસન, કૂપના સ્તંભસમાન સ્યાદ્વાદ અને પક્ષીના બચ્ચાસમાન અન્ય દર્શનકારો, તેઓ પોતાને અભિમત સિદ્ધાંતની પ્રરૂપણા રૂપ ઉડ્ડયન વડે મોક્ષરૂપ કિનારે જવા માટે પ્રયત્ન કરે છે, છતાં પણ ઇષ્ટ અર્થની સિદ્ધિ થઇ શકતી નથી તેથી તેઓ પાછા આવીને જો સ્યાદ્વાદરૂપ કૂપના સ્તંભથી શોભિત એવા આપના શાસનરૂપ નાવનો આશ્રય લે તો સંસારરૂપી સમુદ્રનો પાર પામવાનો તેઓનો મનોરથ, સહેલાઇથી સફળ થાય.

(अवतरण)

एवं क्रियावादिनां प्रवादुकानां कतिपयकुग्रहनिग्रहं विधाय सांप्रतमक्रियावादिनां लौकायतिकानां मतं सर्वाधमत्वादन्ते उपन्यस्यन् तन्मतमूलस्य प्रत्यक्षप्रमाणस्यानुमानादिप्रमाणान्तरानङ्गीकारेऽकिंचित्करत्वप्रदर्शनेन तेषां प्रज्ञायाः प्रमादमादर्शयति

અવતરણ

ક્રિયાવાદી (આત્મવાદી) અન્ય દર્શનોના સિદ્ધાંતોનાં કેટલાંક કલ્પિત તત્ત્વોનું ખંડન કરીને હવે અક્રિયાવાદી (અનાત્મવાદી) એવા લૌકાયતિક(નાસ્તિક)ના સિદ્ધાંત બીજાં સર્વદર્શનો કરતાં કનિષ્ઠ હોવાથી, અંતમાં તેનું સ્થાપન કરતા સ્તુતિકાર તેઓના મતના મૂલભૂત, કેવલ પ્રત્યક્ષ પ્રમાણની, અનુમાન આદિ પ્રમાણોને સ્વીકાર્યા વિના, સિદ્ધિ થઈ શકતી નથી. તે દર્શાવવાપૂર્વક ચાર્વાક(નાસ્તિક)ની મતિમંદતા બતાવતા કહે છે કે :

विनानुमानेन पराभिसन्धिमसंविदानस्य तु नास्तिकस्य
न साम्प्रतं वक्तुमपि क्व चेष्टा क्व दृष्टमात्रं च हहा प्रमादः ॥२०॥

મૂળ–અર્થ : ચાર્વાક લોકો કેવળ પ્રત્યક્ષ પ્રમાણ જ માને છે. પરંતુ પરના અભિપ્રાય અનુમાન વિના જાણી શકાતા નથી. તેથી ચાર્વાકોની બોલવાની ચેષ્ટા પણ યુક્ત નથી. ચાર્વાક કહે છે કે : અમે મનુષ્યોની ચેષ્ટા જોઈને તેઓના અભિપ્રાયને સમજી શકીએ છીએ જૈન કહે છે કે : તમે કેવલ પ્રત્યક્ષ પ્રમાણ જ માનો છો અને પરની ચેષ્ટાને જોઈને પરના અભિપ્રાયને પણ જાણો છો, તે ખરેખર તમારી બુદ્ધિનો પ્રમાદ છે. કેમ કે ચેષ્ટા અને પ્રત્યક્ષ, એ બન્નેમાં ઘણું જ અંતર છે.

(टीका) प्रत्यक्षमेवैकं प्रमाणमिति मन्यते चार्वाकः। तत्र सज्जते। अनु पश्चाद् लिङ्गसंबन्धग्रहणस्मरणानन्तरम् मीयते परिच्छिद्यते देशकालस्वभावविप्रकृष्टोऽर्थोऽनेन ज्ञानविशेषेण इत्यनुमानम्। प्रस्तावात् स्वार्थानुमानम् तेनानुमानेन लैङ्गिकप्रमाणेन विना पराभिसंधि पराभिप्रायम्, असंविदानस्य सम्यग् अजानानस्य। तु शब्दः पूर्ववादिभ्यो भेदद्योतनार्थः। पूर्वेषां वादिनामास्तिकतया विप्रतिपत्तिस्थानेषु क्षोदः कृतः। नास्तिकस्य तु वक्तुमपि नौचिती कुत एव तेन सह क्षोद इति तु शब्दार्थः। नास्ति परलोकः पुण्यम् पापम् इति वा मतिरस्य। "नास्तिकाऽऽस्तिकदैष्टिकम्"

इति निपातनात् नास्तिकः। तस्य नास्तिकस्य लौकायतिकस्य। वक्तुमपि न सांप्रतं वचनमप्युच्चारयितुं नोचितम्। ततस्तूष्णींभाव एवास्य श्रेयान्। दूरे प्रामाणिकपरिषदि प्रविश्य प्रमाणोपन्यासगोष्ठी ॥

(અનુવાદ)

ચાર્વાક કેવલ પ્રત્યક્ષ પ્રમાણને જ માને છે. તેનું ખંડન કરતાં જૈન કહે છે કે : જેના દ્વારા લિંગ (હેતુ) અને લિંગી(સાધ્ય)ના સંબંધનું ગ્રહણ થાય અને સ્મરણપૂર્વક દેશ-કાલ તથા સ્વભાવથી દૂર રહેલા પદાર્થોનું જ્ઞાન થાય તેને અનુમાન કહે છે. તે અનુમાન સ્વાર્થ અને પરાર્થ એમ બે પ્રકારે છે. પ્રસ્તુત અનુમાન સ્વાર્થાનુમાન છે તે સ્વાર્થાનુમાન પરોપદેશ નિરપેક્ષ હોય છે. પરને સમજાવવા માટે પક્ષ-હેતુ આદિ પંચાવયવ વાકયના પ્રયોગપૂર્વક થાય તે પરાર્થાનુમાન કહેવાય છે. લૌંગિક અનુમાન વિના પરના અભિપ્રાય સમજી શકાતા નથી. શ્લોકમાં 'तु' શબ્દ પૂર્વવાદીઓથી આ વાદીના ભેદને જણાવે છે. પૂર્વવાદીઓ આસ્તિક હોવાથી તેમની સાથેનો વિવાદ પણ યોગ્ય છે. પરંતુ આ તો પુણ્ય, પાપ, પરલોક આદિને નહીં માનનાર (નાસ્તિક) હોવાથી પ્રામાણિક પુરુષોની પર્ષદામાં પ્રવેશ કરી પ્રમાણની ચર્ચા-વિચારણા તો દૂર રહી, પરંતુ વચનમાત્રનો ઉચ્ચાર કરવો, તે પણ તેમના માટે ઉચિત નથી. અર્થાત્ તેઓને તો મૌન રહેવું એજ શ્રેયસ્કર છે. "नास्तिकाऽऽस्तिकदैष्टिकम्" આ હૈમસૂત્રથી 'નાસ્તિક' શબ્દ નિપાતનથી બન્યો છે.

(ટીકા) वचनं हि परप्रत्यायनाय प्रतिपाद्यते। परेण चाप्रतिपित्सितमर्थं प्रतिपादयन् नासौ सतामवधेयवचनो भवति, उन्मत्तवत्। ननु कथमिव तूष्णीकतैवास्य श्रेयसी यावता चेष्टाविशेषादिना प्रतिपाद्यस्याभिप्रायमनुमाय सुकरमेवानेन वचनोच्चारणम् इत्याशङ्क्याह। क चेष्टा क दृष्टमात्रं च इति। केति बृहदन्तरे। चेष्टा इङ्गितम्। पराभिप्रायस्यानुमेयस्य लिङ्गम्। क्व च दृष्टमात्रम् दर्शनं दृष्टं। भावे क्तः। दृष्टमेव दृष्टमात्रम्। प्रत्यक्षमात्रम्। तस्य लिङ्गनिरपेक्षप्रवृत्तित्वात्। अत एव दूरमन्तरमेतयोः। न हि प्रत्यक्षेणातीन्द्रियाः परचेतोवृत्तयः परिज्ञातुं शक्याः, तस्यैन्द्रियकत्वात्। मुखप्रसादादिचेष्टया तु लिङ्गभूतया पराभिप्रायस्य निश्चये अनुमानप्रमाणमनिच्छतोऽपि तस्य बलादापतितम्। तथाहि। मद्वचनश्रवणाभिप्रायवानयं पुरुषः, तादृग् मुखप्रसादादिचेष्टान्यथानुपपत्तेरिति। अतश्च हहा प्रमादः। हहा इति खेदे। अहो तस्य प्रमादः प्रमत्तता, यदनुभूयमानमप्यनुमानं प्रत्यक्षमात्राङ्गीकारेणापह्नुते ॥

(અનુવાદ)

ખરેખર વચનનો પ્રયોગ બીજાને સમજાવવા માટે કરવામાં આવે છે તેથી પરના અભિપ્રાયને સમજ્યા વિના, અન્ય અર્થનું પ્રતિપાદન કરવાવાળા નાસ્તિકનું વચન ઉન્મત્ત પુરુષના વચનની જેમ, સત્પુરુષોને આદરણીય થઇ શકતું નથી

શંકા : અમે અનુમાન વિના પણ બીજાની ચેષ્ટા જોઈને તેના અભિપ્રાયને સમજી શકીએ છીએ. તેથી અમારે મૌનવ્રતનું ઉચ્ચારણ સરળ છે. તો શા માટે મૌન રહેવું જોઈએ ?

સમાધાન : બીજાના અભિપ્રાયને જણાવનારી ચેષ્ટામાં અને પ્રત્યક્ષથી કોઈપણ પદાર્થને જાણવામાં, મોટું અંતર છે. કારણ કે ચેષ્ટા બીજાના અભિપ્રાયને જાણવા માટે લિંગભૂત છે, ત્યારે પ્રત્યક્ષ તો લિંગ વિના ઉત્પન્ન થાય છે ! પ્રત્યક્ષથી બીજાના અભિપ્રાયનું જ્ઞાન થઈ શકતું નથી. કેમકે પ્રત્યક્ષથી કેવલ ઇંદ્રિયજન્ય જ્ઞાન થાય છે. આથી મુખ આદિની ચેષ્ટા દ્વારા બીજાના અભિપ્રાયને જાણી લેનારા નાસ્તિકને અનુમાન પ્રમાણ નહીં ઇચ્છવા છતાં પણ બળાત્કારે માનવું પડશે. 'આ પુરુષ મારું વચન સાંભળવાની ઇચ્છાવાળો છે. કેમકે એના મુખ ઉપર અમુક પ્રકારની ચેષ્ટા દેખાય છે. આવું જ્ઞાન અનુમાન વિના થઈ શકતું નથી. ખેદની વાત છે કે ચાર્વાક આવા અનુમાનનો અનુભવ કરવા છતાં પણ કેવલ પ્રત્યક્ષ પ્રમાણનો સ્વીકાર કરીને અનુમાન પ્રમાણનો અપલાપ કરે છે. આ તેમની બુદ્ધિનો પ્રમાદ નથી તો શું ?

(टीका) अत्र संपूर्वस्य वेत्तेरकर्मकत्वे एवात्मनेपदम्, अत्र तु कर्मास्ति तत्कथमत्राऽऽनश्। अत्रोच्यते। अत्र संवेदितुं शक्तः संविदान इति कार्यम्। "वयः-शक्तिशीले" इति शक्तौ शानविधानात्। ततश्चायमर्थः। अनुमानेन विना परा-भिसंहितं सम्यग् वेदितुमशक्तस्येति। एवं परबुद्धिज्ञानान्यथानुपपत्त्यायमनुमानं हठाद् अङ्गीकारितः ॥

(અનુવાદ)

શંકા:- પ્રસ્તુતમાં 'सम्+विद' ધાતુ અકર્મક હોય તો જ તેનો આત્મનેપદમાં પ્રયોગ કરવો જોઈએ અહીં 'पराभिसन्धिम्' એ કર્મ હોવા છતાં પણ 'संविद्' ધાતુમાં 'आनश्' પ્રત્યય કઈ રીતે થઈ શકે ? કે જેથી 'संविदान' શબ્દ બને ?

સમાધાન:- જે જાણવા માટે સમર્થ હોય તે संविदान કહેવાય. તેથી અહીં 'वयः-शक्तिशीले' એ સૂત્રથી સામર્થ્ય અર્થમાં 'शान' પ્રત્યય થવાથી 'संविदान' શબ્દ બને છે. તેથી આ અર્થ થાય છે કે : નાસ્તિક પરના અભિપ્રાયને સમ્યક્પ્રકારે સમજવા માટે અસમર્થ છે. અન્યના અભિપ્રાયનું જ્ઞાન અનુમાન વિના થઈ શકતું નથી. તેથી અવશ્ય અનુમાન પ્રમાણનો સ્વીકાર કરવો જોઈએ.

(टीका) तथा प्रकारान्तरेणाप्ययमङ्गीकारयितव्यः। तथाहि। चार्वाकः काश्चित् ज्ञानव्यक्तीः संवादित्वेनाव्यभिचारिणिरुपलभ्य, अन्याश्च विसंवादित्वेन व्यभिचा-रिणीः। पुनः कालान्तरे तादृशीतराणां ज्ञानव्यक्तीनामवश्यं प्रमाणतेतरते व्यवस्था-पयेत्। न च संनिहितार्थबलेनोत्पद्यमानं पूर्वापरपरामर्शशून्यं प्रत्यक्षं पूर्वापरकालभा-विनीनां ज्ञानव्यक्तीनां प्रामाण्याप्रामाण्यव्यवस्थापकं निमित्तमुपलक्षयितुं क्षमते न चायं

स्वप्रतीतिगोचराणामपि ज्ञानव्यक्तीनां परं प्रति प्रामाण्यमप्रामाण्यं वा व्यवस्थापयितुं प्रभवति । तस्माद् यथादृष्टज्ञानव्यक्तिसाधर्म्यद्वारेणेदानीन्तनज्ञानव्यक्तीनां प्रामाण्याप्रामाण्यव्यवस्थापकम् परप्रतिपादकं च प्रमाणान्तरमनुमानरूपमुपास्तीत । परलोकादिनिषेधश्च न प्रत्यक्षमात्रेण शक्यः कर्तुम् । संनिहितमात्रविषयत्वात् तस्य । परलोकादिकं चाप्रतिषिध्य नायं सुखमास्ते, प्रमाणान्तरं च नेच्छतीति डिम्भहेवाकः ॥

(અનુવાદ)

નાસ્તિકે બીજી રીતે પણ અનુમાન પ્રમાણ સ્વીકારવું જોઈશે. કોઈક જ્ઞાન સત્ય હોવાના કારણે પ્રમાણ અને કોઈ જ્ઞાન અસત્ય હોવાના કારણે અપ્રમાણ થાય છે. પરંતુ ચાર્વાક કેવળ પ્રત્યક્ષ દ્વારા ભિન્ન કાળમાં રહેલ જ્ઞાનમાં સત્યતા, અસત્યતા, પ્રમાણ અને અપ્રમાણનો નિર્ણય કઇ રીતે કરી શકશે ? કેમકે પ્રત્યક્ષ તો નજીકના પદાર્થના બળથી જ ઉત્પન્ન થાય છે. અને પ્રત્યક્ષ પૂર્વ-અપર અવસ્થાના વિચારથી શૂન્ય છે, તેથી કેવળ પ્રત્યક્ષ દ્વારા પૂર્વ અને ઉત્તરકાળમાં થનારા જ્ઞાનમાં પ્રમાણ અને અપ્રમાણનો નિશ્ચય થઇ શકતો નથી· તથા ચાર્વાક પોતાને થયેલ જ્ઞાન પ્રમાણ રૂપ છે કે અપ્રમાણ રૂપ છે, તે પણ બીજાને જણાવવા માટે સમર્થ થઇ શકતા નથી. વળી પૂર્વકાળમાં થયેલા જ્ઞાનની સમાનતાને જોઈએ વર્તમાન કાલીન જ્ઞાન પ્રમાણરૂપ છે કે અપ્રમાણરૂપ છે તેનો નિશ્ચય પણ અનુમાન પ્રમાણ વિના થઇ શકતો નથી. કેમકે પ્રત્યક્ષ પ્રમાણ સમીપમાં રહેલા પદાર્થોને જ જાણી શકે છે. આથી પરલોક આદિનો નિષેધ કર્યા વિના નાસ્તિકને શાંતિ રહેતી નથી. અને પ્રત્યક્ષથી ભિન્ન અન્ય પ્રમાણ માનવું નથી, ચાર્વાકની આ હઠ ખરેખર બાલચેષ્ટા જેવી છે.

किञ्च, प्रत्यक्षस्याप्यर्थाव्यभिचारादेव प्रामाण्यम् । कथमितरथा स्नानपानावगाहनाद्यर्थक्रियाऽसमर्थे मरुमरीचिकानिचयचुम्बिनि जलज्ञाने न प्रामाण्यम् । तच्च अर्थप्रतिबद्धलिङ्गशब्दद्वारा समुन्मज्जतोरनुमानागमयोरप्यर्थाव्यभिचारादेव किं नेष्यते । व्यभिचारिणोरप्यनयोर्दर्शनाद् अप्रामाण्यमिति चेत्, प्रत्यक्षस्यापि तिमिरादिदोषाद् निशीथिनीनाथयुगलावलम्बिनोऽप्रमाणस्य दर्शनात् सर्वत्राप्रामाण्यप्रसङ्गः प्रत्यक्षाभासं तदिति चेत्, इतरत्रापि तुल्यमेतत् अन्यत्र पक्षपातात् । एवं च प्रत्यक्षमात्रेण वस्तुव्यवस्थानुपपत्तेः । तन्मूला जीवपुण्यापुण्यपरलोकनिषेधादिवादा अप्रमाणमेव ॥

(અનુવાદ)

પ્રત્યક્ષમાં જે પ્રામાણ્ય છે. તે પદાર્થોની નિર્દોષતાને અવલંબીને છે.–જો પદાર્થને અવલંબીને પ્રત્યક્ષમાં પ્રામાણ્ય ના હોય તો સ્નાન. પાન, અવગાહન આદિ અર્થક્રિયામાં અસમર્થ એવા મૃગજળમાં જે જળજ્ઞાન થાય છે, તે પણ પ્રમાણરૂપ કેમ ના હોઇ શકે ? આથી સિદ્ધ થાય છે કે સ્નાન પાન આદિ અર્થક્રિયામાં સમર્થ પદાર્થોની સાથે અવ્યભિચારીપણું હોવાથી પ્રત્યક્ષમાં પ્રામાણ્ય છે. આ રીતે ચાર્વાક જેમ પ્રત્યક્ષમાં પ્રામાણ્ય સ્વીકારે છે. તેમ પ્રત્યક્ષથી જાણેલ લિંગ અને શબ્દ દ્વારા થતા અનુમાન અને આગમને પણ પ્રમાણરૂપ માનવાં જોઇએ. કેમ કે અનુમાન અને આગમ પ્રમાણમાં પણ પ્રત્યક્ષની જેમ પદાર્થોનું સુનિશ્ચિત જ્ઞાન થાય છે.

શંકા : અનુમાન અને આગમ પ્રમાણમાં દોષો દેખાતા હોવાથી, તેમાં પ્રામાણ્ય હોઈ શકતું નથી.

સમાધાન : જેવી રીતે અનુમાન અને આગમ પ્રમાણમાં ક્વચિત્ સદોષતા હોવાના કારણે સર્વત્ર અનુમાન અને આગમ પ્રમાણમાં અપ્રામાણ્ય કહેશો તો તેવી રીતે પ્રત્યક્ષ પ્રમાણમાં પણ તિમિરાદિ નેત્રરોગના કારણે એક ચંદ્રને સ્થાને દ્વિચંદ્રનું જ્ઞાન થાય છે, તો આ રીતે પ્રત્યક્ષ જ્ઞાનમાં પણ ક્વચિત્ અપ્રામાણ્ય દેખાતું હોવાથી સર્વત્ર પ્રત્યક્ષમાં અપ્રામાણ્ય માનવું પડશે.

શંકા : નેત્રરોગના કારણે એક ચંદ્રને સ્થાને દ્વિચંદ્રનું જ્ઞાન થાય છે. તે તો પ્રત્યક્ષ નહીં પરંતુ પ્રત્યક્ષાભાસ છે.

સમાધાન : ક્વચિત્ ક્વચિત્ સદોષતા હોવાના કારણે પ્રત્યક્ષ જ્ઞાનને જેમ પ્રત્યક્ષાભાસ કહે છે, તેમ અમે પણ ક્વચિત્ સદોષતા દેખવામાં આવવાથી કોઈક અનુમાનને અનુમાનાભાસ અને કોઈક આગમને આગમાભાસ કહીએ છીએ; તેથી કંઈ સર્વે અનુમાન અને સર્વે આગમો અપ્રમાણ કહી ના શકાય. વળી માત્ર પ્રત્યક્ષ પ્રમાણથી પદાર્થોનું નિશ્ચિત સ્વરૂપ જાણી શકાતું નથી, તેથી કેવલ પ્રત્યક્ષ પ્રમાણનું અવલંબન લઇને તમે જીવ, પુણ્ય, પાપ અને પરલોક આદિનો નિષેધ કરો છો, તે પણ અપ્રમાણરૂપ છે.

एवं नास्तिकाभिमतो भूतचिद्वादोऽपि निराकार्यः। तथा च द्रव्यालङ्कारकारो पयोगवर्णने—"न चायं भूतधर्मः सत्त्वकठिनत्वादिवद् मद्याङ्गेषु भ्रम्यादिमदशक्तिवद् वा प्रत्येकमनुपलम्भात्। अनभिव्यक्तावात्मसिद्धिः। कायाकारपरिणतेभ्यस्तेभ्यः स उत्पद्यते इति चेत्, कायपरिणामोऽपि तन्मात्रभावी न कादाचित्कः। अन्यस्त्वात्मैव स्यात्। अहेतुत्वे न देशादिनियमः। मृतादपि च स्यात्। शोणिताद्युपाधिः सुप्तादावप्यस्ति। न च सतस्तस्योत्पत्तिः। भूयोभूयः प्रसङ्गात्। अलब्धात्मनश्च प्रसिद्धमर्थक्रियाकारित्वं विरुध्यते। असतः सकलशक्तिविकलस्य कथमुत्पत्तौ कर्तृत्वम्। अन्यस्यापि प्रसङ्गात्। तन्न भूतकार्यमुपयोगः॥

(અનુવાદ)

નાસ્તિકોને અભિમત ભૌતિકવાદની પણ સિદ્ધિ થઈ શકતી નથી. દ્રવ્યાલંકારના કર્તા આચાર્યે ઉપયોગના વર્ણન વખતે કહ્યું છે કે : પૃથ્વી આદિના અસ્તિત્વ અને કાઠિન્ય આદિ ધર્મોની જેમ ચૈતન્ય પાંચભૂતો (પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને આકાશ)નો ધર્મ નથી. જો ચૈતન્ય પાંચભૂતનો ધર્મ હોય તો જેમ બ્રાહ્મી-આદિ મારક શક્તિ મારક પદાર્થોના પ્રત્યેક અવયવમાં ઉપલબ્ધ છે, તેમ ચૈતન્ય શક્તિ પણ પ્રત્યેક ભૂતમાં ઉપલબ્ધ થવી જોઈએ. પરંતુ-પ્રત્યેક ભુતમાં ચૈતન્યનો સાક્ષાત્કાર થતો નથી. તેથી આત્મા એક અલગ પદાર્થ છે.

શંકા : જે સમયે પાંચે ભૂત શરીરરૂપે પરિણત થાય છે, ત્યારે તેમાંથી ચૈતન્ય શક્તિનો આવિર્ભાવ થાય છે.

સમાધાન : જો પાંચે ભૂતોના મળવાથી શરીરનો પરિણામ બનતો હોય તો એ શરીર-પરિણામ સદા કાળ થવો જોઈએ. પરંતુ કાદાચિત્ક ન હોવો જોઈએ. માટે પૃથ્વી આદિ પાંચ ભૂતથી અતિરિક્ત કોઈ ચૈતન્યરૂપ તત્ત્વ હોય તો એ આત્મા તત્ત્વ જ છે. આત્માથી ભિન્ન કોઈ ચૈતન્ય હોઈ શકતું નથી. વળી, શરીરપરિણામ વિના કારણે બનતો નથી. જો શરીરપરિણામ નિર્હેતુક હોય તો દેશ આદિની વ્યવસ્થા બની શકતી નથી. શરીરરૂપે પરિણત પૃથ્વી-આદિ પાંચભૂતમાં ચૈતન્ય શક્તિની ઉત્પત્તિ થતી હોય તો મૃત શરીરમાં પણ ચૈતન્યની ઉત્પત્તિ થવી જોઈએ. કારણ કે મૃત શરીરમાં પણ પાંચે ભૂત મોજુદ છે એમ ના કહેશો કે મુડદામાં રક્તના સંચારનો અભાવ હોવાથી તેમાં ચૈતન્ય શક્તિનો પ્રાદુર્ભાવ થતો નથી, રક્તનો સંચાર તથા અસંચાર જ્ઞાન પ્રત્યે કારણ હોય તો સૂતેલા મનુષ્યમાં રક્તનો સંચાર છે, તો તેને કેમ જ્ઞાન થતું નથી? વળી, સત્‌ની ઉત્પત્તિ કદાપિ થતી નથી, તથાપિ તમે પાંચ ભૂતથી આત્માની ઉત્પત્તિ માનતા હો તો આત્માની ઉત્પત્તિ વારંવાર થવી જોઈએ. કેમ કે શરીરરૂપે પરિણત પંચભૂતની વિદ્યમાનતા સદા છે જ. અસત્‌ વસ્તુની સાથે અર્થક્રિયાનો વિરોધ હોય. પરંતુ સત્‌ની સાથે અર્થક્રિયાનો વિરોધ હોઈ શકતો નથી, તેથી વારંવાર આત્માની ઉત્પત્તિ થવી જોઈએ. જો કહેશો કે 'પહેલાં આત્માનું અસ્તિત્વ ન હતું પરંતુ પાંચભૂતના સંયોગથી આત્માની ઉત્પત્તિ થાય છે' આમ કહેવું ઉચિત નથી. જે પદાર્થનો સર્વથા અભાવ હોય અને જે સર્વશક્તિથી રહિત હોય તેવા પદાર્થની ઉત્પત્તિ કયારે પણ થઈ શકતી નથી. જો તેવા પ્રકારની અસત્‌ની ઉત્પત્તિ થતી હોય તો બીજા પણ અસત્‌ પદાર્થોની ઉત્પત્તિ થવી જોઈએ. આથી સિદ્ધ થાય છે કે આત્મા એ અલગ પદાર્થ છે, પાંચભૂતનું કાર્ય નથી.

(ટીકા) कुतस्तर्हि सुप्तोत्थितस्य तदुदयः । असंवेदनेन चैतन्यस्याभावात् । न । जाग्रदवस्थानुभूतस्य स्मरणात् । असंवेदनं तु निद्रोपघातात् । कथं तर्हि कायविकृतौ चैतन्यविकृतिः । नैकान्तः । श्वित्रादिना कश्मलवपुषोऽपि बुद्धिशुद्धेः । अविकारे च भावनाविशेषतः प्रीत्यादिभेददर्शनात् । शोकादिना बुद्धिविकृतौ कायविकारादर्शनाच्च । परिणामिनो विना च न कार्योत्पत्तिः । न च भूतान्येव तथा परिणमन्ति । विजातीयत्वात् । काठिन्यादेरनुपलम्भात् । अणव एवेन्द्रिय-ग्राह्यत्वरूपां स्थूलतां प्रतिपद्यन्ते तज्जात्यादि चोपलभ्यते । तन्न भूतानां धर्मः फलं वा उपयोगः । तथा भवांश्च यदाक्षिपति तदस्य लक्षणम् । स चात्मा स्वसंविदितः । भूतानां तथाभावे बहिर्मुखं स्याद् । गौरोऽहमित्यादि तु नान्तर्मुखम् । बाह्यकरण-जन्यत्वात् । अनभ्युपगतानुमानप्रामाण्यस्य चात्मनिषेधोऽपि दुर्लभः ॥

"धर्मः फलं च भूतानाम् उपयोगो भवेद् यदि ।
प्रत्येकमुपलम्भः स्यादुत्पादो वा विलक्षणात् ॥"

इति काव्यार्थः ॥२०॥

(અનુવાદ)

શંકા : જો પૃથ્વી આદિ પાંચભૂતોથી ચૈતન્યની ઉત્પત્તિ ન થતી હોય તો સૂધને ઊઠેલા મનુષ્યોમાં ચૈતન્ય શક્તિ ક્યાંથી આવે ? કેમકે નિદ્રાવસ્થામાં ચેતના (જ્ઞાન)નો અભાવ હોય છે.

સમાધાન : સૂધને ઉઠયા બાદ જાગૃત અવસ્થામાં અનુભવેલ પદાર્થનું સ્મરણ થાય છે. સુષુપ્તિ અવસ્થામાં ચૈતન્ય(જ્ઞાન)નો નાશ થતો નથી. પરંતુ ચેતના શક્તિ નિદ્રાના ઉદયથી આચ્છાદિત થઈ જાય છે. તેથી નિદ્રાવસ્થામાં જ્ઞાન થતું નથી.

શંકા : જો પાંચ ભૂતજન્ય ચૈતન્ય ના હોય તો શરીરમાં વિકાર થવાથી ચૈતન્યમાં વિકાર કેવી રીતે હોઇ શકે ?

સમાધાન : એવો કોઈ એકાન્તે નિયમ નથી કે શરીરના વિકારથી આત્માનો વિકાર થાય, કેમકે કોઢ-આદિ રોગથી શરીરમાં વિકાર થવા છતાં પણ તે પુરુષ બુદ્ધિશાળી હોય છે. અને શરીરમાં કોઇ પણ જાતનો વિકાર નહીં થવા છતાં પણ ભાવના વિશેષથી રાગ દ્વેષ આદિ વિકારો બુદ્ધિમાં થતા દેખાય છે, તેવી જ રીતે શોક આદિથી બુદ્ધિમાં વિકાર થવા છતાં પણ શરીરમાં વિકાર થતો દેખાતો નથી. આથી પરિણામી કારણ વિના બુદ્ધિમાં પરિણમન રૂપ કાર્યની ઉત્પત્તિ થઈ શકતી નથી. તેથી સિદ્ધ થાય છે કે પરિણામી જે છે તે જ આત્મા છે. પૃથ્વી આદિ પાંચ ભૂતોનું ચૈતન્યરૂપ પરિણમન થઈ શકતું નથી. કેમકે પૃથ્વી આદિની જેમ ચૈતન્યમાં કાઠિન્ય આદિ ગુણો જોવામાં આવતા નથી. પરમાણુઓ ઇન્દ્રિય-ગ્રાહ્ય સ્થૂલરૂપતા ધારણ કરે છે. તેથી સ્થૂલ પર્યાયને પ્રાપ્ત કરવા છતાં પણ પરમાણુઓની જાતિમાં કોઇ અંતર પડતું નથી. અર્થાત્ તેમાં તે જાતિ જ ઉપલબ્ધ થાય છે. પરંતુ ચૈતન્યમાં તો પૃથ્વી આદિ જાતિની ઉપલબ્ધિ થતી નથી. આથી સિદ્ધ થાય છે કે ચૈતન્ય (આત્મા) પૃથ્વી આદિ પાંચ ભૂતોનો ધર્મ કે કાર્ય-નથી. તેમ જ તમે જેના ઉપર આક્ષેપ કરો છો તેને જ અમે આત્મા કહીએ છીએ. તે આત્મા અનુભવનો વિષય છે. વળી આત્મા જો પાંચ ભૂતથી ઉત્પન્ન થતો હોય તો 'હું ગૌર છું' આવું અંતર્મુખ જ્ઞાન નહીં થાય, પરંતુ 'આ ગૌર છે' તેવું બહિર્મુખ જ્ઞાન થવું જોઇએ. તમે અનુમાન પ્રમાણ માન્યા વિના આત્માનો નિષેધ કરી શકશો નહીં, કહ્યું પણ છે કે : ચૈતન્ય પૃથ્વી આદિ પાંચ ભૂતોનો ધર્મ કે કાર્ય હોય તો પ્રત્યેક ભૂતોમાં ચૈતન્યનો અનુભવ થવો જોઈએ. પૃથ્વી આદિ વિજાતીય પદાર્થોથી ચૈતન્યની ઉત્પત્તિ થતી હોય તો બીજા પણ વિજાતીય પદાર્થોથી વિજાતીય પદાર્થની ઉત્પત્તિ થવી જોઇએ. આથી ચેતના શક્તિ(આત્મા)ને ભૌતિક વિકાર નહીં માનતા આત્માને એક સ્વતંત્ર પદાર્થ તરીકે માનવો જોઇએ.

अवतरण

एवमुक्तयुक्तिभिरेकान्तवादप्रतिक्षेपमाख्याय साम्प्रतमनाद्यविद्यावासनाप्रवासितसन्मतयः प्रत्यक्षोपलक्ष्यमाणमप्यनेकान्तवादं येऽवमन्यन्ते तेषामुन्मत्ततामाविर्भावयन्नाह—

અવતરણ

એ પ્રકારે સિદ્ધાંતનાં વચનો દ્વારા તથા ઉક્ત યુક્તિઓ દ્વારા એકાન્તવાદનું ખંડન કરીને હવે અનાદિ અવિદ્યાની વાસનાથી કુંઠિત થઈ ગયેલી બુદ્ધિવાળા જે લોકો પ્રત્યક્ષથી સાક્ષાત્ દેખાવા છતાં પણ અનેકાન્તવાદની અવગણના કરે છે, તે લોકોની ઉન્મત્તતાનું પ્રદર્શન કરતાં કહે છે કે :

प्रतिक्षणोत्पादविनाशयोगिस्थिरैकमध्यक्षमपीक्षमाणः।
जिन! त्वदाज्ञामवमन्यते यः स वातकी नाथ! पिशाचकी वा ॥२१॥

મૂળ–અર્થ : હે નાથ, પ્રત્યેક ક્ષણમાં ઉત્પત્તિ, વિનાશ અને સ્થિર સ્વભાવવાળી વસ્તુને પ્રત્યક્ષથી દેખવા છતાં પણ જે અજ્ઞાની, મનુષ્યો તમારી આજ્ઞાની અવગણના કરે છે; તે મનુષ્યો ખરેખર વાતરોગથી કે પિશાચથી ગ્રસ્ત હોય, તેવા છે.

(टीका) प्रतिक्षणं प्रतिसमयम्। उत्पादेनोत्तराकारस्वीकाररूपेण विनाशेन च पूर्वाकारपरिहारलक्षणेन युज्यत इत्येवंशीलं प्रतिक्षणोत्पादविनाशयोगि। किं तत्। स्थिरैकं कर्मतापन्नम्। स्थिरमुत्पादविनाशयोरनुयायित्वात् त्रिकालवर्ति यदेकं द्रव्यं स्थिरैकम्। एकशब्दोऽत्र साधारणवाची। उत्पादे विनाशे च तत्साधारणम् अन्वयिद्रव्यत्वात्। यथा चैत्रमैत्रयोरेका जननी साधारणेत्यर्थः। इत्थमेव हि तयोरेकाधिकरणता। पर्यायाणां कथञ्चिदनेकत्वेऽपि तस्य कथञ्चिदेकत्वात्। एवं त्रयात्मकं वस्तु अध्यक्षमपीक्षमाणः प्रत्यक्षमवलोकयन् अपि। हे जिन! रागादिजैत्र!। त्वदाज्ञाम् आ सामस्त्येनानन्तधर्मविशिष्टतया ज्ञायन्तेऽवबुद्ध्यन्ते जीवाजीवादयः पदार्था यया सा आज्ञा आगमः शासनं, तवाज्ञा त्वदाज्ञा तां त्वदाज्ञां भवत्प्रणीतस्याद्वाद-

मुद्राम् । यः कश्चिदविवेकी अवमन्यतेऽवजानाति । जात्यपेक्षमेकवचनमवज्ञया वा । स पुरुषपशुर्वातकी पिशाचकी वा । वातो रोगविशेषोऽस्यास्तीति वातकी वातकीव वातकी बातूल इत्यर्थ । एवं पिशाचकीव पिशाचकी भूताविष्ट इत्यर्थः ॥

(અનુવાદ)

પ્રતિસમય દરેક દ્રવ્ય ઉત્તર પર્યાયના સ્વીકાર વડે ઉત્પાદ અને પૂર્વપર્યાયના ત્યાગ વડે વિનાશવાળા હોવા છતાં પણ ત્રિકાલવર્તિ એક દ્રવ્યરૂપે સ્થિર સ્વભાવવાળા છે. જેમ ચૈત્ર અને મૈત્રની માતા એક છે, તેમ ઉત્પાદ અને વિનાશ, બન્નેનું અધિકરણ એક દ્રવ્ય છે. આથી દ્રવ્યનો ઉત્પાદ અને વિનાશ હોવા છતાં પણ દ્રવ્ય સદા સ્થિરરૂપે રહે છે. ઉત્પાદ અને વિનાશરૂપ પર્યાયોનું કથંચિત્ અનેકપણું હોવા છતાં પણ દ્રવ્યનું કથંચિત્ એકપણું છે. આ પ્રકારે ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યરૂપ પદાર્થોને પ્રત્યક્ષથી જોવા છતાં પણ હે નાથ, આપની આજ્ઞા(જેના વડે સમસ્ત પ્રકારે જીવાજીવાદિ પદાર્થો જણાય તે)નું જે કોઇ મૂર્ખ પુરુષ ઉલ્લંઘન કરે છે, તે ખરેખર પુરુષોમાં પશુ સમાન, વાત રોગથી ગ્રસ્ત હોય કે પિશાચથી ગ્રસ્ત હોય તેવા લાગે છે.

(टीका) अत्र वा शब्दः समुच्चयार्थः उपमानार्थो वा । स पुरुषापसदो वातकिपिशाचकिभ्यामधिरोहति तुलामित्यर्थः । "वातातीसारपिशाचात्कश्चान्तः" इत्यनेन मत्वर्थीयः [इन्] कश्चान्तः । एवं पिशाचकीत्यपि । यथा किल वातेन पिशाचेन वाऽऽक्रान्तवपुर्वस्तुतत्त्वं साक्षात्कुर्वन्नपि तदावेशवशात् अन्यथा प्रतिपद्यते एवयमप्येकान्तवादाषस्मारपरवश इति । अत्र च जिनेति साभिप्रायम् । रागादिजेतृत्वाद् हि जिनः । ततश्च यः किल विगलितदोषकालुष्यतयावधेयवचनस्यापि तत्रभवतः शासनमवमन्यते तस्य कथं नोन्मत्ततेति भावः । नाथ हे स्वामिन् । अलब्धस्य सम्यग्दर्शनादेर्लम्भकतया लब्धस्य च तस्यैव निरतिचारपरिपालनोपदेशदायितया च योगक्षेमकरत्वोपपत्तेर्नाथः । तस्यामन्त्रणम् ।

(અનુવાદ)

અહીં વા શબ્દ સમુચ્ચય અથવા ઉપમાન અર્થમાં પ્રયુક્ત છે. તેથી એ અર્થ થાય છે કે : આપની આજ્ઞાનું ઉલ્લંઘન કરવાવાળા અધમ પુરુષ વાત રોગથી ગ્રસ્ત અથવા પિશાચથી ગ્રસ્ત હોય તેવા છે. અહીં 'वातातीसारपिशाचात्कश्चान्तः'એ સૂત્રથી વાત અને પિશાચ શબ્દથી, મત્વર્થીય 'इन्' પ્રત્યય થયે છતે અન્તમાં 'क' આગમ થયો છે. જેમ વાત અને પિશાચથી ગ્રસ્ત પુરુષ પદાર્થને સાક્ષાત્ દેખવા છતાં પણ વાત અને પિશાચના આવેશથી પદાર્થને અન્યથા રૂપે પ્રતિપાદન કરે છે, તેમ એકાન્તવાદરૂપ સન્નિપાતના રોગથી પીડિત મનુષ્ય પ્રત્યેક પદાર્થને ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યસ્વરૂપ સાક્ષાત્ દેખવા છતાં પણ વિપરીતરૂપે પ્રતિપાદન કરે છે. શ્લોકમાં 'जिन' શબ્દના પ્રયોગથી એ સૂચિત થાય છે.

કે : જેણે રાગ-દ્વેષ આદિ દોષોને જીતી લીધા છે, તે જિન કહેવાય છે. તેથી આપનું વચન નિર્દોષ તથા આદરણીય હોવા છતાં પણ જે લોકો તેની અવજ્ઞા કરે છે, તેને ઉન્મત્ત કેમ ના કહી શકાય ? તેથી હે સ્વામિન્ આપ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ કરાવનાર અને પ્રાપ્ત સમ્યગ્દર્શનનું નિરતિચારપણે પાલન કરવાનો ઉપદેશ આપવાવાળા હોવાથી યોગ અને ક્ષેમ કરનાર છો. તેથી આપ નાથ છો. (અપ્રાપ્ત વસ્તુની પ્રાપ્તિ કરાવનાર અને પ્રાપ્ત વસ્તુનું રક્ષણ કરનાર નાથ કહેવાય છે.)

(टीका) वस्तुतत्वं चोत्पादव्ययध्रौव्यात्मकम् । तथाहि । सर्वं वस्तु द्रव्यात्मना नोत्पद्यते विपद्यते वा । परिस्फुटमन्वयदर्शनात् । लूनपुनर्जातनखादिष्वन्वयदर्शनेन व्यभिचार इति न वाच्यम् । प्रमाणेन बाध्यमानस्यान्वयस्यापरिस्फुटत्वात् । न च प्रस्तुतोऽन्वयः प्रमाणविरुद्धः । सत्यप्रत्यभिज्ञानसिद्धत्वात् ।

"सर्वव्यक्तिषु नियतं क्षणे क्षणेऽन्यत्वमथ च न विशेषः ।
सत्योश्चित्यपचित्योराकृतिजातिव्यवस्थानात्" ॥

इति वचनात् ॥

(અનુવાદ)

પ્રત્યેક વસ્તુ ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યરૂપ છે, સર્વવસ્તુ દ્રવ્યરૂપે ઉત્પન્ન થતી નથી અને નાશ પણ પામતી નથી. પરંતુ દ્રવ્યમાં ભિન્ન ભિન્ન પર્યાયો ઉત્પન્ન થાય છે અને નાશ પામે છે તો પણ દ્રવ્ય તો એક જ રૂપે રહે છે.

શંકા : નખ, કેશ આદિને કાપવા છતાં પણ ફરીથી વધે છે. તે વધેલા-નખ પૂર્વના નખ જેવા જ દેખાય છે. પરંતુ વાસ્તવિક તો પૂર્વના નખોથી ફરીને વધેલા નખો સાવ ભિન્ન છે, તેમ સર્વ પર્યાયો ભિન્ન ભિન્નરૂપે નવા નવા ઉત્પન્ન થાય છે, તેથી પર્યાયો દ્રવ્યની અપેક્ષાએ એક નથી.

સમાધાન : એ કથન ઠીક નથી. કેમકે ફરીથી ઉત્પન્ન થયેલા નખો પૂર્વના નખોથી ભિન્ન છે, તેમાં પ્રત્યક્ષ પ્રમાણથી વિરોધ આવે છે. પરંતુ પદાર્થમાં ઉત્પાદ અને નાશ થવા છતાં પણ દ્રવ્યનું એકરૂપે રહેવું તે પ્રત્યભિજ્ઞાન પ્રમાણથી સિદ્ધ થાય છે. જેમ જન્મથી મરણપર્યંત અનેક અવસ્થાઓ બદલાવા છતાં પણ 'તે જ આ પુરુષ છે.' તેવા પ્રત્યભિજ્ઞાનથી એક જ પુરુષમાં બાલ, યુવાન અને વૃદ્ધ આદિ ભિન્ન ભિન્ન અવસ્થાઓનું પરિવર્તન થવા છતાં એક જ પુરુષ શબ્દનો ઉપચાર થાય છે, તેમ પ્રત્યેક પદાર્થમાં ભિન્ન ભિન્ન પર્યાયોની પરાવૃત્તિ થવા છતાં પણ એક જ દ્રવ્યરૂપે વસ્તુ સ્થિત છે. કહ્યું પણ છે કે : પ્રત્યેક પદાર્થમાં ક્ષણે ક્ષણે ભિન્ન ભિન્ન પર્યાયોનું પરાવર્તન થવા છતાં પણ દ્રવ્યમાં સર્વથા ભિન્નપણું હોતું નથી. આકૃતિ અને જાતિની અપેક્ષાએ પદાર્થોમાં અનિત્યપણું અને નિત્યપણું હોય છે.

(टीका) ततो द्रव्यात्मना स्थितिरेव सर्वस्य वस्तुनः। पर्यायात्मना तु सर्वं वस्तूत्पद्यते विपद्यते च। अस्खलितपर्यायानुभवसद्भावात्। न चैवं शुक्ले शङ्खे पीतादिपर्यायानुभवेन व्यभिचारः। तस्य स्खलद्रूपत्वात्। न खलु सोऽस्खलद्रूपो येन पूर्वाकारविनाशाजहद्धृतोत्तराकारोत्पादाविनाभावी भवेत्। न च जीवादौ वस्तुनि हर्षामर्षौदासीन्यादिपर्यायपरम्परानुभवः स्खलद्रुपः, कस्यचिद् बाधकस्याभावात्॥

(અનુવાદ)

તેથી દ્રવ્યરૂપે વસ્તુ સ્થિર છે. પર્યાયરૂપે વસ્તુ ઉત્પન્ન થાય છે અને નાશ પામે છે. કેમકે પર્યાયોમાં જ ઉત્પાદ અને નાશનો અસ્ખલિત અનુભવ થાય છે.

શંકા : નેત્ર રોગના કારણે સફેદ શંખમાં પીત પર્યાયનો અનુભવ થાય છે, તેથી કંઈ પર્યાયોમાં ઉત્પાદ અને નાશનો અનુભવ સત્ય હોતો નથી.

સમાધાન : સફેદ શંખમાં પીળાપણાનું જ્ઞાન થાય છે, તે મિથ્યા છે. કારણ કે નેત્રરોગ દૂર થવાથી પીળાપણાનું જ્ઞાન અસત્ય ભાસે છે. શંખમાં જે પીળાપણાનું જ્ઞાન થાય છે, તે ક્વચિત્ થાય છે. માટે તે સ્ખલનારૂપ છે. કેમકે પૂર્વ આકારનો ત્યાગ અને ઉત્તર આકારનું ગ્રહણ તે અસ્ખલદ્રૂપની સાથે સવિનાભાવી છે. કારણ કે એક જ દ્રવ્યમાં પર્યાયોનો અસ્ખલદ્રૂપે અનુભવ થાય છે. જીવાદિ પદાર્થોમાં હર્ષ, ક્રોધ, ઉદાસીનતા આદિ પર્યાયોની પરંપરાનો અનુભવ થાય છે, તે મિથ્યા હોતો નથી. કેમકે એ પર્યાયોમાં કોઈ બાધક પ્રમાણનો સદ્ભાવ નથી.

(टीका) ननूत्पादादयः परस्परं भिद्यन्ते न वा? यदि भिद्यन्ते, कथमेकं वस्तु त्रयात्मकम्। न भिद्यन्ते चेत् तथापि कथमेकं त्रयात्मकम्। तथा च—

"यद्युत्पादादयो भिन्नाः कथमेकं त्रयात्मकम्।
अथोत्पादादयोऽभिन्नाः कथमेकं त्रयात्मकम्"॥

इति चेत्। तदयुक्तम्। कथंचिद्भिन्नलक्षणत्वेन तेषां कथञ्चिद्भेदाभ्युपगमात्। तथाहि उत्पादविनाशध्रौव्याणि स्याद् भिन्नानि, भिन्नलक्षणत्वात्, रूपादिवदिति। न च भिन्नलक्षणत्वमसिद्धम्। असत् आत्मलाभः सतः सत्तावियोगः द्रव्यरूपतयानुवर्तनं च खलूत्पादादीनां परस्परमसंकीर्णानि लक्षणानि सकललोकसाक्षिकाण्येव॥

(અનુવાદ)

શંકા : ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય પરસ્પર ભિન્ન છે કે અભિન્ન ? જો ભિન્ન હોય તો એક વસ્તુ ઉત્પાદ-વ્યય અને ધ્રૌવ્ય રૂપે કઈ રીતે બની શકે ? જો એ ત્રણે અભિન્ન હોય તોપણ એક વસ્તુ ત્રણ રૂપે કઈ રીતે થઈ શકે ? કેમકે અભિન્ન હોવાથી એ ત્રણમાંથી એકનું જ ગ્રહણ થશે. તેમ જ કહ્યું પણ છે કે : ઉત્પાદ-વ્યય અને ધ્રૌવ્ય પરસ્પર ભિન્ન હોય તો એક વસ્તુ ત્રણ રૂપે કઈ રીતે કહી શકાય ? જો અભિન્ન હોય તોપણ એક વસ્તુ ત્રણ રૂપે કઈ રીતે સિદ્ધ થાય ?

સમાધાન : એ કથન અયુક્ત છે. કેમકે અમે, ઉત્પાદ વ્યય અને ધ્રૌવ્યનું ભિન્ન ભિન્ન લક્ષણ હોવાથી, તેમાં પરસ્પર કથંચિત્ ભેદ સ્વીકારીએ છીએ. ઉત્પાદ-વ્યય અને ધ્રૌવ્ય કથંચિત્ ભિન્ન છે કેમકે તેઓનું ભિન્ન ભિન્ન લક્ષણ છે. રૂપ આદિની જેમ તેમાં કથંચિત્ ભિન્નપણું છે. ઉત્પાદ આદિનું ભિન્ન લક્ષણ અસિદ્ધ નથી, કેમકે અસત્ (અવિદ્યમાન)ની ઉત્પત્તિ તે ઉત્પાદ, વિદ્યમાન વસ્તુનો નાશ તે વ્યય અને દ્રવ્યરૂપે અનુવૃત્તિ હોવાથી ધ્રૌવ્ય કહેવાય છે. આ રીતે ઉત્પાદ આદિના ભિન્ન ભિન્ન લક્ષણો સર્વલોક પ્રસિદ્ધ છે,

(टीका) न चामी भिन्नलक्षणा अपि परस्परानपेक्षाः खपुष्पवदसत्त्वापत्तेः तथाहि । उत्पादः केवलो नास्ति । स्थितिविगमरहितत्वात् कूर्मरोमवत् । तथा विनाशः केवलो नास्ति । स्थित्युत्पत्तिरहितत्वात् तद्वत् । एवं स्थितिः केवला नास्ति । विनाशोत्पादशून्यत्वात् तद्वदेव । इत्यन्योऽन्यापेक्षाणामुत्पादादीनां वस्तुनि सत्त्वं प्रतिपत्तव्यम् । तथा चोक्तम्—

"घटमौलिसुवर्णार्थी नाशोत्पादस्थितिष्वयम् ।
शोकप्रमोदमाध्यस्थ्यं जनो याति सहेतुकम् ॥१॥
पयोव्रतो न दध्यत्ति न पयोऽत्ति दधिव्रतः ॥
अगोरसव्रतो नोभे तस्माद् वस्तु त्रयात्मकम् ॥२॥

इति काव्यार्थः ॥२१॥

(અનુવાદ)

ઉત્પાદ આદિ ભિન્ન ભિન્ન લક્ષણવાળા હોવા છતાં પણ એક બીજાથી નિરપેક્ષ હોતા નથી. કારણકે ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય, એ પરસ્પર નિરપેક્ષ હોય તો આકાશ પુષ્પની જેમ વસ્તુ અસત્ થઈ જાય. સ્થિતિ અને નાશ વિનાનો ઉત્પાદ કાચબાના રોમની જેમ અસત્ છે. તેમજ સ્થિતિ અને ઉત્પત્તિથી રહિત કેવલ વિનાશ પણ ઠેઠકાની જટાની જેમ હોઈ શકતો નથી. એ પ્રમાણે ઉત્પાદ અને નાશ વિનાની કેવલ સ્થિતિ પણ વન્ધ્યા પુત્રની જેમ હોઈ શકતી નથી. કહ્યું પણ છે કે : ઘટ, મુકુટ અને સુવર્ણના અર્થીને ઘટના નાશથી શોક, મુકુટની ઉત્પત્તિથી હર્ષ અને સુવર્ણ સુવર્ણરૂપે કાયમ હોવાથી માધ્યસ્થ ભાવ રહે છે. જેમ એક રાજાને એક પુત્ર અને એક પુત્રી હતી. પુત્રીની પાસે

સોનાનો ઘડો હતો. એ ઘડાને રાજપુત્રે ભાંગાવીને મુકુટ બનાવરાવ્યો ત્યારે ઘડાના નાશથી પુત્રીને શોક થયો. રાજપુત્રને મુકુટની ઉત્પત્તિથી હર્ષ થયો અને રાજાને ઘટ અને મુકુટ એ બન્ને અવસ્થામાં સુવર્ણ કાયમ રહેવાથી માધ્યસ્થ્ય ભાવ રહ્યો. તેથી સિદ્ધ થાય છે કે પ્રત્યેક વસ્તુ ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય યુક્ત છે. બીજા દૃષ્ટાંત દ્વારા કહે છે કે : દૂધનું વ્રત રાખવાવાળા પુરુષ દહીં ખાતા નથી. દહીંના વ્રતવાળા દૂધ વાપરતા નથી. અને ગોરસના વ્રતવાળા દૂધ અને દહીં બન્ને વસ્તુ વાપરતા નથી. કેમકે દૂધ અને દહીં એ બન્ને અવસ્થામાં ગોરસરૂપ દ્રવ્ય કાયમ રહે છે. આ રીતે પ્રત્યેક વસ્તુ ઉત્પાદ વ્યય અને ધ્રૌવ્ય યુક્ત છે.

अवतरण

अथान्ययोगव्यवच्छेदस्य प्रस्तुतत्वात् आस्तां तावत्साक्षाद् भवान्, भवदीयप्रवचनावयवा अपि परतीर्थिकतिरस्कारबद्धकक्षा इत्याशयवान् स्तुतिकारः स्याद्वादव्यवस्थापनाय प्रयोगमुपन्यस्यन् स्तुतिमाह—

અવતરણ

અહીં અન્યયોગના વ્યવચ્છેદનો પ્રસંગ હોવાથી કહે છે કે હે ભગવાન, સાક્ષાત્ આપ તો દૂર રહો પરંતુ આપના પ્રવચનના થોડા અંશો પણ કુવાદીઓને પરાજિત કરવા સમર્થ છે. એ આશયથી સ્તુતિકાર શ્રી હેમચંદ્રાચાર્ય સ્યાદ્વાદની સ્થાપના માટે પ્રતિપાદન કરતાં કહે છે કે :

अनन्तधर्मात्मकमेव तत्त्वमतोऽन्यथा सत्त्वमसूपपादम् ।
इति प्रमाणान्यपि ते कुवादिकुरङ्गसंत्रासनसिंहनादाः ॥२२॥

મૂળ-અર્થ : આ ચરાચર જગતમાં પ્રત્યેક પદાર્થ અનંત ધર્મવાળા છે. જો પદાર્થમાં અનંત ધર્મો માનવામાં ના આવે તો પદાર્થની સિદ્ધિ થઈ શકતી નથી. આવાં આપનાં એક-એક પ્રમાણ વાકયો પણ દુર્વાદી-રૂપ હરણોને ત્રાસ આપવા માટે સિંહનાદ સમાન છે.

(टीका) तत्त्वं परमार्थभूतं वस्तु जीवाजीवलक्षणम् अनन्तधर्मात्मकमेव । अनन्तास्त्रिकालविषयत्वाद् अपरिमिता ये धर्माः सहभाविनः क्रमभाविनश्च पर्यायाः । त एवात्मा स्वरूपं यस्य तदनन्तधर्मात्मकम् । एवकारः प्रकारान्तरव्यवच्छेदार्थः । अत एवाह अतोऽन्यथा इत्यादि । अतोऽन्यथा उक्तप्रकारवैपरीत्येन । सत्त्वं वस्तुतत्त्वम् । असूपपादं सुखेनोपपाद्यते घटनाकोटिसंटङ्कमारोप्यते इति सूपपादं । न तथा असूपपादं दुर्घटमित्यर्थः । अनेन साधनं दर्शितम् । तथाहि । तत्त्वमिति धर्मि । अनन्तधर्मात्मकत्वं साध्यो धर्मः । सत्त्वान्यथानुपपत्तेरिति हेतुः । अन्यथानुपपत्त्येकलक्षणत्वाद्धेतोः । अन्तर्व्याप्त्यैव साध्यस्य सिद्धत्वाद् दृष्टान्तादिभिर्न प्रयोजनम् । यदनन्तधर्मात्मकं न भवति तत् सदपि न भवति, यथा वियदिन्दीवरम् इति केवलव्यतिरेकी हेतुः । साधर्म्यदृष्टान्तानां पक्षकुक्षिनिक्षिप्तत्वेनान्वयायोगात् ॥

(અનુવાદ)

જીવ-અજીવ આદિ પરમાર્થ વસ્તુ અનંત ધર્મવાળી છે. કેમ કે અતીત, અનાગત અને વર્તમાન, ત્રણે કાળમાં વસ્તુનું અસ્તિત્વ હોવાથી, પ્રત્યેક વસ્તુમાં સાથે રહેનારા ધર્મો અને ક્રમે થનારા પર્યાયો અનંતા છે, આથી વસ્તુનું સ્વરૂપ અનંતધર્મ યુકત છે. જો પદાર્થમાં અનંત ધર્મો માનવામાં ના આવે તો પદાર્થની સિદ્ધિ થઇ શકતી નથી. તેને પ્રયોગ દ્વારા સિદ્ધ કરતાં કહે છે કે : વસ્તુ તત્ત્વ (પક્ષ) અનંત ધર્માત્મક (સાધ્ય) છે. કેમ કે વસ્તુની સિદ્ધિ અન્ય પ્રકારે થઇ શકતી નથી. અહીં અન્તર્વ્યાપ્તિ દ્વારા સાધ્યની સિદ્ધિ થાય છે. તેથી ઉકત હેતુમાં દૃષ્ટાંતની આવશ્યકતા નથી. જ્યાં દૃષ્ટાંત વિના સાધ્ય અને હેતુમાં વ્યાપ્તિનું જ્ઞાન થાય છે તે અન્તર્વ્યાપ્તિ કહેવાય છે. તેવી અન્તર્વ્યાપ્તિથી જ સાધ્યની સિદ્ધિ થઇ જાય છે. તેથી દૃષ્ટાંત આદિનું કોઈ પ્રયોજન નથી. જે અનંતધર્માત્મક નથી. તે સત્ પણ નથી. જેમ આકાશપુષ્પમાં અનંત ધર્મો નથી માટે તે સત્ નથી, જ્યાં જ્યાં સાધ્ય નથી ત્યાં ત્યાં હેતુ નથી, આવું કેવલવ્યતિરેકી દૃષ્ટાંત (આકાશપુષ્પ) છે. કેમ કે જે જે સત્ હોય છે તે તે અનંત ધર્માત્મક હોય છે. તેવી અન્વયવ્યાપ્તિમાં પ્રત્યેક પદાર્થ સત્ રૂપ હોવાથી પક્ષમાં અંતર્ગત થઇ જાય છે. આમ કોઇ અન્વય દૃષ્ટાંત નહીં હોવાથી વ્યતિરેક દૃષ્ટાંત આવાપમાં આવ્યું છે.

(ટીકા) अनन्तधर्मात्मकत्वं च आत्मनि तावद् साकारानाकारोपयोगिता कर्तृत्वं भोक्तृत्वं प्रदेशाष्टकनिश्चलता अमूर्तत्वम् असंख्यातप्रदेशात्मकता जीवत्व-मित्यादयः सहभाविनो धर्माः । हर्षविषादशोकसुखदुःखदेवनरनारकतिर्यक्त्वादयस्तु क्रमभाविनः । धर्मास्तिकायादिष्वपि असंख्येयप्रदेशात्मकत्वम् गत्याद्युपग्रहकारित्वम् मत्यादिज्ञानविषयत्वम् तत्तदवच्छेदकावच्छेद्यत्वम् अवस्थितत्वम् अरूपित्वम् एकद्रव्यत्वम् निष्क्रियत्वमित्यादयः । घटे पुनरामत्वम् पाकजरूपादिमत्त्वम् पृथुबुध्नोदरत्वम् कम्बुग्रीवत्वम् जलादिधारणाहरणसामर्थ्यम् मत्यादिज्ञानज्ञेयत्वम् नवत्वम् पुराण-त्वमित्यादयः । एवं सर्वपदार्थेष्वपि नानानयमताभिज्ञेन शाब्दानार्थांश्च पर्यायान् प्रतीत्य वाच्यम् ॥

(અનુવાદ)

આત્મામાં અનંત ધર્મો રહેલા છે. દા. ત. જ્ઞાનોપયોગ, દર્શનોપયોગ, કર્તૃત્વ, ભોક્તૃત્વ, આત્માના આઠ રુચક (મધ્ય) પ્રદેશોની નિશ્ચલતા અમૂર્તત્વ, અસંખ્યેય પ્રદેશસ્વરૂપ અને જીવત્વ ઇત્યાદિ આત્માના સહભાવી ધર્મો છે. જે ધર્મો સદાકાળ દ્રવ્યની સાથે ને સાથે રહેલા હોય તે સહભાવી ધર્મો કહેવાય છે. તે સહભાવી ધર્મો ગુણ પણ કહેવાય છે. હવે તે ધર્મોનું કંઈક સ્પષ્ટીકરણ કરતાં કહે છે કે : (૧) સાકારોપયોગ (જ્ઞાન) અને નિરાકારોપયોગ (દર્શન) એ જીવનું લક્ષણ છે. અને તે જ્ઞાન અને દર્શન જીવથી કદાપિ અલગ હોઈ શકતા નથી. નૈયાયિક જ્ઞાન અને દર્શન જીવનો સ્વભાવ નહીં માનતાં આત્માથી અત્યંત ભિન્ન એવા જ્ઞાન દર્શનરૂપ ગુણો આત્માની સાથે સમવાય સંબંધથી સંબદ્ધ માને છે. તેઓની

આવી માન્યતાને લક્ષમાં લઈને ઉપયોગરૂપ આત્માનું લક્ષણ કરવામાં આવ્યું છે. (૨) જીવ જ્ઞાનાવરણીય આદિ કર્મોનો કર્તા છે. પરંતુ સાંખ્યના પુરુષની જેમ નિર્લેપ રહીને કેવળ દ્રષ્ટા નથી. આ રીતે કર્તૃત્વ-વિશેષણથી સાંખ્ય મતનું નિરાકરણ થાય છે. (૩) જીવ સુખદુઃખ આદિ કર્મોના ફળને ભોગવનાર છે. પરંતુ બૌદ્ધમતને અનુસાર કર્મોનો કર્તા અન્ય ક્ષણ અને ભોક્તા અન્ય ક્ષણ, તે પ્રમાણે નથી. કેમ કે તેઓ (બૌદ્ધ)ના મતમાં આત્માનું ક્ષણિકપણું હોવાથી જે જ્ઞાન ક્ષણ (આત્મા) કર્મોનો કર્તા છે તેનો તો સમૂલ નાશ થઈ જાય છે. તેથી તે કર્મના ફળનો ભોક્તા બની શકતો નથી. આ પ્રમાણે આત્માનું ભોક્તૃત્વ કહેવાથી બૌદ્ધના સિદ્ધાંતનું વારણ થાય છે. (૪) જીવના આઠ રુચક પ્રદેશ સદા સ્થિર હોય છે, અયોગી કેવલી અને સિદ્ધ ભગવાનના સર્વે પ્રદેશો સ્થિર હોય છે. અને વ્યાયામ, દુઃખ અને પરિતાપથી યુક્ત જીવોના આઠ રૂચક (મધ્ય) પ્રદેશોને છોડીને બાકીના સર્વ પ્રદેશો સદાય પ્રવૃત્તિશીલ હોય છે. અર્થાત્ અસ્થિર હોય છે. (૫) જીવ વર્ણ ગંધ, રસ સ્પર્શથી રહિત હોવાથી અમૂર્ત (અરૂપી) છે. (૬) જીવ અસંખ્યાતપ્રદેશી છે. જીવનું જીવત્વ પારિણામિક સ્વભાવ છે. વ્યવહાર નયની અપેક્ષાએ જીવ સ્પર્શ આદિ પાંચ ઇંદ્રિયો, મન, વચન અને કાયા તે ત્રણ બળ, શ્વાસોચ્છ્વાસ અને આયુષ્ય એ દશ પ્રાણનો ધારક છે. નિશ્ચયનયથી તો 'ચેતનાલક્ષણ જીવ' કહેવાય છે. ઇત્યાદિ પ્રકારના આત્માના સહભાવી ગુણો, અથવા ધર્મો છે. હર્ષ, વિષાદ, શોક, સુખ, દુઃખ દેવ, મનુષ્ય, નારક અને તિર્યંચ ઇત્યાદિ ક્રમભાવી (ક્રમથી થનારા) અને નાશ પામવાવાળા ધર્મો કે પર્યાયો છે. ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય આદિમાં અસંખ્યાત પ્રદેશો છે. જેમ જલ મત્સ્યને તરવામાં સહાયભૂત છે તેમ ધર્માસ્તિકાય જીવ અને પુદ્ગલને ચાલવામાં સહાયભૂત છે. અધર્માસ્તિકાય જીવ અને પુદ્ગલને સ્થિર રહેવામાં ઉપકારક છે. ધર્મ-અધર્મ આદિ દ્રવ્યો મત્યાદિ જ્ઞાનના વિષયો છે, સ્વસ્વરૂપનો ત્યાગ કરતા નથી, અર્થાત્ પરસ્પર મિશ્રણ નહીં થવાથી અવસ્થિત છે. વર્ણગંધ, આદિથી રહિત હોવાને કારણે અરૂપી છે. એક વ્યક્તિરૂપ હોવાથી એક દ્રવ્યરૂપ છે. ક્રિયા રહિત હોવાથી નિષ્ક્રિય છે. તેવી જ રીતે એક જ ઘટમાં કાચાપણું પાકાપણું ગોળાઈ અને પહોળાઈ જેવા કાંઠાવાળો, જળ આદિનું ધારણ કરવાપણું અથવા લાવવાપણું, મતિ આદિ જ્ઞાનનું વિષયપણું, નવાપણું, જુનાપણું ઇત્યાદિ અનંત ધર્મો રહેલા છે. પ્રત્યેક પદાર્થમાં ભિન્ન ભિન્ન નયની દૃષ્ટિએ, શબ્દ અને અર્થના પર્યાયોની અપેક્ષાએ અનંત ધર્મો રહેલા છે.

(टीका) अत्र चात्मशब्देनानन्तेष्वपि धर्मेष्वनुवृत्तिरूपमन्वयिद्रव्यं ध्वनितम् । ततश्च "उत्पादव्ययध्रौव्ययुक्तं सत्" इति व्यवस्थितम् । एवं तावदर्थेषु । शब्देष्वपि उदात्तानुदात्तस्वरितविवृतसंवृतघोषवदघोषताल्पप्राणमहाप्राणतादयः तत्तदर्थप्रत्यायनशक्त्यादयश्चावसेयाः । अस्य हेतोरसिद्धविरुद्धानैकान्तिकत्वादिकण्टकोद्धारः स्वयमभ्यूह्यः । इत्येवमुल्लेखशेखराणि ते तव प्रमाणान्यपि न्यायोपपन्नसाधनवाक्यान्यपि । आस्तां तावद् साक्षात्कृतद्रव्यपर्यायनिकायो भवान् । यावदेतान्यपि कुवादिकुरङ्गसन्त्रासनसिंहनादाः कुवादिनः कुत्सितवादिनः । एकांशग्राहकनयानुयायिनोऽन्यतीर्थिकास्त

एव संसारवनगहनवसनव्यसनितया कुरङ्गा मृगास्तेषां सम्यक्त्रासने सिंहनादाः इव सिंहनादाः। यथा सिंहस्य नादमात्रमप्याकर्ण्य कुरङ्गास्त्रासमासूत्रयन्ति, तथा भवत्प्रणीतैवंप्रकारप्रमाणवचनान्यपि श्रुत्वा कुवादिनस्त्रासमश्नुवते प्रतिवचनप्रदानकातरतां बिभ्रतीति यावत्। एकैकं त्वदुपज्ञं प्रमाणमन्ययोगव्यवच्छेदकमित्यर्थः ॥

(અનુવાદ)

અહીં 'अनंतधर्मात्मकत्व'એ પદમાં રહેલ આત્મા શબ્દથી અનંત પર્યાયોમાં રહેવાવાળા એવા નિત્યદ્રવ્યનું સૂચન કરવામાં આવ્યું છે. આથી 'ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યયુક્ત એ જ સત્' આ લક્ષણ વ્યવસ્થિત છે. જેવી રીતે પ્રત્યેક પદાર્થમાં અનંતધર્મો રહેલા છે તેવી રીતે શબ્દમાં પણ અનંત ધર્મો રહેલા છે. જેમ ઉદાત્ત, અનુદાત્ત, સ્વરિત, વિવૃત, સંવૃત, ઘોષ, અઘોષ, અલ્પપ્રાણ મહાપ્રાણ તે તે અર્થનું ભાન કરાવવાની શક્તિ આદિ અનંત ધર્મો શબ્દમાં રહેલા છે. 'तत्वं अनन्तधर्मात्मकत्वं सत्वान्यथाऽनुपपत्तेः' આ અનુમાનમાં અસિદ્ધ, વિરુદ્ધ અને અનૈકાન્તિક આદિ દોષો આવી શકતા નથી. અર્થાત્ તે તે દોષોનો ઉદ્ધાર સ્વયં કરી લેવો. સાક્ષાત્ દ્રવ્ય પર્યાયના સ્થાનરૂપ હે ભગવન, આપ તો દૂર રહો, પરંતુ ન્યાયથી યુક્ત એવાં આપનાં એક-એક પ્રમાણ વાકય કુવાદીઓરૂપી હરણોને ત્રાસ પમાડવા માટે સિંહની ગર્જના સમાન છે. જેમ સિંહની કેવલ ગર્જનાને સાંભળીને હરણ ભયભીત બની જાય છે, તેમ સ્યાદ્વાદનું નિરૂપણ કરવાવાળાં આપનાં વચનો સાંભળીને, વસ્તુના અંશમાત્રને ગ્રહણ કરવાવાળા અને સંસારરૂપી ગહનવનમાં ભટકવાથી દુઃખી થયેલા એવા અન્ય મતાનુસારીઓ ત્રાસ પામી જાય છે, અર્થાત્ અન્ય તીર્થિકો પ્રત્યુત્તર આપવા માટે સમર્થ થઈ શકતા નથી.

(टीका) अत्र प्रमाणानि इति बहुवचनमेवंजातीयानां प्रमाणानां भगवच्छासने आनन्त्यज्ञापनार्थम्। एकैकस्य सूत्रस्य सर्वोदधिसलिलसर्वसरिद्वालुकानन्तगुणार्थत्वात्। तेषां च सर्वेषामपि सर्वविन्मूलतया प्रमाणत्वात्। अथवा "इत्यादिबहुवचनान्ता गणस्य संसूचका भवन्ति" इति न्यायाद् इति शब्देन प्रमाणबाहुल्यसूचनात् पूर्वार्द्धे एकस्मिन् अपि प्रमाणे उपन्यस्ते उचितमेव बहुवचनम्॥ इति काव्यार्थः ॥२२॥

(અનુવાદ)

શ્લોકમાં 'प्रमाणानि' આ બહુવચનથી એ સૂચિત થાય છે કે અન્યતીર્થિકોના પ્રત્યેક વિષયનું ખંડન કરવાવાળાં અનંત પ્રમાણો ભગવંતના શાસનમાં છે. કેમકે ભગવંતના દરેક સિદ્ધાંત સર્વે સમુદ્રના જલથી અને સર્વે નદીઓની રેતીથી અનંત ગુણા અર્થવાળા છે. તે સર્વે સિદ્ધાંતો સર્વજ્ઞ ભગવાન વડે પ્રણીત હોવાથી પ્રમાણ રૂપ છે. અથવા 'इति' આદિ બહુવચન સૂચક શબ્દો સમૂહસૂચક છે. એ ન્યાયથી 'इति' શબ્દ વડે પ્રમાણોની બહુલતાનું સૂચન કરવામાં આવ્યું છે. આથી શ્લોકના પૂર્વાર્દ્ધમાં એક પ્રમાણનો ઉલ્લેખ કરવા છતાં પણ પ્રમાણોનું બહુપણું સમજી લેવું.'

अवतरण

अनन्तरमनन्तधर्मात्मकत्वं वस्तुनि साध्यं मुकुलितमुक्तम् तदेव सप्तभङ्गी-प्ररूपणद्वारेण प्रपञ्चयन् भगवतो निरतिशयं वचनातिशयं च स्तुवन्नाह–

અવતરણ

પૂર્વના શ્લોકમાં વસ્તુમાં અનંતધર્મપણું સંક્ષિપ્તથી સિદ્ધ કરી બતાવ્યું. હવે તે અનંતધર્મોને સપ્તભંગીના નિરૂપણ દ્વારા પ્રતિપાદન કરતાં ભગવંતના અનુપમ વચનાતિશયની સ્તુતિ કરે છે :

अपर्ययं वस्तु समस्यमानमद्रव्यमेतच्च विविच्यमानम् ।
आदेशभेदोदितसप्तभङ्गमदीदृशस्त्वं बुधरूपवेद्यम् ॥२३॥

મૂળ–અર્થ : જ્યારે વસ્તુને સામાન્ય(અભેદ)રૂપે કહેવામાં આવે ત્યારે તે વસ્તુ દ્રવ્યરૂપે સિદ્ધ થાય છે. અને જ્યારે વસ્તુને વિશેષ(ભેદ)રૂપે કહેવામાં આવે ત્યારે વસ્તુ પર્યાયરૂપે સિદ્ધ થાય છે. સકલાદેશ અને વિકલાદેશના ભેદથી એક જ વસ્તુના સાત ભાંગા બતાવવામાં આવ્યા છે. હે ભગવાન, આપની તેવી વસ્તુની પ્રરૂપણા, ખરેખર સુજ્ઞ પંડિત પુરૂષોને જ સમજવા યોગ્ય છે. સાધારણ માણસોની તો તેમાં ગતિ જ સંભવતી નથી.

समस्यमानं संक्षेपेणोच्यमानं वस्तु अपर्ययम् अविवक्षितपर्यायम् । वसन्ति गुणपर्याया अस्मिन्निति वस्तु धर्माधर्माकाशपुद्गलकालजीवलक्षणं द्रव्यषट्कम् अयमभिप्रायः । यदैकमेव वस्तु आत्मघटादिकं चेतनाचेतनं सतामपि पर्यायाणामविवक्षया द्रव्यरूपमेव वस्तु वक्तुमिष्यते । तदा संक्षेपेणाभ्यन्तरीकृतसकलपर्यायनिकायत्वलक्षणेनाभिधीयमानत्वात् अपर्ययमित्युपदिश्यते । केवलद्रव्यरूपमेव इत्यर्थः । यथात्माऽयं घटोऽयमित्यादि । पर्यायाणां द्रव्यानतिरेकात् । अत एव द्रव्यास्तिकनयाः शुद्धसंग्रहादयो द्रव्यमात्रमेवेच्छन्ति पर्यायाणां तदविष्वग्भूतत्वात् । पर्ययः पर्यवः पर्याय इत्यनर्थान्तरम् । अद्रव्यमित्यादि । चः पुनरर्थे । स च पूर्वस्माद् विशेषद्योतने भिन्नक्रमश्च । विविच्यमानं चेति विवेकेन पृथग्रूपतयोच्यमानम् । पुनरेतद् वस्तु अद्रव्यमेव । अविवक्षितान्वयिद्रव्यं केवलपर्यायरूपमित्यर्थः ॥

(અનુવાદ)

જો વસ્તુનું સંક્ષેપ(સામાન્ય)રૂપે વર્ણન કરવામાં આવે તો વસ્તુ દ્રવ્યરૂપે જ કહેવાય છે. જેમાં ગુણ અને પર્યાયો વસે છે તે વસ્તુ (દ્રવ્ય) કહેવાય છે. તે વસ્તુ (દ્રવ્ય) ધર્મ, અધર્મ, આકાશ, કાલ, જીવ અને પુદ્ગલ, આ છ પ્રકારે છે. કેટલાક આચાર્યો કાલ સિવાય પાંચ દ્રવ્યો માને છે. ચેતન-અચેતન આત્મા ઘટ આદિ પ્રત્યેક વસ્તુ પર્યાયયુક્ત હોવા છતાં પણ પર્યાયની વિવક્ષા કરવામાં ના આવે તો કેવલ દ્રવ્ય જ કહેવાય છે. શુદ્ધ સંગ્રહ આદિ દ્રવ્યાસ્તિક નયો કેવલ દ્રવ્યને જ સ્વીકારે છે. કેમકે દ્રવ્ય અને પર્યાય કથંચિત્ અભિન્ન છે. પર્યાય, પર્યવ, પર્યય એ એકાર્થ(પર્યાય)વાચક શબ્દો છે. જો વસ્તુનું વિસ્તારથી વર્ણન કરવામાં આવે અર્થાત્ દ્રવ્યની ગૌણતા અને પર્યાયની વિવક્ષા કરવામાં આવે તો વસ્તુ કેવલ પર્યાયરૂપ કહેવાય છે.

यदा ह्यात्मा ज्ञानदर्शनादीन् पर्यायानधिकृत्य प्रतिपर्यायं विचार्यते, तदा पर्याया एव प्रतिभासन्ते, न पुनरात्माख्यं किमपि द्रव्यम्। एवं घटोऽपि कुण्डलौष्ठपृथुबुध्नोदरपूर्वापरादिभागाद्यवयवापेक्षया विविच्यमानः पर्याया एव, न पुनर्घटाख्यं तदतिरिक्तं वस्तु। अतएव पर्यायास्तिकनयानुपातिनः पठन्ति—

"भागा एव हि भासन्ते संनिविष्टास्तथा तथा।
तद्वाञ्चैव पुनः कश्चिन्निर्भागः संप्रतीयते" ॥

इति। ततश्च द्रव्यपर्यायोभयात्मकत्वेऽपि वस्तुनो द्रव्यनयार्पणया पर्यायनयानर्पणया च द्रव्यरूपता, पर्यायनयार्पणया द्रव्यनयानर्पणया च पर्यायरूपता, उभयनयार्पणया च तदुभयरूपता। अत एवाह वाचकमुख्यः "अर्पितानर्पितसिद्धेः" इति एवं विधं द्रव्यपर्यायात्मकं वस्तु त्वमेवादीदृशस्त्वमेव दर्शितवान्। नान्य इति काकावधारणावगतिः ॥

(અનુવાદ)

જ્યારે આત્માના જ્ઞાન, દર્શન આદિ પ્રત્યેક પર્યાયની વિચારણા કરવામાં આવે ત્યારે માત્ર જ્ઞાન, દર્શન આદિ પર્યાયોનું જ જ્ઞાન થાય છે. પરંતુ તે પર્યાયોથી ભિન્ન કોઇ આત્મદ્રવ્યનો પ્રતિભાસ થતો નથી. તેવી રીતે ઘડાના ગોળાકાર, પહોળાઈપણું, પૂર્વભાગ અપરભાગ આદિ પર્યાયોનો વિચાર કરવામાં આવે ત્યારે માત્ર ઘટના પર્યાયોનું જ જ્ઞાન થાય છે. પરંતુ પર્યાયોથી અતિરિક્ત કોઈ ઘટ દ્રવ્યનો પ્રતિભાસ થતો નથી. પર્યાયાસ્તિક નયને માનનારા કહે છે કે : પ્રત્યેક વસ્તુમાં રહેલા તે તે અંશો જ દૃષ્ટિગોચર થાય છે. પરંતુ તે અંશોથી ભિન્ન કોઈ નિરંશ દ્રવ્ય દેખાતું નથી. આ રીતે પ્રત્યેક વસ્તુ દ્રવ્ય-પર્યાય ઉભયરૂપ હોવા છતાં પણ દ્રવ્યનયની મુખ્યતા અને પર્યાયનયની ગૌણતાથી વિચાર

કરવામાં આવે તો વસ્તુનું જ્ઞાન દ્રવ્યરૂપે થાય છે. અને જ્યારે પર્યાયનયની મુખ્યતા અને દ્રવ્યનયની ગૌણતાથી વિચાર કરવામાં આવે તો વસ્તુનું જ્ઞાન પર્યાયરૂપે થાય છે. વળી દ્રવ્ય અને પર્યાય, ઉભયાનયની મુખ્યતાથી વિચાર કરવામાં આવે તો વસ્તુનું જ્ઞાન દ્રવ્ય-પર્યાય ઉભયરૂપે થાય છે. આથી જ વાચકમુખ્ય શ્રી ઉમાસ્વાતિ મહારાજે તત્ત્વાર્થાધિગમ સૂત્રમાં કહ્યું છે કે ; દ્રવ્ય અને પર્યાયનયની મુખ્યતા અને ગૌણતા દ્વારા વસ્તુની સિદ્ધિ થાય છે. આ પ્રકારની દ્રવ્ય-પર્યાય ઉભયાત્મક વસ્તુની પ્રરૂપણા હે ભગવાન, આપે જ કરી છે. બીજા કોઈ તેવું વસ્તુનું સ્વરૂપ બતાવવા માટે સમર્થ નથી.

नन्वन्याभिधानप्रत्ययायोग्यं द्रव्यम्, अन्याभिधानप्रत्ययविषयाश्च पर्यायाः। तत्कथमेकमेव वस्तूभयात्मकम् इत्याङ्क्य विशेषणद्वारेण परिहरति आदेशभेदेत्यादि। आदेशभेदेन सकलादेशविकलादेशलक्षणेन आदेशद्वयेन उदिताः प्रतिपादिताः सप्तसंख्या भङ्गा वचनप्रकारा यस्मिन् वस्तुनि तत्तथा। ननु यदि भगवता त्रिभुवनबन्धुना निर्विशेषतया सर्वेभ्य एवंविधं वस्तुतत्त्वमुपदर्शितम्, तर्हि किमर्थं तीर्थान्तरीयाः तत्र विप्रतिपद्यन्ते इत्याह बुधरूपवेद्यम् इति। बुध्यन्ते यथावस्थितं वस्तुतत्त्वं सारेतरविषयविभागविचारणया इति बुधाः। प्रकृष्टा बुधा बुधरूपाः नैसर्गिकाधिगमिकान्यतरसम्यग्दर्शनविशदीकृतज्ञानशालिनः प्राणिनः। तैरेव वेदितुं शक्यं वेद्यं परिच्छेद्यम्। न पुनः स्वस्वशास्त्रतत्त्वाभ्यासपरिपाकशाणानिशातबुद्धिभिरप्यन्यैः। तेषामनादिमिथ्यादर्शनवासनादूषितमतितया यथावस्थितवस्तुतत्त्वानवबोधेन बुधरूपत्वाभावात्। तथा चागमः—

"सदसदविसेसणाउ भवहेउजहिच्छिओवलंभाउ।
णाणफलाभावाउ मिच्छादिट्ठिस्स अण्णाणं"

(અનુવાદ)

શંકા : દ્રવ્ય અને પર્યાય, બન્ને શબ્દો ભિન્ન-ભિન્ન છે; માટે દ્રવ્ય અને પર્યાયનું જ્ઞાન પણ ભિન્ન ભિન્ન થાય છે. તેથી એક જ વસ્તુ દ્રવ્ય અને પર્યાય, એમ ઉભયરૂપ કઇ રીતે કહી શકાય ?

સમાધાન : સકલાદેશ (પ્રમાણવાકય) અને વિકલાદેશ(નયવાકય)ના ભેદથી વસ્તુ દ્રવ્ય-પર્યાય ઉભયરૂપે સિદ્ધ થાય છે.

શંકા : ત્રણ લોકના બંધુ શ્રી જિનેશ્વર ભગવાને પ્રત્યેક વસ્તુમાં સર્વલોક સાધારણ સપ્તભંગીની પ્રરૂપણા કરી છે, તો અન્ય દર્શનકારો તે સપ્તભંગીના સ્વરૂપને કેમ સમજી શકતા નથી ?

સમાધાન : જે લોકો યથાવસ્થિત વસ્તુતત્ત્વના સારાસારની વિચારણામાં પ્રવીણ હોય છે, જેઓને નિસર્ગ (સ્વાભાવિક) અને અધિગમ (ગુરુના ઉપદેશ)થી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થયેલી છે અને તેથી વિશુદ્ધ પ્રૌઢ વિદ્વત્તા ને વરેલા છે, તેવા પંડિત પુરુષો જ સપ્તભંગીના સ્વરૂપને સમજી શકે છે. પરંતુ પોત પોતાનાં શાસ્ત્રોના અભ્યાસથી કુંઠિત બુદ્ધિવાળા લોકો સપ્તભંગી જેવા ગહન તત્વોને સમજી શકતા નથી, કેમકે તે લોકોની બુદ્ધિ અનાદિ કાલીન અવિદ્યાની વાસનાથી દૂષિત હોવાથી યથાવસ્થિત વસ્તુ તત્વનું સ્વરૂપ સમજી શકતા નથી. આગમમાં પણ કહ્યું છે કે. સત્--અસત્ (સારાસાર)નો વિવેક નહીં હોવાથી સંસારનાં કારણરૂપ કર્મોનો સદ્ભાવ હોવાથી તથા જ્ઞાનના ફલરૂપ વિરતિનો અભાવ હોવાથી, મિથ્યાદૃષ્ટિઓનું જ્ઞાન અજ્ઞાન જ કહેવાય છે.

अत एव तत्परिगृहीतं द्वादशाङ्गमपि मिथ्याश्रुतमाभनन्ति । तेषामुपपत्तिनिरपेक्षं यदृच्छया वस्तुतत्त्वोपलम्भसंरम्भात् । सम्यग्दृष्टिपरिगृहीतं तु मिथ्याश्रुतमपि सम्यक् श्रुततया परिणमति सम्यग्दृशाम्। सर्वविदुपदेशानुसारिप्रवृत्तितया मिथ्याश्रुतोक्तस्याप्यर्थस्य यथावस्थितविधिनिषेधविषयतयोन्नयनात् । तथाहि किल वेदे "अजैर्यष्टव्यम्" इत्यादिवाक्येषु मिथ्यादृशोऽजशब्दं पशुवाचकतया व्याचक्षते, सम्यग्दृशस्तु जन्मा-प्रायोग्यं त्रिवार्षिकं यवव्रीह्यादि पञ्चवार्षिकं तिलमसूरादि सप्तवार्षिकं कङ्गुसर्षपादि धान्यपर्यायतया पर्यवसाययन्ति । अत एव च भगवता श्रीवर्धमानस्वामिना "विज्ञानघन एवैतेभ्यो भूतेभ्यः समुत्थाय तान्येवानुविनश्यति न प्रेत्य संज्ञास्ति" इत्यादिरूचः श्रीमदिन्द्रभूत्यादीनां द्रव्यगणधरदेवानां जीवादिनिषेधकतया प्रतिभासमाना अपि तद्व्यवस्थापकतया व्याख्याताः । तथा स्मार्ता अपि—

"न मांसभक्षणे दोषो न मद्ये न च मैथुने ।
प्रवृत्तिरेषा भूतानां निवृत्तिस्तु महाफला" ॥

इति श्लोकं पठन्ति । अस्य च यथाश्रुतार्थव्याख्यानेऽसम्बद्धप्रलाप एव । यस्मिन् हि अनुष्ठीयमाने दोषो नास्त्येव तस्मान्निवृत्तिः कथमिव महाफला भविष्यति । इज्याध्ययनदानादेरपि निवृत्तिप्रसङ्गात् । तस्माद् अन्यद् ऐदंपर्यमस्य श्लोकस्य । तथाहि । न मांसभक्षणे कृतेऽदोषः अपि तु दोष एव । एवं मद्यमैथुनयोरपि । कथं नादोष इत्याह । यतः प्रवृत्तिरेषा भूतानाम् । प्रवर्तन्ते उत्पद्यन्तेऽस्यामिति प्रवृत्तिरुत्पत्तिस्थानम् । भूतानां जीवानाम् तत्तज्जीवसंसक्तिहेतुरित्यर्थः ॥

(અનુવાદ)

આથી જ મિથ્યાદૃષ્ટિઓએ ગ્રહણ કરેલાં બાર અંગ પણ મિથ્યાશ્રુત કહેવાય છે, કારણ કે શાસ્ત્રોના મર્મને સમજ્યા વિના તેઓ પોતાની ઇચ્છાનુસાર અર્થ કરતા હોવાથી,

સમ્યક્શ્રુત પણ તેઓને મિથ્યાશ્રુતરૂપે પરિણત થાય છે, અને સમ્યગ્દૃષ્ટિએ ગ્રહણ કરેલું મિથ્યાશ્રુત પણ સમ્યગ્દૃષ્ટિને સમ્યક્શ્રુતરૂપે પરિણત થાય છે. કારણ કે સમ્યગ્ દૃષ્ટિની પ્રત્યેક પ્રવૃત્તિ સર્વજ્ઞભગવાનની આજ્ઞાને અનુસાર થતી હોવાથી, મિથ્યા આગમોનો પણ વિધિ અને નિષેધરૂપે અર્થ કરે છે. દા.ત. 'अजैर्यष्टव्यम्' ઇત્યાદિ વેદ વાકયોમાં મિથ્યાદૃષ્ટિ 'अज'શબ્દનો અર્થ પશુ કરે છે ત્યારે સમ્યગ્દૃષ્ટિ તે જ अज શબ્દનો અર્થ–ઉત્પન્ન થવા માટે અયોગ્ય એવું ત્રણવર્ષનું જુનું જવ અને ડાંગર આદિ ધાન્ય, પાંચવર્ષ જુનું તલ અને મસૂર આદિ, તથા સાત વર્ષ જુનું કાંગ અને સરસવ આદિ ધાન્ય, કરે છે.–"विज्ञान घन एवैतेभ्यो भूतेभ्यः समुत्थाय तान्येवानुविशन्ति न प्रेत्यसंज्ञास्ति" ઇત્યાદિ વેદ વાકયનો અર્થ ઇંદ્રભૂતિ આદિ પંડિતો, 'વિજ્ઞાનમય ચૈતન્ય (આત્મા) પૃથ્વી આદિ પાંચ ભૂતથી ઉત્પન્ન થઇને પુનઃ પાંચભૂતમાં વિલીન થઈ જાય છે. તેથી આત્માના અભાવમાં પરલોક સંજ્ઞા થતી નથી, આવો અર્થ કરીને તેઓ જીવતત્ત્વનો નિષેધ કરતા હતા ત્યારે શ્રી મહાવીર પરમાત્મા તે જ વેદવાકયનો અર્થ 'ઉપયોગ રૂપ આત્મા પાંચભૂતના નિમિત્તથી અમુક ઉપયોગરૂપે ઉત્પન્ન થાય છે. અને તે ઉપયોગ રૂપ આત્મા પુનઃ પાંચભૂતમાં વિલીન થઈ જાય છે. અર્થાત્ પાંચભૂતના પરિવર્તનથી જ્ઞાનમાં પણ પરિવર્તન થાય છે. આથી જ્ઞાનની પૂર્વસંજ્ઞા–(તેનો તે જ ઉપયોગ) રહેતી નથી. (જેમ ઘટ જોવાથી ઘટના ઉપયોગરૂપ આત્મા ઉત્પન્ન થાય છે, અને જ્યારે ઘટરૂપ નિમિત્તનો નાશ થાય છે. ત્યારે ઘટરૂપ ઉપયોગનો પણ નાશ થાય છે. તેથી તે ઘટનો ઉપયોગ કાયમ રહેતો નથી) પૂર્વોક્ત શ્રુતિનો અર્થ આ પ્રમાણે કરીને જીવતત્ત્વની પુષ્ટિ કરે છે. સ્માર્ત લોકો કહે છે કે : માંસ ભક્ષણમાં દોષ નથી, મદ્ય અને મૈથુનના સેવનમાં પણ પાપ નથી. કેમકે એ પ્રાણિઓની પ્રવૃત્તિ છે. અને માંસ ભક્ષણ આદિથી નિવૃત્ત થવું તે મહાફલવાળુ છે. આ પ્રકારનો અર્થ અસંબદ્ધ પ્રલાપ રૂપ છે. કારણ કે માંસ ભક્ષણમાં જો દોષ ના હોય તો તેની નિવૃત્તિ મહાફળવાળી કઈ રીતે થઇ શકે ? જો માંસ આદિનું સેવન દોષરૂપ ના હોવા છતાં પણ તેની નિવૃત્તિ મહાફલરૂપે થતી હોય તો પૂજા, અધ્યયન, દાન આદિ અનુષ્ઠાનથી નિવૃત્ત થવું, તે પણ મહાફલરૂપ થશે. આથી તે શ્લોકનું રહસ્ય આ છેઃ માંસભક્ષણમાં દોષ નથી તેમ નથી. પરંતુ માંસભક્ષણ એ દોષરૂપ છે. એ પ્રમાણે મદ્ય અને મૈથુન ના સેવનમાં દોષ નથી એમ નહીં પરંતુ તે પણ દોષરૂપ જ છે. કારણ કે મદ્ય માંસ અને મૈથુન–'भूतानां प्रवृत्तिः' જીવોની ઉત્પત્તિનાં કારણરૂપ છે. તેનાથી નિવૃત્ત થવું એ મહાફલ માટે છે. આ પ્રમાણે પૂર્વોક્ત શ્લોકનો અર્થ કરવો જોઈએ.

प्रसिद्धं च मांसमद्यमैथुनानां जीवसंसक्तिमूलकारणत्वमागमे—

"आमासु य पक्वासु य विपच्चमाणासु मंसपेसीसु ।
आयंतिअमुववाओ भणिओ उ णिगोअजीवाणं ॥ १ ॥

मज्जे महुम्मि मंसम्मि णवणीयम्मि चउत्थए ।
उप्पज्जंति अणंता तव्वण्णा तत्थ जंतूणो ॥ २ ॥

मेहुणसण्णारूढो णवलक्ख हणेइ सुहुमजीवाण ।
केवलिणा पण्णत्ता सद्दहिअव्वा सया कालं ॥ ३ ॥"

तथाहि—

" इत्थीजोणीए समभवंति बेइन्दिया उ जे जीवा ।
इक्को व दो व तिण्णि व लक्खपुहुत्तं उ उक्कोसं ॥ ४ ॥
पुरिसेण सह गयाए तेसिं जीवाण होइ उद्दवणं ।
वेणुगदिट्ठंतेणं तत्तायसलागणाएणं ॥ ५ ॥

संसक्तायां योनौ द्वीन्द्रिया एते । शुक्रशोणितसंभवास्तु गर्भजपञ्चेन्द्रिया इमे ।

" पंचिंदिया मणुस्सा एगणरभुत्तणारिगब्भम्मि ।
उक्कोसं णवलक्खा जायंति एगवेलाए ॥ ६ ॥
णवलक्खाणं मज्झे जायइ इक्कस्स दोण्ह व समत्ती ।
सेसा पुण एमेव य विलयं वच्चंति तत्थेव ॥ ७ ॥"

तदेवं जीवोपमर्दहेतुत्वाद् न मांसभक्षणादिकमदुष्टमिति प्रयोगः ॥

(અનુવાદ)

આગમમાં પણ કહ્યું છે કે મદ્ય, માંસ અને મૈથુન, જીવોની ઉત્પાત્તિનાં સ્થાન છે. તે આ પ્રમાણેઃ કાચા, પાકા અથવા તો અગ્નિમાં પકાવાતા માંસમાં અનંત નિગોદીયા જીવો ઉત્પન્ન થાય છે. મદ્ય, માંસ મધ અને માખણ, આ ચારેમાં તે તે વર્ણના અનંતા સૂક્ષ્મ જીવોની ઉત્પત્તિ થાય છે. મૈથુન-સંજ્ઞામાં મૂઢ થયેલો પુરુષ હંમેશાં નવ લાખ સૂક્ષ્મ જીવોનો નાશ કરે છે. આવા કેવલી ભગવાનના વચનમાં શ્રદ્ધા રાખવી જોઇએ. તેમજ સ્ત્રીની યોનિમાં સદાકાલ એક, બે ત્રણ અથવા નવલાખ બે ઇંદ્રિયજીવો ઉત્પન્ન થાય છે. જે સમયે પુરુષની સાથે સ્ત્રીનો સંયોગ થાય છે ત્યારે તે જીવોનો નાશ થઈ જાય છે. જેમ અગ્નિમાં તપાવેલી લોખંડની સળી વાંસની નળીમાં નાખવાથી નળીમાં રહેલા તલ ભસ્મસાત્ થઇ જાય છે, તેમ પુરુષના સંયોગથી યોનિમાં રહેલા સર્વ જીવોનો નાશ થઇ જાય છે. અવિદ્ધ યોનિમાં બે ઇંદ્રિયજીવો હોય છે. રુધિર અને વીર્યના સંયોગથી ગર્ભજ પંચેંદ્રિય જીવોની ઉત્પત્તિ થાય છે. એક વખત એક પુરુષ વડે ભોગવાયેલી સ્ત્રીના ગર્ભમાં બેથી નવ લાખ ગર્ભજ પંચેંદ્રિય મનુષ્યો ઉત્પન્ન થાય છે. એ નવ લાખ જીવોમાંથી માત્ર એક અથવા બે જીવો જ જીવી જાય છે. અને તે ગર્ભરૂપે ઉત્પન્ન થાય છે. બાકીના સર્વજીવો ત્યાંને ત્યાં જ નાશ પામી જાય છે. આ પ્રકારે માંસ, મૈથુન આદિના સેવનથી અનંત જીવોનો સંહાર થાય છે. તેથી માંસ ભક્ષણ આદિ અદુષ્ટ નથી પરંતુ દોષપૂર્ણ છે.

अथवा भूतानां पिशाचप्रायाणामेषा प्रवृत्तिः। त एवात्र मांसभक्षणादौ प्रवर्तन्ते न पुनर्विवेकिन इति भावः। तदेवं मांसभक्षणादेर्दुष्टतां स्पष्टीकृत्य यदुपदेष्टव्यं तदाह। "निवृत्तिस्तु महाफला"। तुरेवकारार्थः। "तुः स्याद् भेदेऽवधारणे" इति वचनात्। तत्श्चैतेभ्यो मांसभक्षणादिभ्यो निवृत्तिरेव महाफला स्वर्गापवर्गफलप्रदा। न पुनः प्रवृत्तिरपीत्यर्थः। अत एव स्थानान्तरे पठितम्—

"वर्षे वर्षेऽश्वमेधेन यो यजेत शतं समाः।
मांसानि च न खादेद् यस्तयोस्तुल्यं भवेत् फलम् ॥१॥

एकरात्रोषितस्यापि या गतिर्ब्रह्मचारिणः।
न सा क्रतुसहस्रेण प्राप्तुं शक्या युधिष्ठिर" ॥२॥

मद्यपाने तु कृतं सूत्रानुवादैः। तस्य सर्वविगर्हितत्वात्। तानेवं प्रकारानर्थान् कथमिव बुधाभासास्तीर्थिका वेदितुमर्हन्तीति कृतं प्रसङ्गेन ॥

અથવા, માંસ આદિમાં ભૂત અને પિશાચોની પ્રવૃત્તિ હોય છે, તેથી જુગુપ્સનીય માંસના ભક્ષણમાં વિવેકી પુરુષોની પ્રવૃત્તિ હોતી નથી. આ રીતે માંસ ભક્ષણની દુષ્ટતા બતાવીને ઉપદેશ આપતાં કહે છે કે : માંસ ભક્ષણ આદિથી નિવૃત્ત થવું તે મહાન ફળવાળું છે. 'તુ' શબ્દનો પ્રયોગ નિશ્ચય અર્થમાં છે. તેથી માંસભક્ષણ આદિનો ત્યાગ એ નિશ્ચયથી સ્વર્ગ અને મુક્તિને આપનાર છે. બીજે પણ કહ્યું છે કે : પ્રત્યેક વર્ષે, સો વર્ષ સુધી અશ્વમેધ યજ્ઞ કરવાવાળા અને માંસ ભક્ષણ નહીં કરનારા તે બન્ને પુરુષોને સમાન ફળની પ્રાપ્તિ થાય છે. હે યુધિષ્ઠિર, એક રાત્રિ બ્રહ્મચર્ય પાળનાર પુરુષની જે ઉત્તમ ગતિ થાય છે, તેવી ગતિ હજારો યજ્ઞ કરવાવાળાની થતી નથી. મદ્યપાનના વિષયમાં વિશેષ કહેવાની કંઈ આવશ્યકતા નથી. કેમ કે મદ્યપાન તો સર્વલોક પ્રસિદ્ધ નિંદનીય છે આવા નિર્દોષ અર્થને પોતાની જાતને પંડિત માનનારા કદાગ્રહી કઈ રીતે સમજી શકે? આ પ્રાસંગિક કથન કરવામાં આવ્યું છે.

कथ केऽमी सप्तभङ्गाः, कश्चायमादेशभेद इति। उच्यते। एकत्र जीवादौ वस्तुनि एकैकसत्त्वादिधर्मविषयप्रश्नवशाद् अविरोधेन प्रत्यक्षादिबाधापरिहारेण पृथग्भूतयोः समुदितयोश्च विधिनिषेधयोः पर्यालोचनया कृत्वा स्याच्छब्दलाञ्छितो वक्ष्यमाणैः सप्तभिः प्रकारैर्वचनविन्यासः सप्तभङ्गीति गीयते। तद्यथा। १ स्यादस्त्येव सर्वमिति विधिकल्पनया प्रथमो भङ्गः। २ स्यान्नास्त्येव सर्वमिति निषेधकल्पनया द्वितीयः। ३ स्यादस्त्येव स्यान्नास्त्येवेति क्रमतो विधिनिषेधकल्पनया

तृतीयः। ४ स्यादवक्तव्यमेवेति युगपद्विधिनिषेधकल्पनया चतुर्थः। ५ स्यादस्त्येव स्यादवक्तव्यमेवेति विधिकल्पनया युगपद्विधिनिषेधकल्पनया च पञ्चमः। ६ स्यान्नास्त्येव स्यादवक्तव्यमेवेति निषेधकल्पनया युगपद्विधिनिषेधकल्पनया च षष्ठः। ७ स्यादस्त्येव स्यान्नास्त्येव स्यादवक्तव्यमेवेति क्रमतो विधिनिषेधकल्पनया युगपद्विधिनिषेधकल्पनया च सप्तमः॥

(અનુવાદ)

હવે સપ્તભંગી એટલે શું અને આદેશભેદ એટલે શું ? એ પ્રશ્નનો ઉત્તર આપતાં કહે છે કે : જીવ આદિ એક જ પદાર્થમાં, અસ્તિત્વ આદિ એકેક ધર્મના વિષયમાં પ્રશ્ન ઊઠવાથી, વિરોધરહિત અને પ્રત્યક્ષ વગેરે કોઈપણ જાતિના બાધ વિના અલગ અલગ અથવા સંયુક્ત વિધિ અને નિષેધ ધર્મના વિચાર પૂર્વક 'स्यात्' શબ્દથી યુક્ત સાત પ્રકારનાં વચનનો વિન્યાસ, તે સપ્તભંગી કહેવાય છે.

(૧) 'स्यादस्ति' પ્રત્યેક વસ્તુ વિધિ ધર્મની કલ્પના વડે કથંચિત્ અસ્તિત્વરૂપ છે. (૨) 'स्यान्नास्ति' પ્રત્યેક વસ્તુ નિષેધરૂપ ધર્મની કલ્પનાથી કથંચિત્ નાસ્તિત્વ રૂપ છે. (૩) स्यादस्ति स्यान्नास्ति' પ્રત્યેક વસ્તુમાં ક્રમથી વિધિ અને નિષેધ રૂપે કથંચિત્ અસ્તિત્વ અને કથંચિત્ નાસ્તિત્વ સ્વરૂપ છે. (૪) 'स्यादवक्तव्य' પ્રત્યેક વસ્તુ એકીસાથે વિધિ અને નિષેધરૂપ ધર્મથી કથંચિત્ અવક્તવ્યરૂપ છે (૫) स्यादस्ति-अवक्तव्य' પ્રત્યેક વસ્તુ વિધિરૂપે તથા એકી સાથે વિધિ અને નિષેધરૂપ ધર્મોની કલ્પનાથી કથંચિત્ અસ્તિત્વ અને અવક્તવ્ય રૂપ છે. (૬) 'स्यान्नास्ति-अवक्तव्य' પ્રત્યેક વસ્તુ નિષેધરૂપથી તથા એકી સાથે વિધિ અને નિષેધ રૂપે કથંચિત્ નાસ્તિત્વ અને અવક્તવ્યરૂપ છે. (૭) स्यादस्ति-नास्ति-अवक्तव्य પ્રત્યેક વસ્તુ ક્રમથી વિધિ અને નિષેધ તથા એકી સાથે વિધિ અને નિષેધ ધર્મોની કલ્પના વડે કથંચિત અસ્તિત્વ, નાસ્તિત્વ અને અવક્તવ્ય સ્વરૂપ છે.

तत्र स्यात्कथंचित् स्वद्रव्यक्षेत्रकालभावरूपेणास्त्येव सर्वं कुम्भादि, न पुनः परद्रव्यक्षेत्रकालभावरूपेण। तथाहि। कुम्भो द्रव्यतः पार्थिवत्वेनास्ति। नाऽऽप्यादिरूपत्वेन। क्षेत्रतः पाटलिपुत्रकत्वेन। न कान्यकुब्जादित्वेन। कालतः शैशिरत्वेन। न वासन्तिकादित्वेन। भावतः श्यामत्वेन न रक्तादित्वेन। अन्यथेतररूपापत्त्या स्वरूपहानिप्रसङ्ग इति। अवधारणं चात्र भङ्गेऽनभिमतार्थव्यावृत्त्यर्थमुपात्तम् इतरथाऽनभिहिततुल्यतैवास्य वाक्यस्य प्रसज्येत। प्रतिनियतस्वार्थानभिधानात्। तदुक्तम्–

"वाक्येऽवधारणं तावदनिष्टार्थनिवृत्तये।
कर्तव्यमन्यथानुक्तसमत्वात् तस्य कुत्रचित्" ॥

तथाप्यस्त्येव कुम्भ इत्येतावन्मात्रोपादाने कुम्भस्य स्तम्भाद्यस्तित्वेनापि सर्वप्रकारेणास्तित्वप्राप्तेः प्रतिनियतस्वरूपानुपपत्तिः स्यात्। तत्प्रतिपत्तये स्याद् इति शब्दः प्रयुज्यते। स्यात् कथंचिद् स्वद्रव्यादिभिरपीत्यर्थः। यत्रापि चासौ न प्रयुज्यते तत्रापि व्यवच्छेदफलैवकारवद् बुद्धिमद्भिः प्रतीयत एव। यदुक्तम्—

"सोऽप्रयुक्तोऽपि वा तज्ज्ञैः सर्वत्रार्थात्प्रतीयते।
यथैवकारोऽयोगादिव्यवच्छेदप्रयोजनः" ॥

इति प्रथमो भङ्गः ॥

(અનુવાદ)

હવે વિસ્તારથી સપ્તભંગીનું સ્વરૂપ કહેવામાં આવે છે. પ્રથમભંગ–ઘટ આદિ પ્રત્યેક વસ્તુ પોતાનાં દ્રવ્ય,ક્ષેત્ર,કાલ અને ભાવની અપેક્ષાએ અસ્તિત્વ રૂપ છે. અને ઘટથી ભિન્ન પટ આદિ પર વસ્તુનાં દ્રવ્ય,ક્ષેત્ર,કાલ અને ભાવની અપેક્ષાએ નાસ્તિત્વરૂપ છે. જેમ ઘટ દ્રવ્યથી પાર્થિવરૂપે વિદ્યમાન છે. પરંતુ જલ આદિ રૂપે નથી. ક્ષેત્રથી ઘડો પાટલીપુત્ર સંબંધી છે, પરંતુ કનોજ આદિ ક્ષેત્રની અપેક્ષાએ નથી. કાલથી શિશિર ઋતુની અપેક્ષાએ વિદ્યમાન છે પરંતુ વસંતઋતુ આદિની અપેક્ષાએ નથી. ભાવથી ઘટ શ્યામરૂપે વિદ્યમાન છે. પરંતુ લાલ રંગની અપેક્ષાએ નથી. જો પદાર્થોનું અસ્તિત્વ સ્વ દ્રવ્ય,ક્ષેત્ર, કાલ અને ભાવની અપેક્ષા રાખ્યા વિના માનવામાં આવે તો પદાર્થના સ્વરૂપની સિદ્ધિ થઇ શકતી નથી. કેમકે જ્યાં સુધી વસ્તુના એક સ્વરૂપની અન્ય સ્વરૂપથી વ્યાવૃત્તિ (અન્યસ્વરૂપનો નિષેધ) માનવામાં ના આવે ત્યાં સુધી વસ્તુનું યથાર્થ સ્વરૂપ જાણી શકાતું નથી. માટે અહીં ભાંગામાં અનીપ્સિત પદાર્થોનો નિષેધ કરવા 'एव' એવા અવધારણ વાક્યનો પ્રયોગ કરવામાં આવ્યો છે. કેમકે એવા અવધારણ 'નિશ્ચિત' વાક્યનો પ્રયોગ કરવામાં ના આવે તો અનભીપ્સિત વસ્તુ–તત્ત્વ પણ માનવું પડશે. કહ્યું પણ છે કેઃ વાક્યમાં એવકારનો પ્રયોગ અવિવક્ષિત પદાર્થોના નિષેધ માટે છે. જો એવકારનો પ્રયોગ કરવામાં ના આવે તો અવિવક્ષિત અર્થનો પણ સ્વીકાર કરવો પડે.

શંકા : ઘટ અસ્તિત્વ રૂપ જ છે 'अस्त्येव कुम्भः' એમ કહેવાથી પ્રયોજન સિદ્ધ થઇ જાય છે. તો પુનઃ 'स्यात्' (કથંચિત) શબ્દનો પ્રયોગ કરવાની શી જરૂર છે ?

સમાધાન : 'ઘટ છે જ' કેવલ એમ કહેવાથી ઘટના અસ્તિત્વનું જ્ઞાન થઇ શકતું નથી. કેમકે 'ઘટ છે જ' 'अस्त्येव कुम्भः' આમ કહેવામાં જેવી રીતે ઘટ સ્વ દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવની અપેક્ષાએ છે. તેવી રીતે પર પટ, સ્તંભ આદિ સર્વપદાર્થની અપેક્ષાએ પણ ઘટના અસ્તિત્વની પ્રાપ્તિ થશે ! અર્થાત્ એક જ ઘટ વસ્તુ સર્વપદાર્થરૂપે વિદ્યમાન થવાથી ઘટના પ્રતિનિયત સ્વરૂપનું જ્ઞાન થઈ શકતું નથી. આથી 'स्यादस्त्येव कुम्भः'એમ 'स्यात्' શબ્દના પ્રયોગથી સિદ્ધ થાય છે કે ઘટ સ્વ દ્રવ્ય, ક્ષેત્ર કાલ અને ભાવની અપેક્ષાએ

વિદ્યમાન છે, પરંતુ પર પટ આદિના દ્રવ્ય,ક્ષેત્ર, કાલ અને ભાવની અપેક્ષાએ નથી. આ પ્રમાણે પ્રત્યેક વસ્તુ સ્વ દ્રવ્યાદિ ચારની અપેક્ષાએ કથંચિત્ અસ્તિત્વ સ્વરૂપ છે, અને પર દ્રવ્યાદિ ચતુષ્ટયની અપેક્ષાએ નથી. આ રીતે વસ્તુ તત્ત્વની સિદ્ધિ કરવા માટે 'સ્યાત્' (કથંચિત્) શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે. વળી જે કોઇ વાક્યમાં સ્યાત્ શબ્દનો પ્રયોગ ના કર્યો હોય તોપણ બુદ્ધિમાન પુરુષો તેનો અભિપ્રાય જાણી લે છે અર્થાત્ પ્રત્યેક વસ્તુમાં કથંચિત્પણું સ્વયમેવ સમજી લે છે. કહ્યું પણ છે કે અયોગ વ્યવચ્છેદક (અન્યનો નિષેધક) એવા एव શબ્દનો પ્રયોગ કરવામાં ના આવ્યો હોય તોપણ બુદ્ધિમાન પુરુષો પ્રકરણથી અર્થ સમજી શકે છે. તેમ 'સ્યાત્' શબ્દના પ્રયોગ વિના પણ સુજ્ઞ પુરુષો સ્યાત્ શબ્દના અભિપ્રાયને સમજી શકે છે.

स्यात्कथंचिद् नास्त्येव कुम्भादिः स्वद्रव्यादिभिरिव परद्रव्यादिभिरपि वस्तुनोऽसत्त्वानिष्टौ हि प्रतिनियतस्वरूपाभावाद् वस्तुप्रतिनियतिर्न स्यात्। न च चास्तित्वैकान्तवादिभिरत्र नास्तित्वमसिद्धमिति वक्तव्यम्। कथंचित् तस्य वस्तुनि युक्तिसिद्धत्वात् साधनवत्। न हि क्वचिद् अनित्यत्वादौ साध्ये सत्त्वादिसाधनस्यास्तित्वं विपक्षे नास्तित्वमन्तरेणोपपन्नम्। तस्य साधनत्वाभावप्रसङ्गात्। तस्माद् वस्तुनोऽस्तित्वं नास्तित्वेनाविनाभूतम्, नास्तित्वं च तेनेति। विवक्षावशाच्चानयोः प्रधानोपसर्जनभावः। एवमुत्तरभङ्गेष्वपि ज्ञेयम्। "अर्पितानर्पितसिद्धेः" इति वाचकवचनात्। इति द्वितीयः॥

(અનુવાદ)

બીજો ભાંગો–ઘટ આદિ પ્રત્યેક વસ્તુ કથંચિત્ નાસ્તિરૂપ છે. જેમ પદાર્થોનું સ્વદ્રવ્યાદિની અપેક્ષાએ અસ્તિત્વ છે, તેમ પર દ્રવ્યાદિની અપેક્ષાએ પણ અસ્તિત્વ માનવામાં આવે તો પદાર્થનું કોઇપણ સ્વરૂપ નિશ્ચિત થઇ શકતુ નથી. કેમ કે એક વસ્તુને અન્યસ્વરૂપે જાણવાથી તે વસ્તુનું યથાર્થ સ્વરૂપ જાણી શકાતું નથી. જે લોકો એકાન્તે અસ્તિત્વવાદ સ્વીકારે છે, તે લોકો પણ વસ્તુમાં નાસ્તિત્વ ધર્મનો નિષેધ કર્યા વિના અસ્તિત્વ ધર્મની સિદ્ધિ કરી શકતા નથી. કારણ કે જેમ એક સાધનમાં (હેતુમાં) કોઇની અપેક્ષાએ અસ્તિત્વ અને કોઇની અપેક્ષાએ નાસ્તિત્વ સિદ્ધ હોય છે, તેમ અસ્તિત્વવાળી વસ્તુમાં કથંચિત્ નાસ્તિત્વ પણ યુક્તિથી સિદ્ધ થાય છે. અનિત્યત્વ રૂપ સાધ્યની સિદ્ધિ કરવા માટે સત્ત્વરૂપ સાધન (હેતુનું અસ્તિત્વ, જ્યાં જ્યાં અનિત્યત્વ નથી ત્યાં ત્યાં સત્વ નથી' આ વિપક્ષમાં નાસ્તિત્વની, સિદ્ધિ કર્યા વિના સિદ્ધ થઇ શકતું નથી. અન્યથા સત્વરૂપ હેતુથી અનિત્યરૂપ સાધ્યની સિદ્ધિ થઇ શકતી નથી જ્યાં સુધી વિપક્ષમાં હેતુનો અભાવ સિદ્ધ ન થાય ત્યાં સુધી તે હેતુથી સાધ્યની સિદ્ધિ થઇ શકતી નથી. દા. ત. અગ્નિરૂપ સાધ્યની સિદ્ધિ કરવા માટે ધૂમ હેતુનો જ્યાં સુધી વિપક્ષરૂપ સરોવર–વગેરેમાં અભાવ સિદ્ધ ના થાય, ત્યાં સુધી ધૂમ હેતુ અગ્નિરૂપ સાધ્યની સિદ્ધિ ના કરી શકે. આથી અસ્તિત્વ અને નાસ્તિત્વ બન્ને ધર્મો પરસ્પર સાપેક્ષ છે. કેમ કે અસ્તિત્વ વિના નાસ્તિત્વ અને નાસ્તિત્વ વિના અસ્તિત્વ

ધર્મ હોઈ શકતો નથી. જે સમયે અસ્તિત્વની પ્રધાનતા વિવક્ષિત હોય તે સમયે વસ્તુ અસ્તિરૂપ કહેવાય અને જ્યારે નાસ્તિત્વ ધર્મની પ્રધાનતા વિવક્ષિત હોય ત્યારે વસ્તુ નાસ્તિરૂપ કહેવાય આ પ્રકારે પ્રધાન અને ગૌણ ભેદ અન્ય ભાંગાઓમાં પણ સમજી લેવા તેમ જ શ્રીમાન ઉમાસ્વાતિ મહારાજે પણ કહ્યું છે કે પ્રધાન અને ગૌણભાવની અપેક્ષાએ પદાર્થોનું સ્વરૂપ સુનિશ્ચિત થાય છે,

तृतीयः स्पष्ट एव। द्वाभ्यामस्तित्वनास्तित्वधर्माभ्यां युगपत्प्रधानतयार्पिताभ्याम् एकस्य वस्तुनोऽभिधित्सायां तादृशस्य शब्दस्यासम्भवाद् अवक्तव्यं जीवादिवस्तु। तथाहि। सदसत्त्वगुणद्वयं युगपद् एकत्र सदित्यनेन वक्तुमशक्यम्। तस्यासत्त्वप्रतिपादनासमर्थत्वात्। तथाऽसदित्यनेनापि तस्य सत्त्वप्रत्यायनसामर्थ्याभावात्। न त्त पुष्पदन्तादिवत् साङ्केतिकमेकं पदं तद्वक्तुं समर्थम्, तस्यापि क्रमेणार्थद्वयप्रत्यायने सामर्थ्योपपत्तेः। शतृशानयोः संकेतितसच्छब्दवत्। अतएव द्वन्द्वकर्मधारयवृत्त्योर्वाक्यस्य च न तद्वाचकत्वम्। इति सकलवाचकरहितत्वाद् अवक्तव्यं वस्तु युगपत्सत्त्वासत्त्वाभ्यां प्रधानभावार्पिताभ्यामाक्रान्तं व्यवतिष्ठते। न च सर्वथाऽवक्तव्यम्। अवक्तव्यशब्देनाप्यनभिधेयत्वप्रसङ्गात्। इति चतुर्थः। शेषास्त्रयः सुगमाभिप्रायाः॥

(અનુવાદ)

ત્રીજો ભાંગો સ્પષ્ટ જ છે. ઘટ આદિ પ્રત્યેક વસ્તુમાં સ્વદ્રવ્યાદિની અપેક્ષાએ અસ્તિત્વ અને પરદ્રવ્યાદિની અપેક્ષાએ નાસ્તિત્વ છે. આ પ્રમાણે વસ્તુનું ક્રમથી અસ્તિત્વ-નાસ્તિત્વ સ્વરૂપ સિદ્ધ થાય છે.

ચોથો ભાંગો : વસ્તુના અસ્તિત્વ અને નાસ્તિત્વ ધર્મને એકીસાથે કહી શકાતાં નથી તેથી તે અવક્તવ્યરૂપ છે. જેમ જીવ આદિ જ્યારે સત્‌રૂપ વિવક્ષિત હોય છે. ત્યારે અસત્ રૂપે કહી શકાતા નથી. જ્યારે અસત્‌રૂપે વિવક્ષિત હોય ત્યારે વસ્તુને સત્‌રૂપે કહી શકાતી નથી. કેમ કે અસ્તિત્વ નાસ્તિત્વ બન્ને ધર્મો પરસ્પર વિરોધી છે.

શંકા : જેમ ચંદ્ર અને સૂર્યનું જ્ઞાન સાંકેતિક પુષ્પદંત શબ્દથી થાય છે, તેમ અસ્તિત્વ અને નાસ્તિત્વ બન્ને ધર્મોનું એકી સાથે જ્ઞાન કોઇ એક સાંકેતિક શબ્દથી થવું જોઇએ

સમાધાન : કોઈ એવો શબ્દ નથી કે જેથી અસ્તિત્વ-નાસ્તિત્વ, બન્ને ધર્મોનું જ્ઞાન એકી સાથે થાય. માનો કે તે બન્ને ધર્મોને કહેનાર કોઈ એક સાંકેતિક શબ્દ હોય તોપણ અસ્તિત્વ-નાસ્તિત્વ ધર્મોનું જ્ઞાન ક્રમપૂર્વક જ થાય છે, એકી સાથે થઈ શકતું નથી. વળી, પુષ્પદંત શબ્દથી સુર્ય અને ચંદ્રનું જ્ઞાન થાય છે, તે પણ ક્રમથી જ થાય છે. વ્યાકરણમાં પણ સત્ શબ્દથી 'शतृ' અને 'शान' પ્રત્યયનું જ્ઞાન થાય છે, તે પણ ક્રમથી જ થાય છે. એક સાથે થઇ શકતું નથી. દ્વન્દ્વ અને કર્મધારય

સમાસમાં, અથવા કોઈ એક વાક્યમાં સત્ત્વ અને અસત્ત્વ બન્ને ધર્મોનું એક સાથે જ્ઞાન કરાવનાર કોઈ એક શબ્દ નથી. તેથી પરસ્પર વિરુદ્ધ એવા અસ્તિ અને નાસ્તિ, બન્ને ધર્મોનું જ્ઞાન કોઈ એક શબ્દથી થઈ શકતું નથી. માટે પ્રત્યેક વસ્તુમાં એક સાથે અસ્તિ અને નાસ્તિ ધર્મની પ્રધાનતા વિવક્ષિત હોય ત્યારે કથંચિત્ અવક્તવ્યરૂપ છે: યદ્વિ પદાર્થને સર્વથા અવક્તવ્ય માનવામાં આવે તો પદાર્થને અવક્તવ્ય શબ્દથી કહી શકાય નહીં. તેથી પદાર્થ કથંચિત્ અવક્તવ્ય રૂપ છે. આ પ્રમાણે 'स्यादवक्तव्य' નામનો ચોથો ભાંગો જાણવો.

બાકીના ત્રણ ભાંગા સુગમ છે, તો પણ તેમનું કંઈક નિરૂપણ કરવામાં આવે છે. જ્યારે વસ્તુને સ્વરૂપની અપેક્ષાએ સત્ કહીને, એકી સાથે અસ્તિત્વ નાસ્તિત્વ ધર્મની પ્રધાનતા વિવક્ષિત હોય ત્યારે 'स्यादस्ति-अवक्तव्य' નામનો પાંચમો ભાંગો થાય છે. જ્યારે વસ્તુને પરરૂપની અપેક્ષાએ नास्ति કહીને એકી સાથે 'अस्ति नास्ति' ધર્મની પ્રધાનતા વિવક્ષિત હોય ત્યારે 'स्यान्नास्ति अवक्तव्य' નામનો છઠ્ઠો ભાંગો જાણવો. પ્રત્યેક વસ્તુ ક્રમથી સ્વ-પર દ્રવ્યાદિની અપેક્ષાએ 'अस्ति नास्ति' સ્વરૂપ હોવા છતાં પણ એકી સાથે અસ્તિત્વ નાસ્તિત્વનું વિવેચન કરવામાં આવે ત્યારે વસ્તુ स्यादस्ति-नास्ति अवक्तव्य' નામનો સાતમો ભાંગો થાય છે. આ પ્રમાણે 'સપ્તભંગી' જાણવી.

न च वाच्यमेकत्र वस्तुनि विधीयमाननिषिध्यमानानन्तधर्माभ्युपगमेनानन्तभङ्गीप्रसङ्गाद् असङ्गतैव सप्तभङ्गीति। विधिनिषेधप्रकारापेक्षया प्रतिपर्यायं वस्तुनि अनन्तानामपि सप्तभङ्गीनामेव संभवात्। यथा हि सदसत्त्वाभ्याम्, एवं सामान्यविशेषाभ्यामपि सप्तभङ्ग्येव स्यात्। तथाहि। स्यात्सामान्यम्, स्याद् विशेषः, स्यादुभयम्, स्यादवक्तव्यम्, स्यात्सामान्यवक्तव्यम्, स्याद् विशेषावक्तव्यम्, स्यात्सामान्यविशेषावक्तव्यमिति। न चात्र विधिनिषेधप्रकारौ न स्त इति वाच्यम्। सामान्यस्य विधिरूपत्वाद् विशेषस्य च व्यावृत्तिरूपतया निषेधात्मकत्वात्। अथवा प्रतिपक्षशब्दत्वाद् यदा सामान्यस्य प्राधान्यं तदा तस्य विधिरूपता विशेषस्य च निषेधरूपता। यदा विशेषस्य पुरस्कारस्तदा तस्य विधिरूपता इतरस्य च निषेधरूपता एवं सर्वत्र योज्यम्। अतः सुष्ठूक्तं अनन्ता अपि सप्तभङ्ग्य एव संभवेयुरिति। प्रतिपर्यायं प्रतिपाद्यपर्यनुयोगानां सप्तानामेव संभवात्। तेषामपि सप्तत्वं सप्तविधतज्जिज्ञासानियमात्। तस्या अपि सप्तविधत्वं सप्तधैव तत्संदेहसमुत्पादात्। तस्यापि सप्तविधत्वनियमः स्वगोचरवस्तुधर्माणां सप्तविधत्वस्यैवोपपत्तेरिति॥

(અનુવાદ)

શંકા : પ્રત્યેક વસ્તુમાં અનંત ધર્મો રહેલા છે, તો અનંત ધર્મોની અપેક્ષાએ અનંત ભાંગા થવા જોઈએ ને ? માત્ર સાત જ ભાંગા કેમ ?

સમાધાન : વાત સાચી છે. પરંતુ પ્રત્યેક વસ્તુના વિધિ અને નિષેધની અપેક્ષાએ સાત જ ભાંગા થઈ શકે છે. જેમ 'सत्' (अस्तित्व) અને असत् (नास्तित्व) ધર્મની અપેક્ષાએ સાત ભાંગા થાય છે, તેમ સામાન્ય અને વિશેષની અપેક્ષાએ પણ સાત જ

ભાંગા થાય છે. યથા (૧) સ્યાત્ સામાન્ય, (૨) સ્યાત્ વિશેષ (૩) સ્યાત્ ઉભય (૪) સ્યાત્ અવક્તવ્ય (૫) સ્યાત્ સામાન્ય અવક્તવ્ય (૬) સ્યાત્ વિશેષ અવક્તવ્ય (૭) સ્યાત્ સામાન્ય વિશેષ અવક્તવ્ય આ પ્રમાણે સાત ભાંગા થાય છે. અહિંયા સામાન્ય અને વિશેષ વિધિનિષેધરૂપ નથી. એમ નહીં પરંતુ સામાન્ય અને વિશેષ બન્ને વિધિ અને નિષેધ રૂપ છે. કારણ કે સામાન્ય એ વિધિરૂપ છે અને વિશેષ વ્યવચ્છેદ(નિષેધ)રૂપ છે. અથવા સામાન્ય અને વિશેષ, બન્ને પરસ્પર વિરોધી હોવાથી, જ્યારે સામાન્યની પ્રધાનતા હોય ત્યારે સામાન્ય વિધિરૂપ અને વિશેષ નિષેધરૂપ કહેવાય છે, અને જ્યારે વિશેષની પ્રધાનતા હોય ત્યારે વિશેષ વિધિરૂપ થાય છે અને સામાન્ય નિષેધરૂપ કહેવાય છે. આ પ્રમાણે સામાન્ય અને વિશેષના વિધિ અને નિષેધરૂપ ધર્મની અપેક્ષાએ સાત ભાંગા થાય છે. તેવી રીતે પ્રત્યેક ધર્મની અપેક્ષાએ, વિધિ-નિષેધરૂપ ધર્મની અપેક્ષાએ સાત સાત ભાંગા થાય છે. આ રીતે અનંત ધર્મોની અનંત સપ્તભંગીઓ થાય છે. કેમકે પ્રત્યેક ધર્મની અપેક્ષાએ સાત પ્રકારના જ પ્રશ્ન ઉદ્ભવે છે. તેથી તે તે ધર્મોની અપેક્ષાએ સાત સાત ભાંગા થાય છે કારણ કે પ્રત્યેક ધર્મની અપેક્ષાએ સાત પ્રકારની જિજ્ઞાસા થાય છે. પ્રત્યેક વસ્તુમાં સાત પ્રકારના સંદેહો થવાથી સાત પ્રકારની જિજ્ઞાસા થાય છે. અને તે સંદેહો પણ સાત પ્રકારના જ ઉત્પન્ન થાય છે. કેમકે તેના વિષયરૂપ પદાર્થ ધર્મોનો સાત પ્રકારે જ પ્રાપ્તિ થાય છે.

इयं च सप्तभङ्गी प्रतिभङ्गं सकलादेशस्वभावा विकलादेशस्वभावा च। तत्र सकलादेशः प्रमाणवाक्यम्। तल्लक्षणं चेदम्। प्रमाणप्रतिपन्नानन्तधर्मात्मकवस्तुनः कालादिभिरभेदवृत्तिप्राधान्याद् अभेदोपचाराद् वा यौगपद्येन प्रतिपादकं वचः सकलादेशः। अस्यार्थः कालादिभिरष्टाभिः कृत्वा यदभेदवृत्तेर्धर्मधर्मिणोरपृथग्भावस्य प्राधान्यं तस्मात् कालादिभिर्भिन्नात्मनामपि धर्मधर्मिणामभेदाध्यारोपाद् वा समकालमभिधायकं वाक्यं सकलादेशः। तद्विपरीतस्तु विकलादेशो नयवाक्यमित्यर्थः। अयमाशयः। यौगपद्येनाशेषधर्मात्मकं वस्तु कालादिभिरभेदप्राधान्यवृत्त्याऽभेदोपचारेण वा प्रतिपादयति सकलादेशः। तस्य प्रमाणाधीनत्वात्। विकलादेशस्तु क्रमेण भेदोपचाराद् भेदप्राधान्याद्वा तदभिधत्ते। तस्य नयात्मकत्वात्॥

(અનુવાદ)

સપ્તભંગી પ્રત્યેક ભાંગામાં સકલાદેશ અને વિકલાદેશ સ્વભાવવાળી છે. સકલાદેશને પ્રમાણ-વાકય કહે છે. તે આ પ્રમાણેઃ પ્રમાણ વડે જણાયેલી અનંતધર્મસ્વરૂપ વસ્તુના સર્વધર્મોને કાળ, આત્મરૂપ, અર્થ, સંબંધ, ઉપકાર, ગુણીદેશ, સંસર્ગ અને શબ્દ, આ આઠની અપેક્ષાએ અભેદ વૃત્તિ અથવા અભેદના ઉપચારની પ્રધાનતાથી એકીસાથે પ્રતિપાદન કરવાવાળા વચનને સકલાદેશ કહે છે. કેમકે પ્રત્યેક વસ્તુમાં રહેલા અનંત ધર્મોને એકીસાથે અથવા ક્રમથી શબ્દદ્વારા પ્રતિપાદન કરવામાં આવે છે. જ્યારે વસ્તુમાં કાલાદિ આઠની અપેક્ષાએ અભિન્નરૂપે રહેલા સંપૂર્ણ ધર્મ અને ધર્મીમાં અભેદભાવની પ્રધાનતા રાખવામાં આવે અથવા કાલાદિથી ભિન્ન ધર્મ અને ધર્મીમાં અભેદનો ઉપચાર કરીને ધર્મ અને ધર્મીનું એકીસાથે કથન કરવાવાળા વાકયને સકલાદેશ કહે છે. તે

સકલાદેશ દ્વારા કાળ આદિની અભેદ દૃષ્ટિ અથવા અભેદના ઉપચારની અપેક્ષાએ વસ્તુના સર્વધર્મોનું એકીસાથે જ્ઞાન થાય છે. (જેમ અનેક ગુણોના સમુદાયને દ્રવ્ય કહે છે, ગુણ સિવાય દ્રવ્યનું કોઈ અસ્તિત્વ નથી, આથી સર્વધર્મો (ગુણોના સમુદાયરૂપ એક જીવાદિ વસ્તુમાં દ્રવ્યાસ્તિક નયની અપેક્ષાએ સમસ્ત ધર્મોનું અભિન્નપણું છે, અને પર્યાયાસ્તિક નયની અપેક્ષાએ સમસ્ત ધર્મોનું ભિન્નપણું હોવા છતાં પણ તેમાં એકતાનો આરોપ કરવો તે અભેદના ઉપચારથી અભિન્ન સ્વરૂપનું પ્રતિપાદન કરવું' તે સકલાદેશ કહેવાય છે.) સકલાદેશ પ્રમાણને આધીન છે. તેનાથી વિપરીત વિકલાદેશ અર્થાત્ નયવાક્ય કહેવાય છે. જ્યારે કાલ આદિની અપેક્ષાએ અસ્તિત્વ આદિ ધર્મોના ભેદની પ્રધાનતા થાય છે, અથવા ભેદનો ઉપચાર થાય છે, ત્યારે એક શબ્દથી અનેક ધર્મોનું પ્રતિપાદન કરી શકાતું નથી. આથી પદાર્થગત અનેક ધર્મોનું નિરૂપણ ક્રમપૂર્વક થાય છે. તે વિકલાદેશ કહેવાય છે. એ વિકલાદેશમાં ભેદ વૃત્તિ અથવા ભેદના ઉપચારની પ્રધાનતા રહે છે. વિકલાદેશ નયસ્વરૂપ છે.

कः पुनः क्रमः किं च यौगपद्यम्। यदास्तित्वादिधर्माणां कालादिभिर्भेदविवक्षा, तदैकशब्दस्यानेकार्थप्रत्यायने शक्त्यभावात् क्रमः। यदा तु तेषामेव धर्माणां कालादिभिरभेदेन वृत्तमात्मरूपमुच्यते तदैकेनापि शब्देनैकधर्मप्रत्यायनमुखेन तदात्मकतामापन्नस्यानेकाशेषधर्मरूपस्य वस्तुनः प्रतिपादनसम्भवाद् यौगपद्यम्॥

(અનુવાદ)

ક્રમ એટલે શું અને યૌગપદ્ય એટલે શું? એ પ્રશ્નનો ઉત્તર આપતાં કહે છે કે જ્યારે અસ્તિત્વ આદિ અનેક ધર્મોમાં કાલ આદિથી ભેદની સિદ્ધિ કરવી હોય ત્યારે એક શબ્દથી અનેક ધર્મોના જ્ઞાનની શક્યતા નહીં હોવાથી, સર્વ ધર્મોનું એકએકરૂપે પ્રતિપાદન કરવું તે ક્રમ કહેવાય. તે તે ધર્મોનું જ્ઞાન ક્રમપૂર્વક થાય છે, તે વિકલાદેશથી થાય છે અને જ્યારે વસ્તુના અસ્તિત્વ આદિ ધર્મોમાં કાળ આદિથી અભેદની સિદ્ધિ કરવી હોય ત્યારે યદ્યપિ એક શબ્દથી એક ધર્મનું જ્ઞાન થાય છે, તોપણ એક શબ્દથી જ્ઞાત એક ધર્મદ્વારા પદાર્થના અનેક ધર્મોનું જ્ઞાન થાય છે, આથી વસ્તુગત સમસ્ત ધર્મોનું એકીસાથે જ્ઞાન થવું, તે યૌગપદ્ય કહેવાય છે. તે જ્ઞાન સકલાદેશથી થાય છે.

के पुनः कालादयः। कालः आत्मरूपम् अर्थः संबन्धः उपकारः गुणिदेशः संसर्गः शब्दः। १ तत्र स्याद् जीवादिवस्तु अस्त्येव इत्यत्र यत्कालमस्तित्वं तत्कालाः शेषानन्तधर्मा वस्तुन्येकत्रेति तेषां कालेनाभेदवृत्तिः। २ यदेव चास्तित्वस्य तद्गुणत्वमात्मरूपं तदेव अन्यानन्तगुणानामपीति आत्मरूपेणाभेदवृत्तिः। ३ य एव चाधारोऽर्थो द्रव्याख्योऽस्तित्वस्य स एवान्यपर्यायाणामित्यर्थेनाभेदवृत्तिः। ४ य एव चाविष्वग्भावः कथंचित् तादात्म्यलक्षणः सम्बन्धोऽस्तित्वस्य स एव शेषविशेषाणामिति सम्बन्धेनाभेदवृत्तिः ५ य एव चोपकारोऽस्तित्वेन स्वानुरक्तत्वकरणं स एव शेषैरपि गुणैरित्युपकारेणाभेदवृत्तिः। ६ य एव गुणिनः सम्बन्धी देशः क्षेत्रलक्षणोऽस्तित्वस्य स एवान्यगुणानामिति गुणिदेशेनाभेदवृत्तिः। ७ य एव चैकवस्त्वात्मनास्तित्वस्य संसर्गः स एव शेषधर्माणामिति संसर्गेणा-

भेदवृत्तिः । अविष्वग्भावेऽभेदः प्रधानम् भेदो गौणः, संसर्गे तु भेदः प्रधानम् अभेदो गौण इति विशेषः । ८ य एव चास्तीति शब्दोऽस्तित्वधर्मात्मकस्य वस्तुनो वाचकः स एव शेषानन्तधर्मात्मकस्यापीति शब्देनाभेदवृत्तिः । पर्यायार्थिकनयगुणभावे द्रव्यार्थिकनयप्राधान्याद् उपपद्यते ॥

(અનુવાદ)

કાળ, આત્મરૂપ, અર્થ, સંબંધ, ઉપકાર, ગુણીદેશ, સંસર્ગ અને શબ્દ આ આઠની વ્યાખ્યા કરવામાં આવે છે. (૧) કાળઃ– જીવ આદિ વસ્તુ કંથચિત્ અસ્તિત્વરૂપ છે. જે સમયે જીવાદિ વસ્તુમાં અસ્તિત્વ ધર્મ છે, તે સમયે બાકીના અનંતધર્મો પણ વિદ્યમાન છે. આથી કાળની અપેક્ષાએ અસ્તિત્વ આદિ સર્વ ધર્મોનું અભેદપણું છે. (૨) આત્મરૂપઃ– (સ્વભાવ) જેવી રીતે અસ્તિત્વનો ગુણત્વરૂપ સ્વભાવ છે. તેવી રીતે અન્યધર્મોનો પણ ગુણત્વરૂપ સ્વભાવ છે. આ રીતે સ્વભાવની અપેક્ષાએ સર્વધર્મોનું અભિન્નપણું છે. (૩) અર્થ : (આધાર) જે પ્રકારે અસ્તિત્વરૂપ ધર્મનો આધાર જીવાદિ પદાર્થ છે. તે પ્રકારે બાકીના ધર્મોનો પણ આધાર જીવાદિ પદાર્થ છે. આ રીતે આધારની અપેક્ષાએ સર્વ ધર્મોનું એકપણું છે. (૪) સંબંધઃ–જે પ્રકારે કંથચિત્ તાદાત્મ્ય સંબંધ અસ્તિત્વ ધર્મનો છે, તે પ્રકારે બાકીના અનંત ધર્મોનો પણ તાદાત્મ્ય સંબંધ છે. આ પ્રકારે સંબંધની અપેક્ષાએ પણ સર્વ ધર્મોમાં એકત્વ છે. (૫) ઉપકાર : જે પ્રકારે અસ્તિત્વ ધર્મ દ્વારા પોતાના સ્વરૂપમાં અનુરાગ ઉત્પન્ન કરવારૂપ જે ઉપકાર થાય છે. તે જ ઉપકાર બાકીના અનંત ધર્મો દ્વારા પણ થાય છે. આ રીતે ઉપકારની અપેક્ષાએ પણ અસ્તિત્વ આદિ ધર્મોનું અભેદપણું છે. (૬) ગુણીદેશઃ–(દ્રવ્યનું આધાર ક્ષેત્ર) દ્રવ્ય સંબંધી જે દેશ અસ્તિત્વ ધર્મનો છે, તેજ બાકીના સર્વ ધર્મોનો પણ છે. આ પ્રકારે ગુણીદેશને આશ્રયીને પણ સર્વ ધર્મોનું અભિન્નપણું છે. (૭) સંસર્ગઃ–એક વસ્તુની અપેક્ષાએ જે સંસર્ગ અસ્તિત્વ ધર્મનો છે તે જ સંસર્ગ બીજા પણ ધર્મનો છે. આ પ્રકારે સંસર્ગની અપેક્ષાએ પણ સર્વધર્મનું અભિન્નપણું છે. સંબંધમાં અભેદની પ્રધાનતા અને ભેદની ગૌણતા છે, ત્યારે સંસર્ગમાં ભેદની પ્રધાનતા અને અભેદની ગૌણતા હોય છે. સંસર્ગ અને સંબંધમાં આટલો તફાવત છે. (૮) શબ્દઃ–જે અસ્તિ શબ્દ અસ્તિત્વ ધર્મવાળા પદાર્થનો વાચક છે, તેજ અસ્તિ શબ્દ બાકીના અનંત ધર્મોનો પણ વાચક છે. આ રીતે શબ્દની અપેક્ષાએ પણ અનંત ધર્મોનું અભિન્નપણું છે. જ્યારે પર્યાયાસ્તિક નયની ગૌણતા અને દ્રવ્યાસ્તિક નયની પ્રધાનતા વિવક્ષિત હોય ત્યારે પદાર્થોના ધર્મોમાં અભેદ ભાવનું જ્ઞાન થાય છે તેથી અભેદ વૃત્તિ હોય છે.

द्रव्यार्थिकगुणभावे पर्यायार्थिकप्राधान्ये तु न गुणानामभेदवृत्तिः सम्भवति । समकालमेकत्र नानागुणानामसम्भवात् । सम्भवे वा तदाश्रयस्य तावद्वा भेदप्रसङ्गात् । नानागुणानां सम्बन्धिन आत्मरूपस्य च भिन्नत्वात् आत्मरूपाभेदे तेषां भेदस्य विरोधात् । स्वाश्रयस्यार्थस्यापि नानात्वाद्, अन्यथा नानागुणाश्रयत्वस्य विरोधात् । सम्बन्धस्य च सम्बन्धिभेदेन भेददर्शनाद् नानासम्बन्धिभिरेकत्रैकसम्बन्धाघटनात् । तैः क्रियमाणस्योपकारस्य च प्रतिनियतरूपस्यानेकत्वात् अनेकैरुपकारिभिः

क्रियमाणस्योपकारस्य विरोधात् । गुणिदेशस्य प्रतिगुणं भेदात् तदभेदे भिन्नार्थगुणानामपि गुणिदेशाभेदप्रसङ्गात् । संसर्गस्य च प्रतिसंसर्गिभेदात् तदभेदे संसर्गिभेदविरोधात् । शब्दस्य प्रतिविषयं नानात्वात् सर्वगुणानामेकशब्दवाच्यतायां सर्वार्थानामेकशब्दवाच्यतापत्तेः शब्दान्तरवैकल्यापत्तेः ।

(अनुवाद)

જ્યારે દ્રવ્યાર્થિકનયની ગૌણતા અને પર્યાયાર્થિકનયની પ્રધાનતા વિવક્ષિત હોય ત્યારે કાલાદિની અપેક્ષાએ ધર્મોમાં અભેદ વૃત્તિ સંભવતી નથી. કેમકે (૧)એક જ સમયમાં, એક જ વસ્તુમાં અનેક ગુણો રહો શકતા નથી. જો અનેક ગુણો એક સમયમાં એક જ વસ્તુમાં રહે તો ગુણોના આશ્રયભૂત દ્રવ્યમાં પણ ભેદ થવો જોઇએ. (૨) અનેક ગુણોનું પોતપોતાનું સ્વરૂપ (સ્વભાવ) પરસ્પર ભિન્ન છે. કેમકે તે એક બીજાના સ્વરૂપને ધારણ કરતા નથી. આથી ગુણોમાં અભેદપણું નથી. જો ગુણોમાં પરસ્પર ભેદ ના હોય તો પ્રત્યેક ગુણને ભિન્ન ભિન્ન ન માનવા જોઇએ. (૩) ગુણોના આધાર (અર્થ) પણ ભિન્ન છે. જો ગુણોના આધાર ભિન્ન ભિન્ન ના હોય તો તે ભિન્ન ભિન્ન ગુણોનો આશ્રય કહી શકાય નહીં (૪) સંબંધની અપેક્ષાએ પણ ગુણોમાં અભિન્નતા સંભવતી નથી. કેમ કે એક જ સંબંધથી અનેક સંબંધીઓની સાથે સંબંધ બની શકતો નથી. (૫) ઉપકારની અપેક્ષા એ પણ ગુણો પરસ્પર ભિન્ન છે. કેમકે પ્રત્યેક ગુણનો ઉપકાર અનેકરૂપે હોવાથી ભિન્ન ભિન્ન છે. (૬) ગુણીદેશની અપેક્ષાએ પણ ગુણોનું અભિન્નાપણું સંભવતું નથી. કેમકે ગુણ-ગુણીદેશનો અભેદ હોય તો ભિન્ન અર્થમાં રહેલા ગુણોના ગુણીદેશનો પણ અભેદ થવો જોઇએ. (૭) સંસર્ગની અપેક્ષાએ પણ સર્વ ગુણોનું એકરૂપ નથી. જો સંસર્ગની અપેક્ષાએ ગુણોમાં અભિન્નતા હોય તો સર્વ ગુણોને એક માનવા જોઇએ. (૮) તેમજ શબ્દની અપેક્ષાએ પણ ગુણોમાં પરસ્પર ભિન્નતા છે. જો સર્વ ગુણોનો વાચક શબ્દ એક હોય તો એક જ શબ્દથી સર્વે પદાર્થોનું જ્ઞાન થવું જોઇએ. અને તેમ થવાથી બીજા શબ્દોની નિષ્ફલતા થશે, અર્થાત્ બીજા શબ્દો વ્યર્થ થઈ જશે.

(टीका) तत्त्वतोऽस्तित्वादीनामेकत्र वस्तुन्येवमभेदवृत्तेरसंभवे कालादिभिर्भिन्नात्मनामभेदोपचारः क्रियते । तदेताभ्यामभेदवृत्त्यभेदोपचाराभ्यां कृत्वा प्रमाणप्रतिपन्नानन्तधर्मात्मकस्य वस्तुनः समसमयं यदभिधायकं वाक्यं स सकलादेशः प्रमाणवाक्यापरपर्यायः । नयविषयीकृतस्य वस्तुधर्मस्य भेदवृत्तिप्राधान्याद् भेदोपचाराद् वा क्रमेण यदभिधायकं वाक्यं स विकलादेशो नयवाक्यापरपर्यायः । इति स्थितम् । ततः साधूक्तम् आदेशभेदोदितसप्तभङ्गम् । इति काव्यार्थः ॥२३॥

(अनुवाद)

તત્વથી પર્યાયનયની અપેક્ષાએ એક જ વસ્તુમાં અસ્તિત્વ આદિ ધર્મોની અભેદવૃત્તિનો અસંભવ છે. તેથી કાલ આદિના ભેદથી અસ્તિત્વ આદિ ધર્મો ભિન્ન હોવા છતાં પણ

તેમાં અભેદ ભાવનો ઉપચાર થાય છે, તેથી દ્રવ્યાર્થિકનયની મુખ્યતાથી અભેદવૃત્તિ અને પર્યાયાર્થિકનયની મુખ્યતાથી અભેદના ઉપચારથી પ્રમાણ દ્વારા જ્ઞાત અનંતધર્મસ્વરૂપ વસ્તુનું એકી સાથે પ્રતિપાદન કરવાવાળા વાકયને સકલાદેશ અર્થાત્ પ્રમાણવાકય કહે છે. તથા એક નય દ્વારા જાણેલ વસ્તુનો ભેદવૃત્તિથી અથવા ભેદના ઉપચારથી ક્રમપૂર્વક નિરૂપણ કરવાવાળા વાકયને વિકલાદેશ અથવા નયવાકય કહે છે. આ પ્રમાણે સકલાદેશ અને વિકલાદેશના ભેદથી પ્રમાણ સપ્તભંગી અને નય સપ્તભંગીનું સ્વરૂપ યથાર્થ છે.

अवतरण

अनन्तरं भगवद्दर्शितस्यानेकान्तात्मनो वस्तुनो बुधरूपवेद्यत्वमुक्तम्। अनेकान्तात्मकत्वं च सप्तभङ्गीप्ररूपणेन सुखोन्नेयं स्यादिति सापि निरूपिता। तस्यां च विरुद्धधर्माध्यासितं वस्तु पश्यन्त एकान्तवादिनोऽबुधरूपा विरोधमुद्भावयन्ति तेषां प्रमाणमार्गात् च्यवनमाह—

(અવતરણ)

શ્રી જિનેશ્વર ભગવંતે પ્રતિપાદન કરેલી અનંતધર્માત્મક વસ્તુને પંડિતપુરુષો જ સમજી શકે છે; તે અમે પૂર્વના જ શ્લોકમાં કહી ચૂકયા છીએ. તે અનેકાન્તવાદ સપ્તભંગીની પ્રરૂપણા વડે સુખેથી જાણી શકાય છે, તે માટે સપ્તભંગીનું પણ નિરૂપણ કરવામાં આવ્યું. તોપણ અજ્ઞાન એકાન્તવાદી સપ્તભંગીમાં અસ્તિ-નાસ્તિ આદિ વિરુદ્ધ ધર્મથી યુક્ત વસ્તુ જોઈને વિરોધ ઉઠાવે છે. તેથી તેઓ ન્યાય માર્ગથી ચ્યુત થાય છે. તે બતાવતાં સ્તુતિકાર કહે છે કે :

उपाधिभेदोपहितं विरुद्धं नार्थेष्वसत्त्वं सदवाच्यते च।
इत्यप्रबुध्यैव विरोधभीता जडास्तदेकान्तहताः पतन्ति ॥२४॥

મૂળ-અર્થ : પ્રત્યેક પદાર્થમાં સત્ (અસ્તિત્વ) અસત્ (નાસ્તિત્વ) અને અવાચ્ય-(અવક્તવ્ય)રૂપ પરસ્પર વિરુદ્ધ ધર્મોનો ઉપાધિ(અપેક્ષા)ના ભેદથી વિરોધ થઈ શકતો નથી. અર્થાત્ અસ્તિ-નાસ્તિ આદિ ધર્મો પરસ્પર વિરોધી હોવા છતાં પણ પ્રત્યેક પદાર્થમાં સ્વદ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવની અપેક્ષાએ અસ્તિત્વ, પરદ્રવ્ય ક્ષેત્ર કાલ અને ભાવની અપેક્ષાએ નાસ્તિત્વ, તથા અસ્તિ-નાસ્તિ ઉભયની અપેક્ષાએ અવક્તવ્ય (વચનથી નહીં કહેવા યોગ્ય) ધર્મો રહે છે. આ સિદ્ધાંતને નહીં સમજીને વિરોધથી ભયભીત થયેલા મુર્ખ એકાન્તવાદી સન્માર્ગથી ભ્રષ્ટ થાય છે. (૨૪)

(टीका) अर्थेषु पदार्थेषु चेतनाचेतनेषु, असत्त्वं नास्तित्वं न विरुद्धं न विरोधावरुद्धम्। अस्तित्वेन सह विरोधं नानुभवतीत्यर्थः। न केवलमसत्त्वं न विरुद्धम् किंतु सदवाच्यते च। सच्चावाच्यं च सदवाच्ये, तयोर्भावौ सदवाच्यते। अस्तित्वावक्तव्यत्वे इत्यर्थः। ते अपि न विरुद्धे। तथाहि। अस्तित्वं नास्तित्वेन सह न विरुध्यते। अवक्तव्यत्वमपि विधिनिषेधात्मकमन्योन्यं न विरुध्यते। अथवा अवक्तव्यत्वं वक्तव्यत्वेन साकं न विरोधमुद्वहति। अनेन च नास्तित्वास्तित्वावक्तव्यत्वलक्षणभङ्गत्रयेण सकलसप्तभङ्ग्या निर्विरोधता उपलक्षिता। अमीषामेव त्रयाणां मुख्यत्वाच्छेषभङ्गानां च संयोगजत्वेनामीष्वेवान्तर्भावादिति ॥

(અનુવાદ)

ચેતન અને અચેતન પદાર્થોમાં અસ્તિત્વ અને નાસ્તિત્વ ધર્મનો વિરોધ આવતો નથી અસ્તિત્વનો નાસ્તિત્વની સાથે વિરોધ નથી અને નાસ્તિત્વનો અસ્તિત્વની સાથે વિરોધ નથી. એવી રીતે વિધિ અને નિષેધ રૂપ અવક્તવ્યનો પણ અસ્તિત્વ અને નાસ્તિત્વની સાથે વિરોધ નથી. અથવા અવક્તવ્યનો વક્તવ્યની સાથે કોઇ પણ વિરોધ નથી, આ રીતે અસ્તિત્વ, નાસ્તિત્વ અને અવક્તવ્ય એ ત્રણ મુળ ભાંગામાં પરસ્પર વિરોધ નહીં હોવાથી સમસ્ત સપ્તભંગીમાં કોઇ વિરોધનો અવકાશ નથી. કેમકે અસ્તિત્વ નાસ્તિત્વ અને અવક્તવ્ય એ ત્રણ મુળ ભાંગા છે. અને બાકીના ચાર ભાંગા, એ ત્રણ ભાંગાના સંયોગથી બને છે. તેથી બાકીના ભાંગાનો મુખ્ય ત્રણ ભાંગામાં અંતર્ભાવ થઇ જાય છે. તેથી સંપૂર્ણ સપ્તભંગી અવિરોધી છે.

(ટીકા) नन्वेते धर्माः परस्परं विरुद्धाः तत्कथमेकत्र वस्तुन्येषां समावेशः संभवति इति विशेषणद्वारेण हेतुमाह उपाधिभेदोपहितम् इति। उपाधयोऽवच्छेदका अंशप्रकाराः तेषां भेदो नानात्वम्, तेनोपहितमर्पितम्, । असत्त्वस्य विशेषणमेतत्। उपाधिभेदोपहितं सदर्थेष्वसत्त्वं न विरुद्धम्। सदवाच्यतयोश्च वचनभेदं कृत्वा योजनीयम्। उपाधिभेदोपहिते सती सदवाच्यते अपि न विरुद्धे ॥

(અનુવાદ)

અસ્તિત્વ, નાસ્તિત્વ અને અવક્તવ્ય, એ પરસ્પર વિરોધી ધર્મોનો એક જ વસ્તુમાં કઇ રીતે સમાવેશ થઇ શકે ? એ પ્રશ્નનો ઉત્તર આપતાં કહે છે કે 'उपाधिभेदोपहित' પ્રત્યેક પદાર્થમાં અસ્તિત્વ, નાસ્તિત્વ આદિ અનેક ધર્મો અપેક્ષાથી વિદ્યમાન છે. તેથી અસ્તિત્વ આદિમાં વિરોધ નથી. કેમકે અપેક્ષાના ભેદથી એક વસ્તુમાં અનેક ધર્મો રહેવામાં કોઇ વિરોધને અવકાશ નથી. જેમ અસ્તિત્વધર્મની જ્યારે સિદ્ધિ કરવી હોય ત્યારે અસ્તિત્વધર્મની પ્રધાનતા અને અન્ય ધર્મોની ગૌણતા રહે છે. અને જ્યારે નાસ્તિત્વ ધર્મની સિદ્ધિ કરવી હોય ત્યારે નાસ્તિત્વની પ્રધાનતા અને અન્ય અન્ય ધર્મોની ગૌણતા રહે છે. આ રીતે અસ્તિત્વ અને નાસ્તિત્વ ધર્મમાં પરસ્પર વિરોધ નથી. તેવી જ રીતે અસ્તિત્વ અને અવક્તવ્યમાં પણ અપેક્ષાના ભેદથી વિરોધ આવતો નથી,

(ટીકા) अयमभिप्रायः। परस्परपरिहारेण ये वर्तेते तयोः शीतोष्णवत् सहानवस्थानलक्षणो विरोधः। न चात्रैवम्। सत्त्वासत्त्वयोरितरेतरमविष्वग्भावेन वर्तनात्। न हि घटादौ सत्त्वमसत्त्वं परिहृत्य वर्तते। पररूपेणापि सत्त्वप्रसङ्गात्। तथा च तद्व्यतिरिक्तार्थान्तराणां नैरर्थक्यम्। तेनैव त्रिभुवनार्थसाध्यार्थक्रियाणां सिद्धेः। न चासत्त्वं सत्त्वं परिहृत्य वर्तते। स्वरूपेणाप्यसत्त्वप्राप्तेः। तथा च निरुपाख्यत्वात् सर्वशून्यतेति। तदा हि विरोधः स्याद् यद्येकोपाधिकं सत्त्वमसत्त्वं च स्यात्। न चैवम्। यतो न हि येनैवांशेन सत्त्वं तेनैवासत्त्वमपि किं त्वन्योपाधिकं सत्त्वम्, अन्योपाधिकं पुनरसत्त्वम्। स्वरूपेण हि सत्त्वं पररूपेण चासत्त्वम् ॥

(અનુવાદ)

પરસ્પર વિરોધી ધર્મો એક જ પદાર્થમાં રહેવા છતાં પણ વિરોધ આવતો નથી, તે અભિપ્રાય જણાવતાં કહે છે કે : પરસ્પરના પરિહારરૂપે જે વર્તે તે 'સહાનવસ્થાન' વિરોધ કહેવાય છે. જેમ શીત અને ઉષ્ણ બન્ને પરસ્પર વિરોધી હોવાથી એક સાથે રહી શકતા નથી, તે સહાનવસ્થાન વિરોધ અહીં અસ્તિત્વાદિ ધર્મોમાં નથી. કેમકે સત્ત્વ અને અસત્ત્વ, બન્ને એક સાથે અભિન્નભાવે એક જ પદાર્થમાં રહી શકે છે. જેમ ઘટ આદિ પદાર્થોમાં સત્ત્વનો ત્યાગ કરીને અસત્ત્વ, અને અસત્ત્વનો ત્યાગ કરીને સત્ત્વ, આ રીતે વિરોધી-ભાવે રહેતાં નથી. જો ઘટમાં સત્ત્વ ધર્મ અસત્ત્વના ત્યાગથી રહે તો ઘટ પટરૂપે પણ સત્ થઇ જશે. કેમકે ઘટ જેવી રીતે સ્વરૂપે સત્ છે. તેવી જ રીતે પટરૂપે પણ સત્ થશે. અને તેમ થવાથી ઘટથી ભિન્ન અનેક પદાર્થો બિલકુલ નિરર્થક થઇ જશે. કેમકે એક જ ઘટ ત્રણે ભુવનમાં રહેલા સર્વ પદાર્થરૂપે વિદ્યમાન થવાથી એક જ ઘટથી, ભિન્ન ભિન્ન પદાર્થો દ્વારા સાધ્ય એવી સર્વ અર્થક્રિયાઓ થઇ જશે. તો પુનઃ અન્ય પદાર્થોને માનવાની કોઇ આવશ્યકતા નહીં રહે. માટે પ્રત્યેક પદાર્થ જેવી રીતે સ્વરૂપે સત્ છે, તેવી જ રીતે પરરૂપે અસત્ પણ માનવો જોઈએ. અસત્ત્વ ધર્મ પણ સત્ત્વને છોડીને રહી શકતો નથી. જો સત્ત્વનો ત્યાગ કરીને અસત્ત્વધર્મ રહે તો જેવી રીતે ઘટાદિ પરરૂપે અસત્ છે તેવી રીતે સ્વરૂપે પણ અસત્ થશે. આથી સર્વ વસ્તુઓના સ્વરૂપનો અભાવ થવાથી વિશ્વ સર્વશૂન્ય થઇ જશે માટે અસત્ત્વ પણ સત્ત્વ વિના રહી શકતું નથી. હા, જે અપેક્ષાએ સત્ છે તે જ અપેક્ષાએ અસત્ માનવામાં આવે તો સપ્તભંગીમાં વિરોધ આવે. પરંતુ અમે જે અપેક્ષાએ સત્ છે તે જ અપેક્ષાએ અસત્ માનતા નથી. પ્રત્યેક વસ્તુને સ્વરૂપની અપેક્ષાએ સત્ અને પરરૂપની અપેક્ષાએ અસત્ માનીએ છીએ. તેથી કોઈ વિરોધ આવી શકતો નથી.

(ટીકા) दृष्टं ह्येकस्मिन्नेव चित्रपटावयविनि अन्योपाधिकं तु नीलत्वम् अन्योपाधिकाश्चेतरे वर्णाः। नीलत्वं हि नीलीरागाद्युपाधिकम्, वर्णान्तराणि च तत्तद्रञ्जनद्रव्योपाधिकानि एवं मेचकरत्नेऽपि तत्तद्वर्णपुद्गलोपाधिकं वैचित्र्यमवसेयम्। न चैभिर्दृष्टान्तैः सत्त्वासत्त्वयोर्भिन्नदेशत्वप्राप्तिः चित्रपटाद्यवयविन एकत्वात्। तत्रापि भिन्नदेशत्वासिद्धेः। कथंचित्पक्षस्तु दृष्टान्ते दार्ष्टान्तिके च स्याद्वादिनां न दुर्लभः। एवमप्यपरितोषश्चेद् आयुष्मतः, तर्ह्येकस्यैव पुंसस्तत्तदुपाधिभेदात् पितृत्व-पुत्रत्व-मातुलत्व-भागिनेयत्व-पितृव्यत्व-भ्रातृव्यत्वादिधर्माणां परस्परविरूद्धानामपि प्रसिद्धिदर्शनात् किं वाच्यम्। एवमवक्तव्यत्वादयोऽपि वाच्या इति ॥

(અનુવાદ)

હવે ઉપર્યુક્ત વસ્તુને દૃષ્ટાંત દ્વારા સિદ્ધ કરતાં કહે છે કે : એક જ ચિત્રપટ (અનેક પ્રકારના રંગોથી યુક્ત વસ્ત્ર)માં જે નીલરંગ છે તે અન્ય વસ્તુના સંબંધથી છે, તેવી રીતે બીજા બધા પણ રંગો પોતાની અન્ય અન્ય સામગ્રીઓથી હોય છે. એમ એક જ મેચક (પંચવર્ણવાળા) રત્નમાં ભિન્ન ભિન્ન વર્ણના પુદ્ગલોની અપેક્ષાએ વિચિત્રતા દેખાય છે. ચિત્રપટ અને મેચક રત્નના દૃષ્ટાંતથી સત્ત્વ અને અસત્ત્વની ભિન્ન ભિન્ન સ્થાનમાં

રહેવાની આપત્તિ આવતી નથી, કેમકે ચિત્રપટ અને મેચક રત્નમાં અનેક પ્રકારના રંગો આશ્રિત હોવા છતાં પણ તે એક અખંડ અવયવીરૂપ છે. આથી ભિન્ન ભિન્ન રંગોનો આધાર એક જ છે, માટે અનેક ધર્મોની ભિન્ન ભિન્ન સ્થાનમાં હોવાપણાની આપત્તિ આવતી નથી. આથી સ્યાદ્વાદીના મતમાં ભિન્ન ભિન્ન રંગોનું આધારભૂત વસ્ત્ર, રંગોથી જેમ કથંચિત્ ભિન્ન અને અભિન્ન છે, તેમ સત્ત્વ અને અસત્ત્વના આધારભૂત પદાર્થ પણ તે તે ધર્મોથી કથંચિત્ ભિન્ન અને અભિન્ન છે. આ પ્રકારે પરસ્પર વિરોધી ધર્મોની અવિરુદ્ધતા સિદ્ધ થવા છતાં પણ જો પ્રતિવાદીને સંતોષ ન થતો હોય તો લૌકિક દૃષ્ટાંત આપીને સમજાવે છે. જેમ એક જ પુરુષમાં ભિન્ન ભિન્ન અપેક્ષાથી પિતા, પુત્ર, મામા, ભાણેજ, કાકા, ભત્રીજા આદિ પરસ્પર વિરુદ્ધ ધર્મો વ્યવહારમાં પ્રચલિત છે, તેમ એક જ પદાર્થમાં અસ્તિત્વ, નાસ્તિત્વ અને અવક્તવ્ય આદિ પરસ્પર વિરુદ્ધ ધર્મો અપેક્ષાના ભેદથી રહી શકે છે.

(टीका)—उक्तप्रकारेण उपाधिभेदेन वास्तवं विरोधाभावमप्रबुध्यैवाज्ञात्वैव । एवकारोऽवधारणे । स च तेषां सम्यग्ज्ञानस्याभाव एव न पुनर्लेशतोऽपि भाव इति व्यनक्ति । ततस्ते विरोधभीताः सत्त्वासत्त्वादिधर्माणां बहिर्मुखशेमुष्या संभावितो वा विरोधः सहानवस्थानादिः, तस्माद् भीतास्त्रस्तमानसाः । अत एव जडाः तात्त्विकभयहेतोरभावेऽपि तथाविधपशुवद् भीरुत्वान्मूर्खाः परवादिनः । तदेकान्तहताः तेषां सत्त्वादिधर्माणां य एकान्त इतरधर्मनिषेधेन स्वाभिप्रेतधर्मव्यवस्थापननिश्चयस्तेन हता इव हताः पतन्ति स्खलन्ति पतिताश्च सन्तस्ते न्यायमार्गाक्रमणे न समर्थाः न्यायमार्गाध्वनीनानां च सर्वेषामप्याक्रमणीयतां यान्तीति भावः । यद्वा पतन्तीति प्रमाणमार्गतः च्यवन्ते । लोके हि सन्मार्गच्युतः पतित इति परिभाष्यते । अथवा यथा वज्रादिप्रहारेणः हतः पतितो मूर्च्छामतुच्छामासाद्य निरुद्धवाक्प्रसरो भवति, एवं तेऽपि वादिनः स्वाभिमतैकान्तवादेन युक्तिसरणीमननुसरता वज्राशनिप्रायेण निहताः सन्तः स्याद्वादिनां पुरतोऽकिञ्चित्करा वाङ्मात्रमपि नोच्चारयितुमीशत इति ॥

(અનુવાદ)

સપ્તભંગીવાદમાં વાસ્તવિક રીતે અપેક્ષાના ભેદથી વિરોધનો અભાવ છે. તો પણ પોતાનામાં સમ્યગ્ જ્ઞાનનો અભાવ હોવાથી વિરોધાભાવને નહીં સમજવાથી કેવલ સ્થૂલ બુદ્ધિ વડે વિરોધને જોતા એકાન્તવાદી ભયથી ત્રાસ પામી જાય છે. વાસ્તવિક ભયનું કારણ નહીં હોવા છતાં પણ પશુની જેમ ડરતા, મૂર્ખ કદાગ્રહીઓ અસ્તિત્વ આદિમાં નાસ્તિત્વ આદિ ધર્મોનો નિષેધ કરીને પોતાને અભિપ્રેત સિદ્ધાંતની સ્થાપના કરવા માટે એકાન્ત પક્ષનું આલંબન લે છે. માટે પરતીર્થિકો યુક્તિમાર્ગનું અનુસરણ કરવામાં અસમર્થ છે. જેમ વજ્રના પ્રહારથી હણાયેલો પુરુષ, અત્યંત મૂર્ચ્છાથી બોલવા માટે અસમર્થ થાય છે, તેમ અનેકાન્તવાદરૂપી વજ્રના પ્રહારથી હણાયા છતાં એકાન્તવાદી અનેકાન્તવાદીની સમક્ષ નિસ્તેજ થઈને એક વચન પણ ઉચ્ચારવા સમર્થ થઈ શકતા નથી

(टीका) अत्र च विरोधस्योपलक्षणत्वात् वैयधिकरण्यम् अनवस्था संकरः व्यतिकरः संशयः अप्रतिपत्तिः विषयव्यवस्थाहानिरित्येतेऽपि परोद्भाविता दोषा अभ्युह्याः। तथाहि। सामान्यविशेषात्मकं वस्तु इत्युपन्यस्ते परे उपालब्धारो भवन्ति। यथा सामान्यविशेषयोर्विधिप्रतिषेधरूपयोरेकत्राभिन्ने वस्तुनि असंभवात् शीतोष्णवदिति विरोधः। न हि यदेव विधेरधिकरणं तदेव प्रतिषेधस्याधिकरणं भवितुमर्हति, एकरूपतापत्तेः, ततो वैयधिकरण्यमपि भवति। अपरं च येनात्मना सामान्यस्याधिकरणं येन च विशेषस्य तावप्यात्मानौ एकेनैव स्वभावेनाधिकरोति द्वाभ्यां वा स्वभावाभ्याम्? एकेनैव चेत् तत्र पूर्ववद् विरोधः। द्वाभ्यां वा स्वभावाभ्यां सामान्यविशेषाख्यं स्वभावद्वयमधिकरोति तदानवस्था, तावपि स्वभावान्ताराभ्याम् तावपि स्वभावान्ताराभ्यामिति। येनात्मना सामान्यस्याधिकरणं तेन सामान्यस्य विशेषस्य च, येन च विशेषस्याधिकरणं तेन विशेषस्य सामान्यस्य चेति सङ्करदोषः। येन स्वभावेन सामान्यं तेन विशेषः. येन विशेषस्तेन सामान्यमिति व्यतिकरः। ततश्च वस्तुनोऽसाधारणाकारेण निश्चेतुमशक्तेः संशयः। ततश्चाप्रतिपत्तिः ततश्च प्रमाणविषयव्यवस्थाहानिरिति॥

(અનુવાદ)

શંકા: અહીં સપ્તભંગીવાદમાં વિરોધના ઉપલક્ષણથી વિરોધ આદિ બીજા પણ આઠ દોષો આવે છે: વિરોધ, વૈયધિકરણ્ય, અનવસ્થા, સંકર, વ્યતિકર સંશય, અપ્રતિપત્તિ, અને વિષય વ્યવસ્થા હાનિ. (૧) જેમ શીત અને ઉષ્ણ એ પરસ્પર વિરોધી ધર્મો હોવાથી એક જગ્યાએ રહી શકતા નથી, તેમ અસ્તિત્વ અને નાસ્તિત્વ એ પરસ્પર વિરોધી હોવાથી અસ્તિત્વ અને નાસ્તિત્વ, બન્ને એક સ્થાનમાં રહી શકતા નથી. તેથી સપ્તભંગીગાં વિરોધ નામનો દોષ આવે છે. (૨) અસ્તિત્વ અને નાસ્તિત્વ પરસ્પર વિરોધી હોવાથી અસ્તિત્વનું અધિકરણ છે તે નાસ્તિત્વનું નથી, અને નાસ્તિત્વનું અધિકરણ છે. તે અસ્તિત્વનું થઈ શકતું નથી. આ રીતે અસ્તિત્વ અને નાસ્તિત્વનાં ભિન્ન ભિન્ન અધિકરણ હોવાથી સપ્તભંગીમાં વૈયધિકરણ્ય નામનો દોષ આવે છે. (૩) પ્રત્યેક પદાર્થમાં અસ્તિત્વ અને નાસ્તિત્વ ધર્મો રહે છે, તે બન્ને એક જ સ્વભાવથી રહે છે કે ભિન્ન સ્વભાવથી? જો તે બન્ને એક જ સ્વભાવથી રહેતા હોય તો પૂર્વોક્ત વિરોધ નામનો દોષ આવશે અને ભિન્ન ભિન્ન સ્વભાવથી રહેતા હોય તો કહો, તે બન્ને ધર્મો પણ એક સ્વભાવથી રહે છે કે ભિન્ન સ્વભાવથી? જો એક સ્વભાવથી રહેતા હોય તો પૂર્વોક્ત વિરોધ આવશે અને ભિન્ન ભિન્ન સ્વભાવથી રહેતા હોય તો તેમાં પણ એક સ્વભાવ અને અન્યસ્વભાવની વારંવાર કલ્પના કરવી પડશે તેથી અનવસ્થા દોષ આવે છે (૪) એક જ પદાર્થમાં અસ્તિત્વનાસ્તિત્વ આદિ વિરોધી ધર્મો માનવામાં આવ્યા છે, તેથી અસ્તિત્વના અધિકરણમાં અસ્તિત્વ અને નાસ્તિત્વ, આદિ વિરોધી ધર્મો માનવામાં આવ્યા છે તેથી અસ્તિત્વના અધિકરણમાં અસ્તિત્વ અને નાસ્તિત્વ તથા નાસ્તિત્વના અધિકરણમાં નાસ્તિત્વ અને અસ્તિત્વ રહેવાથી સંકર દોષ આવે છે (૫) અસ્તિત્વ અને નાસ્તિત્વ બન્ને સાથે રહેવાથી જે સ્ભાવ વડે સત્વ રહે છે તેજ સ્વભાવવડે અસત્ત્વ રહેવાથી, સત્ત્વની સિદ્ધિ થઈ શકતી નથી. જે સ્વભાવથી અસત્ત્વ રહે છે, તેજ સ્વભાવથી સત્ત્વ રહેવાથી અસત્ત્વની સિદ્ધિ થઇ શકતી નથી. આ રીતે

અનેકાન્તવાદમાં વ્યતિકર નામનો દોષ આવે છે. (૬) વસ્તુમાં અસ્તિત્વ અને નાસ્તિત્વ આદિ ધર્મોનો નિશ્ચય નહીં થવાથી સંશય નામનો દોષ આવે છે. (૭) અને સંશય હોવા થી પદાર્થોનું નિશ્ચિત જ્ઞાન પણ થઇ શકતું નથી તેથી અપ્રતિપત્તિ નામનો દોષ આવે છે. (૮) વસ્તુના સ્વરુપનું યથાર્થ જ્ઞાન નહીં થવાથી સ્યાદ્વાદમાં પદાર્થની વ્યવસ્થા બની શકતી નથી. તેથી વિષય વ્યવસ્થા-હાનિ નામનો દોષ આવે છે.

(ટીકા) एते च दोषाः स्याद्वादस्य जात्यन्तरत्वाद् निरवकाशा एव । अतः स्याद्वादमर्मवेदिभिरुद्धरणीयास्तत्तदुपपत्तिभिरिति । स्वतन्त्रतया निरपेक्षयोरेव सामान्य-विशेषयोर्विधिप्रतिषेधरूपयोस्तेषामवकाशात् । अथवा विरोधशब्दोऽत्र दोषवाची । यथा विरुद्धमाचरतीति दुष्टमित्यर्थः । ततश्च विरोधेभ्यो विरोधवैयधिकरण्यादिदोषेभ्यो भीता इति व्याख्येयम् । एवं च सामान्यशब्देन सर्वा अपि दोषव्यक्तयः संगृहीता भवन्ति ॥ इति काव्यार्थः ॥२४॥

(અનુવાદ)

સ્યાદ્વાદનું જાત્યન્તરપણું હોવાથી એ સર્વે દોષોનો સ્યાદ્વાદમાં જરાય અવકાશ નથી. તે સઘળાય દોષોને, સ્યાદ્વાદના મર્મને જાણવાવાળા પંડિત પુરુષોએ દૂર કરવા જોઇએ. તેનું યત્કિંચિત્ નિરૂપણ અહીં કરવામાં આવે છે. (૧) સ્યાદ્વાદમાં એક જ વસ્તુમાં અસ્તિત્વ-નાસ્તિત્વ આદિ ધર્મોને અપેક્ષાવડે સ્વીકારમાં આવ્યા છે. તેથી વિરોધ આદિ કોઇ દોષો આવી શકતા નથી.

વિરોધ (૧) વધ્ય ઘાતક, (૨) સહાનવસ્થાન અને (૩) પ્રતિબધ્ય પ્રતિબંધક આમ ત્રણ પ્રકારે છે. સર્પ અને નકુલમાં વધ્ય ઘાતક, શીત અને ઉષ્ણમાં સહાનવસ્થાન (પરસ્પર પરિહાર). તેમજ ચંદ્રકાન્તમણિ અને દાહનો પ્રતિબધ્ય પ્રતિબંધકરૂપ વિરોધ છે. આ ત્રણ પ્રકારના વિરોધમાંથી કોઇપણ પ્રકારનો વિરોધ સ્યાદ્વાદમાં આવી શકતો નથી. કેમ કે પ્રત્યેક પદાર્થ સ્વ-દ્રવ્ય ક્ષેત્ર કાલ અને ભાવની અપેક્ષાએ અસ્તિરૂપ છે. અને પર-દ્રવ્યાદિની અપેક્ષાએ નાસ્તિરૂપ છે તેથી અસ્તિત્વ અને નાસ્તિત્વ બન્ને ધર્મો એક જ સ્થાને એક જ સમયમાં અપેક્ષાનાં ભેદથી રહી શકે છે. તેથી કોઇપણ પ્રકારના વિરોધનો અવકાશ નથી. (૨) આ રીતે અસ્તિત્વ અને નાસ્તિત્વ આદિમાં વિરોધ નહીં આવવાથી અસ્તિત્વ અને નાસ્તિત્વ દ્રવ્યરૂપ એક જ અધિકરણમાં રહેવાથી વૈયધિકરણ્ય દોષ પણ આવતો નથી. (૩) પ્રત્યેક પદાર્થમાં અનેક ધર્મો પ્રમાણથી સિદ્ધ હોય છે. જેમ માત-પિતાની પરંપરા પ્રમાણથી સિદ્ધ છે, તેમ સપ્તભંગી (અનેકાન્તવાદ) પણ પ્રમાણથી સિદ્ધ છે. જેમ ઘટત્વધર્મમાં અન્ય ઘટત્વની કલ્પના કરવામાં આવતી નથી, તેમ અસ્તિત્વ આદિ ધર્મોમાં અન્ય અસ્તિત્વ આદિની કલ્પના કરવામાં આવતી નથી. (૪) આ રીતે અસ્તિત્વ અને નાસ્તિત્વ આદિમાં અવિરોધીપણું સિદ્ધ થવાથી અસ્તિત્વમાં નાસ્તિત્વ અને નાસ્તિત્વમાં અસ્તિત્વ, આવો સંકરદોષ પણ આવતો નથી. (૫) સ્વદ્રવ્યાદિની અપેક્ષાએ અસ્તિત્વ અને પર-દ્રવ્યાદિ ચતુષ્ટયની અપેક્ષાએ નાસ્તિત્વ હોવાથી સત્ત્વ અને અસત્વના અભાવરૂપ વ્યતિકર દોષ પણ આવતો નથી. (૬) અનેક ધર્મોનું અનિશ્ચિત જ્ઞાન તે સંશય કહેવાય છે તેવો સંશય પણ પદાર્થમાં અપેક્ષાના ભેદથી અસ્તિત્વ-નાસ્તિત્વ આદિ ધર્મોનું નિશ્ચિતજ્ઞાન હોવાથી

આવી શકતો નથી. કેમકે સ્યાદ્વાદમાં સામાન્ય અને વિશેષ ઉભય સ્વરૂપ વસ્તુ નિશ્ચિત છે. આમ સંશય નહીં હોવાથી, નિશ્ચિત જ્ઞાનનો સદ્ભાવ હોવાથી અપ્રતિપત્તિ દોષ પણ આવતો નથી. (૮) અપ્રત્તિપત્તિ (નિશ્ચિત જ્ઞાનનો અભાવ) નહીં હોવાથી સ્યાદ્વાદમાં વસ્તુની વ્યવસ્થા ઠીક ઠીક બની રહે છે. તેથી વિષય-વ્યવસ્થા-હાનિ નામનો દોષ પણ આવતો નથી. અસ્તિત્વ વિના નાસ્તિત્વ અને નાસ્તિત્વ વિના અસ્તિત્વ હોઇ શકતું નથી. તેથી તે તે ધર્મોનો પરસ્પર અવિનાભાવ-સંબંધ હોવાથી સ્યાદ્વાદમાં કોઈ પણ જાતના દોષોનો અવકાશ નથી. પરંતુ તે દોષો તેઓને જ આવે છે કે જેઓ એકાન્તે અસ્તિત્વ, નાસ્તિત્વ, સામાન્ય અને વિશેષને સ્વતંત્રપણે પરસ્પર નિરપેક્ષ માને છે. અથવા શ્લોકમાં 'વિરોધ' શબ્દ છે, તે દોષવાચી છે, તેથી એક વિરોધના ગ્રહણથી સંપૂર્ણ દોષોનો પણ સંગ્રહ થઈ જાય છે. તે તે દોષોથી ભયભીત બનેલા એકાન્તવાદી અસ્તિત્વ–નાસ્તિત્વ આદિ વિરુદ્ધ ધર્મોનો નિષેધ કરે છે. તેથી તે લોકો ન્યાય માર્ગથી ભ્રષ્ટ થાય છે. આ પ્રમાણે ચોવીસમા શ્લોકનો અર્થ જાણવો.

(अवतरण)

अथानेकान्तवादस्य सर्वद्रव्यपर्यायव्यापित्वेऽपि मूलभेदापेक्षया चातुर्विध्याभिधानद्वारेण भगवतस्तत्त्वामृतरसास्वादसौहित्यमुपवर्णयन्नाह—

અવતરણ

હવે અનેકાન્તવાદ સર્વ દ્રવ્ય અને પર્યાયમાં વ્યાપ્ત હોવા છતાં પણ મૂળભેદની અપેક્ષાએ (૧) સ્યાત્ નિત્ય, સ્યાત્ અનિત્ય (૨) સ્યાત્ સામાન્ય, સ્યાત્ વિશેષ (૩) સ્યાત્ વાચ્ય, સ્યાત્ અવાચ્ય. (૪) સ્યાત્ સત્, સ્યાત્ અસત્. આ ચાર પ્રકારના કથન દ્વારા અનેકાન્તવાદના ચાર ભેદ બતાવ્યા છે.તે શ્રી જિનેશ્વર ભગવંતના તત્ત્વામૃતરસના આસ્વાદના સુહિતપણાનું વર્ણન કરતાં કહે છે.

स्यान्नाशि नित्यं सदृशं विरूपं वाच्यं न वाच्यं सदसत्तदेव ।
विपश्चितां नाथ निपीततत्त्वसुधोद्गतोद्गारपरम्परेयम् ॥२५॥

મૂળ-અર્થ : પ્રત્યેક પદાર્થ કથંચિત્ નિત્ય, કથંચિત્ અનિત્ય, કથંચિત્ સામાન્ય, કથંચિત્ વિશેષ, કથંચિત્ વાચ્ય, કથંચિત્ અવાચ્ય, કથંચિત્ સત્ અને કથંચિત્ અસત્ છે, તેવા પ્રકારના પદાર્થના સ્વરૂપનું પ્રતિપાદન ખરેખર વિદ્વાનોમાં શિરોમણિ એવા હે નાથ, તે સર્વે આપે પીધેલા અનેકાન્તવાદરૂપ અમૃતના ઉદ્ગારો(ઓડકારો)ની પરંપરા છે.

(टीका) स्यादित्यव्ययमनेकान्तद्योतकमष्टास्वपि पदेषु योज्यम् । तदेव अधिकृतमेवैकं वस्तु स्यात् कथञ्चिद् नाशि विनशनशीलमनित्यमित्यर्थः । स्यान्नित्यम् अविनाशिधर्मीत्यर्थः । एतावता नित्यानित्यलक्षणमेकं विधानम् । तथा स्यात् सदृशमनुवृत्तिहेतुविशेषरूपमित्यर्थः । अनेन सामान्यविशेषरूपो द्वितीयः प्रकारः । तथा स्याद् वाच्यं वक्तव्यम् । स्याद् न वाच्यमवक्तव्यमित्यर्थः । अत्र च समासेऽवाच्यमिति युक्तम्, तथाप्यवाच्यपदं योन्यादौ रूढमित्यसभ्यतापरिहारार्थं न वाच्यमित्यसमस्तं चकारस्तुतिकारः । एतेनाभिलाप्यानभिलाप्यस्वरूपस्तृतीयो भेदः । तथा स्यात्सद् विद्यमानमस्तिरूपमित्यर्थः । स्याद् असत् तद्विलक्षणमिति । अनेन सदसदाख्या चतुर्थी विधा ॥

(અનુવાદ)

'स्यात्' અવ્યય અનેકાન્ત-અર્થનો દ્યોતક છે. તેથી નિત્ય-અનિત્ય આદિ આઠ પદોની સાથે તેનો યોગ કરવો જોઈએ. (૧) પ્રત્યેક પદાર્થ વિનાશી હોવાથી કથંચિત્ અનિત્ય છે અને અવિનાશી હોવાથી કથંચિત્ નિત્ય છે. આથી નિત્યાનિત્યરૂપ પ્રથમ પ્રકાર થાય છે

પ્રત્યેક પદાર્થ સદશ પરિણામના કારણરૂપ હોવાથી સામાન્ય છે, અને વિસદશ પરિણામનાં કારણરૂપ હોવાથી વિશેષરૂપ છે. આ રીતે સામાન્ય વિશેષરૂપ દ્વિતીય પ્રકાર થાય છે (૩) પ્રત્યેક પદાર્થ વક્તવ્ય હોવાથી કથંચિત્ વાચ્ય સ્વરૂપ છે. અને અવક્તવ્ય હોવાથી કથંચિત્ અવાચ્ય રૂપ છે. શ્લોકમાં અવાચ્ય શબ્દ યોનિ આદિ અર્થમાં રૂઢ છે. તેથી તેવી અસભ્યતાનો ત્યાગ કરવા માટે સ્તુતિકાર શ્લોકમાં 'અવાચ્ય' એવું સમસ્ત પદ નહીં કહેતાં 'ન વાચ્ય' એવા અસમસ્ત પદનો પ્રયોગ કર્યો છે. તેથી અભિલાપ્ય (કહેવા યોગ્ય) અનભિલાપ્ય (નહી કહેવા યોગ્ય) રૂપ ત્રીજો પ્રકાર થાય છે. (૪) પ્રત્યેક પદાર્થ અસ્તિ (વિદ્યમાન) રૂપ હોવાથી કથંચિત્ સત્ છે અને નાસ્તિ (અવિદ્યમાન) રૂપ હોવાથી કથંચિત્ અસત્ રૂપ છે. આ પ્રમાણે સદસત્ રૂપ ચતુર્થ પ્રકાર છે.

(ટીકા) हे विपश्चितां नाथ संख्यावतां मुख्य इयमनन्तरोक्ता निपीततत्त्वसुधोद्गारपरम्परा । तवेति प्रकरणात् सामर्थ्याद्वा गम्यते । तत्त्वं यथावस्थितवस्तुस्वरूपपरिच्छेदः तदेव जरामरणापहारित्वाद् विबुधोपभोग्यत्वाद् मिथ्यात्वविषोर्मिनिराकरिष्णुत्वाद् आन्तराह्लादकारित्वाच्च सुधा पीयूषं तत्त्वसुधा । नितरामनन्यसामान्यतया पीता आस्वादिता या तत्त्वसुधा तस्या उद्गता प्रादुर्भूता तत्कारणिका उद्गारपरम्परा उद्गारश्रेणिरित्यर्थः । यथा हि कश्चिदाकण्ठं पीयूषरसमापीय तदनुविधायिनीमुद्गारपरम्परां मुञ्चति, तथा भगवानपि जरामरणापहारि तत्त्वामृतं स्वैरमास्वाद्य तद्रसानुविधायिनीं प्रस्तुतानेकान्तवादभेदचतुष्टयीलक्षणामुद्गारपरम्परां देशनामुखेनोद्गीर्णवानित्याशयः ॥

(અનુવાદ)

જેમ કોઇ પુરુષ સ્વેચ્છાથી અમૃતનું આકંઠ પાન કરીને વારંવાર ઓડકારની પરંપરા મુકે છે. તેમ વિદ્વાનોના શિરોમણિ એવા હે ભગવાન, આપે જન્મ મરણને નાશ કરવાવાળું, વિદ્વાનોને ઉપભોગ્ય, મિથ્યાત્વ રૂપી વિષને દૂર કરનારું અને અંતર-આત્માને આનંદ આપનારું એવું યથાર્થ વસ્તુ સ્વરૂપના જ્ઞાનરૂપ અમૃતનું અત્યંત પાન કરીને અનેકાન્તવાદના ચાર મુખ્ય ભેદો રૂપી ઓડકારોની પરંપરાને દેશનાદ્વારા બહાર મૂકી છે.

(ટીકા) अथवा यैरेकान्तवादिभिर्मिथ्यात्वगरलभोजनमातृप्ति भक्षितं तेषां तत्तद्वचनरूपा उद्गारप्रकाराः प्राक् प्रदर्शिताः । यैस्तु पचेलिमप्राचीनपुण्यप्राग्भारानुग्रहीतैर्जगद्गुरुवदनेन्दुनिःस्यन्दि तत्त्वामृतं मनोहत्य पीतम्, तेषां विपश्चितां यथार्थवादविदुषां हे नाथ इयं पूर्वदलदर्शितोल्लेखशेखरा उद्गारपरम्परेति व्याख्येयम् । एते च चत्वारोऽपि वादास्तेषु तेषु स्थानेषु प्रागेव चर्चिताः । तथाहि । 'आदीपमाव्योम' समस्वभावम् इति वृत्ते नित्यानित्यवादः प्रदर्शितः । 'अनेकमेकात्मकमेव वाच्यम्' इति काव्ये सामान्यविशेषवादः संसूचितः । सप्तभङ्ग्यामभिलाप्यानभिलाप्यवादः सदसद्वादश्च चर्चितः । इति न भूयः प्रयासः ॥ इति काव्यार्थः ॥२५॥

(અનુવાદ)

અથવા જે એકાન્ત વાદીએ મિથ્યાત્વરૂપી વિષ ભોજન તૃપ્તિપર્યંત કરેલું છે, તેનાં વચનોરૂપી ઉદ્ગારો, તો પૂર્વે દેખાડી ગયા છીએ. પરંતુ પરિપકવ પૂર્વ પુણ્યોના સમુહથી અનુગ્રહ કરાએલા જે મનુષ્યોએ જગદ્ગુરુના મુખરૂપી ચંદ્રથી ઝરતા અમૃતનું પાન કર્યું છે, તે યથાર્થવાદી એવા વિદ્વાનોના મુખથી અનેકાન્ત વાદના ચાર મુખ્ય ભેદ રૂપી ઉદ્ગારની પરંપરા પ્રગટ થઈ છે. એ ચારે પ્રકારના વાદોનું 'आदीपमाव्योमसमस्वभावं' શ્લોકમાં નિત્યાનિત્યવાદનું, તથા 'अनेकमेकात्मकमेव वाच्यम्' શ્લોકમાં સામાન્ય-વિશેષવાદનું સૂચન કરવામાં આવ્યું છે. તેમ જ સપ્તભંગીમાં વાચ્યાવાચ્યનું સત્-અસત્વાદનું વર્ણન કરવામાં આવ્યું છે. તેથી અહીં પુનઃ વર્ણન કરવામાં આવ્યું નથી.



(अवतरण)

इदानीं नित्यानित्यपक्षयोः परस्परदूषणप्रकाशनबद्धलक्षतया वैरायमाणयोरितरेतरादीरितविविधहेतुहेतिसंनिपातसंजातविनिपातयोरयत्नसिद्धप्रतिक्षेपस्य सर्वोत्कर्षमाह-

(अनुवाद)

હવે એકાન્ત નિત્ય અને એકાન્ત અનિત્ય પક્ષમાં એક બીજાનાં દૂષણોને પ્રગટ કરવા માટે કટિબદ્ધ થયેલા એકાન્તવાદી પરસ્પર શત્રુની જેમ લડે છે, અને એક બીજાના સિદ્ધાંતોનું ખંડન કરવા માટે અનેક પ્રકારનાં હેતુરૂપી શસ્ત્રોના પ્રહારથી ઘાયલ થાય છે; તેથી વિના પ્રયત્ને ભગવત્-શાસનની સર્વોત્કૃષ્ટતા સિદ્ધ થાય છે. તે બતાવતા કહે છે :

य एव दोषाः किल नित्यवादे विनाशवादेऽपि समास्त एव।
परस्परध्वंसिषु कण्टकेषु जयत्यधृष्यं जिनशासनं ते ॥२६॥

મૂળ અર્થ : જે દોષો એકાન્ત નિત્યવાદમાં આવે છે, તે સર્વે દોષો નિશ્ચયથી એકાન્ત અનિત્ય પક્ષમાં પણ આવે છે. જેમ એક કંટક અન્ય કંટકનો નાશ કરે છે. તેમ એકાન્ત નિત્યવાદી અને એકાન્ત અનિત્યવાદી પરસ્પર દૂષણો બતાવીને એક બીજાનું ખંડન કરે છે. તેથી હે ભગવન્, આપનું અખંડ જિન શાસન વિના પરિશ્રમે જયવંતુ વર્તે છે. (૨૬)

(टीका) किलेति निश्चये। य एव नित्यवादे नित्यैकान्तवादे दोषा अनित्यैकान्तवादिभिः प्रसञ्जिताः क्रमयौगपद्याभ्यामर्थक्रियानुपपत्त्यादयः, त एव विनाशवादेऽपि क्षणिकैकान्तवादेऽपि समाः तुल्याः, नित्यैकान्तवादिभिः प्रसज्यमाना अन्यूनाधिकाः ॥

(અનુવાદ)

શ્લોકમાં 'किल' શબ્દ છે તે નિશ્ચય અર્થનો સૂચક છે. એકાન્ત નિત્યવાદમાં ક્રમથી અથવા અક્રમથી અર્થક્રિયા ઘટી શકતી નથી. એ રીતે અનિત્યવાદીએ એકાન્ત નિત્યપક્ષમાં જે દોષો આપ્યા છે, તે સર્વે દોષો અનિત્યવાદમાં પણ આવે છે! આ રીતે એકાન્ત નિત્ય અને એકાન્ત અનિત્ય પક્ષમાં દોષોની સમાનતા છે.

तथाहि। नित्यवादी प्रमाणयति। सर्वं नित्यं सत्त्वात्। क्षणिके सदसत्कालयोरर्थक्रियाविरोधात् तल्लक्षणं सत्त्वं नावस्थांबध्नातीति ततो। निवर्तमानमनन्यशरणतया नित्यत्वेऽवतिष्ठते। तथाहि। क्षणिकोऽर्थः सन्वा कार्यं कुर्याद् असन्वा, गत्यन्तराभावात्। न तावदाद्यः पक्षः, सममसमयवर्तिनि व्यापारायोगात्। सकलभावानां परस्परं

कार्यकारणभावप्राप्त्याऽतिप्रसङ्गाच्च । नापि द्वितीयः पक्षः क्षोदं क्षमते । असतः कार्यकारणशक्तिविकलत्वात् । अन्यथा शशविषाणादयोऽपि कार्यकारणयोत्सहेरन्, विशेषाभावात् इति ॥

(अनुवाद)

નિત્યવાદી કહે છે : બધા પદાર્થો નિત્ય છે. કેમકે તે સત્ છે. ક્ષણિક પદાર્થમાં સત્ (વિદ્યમાન) અથવા અસત્ (અવિદ્યમાન) બન્ને અવસ્થામાં અર્થક્રિયા ઘટતી નહીં હોવાથી અર્થક્રિયાકારિત્વં સત્ આવું સત્નું લક્ષણ ક્ષણિક પદાર્થમાં નથી રહેતું. તેથી ક્ષણિક પદાર્થમાંથી સત્ત્વની નિવૃત્તિ થાય છે. અક્ષણિક (નિત્ય) પદાર્થમાં જ અર્થક્રિયા ઘટતી હોવાથી નિત્ય પદાર્થ જ સત્ત્વરૂપ છે. અહીં પ્રશ્ન થાય છે કે : ક્ષણિક પદાર્થ સત્ રૂપ હોઈને અર્થક્રિયા કરે છે કે અસત્ રૂપ હોઈને ? ક્ષણિક પદાર્થ ક્ષણુક્ષયી હોવાથી પોતાના સમકાલીન ક્ષણોમાં અર્થક્રિયા કરી શકતા નથી. કારણ કે એક જ કાળમાં રહેવાવાળા પદાર્થોમાં પરસ્પર કાર્યકારણભાવ બની શકતો નથી. જો સમકાલીન પદાર્થમાં કાર્યકારણભાવ સંબંધ હોય તો એક જ કાળવર્તી સર્વ પદાર્થોનો પરસ્પર કાર્યકારણભાવ થવો જોઈએ.

આ રીતે સત્ રૂપ ક્ષણિક પદાર્થમાં અર્થક્રિયા ઘટી શકતી નથી. હવે અસત્રૂપ દ્વિતીય પક્ષ પણ યુક્તિયુક્ત નથી. કેમકે અસત્ પદાર્થ તો કાર્યકારણ શક્તિથી રહિત જ હોય છે. જો અસત્ પદાર્થમાં પણ કાર્યકારણભાવ સંબંધ હોય તો શશશૃંગ. આકાશપુષ્પ વન્ધ્યાપુત્ર આદિ સાવ અસત્ પદાર્થોમાં પણ કાર્યકારણભાવ સંબંધ થવો જોઈએ. આ રીતે સત્ અને અસત્ ઉભયરૂપે પણ ક્ષણિક પદાર્થમાં અર્થક્રિયા ઘટી શકતી નથી. તેથી ક્ષણિક પદાર્થની સત્રૂપે સિદ્ધિ નહીં થવાથી અક્ષણિક (નિત્ય) પદાર્થનો જ સ્વીકાર કરવો જોઈએ.

(टीका) अनित्यवादी नित्यवादिनं प्रति पुनरेवं प्रमाणयति । सर्वं क्षणिकं सत्त्वात् । अक्षणिके क्रमयौगपद्याभ्यामर्थक्रियाविरोधाद् अर्थक्रियाकारित्वस्य च भावलक्षणत्वात्, ततोऽर्थक्रिया व्यावर्तमाना स्वक्रोडीकृतां सत्तां व्यावर्तयेदिति क्षणिकसिद्धिः । न हि नित्योऽर्थोऽर्थक्रियां क्रमेण प्रवर्तयितुमुत्सहते । पूर्वार्थक्रियाकरणस्वभावोपमर्दद्वारेणोत्तरक्रियायां क्रमेण प्रवृत्तेः । अन्यथा पूर्वक्रियाकरणाविरामप्रसङ्गात् । तत्स्वभावप्रच्यवे च नित्यता प्रयाति । अतादवस्थ्यस्या-नित्यतालक्षणत्वात् । अथ नित्योऽपि क्रमवर्तिनं सहकारिकारणमर्थमुदीक्षमाणस्तावदासीत्, पश्चात् तमासाद्य क्रमेण कार्यं कुर्यादिति चेत् । न । सहकारिकारणस्य नित्येऽकिञ्चित्करस्यापि प्रतीक्षणेऽनवस्थाप्रसङ्गात् । नापि यौगपद्येन नित्योऽर्थोऽर्थक्रियां कुरुते अध्यक्षाविरोधात् । न ह्येककालं सकलाः क्रियाः प्रारभमाणः कश्चिदुपलभ्यते । करोतु वा । तथाप्याद्यक्षण एव सकल क्रियापरिसमाप्तेर्द्वितीयादिक्षणेषु अकुर्वाणस्यानित्यताबलाद् आढौकते । करणाकरणयोरेकस्मिन् विरोधाद् इति ॥

(અનુવાદ)

અનિત્યવાદી કહે છે : સર્વે પદાર્થો ક્ષણિક છે. કેમ કે તે સત્ છે. જે જે સત્ હોય તે તે ક્ષણિક હોય. કારણ કે જેમાં અર્થ ક્રિયાકારિપણું હોય છે તે જ સત્ કહેવાય છે. અક્ષણિક પદાર્થમાં ક્રમ અથવા અક્રમથી (એકીસાથે) અર્થક્રિયા ઘટતી નહીં હોવાથી અક્ષણિક પદાર્થમાંથી સત્ત્વની નિવૃત્તિ થાય છે. આ પ્રમાણે અક્ષણિક પદાર્થમાં સત્ત્વપણું નહીં રહેવાથી અન્ય કોઈ પ્રકારના અભાવે ક્ષણિક પદાર્થની જ સિદ્ધિ થાય છે. અહીં પ્રશ્ન થાય છે કે : નિત્ય (અક્ષણિક) પદાર્થ ક્રમથી અર્થક્રિયા કરે છે કે અક્રમથી (એકીસાથે ? નિત્ય પદાર્થ ક્રમપૂર્વક તો અર્થક્રિયા કરે જ નહીં કેમકે પૂર્વ સ્વભાવને છોડીને અન્ય સ્વભાવને પ્રાપ્ત કરવાવાળી ક્રમિક પ્રવૃત્તિ તો અનિત્યપદાર્થમાં જ હોઈ શકે છે. જો નિત્ય પદાર્થ પોતાના સ્વભાવનો ત્યાગ કરે તો તેમાં નિત્યતાની જ હાનિ થાય. કારણ કે અપ્રચ્યુત-અનુત્પન્ન-સ્થિર એકરૂપ' હોય તે જ નિત્ય કહેવાય છે. જો એમ કહો કે પદાર્થમાં નિત્યપણું હોવા છતાં પણ જ્યારે સહકારિકારણોની સહાયતા પ્રાપ્ત થાય છે, ત્યારે નિત્યપદાર્થ સહકારીને પ્રાપ્ત કરીને ક્રમપૂર્વક અર્થક્રિયા કરે છે. એ પણ તમારૂં કથન ઠીક નથી. કારણ કે સહકારી કારણો મળવા છતાં પણ નિત્યપદાર્થમાં કોઈ પરિવર્તન થઈ શકતું નથી. આથી સહકારીકારણ અકિંચિત્કર છે. જો કહો કે 'એક સહકારીકારણને અન્ય સહકારીની સહાયતા મળે છે, તેથી નિત્ય પદાર્થમાં પરિવર્તન કરી શકે છે. તે પણ ઠીક નથી. કેમકે એક સહકારીકારણમાં અન્ય સહકારીની અપેક્ષા અને અન્ય સહકારીને કોઈ ત્રીજા સહકારીની અપેક્ષા.....આ રીતે ઉત્તરોત્તર અનેક સહકારી કારણોની કલ્પના કરવાથી અનવસ્થા દોષ આવશે. આ પ્રમાણે અક્ષણિક પદાર્થમાં ક્રમપૂર્વકની પ્રવૃત્તિ ઘટી શકતી નથી. તેવી જ રીતે નિત્ય પદાર્થમાં એકસાથે પણ અર્થક્રિયા ઘટી શકતી નથી કેમકે પદાર્થમાં એક સાથે અર્થક્રિયા માનવામાં આવે તો પ્રત્યક્ષથી વિરોધ આવે છે. એક જ કાળમાં થતી સર્વે અર્થક્રિયાઓની ઉપલબ્ધિ કદાપિ થતી નથી. કેમ કે અર્થક્રિયા તો હંમેશા ક્રમપૂર્વક જ દેખાય છે. જો માનો કે : પદાર્થ એક જ કાળમાં સંપૂર્ણ અર્થ ક્રિયા કરી લે, તો સંપૂર્ણ અર્થક્રિયાઓની એક જ કાળમાં સમાપ્તિ થઈ જવાથી બીજા ક્ષણોમાં અર્થક્રિયા નહીં રહેવાથી અવશ્ય પદાર્થ નિષ્ક્રિય બની જશે, અને તેમ થવાથી બલાત્કારે પણ પદાર્થમાં અનિત્યપણું પ્રાપ્ત થશે ! કારણ કે એક જ કાળમાં ક્રિયા અને અને અક્રિયાનો વિરોધ છે. આ રીતે અક્ષણિક (નિત્ય) પદાર્થમાં ક્રમ અથવા અક્રમ ઉભય રીતે અર્થક્રિયા ઘટતી નહીં હોવાથી અનિત્ય પદાર્થનો સ્વીકાર કરવો એ જ શ્રેષ્ઠ છે.

(ટીકા) तदेवमेकान्तद्वयेऽपि ये हेतवस्ते युक्तिसाम्याद् विरुद्धं न व्यभिचरन्तीत्यविचारितरमणीयतया मुग्धजनस्य ध्यान्ध्यं चोत्पादयन्तीति विरुद्धा व्यभिचारिणोऽनैकान्तिका इति । अत्र च नित्यानित्यैकान्तपक्षप्रतिक्षेप एवोक्तः । उपलक्षणत्वाच्च सामान्यविशेषाद्येकान्तवादा अपि मिथस्तुल्यदोषतया विरुद्धा व्यभिचारिण एव हेतूनुपस्पृशन्तीति परिभावनीयम् ॥

(અનુવાદ)

ઉક્ત બન્ને પક્ષોમાં નિત્ય અને અનિત્યવાદને સિદ્ધ કરવા માટે સત્ત્વ આદિ હેતુઓ આપ્યા છે, તે સર્વે વિરુદ્ધ છે. પરંતુ જ્યાંસુધી તેનો વિચાર કરવામાં ના આવે ત્યાં-

સુધી તે હેતુઓ સુંદર લાગે છે. પરંતુ વાસ્તવિક તો તે હેતુઓ ભોળાલોકની બુદ્ધિમાં જડતાને પેદા કરનારા છે, અને અનૈકાન્તિક (વ્યભિચારી) પણ છે. અહિં પૂર્વોક્ત રીતે એકાન્ત નિત્ય અને એકાન્ત અનિત્યવાદનું ખંડન કરવામાં આવ્યું છે તેવી જ રીતે ઉપલક્ષણથી સામાન્ય-વિશેષવાદ, વાચ્ય-અવાચ્ય, અને સત્-અસત્વાદ પણ પ્રતિક્ષેપિત (ખંડિત) થાય છે. કેમકે તે સર્વે પક્ષોમાં પરસ્પર દોષોનું તુલ્યપણું હોવાથી તે સર્વે એકાન્તવાદો વિરુદ્ધ અને વ્યભિચાર દોષોથી ગ્રસ્ત છે.

(ટીકા) अथोत्तरार्द्धं व्याख्यायते । परस्परेत्यादि । एवं च कण्टकेषु क्षुद्रशत्रुष्वेकान्तवादिषु परस्परध्वंसिषु सत्सु परस्परस्मात् ध्वंसन्ते विनाशमुपयान्तीत्येवंशीलाः सुन्दोपसुन्दवदिति परस्परध्वंसिनः । तेषु हे जिन ते तव शासनं स्याद्वादप्ररूपणनिपुणं द्वादशाङ्गी-रूपं प्रवचनं पराभिभावुकानां कण्टकानां स्वयमुच्छिन्नत्वेनैवाभावाद् अधृष्यमपराभवनीयम् । "शक्तार्हे कृत्याश्च" इति कृत्यविधानाद् धर्षितुमशक्यम् धर्षितुमनर्हं वा । जयति सर्वोत्कर्षेण वर्तते । यथा कश्चिन्महाराजः पीवरपुण्यपरीपाकः परस्परं विगृह्य स्वयमेव क्षयमुपेयिवत्सु द्विषत्सु अयत्नसिद्धनिष्कण्टकत्वं समृद्धं राज्यमुपभुञ्जानः सर्वोत्कृष्टो भवति एवं त्वच्छासनमपि ॥ इति काव्यार्थः ॥२६॥

(અનુવાદ)

હવે ઉત્તરાર્ધની વ્યાખ્યા કરતા કહે છે કે : એક બીજાનો નાશ કરનારા સુન્દ અને ઉપસુન્દ નામના રાક્ષસ ભાઇઓ જેવા ક્ષુદ્ર શત્રુઓ એકાન્તવાદી રૂપ કંટકનો પરસ્પર નાશ થવાથી સ્યાદ્વાદનું પ્રરૂપણ કરવામાં નિપુણ એવું હે ભગવન, આપનું દ્વાદશાંગીરૂપ પ્રવચન કોઇપણ કંટક દ્વારા પરાભૂત થઈ શકતું નથી (સુન્દ અને ઉપસુન્દ નામના બે રાક્ષસ ભાઇઓ હતા. તેમણે બ્રહ્મા પાસેથી વરદાન પ્રાપ્ત કર્યું કે અમારા બન્નેનું મૃત્યુ એકબીજાથી થાઓ ! પરંતુ બીજા કોઇથી ન થાઓ ! વરદાન પ્રાપ્ત કરવાથી મસ્ત બનીને તે બન્ને ભાઇઓ ત્રણે લોકને પીડા કરવા લાગ્યા. આવી વિડંબના જોઇને તેઓનો નાશ કરવાના હેતુથી દેવતાઓએ સ્વર્ગમાંથી તિલોત્તમા નામની અપ્સરાને મોકલી. તિલોત્તમાનું અદ્‌ભુત રૂપ જોઇને મુગ્ધ થયેલા તે બન્ને તેને પ્રાપ્ત કરવા પરસ્પર યુદ્ધ કરવા લાગ્યા. અને અંતે તે બન્ને ભાઇઓ એક બીજાના હાથે મૃત્યુને શરણ થયા. ત્રણે લોક તે રાક્ષસોની વિડંબનાથી મુક્ત થયા.) પરસ્પર એક બીજાનાં દૂષણોને બતાવીને શત્રુની જેમ લડતા એકાન્તવાદી સ્વયં નષ્ટ થવાથી ભગવાન્ શ્રી વીતરાગનું શાસન વિના પ્રયત્ને સિદ્ધ થઇ જાય છે. અહીં 'शक्तार्हे कृत्याश्च' એ સૂત્રથી 'क्यप्' પ્રત્યય થયો છે. તેથી 'અધૃષ્ય' શબ્દ બન્યો છે. તે અધૃષ્ય શબ્દના પ્રયોગથી સૂચિત થાય છે કે જેનો કોઇનાથી પણ પરાભવ થઇ શકતો નથી. જેમ કોઇ પ્રવર પુણ્યશાળી મહારાજા, પોતાના શત્રુઓ પરસ્પર લડીને નાશ પામે છે ત્યારે વિના પ્રયત્ને સમૃદ્ધ રાજ્યનો ઉપભોગ કરે છે, અને સર્વોત્કૃષ્ટતાને પ્રાપ્ત કરે છે તેમ હે ભગવન, આપનું શાસન પણ પરસ્પર લડતા એકાન્તવાદીઓનો નાશ થવાથી સર્વોત્કૃષ્ટપણે વિજયી બને છે.

अवतरण

अनन्तरकाव्ये नित्यानित्याद्येकान्तवादे दोषसामान्यमभिहितम्। इदानीं कतिपयतद्विशेषान् नामग्राहं दर्शयंस्तत्प्ररूपकाणामसद्भूतोद्भावकतयोद्धृततथाविधारिपुजनजनितोपद्रवमिव परित्रातुर्धरित्रीपतेस्त्रिजगत्पतेः पुरतो भुवनत्रयं प्रत्युपकारकारितामाविष्करोति —

અવતરણ

પૂર્વ પ્રલોકમાં નિત્ય-અનિત્ય આદિ એકાન્તવાદોમાં સામાન્યરૂપે દોષો બતાવ્યા છે. હવે એકાન્તવાદોના કેટલાક વિશેષ દોષોનું નામ લઈને તે દોષોનું દિગ્દર્શન કરે છે. જેમ પ્રજાને વિડંબના કરનારા શત્રુઓથી પ્રજાનું રક્ષણ કરનાર રાજાનો મહાન ઉપકાર કહેવાય છે, તેમ અસત્ વસ્તુની પ્રરૂપણા કરનારા એકાન્તવાદીઓના ઉપદ્રવથી ત્રણલોકનું રક્ષણ કરનારા શ્રી જિનેંદ્ર ભગવાનનું મહાન ઉપકારીપણું પ્રગટ કરતાં કહે છે :-

नैकान्तवादे सुखदुःखभोगौ न पुण्यपापे न च बन्धमोक्षौ।
दुर्नीतिवादव्यसनासिनैवं परैर्विलुप्तं जगदप्यशेषम् ॥२७॥

મુળ-અર્થ :-એકાન્તવાદમાં સુખદુઃખનો અનુભવ, પુણ્ય-પાપ અને બંધ-મોક્ષની વ્યવસ્થા બની શકતી નથી. આ પ્રકારે સુખદુઃખ આદિની સિદ્ધિ નહીં થવા છતાં પણ અન્યદર્શનકારોએ આગ્રહરૂપ તલવારથી જગતના સર્વજીવોના સમ્યક્ જ્ઞાન આદિ ભાવ પ્રાણોનો વિનાશ કરી નાખ્યો છે.

(ટીકા)-एकान्तवादे नित्यानित्यैकान्तपक्षाभ्युपगमे न सुखदुःखभोगौ घटेते। न च पुण्यपापे घटेते। न च बन्धमोक्षौ घटेते। पुनः पुनर्नञः प्रयोगोऽत्यन्ताघटमानतादर्शनार्थः। तथाहि। एकान्तनित्ये आत्मनि तावत् सुखदुःखभोगौ नोपपद्येते। नित्यस्य हि लक्षणम् अप्रच्युतानुत्पन्नस्थिरैकरूपत्वम्। ततो यदा आत्मा सुखमनुभूय स्वकारणकलापसामग्रीवशाद् दुःखमुपभुङ्क्ते, तदा स्वभावभेदाद् अनित्यत्वापत्त्या स्थिरैकरूपताहानिप्रसङ्ग। एवं दुःखमनुभूय सुखमुपभुञ्जानस्यापि वक्तव्यम्। अथ अवस्थाभेदाद् अयं व्यवहारः। न चावस्थासु भिद्यमानास्वपि तद्वतो भेदः। सर्पस्येव कुण्डलार्जवाद्यवस्थासु इति चेत्। न। तास्ततो व्यतिरिक्ता अव्यतिरिक्ता वा? व्यतिरेके, तास्तस्येति संबन्धाभावः, अतिप्रसङ्गात्। अव्यतिरेके तु, तद्वानेवेति तदवस्थितैव स्थिरैकरूपताहानिः। कथं च तदेकान्तैकरूपत्वेऽवस्थाभेदोऽपि भवेदिति॥

(અનુવાદ)

એકાન્ત નિત્ય અને એકાન્ત અનિત્ય પક્ષને સ્વીકારવાથી આત્મામાં સુખદુઃખનો ઉપભોગ ઘટી શકતો નથી. પુણ્ય-પાપ, બંધ અને મોક્ષ પણ ઘટી શકતો નથી. શ્લોકમાં વારંવાર નઞ-ના પ્રયોગથી એ સૂચિત થાય છે કે સુખદુઃખ આદિ જરાય ઘટી શકતા નથી. એકાન્ત નિત્ય આત્મામાં સુખદુઃખનો ઉપભોગ ઘટી શકતો નથી, કેમકે અપ્રચ્યુત અનુત્પન્ન અને સ્થિર એક રૂપ હોય તે નિત્ય કહેવાય છે. તેથી આત્મા પોતાની કારણ સામગ્રીથી સુખને ભોગવીને જો દુઃખનો ઉપભોગ કરે અથવા દુઃખને ભોગવીને સુખનો ઉપભોગ કરે તો આ પ્રકારે સ્વભાવ ભેદ થવાથી અનિત્ય બનશે. તેથી સ્થિર એકરૂપતાની હાની થશે.

શંકા : વાસ્તવિક તો આત્માની સુખદુઃખ આદિ અવસ્થાનો ભેદ થાય છે. પરંતુ તેથી સ્વયં આત્માનો ભેદ થતો નથી. જેમ સર્પની સરલાવસ્થા અથવા કુંડલાદિ અવસ્થાઓનો ભેદ હોવા છતાં પણ સર્પમાં ભેદ થતો નથી, તેમ આત્માની સુખદુઃખ આદિ અવસ્થાના ભેદથી આત્માનો ભેદ થતો નથી, વાસ્તવિક તો સર્પની ભિન્ન ભિન્ન અવસ્થામાં સર્પ જેમ એક રૂપે રહે છે તેમ આત્માની સુખદુઃખાદિ ભિન્ન ભિન્ન અવસ્થામાં પણ આત્મા એક રૂપે રહે છે.

સમાધાન : એ ઠીક નથી. કેમકે તમે આત્માની તે તે અવસ્થાઓ આત્માથી ભિન્ન માનો છો કે અભિન્ન ? જો સુખદુઃખાદિ અવસ્થાઓ આત્માથી સર્વથા ભિન્ન હોય તો એ અવસ્થાઓનો અને આત્માનો કોઈ સંબંધ થઈ શકશે નહીં. કેમકે તે અવસ્થાઓ આત્માથી બિલકુલ ભિન્ન છે. અત્યંત ભિન્ન વસ્તુઓનો સંબંધ થઈ શકતો નથી. જો અત્યંત ભિન્ન વસ્તુઓનો પણ સંબંધ થતો હોય તો સહ્યાદ્રિ અને વિન્ધ્યાચલાદ્રિનો પણ સંબંધ થવો જોઈએ ! જો કહેશો કે તે તે અવસ્થાઓ આત્માથી અભિન્ન છે, તો આત્મા સુખદુઃખાદિ અવસ્થારૂપ જ બનશે. આ પ્રમાણે સુખદુઃખનો ઉપભોગ કરતો આત્મા સ્વયં પોતાના સ્વભાવનો ત્યાગ કરવાથી અનિત્ય થઈ જશે. આ રીતે એકાન્તવાદમાં અવસ્થાનો ભેદ પણ થઈ શકતો નથી.

(ટીકા)—किंच, सुखदुःखभोगौ पुण्यपापनिर्वर्त्यौ. तन्निर्वर्तनं चार्थक्रिया, सा च कूटस्थनित्यस्य क्रमेण अक्रमेण वा नोपपद्यत इत्युक्तप्रायम् । अत एवोक्तं न पुण्यपापे इति । पुण्यं दानादिक्रियोपार्जनीयं शुभं कर्म, पापं हिंसादिक्रियासाध्यमशुभं कर्म ते अपि न घटेते । प्रागुक्तनीतेः ॥

(અનુવાદ)

વળી પુણ્ય-પાપથી ઉત્પન્ન થનારૂં સુખદુઃખ પણ એકાન્ત નિત્ય-પક્ષમાં ઘટી શકતું નથી. કેમકે સુખદુઃખનો અનુભવ પણ પુણ્ય-પાપથી થાય છે તે પુણ્ય-પાપથી થવાવાળો ઉપભોગ રૂપ અર્થક્રિયા કૂટસ્થ (એકાન્ત) નિત્ય આત્મામાં ઘટી શકતી નથી. કેમકે નિત્ય પદાર્થમાં ક્રમ અથવા અક્રમથી અર્થક્રિયા થઈ શકતી નથી, તે અમે પૂર્વે કહી ચૂકયા છીએ. આથી દાનાદિ ક્રિયાથી ઉપાર્જન કરાયેલું શુભકર્મ તે પુણ્ય અને હિંસાદિ ક્રિયાથી સાધ્ય અશુભ કર્મ તે પાપ કહેવાય છે. તે પુણ્ય-પાપ એકાન્ત નિત્ય પક્ષમાં ઘટી શકતાં નથી.

(टीका)—तथा न बन्धमोक्षौ। बन्धः कर्मपुद्गलैः सह प्रतिप्रदेशमात्मनो वह्न्ययःपिण्डवद् अन्योऽन्यसंश्लेषः। मोक्षः कृत्स्नकर्मक्षयः। तावप्येकान्तनित्ये न स्याताम्। बन्धो हि संयोगविशेषः। स च "अप्राप्तानां प्राप्तिः" इतिलक्षणः। प्राक्कालभाविनी अप्राप्तिरन्यावस्था, उत्तरकालभाविनी प्राप्तिश्चान्या। तदनयोरप्यवस्थाभेददोषो दुस्तरः। कथं चैकरूपत्वे सति तस्याकस्मिको बन्धनसंयोगः। बन्धनसंयोगाच्च प्राक् किं नायं मुक्तोऽभवत्। किंच तेन बन्धनेनासौ विकृतिमनुभवति न वा? अनुभवति चेत्, चर्मादिवदनित्यः। नानुभवति चेत्, निर्विकारत्वे सता असता वा तेन गगनस्येव न कोऽप्यस्य विशेष इति बन्धवैफल्याद् नित्यमुक्त एव स्यात्। ततश्च विशीर्णा जगति बन्धमोक्षव्यवस्था। तथा च पठन्ति—

"वर्षातपाभ्यां किं व्योम्नश्चर्मण्यस्ति तयोः फलम्।
चर्मोपमश्चेत्सोऽनित्यः खतुल्यश्चेदसत्फलः" ॥

बन्धानुपपत्तौ मोक्षस्याप्यनुपपत्तिर्बन्धनविच्छेदपर्यायत्वाद् मुक्तिशब्दस्येति ॥

(અનુવાદ)

એકાન્ત નિત્યવાદમાં બંધ અને મોક્ષ પણ ઘટી શકતા નથી. અગ્નિ અને લોહની જેમ આત્માના પ્રત્યેક પ્રદેશનું કર્મપુદ્ગલોની સાથે એકમેક થવું તેને બંધ કહે છે. અને સર્વ કર્મોનો સમૂલ નાશ થવો તેને મોક્ષ કહે છે. તેવા બંધ અને મોક્ષની વ્યવસ્થા એકાન્ત નિત્ય--આત્મા માં બની શકતી નથી કેમકે બંધ સંયોગવિશેષ છે. તે સંયોગ અપ્રાપ્ત પદાર્થની પ્રાપ્તિરૂપ છે. કેમકે તે સંયોગ પૂર્વની અપ્રાપ્ત અવસ્થાને છોડીને અપર પ્રાપ્ત અવસ્થાને ધારણ કરવા રૂપ છે. આથી એકાન્ત નિત્ય આત્મામાં અવસ્થાનો ભેદ થવાથી બંધ અને મોક્ષની વ્યવસ્થા બની શકતી નથી. એકાન્ત નિત્ય આત્મામાં વિના કારણે બંધ કઇ રીતે થશે? બંધ પૂર્વની અવસ્થામાં આત્માનો મોક્ષ કેમ ન હોવો જોઇએ? વળી અહીં પ્રશ્ન થાય છે કે આત્માનો કર્મપુદ્ગલોની સાથે સંબંધ થવાથી કોઇ વિકાર (ફેરફાર) થાય છે કે નહીં? જો બંધ થવાથી આત્મામાં વિકારનો અનુભવ થતો હોય તો આત્મા ચામડાની જેમ અનિત્ય થશે. બંધ થવા છતાં પણ આત્મામાં વિકાર ન થતો હોય તો નિર્વિકારી આકાશની જેમ બંધ થાય! અથવા બંધ ના થાય તો પણ આત્મામાં વિકાર નહીં થવાથી બંધની નિષ્ફળતા થશે. તેમજ આત્મા સદાને માટે મુક્ત જ હોવો જોઇએ. આ રીતે પ્રત્યેક આત્માઓ મુક્ત થવાથી જગતની બંધ-મોક્ષની વ્યવસ્થા લુપ્ત થઇ જશે. તેમજ કહ્યું પણ છે કે વર્ષા અને ગરમીના કારણે ચર્મ (ચામડા) માં પરિવર્તન થાય છે. પરંતુ આકાશમાં કોઈ પરિવર્તન થઈ શકતું નથી. કેમ કે ચર્મ વિકારી છે અને આકાશ અવિકારી છે. તેથી આત્મામાં ચર્મની જેમ પરિવર્તન થતું હોય તો આત્માનું અનિત્યપણું માનવું પડશે. જો કોઇ પણ જાતનું પરિવર્તન ના થતું હોય તો આકાશની જેમ આત્મામાં પણ બંધ થઈ શકશે નહીં આ રીતે આત્માનો બંધ નહીં ઘટવાથી મોક્ષ પણ થઇ શકશે નહીં. કેમકે બંધનાં વિચ્છેદ(નાશ) રૂપ મોક્ષ કહેવાય છે. આ પ્રકારે એકાન્ત નિત્યવાદમાં સુખદુઃખ પુણ્ય-પાપ અને બંધ-મોક્ષની વ્યવસ્થા ઘટી શકતી નથી.

(टीका)—एवमनित्यैकान्तवादेऽपि सुखदुःखाद्यनुपपत्तिः। अनित्यं हि अत्यन्तोच्छेदधर्मकम्। तथाभूते चात्मनि पुण्योपादानक्रियाकारिणो निरन्वयं विनष्टत्वात् कस्य नाम तत् फलभूतसुखानुभवः। एवं पापोपादानक्रियाकारिणोऽपि निरवयवनाशे कस्य दुःखसंवेदनमस्तु। एवं चान्यः क्रियाकारी अन्यश्च तत्फलभोक्ता इति असमञ्जसमापद्यते।

अथ— "यस्मिन्नेव हि सन्ताने आहिता कर्मवासना।
फलं तत्रैव सन्धत्ते कर्पासे रक्तता यथा" ॥

इति वचनाद् नासमञ्जसमित्यपि वाङ्मात्रम्। सन्तानवासनयोरवास्तवत्वेन प्रागेव निर्लोठितत्वात् ॥

(अनुवाद)

आम એકાન્ત અનિત્યવાદમાં પણ સુખદુઃખ આદિની વ્યવસ્થા બની શકતી નથી. કેમકે પદાર્થનો અત્યંત (સમુલ) નાશ થવો તે અનિત્ય કહેવાય છે. તેવા પ્રકારના અનિત્ય આત્મામાં પુણ્ય ઉપાર્જન કરવાવાળા આત્માનો સર્વથા નાશ થવાથી પુણ્યના ફલરૂપ સુખના અનુભવનો કર્તા કોણ થશે ? તેવી રીતે પાપને પેદા કરનાર આત્માનો પણ સર્વથા નાશ થઈ જવાથી તેના ફળરૂપ દુઃખનો ભોક્તા પણ કોણ થશે ? આ પ્રકારે પદાર્થનો નિરન્વય નાશ માનવાથી ક્રિયા કરનાર આત્મા અન્ય અને તેના ફળને ભોગવનાર આત્મા પણ અન્ય થશે ! આ પ્રમાણે થવાથી જગતની સુખદુઃખની વ્યવસ્થાનું અસમંજસપણું પ્રાપ્ત થશે ! વળી જેવી રીતે કપાસમાં લાલરંગનો સંયોગ થવાથી તેની લાલાશ પણ તેનાથી બનેલ તારમાં જ આવે છે. બીજામાં નહીં તેવીજ રીતે જે સંતાનમાં કર્મવાસના રહે છે, તેજ સંતાનમાં કર્મવાસનાનું ફળ પણ રહે છે. આવી સંતાનની પરંપરાને માનવાથી એકાન્ત અનિત્ય પક્ષમાં ઉકત દોષોનો અવકાશ નથી. ઇત્યાદિ તમારૂં કથન વચનમાત્ર છે. કેમ કે સંતાન અને વાસના બન્ને અવાસ્તવિક છે, તે અમે ૧૮મા શ્લોકની વ્યાખ્યામાં કહી આવ્યા છીએ.

(टीका)—तथा पुण्यपापे अपि न घटेते। तयोर्हि अर्थक्रिया सुखदुःखोपभोगः, तदनुपपत्तिश्चानन्तरमेवोक्ता। ततोऽर्थक्रियाकारित्वाभावात् तयोरप्यघटमानत्वम्। किंचानित्यः क्षणमात्रस्थायी, तस्मिंश्च क्षणे उत्पत्तिमात्रव्यग्रत्वात् कुतः पुण्यपापोपादानक्रियार्जनम्। द्वितीयादिक्षणेषु चावस्थातुमेव न लभते। पुण्यपापोपादानक्रियाभावे च पुण्यपापे कुतः निर्मूलत्वात्। तदसत्त्वे च कुतस्तनः सुखदुःखभोगः। आस्तां वा कथंचिदेतत्। तथापि पूर्वक्षणसदृशेनोत्तरक्षणेन भवितव्यम् उपादानानुरूपत्वाद् उपादेयस्य। ततः पूर्वक्षणाद् दुःखितात् उत्तरक्षणः कथं सुखित उत्पद्येत। कथं च सुखितात् ततः च दुःखितः स्यात्, विसदृशभागतापत्तेः। एवं पुण्यपापादावपि। तस्माद्यत्किञ्चिदेतत् ॥

(અનુવાદ)

એકાન્ત અનિત્ય વાદમાં પુણ્ય-પાપ પણ ઘટી શકતાં નથી. કેમકે પુણ્ય-પાપની ક્રિયા સુખદુઃખના ઉપભોગરૂપ છે. તે પુણ્ય-પાપનાં ફળરૂપ સુખદુઃખનો અનુભવ એકાન્ત અનિત્ય (ક્ષણિક) વાદમાં થઈ શકતો નથી તે અમે પૂર્વે કહી આવ્યા છીએ. આ રીતે ક્ષણિકવાદમાં અર્થ ક્રિયાનો અભાવ થવાથી પુણ્ય પાપની સિદ્ધિ થઈ શકતી નથી. ક્ષણિકવાદમાં પ્રત્યેક પદાર્થ એક ક્ષણસ્થાયી છે. તેથી તે ક્ષણમાં પોતાની ઉત્પત્તિમાં જ વ્યગ્ર બનવાથી, પુણ્ય-પાપનું ઉપાર્જન કઈ રીતે કરી શકશે ? જો માનો કે 'બીજી ત્રીજી આદિ ક્ષણોમાં પુણ્ય-પાપનું ઉપાર્જન કરશે. તે પણ ઠીક નથી. કેમકે તમારા ક્ષણિકવાદમાં પદાર્થની સ્થિતિ એક ક્ષણ સિવાય અન્ય ક્ષણોમાં હોઈ શકતી નથી. આ રીતે પુણ્ય-પાપનું ઉપાર્જન કરવાની ક્રિયાનો અભાવ થવાથી પુણ્ય-પાપનો સંભવ પણ કઈ રીતે હોઈ શકે ? આમ પુણ્ય-પાપનો સદ્ભાવ નહીં હોવાથી સુખદુઃખનો ઉપભોગ પણ થઈ શકતો નથી, માનો કે ગમે તે પ્રકારે ક્ષણિકવાદમાં સુખદુઃખનો સદ્ભાવ છે, તો પણ પૂર્વક્ષણને અનુરૂપ જ ઉત્તરક્ષણની ઉત્પત્તિ થાય છે. કેમકે ઉપાદાન (કારણ)ને અનુરૂપ ઉપાદેય (કાર્ય) ની ઉત્પત્તિ થાય. છે. તેથી આત્માની પૂર્વક્ષણને અનુરૂપ ઉત્તરક્ષણની ઉત્પત્તિ થવી જોઈએ, એટલે કે પૂર્વક્ષણના દુઃખી આત્માથી દુઃખી જ આત્માની ઉત્પત્તિ અને સુખી આત્માથી સુખી આત્માની ઉત્પત્તિ થાય પરંતુ પૂર્વના સુખી આત્માથી દુઃખી અને દુઃખી આત્માથી સુખી આત્માની ઉત્પત્તિ થઈ શકે નહીં. કેમકે સદૃશ ક્ષણોથી સદૃશની ઉત્પત્તિ થાય છે, પરંતુ વિસદૃશ કાર્યની ઉત્પત્તિ થતી નથી. આ પ્રમાણે પુણ્ય પાપ પણ એકાન્ત અનિત્ય પક્ષમાં ઘટી શકતાં નથી.

(ટીકા)—एवं बन्धमोक्षयोरप्यसंभवः । लोकेऽपि हि य एव बद्धः स एव मुच्यते । निरन्वयनाशाभ्युपगमे चैकाधिकरणत्वाभावात् सन्तानस्य चावास्तवत्वात् कुतस्तयोः संभावनामात्रमपि ॥

(અનુવાદ)

ક્ષણિકવાદમાં બંધ અને મોક્ષ પણ ઘટી શકતા નથી. કેમ કે લોકમાં પણ કહેવાય છે કે : જે પુરુષ બંધાય છે. તેજ મુક્ત થાય છે. માટે પદાર્થનો નિરન્વય (સર્વથા) નાશ સ્વીકારવાથી બંધ અને મોક્ષનો એક આશ્રય ના રહે. ક્ષણિકવાદમાં સર્વે પદાર્થો ક્ષણિક હોવાથી જે આત્માનો બંધ થાય છે તેનો બિલકુલ નાશ થઈ જવાથી મોક્ષ કોનો થશે ? જો કહેશો કે 'સંતાન પરંપરાથી આત્માના બંધ અને મોક્ષની વ્યવસ્થા બને છે', તે પણ ઠીક નથી કેમકે સંતાન કોઈ વસ્તુ સ્વરૂપ જ નથી તેથી. સંતાનની અપેક્ષાએ પણ બંધ-મોક્ષનો વ્યવસ્થા ઘટી શકતી નથી. આ રીતે ક્ષણિકવાદમાં સુખદુઃખ, પુણ્ય-પાપ અને બંધ મોક્ષની વ્યવસ્થા ઘટી શકતી નથી.

(ટીકા)—परिणामिनि चात्मनि स्वीक्रियमाणे सर्वं निर्बाधमुपपद्यते ।

"परिणामोऽवस्थान्तरगमनं न च सर्वथा ह्यवस्थानम् ।
न च सर्वथा विनाशः परिणामस्तद्विदामिष्टः ॥"

इति वचनात्। पातञ्जलटीकाकारोऽप्याह—"अवस्थितस्य द्रव्यस्य पूर्वधर्मनिवृत्तौ धर्मान्तरोत्पत्तिः परिणामः" इति। एवं सामान्यविशेषसदसदभिलाप्यानभिलाप्यैकान्तवादेष्वपि सुखदुःखाद्यभावः स्वयमभियुक्तैरभ्यूह्यः ॥

(અનુવાદ)

આથી આત્માને પરિણામી (કથંચિત્ નિત્યાનિત્ય) માનવો જોઇએ. કેમકે આત્માને પરિણામી માનવાથી કોઇપણ પ્રકારનો બાધ આવતો નથી. કહ્યું પણ છે કે એક અવસ્થાના ત્યાગપૂર્વક બીજી અવસ્થાને પ્રાપ્ત કરવી, તેને પરિણામ કહે છે. માટે કોઇપણ પદાર્થ સર્વથા અવિનાશી (નિત્ય) નથી અને સર્વથા વિનાશી (અનિત્ય) પણ નથી. તેથી વિદ્વાન પુરુષો પ્રત્યેક પદાર્થને પરિણામી જ માને છે. તેમજ પતંજલિના ગ્રંથના ટીકાકાર વ્યાસમુનિ પણ અવસ્થિત (સ્થિર) દ્રવ્યમાં પૂર્વધર્મનો નાશ અને ઉત્તર ધર્મની ઉત્પત્તિ, તેને પરિણામ કહે છે. આ પ્રકારે પરિણામી આત્મામાં જ સુખદુઃખ આદિની વ્યવસ્થા ઘટી શકે છે. પરંતુ પૂર્વોકત પ્રકારે એકાન્ત નિત્ય અને એકાન્ત અનિત્ય પક્ષમાં ઘટી શકતી નથી. તેવી જ રીતે એકાન્ત સામાન્ય–વિશેષ અને સત્ અસત્ અને એકાન્ત વાચ્ય–અવાચ્યવાદમાં પણ સુખદુઃખ ઘટી શકતાં નથી. તે સ્વયં વિચારી લેવું.

(टीका—)अथोत्तरार्द्धव्याख्या। एवमनुपपद्यमानेऽपि सुखदुःखभोगादिव्यवहारैः परैः परतीर्थिकैरथ च परमार्थतः शत्रुभिः। परशब्दो हि शत्रुपर्यायोऽप्यस्ति। दुर्नीतिवादव्यसनासिना। नीयते एकदेशविशिष्टोऽर्थः प्रतीतिविषयमाभिरिति नीतयो नयाः। दुष्टा नीतयो दुर्नीतयो दुर्नयाः। तेषां वदनं परेभ्यः प्रतिपादनं दुर्नीतिवादः। तत्र यद् व्यसनम् अत्यासक्तिः औचित्यनिरपेक्षा प्रवृत्तिरिति यावत्, दुर्नीतिवादव्यसनम्। तदेव सद्बोधशरीरोच्छेदनशक्तियुक्तत्वाद् असिरिव असिः कृपाणो दुर्नीतिवादव्यसनासिः। तेन दुर्नीतिवादव्यसनासिना करणभूतेन दुर्नयप्ररूपणहेवाकखड्गेन। एवमित्यनुभवसिद्धं प्रकारमाह। अपिशब्दस्य भिन्नक्रमत्वाद् अशेषमपि जगद् निखिलमपि त्रैलोक्यम्। "तात्स्थ्यात् तद्व्यपदेशः" इति त्रैलोक्यगतजन्तुजातम्। विलुप्तं सम्यग्ज्ञानादिभावप्राणव्यपरोपणेन व्यापादितम्। तत् त्रायस्व इत्याशयः। सम्यग्ज्ञानादयो हि भावप्राणाः प्रावचनिकैर्गीयन्ते। अत एव सिद्धेष्वपि जीवव्यपदेशः। अन्यथा हि जीवधातुः प्राणधारणार्थेऽभिधीयते। तेषां च दशविधप्राणधारणाभावाद् अजीवत्वप्राप्तिः। सा च विरुद्धा। तस्मात् संसारिणो दशविधद्रव्यप्राणधारणाद् जीवाः सिद्धाश्च ज्ञानादिभावप्राणधारणाद् इति सिद्धम्। दुर्नयस्वरूपं चोत्तरकाव्ये व्याख्यास्यामः ॥ इति काव्यार्थः ॥२७॥

(અનુવાદ)

હવે ઉત્તરાર્ધની વ્યાખ્યા કરતાં કહે છે કેઃ આ પ્રકારે એકાન્તવાદમાં સુખદુઃખનો ભોગ વગેરે વ્યવહારસિદ્ધ નહીં હોવા છતાં પણ અન્ય દર્શનકારો

દુર્નયના દુરાગ્રહ રૂપી તલવારથી સકલ વિશ્વના જીવોના સમ્યગ્ દર્શન, સમ્યગ્ જ્ઞાન, અને સમ્યગ્ ચારિત્રરૂપ ભાવ પ્રાણોનો નાશ કરી રહ્યા છે. જેમ શત્રુઓ શસ્ત્રથી સમસ્ત જગતનો સંહાર કરે છે, તેમ અન્ય દાર્શનિકો દુર્નયની પ્રરૂપણા કરીને જીવોના સમ્યગ્ જ્ઞાનાદિને લુપ્તપ્રાય કરી નાખે છે. આથી હે ભગવાન, આપ તે દુરાગ્રહી શત્રુઓ દ્વારા થતી જગતની વિડંબનાથી સંસારને મુક્ત કરો. વસ્તુના એકદેશને જાણવો. તે નય કહેવાય છે. અને અભિષ્ટ વસ્તુના અંશને ગ્રહણ કરવા પૂર્વક બાકીના અનભિષ્ટ અંશોનો તિરસ્કાર કરવો તે દુર્નય કહેવાય છે. શ્લોકમાં જે 'અપિ' શબ્દ છે, તેનો અશેષ શબ્દની સાથે પ્રયોગ કરવો એટલે કે જેમ **मञ्चाः क्रोशन्ति**' વાકયનો અર્થ માંચા અવાજ કરે છે' તેમ થતો નથી, પરંતુ ઉપચારથી માંચા ઉપર બેઠેલા પુરુષો અવાજ કરે છે' તેમ થાય છે તેમ અહીં પણ સંપૂર્ણ લોકનો અર્થ સમસ્ત જગતમાં રહેલા જીવો એમ કરવો. પૂર્વાચાર્યો એ સમ્યગ્ દર્શન, સમ્યગ્ જ્ઞાન અનેક સમ્યક્ ચારિત્રને ભાવ પ્રાણ કહ્યા છે. તેથી જ સિદ્ધજીવોમાં જીવત્વનો વ્યવહાર થાય છે. કારણ કે 'जीवृ' ધાતુ પ્રાણોને ધારણ કરવાના અર્થમાં પ્રયુક્ત છે. જો સ્પર્શાદિ દશ દ્રવ્ય પ્રાણોને ધારણ કરે, તેમાં જીવનો વ્યવહાર કરાય તો સિદ્ધ પરમાત્મામાં ઉક્ત દ્રવ્ય પ્રાણોનો અભાવ હોવાથી તેમાં જીવત્વ નહીં રહે. અર્થાત્ અજીવ થઈ જાય. આથી સંસારી જીવોને દશ પ્રકારના દ્રવ્યપ્રાણોની અપેક્ષાએ જીવ કહે છે. અને સિદ્ધ ભગવંતોને જ્ઞાનાદિ ભાવપ્રાણોની અપેક્ષાએ જીવ કહે છે. દુર્નયનું વિશેષ સ્વરૂપે હવે પછીના શ્લોકમાં કહેવાશે.

अवतरण—

साम्प्रतं दुर्नयनयप्रमाणप्ररूपणद्वारेण "प्रमाणनयैरधिगमः" इति वचनाद् जीवाजीवादितत्त्वाधिगमनिबन्धनानां प्रमाणनयानां प्रतिपादयितुः स्वामिनः स्याद्वादविरोधिदुर्नयमार्गनिराकरिष्णुमनन्यसामान्यं वचनातिशयं स्तुवन्नाह—

અવતરણ

હવે દુર્નય, નય અને પ્રમાણની પ્રરૂપણા દ્વારા 'प्रमाणनयैरधिगमः' (પ્રમાણ અને નય વડે જાણવું) એ સૂત્રથી જીવ અજીવ આદિ તત્ત્વોને સમજવાના કારણરૂપ પ્રમાણ અને નયોનું પ્રતિપાદન કરવાવાળા અને સ્યાદ્વાદના વિરોધી દુર્નયોનું નિરાકરણ કરવાવાળા એવા શ્રી જિનેશ્વર ભગવાનના વચનની અસાધારણતાની સ્તુતિ કરતાં કહે છે.

सदेव सत् स्यात्सदिति त्रिधार्थो मीयेत दुर्नीतिनयप्रमाणैः।
यथार्थदर्शी तु नयप्रमाणपथेन दुर्नीतिपथं त्वमास्थः ॥२८॥

મૂળ અર્થ : પદાર્થ દુર્નયની અપેક્ષાએ સર્વથા સત્ સ્વરૂપ જ છે. નયની અપેક્ષાએ સત્ સ્વરૂપ છે. અને પ્રમાણની અપેક્ષાએ કથંચિત્ સત્ સ્વરૂપ છે. આ પ્રકારે એક જ વસ્તુ દુર્નય, નય અને પ્રમાણ એમ ત્રણ પ્રકારે જણાય છે. આ રીતે યથાર્થ વસ્તુ સ્વરૂપને જાણવાવાળા હે ભગવન્ આપે જ પ્રમાણ અને નય દ્વારા દુર્નયમાર્ગનું નિરાકરણ કર્યું છે.

(ટીકા)—अर्यते परिच्छिद्यत इत्यर्थः पदार्थः। त्रिधा त्रिभिः प्रकारैः। मीयते परिच्छिद्येत। विधौ सप्तमी। कैस्त्रिभिः प्रकारैः इत्याह दुर्नीतिनयप्रमाणैः। नीयते परिच्छिद्यते एकदेशविशिष्टोऽर्थ आभिरिति नीतयो नयाः। दुष्टा नीतयो दुर्नीतयो दुर्नया इत्यर्थः। नया नैगमादयः। प्रमीयते परिच्छिद्यतेऽर्थोऽनेकान्तविशिष्टोऽनेन इति प्रमाणम् स्याद्वादात्मकं प्रत्यक्षपरोक्षलक्षणम्। दुर्नीतयश्च नयाश्च प्रमाणे च दुर्नीतिनयप्रमाणानि तैः ॥

(અનુવાદ)

જે જણાય છે તેને પદાર્થ કહે છે. તે પદાર્થોનો દુર્નય, નય અને પ્રમાણથી નિશ્ચિત થાય છે. જેના દ્વારા પદાર્થના એક અંશનું જ્ઞાન થાય છે. તે નય કહેવાય છે. તે નય નૈગમ, સંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર, શબ્દ, સમભિરૂઢ અને એવંભૂત એમ સાત પ્રકારે છે. જેમાં પદાર્થના એક અંશનો નિશ્ચય અને અન્ય અંશોનો અપલાપ કરાય છે,

તે દુર્નય કહેવાય છે. અર્થાત્ અસદ્ભૂત નયને દુર્નય કહે છે. જેના દ્વારા વસ્તુમાં અનેક ધર્મોનું જ્ઞાન થાય તે પ્રમાણ કહેવાય છે. તે પ્રમાણ સ્યાદ્વાદરૂપ છે. પ્રમાણના પ્રત્યક્ષ અને પરોક્ષ, એમ બે ભેદ છે.

(टीका)—केनोल्लेखेन मीयेत इत्याह सदेव सत् स्यात्सद् इति। सदिति अव्यक्तत्वाद् नपुंसकत्वम् यथा किं तस्या गर्भे जातमिति। सदेवेति दुर्नयः। सदिति नयः। स्यात्सदिति प्रमाणम्। तथाहि। दुर्नयस्तावत्सदेव इति ब्रवीति। 'अस्त्येव घटः, इति। अयं वस्तुनि एकान्तास्तित्वमेव अभ्युपगच्छन् इतरधर्माणां तिरस्कारेण स्वाभिप्रेतमेव धर्मं व्यवस्थापयति। दुर्नयत्वं चास्य मिथ्यारूपत्वात्। मिथ्यारूपत्वं च तत्र धर्मान्तराणां सतामपि निह्नवात्। तथा सदिति उल्लेखनात् नयः। स हि 'अस्ति घटः' इति घटे स्वाभिमतमस्तित्वधर्मं प्रसाधयन् शेषधर्मेषु गजनिमिलिकामालम्बते। न चास्य दुर्नयत्वम्। धर्मान्तरातिरस्कारात्। न च प्रमाणत्वम्। स्याच्छब्देन अलाञ्छितत्वात्। स्यात्सदिति 'स्यात्कथञ्चित् सद् वस्तु' इति प्रमाणम्। प्रमाणत्वं चास्य दृष्टेष्टाबाधितत्वाद् विपक्षे बाधकसद्भावाच्च। सर्वं हि वस्तु स्वरूपेण सत् पररूपेण चासद् इति असकृदुक्तम्। सदिति दिङ्मात्रदर्शनार्थम्। अनया दिशा असत्त्वनित्यत्वानित्यत्ववक्तव्यत्वावक्तव्यत्वसामान्यविशेषादि अपि बोद्धव्यम्॥

(અનુવાદ)

सत् શબ્દ અવ્યક્ત (અપ્રગટ) હોવાથી તેનો નપુંસક લિંગમાં પ્રયોગ કરવામાં આવ્યો છે. જેમ ગર્ભસ્થ બાળકનો બરાબર નિશ્ચય નહીં હોવાથી 'किं तस्या गर्भे जातम् ?' એ વાકયમાં નપુંસિક લિંગનો પ્રયોગ છે. તેમ અહીં પણ सत् શબ્દનો નપુંસક લિંગમાં પ્રયોગ કરવામાં આવ્યો છે. (૧) કોઇ પણ પદાર્થમાં અન્ય સર્વે ધર્મોનો નિષેધ કરીને ઈષ્ટ ધર્મને સિદ્ધ કરવો, તે દુર્નય કહેવાય છે. જેમ આ ઘટ જ છે. આ વાકયમાં કેવલ અસ્તિત્વ ધર્મનો જ સ્વીકાર છે. બાકીના સર્વે ધર્મોનો નિષેધ કરવામાં આવ્યો છે. માટે ઉક્ત વાકય દુર્નયનું સૂચક છે. આવા પ્રકારના દુર્નયમાં પોતાના ઈષ્ટ ધર્મના ગ્રહણપૂર્વક અન્ય સર્વે ધર્મોનો નિષેધ કરવાના કારણરૂપ હોવાથી મિથ્યા છે. (૨) કોઈપણ વસ્તુમાં પોતાને ઇષ્ટ અસ્તિત્વ આદિ કોઈ પણ એક ધર્મની સિદ્ધિ કરવી અને બાકીના સર્વે ધર્મો પ્રત્યે ઉદાસીનતા રાખવી, તે નય કહેવાય છે. જેમ 'આ ઘટ છે.' અહીં દુર્નયની જેમ અન્ય ધર્મોનો તિરસ્કાર કરવામાં આવ્યો નથી, માટે તે દુર્નય નથી. અને स्यात् શબ્દનો પ્રયોગ નહીં હોવાથી પ્રમાણ કહી શકાય નહીં (૩) તેમજ વસ્તુના અનેક ધર્મોની અપેક્ષાએ કથંચિત્ સત્ રૂપે વિવેચન કરવું તેને પ્રમાણ કહે છે. જેમ 'ઘટ કથંચિત્ સત્રૂપ છે' અને તે પ્રત્યક્ષ તથા અનુમાનથી અબાધિત હોવાથી તેમ જ એકાન્તવાદરૂપ વિપક્ષમાં બાધકનો સદ્ભાવ હોવાથી પ્રમાણ રૂપ છે. પ્રત્યેક વસ્તુ

પોતાના સ્વરૂપથી સત્ છે અને પર વસ્તુના સ્વભાવથી અસત્ છે. અહિં એક સત્ ધર્મનું જે પ્રકારે નિરૂપણ કરવામાં આવ્યું છે તે પ્રકારે અસત્, નિત્ય, અનિત્ય, વક્તવ્ય, અવક્તવ્ય, સામાન્ય અને વિશેષ આદિ અનેક ધર્મોનું સ્વરૂપ પણ સમજી લેવું.

(ટીકા)—इत्थं वस्तुस्वरूपमाख्याय स्तुतिमाह यथार्थदर्शी इत्यादि। दुर्नीतिपथं दुर्नयमार्गम्। तुशब्दस्य अवधारणार्थस्य भिन्नक्रमत्वात् त्वमेव आस्थः त्वमेव निराकृतवान्। न तीर्थान्तरदैवतानि। केन कृत्वा। नयप्रमाणपथेन। नयप्रमाणे उक्तस्वरूपे। तयोर्मार्गेण प्रचारेण। यतस्त्वं यथार्थदर्शी। यथार्थोऽस्ति तथैव पश्यतीत्येवंशीलो यथार्थदर्शी। विमलकेवलज्योतिषा यथावस्थितवस्तुदर्शी। तीर्थान्तरशास्तारस्तु रागादिदोषकालुष्यकलङ्कितत्वेन तथाविधज्ञानाभावाद् न यथार्थदर्शिनः ततः कथं नाम दुर्नयपथमथने प्रगल्भन्ते ते तपस्विनः। न हि स्वयमनयप्रवृत्तः परेषामनयं निषेद्धुमुद्धुरतां धत्ते। इदमुक्तं भवति। यथा कश्चित् सन्मार्गवेदी परोपकारदुर्ललितः पुरुषश्चौरश्वापदकण्टकाद्याकीर्णं मार्गं परित्याज्य पथिकानां गुणदोषोभयविकलं दोषास्पृष्टं गुणयुक्तं च मार्गमुपदर्शयति, एवं जगन्नाथोऽपि दुर्नयतिरस्करणेन भव्येभ्यो नयप्रमाणमार्गं प्ररूपयतीति। आस्थः इति अस्यतेरद्यतन्यां "शास्त्यसूवक्तिख्यातेरङ्" इत्यादि "श्वयत्यसूवचपतः श्वास्थवोचपप्तम्" इति अस्थादेशे "स्वरादेस्तासु" इति वृद्धौ रूपम्॥

(અનુવાદ)

આ પ્રકારે વસ્તુના સ્વરૂપને બતાવીને હવે 'યથાર્થદર્શી' ઇત્યાદિ પદવડે સ્તુતિ કરતા કહે છે કે : એક ભગવંત જ યથાર્થ વસ્તુસ્વરૂપના જ્ઞાતા છે. શ્લોકમાં જે 'તુ' શબ્દ છે, તે નિશ્ચય અર્થમાં પ્રયુક્ત છે. તેથી 'त्वमेव'—હે ભગવન, આપ જ દુર્નયમાર્ગનું નિરાકરણ કરવા સમર્થ છો, કેમકે નિર્મળ એવા કૈવલ્ય જ્ઞાનરૂપ જ્યોતિ વડે સમસ્ત પદાર્થોને જાણનારા આપ એક જ હોવાથી આપે નય અને પ્રમાણ દ્વારા દુર્નયવાદનું નિરાકરણ ઠીક ઠીક કર્યું છે. અન્ય દર્શનોના પ્રણેતા તો રાગદ્વેષ આદિદોષોથી પૂર્ણ હોવાના કારણે તેવા વિશિષ્ટ જ્ઞાનનો અભાવ હોવાથી, યથાર્થદર્શી નથી. તેથી તે તપસ્વીઓ દુર્નયમાર્ગનું નિરાકરણ કઈ રીતે કરી શકે ? કેમકે જે સ્વયં અનીતિના માર્ગમાં પડયા હોય, તે બીજાઓને અનીતિથી બચાવી શકતા નથી. આથી જેમ કોઇ સન્માર્ગના જ્ઞાતા પરોપકારનિષ્ઠ પુરુષ મુસાફરોને કુમાર્ગથી બચાવવાની ઇચ્છાથી, ચોર-શિકારી-પશુઓ અને અનેક પ્રકારના કંટકોથી યુક્ત એવા કુમાર્ગનો ત્યાગ કરાવીને નિર્દોષ અને ગુણથી યુક્ત સન્માર્ગને બતાવે છે. તેમ ત્રિલોકના નાથ શ્રી અરિહંત ભગવાન અનેક ઉપદ્રવો(દોષો)થી યુક્ત એવા દુર્નયરૂપ કુમાર્ગનો ત્યાગ કરાવીને ભવ્ય જીવોને અનેક ગુણોથી યુક્ત એવા નય અને પ્રમાણરૂપ સન્માર્ગને બતાવે છે.

શ્લોકમાં 'आस्थः' પદ નિરાકરણ કરવાના અર્થમાં પ્રયુક્ત છે. તે 'असू' ધાતુથી અદ્યતન (લુઙ્લકાર)માં 'शास्त्यसूवक्तिख्यातेरङ्' એ સૂત્રથી 'अङ्' પ્રત્યય થયો છે.

અને ત્યાર બાદ 'श्वयत्यसूवचपतः श्वास्थवोचपप्तम्' એ સૂત્રથી 'अस्थ' આદેશ થયેા છે, અને 'स्वरादेस्तासु' એ સૂત્રથી 'अ' ના સ્થાનમાં વૃદ્ધિ થવાથી 'आस्थः' શબ્દ બન્યેા છે.

(टीका)—मुख्यवृत्त्या च प्रमाणस्यैव प्रामाण्यम्। यच्च अत्र नयानां प्रमाणतुल्यकक्षताख्यापनं तत् तेषामनुयोगद्वारभूततया प्रज्ञापनाङ्गत्वज्ञापनार्थम्। चत्वारि हि प्रवचनानुयोगमहानगरस्य द्वाराणि उपक्रमः निक्षेपः अनुगमः नयश्चेति एतेषां च स्वरूपमावश्यकभाष्यादेर्निरूपणीयम्। इह तु नोच्यते ग्रन्थगौरवभयात्। अत्र चैकत्र कृतसमासान्तः पथिन्शब्दः। अन्यत्र चाव्युत्पन्नः पथशब्दोऽदन्त इति पथशब्दस्य द्विः प्रयोगो न दुष्यति॥

(અનુવાદ)

વાસ્તવિક તેા માત્ર પ્રમાણ જ પ્રમાણરૂપ છે. પરંતુ નયેા અનુયેાગરૂપ મહાનગરના દ્વારભૂત હેાવાથી, પ્રજ્ઞાપનાના અંગભૂત નયેામાં પ્રમાણની તુલ્યતા જણાવવા માટે નયેાનું નિર્વચન કરવામાં આવે છે. અનુયેાગરૂપ મહાનગરમાં પ્રવેશ કરવાના ઉપક્રમ, નિક્ષેપ અનુગમ અને નય, આ ચાર દરવાજા છે. તેનું વિશેષ સ્વરૂપ વિશેષાવશ્યક ભાષ્ય આદિ ગ્રંથેામાં બતાવવામાં આવ્યું છે. અહીં ગ્રંથવિસ્તારના ભયથી તેનું નિરૂપણ કર્યું નથી. પ્રસ્તુતમાં એક જગ્યાએ 'पथिन्' શબ્દ સમાસાન્ત છે અને બીજી જગાએ અવ્યુત્પન્ન અકારાન્ત 'पथ' શબ્દ છે, તેથી પથ શબ્દનેા બે વખત પ્રયેાગ દૂષિત નથી.

(टीका)—अथ दुर्नयनयप्रमाणस्वरूपं किञ्चिन्निरूप्यते। तत्रापि प्रथमं नयस्वरूपम्। तदनधिगमे दुर्नयस्वरूपस्य दुष्परिज्ञानत्वात्। अत्र च आचार्येण प्रथमं दुर्नयनिर्देशो यथोत्तरं प्राधान्यावबोधनार्थः कृतः। तत्र प्रमाणप्रतिपन्नार्थैकदेशपरामर्शो नयः। अनन्तधर्माध्यासितं वस्तु स्वाभिप्रेतैकधर्मविशिष्टं नयति प्रापयति संवेदनकोटिमारोहयति इति नयः। प्रमाणप्रवृत्तेरुत्तरकालभावी परामर्श इत्यर्थः। नयाश्चानन्ताः। अनन्तधर्मत्वात् वस्तुनः तदेकधर्मपर्यवसितानां वक्तुरभिप्रायाणां च नयत्वात्। तथा च वृद्धाः—"जावइआ वयणपहा तावइआ चेव हुंति नयवाया" इति। तथापि चिरन्तनाचार्यैः सर्वसंग्राहिसप्ताभिप्रायपरिकल्पनाद्वारेण सप्त नयाः प्रतिपादिताः। तद्यथा। नैगमसंग्रहव्यवहारऋजुसूत्रशब्दसमभिरूढैवंभूता इति। कथमेषां सर्वसंग्राहकत्वमिति चेत्। उच्यते। अभिप्रायस्तावद् अर्थद्वारेण शब्दद्वारेण वा प्रवर्तते, गत्यन्तराभावात्। तत्र ये केचनार्थनिरूपणप्रवणाः प्रमात्राभिप्रायास्ते सर्वेऽपि आद्ये नयचतुष्टयेऽन्तर्भवन्ति। ये च शब्दविचारचतुरास्ते शब्दादिनयत्रये इति॥

(अनुवाद)

હવે દુર્નય અને પ્રમાણના સ્વરૂપનું કંઈક નિરૂપણ કરવામાં આવે છે. તેમાં પણ પ્રથમ નયના સ્વરૂપનું પ્રતિપાદન કરવામાં આવે છે. કેમકે નયના જ્ઞાન વિના દુર્નયનું

જ્ઞાન થઈ શકતું નથી. અહીં સ્તુતિકાર પ્રથમ દુર્નય, ત્યારબાદ નય અને પછીથી પ્રમાણનો નિર્દેશ કરીને સૂચવે છે કે દુર્નયથી નયની પ્રધાનતા અને નયથી પ્રમાણથી પ્રધાનતા છે. (૧) તેમાં પ્રમાણથી જ્ઞાત (જણાયેલા) પદાર્થના એક અંશનું જ્ઞાન તે નય કહેવાય છે. (૨) તેમજ પ્રત્યેક વસ્તુમાં અનંત ધર્મો રહેલા છે, તેમાંથી પોતાને ઈષ્ટ એક ધર્મને સ્વીકારવો, તેને પણ નય કહે છે. (૩) પ્રમાણ દ્વારા નિશ્ચિત પદાર્થને ઉત્તરકાળમાં જાણવા તે પણ નય કહેવાય છે. તે નયો વસ્તુના અનંત ધર્મો હોવાથી અનંત છે, આ રીતે (૪) વસ્તુના અનંત ધર્મોમાંથી વક્તાના અભિપ્રાય અનુસાર એક ધર્મનું કથન કરવું, તેને નય કહે છે. પુરાતન આચાર્યોએ પણ કહ્યું છે કે જેટલા વચનના પ્રકારો છે, તેટલા પ્રકારના નયો હોય છે. સર્વ વસ્તુનો સંગ્રહ કરનારાં સાત પ્રકારનાં વચનોની કલ્પના દ્વારા સાત પ્રકારના નયોનું પ્રતિપાદન કરેલું છે. તે આ પ્રમાણે :- નૈગમ, સંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર, શબ્દ, સમભિરૂઢ, અને એવંભુત.

શંકા :-નયોમાં સર્વવસ્તુનું સંગ્રાહકપણું કઈ રીતે છે ?

સમાધાન : વક્તાના અભિપ્રાયો અર્થદ્વારા અથવા શબ્દદ્વારા પ્રવર્તે છે. તેમાં નૈગમ, સંગ્રહ, વ્યવહાર અને ઋજુસૂત્ર આ ચાર નયો અર્થનું નિરૂપણ કરતા હોવાથી તેમને અર્થનય કહે છે. અને શબ્દ, સમભિરૂઢ અને એવંભુત, આ ત્રણ નયો શબ્દનું નિરૂપણ કરતા હોવાથી તેમને શબ્દ નય કહે છે. આ પ્રકારે અર્થ અને શબ્દ સિવાય બીજા કોઇ પ્રકારનો અભાવ હોવાથી સાત નયોમાં સર્વ વસ્તુનું સંગ્રાહકપણું છે.

(ટીકા) तत्र नैगमः सत्तालक्षणं महासामान्यम्, अवान्तरसामान्यानि च द्रव्यत्वगुणत्वकर्मत्वादीनि, तथान्त्यान् विशेषान् सकलासाधारणरूपलक्षणान्, अवान्तरविशेषांश्चापेक्षया पररूपव्यावर्त्तनक्षमान् सामान्यान् अत्यन्तविनिर्लुठितस्वरूपानभिप्रैति। इदं च स्वतन्त्रसामान्यविशेषवादे क्षुण्णमिति न पृथक्प्रयत्नः। प्रवचनप्रसिद्धनिलयनप्रस्थदृष्टान्तद्वयगम्यश्चायम्। संग्रहस्तु अशेषविशेषतिरोधानद्वारेण सामान्यरूपतया विश्वमुपादत्ते। एतच्च सामान्यैकान्तवादे प्राक् प्रपञ्चितम्॥

(અનુવાદ)

(૧-૨) નૈગમ નય સત્તારૂપ મહાસામાન્યને, દ્રવ્યત્વ, ગુણત્વ અને કર્મત્વરૂપ અવાન્તર સામાન્યને, સંપૂર્ણ અસાધારણરૂપ વિશેષોને તથા પરરૂપથી વ્યાવૃત્ત કરવામાં સમર્થ અને સામાન્યથી અત્યંત ભિન્ન અવાન્તર વિશેષોને સ્વીકારે છે. આ રીતે નૈગમ નય સામાન્ય અને વિશેષ, ઉભયને ગ્રહણ કરે છે. નૈગમનયનું વિશેષ સ્વરૂપ અને ૧૪ મા શ્લોકમાં સ્વતંત્ર સામાન્ય વિશેષવાદનું નિરૂપણ કરતી વખતે બતાવ્યું છે. તેથી અહીં પુનઃ નિર્વચન કર્યું નથી. નૈગમ નયનાં 'નિલયન' અને 'પ્રસ્થક' એમ બે દૃષ્ટાંત શાસ્ત્રમાં પ્રસિદ્ધ છે. તે આ પ્રમાણે : નિલયન શબ્દનો અર્થ નિવાસસ્થાન થાય છે. જેમ કોઇ પુરુષે કોઇ વ્યક્તિને પૂછયું કે આપ કયાં રહો છો ? તેના પ્રત્યુત્તરમાં તેણે કહ્યું કે હું લોકમાં રહુ છું, લોકમાં પણ જંબુદ્વીપમાં, જંબુદ્વીપમાં પણ ભરતક્ષેત્રમાં, તેના પણ મધ્યખંડમાં, મધ્યખંડમાં પણ અમુક દેશમાં, દેશમાં પણ અમુક નગરમાં, અમુક નગરમાં પણ અમુક પોળમાં, તેમાં પણ અમુક ઘરમાં આવા સર્વ વિકલ્પોને નૈગમનય

સ્વીકારે છે. બીજું દૃષ્ટાંત પ્રસ્થકનું છે, પાંચશેર ધાન્ય માપવાની વસ્તુ વિશેષ, તે પ્રસ્થક (પાલી) કહેવાય છે. કોઇ પુરુષે કુહાડી લઇને જંગલમાં જતા કોઇ આદમીને પૂછ્યું કે આપ ક્યાં જઈ રહ્યા છો ? તેણે કહ્યું કે : હું પ્રસ્થક લેવા જાઉં છું. પ્રસ્થકને યોગ્ય લાકડું વૃક્ષરૂપે હોવા છતાં પણ તેમાંથી તેને કાપીને, ખોલે લાવીને પ્રસ્થક બનાવે ત્યાં સુધીની વૃક્ષથી આરંભીને સઘળી અવસ્થામાં નૈગમનય પ્રસ્થકનું અસ્તિત્વ સ્વીકારે છે. આ રીતે નૈગમનયનો વિષય બીજા સર્વનયો કરતાં અધિક છે. (૨) સંગ્રહનય, સમસ્ત વિશેષોનો સામાન્યમાં અન્તર્ભાવ કરવા દ્વારા, જગતને માત્ર સામાન્ય રૂપે માને છે. તે સંગ્રહનયનું વિશેષ સ્વરૂપ ચોથા પાંચમા શ્લોકમાં એકાન્ત સામાન્યવાદની પ્રરૂપણા કરતી વખતે કહી ગયા છીએ.

(ટીકા) व्यवहारस्त्वेवमाह। यथा लोकग्राहमेव वस्तु अस्तु, किमनया अदृष्टा-व्यवह्रियमाणवस्तुपरिकल्पनकष्टपिष्टिकया। यदेव च लोकव्यवहारपथमवतरति तस्यैवा-नुग्राहकं प्रमाणमुपलभ्यते नेतरस्य। न हि सामान्यमनादिनिधनमेकं संग्रहाभिमतं प्रमाणभूमिः, तथानुभवाभावात्। सर्वस्य सर्वदर्शित्वप्रसङ्गाच्च। नापि विशेषाः परमाणु-लक्षणाः क्षणक्षयिणः प्रमाणगोचराः, तथा प्रवृत्तेरभावात्। तस्माद् इदमेव निखिल-लोकाबाधितं प्रमाणप्रसिद्धं कियत्कालभाविस्थूलतामाबिभ्राणमुदकाद्याहरणाद्यर्थक्रिया-निर्वर्तनक्षमं घटादिकं वस्तुरूपं पारमार्थिकम्। पूर्वोत्तरकालभावितत्पर्यायपर्यालोचना पुनरज्यायसी। तत्र प्रमाणप्रसराभावात्। प्रमाणमन्तरेण विचारस्य कर्तुमशक्यत्वात्। अवस्तुत्वाच्च तेषां किं तदगोचरपर्यालोचनेन। तथाहि। पूर्वोत्तरकालभाविनो द्रव्यवि वर्ताः क्षणक्षयिपरमाणुलक्षणा वा विशेषा न कथंचन लोकव्यवहारमुपरचयन्ति। तन्न ते वस्तुरूपाः। लोकव्यवहारोपयोगिनामेव वस्तुत्वात्। अत एव पन्था गच्छति, कुण्डिका स्रवति, गिरिर्दह्यते, मञ्चाः क्रोशन्ति इत्यादिव्यवहाराणां प्रामाण्यम्। तथा च वाचकमु-ख्यः—"लौकिकसम उपचारप्रायो विस्तृतार्थो व्यवहारः" इति ॥

(અનુવાદ)

(૩) વ્યવહાર નય કહે છે કે : જે વસ્તુ લોકમાં પ્રસિદ્ધ છે, અથવા લોકવ્યવહારમાં ઉપયોગી છે, તે જ પારમાર્થિક વસ્તુ છે અને તેજ પ્રમાણથી સિદ્ધ છે. તે સિવાય બીજી કોઇ વસ્તુ નથી. તેથી અદૃષ્ટ અને વ્યવહારમાં અનુપયોગી વસ્તુની કલ્પના શા માટે કરવી જોઇએ ? સંગ્રહનયને અભિમત અનાદિનિધનરૂપ એક કોઈ સામાન્ય પ્રમાણનો વિષય થઇ શકતો નથી. કેમકે તેવા પ્રકારના સામાન્યનો સર્વલોકસાધારણ અનુભવ થઈ શકતો નથી. જો તે સામાન્યનો સર્વલોકને અનુભવ થતો હોય તો સહુ સર્વજ્ઞ થઇ જવા જોઈએ કેમકે સંગ્રહનયના મતે સર્વ જગત્ એક સામાન્યરૂપ છે. તેથી એક સામાન્યનું જ્ઞાન થવાથી સમસ્ત જગતનું જ્ઞાન થઇ જશે. ! તેમજ ક્ષણ-ક્ષણમાં નષ્ટ થનાર પરમાણુરૂપ વિશેષો પણ વ્યવહાર નયના વિષય બની શકતા નથી. કેમકે પરમાણુ આદિ સૂક્ષ્મ પદાર્થો પ્રત્યક્ષ આદિ પ્રમાણનો વિષય નહિ હોવાથી તેમાં પ્રવૃત્તિ થઇ શકતી

નથી. માટે વ્યવહાર નયની અપેક્ષાએ અમુક કાલપર્યંત રહેવાવાળી સ્થૂલ પર્યાયને ધારણ કરનારી અને જલ આદિને ધારણ કરનારી અનેક ક્રિયાને કરવા સમર્થ ઘટ આદિ વસ્તુ જ પારમાર્થિક છે. કેમકે તેવી વસ્તુ માનવામાં સર્વ લોકનો અવિરોધ છે, તે જ પ્રમાણથી સિદ્ધ છે. આથી ઘટનું જ્ઞાન કરતી વખતે ઘટના પૂર્વ અને ઉત્તરકાલ સંબંધી પર્યાયોની વિચારણા વ્યર્થ છે. કેમકે સૂક્ષ્મ પર્યાયો પ્રમાણથી જાણી શકાતા નથી. પૂર્વ અને ઉત્તર પર્યાયો અવસ્તુ રૂપ છે, માટે તેની સમાલોચના શા માટે કરવી જોઇએ ? પૂર્વ અને ઉત્તર કાળમાં થવાવાળા દ્રવ્યના પ્રર્યાયો અથવા ક્ષણ ક્ષણમાં નાશ પામનારા પરમાણુરૂપ વિશેષો કોઇપણ રીતે લોકવ્યવહારમાં ઉપયોગી થઈ શકતા નથી. તેથી તે વિશેષો અવસ્તુરૂપ છે. કારણ કે જે લોકવ્યવહારમાં ઉપયોગી હોય છે, તેજ વસ્તુ કહેવાય છે. આથી જ 'માર્ગ જાય છે,' 'કુંડી ઝરે છે,' 'પર્વત બળે છે,' 'માંચા અવાજ કરે છે' ઇત્યાદિ ઔપચારિક વ્યવહાર પણ લોકમાં ઉપયોગી હોવાથી પ્રમાણ રૂપ છે. તેમજ વાચક મુખ્ય શ્રી ઉમાસ્વાતિ મહારાજે પણ કહ્યું છે કે : લોકવ્યવહાર મુજબ ઉપચરિત અર્થને બતાવવાવાળા વિસ્તૃત અર્થને વ્યવહાર કહે છે.

(ટીકા) ऋजुसूत्रः पुनरिदं मन्यते । वर्तमानक्षणविवर्त्येव वस्तुरूपम् । नातीतमनागतं च । अतीतस्य विनष्टत्वाद् अनागतस्यालब्धात्मलाभत्वात् खरविषाणादिभ्योऽविशिष्यमाणतया सकलशक्तिविरहरूपत्वात् नार्थक्रियानिर्वर्तनक्षमत्वम् तदभावाच्च न वस्तुत्वम् । "यदेवार्थक्रियाकारि तदेव परमार्थसत्" इतिवचनात् । वर्तमानक्षणालिङ्गितं पुनर्वस्तुरुपं समस्तार्थक्रियासु व्याप्रियत इति तदेव पारमार्थिकम् । तदपि च निरंशमभ्युपगन्तव्यम् । अंशव्याप्तेर्युक्तिरिक्तत्वात् । एकस्य अनेकस्वभावतामन्तरेण अनेकस्यावयवव्यापनायोगात् । अनेकस्वभावता एवास्तु इति चेत् । न । विरोधव्याघ्राघ्रातत्वात् । तथाहि । यदि एकः स्वभावः कथमनेकः अनेकश्चेत्कथमेकः एकानेकयोः परस्परपरिहारेणावस्थानात् । तस्मात् स्वरूपनिमग्नाः परमाणव एव परस्परोपसर्पणद्वारेण कथंचिन्निचयरूपतामापन्ना निखिलकार्येषु व्यापारभाज इति त एव स्वलक्षणं न स्थूलतां धारयत् पारमार्थिकमिति । एवमस्याभिप्रायेण यदेव स्वकीयं तदेव वस्तु न परकीयम्. अनुपयोगित्वादिति ॥

(અનુવાદ)

(૪) ઋજુસૂત્ર નય વસ્તુના અતીત અને અનાગત પર્યાયોનો ત્યાગ કરીને કેવલ વર્તમાન ક્ષણના જ પર્યાયોને માને છે. કેમકે અતીતકાલીન પર્યાયો નષ્ટ થઈ ગયા છે અને અનાગત (ભવિષ્ય) કાલીન પર્યાયો હજુ ઉત્પન થયા નથી. તેથી તે અતીત અને અનાગતકાલીન પર્યાયો ખરશૃંગ વન્ધ્યાપુત્ર આદિ અસત્ વસ્તુની જેમ સર્વ શક્તિથી રહિત હોવાથી કોઇપણ અર્થક્રિયા કરવા સમર્થ થઇ શકતા નથી. અતીત અનાગત કાલીન પર્યાયોમાં અર્થક્રિયા નહિ રહેવાથી અવસ્તુ રૂપ છે. જે અર્થક્રિયા કરવા સમર્થ હોય છે, તેજ સત્ (વસ્તુ) કહેવાય છે. માટે વર્તમાનકાલીન પર્યાયોમાં જ અર્થક્રિયા

રહેવાથી પરમાર્થથી વસ્તુરૂપ છે. તે વર્તમાનક્ષણવર્તી પર્યાયો નિરંશ છે કેમકે વસ્તુ અંશસહિત માનવી તે યુક્તિથી સિદ્ધ થઈ શકતું નથી.

શંકા : એક વસ્તુમાં અનેક સ્વભાવ માન્યા વિના, તે વસ્તુ અનેક અવયવોમાં રહી શકતી નથી. આથી વસ્તુમાં અનેક સ્વભાવ માનવા જોઇએ.

સમાધાન : એ ઠીક નથી, કેમકે અનેક સ્વભાવવાળી વસ્તુ માનવામાં વિરોધ આવે છે, એક અને અનેકનો પરસ્પર વિરોધ છે. તેથી એક સ્વભાવવાળી વસ્તુમાં અનેક સ્વભાવ અને અનેક સ્વભાવવાળી વસ્તુમાં એક સ્વભાવ રહી શકતા નથી. તેથી પોતાનાં સ્વરૂપમાં સ્થિત પરમાણુઓ જ પરમાર્થથી સત્ છે. આથી ઋજુસૂત્ર નયની અપેક્ષાએ જે પોતાના સ્વરૂપમાં સ્થિત હોય તે જ વસ્તુ કહેવાય છે. પરંતુ પરકીય પદાર્થ અનુપયોગી હોવાના કારણે વસ્તુ સ્વરૂપ નથી.

(टीका) शब्दस्तु रूढितो यावन्तो ध्वनयः कस्मिंश्चिदर्थे प्रवर्तन्ते, यथा इन्द्रशक्रपुरन्दरादयः सुरपतौ तेषां सर्वेषामप्येकमर्थमभिप्रैति किल, प्रतीतिवशाद् । यथा शब्दाव्यतिरेकोऽर्थस्य प्रतिपाद्यते तथैव तस्यैकत्वमनेकत्वं वा प्रतिपादनीयम् । न च इन्द्रशक्रपुरन्दरादयः पर्यायशब्दा विभिन्नार्थवाचितया कदाचन प्रतीयन्ते । तेभ्यः सर्वदा एकाकारपरामर्शोत्पत्तेरस्खलितवृत्तितया तथैव व्यवहारदर्शनात् । तस्माद् एक एव पर्यायशब्दानामर्थ इति । शब्द्यते आह्वयतेऽनेनाभिप्रायेणार्थः इति निरुक्तात् एकार्थप्रतिपादनाभिप्रायेणैव पर्यायध्वनीनां प्रयोगात् । यथा चायं पर्यायशब्दानामेकमर्थमभिप्रैति तथा तटस्तटी तटम् इति विरुद्धलिङ्गलक्षणधर्माभिसम्बन्धाद् वस्तुनो भेदं चाभिधत्ते । न हि विरुद्धधर्मकृतं भेदमनुभवतो वस्तुनो, विरुद्धधर्मायोगो युक्तः । एवं सङ्ख्याकालकारकपुरुषादिभेदाद् अपि भेदोऽभ्युपगन्तव्यः । तत्र सङ्ख्या एकत्वादिः कालोऽतीतादिः कारकं कर्त्रादि पुरुषः प्रथमपुरुषादिः ॥

(અનુવાદ)

શબ્દનય રૂઢિથી જેટલા શબ્દો એક અર્થમાં પ્રવર્તે છે તે સર્વને માને છે, જેમકે શક્ર, ઈન્દ્ર, પુરંદર આદિ ભિન્ન ભિન્ન શબ્દો એક જ સુરપતિ (ઇન્દ્ર) અર્થના દ્યોતક છે, કેમકે તેવા પ્રકારની જ પ્રતીતિ થાય છે. જેમ શબ્દ અર્થથી અભિન્ન છે તેમ એક અને અનેક પણ છે. ઇન્દ્ર, શક્ર, પુરંદર આદિ પર્યાયવાચી શબ્દો કયારે પણ સુરપતિ સિવાય અન્ય અર્થનું પ્રતિપાદન કરતા નથી. કેમકે તે સર્વે શબ્દોથી એકાકાર અધ્યવસાયનું અસ્ખલિતરૂપે જ્ઞાન થાય છે. અર્થાત્ તે સર્વે શબ્દોથી હમેશા એક જ અર્થનું જ્ઞાન થાય છે. જેમ શક્ર, ઇંદ્ર, પુરંદર આદિ પર્યાયવાચી શબ્દો એક જ અર્થને કહે છે. તેથી અર્થથી શબ્દ જેમ અભિન્ન છે, તેમ 'तटः' 'तटी' અને ' तटम् 'એ પરસ્પર વિરુદ્ધ લિંગવાળા શબ્દોથી પદાર્થમાં ભેદને બતાવે છે. કેમકે વિરુદ્ધ ધર્મવડે પદાર્થમાં ભેદનો અનુભવ થાય છે. એ પ્રમાણે એકત્વ આદિ સંખ્યા, અતીત આદિ કાલ, કર્ત્તા આદિ કારક અને પ્રથમ પુરુષ આદિ પુરુષના ભેદથી શબ્દ અને અર્થમાં ભેદ થાય છે.

(टीका) समभिरूढस्तु पर्यायशब्दानां प्रविभक्तमेवार्थमभिमन्यते। तद्यथा इन्दनात् इन्द्रः। परमैश्वर्यम् इन्द्रशब्दवाच्यं परमार्थतस्तद्वत्यर्थे। अतद्वत्यर्थे पुनरुपचारतो वर्तते। न वा कश्चित् तद्वान्। सर्वशब्दानां परस्परविभक्तार्थप्रतिपादितया आश्रयाश्रयिभावेन प्रवृत्त्यसिद्धेः। एवं शकनात् शक्रः पूदारणात् पुरन्दर इत्यादिभिन्नार्थत्वं सर्वशब्दानां दर्शयति। प्रमाणयति च। पर्यायशब्दा अपि भिन्नार्थकाः। प्रविभक्तव्युत्पत्तिनिमित्तकत्वात्। इह ये ये प्रविभक्तव्युत्पत्तिनिमित्तकास्ते ते भिन्नार्थकाः, यथा इन्द्रपशुपुरुषशब्दाः। विभिन्नव्युत्पत्तिनिमित्तकाश्च पर्यायशब्दा अपि। अतो भिन्नार्था इति॥

(અનુવાદ)

(૬) સમભિરૂઢ નય પર્યાયવાચી ભિન્ન ભિન્ન શબ્દોથી વ્યુત્પત્તિના ભેદે ભિન્ન ભિન્ન અર્થ સ્વીકારે છે. જેમ ઇંદ્ર, શક્ર, પુરંદર આદિ શબ્દો પર્યાયવાચી (એક જ અર્થના દ્યોતક) હોવા છતાં પણ પરમ ઐશ્વર્યવાન જે હોય તે જ ઇંદ્ર કહેવાય છે, સામર્થ્યવાન જે હોય તે જ શક્ર કહેવાય છે. તેવી જ રીતે નગરનું વિદારણ કરનાર હોય તે જ પુરંદર કહેવાય છે. ભિન્ન ભિન્ન શબ્દો ભિન્ન ભિન્ન અર્થના દ્યોતક છે. વાસ્તવમાં જેમાં પરમ ઐશ્વર્ય હોય છે તે જ ઇન્દ્ર શબ્દનો વાચ્ય કહેવાય છે. જેમાં પરમ ઐશ્વર્ય ના હોય તેમાં ઈન્દ્રશબ્દની પ્રવૃત્તિ થઇ શકતી નથી; તેમાં તો કેવલ ઉપચારથી ઇંદ્રશબ્દનો પ્રયોગ થાય છે. આથી પરસ્પર ભિન્ન ભિન્ન અર્થને પ્રતિપાદન કરવાવાળા શબ્દોમાં આશ્રય-આશ્રયી ભાવ સંબંધ બની શકતો નથી. આ પ્રમાણે ઇંદ્ર, શક્ર, પુરંદર આદિ પર્યાયવાચી શબ્દો પણ ભિન્ન ભિન્ન અર્થને જ દ્યોતિત કરે છે. કેમકે પર્યાયવાચી શબ્દો પણ ભિન્ન ભિન્ન પ્રકારની વ્યુત્પત્તિ દ્વારા ભિન્ન ભિન્ન અર્થને જ દ્યોતિત કરે છે. હવે તેને પ્રયોગ દ્વારા સિદ્ધ કરે છે કે જે જે શબ્દોની ભિન્ન ભિન્ન વ્યુત્પત્તિ થતી હોય છે તે તે શબ્દો ભિન્ન ભિન્ન અર્થના દ્યોતક હોય છે. જેમ ઇન્દ્ર, પશુ, પુરુષ આદિ શબ્દો. તે તે શબ્દોની ભિન્ન ભિન્ન વ્યુત્પત્તિ થતી હોવાથી તે શબ્દો જેમ ભિન્ન ભિન્ન અર્થના દ્યોતક છે, તેમ ઇંદ્ર, પુરંદર આદિ પર્યાયવાચી શબ્દોની પણ ભિન્ન ભિન્ન વ્યુત્પત્તિ થતી હોવાથી તે શબ્દો પણ ભિન્ન ભિન્ન અર્થોનું જ પ્રતિપાદન કરે છે.

(टीका) एवंभूतः पुनरेवं भाषते। यस्मिन् अर्थे शब्दो व्युत्पाद्यते स व्यत्पत्तिनिमित्तमर्थो यदैव प्रवर्तते तदैव तं शब्दं प्रवर्तमानमभिप्रैति, न सामान्येन। यथा उदकाद्याहरणवेलायां योषिदादिमस्तकारूढो विशिष्टचेष्टावान् एवघटोऽभिधीयते न शेषः। घटशब्दव्युत्पत्तिनिमित्तशून्यत्वात्, पटादिवद् इति। अतीतां भाविनीं वा चेष्टामङ्गीकृत्य सामान्येनैवोच्यत इति चेत्। न। तयोर्विनष्टानुत्पन्नतया शशविषाणकल्पत्वात्। तथापि तद्द्वारेण शब्दप्रवर्तने सर्वत्र प्रवर्तयितव्यः, विशेषाभावात्। किंच यदि अतीतवत्स्यच्चेष्टापेक्षया घटशब्देोऽचेष्टावत्यपि प्रयुज्येत तदा कपालमृत्पिण्डादावपि तत्प्रवर्तनं दुर्निवारं स्याद्, विशेषाभावात्। तस्माद् यत्र क्षणे व्युत्पत्तिनिमित्तमविकलमस्ति तस्मिन् एव सोऽर्थस्तच्छब्दवाच्य इति॥

(અનુવાદ)

(૭) એવંભૂત નય કહે છે કે જે પદાર્થમાં શબ્દની વ્યુત્પત્તિ થાય છે, તે વ્યુત્પત્તિ નિમિત્તક અર્થ જ્યારે વ્યવહારમાં પ્રવર્તે છે, ત્યારે તે અર્થમાં તે શબ્દની પ્રવૃત્તિ થાય છે. જેમ જલ લાવવાના સમયે સ્ત્રી આદિના મસ્તક ઉપર રહેલો ઘડો વિશિષ્ટ પ્રકારની ચેષ્ટાવાળો હોય, ત્યારે જ તે ઘડો કહેવાય. બાકીની અવસ્થામાં રહેલા ઘડાને ઘડો કહી શકાતો નથી, જેમ પટને ઘટ કહી શકાતો નથી. તેમ ઘટ પણ બાકીની અવસ્થામાં જલાદિ લાવવાની ક્રિયાથી રહિત હોવાથી ઘટ કહી શકાતો નથી. જે સમયે પદાર્થ પોતાની ક્રિયામાં પ્રવર્તિત હોય તે સમયે જ તે તે ક્રિયાને અનુરૂપ શબ્દથી પદાર્થ કહેવાય છે. કેમકે પદાર્થ અતીતકાલીન અવસ્થામાં નષ્ટ હોવાથી, અનાગતકાલીન અવસ્થામાં અનુત્પન્ન હોવાથી અને અતીત અનાગનકાલીન અવસ્થામાં શશશૃંગની જેમ અસત્ હોવાથી તે તે અવસ્થામાં સામાન્યત : શબ્દનો પ્રયોગ થઇ શકતો નથી. જો કોઇપણ પ્રકારની અર્થક્રિયાથી શૂન્ય એવી અતીત અનાગતકાલીન અવસ્થામાં પણ ઘટમાં ઘટ શબ્દનો પ્રયોગ થતો હોય તો કપાલ અને માટીના પિંડમાં પણ ઘટ શબ્દનો વ્યવહાર થશે. કેમકે જેવી રીતે અતીત અનાગતકાલીન ઘટ જલાહરણાદિ ક્રિયાથી શૂન્ય છે, તેવી રીતે કપાલ આદિ પણ જલાહરણાદિ અર્થક્રિયાથી શૂન્ય છે. માટે ઘટ અને કપાલમાં સમાનતા હોવાથી, કપાલ આદિ પણ ઘટ શબ્દથી વાચ્ય થશે. આથી સિદ્ધ થાય છે કે જે સમયે શબ્દની વ્યુત્પત્તિનાં નિમિત્તરૂપ અર્થ સંપૂર્ણરૂપે વિદ્યમાન હોય છે, ત્યારે જ તે અર્થમાં શબ્દનો પ્રયોગ થાય છે. આ પ્રકારે એવંભૂત નયના મતે પૃથ્વીનું પાલન કરતો હોય ત્યારે જ તેને પૃથ્વીપાલ (રાજા) કહેવાય અન્યસમયે તેને પૃથ્વીપાલ કહી શકાય નહીં.

(टीका) अत्र संग्रहश्लोकाः-

"अन्यदेव हि सामान्यमभिन्नज्ञानकारणम् ।
विशेषोऽप्यन्य एवेति मन्यते नैगमो नयः ॥१॥
सद्रूपतानतिक्रान्तं स्वस्वभावमिदं जगत् ।
सत्तारूपतया सर्वं संगृह्णान् संग्रहो मतः ॥२॥
व्यवहारस्तु तामेव प्रतिवस्तु व्यवस्थिताम् ।
तथैव दृश्यमानत्वाद् व्यापारयति देहिनः ॥३॥
तत्रार्जुसूत्रनीतिः स्याद् शुद्धपर्यायसंश्रिता ।
नश्वरस्यैव भावस्य भावात् स्थितिवियोगतः ॥४॥
विरोधलिङ्गसंख्यादिभेदाद् भिन्नस्वभावताम् ।
तस्यैव मन्यमानोऽयं शब्दः प्रत्यवतिष्ठते ॥५॥
तथाविधस्य तस्यापि वस्तुनः क्षणवर्तिनः ।
ब्रूते समभिरूढस्तु संज्ञाभेदेन भिन्नताम् ॥६॥

एकस्यापि ध्वनेर्वाच्यं सदा तन्नोपपद्यते ।
क्रियाभेदेन भिन्नत्वाद् एवं भूतोऽभिमन्यते ॥७॥

एत एव च परामर्शा अभिप्रेतधर्मावधारणात्मकतया शेषधर्मतिरस्कारेण प्रवर्तमाना दुर्नयसंज्ञामश्नुवते । तद्बलप्रभावितसत्ताका हि खल्वेते परप्रवादाः । तथाहि । नैगमनयदर्शनानुसारिणौ नैयायिकवैशेषिकौ । संग्रहाभिप्रायप्रवृत्ताः सर्वेऽप्यद्वैतवादाः सांख्यदर्शनं च । व्यवहारनयानुपातिप्रायश्चार्वाकदर्शनम् । ऋजुसूत्राकूतप्रवृत्तबुद्धयस्तथागताः । शब्दादिनयावलम्बिनो वैयाकरणादयः ॥

(અનુવાદ)

અહીં નયસંબંધી સંગ્રહ શ્લોકો બતાવવામાં આવે છે. (૧) નૈગમનય : અભિન્ન જ્ઞાનનું કારણ સામાન્ય અને તેનાથી સર્વથા ભિન્ન વિશેષ છે, આમ સામાન્ય અને વિશેષ, ઉભયને માને છે. (૨) સંગ્રહનયના મતે સત્તારૂપે રહેલું અને સ્વસ્વભાવથી સ્થિત જગત્ હોવાથી, સમસ્ત પદાર્થોનું સામાન્યરૂપે જ્ઞાન થાય છે. (૩) સામાન્યરૂપે રહેલી પ્રત્યેક વસ્તુને ભિન્ન ભિન્ન રૂપે જાણીને લોકો પદાર્થમાં પ્રવૃત્ત થાય છે. આ પ્રકારનો અભિપ્રાય વ્યવહારનયનો છે. (૪) ઋજુસૂત્ર નયના અનુસારે શુદ્ધ પર્યાયમાં રહેલો પ્રત્યેક પદાર્થ સ્થિતિથી રહિત છે તેથી પ્રત્યેક પદાર્થ સ્વભાવથી જ નાશવંત (ક્ષણિક) છે. (૫) શબ્દનય પરસ્પર વિરોધી લિંગ, સંખ્યા આદિના ભેદથી વસ્તુમાં ભેદ માને છે. (૬) સમભિરૂઢ નય તેવા પ્રકારની ક્ષણ સ્થાયી વસ્તુમાં ભિન્ન ભિન્ન સંજ્ઞાના ભેદથી ભેદ માને છે. (૭) પદાર્થને અમુક ક્રિયા કરવાના સમયેજ તે ક્રિયાને અનુરૂપ શબ્દથી કહેવાય છે. પરંતુ ક્રિયાથી રહિત કાળમાં તે પદાર્થ તે શબ્દનો બનતો નથી દા. ત. સાધુ જ્યારે સાધના કરતો હોય ત્યારે જ તેના માટે સાધુ શબ્દ કહેવાય છે. પરંતુ જ્યારે અન્ય ક્રિયામાં પ્રવૃત્ત હોય ત્યારે તેના માટે સાધુ શબ્દ કહી શકાતો નથી. આ પ્રકારે એવંભૂતનય ક્રિયાના ભેદથી ભેદ સ્વીકારે છે.

આ સાતે પ્રકારના નયો જ્યારે અન્ય ધર્મોનો તિરસ્કાર કરીને પોતાના ઇષ્ટ ધર્મનું પ્રતિપાદન કરે છે, ત્યારે તે દુર્નય કહેવાય છે.

આથી એકાન્તવાદી વસ્તુના અનંત ધર્મોમાંથી કેવલ એક ધર્મને જ સત્ય માનીને અન્ય ધર્મોના અપલાપપૂર્વક એક જ ધર્મને સ્વીકારે છે; તેથી તેઓ દુર્નયવાદી કહેવાય છે. જેટલા મત મતાન્તરો છે તે સર્વ આ પ્રકારના સાત નયમાંથી કોઈ એક નયને જ સત્ય માનીને પ્રવર્ત્યા છે.

નૈયાયિક અને વૈશેષિક દર્શન નૈગમ નયનું અનુકરણ કરે છે. સર્વે અદ્વૈતવાદી (વેદાન્તી) તેમજ સાંખ્ય દર્શન સંગ્રહનયનું અનુકરણ કરે છે ચાર્વાક દર્શન વ્યવહાર નયનું, બૌદ્ધ દર્શન ઋજુસૂત્ર નયનું, વૈયાકરણ શબ્દ આદિ નયોનું અનુકરણ કરે છે.

(ટીકા) उक्तं च सोदाहरणं नयदुर्नयस्वरूपं श्रीदेवसूरिपादैः । तथा च तद्ग्रन्थः- "नियते येन श्रुताख्यप्रमाणविषयीकृतस्य अर्थस्य अंशस्तदितरांशौदासीन्यतः स प्रतिपत्तुरभिप्रायविशेषो नयः इति । स्वाभिप्रेताद् अंशाद् इतरांशापलापी पुनर्नयाभासः ।

स व्याससमासाभ्यां द्विप्रकारः। व्यासतोऽनेकविकल्पः। समासतस्तु द्विभेदो द्रव्यार्थिकः पर्यायार्थिकश्च। आद्यो नैगमसंग्रहव्यवहारभेदात् त्रेधा। धर्मयोर्धर्मिणोर्धर्मधर्मिणोश्च प्रधानोपसर्जनभावेन यद्विवक्षणं स नैकगमो नैगमः। सत् चैतन्यमात्मनीति धर्मयोः। वस्तुपर्यायवद्द्रव्यमिति धर्मिणोः। क्षणमेकं सुखी विषयासक्तजीव इति धर्मधर्मिणोः। धर्मद्वयादीनामैकान्तिकपार्थक्याभिसन्धिर्नैगमाभासः। यथा आत्मनि सत्त्वचैतन्ये परस्परमत्यन्तं पृथग्भूते इत्यादिः। सामान्यमात्रग्राही परामर्शः संग्रहः। अयमुभयविकल्पः परोऽपरश्च। अशेषविशेषेषु औदासीन्यं भजमानः शुद्धद्रव्यं सन्मात्रमभिमन्यमानः परसंग्रहः। विश्वमेकं सदविशेषादिति यथा। सत्ताद्वैतं स्वीकुर्वाणः सकलविशेषान् निराचक्षाणस्तदाभासः यथा सत्तैव तत्त्वम् ततः पृथग्भूतानां विशेषाणामदर्शनात् द्रव्यत्वादीनि अवान्तरसामान्यानि मन्वानस्तद्भेदेषु गजनिमीलिकामवलम्बमानः पुनरपरसंग्रहः। धर्माधर्माकाशकालपुद्गलजीवद्रव्याणामैक्यं द्रव्यत्वाभेदात् इत्यादिर्यथा। तद्द्रव्यत्वादिकं प्रतिजानानस्तद्विशेषान्निह्नुवानस्तदाभासः। यथा द्रव्यत्वमेव तत्त्वम् ततोऽर्थान्तरभूतानां द्रव्याणामनुपलब्धेरित्यादिः। संग्रहेण गोचरीकृतानामर्थानां विधिपूर्वकमवहरणं येनाभिसन्धिना क्रियते स व्यवहारः। यथा यत् सत् तद् द्रव्यं पयोयो वेत्यादिः। यः पुनरपारमार्थिकद्रव्यपर्यायविभागमभिप्रैति स व्यवहाराभासः। यथा चार्वाकदर्शनम् ॥

(અનુવાદ)

શ્રી દેવસૂરિ મહારાજે નય અને દુર્નયનું સ્વરૂપ ઉદાહરણસહિત પોતાના 'પ્રમાણનયતત્ત્વાલોકાલંકાર' નામના ગ્રંથમાં પ્રતિપાદન કર્યું છે. તે આ પ્રમાણે : (૧) શ્રુતજ્ઞાનરૂપ પ્રમાણ વડે જાણેલા પદાર્થોના એક અંશ(ધર્મ)ને ગ્રહણ કરવાપૂર્વક બાકીના અંશો પ્રત્યે ઉદાસીનતાનું અવલંબન કરવારૂપ વક્તાનો અભિપ્રાયવિશેષ નય કહેવાય છે.

પોતાને ઈષ્ટ અંશ(ધર્મ)ના સ્વીકારપૂર્વક વસ્તુના બાકીના અંશોનો અપલાપ કરવો તે નયાભાસ (દુર્નય) કહેવાય છે.

નય સંક્ષેપ અને વિસ્તારથી બે પ્રકારે છે. વિસ્તારથી નયના અનેક પ્રકારો છે. સંક્ષેપથી નયના દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક એમ બે પ્રકાર છે. દ્રવ્યાર્થિક નય નૈગમ, સંગ્રહ અને વ્યવહાર, ત્રણ પ્રકારે છે. (૧) બે ધર્મ અથવા બે ધર્મી એક ધર્મ અને એક ધર્મીમાં, પ્રધાન તથા ગૌણભાવે વિવક્ષા કરવી, તેવા વક્તાના અભિપ્રાયને નૈકગમ (અનેક છે પ્રકાર જેના) અથવા નૈગમ કહેવાય છે. જેમ 'સત્રૂપ ચૈતન્ય ધર્મ આત્મામાં છે' અહીં સત્ અને ચૈતન્ય, બન્ને ધર્મમાં ચૈતન્ય વિશેષ્ય હોવાથી પ્રધાન છે અને સત્ વિશેષણ હોવાથી ગૌણધર્મ છે. 'પર્યાયવાન્ વસ્તુને દ્રવ્ય કહે છે' તેમાં દ્રવ્ય અને વસ્તુ, બે ધર્મીમાં વસ્તુ મુખ્ય છે, અને દ્રવ્ય ગૌણ છે. અથવા પર્યાયવાન દ્રવ્યને વસ્તુ કહે છે. તેમાં દ્રવ્ય મુખ્ય છે અને વસ્તુ ગૌણ છે. 'વિષયાસક્ત જીવ ક્ષણમાત્ર સુખી છે' તેમાં વિષયાસક્ત જીવરૂપ ધર્મી મુખ્ય છે. ક્ષણમાત્ર સુખી થવા રૂપ ધર્મ ગૌણ છે. આ

પ્રકારે બે ધર્મની, બે ધર્મીના અને ધર્મ તથા ધર્મીની પ્રધાન ગૌણભાવે વિવક્ષા કરવી, તેવા વક્તાના અભિપ્રાયને નૈગમનય કહે છે. બે ધર્મ, બે ધર્મી અથવા ધર્મ અને ધર્મીમાં સર્વથા ભિન્નતા બતાવવી તેને નૈગમનયાભાસ અર્થાત્ (દુર્નય) કહે છે. જેમ આત્મામાં સત્ અને ચૈતન્ય ધર્મ અત્યંત ભિન્ન છે.' પર્યાયવાન વસ્તુ અને દ્રવ્ય સર્વથા ભિન્ન છે.' સુખરૂપ ધર્મ અને જીવરૂપ ધર્મી પરસ્પર સર્વથા ભિન્ન છે.

(૨) વિશેષરહિત સામાન્ય માત્રને ગ્રહણ કરવાના અભિપ્રાયવાળો સંગ્રહનય છે. સંગ્રહનય પર અને અપરના ભેદથી બે પ્રકારે છે. સમસ્ત વિશેષોમાં (પર્યાયોમાં) ઉદાસીનતા રાખીને કેવલ શુદ્ધ દ્રવ્યરૂપ સત્તા માત્રનો સ્વીકાર કરવો તે પર સંગ્રહ કહેવાય છે. જેમ સામાન્યથી જગત્ એક સત્તારૂપ છે. એક સત્તામાત્રના જ સ્વીકાર પૂર્વક સમસ્ત વિશેષોનો સર્વથા નિષેધ કરવો તે પર સંગ્રહ નયાભાસ કહેવાય છે. જેમ સત્તા એક જ તત્ત્વ છે, સત્તાથી ભિન્ન કોઈ વિશેષ પદાર્થની ઉપલબ્ધિ થતી નથી. અર્થાત્ કોઇ વિશેષ પદાર્થનું અસ્તિત્વ નથી.

દ્રવ્યત્વ પર્યાયત્વ આદિ અવાન્તર સામાન્યને સ્વીકારવા પૂર્વક તેના મતભેદો તરફ ગજનિમીલિકાની જેમ ઉપેક્ષાભાવ રાખવો તે અપર-સંગ્રહ કહેવાય છે. જેમ દ્રવ્યત્વની અપેક્ષાએ ધર્મ, અધર્મ, આકાશ, કાલ, પુદ્ગલ અને જીવ સર્વે એક છે. કેમકે તે છએ દ્રવ્યોમાં દ્રવ્યત્વરૂપ સામાન્ય એક છે. તેવી જ રીતે પર્યાયત્વની અપેક્ષાએ ચેતન અને અચેતન પર્યાય એક છે, કેમકે તે બંને પર્યાયોમાં પર્યાયત્વરૂપ સામાન્ય એક છે.

છએ દ્રવ્યોને કેવલ દ્રવ્યત્વરૂપે સ્વીકારતાં તેના ભેદોનો સર્વથા નિષેધ કરવો તેને અપર-સંગ્રહાભાસ કહે છે. જેમ દ્રવ્યત્વ એ એક જ તત્ત્વ છે, કેમ કે દ્રવ્યત્વથી ભિન્ન કોઇ દ્રવ્યોની ઉપલબ્ધિ થતી નથી.

(૩) સંગ્રહનય વડે જાણેલા પદાર્થોમાં યોગ્ય રીતે વિભાગ કરવો તેને વ્યવહાર નય કહે છે. જેમ 'જે સત્ છે તે દ્રવ્ય અથવા પર્યાય છે.' યદ્યપિ સંગ્રહનયની અપેક્ષાએ દ્રવ્ય અને પર્યાય, સત્થી અભિન્ન છે. પરંતુ વ્યવહાર નયની અપેક્ષાએ દ્રવ્ય અને પર્યાય ભિન્નરૂપે માનવામાં આવ્યા છે. દ્રવ્ય અને પર્યાયમાં એકાન્તભેદનું પ્રતિપાદન કરવું તેને વ્યવહારાભાસ કહે છે. જેમ ચાર્વાક દર્શન. ચાર્વાક (નાસ્તિક) જીવ દ્રવ્યના પર્યાય આદિને માનતા નથી, પરંતુ કેવલ ભૂતચતુષ્ટયને જ માને છે. આથી તેઓનો અભિપ્રાય વ્યવહારાભાસ કહેવાય છે.

(ટીકા) पर्यायार्थिकश्चतुर्धा ऋजुसूत्रः शब्दः समभिरूढः एवंभूतश्च । ऋजु वर्तमानक्षणस्थायि पर्यायमात्रं प्राधान्यतः सूत्रयन्नभिप्रायः ऋजुसूत्रः । यथा सुखविवर्तः सम्प्रति अस्तीत्यादिः । सर्वथा द्रव्यापलापी तदाभासः । यथा तथागतमतम् । कालादिभेदेन ध्वनेरर्थभेदं प्रतिपद्यमानः शब्द । यथा बभूव भवति भविष्यति सुमेरुरित्यादिः । तद्भेदेन तस्य तमेव समर्थयमानस्तदाभासः । यथा बभूव भवति भविष्यति सुमेरुरित्यादयो भिन्नकालाः शब्दा भिन्नमेव अर्थमभिदधति भिन्नकालशब्दत्वात् तादृक्सिद्धान्यशब्दवद् इत्यादिः । पर्यायशब्देषु निरुक्तिभेदेन भिन्नमर्थं समभिरोहन् समभिरुढः । इन्दनाद् इन्द्रः शकनाच्छक्रः पूर्दारणात् पुरन्दर इत्यादिषु

यथा । पर्यायध्वनीनामभिधेयनानात्वमेव कक्षीकुर्वाणस्तदाभासः। यथेन्द्रः । शक्र पुरन्दर इत्यादयः शब्दा भिन्नाभिधेया एव भिन्नशब्दत्वात् करिकुरङ्गतुरङ्गशब्दवद् इत्यादिः । शब्दानां स्वप्रवृत्तिनिमित्तभूतक्रियाविशिष्टमर्थं वाच्यत्वेनाभ्युपगच्छन् एवंभूतः यथेन्दनमनुभवन् इन्द्रः शकनक्रियापरिणतः शक्र पूर्दारणप्रवृत्तः पुरन्दर इत्युच्यते । क्रियानाविष्टं वस्तु शब्दवाच्यतया प्रतिक्षिपंस्तु तदाभासः । यथा विशिष्टचेष्टाशून्यं घटाख्यं वस्तु न घटशब्दवाच्यम् घटशब्दप्रवृत्तिनिमित्तभूतक्रियाशून्यत्वात् पटवद् इत्यादिः ॥

(અનુવાદ)

પર્યાયાર્થિક નય ઋજુસૂત્ર, શબ્દ, સમભિરૂઢ અને એવંભૂત આ ચાર પ્રકારે છે. (૧) વર્તમાન ક્ષણના પર્યાય માત્રની પ્રધાનતાથી વસ્તુનું કથન કરવું તેને ઋજુસૂત્રનય કહે છે. જેમ 'હાલ હું સુખના પર્યાયમાં વર્તું છું.' દ્રવ્યનો સર્વથા નિષેધ કરવો તેને ઋજુસૂત્ર નયાભાસ કહે છે. જેમ બૌદ્ધ દર્શન. કેમકે બૌદ્ધ ક્ષણ ક્ષણમાં નાશવંત પર્યાયોને જ સત્ય માને છે. પર્યાયોના આશ્રયભૂત દ્રવ્યનો સર્વથા નિષેધ કરે છે. તેથી તે ઋજુસૂત્ર-નયાભાસ (દુર્નય) કહેવાય છે.

(૨) કાલ, કારક, લિંગ, સંખ્યા, વચન અને ઉપસર્ગના ભેદથી જે શબ્દનો અર્થમાં ભેદ બતાવે છે, તે શબ્દનય કહેવાય છે. જેમ (કાલ) બભૂવ, ભવતિ, ભવિષ્યતિ (કારક) કરોતિ, ક્રિયતે (લિંગ) તટઃ તટી, તટમ્ (વચન) એક, દ્વિ બહુ. (ઉપસર્ગ) સન્તિષ્ઠતે, અવતિષ્ઠતે, ઇત્યાદિ આ રીતે શબ્દનય શબ્દનો અર્થમાં ભેદ માને છે.

કાલ, કારક આદિના ભેદથી શબ્દ અને અર્થનો સર્વથા ભેદ માનવો તે શબ્દ નયાભાસ કહેવાય છે. જેમ 'સુમેરુ હતો, છે અને હશે' ઇત્યાદિ ભિન્ન ભિન્નકાલીન શબ્દો ભિન્ન ભિન્ન અર્થનું પ્રતિપાદન કરે છે. જેમ અન્ય ભિન્નકાલીન શબ્દો. અર્થાત્ સુમેરુથી ભિન્નકાલમાં રહેલા પટાદિ શબ્દો જેમ સુમેરુથી અત્યંત ભિન્ન છે, તેમ સુમેરુની અતીત આદિ અવસ્થા પણ સુમેરુથી અત્યંત ભિન્ન છે.

(૩) પર્યાયવાચી શબ્દોમાં વ્યુત્પત્તિના ભેદથી ભિન્ન અર્થનું પ્રતિપાદન કરવું તે સમભિરૂઢ નય કહેવાય છે. જેમ પરમ ઐશ્વર્યવાન હોય તે ઇંદ્ર કહેવાય છે, સામર્થ્યવાન હોય તે શક્ર અને નગરનો નાશ કરનાર હોય તે પુરંદર કહેવાય છે. પર્યાયવાચી શબ્દોનો વ્યુત્પત્તિદ્વારા અર્થથી સર્વથા ભેદ માનવો, તેને સમભિરૂઢ-નયાભાસ કહે છે. કરિ (હાથી), કુરંગ (હરિણ) અને તુરંગ (અશ્વ) ઇત્યાદિ શબ્દો જેમ સર્વથા ભિન્ન ભિન્ન અર્થના દ્યોતક છે, તેમ ઇંદ્ર, શક્ર, અને પુરંદર શબ્દો પણ સર્વથા ભિન્ન ભિન્ન અર્થના દ્યોતક છે. (૪) જે સમયમાં જે પદાર્થો જે ક્રિયામાં પ્રવૃત્ત હોય, તે સમયે તે પદાર્થમાં તે ક્રિયાને અનુરૂપ શબ્દનો પ્રયોગ કરવામાં આવે છે. આવા અભિપ્રાયવાળા નયને એવંભૂત-નય કહે છે. જે સમયે જે વ્યક્તિ પરમ ઐશ્વર્યને ભોગવે છે, તે સમયે તેને ઇંદ્ર કહે છે. જે સમયે જે વ્યક્તિ સામર્થ્યરૂપ ક્રિયામાં પરિણત હોય ત્યારે જ તેને શક્ર કહે છે. જ્યારે નગરનો ધ્વંસ કરતો હોય ત્યારે જ તેને પુરંદર કહે છે. અને જ્યારે પદાર્થ અમુક ક્રિયામાં ઉપરક્ત ના હોય ત્યારે તે પદાર્થને

તે શબ્દથી કહી શકાતો નથી, આવા અભિપ્રાયવાળા નયને એવંભૂત નયાભાસ કહે છે, જેમ પટમાં જળ લાવવું, ધારણ કરવું ઈત્યાદિ ક્રિયાનો અભાવ હોવાથી પટનું ઘટ શબ્દથી પ્રતિપાદન થઈ શકતું નથી, તેમ જલાદિને લાવવા આદિ ક્રિયાથી રહિત કાળમાં ઘટને ઘટ કહી શકાતો નથી.

(टीका) एतेषु चत्वारः प्रथमेऽर्थनिरूपणप्रवणत्वाद् अर्थनयाः। शेषास्तु त्रयः शब्दवाच्यार्थगोचरतया शब्दनयाः। पूर्वः पूर्वो नयः प्रचुरगोचरः। परः परस्तु परिमितविषयः। सन्मात्रगोचरात् संग्रहात् नैगमो भावाभावभूमिकत्वाद् भूमविषयः। सद्विशेषप्रकाशकाद् व्यवहारतः संग्रहः समस्तसत्समूहोपदर्शकत्वाद् बहुविषयः। वर्तमानविषयाद् ऋजुसूत्राद् व्यवहारस्त्रिकालविषयावलम्बित्वाद् अनल्पार्थः। कालादिभेदेन भिन्नार्थोपदर्शिनः शब्दादृजुसूत्रस्तद्विपरीतवेदकत्वाद् महार्थः। प्रतिपर्यायशब्दमर्थभेदमभीप्सतः समभिरुढात् शब्दस्तद्विपर्ययानुयायित्वात् प्रभूतविषयः। प्रतिक्रियं विभिन्नमर्थं प्रतिजानानाद् एवंभूतात् समभिरूढस्तदन्यथार्थस्थापकत्वाद् महागोचरः। नयवाक्यमपि स्वविषये प्रवर्तमानं विधिप्रतिषेधाभ्यां सप्तभङ्गीमनुव्रजति।" इति। विशेषार्थिना नयानां नामान्वर्थविशेषलक्षणाक्षेपपरिहारादिचर्चस्तु भाष्यमहोदधिगन्धहस्तिटीकान्यायावतारादिग्रन्थेभ्यो निरीक्षणीयः॥

(અનુવાદ)

આ સાત નયોમાં નૈગમ, સંગ્રહ વ્યવહાર અને ઋજુસૂત્ર આ ચાર નયો અર્થનું પ્રતિપાદન કરતા હોવાથી 'અર્થનય' કહેવાય છે. શબ્દ, સમભિરૂઢ અને એવંભૂત એ ત્રણ નયો શબ્દનું પ્રતિપાદન કરતા હોવાથી શબ્દ નય કહેવાય છે. આ નયોમાં પૂર્વ પૂર્વ નયો અધિક અધિક વિષયવાળા છે, અને ઉત્તર ઉત્તર નયો અલ્પ (પરિમિત) વિષયવાળા છે. (૧) સંગ્રહનય સત્માત્રને જાણે છે. નૈગમનય સામાન્ય અને વિશેષ, ઉભયને જાણે છે; તેથી સંગ્રહનયની અપેક્ષાએ નૈગમનયનો વિષય અધિક છે. (૨) વ્યવહારનય સંગ્રહનયથી જાણેલા પદાર્થોને વિશેષરૂપે જાણે છે. અને સંગ્રહનય સમસ્ત પદાર્થોને સામાન્યરૂપે જાણે છે. તેથી વ્યવહાર નયની અપેક્ષાએ સંગ્રહનયનો વિષય અધિક છે. (૩) વ્યવહારનય ત્રિકાલવર્તી પદાર્થોને જાણે છે. ઋજુસૂત્ર નયથી કેવલ વર્તમાન કાલીન પદાર્થોનું જ જ્ઞાન થાય છે. તેથી ઋજુસૂત્ર નયની અપેક્ષાએ વ્યવહારનયનો વિષય અધિક છે. (૪) શબ્દનય કાલ, કારક આદિના ભેદથી વર્તમાન પર્યાયને જાણે છે, અને ઋજુસૂત્ર નયમાં કાલ, કારક આદિના ભેદ સિવાય સમસ્ત વર્તમાનકાલીન પદાર્થોનું જ્ઞાન થાય છે, તેથી શબ્દનયની અપેક્ષાએ ઋજુસૂત્રનો વિષય અધિક છે. (૫) સમભિરૂઢ ઇંદ્ર, શક્ર પુરંદર આદિ પર્યાયવાચી શબ્દોનો પણ વ્યુત્પત્તિના ભેદથી પદાર્થોમાં ભેદ માને છે. પરંતુ શબ્દનય પર્યાયવાચી શબ્દોને એક અર્થના દ્યોતક માને છે, તેથી સમભિરૂઢ નયની અપેક્ષાએ શબ્દનયનો વિષય અધિક છે. (૬) સમભિરૂઢ વડે જાણેલા પદાર્થોમાં એવંભૂતનય ક્રિયાના ભેદથી ભેદ માને છે. અને સમભિરૂઢનય ઇંદ્ર અને પુરંદર શબ્દમાં વ્યુત્પત્તિના ભેદથી ભેદ માને છે એવંભૂત નય ઇંદ્ર પુરંદર શબ્દોમાં ક્રિયાના ભેદથી ભેદ માને છે,

દા. ત. નગરનો નાશ કરતો હોય ત્યારે જ તે પુરંદર કહેવાય છે. તેથી એવંભૂત નયની અપેક્ષાએ સમભિરૂઢનયનો વિષય અધિક છે. (૭) એવંભૂત નય, પદાર્થ જ્યારે ક્રિયામાં ઉપયુક્ત હોય, ત્યારે જ તે ક્રિયાને અનુરૂપ શબ્દથી પ્રતિપાદન કરે છે.

પ્રમાણમાં જેમ સપ્તભંગી થાય છે, તેમ વિધિ (અસ્તિ) અને પ્રતિષેધ (નાસ્તિ)ની અપેક્ષાએ નયમાં પણ સપ્તભંગ થાય છે. નયોનું વિશેષ સ્વરૂપ અને નયોમાં આવતા આક્ષેપ અને પરિહારની ચર્ચા તત્ત્વાર્થાધિગમ સૂત્રની ભાષ્યમહોદધિ ગંધ હસ્તિ ટીકા તથા ન્યાયાવતાર આદિ ગ્રંથોમાં કરવામાં આવી છે.

(ટીકા) प्रमाणं तु सम्यगर्थनिर्णयलक्षणं सर्वनयात्मकम्। स्याच्छब्दलाञ्छितानां नयानामेव प्रमाणव्यपदेशभाक्त्वात्। तथा च श्रीविमलनाथस्तवे श्रीसमन्तभद्रः—

"नयास्तव स्यात्पदलाञ्छना इमे रसोपविद्धा इव लोहधातवः।
भवन्त्यभिप्रेतफला यतस्ततो भवन्तमार्याः प्रणता हितैषिणः॥"

इति "तच्च द्विविधम् प्रत्यक्षं परोक्षं च। तत्र प्रत्यक्षं द्विधा सांव्यवहारिकं पारमार्थिकं च। सांव्यवहारिकं द्विविधम् इन्द्रियानिन्द्रयनिमित्तभेदात्। तद् द्वितियम् अवग्रहेहावायधारणाभेदाद् एकैकशश्चतुर्विकल्पम्। अवग्रहादीनां स्वरूपं सुप्रतीतत्वाद् न प्रतन्यते। पारमार्थिकं पुनरुत्पत्तौ आत्ममात्रापेक्षम्"। तद् द्विविधम्। क्षायोपशमिकं क्षायिकं च। आद्यम् अवधिमनःपर्यायभेदाद् द्विधा। क्षायिकं तु केवलज्ञानमिति॥

(અનુવાદ)

સમ્યક્ પ્રકારે અર્થનો નિર્ણય કરવો, તે પ્રમાણ કહેવાય છે. અને તે પ્રમાણ સર્વનયસ્વરૂપ છે. તેથી નય વાક્યોમાં સ્યાત્ (કથંચિત્) શબ્દનો પ્રયોગ કરવામાં આવે તો તે નયો પ્રમાણરૂપ બને છે. સ્વયંભૂ સ્તોત્રમાં શ્રી વિમલનાથ ભગવાનની સ્તુતિ કરતા શ્રી સમંતભદ્રાચાર્ય કહે છે કે : જેમ ધાતુરસના સંયોગથી લોહધાતુ સુવર્ણરૂપ થઈને ઇષ્ટફળ આપે છે, તેમ આપ દ્વારા પ્રતિપાદિત નયોમાં સ્યાત્ પદનો પ્રયોગ કરવાથી તે નયો પ્રમાણરૂપ બનવાથી, ઇષ્ટફળને આપનારા થાય છે. તેથી જ હિતેચ્છુ લોકો આપને નમસ્કાર કરે છે.

પ્રમાણ પ્રત્યક્ષ અને પરોક્ષ એમ બે પ્રકારે છે. તેમાં પ્રત્યક્ષ પ્રમાણ સાંવ્યવહારિક અને પારમાર્થિક એમ બે પ્રકારે છે. સાંવ્યવહારિક પ્રત્યક્ષ, સ્પર્શાદિ પાંચ ઇંદ્રિય અને અનિન્દ્રિય, (મન) એમ બે પ્રકારે છે. ઇંદ્રિય અને મન દ્વારા ઉત્પન્ન થનાર સાંવ્યવહારિક પ્રત્યક્ષનાં અવગ્રહ, (અવ્યક્તજ્ઞાન) ઇહા, (સંશયાત્મકજ્ઞાન) અપાય (નિશ્ચયાત્મક) અને ધારણા (ચિરસ્થાયી જ્ઞાન) એમ ચાર ચાર ભેદ છે. સ્પર્શેન્દ્રિયના અવગ્રહાદિ ચાર રસનેંદ્રિયના પણ તે ચાર તેવી જ રીતે ઘ્રાણ, ચક્ષુ શ્રોત્ર અને મન, એ પ્રત્યેકના પૂર્વોક્ત ચાર ચાર ભેદ હોવાથી કુલ ચોવીસ ભેદ થાય છે. અવગ્રહ આદિનું સ્વરૂપ સરલ હોવાથી તેનો અહીં વિસ્તાર કરવામાં આવ્યો નથી. પારમાર્થિક પ્રત્યક્ષની ઉત્પત્તિમાં કેવલ આત્માની જ અપેક્ષા છે. તે પારમાર્થિક પ્રત્યક્ષ ક્ષાયોપશમિક (ઉદયમાં આવેલા કર્મોનો ક્ષય અને ઉદયમાં નહીં આવેલા કર્મોના ઉપષ્ટંભ) રૂપ છે. અને ક્ષાયિક (સર્વથા કર્મનો ક્ષય થવો) એમ બે

પ્રકારે છે. તેમાં ક્ષાયોપશમિક પ્રત્યક્ષ અવધિ (અમુક છેડાપર્યંતના રૂપી પદાર્થને જાણવા) અને મનઃપર્યાય (જંબૂદ્વિપ, ધાતકીખંડ અને અર્ધપુષ્કર તે રૂપ અઢીદ્વીપમાં રહેલા સંજ્ઞી પંચેંદ્રિય જીવોના મનોગત ભાવને જાણવા) રૂપ એમ બે પ્રકારે છે. માત્ર કેવળજ્ઞાન ક્ષાયિકભાવનું છે.

(ટીકા) परोक्षं च स्मृतिप्रत्यभिज्ञानोहानुमानागमभेदात् पञ्चप्रकारम्। "तत्र संस्कारप्रबोधसम्भूतमनुभूतार्थविषयं तदित्याकारं वेदनं स्मृतिः। तत् तीर्थंकरबिम्बमिति यथा। अनुभवस्मृतिहेतुकं तिर्यगूर्ध्वतासामान्यादिगोचरं संकलनात्मकं ज्ञानं प्रत्यभिज्ञानम्। यथा तज्जातीय एवायं गोपिण्डः गोसदृशो गवयः स एवायं जिनदत्त इत्यादिः। उपलम्भानुपलम्भसम्भवं त्रिकालीकलितसाध्यसाधनसम्बधाद्यालम्बनमिदमस्मिन् सत्येव भवतीत्याद्याकारं संवेदनमूहस्तर्कापरपर्यायः। यथा यावान् कश्चिद् धूमः स सर्वो वह्नौ सत्येव भवतीति तस्मिन्नसति असौ न भवत्येवेति वा। अनुमानं द्विधा स्वार्थं परार्थं च। तत्रान्यथानुपपत्त्येकलक्षणहेतुग्रहणसंबन्धस्मरणकारणकं साध्यविज्ञानं स्वार्थम्। पक्षहेतुवचनात्मकं परार्थमनुमानमुपचारात्"। "आप्तवचनाद् आविर्भूतमर्थसंवेदनमागमः। उपचाराद् आप्तवचनं च" इति। स्मृत्यादीनां च विशेषस्वरूपं स्याद्वादरत्नाकरात् साक्षेपपरिहारं ज्ञेयमिति। प्रमाणान्तराणां पुनरर्थापत्त्युपमानसंभवप्रातिभैतिह्यादीनामत्रैव अन्तर्भावः। सन्निकर्षादीनां तु जडत्वाद् एव न प्रामाण्यमिति। तदेवंविधेन नयप्रमाणोपन्यासेन दुर्नयमार्गस्त्वया खिलीकृतः॥ इति काव्यार्थः॥२८॥

(અનુવાદ)

૧ સ્મૃતિ. ૨ પ્રત્યભિજ્ઞાન. ૩ ઊહ. ૪ અનુમાન અને ૫ આગમ. પરોક્ષ પ્રમાણ આ પાંચ પ્રકારે છે. (૧) સંસ્કારથી ઉત્પન્ન થયેલું અનુભૂત પદાર્થનું 'તત્'–'તે' ઇત્યાકારક જ્ઞાન સ્મરણ કહેવાય છે. જેમ 'તે તીર્થંકરનું પ્રતિબિંબ છે.' (૨) વર્તમાન કાલીન વસ્તુનો અનુભવ અને સ્મૃતિને અવલંબીને થવાવાળું જ્ઞાન, તે પ્રત્યભિજ્ઞાન કહેવાય છે, તિર્યક્ સામાન્ય (વર્તમાન-કાલવર્તી એક જાતીય પદાર્થોમાં રહેનારૂં સામાન્ય, જેમ 'अयं गौः अयं गौः' ઇત્યાકારક તિર્યક્ સામાન્ય) અને ઊર્ધ્વતા સામાન્ય (એક જ પદાર્થમાં ક્રમવર્તી સંપૂર્ણ પર્યાયોમાં રહેનારૂં સામાન્ય.–જેમ કુંડલત્વ મુકુટત્વ આદિ પર્યાયોમાં રહેનારૂં સુવર્ણ દ્રવ્ય તે ઊર્ધ્વતા–સામાન્ય કહેવાય છે.)ના વિષયવાળું સંકલનાત્મક જ્ઞાન. તેને પ્રત્યભિજ્ઞાન કહે છે. જેમ 'આ ગો–પિંડ તે જાતિનું છે,' 'આ ગવય (રોઝ) ગો (ગાય) સમાન છે.' તે આ દેવદત્ત છે. ઇત્યાકારક જ્ઞાન કે જેમાં સન્મુખવર્તી પદાર્થમાં સ્મરણાત્મક પદાર્થનું ઐક્યવડે ભાન છે., (૩) ઉપલંભ (વિદ્યમાન) અને અનુપલંભ (અવિદ્યમાન) થી ઉત્પન્ન થયેલું અને ત્રણે કાળમાં રહેવાવાળા સાધ્ય અને સાધનના સંબંધ આદિને અવલંબીને થવાવાળું કે જે–'આ હોતે છતે જ આ હોય છે,' ઇત્યાકારક જ્ઞાનને ઊહ અથવા તર્ક કહે છે. જેમ–'જેટલા ધૂમ છે તે સર્વે અગ્નિના સદ્ભાવમાં જ હોય છે. અગ્નિના અભાવમાં

ધૂમ સત્તા હોઈ શકતી નથી.' ઇત્યાકારક જ્ઞાનને ઊહ અથવા તર્ક કહે છે. (૪) અનુમાન સ્વાર્થ અને પરાર્થ એમ બે પ્રકારે છે અન્યથાનુપપત્તિ (જેના વિના જેની ઉત્પત્તિ ના હોય તે) હેતુના ગ્રહણ પૂર્વક અને સંબંધના સ્મરણરૂપ સાધ્યનું જ્ઞાન, તેને સ્વાર્થાનુમાન કહે છે. જેમ વારંવાર મહાનસ (રસોડા) આદિમાં અગ્નિ અને ધૂમને જોઈને, 'જ્યાં જ્યાં ધૂમ છે. ત્યાં ત્યાં અગ્નિ હોય છે' આવી વ્યાપ્તિને ગ્રહણ કરીને પર્વતપર ધૂમનું દર્શન થવાથી ઉપયુક્ત વ્યાપ્તિનું સ્મરણ કરે છે. ત્યારપછી પોતે નિશ્ચય કરે છે 'કે આ પર્વત અગ્નિમાન છે,' કેમ કે ધૂમ છે, આને સ્વાર્થાનુમાન કહે છે. પક્ષ હેતુને કહીને અન્યને સાધ્યનું જ્ઞાન કરાવવું તેને પરાર્થાનુમાન કહે છે. તે પરાર્થાનુમાનને ઉપચારથી અનુમાન કહે છે. (૫) આપ્ત પુરુષના વચનથી પ્રગટ થતું પદાર્થોનું જ્ઞાન તેને આગમ કહે છે. અને તે આપ્તપુરુષનાં વચન ઉપચારથી પ્રમાણરૂપ મનાય છે. આક્ષેપ અને પરિહાર સહિત સ્મૃતિ આદિનું વિશેષ સ્વરૂપ 'સ્યાદ્વાદ રત્નાકર' ગ્રંથમાંથી જાણી લેવું. અર્થાપત્તિ ઉપમાન, સંભવ, પ્રાતિભ અને ઐતિહ્ય આદિ પ્રમાણોનો અહીં પરોક્ષ પ્રમાણમાં જ અંતર્ભાવ થઇ જાય છે. સન્નિકર્ષ (પ્રત્યક્ષ જ્ઞાનનો ઉત્પાદક સંબંધ) આદિ જડરૂપ હોવાથી તેને પ્રમાણ કહી શકતા નથી. આ પ્રકારે નય અને પ્રમાણનો ઉપન્યાસ કરીને આપે દુર્નય માર્ગને નિષ્ફળ બનાવી દીધો છે. આ પ્રમાણે ૨૮ મા શ્લોકનો અર્થ જાણવો.

(अवतरण)

इदानीं सप्तद्वीपसमुद्रमात्रो लोक इति वावदूकानां तन्मात्रलोके परिमितानामेव सत्त्वानां संभवात्। परिमितात्मवादिनां दोषदर्शनमुखेन भगवत्प्रणीतं जीवानन्त्यवादं निर्दोषतयाऽभिष्टुवन्नाह—

(અવતરણ)

'સાત દ્વીપ અને સાત સમુદ્રમાત્ર લોક છે' આ પ્રમાણે માનનારના મતમાં જીવોની સંખ્યા પરિમિત થાય છે, તેથી પરિમિત જીવોની સંખ્યાને માનવાવાળાના મતને સદોષ સિદ્ધ કરીને, જિનેશ્વર ભગવાન દ્વારા પ્રતિપાદિત જીવોની અનંત સંખ્યાનું નિર્દોષપણું સિદ્ધ કરતા કહે છે કેઃ

मुक्तोऽपि वाभ्येतु भवं भवो वा भवस्थशून्योऽस्तु मितात्मवादे ।
षड्जीवकायं त्वमनन्तसंख्यमाख्यस्तथा नाथ यथा न दोषः ॥२९॥

મૂળ-અર્થઃ—જે લોકો જીવોની પરિમિત સંખ્યા માને છે, તે લોકોના મતમાં મુક્ત જીવોને ફરીથી સંસારમાં જન્મ લેવો પડશે, અથવા તો સારોયે સંસાર કોઈ દિવસ-જીવોથી ખાલી થઇ જશે ! પરંતુ હે ભગવન્ ! આપે તો પૃથ્વી, પાણી અગ્નિ, વાયુ, વનસ્પતિ અને ત્રસકાયરૂપ છકાય જીવોની અનંત સંખ્યા કહી છે. તેથી આપના મતમાં તેવા પ્રકારનો કોઇ દોષ આવી શકતો નથી.

(टीका) मितात्मवादे संख्यातानामात्मनामभ्युपगमे दूषणद्वयमुपतिष्ठते। तत्क्रमेण दर्शयति। मुक्तोऽपि वाभ्येतु भवमिति। मुक्तो निर्वृतिमाप्तः। सोऽपि वा। अपिर्विस्मये। वाशब्द उत्तरदोषापेक्षया समुच्चयार्थः यथा देवो वा दानवो वेति। भवमभ्येतु संसारमभ्यागच्छतु। इत्येको दोषप्रसङ्गः। भवो वा भवस्थशून्योऽस्तु। भवः संसारः स वा भवस्थशून्यः संसारिजीवैर्विरहितोऽस्तु भवतु। इति द्वितीयो दोषप्रसङ्गः।

(અનુવાદ)

જે લોકો જીવોની પરિમિત સંખ્યાને સ્વીકારે છે, તેઓના મતમાં બે પ્રકારના દોષો આવે છે, એક તો મુક્ત જીવોને ફરીથી સંસારમાં જન્મ લેવો પડશે. અને બીજો આ સંસાર કોઈ વખતે જીવોથી રહિત થવો જોઇએ, શ્લોકમાં 'अपि' શબ્દ વિસ્મય અર્થમાં છે. અને 'वा' શબ્દ ઉત્તરદોષની અપેક્ષાએ સમુચ્ચય અર્થમાં છે. જેમ 'દેવ અને દાનવ' તેમાં 'वा' શબ્દથી દેવ અને દાનવ બન્નેનું ગ્રહણ થાય છે, તેમ 'वा' શબ્દથી ઉક્ત બન્ને દોષોનું ગ્રહણ થાય છે.

(टीका) इदमत्र आकूतम्। यदि परिमिता एव आत्मानो मन्यन्ते तदा तत्त्वज्ञानाभ्यासप्रकर्षादिक्रमेणापवर्गं गच्छत्सु तेषु संभाव्यते खलु स कश्चित्कालो यत्र तेषां सर्वेषां निर्वृतिः। कालस्यानादिनिधनत्वाद् आत्मनां च परिमितत्वात् संसारस्य रिक्तता भवन्ती केन वार्यताम्। समुन्नीयते हि प्रतिनियतसलिलपटलपरिपूरिते सरसि पवनतपनातपनजनोद्भवनादिना कालान्तरे रिक्तता। न चायमर्थः प्रामाणिकस्य कस्यचिद् प्रसिद्धः। संसारस्य स्वरूपहानिप्रसङ्गात्। तत्स्वरूपं हि एतद् यत्र कर्मवशवर्तिनः प्राणिनः संसरन्ति समासार्षुः संसरिष्यन्ति चेति। सर्वेषां च निर्वृतत्वे संसारस्य वा रिक्तत्वं हठादभ्युपगन्तव्यम्। मुक्तैर्वा पुनर्भवे आगन्तव्यम्॥

(અનુવાદ)

આ શ્લોકના અભિપ્રાયને દર્શાવતા કહે છે કેઃ યદિ જીવોને પરિમિત માનવામાં આવે તો સંભવ છે કે, તત્ત્વજ્ઞાનના અભ્યાસ આદિની પ્રકૃષ્ટતાથી અનુક્રમે સમસ્ત જીવોનો કોઇ સમયે મોક્ષ થઈ જવો જોઈએ કેમકે કાળ અનાદિ-અનંત છે. જીવોનું પરિમિતપણું હોવાથી સંસારની રિક્તતા કોનાથી નિવારી શકાશે! જેમ જલથી પરિપૂર્ણ સરોવર પવન અને સૂર્યનાં કિરણોથી તથા મનુષ્યો દ્વારા થતા પાણીના વપરાશથી જલથી રહિત થઇ જાય છે, તેમ જીવોનું સંખ્યાતપણું હોઇને પ્રત્યેક જીવોનો મોક્ષ થઈ જવાથી જગત જીવોથી શૂન્ય થઇ જશે! પરંતુ જીવોથી રહિત સંસાર કોઈપણ પ્રામાણિક પુરુષને માન્ય નથી. કેમકે તેથી તો સંસારના સ્વરૂપની જ હાનિ થાય છે. જ્યાં જીવો પોતપોતાનાં કર્મને અનુસારે ભ્રમણ કરે છે, ભ્રમણ કરતા હતા, અને પરિભ્રમણ કરશે, તેને જ સંસાર કહે છે. જો સંસારી જીવોની સંખ્યાને પરિમિત માનવામાં આવે તો સર્વે સંસારી જીવોનો કોઈ વખતે મોક્ષ થઈ જવાથી સંસારની રિક્તતા (શૂન્યતા) થઇ જાય. અથવા જીવોથી શૂન્ય જગતને નહીં સ્વીકારો તો મુક્ત જીવોનું પુનરપિ આગમન સ્વીકારવું પડશે.

(टीका) न च क्षीणकर्मणां भवाधिकारः।

"दग्धे बीजे यथाऽत्यन्तं प्रादुर्भवति नाङ्कुरः।
कर्मबीजे तथा दग्धे न रोहति भवाङ्कुरः॥"

इतिवचनात्। आह च पतञ्जलिः—"सति मूले तद्विपाको जात्यायुर्भोगाः" इति। एतट्टीका च—"सत्सु क्लेशेषु कर्माशयो विपाकारम्भी भवति नोच्छिन्नक्लेशमूलः। यथा तुषावनद्धा शालितण्डुला अदग्धबीजभावाः प्ररोहसमर्था भवन्ति नापनीततुषा दग्धबीजभावा वा। तथा क्लेशावनद्धः कर्माशयो विपाकप्ररोही भवति। नापनीतक्लेशो न प्रसंख्यानदग्धक्लेशबीजभावो वेति। स च विपाकस्त्रिविधो जातिरायुर्भोगः इति। अक्षपादोऽप्याह "न प्रवृत्तिः प्रतिसन्धानाय हीनक्लेशस्य" इति॥

(અનુવાદ)

જે જીવોનાં કર્મો નાશ પામી ગયાં છે, તે જીવોને ફરીથી સંસારમાં આવવાપણું હોઇ શકતું નથી. કહ્યું પણ છે કે : બીજ બળી ગયા પછી જેમ અંકુરની ઉત્પત્તિ થઇ

શકતી નથી તેમ કર્મરૂપી બીજ બળી ગયા પછી સંસારરૂપી અંકુરની ઉત્પત્તિ થઇ શકતી નથી.' પતંજલિ ઋષિએ પણ કહ્યું છે કેઃ 'મૂળના સદ્ભાવમાં જ જાતિ. આયુઃ અને ભોગ હોઈ શકે છે.' તેના ઉપર ટીકાકાર શ્રી વ્યાસમુનિ કહે છે કેઃ ક્લેશરૂપી મૂળનું અસ્તિત્વ હોય છે. ત્યાંસુધી જ કર્મોની શકિત ફળ આપવા માટે સમર્થ થાય છે. પરંતુ ક્લેશનો ઉચ્છેદ થવાથી કર્મો ફળ આપી શકતાં નથી. જેમ ફોતરાંસહિત ચોખા (ડાંગર) ચોખાને ઉત્પન્ન કરે છે, તેમ અદગ્ધ (બળી ગયા વિનાનું) બીજ અંકુરને ઉત્પન્ન કરવા માટે સમર્થ છે. પરંતુ ફોતરાંવિનાના ચોખા અને બળી ગયેલું બીજ અંકુરને ઉત્પન્ન કરી શકતાં નથી. તેવી રીતે ક્લેશરૂપી મૂળથી યુકત કર્મશકિત ફલ આપવા માટે સમર્થ થાય છે, ક્લેશોથી રહિત કર્મશકિત વિપાક (ફળ) આપવા માટે સમર્થ થઈ શકતી નથી. તે વિપાક જાતિ, આયુઃ અને ભોગ, એમ ત્રણ પ્રકારે છે. અક્ષપાદ ઋષિએ પણ કહ્યું છે કેઃ જેઓના ક્લેશો નાશ પામી ગયા છે. તેઓની પ્રવૃત્તિ બંધનનું કારણ થઇ શકતી નથી.'

(टीका) एवं विभङ्गज्ञानिशिवराजर्षिमतानुसारिणो दूषयित्वा उत्तरार्द्धेन भगवदुपज्ञमपरिमितात्मवादं निर्दोषतया स्तौति । षड्जीवेत्यादि । त्वं तु हे नाथ तथा तेन प्रकारेण अनन्तसंख्यमनन्ताख्याविशेषयुक्तं षड्जीवकायम् । अजीवन् जीवन्ति जीविष्यन्ति चेति जीवा इन्द्रियादिज्ञानादिद्रव्यभावप्राणधारणयुक्ताः । तेषां "सङ्घे वानूर्ध्वे "इति चिनोतेर्घञि आदेश्च कत्वे कायः समूहः जीवकायः पृथिव्यादिः । षण्णां जीवकायानां समाहारः षड्जीवकायम् । पात्रादिदर्शनाद् नपुंसकत्वम् । अथवा षण्णां जीवानां कायः प्रत्येकं सङ्घातः षड्जीवकायस्तं षड्जीवकायम् । पृथिव्यप्तेजोवायुवनस्पतित्रसलक्षणषड्जीवनिकायम् । तथा तेन प्रकारेण । आख्यः मर्यादया प्ररूपितवान् । यथा येन प्रकारेण न दोषो दूषणमिति । जात्यपेक्षमेकवचनम् । प्रागुक्तदोषद्वयजातीया अन्येऽपि दोषा यथा न प्रादुःष्यन्ति तथा त्वं जीवानन्त्यमुपदिष्टवानित्यर्थः । आख्यः इति आङ्पूर्वस्य ख्यातेरङि सिद्धिः । त्वमित्येकवचनं चेदं ज्ञापयति यद् जगद्गुरोरेव एकस्येदृक्प्ररूपणसामर्थ्यं, न तीर्थान्तरशास्तृणामिति ॥

(અનુવાદ)

આ પ્રમાણે વિભંગ જ્ઞાની (વિપરીતજ્ઞાનવાળા) શિવરાજર્ષિની માન્યતાને સદોષ સિદ્ધ કરીને હવે ઉત્તરાર્ધવડે શ્રી જિનેશ્વર ભગવંતે કહેલા જીવોનું અનંતપણું નિર્દોષ છે. તેને સ્તુતિદ્વારા સિદ્ધ કરતાં કહે છે કેઃ હે નાથ, આપે છ જીવનિકાયનું અનંતપણું કહેલું છે જે ભૂતકાળમાં જીવ્યા હતા, વર્તમાનમાં જીવે છે અને ભવિષ્યમાં જીવશે, તે જીવ કહેવાય એ જીવો સ્પર્શાદિ પાંચ ઇંન્દ્રિયો મનબલ, વચન બલ અને કાયબલ એત્રણ બલ, શ્વાસોચ્છ્વાસ અને આયુષ્ય' આ દશ દ્રવ્ય પ્રાણો અને સમ્યક્ જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપ ભાવ પ્રાણોને ધારણ કરે છે તે જીવોનો સમૂહ તે જીવનિકાય કહેવાય છે. અહિં "સંઘે વાનૂર્ધ્વે" એ સૂત્રથી 'ચિ' ધાતુને 'ઘઞ' પ્રત્યય થયે છતે આદિના 'ચ' ના સ્થાનમાં 'ક' થવાથી સમૂહ વાચક 'કાય' શબ્દ બન્યો છે' પૃથ્વી, પાણી, અગ્નિ, પવન, વનસ્પતિ અને ત્રસ, એ છ પ્રકારના જીવોને ષટ્કાય કહે છે ષણ્ણાં જીવાનાં કાયઃ ઇતિ ષટ્જીવકાયમ્

समासमां काय शब्द पात्रादि गणनो होवाथी तेनो नपुंसक लिंगमां प्रयोग करवामां आव्यो छे. अथवा छप्रकारना जीवोनो समूह ते छ जीवनिकाय, ओ रीते पुल्लिंगमां पण प्रयोग थाय छे. मर्यादा अर्थमां आङ् पूर्वक 'ख्या' धातुने अङ् प्रत्यय लगाडवाथी 'आख्य.' क्रियापद थयुं छे. तथा पूर्वोक्त जे ओ दोषो छे तेनी जातिना अन्य पण दोषनो आपना उपदेशमां अवकाश नथी. अहीं जातिनी अपेक्षाओ 'दोषः' ओ प्रकारे एक वचनमां प्रयोग करवामां आव्यो छे, तथा ओ प्रकारनुं जीवोनुं अनंतपणुं निर्दोषपणे हे नाथ आपे ज बताव्युं छे. परंतु अन्य कोई शास्त्रना प्रणेताओ नहीं. आवा अर्थने जणावता माटे श्लोकमां 'त्वं' एवा एक वचननो प्रयोग करवामां आव्यो छे.

(टीका) पृथिव्यादीनां पुनर्जीवत्वमित्थं साधनीयम्। यथा सामित्तिका विद्रुम-शिलादिरूपा पृथिवी. छेदे समानधातूत्थानाद्, अर्शोऽङ्कुरवत्। भौममम्भोऽपि सात्मकम्, क्षतभूसजातीयस्य स्वभावस्य सम्भवात्, शालूरवत्। आन्तरिक्षमपि सात्मकम्, अभ्रादिविकारे स्वतः सम्भूय पातात्, मत्स्यादिवत्। तेजोऽपि सात्मकम्, आहारोपादानेन वृद्ध्यादिविकारोपलम्भात्, पुरुषाङ्गवत्। वायुरपि सात्मकः, अपर-प्रेरितत्वे तिर्यग्गतिमत्वाद् गोवत्। वनस्पतिरपि सात्मकः, छेदादिभिर्म्लान्यादिदर्श-नात्, पुरुषाङ्गवत्। केषाञ्चित् स्वापाङ्गनोपश्लेषादिविकाराच्च। अपकर्षतश्चैतन्याद् वा सर्वेषां सात्मकत्वसिद्धिः। आप्तवचनाच्च। त्रसेषु च कृमिपिपीलिकाभ्रमरमनुष्या-दिषु न केषाञ्चित् सात्मकत्वे विगानमिति ॥

(अनुवाद)

हवे पृथ्वी आदिमां जीवत्वनी सिद्धि करता कहे छे के (१) परवाळां, पाषाण, माटी आदि पृथ्वी सजीव छे, डाभना अंकुरानी जेम पृथ्वीने खोदवाथी फरीथी ऊगे छे. (२) पृथ्वी संबंधी जल पण सजीव छे, केम के देडकानी जेम तथा खोदेली पृथ्वीनी जेम जलमां वृद्धि थती देखाय छे. आकाश संबंधी जल पण सजीव छे, केमके मत्स्य आदिनी जेम वादळ आदिमां विकार थवाथी स्वतः एकठुं थइने पृथ्वी उपर ऊतरे छे. (३) अग्नि पण सजीव छे, केमके मनुष्यना अंगनी जेम आहारथी वृद्धि वगेरे विकार थाय छे. (४) वायु पण सजीव छे. केमके गायनी जेम अन्यनी प्रेरणाथी तेमां तीर्छु गमन थतुं देखाय छे. (५) वनस्पति पण सजीव छे, केमके मनुष्यना अंगनी जेम तेने छेदवाथी तेमां म्लानता (करमाई जवुं) आदि देखवामां आवे छे. केटलीक वनस्पति स्त्रीना पादघात तथा आलिंगन आदिथी विकस्वर थती देखाय छे. जेम अशोकवृक्ष युवान स्त्रीना नूपुर (झांझर) सहित चरणना घातथी विकस्वर थाय छे. पनस नामनुं वृक्ष युवान स्त्रीना आलिंगनथी फलरूप थाय छे. तेवी ज रीते बकुल नामनुं वृक्ष सुगंधी मदिराना कोगळाना सिंचनथी विकसित थाय छे. चंपकवृक्ष सुगंधी निर्मल जलना सिंचनथी, तिलकवृक्ष स्त्रीना कटाक्ष आदिने निरखवाथी, तेमज शिरीष नामनुं वृक्ष कोकिलना पंचम स्वरना उद्गारने सांभळवाथी विकस्वर थाय छे. आ रीते वनस्पति आहार, भय, मैथुन अने परिग्रह आदि संज्ञाथी युक्त होवाथी सचेतन छे. केमके उक्त संज्ञाओ चेतन सिवाय अन्य कोई स्थळे होइ शकती नथी. परंतु पृथ्वी आदिमां चैतन्यनी अपकृष्टता (ओछापणुं) होवाथी व्यक्त चैतन्य देखवामां आवतुं नथी. आ प्रकारे सर्वज्ञ भगवाने पृथ्वी आदि

ને સજીવ કહી છે, પ્રત્યેક દર્શનકાર પણ પૃથ્વી આદિમાં જીવત્વનો સ્વીકાર કરે છે. તેમજ કૃમિ, (કીડા) પિપીલિકા (કીડીઓ) ભ્રમર, મનુષ્ય આદિ ત્રસ જીવોમાં ચૈતન્ય રહેલું છે. તે સર્વલોક પ્રસિદ્ધ છે.

(टीका)–यथा च भगवदुपक्रमें जीवानन्त्ये न दोषस्तथा दिङ्मात्रं भाव्यते। भगवन्मते हि षण्णां जीवनिकायानामेतद् अल्पबहुत्वम्। सर्वस्तोकास्त्रसकायिकाः। तेभ्यः संख्यातगुणाः तेजस्कायिकाः। तेभ्यो विशेषाधिकाः पृथिवीकायिकाः। तेभ्यो विशेषाधिका अप्कायिकाः तेभ्योऽपि विशेषाधिका वायुकायिकाः तेभ्यो ऽनन्तगुणा वनस्पतिकायिकाः। ते च व्यावहारिका अव्यावहारिकाश्च।

"गोला य असंखिज्जा असंखणिग्गोअ गोलओ भणिओ।
इक्किक्कम्मि णिगोए अणन्तजीवा मुणेअव्वा ॥१॥
सिज्झन्ति जत्तिया खलु इह संववहारजीवरासीओ।
एंति अणाइवणस्सइ रासीओ तत्तिआ तम्मि ॥२॥"

इतिवचनाद्। यावन्तश्च यतो मुक्तिं गच्छन्ति जीवास्तावन्तोऽनादिनिगोदवनस्पतिराशेस्तत्राऽऽगच्छन्ति। न च तावता तस्य काचित् परिहाणिर्निगोदजीवाऽऽनन्त्यस्याक्षयत्वात्। निगोदस्वरूपं च समयसागराद् अवगन्तव्यम्। अनाद्यन्तेऽपि काले ये केचिन्निर्वृत्ताः निर्वान्ति निर्वास्यन्ति च ते निगोदानामनन्तभागेऽपि न वर्तन्ते नावर्तिषत न वर्त्स्यन्ति। ततश्च कथं मुक्तानां भवागमनप्रसङ्गः, कथं च संसारस्य रिक्तताप्रसक्तिरिति। अभिप्रेतं चैतद् अन्ययूथ्यानामपि। यथा चोक्त वार्तिककारेण

"अत एव विद्वत्सु मुच्यमानेषु सन्ततम्।
ब्रह्माण्डलोकजीवानामनन्तत्वाद् अशून्यता ॥१॥
अत्यन्यूनातिरिक्तत्वैर्युज्यते परिमाणवत्।
वस्तुन्यपरिमेये तु नूनं तेषामसंम्भवः ॥२॥"

इति काव्यार्थः ॥२९॥

(અનુવાદ)

ભગવંતના કથનમાં જેવી રીતે દોષો આવતા નથી, તેનું દિગ્દર્શન કરવામાં આવે છે. શ્રી જિનેશ્વરના મતમાં પૃથ્વી આદિ છ જીવનિકાયનું અનંતપણું આ પ્રમાણે છે : સર્વ થકી થોડા ત્રસ (પોતાની ઈચ્છાનુસાર હલન-ચલન ક્રિયાને કરનારા) જીવો છે. તેનાથી સંખ્યાત ગુણા અગ્નિકાયના જીવો છે તેનાથી વિશેષાધિક પૃથ્વીકાયના જીવો છે. તેનાથી વિશેષાધિક પાણીના જીવો છે. તેનાથી વિશેષાધિક વાયુકાયના જીવો છે. તેનાથી અનંતગુણા વનસ્પતિ કાયના જીવો છે તે વનસ્પતિકાયનાં જીવો વ્યવહાર રાશિ (બાદર નિગોદ -ચર્મચક્ષુથી દેખી શકાય) અને અવ્યવહાર રાશિ (સૂક્ષ્મ નિગોદ) એમ બે પ્રકારે છે ચૌદ રાજ લોક (અસંખ્યાતા યોજનનું એક રાજ થાય છે, આવું રાજ શબ્દ પારિભાષિક

છે.) માં અસંખ્યાતા નિગોદના ગોળા છે. એકેક ગોળામાં અસંખ્યાતી નિગોદ છે. એકેક નિગોદમાં અનંતા જીવો છે. જેટલા જીવો વ્યવહાર રાશિમાંથી નીકળીને મોક્ષમાં જાય છે. તેટલા જીવો અવ્યવહાર રાશિમાંથી નીકળીને વ્યવહાર રાશિમાં આવે છે. આ પ્રમાણે નિગોદમાંથી જીવો નીકળતા હોવાથી તેમજ નિગોદિયા જીવોનું અનંતપણું હોવાથી સંસારમાંથી સંસારી જીવો કયારે પણ ખાલી થતા નથી. (નિગોદનું વિશેષ સ્વરૂપ 'સમય સાગર' ગ્રંથમાંથી જાણી લેવું) તેથી કાળનું અનાદિ–અનંતપણું હોવા છતાં પણ કેટલાક જીવો મોક્ષમાં ગયા છે, કેટલાક જાય છે. અને કેટલાક જીવો મોક્ષમાં જશે. તોપણ નિગોદનો અનંતમો ભાગ જ મોક્ષમાં ગયો છે. અને જશે. જ્યારે જ્યારે શ્રી જિનેશ્વર ભગવંતને પૂછવામાં આવે છે કે હે ભગવંત કેટલા જીવ મોક્ષમાં ગયા છે ? ત્યારે તેના ઉત્તરમાં ભગવંત કહે છે કે : 'અત્યાર સુધીમાં ફક્ત એક નિગોદનો અનંતમો ભાગ જ મોક્ષમાં ગયો છે.' આથી અમારા મતમાં મુક્ત જીવોનું સંસારમાં આગમન સંભવતું નથી અને સંસાર જીવોથી શૂન્ય બની જતો નથી. આ પ્રમાણે અન્ય દર્શનકારો પણ સ્વીકારે છે. વાર્તિકકારે પણ કહ્યું છે કે : બ્રહ્માંડમાં અનંત જીવો રહેલા છે. તેથી સંસારમાંથી વિશિષ્ટ જ્ઞાનીઓની મુક્તિ થવા છતાં પણ જગત્ જીવોથી રિક્ત (ખાલી) થઇ જતું નથી. કેમકે જે વસ્તુનું પરિમાણ હોય છે તે વસ્તુનો અંત થાય છે, અને પરિમિત વસ્તુની જ ન્યૂનતા અને સમાપ્તિ સંભવે છે. અપરિમિત વસ્તુનો કયારે પણ અંત થતો નથી તેમજ ન્યૂનતા અને સમાપ્તિ પણ થતી નથી. આ પ્રકારે અન્યમતના અનુસારે પણ જીવોનું અનંતપણું સિદ્ધ થાય છે. માટે ભગવંતે પ્રતિપાદન કરેલું જીવોનું અનંતપણું ઉક્ત દોષો દ્વારા દૂષિત થતું નથી. આ પ્રકારે ૨૯ મા શ્લોકનો અર્થ જાણવો.

अवतरण

अधुना परदर्शनानां परस्परविरुद्धार्थसमर्थकतया मत्सरित्वं प्रकाशयन् सर्वज्ञोपज्ञ सिद्धान्तस्यान्योन्यानुगतसर्वनयमयतया मात्सर्याभावमाविर्भावयति–

અવતરણ

હવે પરસ્પર વિરુદ્ધ અર્થનું પ્રતિપાદન કરવા સમર્થ અન્યદર્શનોમાં માત્સર્ય (ઈર્ષ્યા) ભાવ રહેલો છે, તે પ્રકાશિત કરતા અને સર્વજ્ઞ ભગવાનવડે પ્રણીત સિદ્ધાંત સંપૂર્ણ નય સ્વરૂપ હોવાથી તેમાં ઈર્ષ્યારહિતપણું છે, તેને પ્રગટ કરતાં કહે છે કે :

अन्योऽन्यपक्षप्रतिपक्षभावात् यथा परे मत्सरिणः प्रवादाः ॥
नयानशेषानविशेषमिच्छन् न पक्षपाती समयस्तथा ते ॥३०॥

મૂળ–અર્થ : પક્ષ અને પ્રતિપક્ષના ભાવથી અન્ય દર્શનો એક બીજા ઉપર માત્સર્ય ભાવને ધારણ કરે છે. પરંતુ હે ભગવાન્ આપનો સિદ્ધાંત સમસ્ત નયોને સમાનરૂપ દેખવાથી તેવા પ્રકારનો પક્ષપાતી નથી. કેમકે આપનો સિદ્ધાંત તો સર્વમતોને કોઇ નયની અપેક્ષાએ સત્ય તરીકે સમજે છે.(૩૦)

(टीका)–प्रकर्षेण उद्यते प्रतिपाद्यते स्वाभ्युपगतोऽर्थो यैरिति प्रवादाः । यथा येन प्रकारेण । परे भवच्छासनाद् अन्ये । प्रवादा दर्शनानि । मत्सरिणः अतिशायने मत्वर्थीयविधानात् सातिशयासहनताशालिनः क्रोधकषायकलुषितान्तःकरणाः सन्तः पक्षपातिनः, इतरपक्षतिरस्कारेण स्वकक्षीकृतपक्षव्यवस्थापनप्रवणा वर्तन्ते । कस्माद् हेतोर्मत्सरिणः इत्याह । अन्योऽन्यपक्षप्रतिपक्षभावात् । पच्यते व्यक्तीक्रियते साध्यधर्मवैशिष्ट्येन हेत्वादिभिरिति पक्षः । कक्षीकृतधर्मप्रतिष्ठापनाय साधनोपन्यासः । तस्य प्रतिकूलः पक्षः प्रतिपक्षः । पक्षस्य प्रतिपक्षो विरोधी पक्षः प्रतिपक्षः । तस्य भावः पक्षप्रतिपक्षभावः । अन्योऽन्यं परस्परं यः पक्षप्रतिपक्षभावः षक्षप्रतिपक्षत्वमन्योऽन्यपक्षप्रतिपक्षभावस्तस्मात् ॥

(અનુવાદ)

પોતે સ્વીકારેલા અર્થને જેઓ દૃઢરૂપે પ્રતિપાદન કરે છે. તેને પ્રવાદ કહે છે. આપના સિદ્ધાંતથી અતિરિક્ત અન્યદર્શનો પરસ્પર પક્ષ અને પ્રતિપક્ષમાં દુરાગ્રહી બનીને એક બીજાના પક્ષનો તિરસ્કાર કરવાપૂર્વક પોતપોતાના સિદ્ધાંતનું સ્થાપન કરવા માટે ઉદ્યત રહે છે, તેથી તે લોકો અત્યંત અસહિષ્ણુ હોઇને ક્રોધ કષાયથી કલુષિત હૃદયવાળા થઈને પોતપોતાના દર્શનમાં પક્ષપાત ધારણ કરે છે. મત્સરી શબ્દમાં મત્વર્થીય 'इन्' પ્રત્યયનું વિધાન કરવાથી અત્યંત ઈર્ષ્યાળુ છે, તેવો અર્થ દ્યોતિત કરે છે. સાધ્યધર્મના વિશિષ્ટ-

પણ વડે કરીને હેતુ આદિ જે પ્રગટ કરવામાં આવે છે. તેને પક્ષ કહે છે. અર્થાત્ પોતે સ્વીકારેલા ધર્મને સિદ્ધ કરવા માટે જેમાં સાધન (હેતુ) નો ઉપન્યાસ કરવો, તેને પક્ષ કહે છે. અને પક્ષથી વિરુદ્ધ હોય તેને પ્રતિપક્ષ કહે છે.

(टीका)—तथाहि । य एव मीमांसकानां नित्यः शब्द इति पक्षः स एव सौगतानां प्रतिपक्षः । तन्मते शब्दस्यानित्यत्वात् । य एव सौगतानामनित्यः शब्द इति पक्षः स एव मीमांसकानां प्रतिपक्षः । एवं सर्वप्रयोगेषु योज्यम् तथा तेन प्रकारेण । ते तव । सम्यक् एति गच्छति शब्दोऽर्थमनेन इति 'पुन्नाम्नि घः ।" समयः संकेतः । यद्वा सम्यग् अवैपरीत्येन ईयन्ते जीवाजीवादयोऽर्था अनेन इति समयः सिद्धान्तः । अथवा सम्यग् अयन्ते गच्छन्ति जीवादयः पदार्थाः स्वस्मिन् स्वरूपे प्रतिष्ठां प्राप्नुवन्ति अस्मिन् इति समय आगमः । न पक्षपाती नैकपक्षानुरागी । पक्षपातित्वस्य हि कारणं मत्सरित्वं परप्रवादेषु उक्तम् । त्वत्समयस्य च मत्सरित्वाभावाद् न पक्षपातित्वम् । पक्षपातित्वं हि मत्सरित्वेन व्याप्तम्, व्यापकं च निवर्तमानं व्याप्यमपि निवर्तयति इति मत्सरित्वे निवर्तमाने पक्षपातित्वमपि निवर्तत इति भावः । तव समय इति वाच्यवाचकभावलक्षणे सम्बन्धे षष्ठी । सूत्रापेक्षया गणधरकर्तृकत्वेऽपि समयस्य अर्थापेक्षया भगवत्कर्तृकत्वाद वाच्यवाचकभावो न विरुध्यते । "अत्थं भासइ अरहा सुत्तं गुंथंति गणहरा णिउणं" इति वचनात् । अथवा उत्पादव्ययध्रौव्यप्रपञ्चः समयः । तेषां च भगवता साक्षान्मातृकापदरूपतयाभिधानात् । तथा चार्षम्—"उप्पन्ने वा विगमे वा धुवेति वा, इत्यदोषः ॥

(અનુવાદ)

તે અન્ય દર્શનોનું પક્ષ અને પ્રતિપક્ષનું સ્વરૂપ બતાવતાં કહે છે કે–જેમ મીમાંસક મતમાં શબ્દ નિત્ય છે, તે મીમાંસકોનો પક્ષ છે, ત્યારે તેજ બૌદ્ધ દર્શનનો પ્રતિપક્ષ છે કેમકે બૌદ્ધ મતમાં શબ્દ અનિત્ય છે. તેવી જ રીતે જ બૌદ્ધમતમાં શબ્દ અનિત્ય છે, તે તેઓને (બૌદ્ધોનો) પક્ષ છે. ત્યારે મીમાંસકોનો પ્રતિપક્ષ છે. કેમકે મીમાંસક શબ્દને નિત્ય માને છે. આ પ્રકારે અન્યત્ર પણ સમજી લેવું. પરંતુ આપના સિદ્ધાંતમાં કોઈપણ એક પક્ષનો અનુરાગ અથવા પક્ષપાત દેખવામાં આવતો નથી. કેમકે પક્ષપાતનું કારણ ઇર્ષ્યા છે. આપના સિદ્ધાંતમાં ઇર્ષ્યાનો અભાવ હોવાથી આપનો સિદ્ધાંત પક્ષપાતી નથી. અને અન્ય દર્શનોમાં પક્ષપાતનું કારણ ઇર્ષ્યાનો સદ્ભાવ હોવાથી તે લોકોમાં પક્ષપાત ઘટી શકે છે. કેમકે જ્યાં જ્યાં ઇર્ષ્યા હોય છે ત્યાં ત્યાં પક્ષપાત હોય છે, અને જ્યાં ઇર્ષ્યા નથી ત્યાં પક્ષપાત નથી. તેથી આપના સિદ્ધાંતમાં ઇર્ષ્યારૂપ વ્યાપકનો અભાવ હોવાથી પક્ષપાતરૂપ વ્યાપ્યનો અભાવ છે. હવે સમય શબ્દનો ચાર પ્રકારે અર્થ કરે છે. તે આ પ્રમાણે:–(૧) જેના દ્વારા જીવ અજીવ આદિ તત્ત્વોનું સમ્યક પ્રકારે જ્ઞાન થાય છે તે સિદ્ધાંત કહેવાય છે. (૨) જેના દ્વારા પદાર્થને સમ્યક્ પ્રકારે જાણી શકાય છે તે સમય કહેવાય છે. અહીં 'सम्'

પૂર્વક इ ધાતુનો "पुन्नाम्नि घः" એ સૂત્રથી સમય શબ્દ બન્યો છે. (૩) જેને વિષે જીવાદિ પદાર્થોનું સંગીન વર્ણન કરવામાં આવ્યું છે તેને આગમ કહે છે. (૪) જેને વિષે ઉત્પાદ વ્યય અને ધ્રૌવ્યનું વર્ણન છે તે પણ સમય કહેવાય છે. ઉત્પાદ, વ્યય આદિને શ્રીજિનેશ્વર ભગવંતે સાક્ષાત્ માતૃકા પદ કહેલાં છે. કેમ કે તીર્થની સ્થાપના કરતી વખતે તીર્થંકર ભગવાન ગણધર ભગવંતોને પ્રથમ જ ઉત્પાદ વ્યય અને ધ્રૌવ્ય એ ત્રણ પદ આપે છે. તેના ઉપર બીજ બુદ્ધિના માલિક ગણધર ભગવંતો દ્વાદશાંગીની રચના કરે છે તેથી અને સંપૂર્ણ દ્વાદશાંગીના સારભૂત હોવાથી તેને માતૃકાપદ કહે છે. તેમજ મુનિઓએ પણ કહ્યું છે કે ઉત્પન્ન થવું, વિનાશ થવો અને સ્થિર રહેવું એ જ તત્ત્વ છે. યદ્યપિ સૂત્રની અપેક્ષાએ ગણધર ભગવંત દ્વાદશાંગીના રચયિતા છે. પરંતુ અર્થની અપેક્ષાએ તો તીર્થંકર ભગવંત જ આગમના પ્રણેતા છે. તેથી વાચ્ય વાચક ભાવ સંબંધનો વિરોધ આવી શકતો નથી, તેમજ કહ્યું પણ છે કેઃ અર્હંત ભગવાન અર્થનું નિરૂપણ કરે છે અને ગણધર ભગવંતો નિપુણ એવા સૂત્રની રચના કરે છે. તેથી આપની સાથે આગમનો વાચ્ય વાચક ભાવ સંબંધ ઠીક બની શકે છે.

(टीका)—मत्सरित्वाभावमेव विशेषणद्वारेण समर्थयति। नयानशेषानविशेषमिच्छन् इति। अशेषान् समस्तान् नयान् नैगमादीन्, अविशेषं निर्विशेषं यथा भवति एवम् इच्छन् आकाङ्क्षन् सर्वनयात्मकत्वादनेकान्तवादस्य। यथा विशकलितानां मुक्तामणीनामेकसूत्रानुस्यूतानां हारव्यपदेशः एवं पृथगभिसन्धीनां नयानां स्याद्वादलक्षणैकसूत्रप्रोतानां श्रुताख्यप्रमाणव्यपदेश इति। ननु प्रत्येकं नयानां विरुद्धत्वे कथं समुदितानां निर्विरोधिता। उच्यते। यथा हि समीचीनं मध्यस्थं न्यायनिर्णेतारमासाद्य परस्परं विवदमाना अपि वादिनो विवादाद् विरमन्ति एवं नया अन्योऽन्यं वैरायमाणा अपि सर्वज्ञशासनमुपेत्य स्याच्छब्दप्रयोगोपशमितविप्रतिपत्तयः सन्तः परस्परमत्यन्तं सुहृद्भूयावतिष्ठन्ते। एवं च सर्वनयात्मकत्वे भगवत्समयस्य सर्वदर्शनमयत्वमविरुद्धमेव, नयरूपत्वाद् दर्शनानाम् ॥

(અનુવાદ)

પ્રભુનો સિદ્ધાંત માત્સર્ય ભાવથી રહિત છે, તેનું વિશેષણ દ્વારા સમર્થન કરે છે. આપનું દર્શન નૈગમનય આદિ સમસ્ત નયોને સમાનપણે ઇચ્છે છે તેથી આપનો અનેકાન્ત વાદ સર્વનય સ્વરૂપ છે. જેમ વિખરાયેલા એવા ભિન્ન ભિન્ન મોતીઓને એકસૂત્રમાં પરોવવાથી તે એક સુંદર હાર કહેવાય છે, તેમ ભિન્ન ભિન્ન અભિપ્રાયવાળા નયોને સ્યાદ્વાદરૂપી સૂત્ર (દોરા) માં પરોવવાથી સંપૂર્ણ નયોને શ્રુતરૂપ પ્રમાણ કહે છે.

શંકા : પ્રત્યેક નયોમાં જે વિરોધ આવે છે, તે વિરોધ સર્વનયો એકત્ર મળવાથી કેમ ના આવી શકે ?

સમાધાન : જેમ પરસ્પર વિવાદ કરતા વાદી અને પ્રતિવાદી કોઇ યોગ્ય ન્યાયાધીશને પામીને તેના દ્વારા શુદ્ધ ન્યાય મળવાથી વિવાદથી વિરમી તેઓ પરસ્પર મૈત્રીભાવે મળી જાય છે તેમ પરસ્પર વિરોધી એવા પણ નયો સર્વજ્ઞ ભગવાનના શાસનને પામીને 'સ્યાત્' શબ્દના

પ્રયોગથી વિવાદને શમાવતા પરસ્પર મૈત્રીભાવે વર્તે છે. આ પ્રકારે ભગવંતનું શાસન સર્વનય સ્વરૂપ હોવાથી સર્વદર્શનસ્વરૂપ પણ છે કેમકે સર્વદર્શનો નયસ્વરૂપ છે. તેથી ભગવત્ શાસન સર્વદર્શનથી વિરુદ્ધ નથી.

(ટીકા)–न च वाच्यं तर्हि भगवत्समयस्तेषु कथं नोपलभ्यते इति। समुद्रस्य सर्वसरिन्मयत्वेऽपि विभक्तासु तासु अनुपलम्भात्। तथा च वक्तृवचनयोरैक्यमध्यवस्य श्रीसिद्धसेनदिवाकरपादाः–

"उदधाविव सर्वसिन्धवः समुदीर्णास्त्वयि नाथ दृष्टयः।
न च तासु भवान् प्रदृश्यते प्रविभक्तासु सरित्स्विवोदधिः" ॥

अन्ये त्वेवं व्याचक्षते। तथा अन्योन्यपक्षप्रतिपक्षभावात् परे प्रवादा मत्सरिणस्तथा तव समयः सर्वनयान् मध्यस्थतयाङ्गीकुर्वाणो न मत्सरी। यतः कथंभूतः। पक्षपाती पक्षमेकपक्षाभिनिवेशम् पातयति तिरस्करोतीति पक्षपाती। रागस्य जीवनाशं नष्टत्वात्। अत्र च व्याख्याने मत्सरीति विधेयपदम् पूर्वस्मिंश्च पक्षपातीति विशेषः। अत्र च क्लिष्टाक्लिष्टव्याख्यानविवेको विवेकिभिः स्वयं कार्यः॥ इति काव्यार्थः

(અનુવાદ)

શંકા : યદિ ભગવંતનું શાસન સર્વદર્શન સ્વરૂપ છે. તો તે સર્વદર્શનમાં કેમ દેખવામાં આવતું નથી.

સમાધાન : જેમ સમુદ્ર અનેક નદી સ્વરૂપ હોવા છતાં પણ ભિન્ન ભિન્ન નદીઓમાં ઉપલબ્ધિ થતી નથી, તેમ ભગવત્ શાસન સર્વદર્શન સ્વરૂપ હોવા છતાં પણ ભિન્ન ભિન્ન દર્શનોમાં દેખી શકાતું નથી. તેમજ વક્તા અને વચનનો અભેદ માનીને શ્રી સિદ્ધસેન દિવાકરે પણ કહ્યું છે, કે : 'હે નાથ, સર્વ નદીઓ એકઠી થઈને સમુદ્રમાં મળે છે, તેમ સર્વ દૃષ્ટિઓ દર્શનોનો સમાવેશ આપનામાં થાય છે. પરંતુ જેમ ભિન્ન ભિન્ન નદીઓમાં સમુદ્રની ઉપલબ્ધિ થતી નથી, તેમ ભિન્ન ભિન્ન દર્શનોમાં આપ દેખી શકાતા નથી. કેટલાક પ્રસ્તુત શ્લોકનો અર્થ અન્યપ્રકારે કરે છે. ઇતરદર્શનો પરસ્પર પક્ષ અને પ્રતિપક્ષ ભાવ રાખવાથી ઈર્ષ્યાળુ છે. પરંતુ આપનું શાસન સર્વનયો પ્રત્યે મધ્યસ્થભાવને ધારણ કરતું હોવાથી માત્સર્ય (ઈર્ષ્યા)ભાવથી રહિત છે. કેમકે આપને વિષે અભિપ્રેત પક્ષમાં દુરાગ્રહ રાખીને અન્યપક્ષના તિરસ્કારરૂપ પક્ષપાતનો અભાવ છે. પક્ષપાતના કારણભૂત રાગાદિદોષોનો અભાવ હોવાથી આપનું વક્તવ્ય પક્ષપાતી નથી. આ પ્રકારે જૈન દર્શન ઇતરદર્શનો પ્રત્યે માધ્યસ્થભાવને ધારણ કરતું હોવાથી સર્વદર્શનનો સમન્વય કરે છે. પ્રસ્તુત કાવ્યની પ્રથમ વ્યાખ્યામાં 'પક્ષપાતી' વિધેયપદ છે. અને બીજી વ્યાખ્યામાં 'મત્સરી' એ વિધેયપદ છે. આ રીતે પૂર્વ અને ઉત્તર વ્યાખ્યાનો ભેદ છે. ઉક્ત બન્ને વ્યાખ્યામાં સરલ અને કઠીનતાનો ભેદ બુદ્ધિમાન પુરુષોએ સ્વયં વિચારવો.

अवतरण—

इत्थङ्कारं कतिपयपदार्थविवेचनद्वारेण स्वामिनो यथार्थवादाख्यं गुणमभिष्टुत्य समग्रवचनातिशयव्यावर्णने स्वस्यासामर्थ्यं दृष्टान्तपूर्वकमुपदर्शयन् औद्धत्यपरिहाराय भङ्ग्यन्तरतिरोहितं स्वाभिधानं च प्रकाशयन् निगमनमाह—

અવતરણ

આ પ્રકારે કેટલાક પદાર્થોના વિવેચન દ્વારા ભગવંતના યથાર્થવાદ નામના ગુણની સ્તુતિ કરીને પછી પોતાની ઉદ્ધતાઈને દૂર કરવા માટે પ્રભુના સંપૂર્ણ વચનાતિશયનું વર્ણન કરવામાં પોતાની અસમર્થતાને દૃષ્ટાંતપૂર્વક દર્શાવતાં પ્રકારાન્તરથી પોતાના નામને પ્રગટ કરતા આચાર્ય મહારાજ ઉપસંહાર કરતાં કહે છે, કે—

वाग्वैभवं ते निखिलं विवेक्तुमाशास्महे चेत् महनीयमुख्य ।
लङ्घेम जङ्घालतया समुद्रं वहेम चन्द्रद्युतिपानतृष्णाम् ॥३१॥

મૂળ-અર્થ : હે પૂજ્ય શિરોમણિ જો અમે આપના સમગ્ર વચનાતિશયનું વર્ણન કરવાની ઈચ્છા રાખીએ તો ખરેખર પોતાની જંઘાવડે સમુદ્રને તરવાની તેમજ ચંદ્રની કાંતિનું પાન કરવાની અભિલાષા રાખવા બરાબર છે. અર્થાત્ આપના ગુણોનું વર્ણન કરવા માટે અમે સર્વથા અશક્ત છીએ.(૩૧)

(टीका) विभव एव वैभवं । प्रज्ञादित्वात् स्वार्थेऽण् । विभोर्भावः कर्म चेति वा वैभवम् । वाचां वैभवं वाग्वैभवं वचनसम्पत्प्रकर्षम् । विभोर्भाव इति पक्षे तु सर्वनयव्यापकत्वम् । विभुशब्दस्य व्यापकपर्यायतया रूढत्वात् । ते तव संबन्धिनं निखिलं कृत्स्नं विवेक्तुं विचारयितुं चेद् यदि वयमाशास्महे इच्छामः । हे महनीय-मुख्य महनीयाः पूज्याः पञ्च परमेष्ठिनस्तेषु मुख्यः प्रधानभूतः, आद्यत्वात् तस्य संबोधनम् ॥

(અનુવાદ)

વિભવ શબ્દ પ્રજ્ઞાદિ ગણનો હોવાથી સ્વાર્થમાં 'अण्' પ્રત્યય થયો છે, તેથી વિભવનો વૈભવ શબ્દ બન્યો છે. અથવા વિભુનો ભાવ તે વૈભવ, અથવા કર્મને પણ વૈભવ કહે છે. વચનનો વૈભવ અથવા વચનની પ્રકર્ષતા તેને વાગ્વૈભવ કહે છે. વિભુ શબ્દ વ્યાપક અર્થમાં રૂઢ હોવાથી ભગવંતનું વચન સર્વનયોમાં વ્યાપક છે, તે પ્રકારના અર્થને જણાવે છે. તેમજ અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ, આ પંચપરમેષ્ઠિમાં પૂજ્યરૂપે અર્હંત્ ભગવંતનું મુખ્યપણું હોવાથી ભગવંતને પૂજ્યોને વિષે શિરોમણિ કહેવામાં આવ્યા છે,

(टीका) ननु सिद्धेभ्यो हीनगुणत्वाद् अर्हतां कथं वागतिशयशालिनामपि तेषां मुख्यत्वम्। न च हीनगुणत्वमसिद्धम्। प्रव्रज्यावसरे सिद्धेभ्यस्तेषां नमस्कारकरणश्रवणात्। "काऊण नमुक्कारं सिद्धाणमभिग्गहं तु सो गिण्हे" इति श्रुतकेवलिवचनात्। मैवम्। अर्हदुपदेशेनैव सिद्धानामपि परिज्ञानात्। तथा चार्षम्–"अरहन्तुवएसेणं सिद्धा णज्झंति तेण अरहाई" इति। ततः सिद्धं भगवत एव मुख्यत्वम्। यदि तव वाग्वैभवं निखिलं विवेक्तुमाशास्महे ततः किमित्याह लङ्घेम इत्यादि। तदा इत्यध्याहार्यम्। तदा जङ्घालतया जाङ्घिकतया वेगवत्तया समुद्रं लङ्घेम किल समुद्रमिव अतिक्रमामः। तथा वहेम धारयेम। चन्द्रद्युतीनां चन्द्रमरीचीनां पानं चन्द्रद्युतिपानम्। तत्र तृष्णा तर्षोभिलाष इति यावत् चन्द्रद्युतिपानतृष्णा ताम्। उभयत्रापि सम्भावने सप्तमी। यथा कश्चिच्चरणचङ्क्रमणवेगवत्तया यानपात्रादि अन्तरेणापि समुद्रं लङ्घितुमीहते यथा च कश्चिच्चन्द्रमरीचीरमृतमयीः श्रुत्वा चुलुकादिना पातुमिच्छति, न चैतद् द्वयमपि शक्यसाधनम्। तथा न्यक्षेण भवदीयवाग्वैभववर्णनाकाङ्क्षापि अशक्यारम्भप्रवृत्तितुल्या। आस्तां तावत् तावकीनवचनविभवानां सामस्त्येन विवेचनविधानम्, तद्विषयाकाङ्क्षापि महत् साहसमिति भावार्थः॥

(અનુવાદ)

શંકા : અરિહંત ભગવાનમાં વચનાતિશયની પ્રકર્ષતા હોવા છતાં પણ સિદ્ધ ભગવાનથી અર્હંતમાં થોડા ગુણો છે. કેમકે અરિહંત ભગવાન આઠ કર્મો પૈકીનાં જ્ઞાનાવરણીય આદિ ચાર ઘાતી (આત્મગુણોનો ઘાત કરવાવાળાં) કર્મોનો નાશ કરવાથી ભવસ્થ કેવલી છે. ત્યારે સિદ્ધ ભગવાન તો આઠે કર્મોનો ક્ષય કરીને મુક્તિમાં બિરાજમાન થયેલા છે. તો અર્હંત ભગવંતની મુખ્યતા કઈ રીતે કહી શકાય ? વળી અરિહંત ભગવાનમાં હીન ગુણપણું સિદ્ધ નથી તેમ નહીં કિન્તુ હીનગુણત્વ સિદ્ધ છે. કેમકે પ્રવ્રજ્યા ગ્રહણ કરતી વખતે અરિહંત ભગવાન પ્રથમ સિદ્ધોને નમસ્કાર કરે છે. એમ સાંભળ્યું છે. તેમજ શ્રુત કેવલીઓએ પણ કહ્યું છે, કે : સિદ્ધોને નમસ્કાર કરીને અર્હંત ભગવાન અભિગ્રહ ધારણ કરે છે. તેથી અર્હંત ભગવાનનું સિદ્ધોથી પણ મુખ્યપણું કઈ રીતે હોઈ શકે ?

સમાધાન : તમારી વાત બરાબર નથી, કેમકે અરિહંત ભગવાનના ઉપદેશથી જ સિદ્ધ ભગવાનનું જ્ઞાન થાય છે. તેમજ આગમમાં પણ કહ્યું છે કે અર્હંત ભગવંતના ઉપદેશથી જ સિદ્ધોની ઓળખાણ થાય છે. તેથી જ અર્હંત ભગવાનનું સિદ્ધોથી મુખ્ય પણું છે. શ્લોકમાં 'तदा' શબ્દ અધ્યાહારથી જાણવો. જેમ જહાજ વિના કેવલ જંઘાથી સમુદ્રનું ઉલ્લંઘન કરવું અશક્ય છે, તથા ચંદ્રની અમૃતમયી કાંતિનું ખોબાથી પાન કરવું અશક્ય છે, તેમ આપના સમગ્ર વચનાતિશયનું વર્ણન કરવું અમારા માટે બિલકુલ અશક્ય છે. અથવા, સમુદ્રના લંઘનની ઇચ્છા તથા ચંદ્રની કાંતિનું પાન કરવાની અભિલાષા જેમ મહા સાહસરૂપ છે, તેમ આપના સમગ્ર વચનાતિશયનું વર્ણન કરવું તો દૂર રહો પરંતુ આપના સંપૂર્ણ ગુણોનું વર્ણન કરવાની અભિલાષા પણ મહાસાહસરૂપ છે.

(टीका) अथवा 'लघु शोषणे 'इति धातोर्लङ्घेम शोषयेम समुद्रं जङ्घालतया अतिरंहसा । अतिक्रमणार्थे लङ्घेस्तु प्रयोगे दुर्लभं परस्मैपदम नित्यं वा आत्मनेपद मिति । अत्र च औद्धत्यपरिहारेऽधिकृतेऽपि यद् आशास्महे इत्यात्मनि बहुवचन-माचार्यः प्रयुक्तवांस्तदिति सूचयति यद् विद्यन्ते जगति मादृशा मन्दमेधसो भूयांसः स्तोतारः, इति बहुवचनमात्रेण न खलु अहङ्कारः स्तोतरि प्रभौ शङ्कनीयः । प्रत्युत निरभिमानताप्रासादोपरि पताकारोप एवावधारणीयः ॥ इति काव्यार्थः ॥ ३१ ॥ एषु एकत्रिंशति वृत्तेषु उपजातिच्छन्दः ॥

(અનુવાદ)

અથવા 'लघु' ધાતુનો અર્થ શોષણ કરવું એ પણ થાય છે. તેથી એ સૂચિત થાય છે કે અમે વેગથી સમુદ્રનું શોષણ કરવાની ઇચ્છા રાખીએ છીએ. अतिक्रमण અર્થમાં 'लङ्घि' ધાતુનો પ્રયોગ પરસ્મૈપદમાં બની શકતો નથી, તેથી શોષણ અર્થમાં 'लघु' ધાતુથી પરસ્મૈપદમાં 'लंघेम' રૂપ બનવું જોઇએ. અથવા આત્મનેપદને અનિત્ય માનવામાં આવે તો અતિક્રમણ અર્થમાં 'लंघि' ધાતુનો પ્રયોગ કરવાથી પણ 'लंघेम' રૂપ બની શકે છે. શ્લોકમાં 'आशास्महे' એ પ્રકારે બહુવચનનો પ્રયોગ કરવા છતાં પણ औद्धत्य-(અહંકાર)નો પરિહાર થાય છે. કેમકે સ્તુતિકારનો બહુવચનમાં પ્રયોગ કરવાનો એ અભિપ્રાય છે કે મારા સરખા મંદબુદ્ધિવાળા આ જગતમાં ઘણા સ્તુતિ કરવાવાળા છે, માટે ઉક્ત તાત્પર્યથી સ્તુતિકાર મહારાજમાં અહંકારની શંકા નિરાસ્પદ છે. પ્રત્યુત આચાર્ય મહારાજની નિરભિમાનતા સિદ્ધ થાય છે. અર્થાત્ નિરભિમાનરૂપ પ્રાસાદ ઉપર બહુવચનના પ્રયોગરૂપ પતાકા (ધ્વજા) ચઢાવવા સમાન છે. પ્રસ્તુત શ્લોકમાં સ્તુતિકાર મહારાજનું પ્રકારાન્તરથી (હેમચંદ્ર) નામ સૂચિત થાય છે. આ પ્રમાણે એકત્રીશમા શ્લોકનો અર્થ જાણવો. આ એકત્રીશે શ્લોકો ઉપજાતિ નામના છંદમાં પ્રયુક્ત છે.

अवतरण

एवं विप्रतारकैः परतीर्थिकैर्व्यामोहमये तमसिनिमज्जितस्य जगतोऽभ्युद्धरणेऽव्यभिचारिवचनतासाध्येनान्ययोगव्यवच्छेदेन भगवत एव सामर्थ्यं दर्शयन् तदुपास्तिविन्यस्तमानसानां पुरुषाणामौचितीचतुरतां प्रतिपादयति–

અવતરણ

આ પ્રકારે વંચક એવા અન્ય મતોના ઉપદેશથી વ્યામોહરૂપ અંધકારમાં ડૂબેલા જગતનો ઉદ્ધાર કરવાને માટે, તેમજ નિર્દોષ વચન દ્વારા અન્ય લોકોના મતનો નિષેધ કરવા માટે ભગવંતનું જ સામર્થ્ય છે, તેને બતાવતા ભગવંતની ઉપાસના(સેવા)માં દત્ત ચિત્તવાળા પુરુષોની યોગ્ય ચતુરાઈનું પ્રતિપાદન કરતાં કહે છે કે

इदं तत्त्वातत्त्वव्यतिकरकरालेऽन्धतमसे
जगन्मायाकारैरिव हतपरैर्हा विनिहितम् ।
तदुद्धर्तुं शक्तो नियतमविसंवादिवचन–
स्त्वमेवातस्त्रातस्त्वयि कृतसपर्या कृतधियः ॥३२॥

મૂળ-અર્થ : હે રક્ષક, હાય, ઇંદ્ર જાલિકોની જેમ અધમ એવા અન્ય દર્શનકારોએ આ જગતને, તત્ત્વ અને અતત્ત્વના જ્ઞાનથી રહિત એવા ભયંકર અંધકારમાં ગરકાવ કરી નાખ્યું છે. તેમાંથી આ જગતનો ઉદ્ધાર કરવા વિસંવાદથી રહિત અર્થાત્ નિર્દોષ એવું આપનું એક જ વચન સમર્થ છે. આથી જ હે પરમાત્મન્, બુદ્ધિમાન પુરુષો આપની સેવા ભક્તિ કરે છે. (૩૨)

(ટીકા) इदं प्रत्यक्षोपलभ्यमानं जगद् विश्वम् उपचाराद् जगद्वर्ती जनः । हतपरैः हता अधमा ये परे तीर्थान्तरीया हतपरे तैः. । मायाकारैरिव ऐन्द्रजालिकैरिव शाम्बरीयप्रयोगनिपुणैरिव इति यावत् । अन्धतमसे निबिडान्धकारे । हा इति खेदे । विनिहितं विशेषेण निहितं स्थापितं पातितमित्यर्थः । अन्धं करोतीत्यन्धयति, अन्धयतीत्यन्धं तच्च तत्तमश्चेत्यन्धतमसम् । "समवान्धात् तमसः इत्यत्प्रत्ययः तस्मिन् अन्धतमसे । कथंभूतेऽन्धतमसे इति द्रव्यान्धकारव्यवच्छेदार्थमाह तत्त्वातत्त्वव्यतिकरकराले । तत्त्वं चातत्त्वं च तत्त्वातत्त्वे तयोर्व्यतिकरो व्यतिकीर्णता व्यामिश्रता स्वभावविनिमयस्तत्त्वातत्त्वव्यतिकरस्तेन कराले भयङ्करे । यत्रान्धतमसे तत्त्वेऽतत्त्वाभिनिवेशः अतत्त्वे च तत्त्वाभिनिवेश इत्येवंरूपो व्यतिकरः संजायत

इत्यर्थः । अनेन च विशेषणेन परमार्थतो मिथ्यात्वमोहनीयमेव अन्धतमसम्, तस्यैव ईदृक्षलक्षणत्वात् । तथा च ग्रन्थान्तरे प्रस्तुतस्तुतिकारपादाः–

"अदेवे देवबुद्धिर्या गुरुधीरगुरौ च या ।
अधर्मे धर्मबुद्धिश्च मिथ्यात्वं तद्विपर्ययात्" ॥

(અનુવાદ)

ખેદની વાત છે કે પ્રત્યક્ષથી દૃષ્ટિગોચર એવા આ જગત્ (અર્થાત્ ઉપચારથી જગતમાં રહેલા મનુષ્યો) ઇંદ્રજાલના પ્રયોગમાં નિપુણ ઐન્દ્રજાલિકોની જેમ અધમ પરતીર્થિકોવડે તત્ત્વાતત્ત્વના અજ્ઞાનથી ભયંકર એવા અંધકારમાં હડસેલી નંખાયું છે. અન્ધતમસે એ પદમાં "સમવાન્ધાતૂ તમસઃ" એ સૂત્રથી અત્ પ્રત્યય થયો છે. અહિં અંધકાર શબ્દથી દ્રવ્ય અંધકાર નહીં સમજતાં ભાવ અંધકાર જાણવો. તે અતત્ત્વમાં તત્ત્વ બુદ્ધિ, અને તત્ત્વમાં અતત્ત્વ બુદ્ધિ. તેવા વ્યતિકરથી મિથ્યાત્વ મોહનીયરૂપ અંધકારમાં જગતને ગરકાવ કરી નાંખ્યું છે. તેમજ પ્રસ્તુત સ્તુતિકાર શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજે યોગશાસ્ત્રમાં રાગાદિ કલુષિત એવા અદેવમાં દેવબુદ્ધિ, આરંભ પરિગ્રહથી સહિત એવા અગુરુમાં ગુરુબુદ્ધિ અને હિંસાદિદોષોથી યુક્ત એવા અધર્મમાં ધર્મબુદ્ધિ આવું મિથ્યાત્વ કહેલું છે અને તેનાથી વિપરીત સમ્યક્ત્વ કહેલું છે.

ततोऽयमर्थः । यथा किल ऐन्द्रजालिकास्तथाविधसुशिक्षितपरव्यामोहनकलाप्रपञ्चाः तथाविधमौषधीमन्त्रहस्तलाघवादिप्रायं किञ्चित्प्रयुज्य परिषज्जनं मायामये तमसि मज्जयन्ति तथा परतीर्थिकैरपि तादृक्प्रकारदुरधीतकुतर्कयुक्तीरुपदर्श्य जगदिदं व्यामोहमहान्धकारे निक्षिप्तमिति । तज्जगदुद्धर्तुं मोहमहान्धकारोपप्लवात् क्रष्टुम् नियतं निश्चितम् त्वमेव नान्यः शक्तः समर्थः । किमर्थमित्थमेकस्यैव भगवतः सामर्थ्यमुपवर्ण्यते इति विशेषणद्वारेण कारणमाह । अविसंवादिवचनः । कषच्छेदतापलक्षणपरीक्षात्रयविशुद्धत्वेन फलप्राप्तौ न विसंवदतीत्येवंशीलमविसंवादि । तथाभूतं वचनमुपदेशो यस्यासावविसंवादिवचनः । अव्यभिचारिवागित्यर्थः । यथा च पारमेश्वरी वाग् न विसंवादमासादयति तथा तत्रतत्र स्याद्वादसाधने दर्शितम् ॥

અનુવાદ

તેથી આ પ્રકારે અર્થ જાણવો કે જે રીતે બીજાને વ્યામોહિત કરવામાં નિપુણ ઐંદ્રજાલિક લોકો તેવી ઔષધિ મન્ત્ર તથા લઘુ-લાઘવી ક્રિયાના પ્રયોગથી પ્રેક્ષકોને માયારૂપ અંધકારમાં ડૂબાડી દે છે, તેમ અન્યતીર્થિકોએ તેવા પ્રકારના કુતર્કોથી વ્યાપ્ત એવી યુક્તિઓ દ્વારા આ જગતને ભ્રમિત કરી દીધું છે તેથી મહામોહ રૂપ અંધકારમાં ગરકાવ થયેલા આ જગતનો ઉદ્ધાર કરવા માટે આપ એક જ સમર્થ છો અન્ય કોઈ સમર્થ નથી કેમકે આપના વચનમાં કોઈપણ પ્રકારનો વિસંવાદ રહેલો નથી. આપનું વચન કષ, છેદ અને તાપ રૂપ ત્રણ પરીક્ષાથી વિશુદ્ધ છે. આથી ફલની પ્રાપ્તિમાં આપના વચનમાં કોઈપણ પ્રકારનો વિરોધ નહીં હોવાથી આપનું વચન નિર્દુષ્ટ છે. આપના વચનમાં વિસંવાદનો અભાવ છે તે અમે સ્યાદ્વાદની સિદ્ધિ કરતી વખતે તે તે જગાએ પ્રદર્શિત કરી ગયા છીએ.

(टीका) कषादिस्वरूपं चेत्थमाचक्षते प्रावचनिकाः-

"पाणवहाईआणं पावट्ठाणाण जो उ पडिसेहो ।
झाणज्झयणाईणं जो य विही एस धम्मकसो ॥१॥
बज्झाणुट्ठाणेणं जेण ण बाहिज्जए तयं णियमा ।
संभवइ य परिसुद्धं सो पुण धम्मम्मि छेउत्ति ॥२॥
जीवाइभाववाओ बंधाइपसाहगो इहं तावो ।
एएहिं परिसुद्धो धम्मोधम्मत्तणमुवेइ ॥३॥"

तीर्थान्तरीयाप्ता हि न प्रकृतपरीक्षात्रयविशुद्धवादिन इति ते महामोहान्धतमस एव जगत् पातयितुं समर्थाः, न पुनस्तदुद्धर्तुम् । अतः कारणात् । कुतः कारणात् । कुमतध्वान्तार्णवान्तःपतितभुवनाभ्युद्धारणासाधारणसामर्थ्यलक्षणात् । हे त्रातस्त्रिभुवनपरित्राणप्रवीण । त्वयि काकावधारणस्य गम्यमानत्वात् त्वय्येव विषये न देवान्तरे । कृतधियः । करोतिरत्र परिकर्मणि वर्तते यथा हस्तौ कुरु पादौ कुरु इति । कृता परिकर्मिता तत्त्वोपदेशपेशलतत्तच्छास्त्राभ्यासप्रकर्षेण संस्कृता धीर्बुद्धिर्येषां । ते कृतधियश्चिद्रूपाः पुरुषाः । कृतसपर्याः । प्रादिकं विनाप्यादिकर्मणो गम्यमानत्वात् । कृताकर्तुमारब्धा सपर्या सेवाविधिर्यैस्ते कृतसपर्याः । आराध्यान्तरपरित्यागेन त्वय्येव सेवाहेवाकितां परिशीलयन्ति ॥ इति शिखरिणीच्छन्दोऽलंकृतकाव्यार्थः ॥३२॥


॥ समाप्ता चेयमन्ययोगव्यवच्छेदद्वात्रिंशिकास्तवनटीका ॥

(અનુવાદ)

ધર્મશાસ્ત્રના પંડિતો કષ આદિનું સ્વરૂપ આ પ્રમાણે કહે છે. હિંસા, અસત્ય, ચોરી, અબ્રહ્મ, પરિગ્રહ, ક્રોધ, માન, લોભ, રાગ, દ્વેષ, કંકાસ, આક્ષેપ, ચાડી, આનંદ, શોક, પરનિંદા, કપટસાથેનું અસત્ય, તત્વમાં અતત્ત્વનો આગ્રહ તથા અતત્ત્વમાં તત્વનો આગ્રહ અને મિથ્યાત્વ આ અઢાર પાપસ્થાનકોનો ત્યાગ અને ધ્યાન તથા અધ્યયન આદિ જે વિધિ, તેને 'કષ' કહેવાય છે. બાહ્ય ક્રિયાઓથી જેમાં બાધા ના આવતી હોય પરંતુ જેથી નિર્મલતાની વૃદ્ધિ થતી હોય-તે ધર્મને વિષે છેદ કહેવાય છે. બંધ આદિને સાધનારો જીવાદિ પદાર્થોનો જેમાં વાદ હોય તે તાપ કહેવાય છે. તેવા પ્રકારના કષ, છેદ અને તાપથી શુદ્ધ જે ધર્મ હોય તેમાં જ ધર્મપણું રહેલું છે. ખરેખર અન્ય દર્શનકારો કષ, છેદ અને તાપ રૂપ ત્રણ પરીક્ષાથી શુદ્ધ વચનને કહેવાવાળા નહીં હોવાથી તે લોકો જગતને મહામોહરૂપ અંધકારમાં પાડવા માટે સમર્થ છે તેથી તે લોકો જગતનો ઉદ્ધાર કરવા માટે સમર્થ થઈ શકતા નથી. ત્રણે જગતનું રક્ષણ કરવામાં પ્રવીણ એવા હે ભગવન્ કુમતરૂપ સમુદ્રમાં પડેલા લોકોનો ઉદ્ધાર કરવાનું આપમાં જ અસાધારણ સામર્થ્ય છે તેથી જ આપ ત્રણે લોકની રક્ષા કરવા માટે સમર્થ છો માટે જ તત્ત્વોપદેશ અને શાસ્ત્રના

અભ્યાસ વડે સંસ્કારિત થયેલી બુદ્ધિવાળા પ્રાજ્ઞ પુરુષો આપની સેવા ભક્તિ કરે છે પરંતુ પ્રાજ્ઞપુરુષો અન્ય દેવોની સેવા કરતા નથી. જે પ્રકારે-હાથને કર પગને કર (हस्तौ कुरु) તેમાં જેમ કૃ ધાતુ પરિકર્મ અર્થમાં પ્રયુક્ત છે તેમ અહિં પણ કૃતધિયઃ એ પદમાં કૃ ધાતુ પરિકર્મ અર્થમાં પ્રયુક્ત છે. પ્ર આદિ ઉપસર્ગ વિના પણ 'કૃ' ધાતુનો અર્થ પ્રારંભ કરવો થાય છે તેથી હે ભગવન સુદેવરૂપે અન્ય કોઇ આરાધ્ય દેવનો અભાવ હોવાથી બુદ્ધિમાન પુરુષો આપની સેવામાં જ તત્પર રહે છે. આ પ્રમાણે શિખરિણી છંદથી અલંકૃત એવા બત્રીશમાં શ્લોકનો અર્થ જાણવો ઇતિ સંપૂર્ણ (૩૨)

આ પ્રમાણે અન્યયોગ-વ્યવચ્છેદ નામની દ્વાત્રિંશિકા તથા તેની સ્યાદ્વાદ મંજરી નામની ટીકાનો ગુર્જર ભાષામાં અનુવાદ સમાપ્ત થયો.



टीकाकारस्य प्रशस्तिः ।

येषामुज्ज्वलहेतुहेतिरुचिरः प्रामाणिकाध्वस्पृशां
हेमाचार्यसमुद्भवस्तवनभूरर्थः समर्थः सखा ।
तेषां दुर्नयदस्युसम्भवभयास्पृष्टात्मनां सम्भव-
त्यायासेन विना जिनागमपुरप्राप्तिः शिवश्रीप्रदा ॥१॥
चातुर्विद्यमहोदधेर्भगवतः श्रीहेमसूरेर्गिरां
गम्भीरार्थविलोकने यदभवद् दृष्टिः प्रकृष्टा मम ।
द्राघीयः समयादराग्रहपराभूतप्रभूतावमं
तन्नूनं गुरुपादरेणुकणिकासिद्धाञ्जनस्योर्जितम् ॥२॥

अन्यान्यशास्त्रतरुसंगतचित्तहारिपुष्पोपमेयकतिचिन्निचितप्रमेयैः ।
दृब्धां मयान्तिमजिनस्तुतिवृत्तिमेनां मालामिवामलहृदो हृदये वहन्तु ॥६॥
प्रमाणसिद्धान्तविरुद्धमत्र यत्किंचिदुक्तं मतिमान्द्यदोषात् ।
मात्सर्यमुत्सार्य तदार्यचित्ताः प्रसादमाधाय विशोधयन्तु ॥४॥

उर्व्यामेष सुधाभुजां गुरुरिति त्रैलोक्यविस्तारिणो
यत्रेयं प्रतिभाभरादनुमितिर्निर्दम्भमुज्जृम्भते ।
किं चामी विबुधाः सुधेति वचनोद्गारं यदीयं मुदा
शंसन्तः प्रथयन्ति तामतितमां संवादमेदस्विनीम् ॥५॥
नागेन्द्रगच्छगोविन्दवक्षोऽलंकारकौस्तुभाः ।
ते विश्ववन्द्या नन्द्यासुरुदयप्रभसूरयः ॥६॥ युग्मम् ॥
श्रीमल्लिषेणसूरिभिरकारि तत्पदगगनदिनमणिभिः ।
वृत्तिरियं मनुरविमितशाकाब्दे दीपमहसि शनौ ॥७॥
श्रीजिनप्रभसूरीणां साहाय्योद्भिन्नसौरभा ।
श्रुतावुत्तंसतु सतां वृत्तिः स्याद्वादमञ्जरी ॥८॥
बिभ्राणे कलिनिर्जयाज्जिनतुलां श्रीहेमचन्द्रप्रभौ
तद्दृब्धस्तुतिवृत्तिनिर्मितिमिषाद् भक्तिर्मया विस्तृता ।
निर्णेतुं गुणदूषणे निजगिरां तन्नार्थये सज्जनान्
तस्यास्तत्त्वमकृत्रिमं बहुमतिः सास्त्यत्र सम्यग् यतः ॥९॥

इति टीकाकारस्य प्रशस्तिः समाप्ता ॥

समाप्तम्

ટીકાકારની પ્રશસ્તિ

(અનુવાદ)

પ્રામાણિકોના માર્ગને અનુસરનારા જે લોકોને ઉજ્જવલ હેતુઓરૂપી શસ્ત્રોથી સુંદર એવો શ્રી હેમચંદ્રાચાર્યથી બનાવાએલી સ્તુતિથી ઉત્પન્ન થયેલો અર્થરૂપ સમર્થ મિત્ર વિદ્યમાન છે. અને દુર્નયરૂપી લુંટારાથી થયેલા ભયનો જેમને સ્પર્શ પણ નથી તે લોકોને વિના પ્રયાસે મોક્ષરૂપી લક્ષ્મીને આપવાવાળી શ્રી જિનેશ્વરભગવાનના આગમરૂપી નગરની પ્રાપ્તિ થાય છે. ।। ૧ ।।

ચારે પ્રકારની વિદ્યાના સમુદ્ર એવા ભગવાન શ્રી હેમચંદ્રાચાર્યની વાણીના ગંભીર અર્થને સમજવામાં જે કંઈ મારી બુદ્ધિ પ્રકૃષ્ટ થઇ તથા મહાન સિદ્ધાંતોનો આદર પૂર્વક ગ્રહણ કરવામાં પ્રાપ્ત થયેલાં પ્રબળ વિઘ્નોનો નાશ થયો, તે બધું ગુરુમહારાજના ચરણરૂપી સિદ્ધાંજનનું જ માહાત્મ્ય છે. ।। ૨ ।।

ભિન્ન ભિન્ન શાસ્ત્રો (દર્શનો) રૂપી વૃક્ષોમાં રહેલા મનોહર પુષ્પોરૂપી કેટલાક પ્રમેયો (પદાર્થો) ને લઇને મારાવડે ગુંથાયેલી (રચેલી) અંતિમ જિનેશ્વર શ્રી વર્ધમાન સ્વામીની સ્તુતિની આ ટીકાને નિર્મળ હૃદયવાળા પુરુષો પોતાના હૃદયને વિષે માળાની પેઠે ધારણ કરો. ।।૩।।

આ ટીકામાં મારાથી બુદ્ધિની મંદતાના દોષને લીધે જે કાંઈ સિદ્ધાંતથી વિરુદ્ધ પ્રરૂપણા થઈ હોય તેને સજ્જન પુરુષો માત્સર્યભાવનો ત્યાગ કરીને પ્રસન્નતા પૂર્વક સંશોધિત કરશો. ।।૪।।

જેમની પ્રતિભા(બુદ્ધિ)ને લીધે જે ત્રિલોકના વિસ્તારમાં કંભરહિત આ અનુમાન ફેલાય છે કે : જાણે આ (ઉદયપ્રભસૂરિજી) પૃથ્વી ઉપર દેવતાઓના ગુરુ (બૃહસ્પતિ) ઉતર્યા ના હોય ? વળી જેમનાં વચનોને અમૃત તુલ્ય સમજીને પ્રશંસા કરતા પંડિત પુરુષો સંવાદથી પુષ્ટ એવી તે વાણીને પ્રસિદ્ધ કરે છે. તેમ જ નાગેંદ્ર ગચ્છરૂપી વિષ્ણુના વક્ષઃસ્થલને શોભાવવામાં કૌસ્તુભમણિસરખા તથા વિશ્વમાં વંદનીય એવા શ્રી ઉદયપ્રભસૂરિજી સમૃદ્ધિને પ્રાપ્ત કરવાવાળા થાઓ ! ।।૫-૬।।

શ્રી ઉદયપ્રભસૂરિના ચરણરૂપી આકાશમાં સૂર્યસમાન એવા શ્રી મલ્લિષેણસૂરિથી શક. ૧૨૧૪ ની દિવાળીની શનિવારે આ વૃત્તિ પૂર્ણ કરાઇ ।।૭।।

શ્રી જિનપ્રભસૂરિની સહાયતાથી સુવાસિત બનેલી આ સ્યાદ્વાદમંજરી નામની ટીકા સજ્જન પુરુષોના કર્ણોના આભૂષણ રૂપ થાઓ।।૮।।

વિજય પ્રાપ્ત કરવાથી શ્રી જિનેંદ્રની સમાનતા મેળવનારા ભગવાન શ્રી હેમચંદ્રાચાર્યની તેમની રચેલી શ્રી મહાવીર પરમાત્માની સ્તુતિની ટીકા રચવાને બ્હાને મારાથી વિસ્તૃત ભક્તિ પ્રદર્શિત કરવામાં આવી છે, તેથી પોતાની વાણીના ગુણદોષોનો નિર્ણય કરવાને માટે મેં સજ્જન પુરુષોને પ્રાર્થના કરી નથી. કેમકે વાણીનું અકૃત્રિમતત્ત્વ બહુમતિ છે અને તે બહુમતિ આ વૃત્તિમાં સારી પેઠે વિદ્યમાન છે. ।।૯।।

સંપૂર્ણ

શુદ્ધિપત્રક

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૯	૧૭	મત્વર્થીયોડય	મત્વર્થીયેાડચ્
૧૨	૯	વતમાનં	વર્તમાનં
૧૮	૧૧	સ્ખલાન્ત	સ્ખલન્તિ
૨૦	૨	એકાન્તરૂપને	એકાન્તરૂપેસ્વરૂપને
૨૫	૧૧	વિસ્ત્રસાત્તો	વિસ્રસાતો
૩૬	૫	પહે છે	કહે છે
૩૭	૧	શ્લોક ૧	શ્લોક ૬
૩૯	૧૬	કુહેવાકાઃ	કુહેવાકાઃ
૪૦	૨૪	સ્ટફિક	સ્ફટિક
૪૦	૩૪	તન્નાદ્‌ભુત	તન્નાદ્‌ભુતં
૪૧	૬	તે	તે દોષ તેા
૪૨	૧૦	દાષા	દોષા
૪૫	૮	નિય	નિયત
૪૮	૧૧	જગદ્વૈચિત્ર	જગદ્વૈચિત્ર્ય
૪૯	૨૩	અગીષોમીયં	અગ્નીષોમીયં
૫૬	૧૦	આવજિતા	આવર્જિતા
૫૭	૭	યદ્યવં	યદ્યેવં
૫૯	૧૨	પ્રાપ્તિ	પ્રાપ્ત
૬૩	૧૫	જ્ઞેયમ્	જ્ઞેયમ્
૬૭	૨૧	હાય	હેાય
૬૭	૨૬	ભૂર્તત્વ	મૂર્તત્વ
૬૭	૨૬	મૂતત્વ	ભૂતત્વ
૬૮	૩૧	પ્રયત્વ	પ્રયત્ન
૭૬	૩૩	પ્રકરણનાં	પ્રકારનાં
૭૭	૯	આભ્યંતર	આભ્યંતર કરણ
૭૭	૩૧	તેતી	તેથી
૭૯	૧૯	અચેન	અચેતન
૮૧	૨૫	વ્યવસ્થાપનાયામ્	વ્યવસ્થાપનાયામ્
૮૧	૨૭	એકાશ્રયા	એકાશ્રયા
૮૩	૧૮	સમજાવું	સમજવું
૮૭	૧૨	શ્રત	શ્રુત
૯૦	૨૩	તાપ્તભાસ	તાપ્તાભાસ
૧૦૨	૧૪	જનેઽમિસ્ન્	જનેઽસ્મિન્
૧૦૨	૧૫	વિરક્તા	વિરક્તો
૧૦૩	૩	ઇત્યાહ્	ઇત્યાહ
૧૧૯	૧૨	પ્રાપ્નુવત્યુ	પ્રાપ્નુવન્ત્યુ
૧૨૩	૨૯	મલબાધઃ	મબાધઃ
૧૨૩	૩૨	યષ્ટ્વષુ	યષ્ટૃષુ
૧૨૭	૨૩	મુઘવ	મુધૈવ
૧૩૧	૨૫	આહતકર	અહિતકર
૧૩૪	૨૩	તાવ	તાવત્
૧૩૬	૬	નિશ્ચિય	નિશ્ચય
૧૩૯	૩	જે	જેમ
૧૪૪	૧૬	તર્વાદિ	તૈર્વાદિ
૧૪૬	૨૭	વિષાણા	વિષાણુ
૧૪૭	૨૯	ચેત્	ચેત્ ન
૧૪૭	૩૨	યથા	તથા
૧૫૩	૨	પ્રતિભાસનામ્	પ્રતિભાસનાત્
૧૫૫	૧	લેાકદ્વતં	લેાકદ્વૈતં
૧૫૭	૨૦	વાચ્વત્વેન	વાચ્યત્વેન
૧૫૯	૨૮	નિશેષેામાં	વિશેષેામાં
૧૬૦	૩૧	અર્થા	અર્થાત્
૧૬૧	૧૭	સામન્યમાં	સામાન્યમાં
૧૬૨	૫	ભિલપતા	ભિલષતા
૧૬૨	૭	પ્રયુજ્ઞાનેન	પ્રયુજ્ઞાનેન
૧૬૩	૯	ક્રોડીકૃત	ક્રોડીકૃત
૧૬૫	૧૯	આપેક્ષાએ	અપેક્ષાએ
૧૬૫	૧૯	આપેક્ષાએ	અપેક્ષાએ
૧૭૨	૬	ઘટભાવથી	ઘટાભાવથી
૧૯૦	૧૧	મનમાં	મતમાં

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૧૯૦	૧૪	ગન્નેના	બન્નેના
૧૯૦	૩૪	માવીએ	માનીએ
૧૯૧	૨૦	સિદ્ધયતિ	સિદ્ધ્યતિ
૧૯૩	૨૪	પ્રમાણુ	પ્રમાણે
૧૯૫	૧૬	સર્વ	સર્વં
૧૯૪	૩૦	હોય તો	ના હોય તો
૧૯૭	૩૧	સ્વોત્પાદકમર્થ	સ્વોત્પાદકમર્થં
૨૦૩	૩૨	સંવેદનાદયાત્	સંવેદનોદયાત્
૨૦૩	૩૩	ક્વાષિ	ક્વાપિ
૨૦૯	૨૭	તેઽજ્ઞા	તેંઽજ્ઞા
૨૦૬	૩૪	બાહ્ય	બાહ્ય
૨૦૮	૧૬	હ્યાનમિતિ	જ્ઞાનમિતિ
૨૧૪	૨૦	બાહ્ય	બાહ્ય
૨૨૬	૩૧	સવજ્ઞ	સર્વજ્ઞ
૨૩૦	૮	ભડગ	ભઙ્ગ
૨૩૨	૧૮	તચ્ચિચત્તાન્તરં	તચ્ચિત્તાન્તરં
૨૩૩	૩૦	રાહત	રહિત
૨૪૦	૧૫	યવેદ્ય	ભવેદ્ય
૨૪૫	૪	દર્શશતિ	દર્શયતિ
૨૪૬	૧૦	લૌંગિક	લૈંગિક
૨૪૬	૨૦	ક ક	ક્વ ક્વ
૨૫૨	૧૬	લયણેન	લક્ષણેન
૨૫૫	૧૫	સવિનાભાવી	અવિનાભાવી
૨૫૫	૨૫	ન્વમસિદ્ધમ્	ત્વમસિદ્ધમ્
૨૫૯	૧૫	આવાપમાં	આપવામાં
૨૫૯	૧૭	કતૃત્વં	કર્તૃત્વં
૨૬૪	૧૭	વસ્તુતન્ધા	વસ્તુતત્વા
૨૬૫	૧૦	ભનન્તિ	મનન્તિ
૨૬૮	૧૫	અર્યમાં	અર્થમાં
૨૬૮	૨૩	કથ	અથ
૨૮૧	૨૮	દર્શમાત્	દર્શનાત્
૨૮૩	૨૦	સમ્ભગંગીગાં	સપ્તભંગીમાં
૨૮૯	૩	તરાદીરિત	તરોદીરિત
૨૯૪	૨૪	નિર્વત્યૌ	નિર્વર્ત્યૌ
૨૯૬	૩૧	ચ	સ
૨૯૮	૨૨	ખડ્ગેન	ખડગેન
૩૦૧	૯	નિહ્નવાત્	નિહ્નવાત્

દરેક જ્ઞાનભંડારમાં અને લાયબ્રેરીમાં વસાવવા યોગ્ય એક ઉત્તમ કાવ્યગ્રંથ

શ્રી દેવવિમલ ગણિએ, જગદ્‌ગુરુ અકબરપ્રતિબોધક આચાર્યશ્રી હીરસૂરીશ્વરજીનું જીવનવૃત્ત, એક અદ્‌ભુત મહાકાવ્યરૂપે સંસ્કૃત ભાષામાં ગુંથ્યું છે. તે મહાકાવ્યનું નામ છે:

'હીર સૌભાગ્ય-મહાકાવ્ય'

આ મહાકાવ્યનો ગુર્જર ભાષામાં અનુવાદ કર્યો છે. સાધ્વીજીશ્રી સુલોચનાશ્રીજી–એ અનુવાદ સાથે આ ગ્રન્થ ત્રણ ભાગમાં પ્રકાશિત થયો છે. ત્રણ ભાગનું સંયુકત મૂલ્ય છે: ૧૦૦/– રૂપિયા. થોડા જ સેટ રહેલા છે.

જેમને માત્ર ત્રીજો ભાગ જોઇએ તેઓને રૂ. ૫૦/માં તે મળશે.

મુખ્ય પ્રાપ્તિસ્થાન:

*** સરસ્વતી પુસ્તક ભંડાર ***

હાથીખાના · રતનપોળ · **અમદાવાદ–૧.**

તે સિવાય અન્ય જૈન બુકસેલરો પાસેથી પણ મળી શકશે.

આવરણ · નટવર સ્મૃતિ પ્રિન્ટર્સ · અમદાવાદ–૧ · ફોન : ૩૬૧૪૩૪